आगळ धसो

સુપ્રસિદ્ધ અમેરિકન લેખક ઓરીસન સ્વેટ માર્ડનના
"પુશિંગ ટુ ધ ફ્રન્ટ" ઉપરથી અનુવાદકઃ—
સ્વર્ગસ્થ ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ
લાખા પટેલની પોળ—અમદાવાદ

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી
સંપાદક અને પ્રકાશક : ભિક્ષુ અખંડાનંદ
અમદાવાદ અને મુંબઈ—૨

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૪૬૮, પ્રત ૫૫૦૦, સં. ૧૯૮૫
મૂલ્ય રૂપિયા ૧॥॥, માર્ગવ્યય જુદું

आगळ धसो

[illegible] હેમત લીધી છે
[illegible] અમદાવાદ.

સુપ્રસિદ્ધ અમેરિકન લેખક **ઓરીસન સ્વેટ માર્ડનના**
"પુશિંગ ટુ ધ ફ્રન્ટ" ઉપરથી અનુવાદકઃ–
સ્વર્ગસ્થ ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ
લાખા પટેલની પોળ–**અમદાવાદ**

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી
संपादक ने प्रकाशक : भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૪૬૮, પ્રત ૫૫૦૦ કુલ પ્રત ૧૪,૦૦૦
મૂલ્ય રૂપિયા ૧।।।, માર્ગવ્યય જુદું.

અમદાવાદ–"સરસ્વતી સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

પ્રકાશકનું નિવેદન

" વિવિધ ગ્રંથમાળા "દ્વારા સંવત ૧૯૭૬માં આ પુસ્તકની પહેલી આવૃત્તિ નીકળ્યા પછી ૧૯૮૨માં બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઇ હતી અને તે પણ ખલાસ થતાં આ તેની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

પહેલી આવૃત્તિ કાગળની વધુ મોંઘારત વગેરે કારણોથી રફ કાગળમાં છપાઇ હતી અને બીજી આવૃત્તિ સારા સ્વદેશી કાગળ પર અને આગળ કરતાં મોટા અક્ષરે, તેમજ સરળતા અને સ્પષ્ટતાની જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાં યથાશક્ય સંશોધનપૂર્વક છપાઇ હતી; એ બીજી આવૃત્તિના પુનર્મુદ્રણરૂપે આ આવૃત્તિ છપાઈ છે. હાલ ચાલતી લડાઇને લીધે અગાઉ કરતાં કાગળની દોઢી કિંમત થઇ ગઇ છે; પરંતુ તે અગાઉના સ્ટોકમાં હોવાથી કિંમતમાં કંઇ ફેરફાર કર્યો નથી. બોર્ડ, છીંટ વગેરેના લગભગ બમણા ભાવ થઇ ગયા હોવાથી પૂઠું બોર્ડપટ્ટીનું રાખ્યું છે.

" ભાગ્યના સૃષ્ટાઓ, " " સુખ–સામર્થ્ય અને સમૃદ્ધિ તથા વિચારોના ચમત્કાર " તથા " સુખી જીવનનાં સાધન " આ પુસ્તકો અત્ર તરફથી નીકળ્યાં છે; તે પણ આ " આગળ ધસો "ના અનુસંધાન જેવાં, જુદી જુદી અનેક જાણવા જેવી બાબતો ઉપર અસરકારક પ્રકાશ નાખનારાં છે. તે અતિ ઉપકારક હોઇને એજ સુપ્રસિદ્ધ અમેરિકન લેખકનાં બીજાં પુસ્તકો ઉપરથી અનુવાદિત કરાવેલાં તથા સારી જાતના કાગળ ઉપર છપાયલાં છે. આ સિવાય " બંકિમનિબંધમાળા, " " પ્રભુમય જીવન " અને " સોનેરી સૂચનો " નામનાં પુસ્તકો પણ પ્રબળ ઉત્સાહ અને પ્રેરણા આપવાવાળાં હોઇને ફરી ફરીથી છપાયાં છે. એ ઉપરાંત " મહાભારતમંજરી " અને " ભારતધર્મ અને અંધારા રંગમહેલનો રાજા " પણ એજ કોટિનાં હોઇને અત્ર તરફથી પ્રસિદ્ધ થયેલાં છે.

આ પછી પૃષ્ટ ૮ ઉપર આ ગ્રંથનું શુદ્ધિપત્ર છપાયું છે તે પ્રમાણે સુધારી લીધા પછી વાંચવા વિનતિ છે. **હરિઃ ૐ તત્ સત્**।

આસો સુદિ ૧,
સંવત ૧૯૯૫ } **—ભિક્ષુ અખંડાનંદ**

अनुवादकनी प्रस्तावना

(પહેલી આવૃત્તિમાંથી)

"પુશિંગ ટુ ધ ફ્રન્ટ" નામનું અંગ્રેજી પુસ્તક વાંચતાંજ મને ઘણું ગમ્યું હતું અને તેનો ગુર્જર પ્રજાને લાભ મળે, તે માટે તેનો અનુવાદ કરવાને મને ઇચ્છા થઇ હતી.

અમેરિકાનું આ એક મહાન પુસ્તક છે. પહેલેજ વર્ષે તેની દસ આવૃત્તિ પ્રકટ થઇ હતી અને અત્યાર સુધીમાં તેની ૧૦૦ કરતાં વધારે આવૃત્તિ પ્રસિદ્ધ થઇ છે. જગતની અનેક ભાષાઓમાં તેનું ભાષાંતર થયેલું છે. જાપાનમાં, ઇટલીમાં અને અન્ય અનેક દેશોની શાળાઓમાં ટેક્ષ્ટ બુક તરીકે તેને દાખલ કરવામાં આવ્યું છે.

મરહૂમ મિ. ગ્લેડસ્ટન, મહારાણી વિક્ટોરિયા, યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટ, ઘણા રાજા, મહારાજા અને નામાંકિત નરનારીઓએ તેનાં મુક્તકંઠે વારંવાર વખાણ કર્યાં છે.

આ પુસ્તકના વાચનથી હજારો વાચકોના જીવનમાં આગળ વધવાની, આગળ આવવાની આકાંક્ષા ઉત્પન્ન થઇ છે, પોતાના લક્ષ્ય અને હેતુ બદલી નાંદી, પોતાને લાયક અને ઉત્કર્ષક માર્ગ ઉપર મનુષ્યો આવ્યાં છે. જિંદગીમાં ધારેલી ફતેહ મેળવવા જેટલું બળ પોતાનામાં છે, એવો તેમનામાં વિશ્વાસ આવ્યો છે અને અશક્ય જણાતી વસ્તુઓને પણ તેઓએ શક્ય બનાવી છે.

આ પુસ્તકના વાચનથી અભ્યાસમાં નિષ્ફળતા પામેલા, નિરાશ બની ગયેલા, શાળા અગર પાઠશાળા છોડી બેઠેલા ફરી શાળા અગર પાઠશાળામાં દાખલ થઈ અગર અભ્યાસ ચાલુ કરી ફતેહ પામ્યા છે. નિરાશ થઇ મૂકી દીધેલા ધંધા, ઉદ્યોગ, કામકાજ લોકોએ નવીન આશા અને આકાંક્ષા સાથે ફરી હાથમાં લઇ તેમાં ફતેહ મેળવી છે.

આ પુસ્તકે નિરાશને આશામય, નિર્બળને બળવાન, બીકણને બહાદુર અને મુડદાલને મર્દ બનાવ્યા છે.

દરેક માણસમાં નહિ માલૂમ પડેલાં ઘણાં ગુપ્ત બળ છે—ભૂતકાળનું ચિંતન કરી અગર ભવિષ્યનાં સ્વપ્ન આણી માણસે બેસી ન રહેવું જોઇએ. વર્તમાન ઉપરથી તેણે પોતાનો કાર્યક્રમ રચવો જોઇએ—દરેક કામને, દરેક પ્રસંગને મહાન બનાવવાને તેણે પ્રયત્ન કરવો જોઇએ. તક ખોળવાને બદલે તેણે તક ઉત્પન્ન કરવી જોઇએ. પરિસ્થિતિથી અગર ભૂલથી તે પ્રતિકૂળ જગાએ મુકાયો હોય તો તેમાંથી બહાર નીકળી તેણે પોતાની ખરી જગાએ મકાવું જોઇએ.

યુનાઇટેડ સ્ટેટ્સ જેવા પ્રદેશોમાં ખેડૂતો અને મોચીના છોકરા રાજ્યનું ઉચ્ચમાં ઉચ્ચ પદ–પ્રેસિડન્ટની જગા પણ મેળવી શકયા છે, તો જે માણસ કાંઇક શીખેલો છે અને જેનામાં ચારિત્ર્યનું બળ છે, તેને માટે કાંઇ પણ અશકય નથી. માણસ પૈસાથી મહાન બની શકતો નથી. એક વૉશિંગ્ટનના ચારિત્ર્ય આગળ કરોડ ધનવાનો પણ ક્ષુદ્ર જણાય છે–પૈસા કરતાં કોઇ મોટી ચીજ છે, કીર્તિ કરતાં વધારે ભવ્ય કોઇ વસ્તુ છે, ચારિત્ર્ય એજ ફતેહ છે, બીજી કોઇ પણ ચીજ ફતેહ નથી–એ બતાવવાનો આ પુસ્તકનો હેતુ છે.

સ્માઇલ્સનાં કર્તવ્યં, સદ્‌વર્તન આદિ પુસ્તકના ઘાટનું આ પુસ્તક છે; પણ તેના કર્તા માર્ડન, અમેરિકન–નવીન દુનિયાના નાગરિક છે અને તે રીતે આ પુસ્તકમાં પ્રકાશમાન, બળવાન, ઉદ્ધારક, ઉત્કર્ષક, ઊભરાતું નવજીવન છે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયે આ પુસ્તક ગુર્જર વાચકવર્ગ આગળ મૂકયું તેને માટે શ્રી. ભિક્ષુ અખંડાનંદનો હું ઉપકાર માનું છું.

મને પોતાને પણ ખાતરી છે કે, આ પુસ્તક સૂતેલાઓને જાગ્રત, પડેલાઓને બેઠા, ઊભા, ટટાર, નિરાશને આશાવંત, આળસુને ઉદ્યમી, અદઢને દઢ, નિર્બળને બળવાન, બીકણ અને ભયભીતને બહાદુર, નિર્ભય અને મર્દ તથા કર્તવ્યથી વિમુખ થયેલાને કર્તવ્ય-પરાયણ કરશે.

અમદાવાદ
સંવત ૧૯૭૬, વસંત. } ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ

अनुक्रमणिका

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧	**માણસ અને તેને મળતી તક**—તકને માટે રાહ જોતાં નહિ, તક ઊભી કરો.	૧
૨	**કાંઇ પણ ભાવી વગરના છોકરા**—જરૂરિયાત એક અમૂલ્ય પ્રોત્સાહન છે	૨૪
૩	**દૃઢ સંકલ્પશક્તિ**—યુવાનમાં નિશ્ચયનું બળ અને કેળવણી હશે તો તેની ઉન્નતિને કોઇ વસ્તુ મર્યાદિત કરી શકશે નહિ.	૫૭
૪	**અવકાશના સમયમાં ઘણું બની શકે**—નહિ ધારેલી અવકાશની એક પણ ક્ષણ વૃથા ન જાય તે માટે ગ્લેડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ હરહમેશ પોતાના ગજવામાં એક પુસ્તક લઇને ફરે, તો રહ જતી કિંમતી ક્ષણો બચાવવાને સામાન્ય શક્તિવાળા આપણા જેવા માણસોએ શું ન કરવું જોઇએ? ...	૬૫
૫	**પ્રતિકૂળ સંયોગોમાં મુકાયલા યુવાનો**—પોતાને અનુકૂળ સંયોગમાં માણસ ન મુકાય, તો તેને માટે નિત્ય નિકૃષ્ટતા અને નિરાશા લખાયલાં રહે છે; તે પોતાનો નિભાવ પોતાના બળથી કરતો નથી પણ નિર્બળતાથી કરે છે. ...	૭૮
૬	**કયો ઉદ્યમ?**—તમારી બુદ્ધિશક્તિ તમારી લાયકાત બતાવી આપે છે. "તમે શું કરી શકશો?" એજ આ જમાનાનો પ્રશ્ન છે, બીજાની જગાને માટે ફાંફાં મારવા કરતાં તમે તમારી પોતાની જગાને શોભાવો.	૯૬
૭	**શક્તિઓની એકાગ્રતા**—એક અશિથિલ, મજબૂત હેતુ. તમારા હેતુમાં ઢીલાપણું રાખતા નહિ. બેદરકારીથી ઘણી ચીજો કરવી નહિ, પણ એક ચીજ ઘણી સરસ રીતે કરવી. ...	૧૧૬
૮	**સમજ વિષે-ઝડપથી કામ કરવાના ગુણથી મળતી ફતેહ**—ભૂતકાળનું ચિંતન કર્યા કરતા નહિ, તેમ ભાવીના સ્વપ્નમાં રહેતા નહિ. વર્તમાન સમયને પકડી લો અને તેમાંથી બોધ ગ્રહણ કરો.	૧૩૩
૯	**ખુશમિજાજ અને દીર્ઘાયુષ**—તમારે તમારી સાથે આનંદ લઇને ફરવું જોઇએ; નહિ તો સ્વર્ગમાં પણ તમને તે મળશે નહિ.	૧૪૬
૧૦	**સારી રીતભાતમાં રહેલી સંપત્તિ**—સારી રીતભાતવાળાં માણસ પૈસા વગર ચલાવી શકે છે, તેમને માટે સઘળાં દ્વાર ખુલ્લાં રહે છે; પૈસા વગર, કિંમત આપ્યા સિવાય તેઓ દરેક	

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
	ઠેકાણે પ્રવેશ કરી શકે છે.	૧૬૧
૧૧	**ઉત્સાહની ફતેહ**—અનહદ, અતુલ ઉત્સાહના ધબકારા જેમાં વાગી રહ્યા છે, તેવા આત્મા આગળ સંકટ, ઉપહાસ, કનડગત, પરિશ્રમ, બિમારી શા હિસાબમાં છે ?	૧૮૯
૧૨	**કામ કરવાની કળા અગર સાધારણ સમજ**—કળા આગળ શક્તિ હિસાબમાં નથી. આપણે તેની નિષ્ફળતા દરેક સ્થળે જોઇએ છીએ. જિંદગીની શરતમાં સામાન્ય સમજને માર્ગ મેળવવાનો હક મળે છે.	૨૦૮
૧૩	**સ્વમાન અને સ્વવિશ્વાસ**—આપણી પોતાની કિંમત આપણે પોતાના ઉપર મૂકીએ છીએ અને તે કરતાં વધારે કિંમત મેળવવાની આપણે આશા રાખી શકીએ નહિ ...	૨૨૪
૧૪	**પૈસા કરતાં પણ મોટું કાંઈક છે**—એક માણસ લાખ્ખો રૂપિયા મેળવે, તોપણ તેનું જીવન નિષ્ફળ નીવડે. જે માણસ માનવજાતિને સધન (સર્વ પ્રકારની સંપત્તિ વડે) કરે છે, તેજ વધારેમાં વધારે ધનવાન છે.	૨૩૩
૧૫	**ફતેહની કિંમત-ફતેહ શી રીતે મળે ?**—કામ કરો અગર ભૂખે મરો એ કુદરતનું સૂત્ર છે. તે ગ્રહો ઉપર તેમ માટીના ઢેફાં ઉપર સમાન રીતે લખાયલું છે. કામ ન થાય તો માનસિક રીતે, નૈતિક રીતે તેમ શારીરિક રીતે ભૂખે મરવાનુંજ થાય છે.	૨૫૭
૧૬	**ચારિત્ર્ય-એ બળ છે**—વૉશિંગ્ટનના ચારિત્ર્ય આગળ અનેક અમેરિકનોના લાખો રૂપિયા ક્ષુદ્ર, તિરસ્કારને પાત્ર જણાય છે. ચારિત્ર્યની ફતેહ એજ ફતેહ છે, અન્ય કોઇ નથી. ...	૨૭૭
૧૭	**ચોકસાઈ ઉપર પ્રીતિ**—અર્ધા દિલથી અગર અર્ધી કરેલી વીસ ચીજ કરતાં સારી રીતે કરેલી એક ચીજ વધારે સારી છે. **તદ્દન બરોબર** અને **થોડાક ખરાબ** વર્તનમાં ઘણો તફાવત રહે છે.	૩૦૩
૧૮	**જીવનને આપણે જેવું બનાવીએ તેવું બને છે**—જીવનમાં આપણે જે મૂકી શકીએ તેના પ્રમાણમાંજ આપણે કાંઇક મેળવી શકીએ. જગતને માટે આપણી પાસે જે કાંઇ હોય તેટલુંજ જગત આપણે માટે રાખે. ...	૩૨૪
૧૯	**પરાજયમાં વિજય**—આપણા પરાજયમાંથી પણ વિજય શી રીતે મેળવવો અને વિક્ષેપોમાથી પણ વિજયનો માર્ગ શી રીતે કાઢવો તેનું જ્ઞાન એજ વિજયનું રહસ્ય છે.	૩૩૭
૨૦	**નિર્ભયતા, દૃઢતા, આગ્રહ, પૌરુષ**—પોતાનો સારામાં સારો	

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
	પ્રયાસ કર્યા પછી પણ જે યુવાન મોટી નિષ્ફળતા મેળવે છે અને તે પછી પણ પાછો હઠ્યા વગર, હિંમતથી અને એવડા બળ સાથે બીજી અને ત્રીજી વાર તેજ કામમાં પડે છે તે યુવાનમાં કાંઈક ભવ્યતા, કાંઇક પ્રોત્સાહક, ચેતન આપનાર તત્ત્વ માલૂમ પડી આવે છે.	૩૫૨
૨૧	**ખંતનો અદ્ધલો**—એકલી પ્રતિભા નીકળે છે, તડફડાટ કરે છે અને થાકી જાય છે, પણ આગ્રહ લાંબો વખત ટકે છે અને વિજય મેળવે છે.	૩૭૪
૨૨	**દીર્ઘાયુષ્ય અને તે કેવી રીતે પ્રાપ્ત કરવું**—કૃતેહ માટેની પહેલી જરૂરિયાત પહેલા નંબરના જાનવર થવું એ છે. આપણી મહત્ત્વાકાંક્ષાને અનુસરતો પરિશ્રમ નિર્બળ શરીર ઉઠાવી શકે નહિ, તો ઉદ્યોગનું પણ ફળ આવી શકે નહિ. ...	૩૯૬
૨૩	**ટૂંકામાં પતવવું**—બુદ્ધિમાન પુરુષોનું મુખ્ય લક્ષણ સંક્ષેપ છે. દરેક બાબત સત્ત્વરૂપે, સંક્ષેપમાં રજૂ કરો.	૪૧૩
૨૪	**મહત્ત્વાકાંક્ષા**—માણસની નજર જો નીચી રહે તો તે મહત્ત્વા-કાંક્ષા રાખી શકે નહિ. ઊંચી નજર રાખો, ઉચ્ચ જીવન રાખો.	૪૧૭
૨૫	**અનામત લશ્કર-અનામત બળ**—કોઇ પણ જરૂરિયાતને પ્રસંગે, માણસનું અનામત બળ બહાર પડી આવે નહિ ત્યાં-સુધી તે માણસમાં શું છે તે આપણે કહી શકીએ નહિ અને તેનામાં જે કાંઇ સંગ્રહ થયો હોય તેના કરતાં થોડું પણ વધારે તે બતાવી શકે નહિ.	૪૩૩

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	૨૭	સાકૃણ	સાકૃ
૧૨	૨	નાઇનર્સ	લાઇનર્સ
૨૧	૧૨	હોટેલેવાળા	હોટેલવાળા
૪૭	૨૨	મેન્ચેસ્ટ	મેન્ચેસ્ટર
૫૦	૩૦	સમુદ્રપયર્ટનનો	સમુદ્રપર્યટનનો
૫૨	૮	મહત્ત્વકાંક્ષા	મહત્ત્વાકાક્ષા
૫૬	૫	એને	અને
૬૪	૩૦	નિબર્ળ	નિર્બળ
૮૧	૩૪	પ્રાણીઓનો	પ્રાણીઓના

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮૨	૨	વેચ્યાં	વેચ્યા
૮૫	૨૭	દગમૂમિને	દગભૂમિને
૧૦૪	૨૧	પા.ની	પાસેની
૧૦૯	૧૪	પંચાણું ને	પંચાણુંને
૧૧૩	૨૯	ત્રાજું	ત્રીજું
૧૧૭	૧૯	રોમ્સચાઇલ્ડે	રોથ્સચાઇલ્ડે
૧૨૮	૧૬	અષ્ટાવધાનપણું	અષ્ટાવધાનીપણું
૧૯૧	૨૯	છોકરાંઓમાં	છોકરામાં
૧૯૯	૧૪	મોંશ્ય	મોંશ્યોર
૨૨૯	૩૩	સમાજ	સમજ
૨૩૦	૧૫	જેમને	જેમ ને
૨૩૬	૯	ભોગીદાર	ભાગીદાર
૨૪૨	૨૧	શકાશ	શકાય
૨૬૧	૧૫	વેહેરશે	વહેરશે
૨૬૪	૩૧	ધારણસર	ધોરણસર
૨૮૩	૫	રોથસ્ચાઇલ્ડનું	રોથ્સચાઇલ્ડનું
૨૯૪	૨૫	ન્યૂનતામાં	ન્યૂનતાનાં
૨૯૫	૩	તો તેને	તેને
૩૧૪	૨૪	સ્વભાવિક	સ્વાભાવિક
૩૨૪	૧૪	સપુમિ	સુપુમિ
૩૪૨	૧૭	આવી	આવ્યેથી
૩૪૭	૩૩	સ્વર્ગજ	સ્વર્ગજ
૩૭૦	૭	રોથ્સ્ચાઇલ્ડ	રોથ્સચાઇલ્ડ
૩૭૨	૧૬	ઉદ્યાગ	ઉદ્યોગ
૩૭૫	૮	લડન	લંડન
૩૮૯	૩૪	તો	ત્યારે
૩૯૭	૪	ગડબડમ ચાવે	ગડબડ મચાવે
૪૦૧	૧૮	શકવો	શકશો
૪૦૪	૧૯	કે લસા	કૉલસા
૪૦૭	૨	કારખાનમાંથી	કારખાનામાંથી
૪૦૭	૧૪	ગુજરાત	ગુજરાન
૪૩૬	૨	તયાર	તૈયાર
૪૩૮	૩૩	માહન	મહાન
૪૪૦	૩૩	શ્રાતાજન	શ્રોતાજન
૪૪૭	૧૬	ફ્રન્સિસ	ફ્રાન્સિસ

નીચેનાં પુસ્તકોએ હજારો નિરાશ થયેલાને આશાવાળા, નિર્બળને બળવાન, બાકણને બહાદુર, દુઃખીને સુખી, આળસુને ઉદ્યમી, રોગીને નીરોગી તથા હારેલાને વિજયી બનાવ્યા છે.

सुख, सामर्थ्य समृद्धि अने विचारोना चमत्कार

બીજી આવૃત્તિ, ૫૪૯નાં પૃષ્ઠ ૩૯૬, મૂલ્ય રૂા. ૧), અન્યત્ર રૂા. ૧।

નવા નવા અનેક મહત્ત્વપૂર્ણ બનાવો, વિચારો તથા શોધો આપીને અમેરિકાના વિદ્વાનોએ કરેલી આ ગ્રંથરચનાઓ બહુજ બળવાન, ઉદ્ધારક અને ઊછળતા નવજીવનવાળી હોવાથી રમાઇલ્સનાં આગળનાં પુસ્તકોને ભુલાવી દે તેવી છે. વ્યાવહારિક શુદ્ધિ અને ઉન્નતિની અત્યારે આપણને અધિક અગત્ય હોવાથી સર્વ કોઇ માટે આ પુસ્તક ઘણું ઉપકારક છે. આપણને પેદા કરનારી દિવ્ય શક્તિ આપણામાં પણ રહેલી હોવાથી તેનો ઉપયોગ કરતાં આવડે તો જીવનકલહના સઘળા ઘા અને સંકટો ટળી જાય છે; દરેકનું હાલનું શરીર અને બધી સ્થિતિઓ માત્ર તેની આંતરસ્થિતિનુંજ પરિણામ હોવાથી અત્યારે પણ તે ધારે તો પોતાના વિચારો સુધારીને વર્તન અને સ્થિતિ સુધ્ધાં ફેરવી નાખવા શક્તિમાન છે; તે અનંત ચૈતન્ય સાથેની પોતાની અનાદિસિદ્ધ એકતા અનુભવવા માટે મનુષ્યે પોતાના મનરૂપી દ્વારમાં કેવી રીતે ખરાબ વિચાર પેસતા અટકાવી શુભ વિચારોજ પેસવા દેવા, વગેરે અનેક મહત્ત્વની બાબતો આ ગ્રંથમાં સમજાવી છે.

सुखी जीवननां साधन

ક્રૂઢ ૫૪૯નાં પૃષ્ઠ ૪૧૨, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૦।।=, અન્યત્ર ૧)

આ ગ્રંથ પણ ઉપલા મહાન લેખકનો અને ઉપરના ગ્રંથના ઉમેરા જેવો હોઈ દરેકે વાંચવા જેવો છે. તેમાંના થોડાક વિષયઃ—જીવન અને સૌન્દર્ય, સર્વશ્રેષ્ઠ મિલકત, કાર્ય અને વૈતરા વચ્ચે ફરક, મનોવૃત્તિને જીતો, મહાન સંપત્તિનું બીજ, મહાપુરુષોની યાદિ, મનોયંત્રમાં તેલ પૂરો, સદા યુવાન રહેતાં શીખો, ઇત્યાદિ.

ભાગ્યના સ્રષ્ટાઓ

બીજી આવૃત્તિ, ૫×૯નાં પૃષ્ઠ ૫૬૪, પાકું પૂઠું, મૂલ્ય રા. ૧।।, અન્યત્ર ૧।।।

આ પુસ્તક "આગળ ધસો" ના ઉમેરારૂપ હોઇ "માણસ પોતેજ પોતાનું ભાગ્ય કેવી રીતે રચી તથા ફેરવી શકે" તે શીખવનારા એક મહાન ઉસ્તાદ જેવું છે. આ પુસ્તકમાં નિબંધભાગ જાજ છે અને ખરાં બનેલાં પ્રોત્સાહક દૃષ્ટાંતોજ વિશેષ હોવાથી તેમાં મનોરંજકતા એવી આવી છે કે કંટાળેલા, થાકેલા, નિરાશ અને માંદા માણસો પણ તે વાંચી સાંભળીને સતેજ અને આનંદી બની રહે છે; કારણકે મનુષ્યમાં જે નહિ સમજાયેલી એવી અનેક શક્તિઓ રહેલી છે, તેનો તેને ખ્યાલ આપીને આ પુસ્તકો ઉન્નતિ, વિજય અને આરોગ્યાદિ મેળવવાની પુષ્કળ શ્રદ્ધા તથા શક્તિ તેનામાં જગાડી આપે છે; અશક્ય લાગેલી બાબતો શક્ય લાગે છે અને તે ઉત્સાહપૂર્વક પોતાનું કાર્યક્ષેત્ર શોધી તેમાં ઝુકાવે છે. એ મુજબ ચાલીને વિજયી થનારાઓનાં જેવાં અસરકારક અનેક દૃષ્ટાંતો એમાં ગૂંથેલાં છે કે વાંચીને માણસનું ચિત્ત અને ચારિત્ર વિચારોમાં અને વર્તનમાં ઉન્નત થયા વિના રહે નહિ.

प्रभुमय जीवन

૭ મી આવૃત્તિ, ૫×૬।।।નાં પૃષ્ઠ ૧૯૨, બોર્ડપટ્ટી, મૂલ્ય રા.૦।, અન્યત્ર ૦।૮

માણસો પોતાના સામર્થ્ય તથા સ્વરૂપના અજ્ઞાનને લીધે શિશ્નોદરપરાયણ, અલ્પાયુષી, સ્વાર્થી, નિર્બળ અને દુઃખી બને છે; જેથી એ અજ્ઞાન દૂર થઈ સુખી અને કૃતકૃત્ય બની રહે, એવા ઉત્તમ સિદ્ધાંતો આમાં સાદી રીતે સમજાવ્યા છે. "ધ ટચૂન વિથ ધી ધન્ફિનિટ"નો આ સરળ સુંદર અનુવાદ છે.

બંકિમનિબંધમાળા

સંશોધિત બીજી આવૃત્તિ, પા।।×૮નાં પૃષ્ઠ ૫૮૦, મૂલ્ય રા. ૧।।। અન્યત્ર ૨)

પૂર્ણ નીડર, ધર્મપ્રેમી અને કર્તવ્યપરાયણતાની મૂર્તિરૂપ બંગસાહિત્યસમ્રાટ બંકિમબાબુના માર્મિક, સચોટ અને હાસ્યરસથી ભરપૂર અનેક ધાર્મિક તથા સામાજિક લેખો ઉપરાંત તેમનું અસામાન્ય ચરિત્ર તથા "ધર્મતત્ત્વ" પુસ્તક પણ આમાં છે.

શ્રીમહાભારત મંજરી

મહાભારત વિષે ઉત્તમ ગ્રંથ

કદ ૫×૯, પૃષ્ઠ ૭૪૪, પાકું પૂઠું મૂલ્ય રૂા. ૨), અન્યત્ર રૂા. ૨।

મહાભારતમાં જે જે સુંદર, ગ્રહણ કરવા જેવું અને દેશહિતના સાધનમાં ઉપયોગી થઇ પડે એવું જણાયું તે તે બધું આ પુસ્તકમાં વીણી વીણીને ભર્યું છે. મહાભારતમાં અનેક ઠેકાણે વેરાયેલી છૂટી-છવાઇ રત્નકણિકાઓ જ્યાંથી મળી આવી ત્યાંથી લઇ લઇને એકઠી કરી છે. એકલા મહાભારતમાંથીજ નહિ પણ હરિવંશ, વેદ, ઉપ-નિષદ, દર્શન, બૌદ્ધગ્રંથો, રામાયણ, યોગવસિષ્ઠ, મનુ, અત્રિ, વિષ્ણુ, હારિત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સંવર્ત્ત, કાત્યા-યન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શતા-તપ અને વસિષ્ઠ વગેરેની વીસ સ્મૃતિઓ, ભાગવત, વાયુ સ્કન્દ વગેરે પુરાણો, ચરકસંહિતા, ચાણક્યનું નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પુરો-હિતદર્પણ, તદુપરાંત અનેક અંગ્રેજી અને બંગાળી ગ્રંથો વગેરે પરથી વિવિધ સામગ્રીનો સંગ્રહ કરીને આ ગ્રંથમાં પ્રાચીન ભારતની રાજ-નીતિ, ધર્મ અને સમાજનું આબેહૂબ ચિત્ર અંકિત કર્યું છે.

ભારતધર્મ અને અંધારા

રંગમહેલનો રાજા

કદ ૫×૯નાં પૃષ્ઠ ૫૦૪, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૧।।

કવિવર રવીંદ્રનાથ ઠાકુરનાં લખેલાં પુસ્તકોનો આ અનુવાદ છે. આપણો ભારતધર્મ ન સમજતાં પશ્ચિમના રાષ્ટ્રધર્મનું અંધ અનુકરણ કરીશું તો પરદેશીઓના દ્વારા આપણને જેટલું અનિષ્ટ આપણા હાથે થવાનો સંભવ છે, એ વિષયને લગતા કવિવરના ત્રીસ વર્ષ પૂર્વે લખાયલા લેખોનો સંગ્રહ હોઇ નવોજ પ્રકાશ આપે છે.

સોનેરી સૂચનો અને સુવિચારસામગ્રી

૫×૬।।।નાં પૃષ્ઠ ૨૦૮, પૂઠું બોર્ડપટ્ટીનું, મૂલ્ય ૦।, અન્યત્ર ૦।-

આ પુસ્તકની ૭ મી આવૃત્તિ હમણાંજ પ્રકટ થઇ છે. તેમાં અસર-કારક અને ઉન્નતિદાયક વિચારોનો અનેક ઉત્તમ પુસ્તકોમાંથી સંગ્રહ કરવામાં આવ્યો છે. દાતાઓએ હજારો પ્રતો આ પુસ્તકની મફત વહેંચી છે.

૨૧૮૮૭

આગળ ધસો

૧—માણસ અને તેને મળતી તક

"એવું કોઇ પણ માણસ જગતમાં જન્મ પામતું નથી કે જેને માટે કાંઇ પણ કામ નિર્માણ ન થયું હોય." —લૉવેલ

"સંશોધનનો વિશાળ સમુદ્ર આપણી આજુબાજુ આવી રહ્યો છે. જેમ વધારે શોધ કરવામાં આવે છે, તેમ તેમાંથી વિશેષ નવીનતા મળી આવે છે. આ સમુદ્રમાં સંશોધન કરવા નીકળી પડવા કોઇ બાદશાહી પરવાનગીની જરૂર પડતી નથી." —એડવર્ડ એવરેટ

"કોઇ પણ માણસ જ્યાંસુધી કોઇ વસ્તુ માટે પરિશ્રમ ન ઉઠાવે, ત્યાંસુધી તે વસ્તુ તેની આગળ આવી પડતી નથી."—ગાર્ફિલ્ડ

"નવીન અને અસાધારણ જમાનામાં આપણે નિવાસ કરીએ છીએ. તકનું બીજું નામ અમેરિકા છે; ત્યાં, જ્યાંત્યાં, આગળ વધવાની તકો જોઇએ તેટલી મળે છે. આપણો ઇતિહાસ, માનવજાતિના કલ્યાણ માટે પ્રભુનો છેલ્લામાં છેલ્લો પ્રયાસ હોય એમ જણાય છે." —એમર્સન

"તક તકાસવાની સાવધાનતા, તક પકડી લેવાની કુશળતા અને હિંમત, વધારેમાં વધારે ફળ મેળવવા જેટલે દરજ્જે તકનો ઉપયોગ કરવાનું બળ અને આગ્રહ—આ એવા મર્દાની ગુણો છે કે જે વડે વિજય મળ્યા વગર રહેજ નહિ." —ઓસ્ટીન ફેલ્પ્સ

"કાં તો હું રસ્તો શોધી કાઢીશ અગર રસ્તો કરીશ. આગળ ન થઇ શકયું હોય એવું અને ફરી ન થઇ શકે એવું હિત કરવાની તક ન મળતી હોય તેવો ભાગ્યેજ કોઇ દિવસ પસાર થાય છે."
—હમલ્યુ. એચ. બાર્લી

" કામ કરવાની તમારી મરજી છે ? એમ હોય તો આજ ક્ષણનો ઉપયોગ કરો. તમે જે કાંઇ કરી શકો, અગર જે કાંઇ કરવાનો તમને જરા પણ ખ્યાલ હોય તેનો પ્રારંભ કરો. "

નાઇલના યુદ્ધ માટે સંભાળભરી રીતે કરેલી તદબીર લૉર્ડ નેલ્સને કૅપ્ટન બેરીને સંભળાવી ત્યારે કૅપ્ટને કહ્યું: "જો આપણે ફતેહ પામીશું તો જગત શું કહેશે ? "

નેલ્સને ઉત્તર આપ્યો કે, " આમાં 'જો 'ની વાત નથી. આપણે ફતેહ પામીશું એ વાત તો નક્કી છે. ફતેહની વાત કરવાને કોણ જીવતો રહેશે એ જુદો પ્રશ્ન છે. " પછી કાઉન્સિલમાંથી પોતપોતાના વહાણ ઉપર જવાને તેના સઘળા કૅપ્ટન ઊઠ્યા, ત્યારે તેણે કહ્યું કે, " કાલે આ વખત પહેલાં મને કાં તો ઉમરાવપદ મળે છે અગર તો વેસ્ટમિન્સ્ટર એબી* મળે છે." અન્યને જ્યાં માત્ર પરાજયજ સંભવિત લાગતો હતો, ત્યાં તેની તીક્ષ્ણ દૃષ્ટિ અને બહાદુર હૃદયને આ પ્રમાણે કીર્તિમાન વિજયનોજ પ્રસંગ જણાતો હતો.

સેંટ બર્નાર્ડનો વિકટ, ભયંકર ઘાટ તપાસવાને માટે મોકલેલા એન્જિનિયરોને નેપોલિયને પૂછ્યું કે, " એ માર્ગ ઓળંગીને જવાય એવું છે કે ? " આ પ્રશ્નનો ઢીલો જવાબ મળ્યો કે, " કદાચ જવાય, તેમ બનવું સંભવિત છે. " નેપોલિયને કહ્યું: "ત્યારે આગળ ધસો." દેખીતી રીતે, અનિવાર્ય, એવી મુશ્કેલીઓની તેમની વાતો તેણે ગણકારી નહિ. જ્યાં કોઇ દિવસ પૈડું ફર્યું નહોતું અને ફરવાનો સંભવ પણ નહોતો, ત્યાં ભારે તોપખાનું, તોપના હજારો મણ ગોળા અને લડાઇના બીજા જબરદસ્ત સામાન સાથે સાઠ હજાર માણસનું લશ્કર આલ્પ્સ ઓળંગી જાય, એ વિચારની ઇંગ્લંડ અને ઑસ્ટ્રિયા ઠેકડી કરવા લાગ્યાં; પણ ઘેરાયલો મેસેના અને તેનું લશ્કર જીનોઆમાં ભૂખે મરતાં હતાં અને ફતેહમંદ ઑસ્ટ્રિયનો નાઇસના દરવાજા ઉપર તોપની ગર્જના ચલાવી રહ્યા હતા. જોખમના અને ભયના સમયમાં તેમને–પોતાના મિત્રોને–ત્યજી દે, તેમનો દ્રોહ કરે એવો નેપોલિયન નહોતો.

---

* ઇંગ્લેંડના પ્રસિદ્ધ પુરુષોને દાટવાની જગા.

સૈનિકો અને તેમની સામગ્રીની તેણે સંભાળપૂર્વક તપાસ લીધી. ઘસાયલા બૂટ, ફાટેલો કોટ અને નુકસાન પામેલી બંદૂક, તેણે દુરસ્ત કરાવ્યાં અગર તેને બદલે બીજાં આપ્યાં અને પોતાના સરદારના શૌર્યથી, જુસ્સાથી પ્રોત્સાહિત થયેલી ટુકડીઓ ઘસારા-બંધ આગળ વધી.

ઊંચી ઊંચી મેખડોવાળા ઢોળાવો ઉપર ધુમસમાં પ્રકાશમાન શસ્ત્રયુક્ત સૈનિકોની પરાક્રમી ટોળીઓ પડછાયાની માફક જણાતી હતી. તેમની નીચે, પગ આગળથી ગરુડ પક્ષીઓ ચીસ નાખતાં સુસવાટ સહિત પસાર થઇ જતાં હતાં. પર્વત ઉપરનાં બકરાં આ અપરિચિત દેખાવથી ભય પામી કૂદકો મારી નાસતાં હતાં અને આ એકાંતમાં એકદમ થઇ ગયેલી વસ્તી—આ લશ્કરી વ્યૂહ—જોવાને એકાદ ટેકરી ઉપર તે થોભી જતાં હતાં. કોઇ ખાસ મુશ્કેલીવાળી જગાએ લશ્કર આવી પહોંચતું, ત્યારે આગળ વધવા માટે બ્યૂગલનો અવાજ થતો અને તેનો પ્રતિધ્વનિ અલૌકિક આંદોલન સહિત પથ્થર અને બરફના એક શિખરથી બીજે શિખર પ્રસરી જતો. દરેક ગોઠવણ એવી સંભાળથી કરવામાં આવી હતી અને નેપોલિયનનો તેના લશ્કર ઉપર એટલો બધો પ્રભાવ હતો કે, એક પણ સૈનિક લશ્કર છોડી જતો નહિ. માર્ગમાં ગમે તેવી ભારે મુશ્કેલી આવતી તો તે કોઇ પણ ભોગે દૂર કરવાની ગોઠ-વણ કરવામાં આવતી હતી. ૨૦ માઇલ સુધી લંબાયલી લશ્કરની આ હાર ગૂંચવાડામાં પડી ન જાય તે માટે અનેક રીતે સાવ-ધાનતા રાખવામાં આવતી હતી. પરિણામે ચારજ દિવસમાં લશ્કર ઇટલીના મેદાન ઉપર કૂચ કરતું જણાયું.

આ પ્રમાણે જ્યારે આ અશક્ય કાર્ય પણ કરવામાં આવ્યું, ત્યારે બીજાઓને એમ માલૂમ પડ્યું કે પહેલાં પણ આ કાર્ય થઇ શકત. ઘણાએ સરદારો પાસે જરૂરી સાધન, ઓજાર અને સંકટ સહન કરે તેવા બળવાન સૈનિકો હતા પણ નેપોલિયન બોનાપાર્ટનું પરાક્રમ, તેની દૃઢતા અને તેનો નિશ્ચય તેમનામાં નહોતાં. મુશ્કેલીઓ વિકટ છે, દૂર નહિ થઇ શકે તેવી છે, એમ કહી તેની સામે થવાના સંબંધમાં બીજા જ્યારે કેટલાંક બહાનાં કાઢતા ત્યારે ગમે તેવી મોટી મુશ્કેલીઓથી પણ તે પાછો હઠી જતો નહિ. પોતાની જરૂરિયાતને અનુસરી યોગ્ય તક તે સાધતો અને વિજય મેળવતો.

ન્યુ ઑર્લિયન્સ આગળ ઘોડેથી પડ્યાને ગ્રેન્ટને થોડોજ વખત થયો હતો. એવામાં ચટનુગા આગળના લશ્કરની સરદારી લેવાનો હુકમ તેને મળ્યો. ચટનુગાની આગળપાછળ કૉન્ફિડરેટ પક્ષનો એવો સખ્ત ઘેરો હતો કે, તે થોડા દિવસમાંજ શરણે જાય એવો સંભવ હતો. રાત્રે દુશ્મનની છાવણીની તાપણીઓથી આજુબાજુની ટેકરીઓ ઝળહળી રહી હતી. સરસામાન લઇ જવા લાવવાનો વ્યવહાર તોડી નાખવામાં આવ્યો હતો. જનરલ ગ્રેન્ટને દરદ ઘણું થયું હતું; છતાં લડાઇની નવીન જગા ઉપર પોતાને લઇ જવાનો તેણે હુકમ કર્યો.

મિસિસિપી, ઓહિયો અને તેની એક શાખા ઉપર વહાણો-માં તથા જંગલમાં માઇલના માઇલ ઘોડા ઉપરની ડોળીમાં અને છેવટે શહેરમાં ચાર માણસની ખાંધ ઉપર તેને ચટનુગા લઇ જવામાં આવ્યો. એકદમ વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ. સ્થિતિને સમાન રીતે પહોંચી વળે તેવો નિપુણ નર આવી પહોંચ્યો. તેના બળની અસર લશ્કરને થઇ. તે ઘોડા ઉપર ચઢી શકે તે પહેલાં તો તેણે લશ્કરને આગળ ધસવા હુકમ છોડ્યો. ઉંચે ઉંચ જમીન માટે દુશ્મનો લડ્યા; છતાં થોડા વખતમાં આજુબાજુની ટેકરીઓ યુનિયનના સૈનિકોએ લીધી. આ કાંઇ નસીબની વાત નહોતી; આ કાંઇ પ્રારબ્ધનું પરિણામ નહોતું. ઘવાયલા સરદાર ગ્રેન્ટની અડગ સંકલ્પશક્તિનું અવશ્ય આવવું જોઇએ તેવું તે પરિણામ હતું.

ટાઇબર નદી ઉપરના પૂલનો નાશ કરવામાં આવ્યો ત્યાંસુધી હોરેશિયસ અને તેના બે મિત્રોએ ૯૦૦૦૦ ટસ્કનોને ખાળી રાખ્યા; થર્મોપોલી આગળ લિયોનિડાસે ઝર્કિસસના મહાન ધસા-રાને અટકાવ્યો; ગ્રીસના કિનારા આગળ જ્યારે થેમિસ્ટોકિલસે સ્પેનિશ નૌકાસૈન્યનો સંહાર કર્યો; પોતાના લશ્કરને મુશ્કેલીમાં જોઇ સીઝરે જ્યારે ભાલો અને ઢાલ લીધાં અને પોતાના માણ-સોની પુનઃરચના કરવાની સાથે સાથે તે લડતો પણ ગયો અને પરાજયનું રૂપ ફેરવી નાખી વિજય મેળવ્યો; જ્યારે વિન્કલ રીડે પોતાની છાતી ઉપર ઑસ્ટ્રિયન ભાલા ઝીલી લઇને પણ પોતાના મિત્રો માટે સ્વતંત્રતાનો માર્ગ કરી આપ્યો; પોતાના દૂરના તંબૂ પાસે ભટકતા હોરેશિયોગેટને જે લડાઇમાં જીત મેળવવાનો શક હતો, તેજ લડાઇમાં સારાટોગા આગળ બેનિડિક્ટ આર્નોલ્ડે ભારે હિમ્મત અને બહાદુરીથી વિજય મેળવ્યો; પોતે હાજર હોય

એવી કોઇ પણ લડાઇમાં નેપોલિયને કેટલાંએ વર્ષ સુધી એક પણ હાર ખાધી નહિ; એક પણ યુદ્ધમાં પરાભવ પામ્યા વગર અનેક દેશોમાં જ્યારે વેલિંગ્ટન લડી રહ્યો હતો; જ્યારે સેંકડો રણક્ષેત્ર ઉપર દેખીતી પરાજયની સ્થિતિને ઉજ્જવલ વિજયની સ્થિતિમાં તે આણી રહ્યો હતો; જ્યારે ઘાયલ થયેલા લોરેન્સને છોડી પેરી નાયગરા તરફ ગયો અને બ્રિટિશ તોપો બંધ કરી દીધી; જ્યારે યુનિયનિસ્ટો પાછા હઠી જઇ હાર પામવાની સ્થિતિમાં આવી ગયા અને શેરીડન વિન્ચેસ્ટરથી આવી પહોંચ્યો તથા હરોલ પર ફરી લડાઇનું સ્વરૂપ ફેરવી નાખ્યું; દુશ્મનનું ભારે દબાણ છતાં કિલ્લાને ટકાવી રાખવા શેરમેને પોતાના માણસોને સિગ્નલ આપી અને પોતાનો અગ્રેસર આવી પહોંચ્યો છે જાણી કિલ્લો તેમણે ટકાવી રાખ્યો; ત્યારે—આ સઘળી વસ્તુસ્થિતિઓ શું એમ ને એમ જ આવીને ઊભી રહી હતી?

આ પ્રમાણે ઓછી સંકલ્પશક્તિવાળાને જે કાંઇ અશક્ય લાગે તેને શક્ય બનાવવા સારૂ જે માણસોએ યોગ્ય અવસર સાધી કામ કર્યું હોય તેવાં માણસોનાં અનેક દૃષ્ટાંત ઇતિહાસમાં છે.

એ ખરી વાત છે કે નેપોલિયન તો એકજ થઇ ગયો છે; પરંતુ બીજી બાજુ તપાસીએ તો અમેરિકન યુવાનોની પ્રગતિમાં જે આલ્પ્સ સાધારણ રીતે વિક્ષેપરૂપે આવી રહે છે, તે નેપોલિયને ઓળંગેલા આલ્પ્સનાં શિખર જેટલા ઊંચા તેમજ ભયંકર હોતા નથી.

અસાધારણ પ્રસંગ આવે ત્યાંસુધી બેસી રહેવું એ યોગ્ય નથી. સાધારણ પ્રસંગોનો પણ લાભ લેવો અને અસાધારણ પ્રસંગને પણ મહાન બનાવવો.

ઇ૦ સ૦ ૧૮૩૮ ના સપ્ટેમ્બર માસની ૬ ઠ્ઠી તારીખના પ્રભાતે ઇંગ્લેંડ અને સ્કોટલેંડ વચ્ચેની લોંગ્સ્ટન દીવાદાંડી ઉપરની એક યુવતી પવન અને મોજાંના અવાજમાંથી પણ બહાર પડી આવતી દુઃખની કિકિયારીઓ અને ચીસોથી જાગી ઊઠી.

સમુદ્રનું તોફાન અસાધારણ હતું, અત્યંત ભયંકર હતું. તેનાં માતપિતા આ ચીસો સાંભળી શકયાં નહોતાં. ભાગી ગયેલું એક વહાણ જેનો આગલો ભાગ અર્ધા માઇલ ઉપર ખડકો ઉપર લટકતો હતો તેના ડુમઝલાસને નવ માણસ વળગી રહ્યાં હતાં. આ

યુવતીના પિતા–દીવાદાંડીના રખેવાળ વિલિયમ ડાર્લિંગે કહ્યું કે, "આપણાથી આમાં કાંઇ બને તેવું નથી." આંખમાં આંસુ સહિત તે યુવતીએ પોતાનાં માબાપને કાલાવાલા કરી કહ્યું: "આપણે તેમને બચાવવાં જોઇએ." આખરે તેના પિતાએ કહ્યું કે, "વારૂ, ગ્રેસ, તું કહે છે તે પ્રમાણે હું કરીશ; પણ હું તારા વિચારને મળતો આવતો નથી." વંટોળિયામાં ઊડતાં પીછાંની માફક તોફાની દરિયા ઉપર પોતાની નાની હોડી તેણે ફેંકી. મહાન ઉન્મત્ત તોફાનમાં તેનું મગજ ફરતું હોય એમ ગ્રેસને જણાવા લાગ્યું. વિશાલ નિષ્ઠુર મોજાં ઉપરના પવનદ્વારા આવતી સંકટમાં આવી પડેલા બલાસીઓની ચીસોથી તેની કોમળ, નિર્બળ નસો પોલાદનાં દોરડાં જેવી મજબૂત થતી જતી હતી. અત્યાર સુધી નહિ જણાયલું બળ ગમે ત્યાંથી તેનામાં આવ્યું અને એ વીરબાળા તેના પિતાની સાથે સાથે હલેસાં મારવા લાગી. આખરે તેઓ તે જગા પર આવ્યાં અને નવે જણને હોડી ઉપર લઈ લીધાં. ઇંગ્લેંડના અનેક રાજકર્તાઓના પરાક્રમથી ઇંગ્લેંડની કીર્તિમાં જે વધારો થયો નથી, તે આ છોકરીના અલૌકિક પરાક્રમથી થયો છે. બચેલાઓમાંનો એક તો બિચારો આશ્ચર્ય સાથે તેની સામે ને સામે જોઇ રહ્યો હતો. તે બોલ્યોઃ "બહેન! પ્રભુ તને સુખી રાખે, તું ખરેખર એક બહાદુર છોકરી છે."

૧૮૫૪ માં એક કૅટ–બોટ ન્યુ પોર્ટ આર. આઇ.ની લાઇમરોક દીવાદાંડી આગળ ઊંધી પડી. ઊછળી રહેલા સમુદ્રમાં ચાર જુવાનો તરફડિયાં મારવા લાગ્યા. દીવાદાંડીનો રક્ષક મકાન પર હતો નહિ. તેની બિમાર સ્ત્રીથી કાંઇ બને તેમ નહોતું. તેની બાર વર્ષની છોકરી આ યુવાનોને બચાવવા એક નાની બોટમાં હલેસાં મારતી ચાલી અને તેમને બચાવી લીધા. એ પછીના ત્રીસ વર્ષમાં જુદે જુદે સમયે બીજાં નવ માણસોને તેણે બચાવી લીધાં હતાં. કોઇની પણ મદદ વગર આ કામ તેણે કર્યું હતું. તેનામાં જેટલી હિંમત હતી તેટલીજ હોશિયારી અને સહનશીલતા હતાં.

જ્યોર્જ કેરી ઇગલ્સ્ટનના મોંથી વાત સાંભળવામાં આવી છે કે, એક સમયે સિનોર ફાલિયેરોએ સંખ્યાબંધ માણસોને મિજબાની માટે આમંત્રણ આપ્યાં હતાં. મિજબાનીને વખતેજ મિઠાઇ બનાવનાર અને ટેબલનો શણગાર કરનારે કહાવ્યું કે, "શણગારની ચીજ બગડી ગઇ છે." સૌ ગભરાટમાં પડી ગયા. આ પ્રસંગે

સિનોર ફાલિયેરોને ત્યાં વાસણ સાફ કરવા રહેલા નોકરે કહ્યું: "તમે મને કહો તો હું નિભાવી લઉં." ફાલિયેરોના કારભારીએ આશ્ચર્ય સાથે પ્રશ્ન કર્યો: "તું શું કરવાનો હતો? તું વળી કોણ?"

ફિક્કા ચહેરાવાળા તે યુવાને ઉત્તર આપ્યો કે "પથ્થર વહેરનાર પિસેનોનો પુત્ર હું એન્ટોનિયો કેનોવા છું." કારભારીએ કહ્યું કે, "તું શું કરવા માગે છે?" તે યુવાને જવાબ આપ્યો કે, ટેબલના મધ્ય ભાગમાં શણગાર તરીકે ચાલી શકે તેવું હું કાંઈક કરવા ધારું છું."

મુખ્ય નોકર મૂંઝાયો અને જે કાંઇ થઇ શકે તે કરવા તેને કહ્યું. એન્ટોનિયોએ થોડુંક માખણ મંગાવ્યું અને ઝડપથી તેણે બેઠકની સ્થિતિમાં એક સિંહ બનાવી કાઢ્યો. સિંહનાં વખાણ કરતાં કારભારીએ તે સિંહ ટેબલ ઉપર મૂક્યો.

બાણુ માટે સર્વને બોલાવવામાં આવ્યા. વેનિસના મોટા મોટા વ્યાપારીઓ, રાજકુમારો અને ઉમરાવો જમવાના ઓરડામાં દાખલ થયા. કલાની કદર કરે અને તે વિષે ચર્ચા કરી શકે, તેવા હોશિયાર માણસો આ મંડળમાં હતા.

જ્યારે તેમની નજર માખણના આ સિંહ ઉપર ગઈ, ત્યારે કલાને લગતી આ કૃતિથી થયેલા આશ્ચર્યમાં ને આશ્ચર્યમાં તેઓ જે કાર્ય માટે આવ્યા હતા, તે ભૂલી ગયા. લાંબો વખત તપાસી તપાસીને તે સિંહ તેમણે જોયો અને થોડોજ વખત નભી શકે તેવા આ પદાર્થમાંથી સિંહ બનાવવાને કયા મહાન શિલ્પીને મરજી થઇ આવી હતી એવો સિનોર ફાલિયેરોને તેમણે પ્રશ્ન કર્યો. ફાલિયેરો કાંઇ ઉત્તર આપી શક્યો નહિ. તેણે પોતાના કારભારીને પ્રશ્ન કર્યો. કારભારીએ આ મંડળ આગળ એન્ટોનિયોને રજૂ કર્યો.

સૌ નામાંકિત મહેમાનોને જ્યારે ખબર પડી કે, વાસણ સાફણ કરનાર છોકરાએ ટૂંક વખતમાં તે સિંહ બનાવ્યો હતો, ત્યારે તેઓએ જાહેર કર્યું કે, "આજની આપણી મિજબાની કેનોવાના માનમાં ગણવી." આમંત્રણ કરનાર સિનોર ફાલિયેરોએ જણાવ્યું કે, "હું તે યુવાનને મારા ખર્ચથી સારા ઉસ્તાદો પાસે શિલ્પવિદ્યાનું શિક્ષણ અપાવીશ." તેણે પોતાનું વચન પાળ્યું. એન્ટોનિયોનું ભાગ્ય ફર્યું; પણ તેનામાં કોઇ જાતનો બિગાડ દાખલ થયો નહિ.

જે સાદા અને સાચા દિલના નિમકહલાલ છોકરાએ પિસેનોની દુકાને પથ્થર વહેરવાનું કામ સારી રીતે શીખવા માટે સખ્ત પરિશ્રમ ઉઠાવ્યો હતો, તેવો ને તેવો–તેવાજ અંતઃકરણનો તે રહ્યો. પહેલવહેલી ઉપર જણાવેલી જે સારી તક એન્ટોનિયોને મળી તેનો તેણે કેવો લાભ લીધો તે ઘણાને ખબર નહિ હોય; પણ એનેજ પરિણામે જગતના મહાનમાં મહાન શિલ્પીઓમાં કોનોવાનું નામ સુપ્રસિદ્ધ થયું.

નબળાં માણસો તકને માટે રાહ જોઈ બેસી રહે છે; ત્યારે મજબૂત માણસો તક મેળવે છે, તક ઊભી કરે છે.

ઇ. એચ. ચેપીન કહે છે કે જે લોકો તકની રાહ જોઈ બેસી રહે છે, તેઓ સર્વોત્તમ મનુષ્ય હોતાં નથી. જેઓ તકનો લાભ લે છે, તકને ઘેરી લે છે, તક ઉપર જીત મેળવે છે, તકને દાસી-સમાન કરી લે છે તેઓજ સર્વોત્તમ હોય છે.

ફિલાડેલ્ફિયાનો એક મહેનતુ ખટારાવાળો જેને ઘણાં માણસનો નિભાવ કરવાનો હતો, તે એક વખત બોલી ઉઠ્યો કે, "હું પૈસાદાર હોઉં તો કેવું સારૂં?" સ્ટીવન જીરાર્ડ આ શબ્દ સાંભળી ગયો. તેણે કહ્યું: "તું શા માટે પૈસાદાર થતો નથી?" ખટારાવાળાએ જવાબ દીધો કે, "પૈસા વગર પૈસાદાર શી રીતે થવાય?" મિ. જીરાર્ડે જવાબ દીધો કે, "પૈસાની કાંઇ જરૂર નથી." ખટારાવાળાએ કહ્યું: "પૈસા વગર પૈસાદાર કેમ થવું તે મને તમે જણાવશો તો હું આળસુ બેસી રહીશ નહિ."

લક્ષાધિપતિ જીરાર્ડે કહ્યું: "સરકાર તરફથી જપ્ત થયેલી એક વહાણ જેટલી ચા બંદર ઉપર આવતી કાલે લિલામ થવાની છે." ખટારાવાળો બોલી ઊઠ્યો: "પણ તેટલી ચા ખરીદવા જેટલા પૈસા મારી પાસે નથી." જીરાર્ડે જરા ગુસ્સે થઈને કહ્યું: "પણ પૈસાની તારે કાંઇ જરૂર નથી. તું તારે જા. આખા લિલામની તું માગણી કરજે અને મારી પાસે આવજે."

બીજે દિવસે લિલામ કરનારે કહ્યું કે, "ખરીદ કરનાર કાં તો એક પેટીથી લે અગર આખું વહાણ લે અને રતલની કિંમતથી માગણી કરે." છૂટક ખરીદ કરનાર એક ગાંધીએ માગણીની શરૂઆત કરી. ખટારાવાળાએ એકદમ મોટી રકમથી માગણી કરી. બધા લોકો અચંબો પામી ગયા. જ્યારે વેચાણ જાહેર થયું, ત્યારે

ઠંડે પેટે તેણે જાહેર કર્યું કે, "હું આખું વહાણ ચા લઇશ." લિલામ કરનારને પણ આશ્ચર્ય થયું; પણ જ્યારે તેને ખબર પડી કે લિલામની માગણી કરનાર જીરાર્ડનો ખટારાવાળો હતો, ત્યારે તેની રીતભાત બદલાઇ ગઇ અને તે બોલ્યો: "ત્યારે તો બરોબર છે."

એવી ખબર ફેલાઇ કે જીરાર્ડ જથાબંધ ચા ખરીદ કરે છે, એટલે ચાની કિંમત દર રતલ પર વધતી ગઈ. તે મહાન વેપારી-એ ખટારાવાળાને કહ્યું કે, "જા, હવે ચા વેચી દે." બજારભાવ થી થોડાક હલકા ભાવે તેણે ઝપાટાબંધ પોતાની સઘળી ચા વેચી નાખી અને થોડાજ વખતમાં તેની પાસે ૫૦૦૦૦ ડોલર થયા.

કામ કરવાની, વ્યાપાર કરવાની આ રીતને લેખક અનુમતિ આપતો નથી; પણ તકનો લાભ કેમ લેવો તેનું આ એક દૃષ્ટાંત માત્ર છે.

આ પ્રકારની તમને મદદ મળે એવો લાખમાં પણ એક સંયોગ તમને પ્રાપ્ત ન થાય; પણ એવી તકો ઘણી વખત આવે છે કે જેનો તમે તરત લાભ લો તો તે તમને અત્યંત લાભજનક થઇ પડે.

મેન્ચેસ્ટરના એક કારખાનાના મેનેજર માટે જાહેર ખબર આપનારે એક ઉમેદવારને પહેલી વાર જોઇનેજ કહ્યું: "તમારી ઉંમર ઘણી નાની છે." રોબર્ટ ઓએને ઉત્તર આપ્યો કે, "ચાર પાંચ વર્ષ પહેલાં તેઓ મારી સામે આવો વાંધો ઉઠાવતા; પણ આવો વાંધો હવે ઊઠશે એમ હું ધારતો નહોતો." વળી ઓએનને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, "તમને કાંઇ વ્યસન છે?" શરમાતાં શરમાતાં તેણે જવાબ દીધો કે, "મને કશુંજ વ્યસન નથી." "તમે કેટલા પગારથી રહેશો?" "વર્ષના ત્રણસેં પાઉંડ." "ત્રણસેં પાઉંડ? આ જગા માટેના બધા ઉમેદવારોની પગારની માગણી-નો સરવાળો કરીએ તોપણ તે તમારા પગારથી ઓછો થાય."

"બીજા ગમે તે પગાર માગે પણ મારે તો ઓછો પગાર જોઇતો નથી. હું મારા પોતાના ધંધાવ્યાપારથીજ વર્ષે દહાડે ત્રણસેં પાઉંડ તો કમાઉં છું."

આ યુવાન કદી કાપડની મિલમાં રહ્યો નહોતો. ૫૦૦ કામ-દારવાળા કારખાનાનો તેને ચાર્જ આપવામાં આવ્યો. યંત્રો,

કાપડ અને કાપડ બનાવવાને લગતી રીતોનો રાત્રીએ અભ્યાસ કરી આ ધંધાની સઘળી માહિતી તેણે મેળવી લીધી. થોડા વખતમાં એ સ્થિતિ થઇ કે આખા મેન્ચેસ્ટરમાં પોતાના ધંધામાં તે સર્વોપરી થયો.

"તક મળતી નથી" એ તો નબળા અને અસ્થિર મનુષ્યોનું જ હમેશનું બહાનું છે. દરેક મનુષ્યને જીવનમાં અનેક તક મળે છે. શાળા અને પાઠશાળાનો દરેક પાઠ એ એક તક છે, દરેક પરીક્ષા જીવનની એક તક છે, દરેક દરદ પણ એક તક છે, વર્તમાનપત્રનો એક લેખ પણ એક તક છે, દરેક અસીલ પણ એક તક છે, દરેક ઉપદેશમાં કાંઇક તક છે, દરેક વ્યાપારધંધામાં એક તક છે. સભ્યતા બતાવવાને, મર્દ થવાને, મર્દાનગી બતાવવાને, પ્રમાણિક થવાને અને મિત્રતા કરવાને અનેક તક મળે છે. તમારામાં અન્યનો વિશ્વાસ છે, એનું દરેક પ્રમાણ–તે પણ તક છે. તમારૂં બળ અને તમારી પ્રતિષ્ઠા જોઇ તમને કોઇ જવાબદારીવાળું કામ સોંપવામાં આવે તો તે પણ એક તક છે. પ્રયત્નશીલ મનુષ્યોનેજ જીવનનો અધિકાર છે અને આ અધિકાર મર્દની માફક ભોગવવામાં આવે તો તમારી યોગ્યતાને અનુસરતી ફતેહ માટે તમે ઉપયોગ કરી શકો, તેના કરતાં પણ વધારે તકો તમને મળશે. ફ્રેડ ડોગ્લાસ જેવો ગુલામ, જેનું શરીર પણ પોતાનું નહોતું, તે વક્તા, અધિપતિ અને રાજદ્વારી થઇ શક્યો તો તેના પ્રમાણમાં જેને ઘણી તકો મળે છે, તેવા યુવાનોએ કેટલું વધારે કરી બતાવવું જોઇએ?

"મને વખત મળતો નથી, મને તક મળતી નથી" એવું કોઇ મહાન કાર્ય કરનાર કહેતો નથી. સુસ્ત માણસજ તેમ કહે છે. જૂજ તક કે જેની ઘણા લોકો દરકાર કરતા નથી, તેનો ઘણા યુવાનો લાભ લઇ, આખી જિંદગીની તકોમાંથી બીજાને જે લાભ મળતો નથી, તે તેઓ મેળવે છે. મધમાખની માફક તેઓ દરેક ફૂલમાંથી મધ ચૂસે છે. તેમને મળતા દરેક માણસ, દિવસનો દરેક સંજોગ–સર્વમાંથી તેઓ પોતાના જ્ઞાનનો અને અંગત શક્તિનો ભંડાર વધાર્યે જાય છે.

એક કાર્ડિનલે કહ્યું છે કે, "**જીવનમાં એક વખત પણ જેના ઉપર ભાગ્યદેવની કૃપા ન થતી હોય તેવો કોઇ પણ માણસ નથી;** પણ જ્યારે ભાગ્યદેવીને માલૂમ પડે છે કે

તેનો સત્કાર કરવાને અમુક માણસ તૈયાર નથી, ત્યારે તો બારણામાંથી તે પેસે છે અને બારીમાંથી તે જાય છે.”

એક માણસને એક સ્ટુડિયોમાંનાં કેટલાંક દેવદેવી બતાવવામાં આવ્યાં. આમાં એકનું મોં વાળથી ઢાંકેલું હતું, તેના પગ ઉપર પાંખો હતી. પેલાએ શિલ્પીને પ્રશ્ન કર્યો કે, “આ દેવીનું નામ શું?” શિલ્પીએ ઉત્તર આપ્યોઃ “તક.” “તેનું મોં કેમ છુપાવેલું છે?” જવાબ મળ્યો કે, “જ્યારે માણસની પાસે તે આવે છે, ત્યારે તે ભાગ્યેજ તેને ઓળખે છે.” “તેના પગ ઉપર પાંખો કેમ છે?” “કારણકે તે તરત સટકી જાય છે અને એક વખત ગઇ કે ફરી મળતી નથી.”

જીવન તકથી ભરપૂર રહે છે. આ તકો રંગભૂમિ પર રજૂ થાય એવી નાટકીય કે મોટી હોતી નથી; પણ જેમને દુનિયામાં આગળ વધવું હોય છે, તેમને તો ઉપયોગી થઈ પડે છે.

સ્ટીમબોટથી પોતાને આગળ વધવાની તક મળશે, એમ કોર્નેલિયસ વેન્ડરબિલ્ટને માલૂમ પડ્યું અને સ્ટીમથી વહાણ ચલાવવાની કલા સાથે પોતાનું નામ જોડાઇ રહે એવો યત્ન કરવાનો તેણે નિશ્ચય કર્યો. પોતાનો આબાદ ધંધો તેણે મૂકી દીધો ને વર્ષના એક હજાર ડોલરના પગારથી, પહેલામાં પહેલી પાણીમાં ઉતારવામાં આવેલી સ્ટીમબોટનો તે કપ્તાન બન્યો. ન્યુયોર્કના દરિયા ઉપર વરાળથી વહાણ ચલાવવાનો સઘળો હક્ક લિવિંગ્સ્ટન અને ફૂલ્ટને મેળવ્યો હતો. વેન્ડરબિલ્ટ ધારતો હતો કે વહાણોને લગતો કાયદો બરાબર નથી અને તે કાયદો રદ થયો ત્યાંસુધી તે તેની સામે થયો.

એક સ્ટીમબોટનો તે તરતજ માલિક થયો. યુરોપની ટપાલ લઈ જવાને સરકારને જ્યારે મોટી ફી ભરવી પડતી, ત્યારે તે તેણે મફત અને ઝડપથી લઇ જવાને માથે લીધું. તેની માગણીનો સ્વીકાર થયો અને આ રીતે તેણે પુષ્કળ માલ અને પેસેન્જરો લઇ જવાની જબરજસ્ત ઘરાકી બાંધી. પોતાના દેશમાં રેલવેનું સારૂં ભવિષ્ય જોઇ પોતાના સઘળા બળ અને ઉત્સાહ સાથે તે તે સાહસમાં પડ્યો અને વિશાળ તથા પ્રસિદ્ધ વેન્ડરબિલ્ટ લાઇનનો તેણે પાયો નાખ્યો.

યુવાન ફિલિપ આર્મર "ફોર્ટી નાઇનર્સ" કાફલામાં જોડાયો અને બચ્ચરથી જોડાયલી ગાડીમાં બેસી પોતાની તમામ મિલકત સાથે તે મહાન અમેરિકન રણ પસાર કરી ગયો. સખ્ત મહેનત અને બાણોમાંથી વર્ષપ્રતિવર્ષ મળતા અને સંગ્રહ કરેલા નફા વડે છ વર્ષ પછી તેણે દાણા અને વેરહાઉસનો ધંધો ચાલુ કર્યો. પાંચ વર્ષમાં તેણે નવ લાખ ડોલર પેદા કર્યા; છતાં "રિચમંડ પર ધસારો લઇ જાઓ" એવા ગ્રેન્ટના ફરમાનથી પૈસા પેદા કરવાનો તેને સારો અવસર પ્રાપ્ત થયો. ૧૮૬૪ ના એક દિવસે તે ગોસ્તના વ્યાપારના પોતાના ભાગીદાર પ્લેકિંગ્ટનને ત્યાં ગયો. તે બોલ્યોઃ "હું હવે પછીની પહેલામાં પહેલી ટ્રેનમાં ન્યુયોર્ક જઇ ગોસ્ત વેચી દેવા માગું છું. ગ્રેન્ટ અને શેરમેને બંડ દબાવી દીધું છે અને ગોસ્તનો ભાવ બેસી જઇ બેરલના ૧૨ ડોલર થઇ જશે." ગોસ્ત વેચવાની આ તક હતી. તે ન્યુયોર્ક ગયો અને બેરલના ૪૦ ડોલરના ભાવથી જથાબંધ ગોસ્ત તેણે વેચવા કાઢયું. લોકોએ ઉત્સાહથી તે લઇ લીધું. વૉલસ્ટ્રીટના સટોડિયાઓ પશ્ચિમ તરફના આ યુવકને હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, "લડાઇનો અંત આવ્યો નથી અને ગોસ્તનો ભાવ ૬૦ ડોલર ઉપર જશે." મિ૦ આર્મરે તો વેચ્યાજ કર્યું. ગ્રેન્ટ આગળ વધવા માંડ્યો. રિચમંડ શરણે આવ્યું અને તેની સાથેજ ગોસ્તનો ભાવ પણ ઊતર્યો અને ૧૨ ડોલરનો થયો. મિ૦ આર્મરે ૨૦ લાખ ડોલર ચોખ્ખા મેળવ્યા.

જોન ડી૦ રૉકફેલરે પેટ્રોલિયમમાં પોતાની તક સાધી. દેશની ઘણી મોટી વસ્તીને બરોબર અજવાળું મળતું નથી, એમ તેને માલૂમ પડયું. પેટ્રોલિયમ તો ઘણુંએ હતું પણ તેને સાફ કરવાની રીત એવી ખરાબ હતી કે તે ઘણું ઊંચા પ્રકારનું અને પૂરતી રીતે સહીસલામત હોય તેવું મળતું નહિ. પેટ્રોલિયમની આ સ્થિતિ તેને માટે સુંદર તક સમાન થઇ પડી. પોતે જ્યાં કામ કરતો હતો, ત્યાંની યંત્રને લગતી દુકાનમાંના પોર્ટર સેમ્યુઅલ એન્ડ્રુઝની સાથે તેણે ભાગીદારી કરી અને પોતાના ભાગીદારે શોધી કાઢેલી સુધરેલી પદ્ધતિથી ૧૮૭૦માં એક પીપની ભઠ્ઠી તેણે શરૂ કરી. તેઓએ ઊંચા પ્રકારનું તેલ બનાવ્યું અને ઝપાટાબંધ તે ચાલવા માંડયું. તેઓએ ફ્લેગ્લરને ત્રીજા ભાગીદાર તરીકે દાખલ કર્યો પણ એન્ડ્રુઝ થોડા વખતમાં નારાજ થયો. રૉકફેલરે પૂછ્યું: "તમારો ભાગ

છોડી દેવા માટે તમે શું લેશો ?' એન્ડ્રુએ બેદરકારીથી એક કાગળ ઉપર દશ લાખ ડોલર લખ્યા. ૨૪ કલાકની અંદર રૉકફેલરે તેને તે રકમ આપી દીધી અને તે બોલ્યો કે, "ભવિષ્યમાં એક કરોડ ડૉલર આપવા કરતાં હાલ ૧૦ લાખ ડૉલર આપવા સારા છે." મકાન અને યંત્રસામગ્રી સાથેનું આ નાનું કારખાનું જેની કિંમત એક હજાર ડોલર પણ હતી નહિ, તે વીસ વર્ષમાં સ્ટેન્ડર્ડ ઑઇલ ટ્રસ્ટને નામે પ્રસિદ્ધ થયું. તેની થાપણ નવ કરોડ ડૉલરની થઇ. તેનો ભાવ ૧૭૦ ઉપર ગયો; એટલે બજારમાં તેની કિંમત એક અબજ અને પાંચ કરોડની થઇ.

જો કે આ તો પૈસા પેદા કરવા માટેની તકનો લાભ લેવાના દાખલા છે; પણ સદ્‌ભાગ્યે હવે વિદ્યુત્‌વિજ્ઞાનને જાણનાર નિપુણ પુરુષો, એન્જિનિયરો, વિદ્વાનો, કલાવિશારદ સજ્જનો, ગ્રંથકારો અને કવિઓનો નવો જમાનો આવ્યો છે. આ લોકોને માત્ર પૈસો પેદા કરવા કરતા કાંઇ વિશેષ ઉચ્ચ કાર્ય કરવાની તક મળે છે. પૈસો એ કાંઇ પ્રાપ્તવ્ય નથી, પણ તે એક તક છે. માનવજીવનમાં વધારેમાં વધારે મેળવવા જેવી સર્વોત્તમ વસ્તુ તે નથી. પ્રાપ્તવ્યની તે એક શરૂઆત છે.

મિસિસ ઇલિઝાબેથ ફ્રાય નામની એક આસ્તિક સ્ત્રીને પોતાનું પ્રિય કાર્ય કરવાની તક કેદખાનામાં મળી. ૧૮૧૩ની સાલ સુધી જેના ઉપર કામ ચલાવી શકાય તેવી ૩૦૦ થી ૪૦૦ અર્ધનગ્ન સ્ત્રીઓને ન્યુગેટના એકજ વૉર્ડમાં ઉપરાઉપરી ગોંધી રાખવામાં આવતી. તેઓને બિછાનાં વગેરે કાંઇજ નહોતું અને વૃદ્ધ, યુવાન તેમ નાની છોકરીઓ કચરામાં અને ચીંથરામાં જમીન ઉપર સૂઇ રહેતી. કોઇને પણ તેમની કાળજી કે ફિકર હોય એમ જણાતું નહોતું. તેઓ માત્ર જીવતી રહે તે માટે સરકાર તરફથી તેમને ખોરાક પૂરો પાડવામાં આવતો. તેણે ન્યુગેટની મુલાકાત લીધી. બૂમ, બરાડા અને ઘોંઘાટ કરતા તે ટોળાને તેણે શાંત કર્યું. તેણે તેમને કહ્યું: "યુવાન સ્ત્રીઓ અને છોકરીઓ માટે શાળા કાઢવાનો મારો વિચાર છે. તમારા પોતાનામાંથીજ એક સ્ત્રીશિક્ષક તમે પસંદ કરી લો." તે સઘળાંને આશ્ચર્ય થયું; છતાં તેઓએ એક ઘડિયાળ ચોરનારને સ્ત્રીશિક્ષક તરીકે પસંદ કરી. ત્રણ માસમાં આ "જંગલી જાનવરો" (તેમને કેટલીક વખત આ નામ આપવામાં આવતું હતું.) નરમ પડી ગયાં અને નિર્દોષ

તથા માયાળુ બન્યાં. આ સુધારો આગળ વધતો ગયો અને સરકારે કાયદા વડે આ પદ્ધતિ નક્કી કરી. આખા ગ્રેટ બ્રિટનની સન્નારીઓ આ પતિત વર્ગને કેળવણી અને વસ્ત્રાદિ આપવાના કામમાં રસ લેવા માંડી. આ વાતને ૮૦ વર્ષ થઇ ગયાં છે અને હાલ તેની આ યોજનાનો આખી સુધરેલી દુનિયાએ સ્વીકાર કર્યો છે.

ઇંગ્લેંડમાં એક છોકરા ઉપર ગાડી ફરી ગઇ. તૂટી ગયેલી ઘોરી નસમાંથી ચળકતા લોહીની ધાર વહેવા લાગી. શું કરવું એની કોઇને સૂઝ પડી નહિ. આ અરસામાં એસ્ટિલ કૂપરે પોતાનો રૂમાલ લઇ થયેલા ઘાની જરા ઉપરના ભાગ ઉપર બાંધી દબાણ વડે લોહી વહેતું અટકાવ્યું. આ છોકરાની જિંદગી બચાવવા માટે એસ્ટિલનાં ભારે વખાણ થયાં અને તેથી પોતાના સમયનો સર્વોત્તમ સર્જન થવાને તેને પ્રોત્સાહન મળ્યું.

આર્નોલ્ડ કહે છે કે, "લાંબી મુદત સુધી બેસી રહ્યા પછી, ધૈર્યશીલ અભ્યાસ, પ્રયોગ અને અનુભવ પછી, નવા થયેલા સર્જન પાસે વાઢકાપનો પહેલો મહત્ત્વનો બારીક કેસ આવે છે, ત્યારે તેને તક પ્રાપ્ત થાય છે. જૂનો અને પંકાતો સર્જન ગામમાં હાજર નથી; વખત થોડો છે; જીવન અને મૃત્યુનો પ્રશ્ન તેની સન્મુખ આવી પડેલો છે; આ કામને પહોંચી વળવાને પોતે શક્તિમાન છે? પંકાતા સર્જનની જગાએ તે કામ કરી શકે એમ છે? આ શક્ય હોય તો પછી અન્ય સર્વ કરતાં આવાં કામમાં તેની જ્યાં ત્યાં ગરજ પડશે. તેની તક તેની સમક્ષ ખડી થઇ છે. તેઓ બન્ને સામસામાં આવી ઊભાં છે. કાં તો તે પોતાનું અજ્ઞાન અગર અશક્તિ સ્વીકારે અગર પ્રસિદ્ધિ અને પૈસો પ્રાપ્ત કરે.

એક મહાન તકનો લાભ લેવાને માટે તમે તૈયાર છો?

જેમ્સ ટી. ફિલ્ડે લખ્યું છે કે, "એક દિવસ હોથોર્ન લોંગફેલો સાથે જમવાનો હતો. સાલેમથી તે પોતાના એક મિત્રને લાવ્યો હતો. જમ્યા પછી તે મિત્રે કહ્યું કે આર્કેડિયાની દંતકથા ઉપરથી એક વાર્તા લખવાને હું હોથોર્નને કહું છું." આ કથા હજી પણ ત્યાં પ્રચલિત છે. આ વાત એવી છે કે આર્કેડિયનોને જ્યારે વિખેરી નાખવામાં આવ્યા, ત્યારે એક છોકરી તેના પ્રણયીજનથી છૂટી પડી ગઇ. પ્રણયીજનની રાહ જોવામાં તથા તેની શોધખોળમાં તે છોકરીએ તેની આખી જિંદગી ગાળી. તેઓ બન્ને જ્યારે

ઘરડાં થઇ ગયાં ત્યારે મરવાની સ્થિતિમાં પોતાના પ્રણયીને તેણે હૉસ્પિટલમાં જોયેા. હોથેાર્નની કલ્પનાશક્તિ પર આ વાતની અસર ન થઇ, તેથી લૉંગફેલેાને આશ્ચર્ય થયું. તેણે તેને કહ્યું કે, "આ વાત ઉપરથી એક વાત લખી કાઢવાનેા તમારેા ઇરાદેા ન હેાય તેા તમે મને તે વિષે એક કાવ્ય લખવા દેશેા?" હોથેાર્ને હા પાડી; એટલુંજ નહિ પણ વળી, એ વાતનેા કવિતામાં કેવેા ઉપયેાગ કરવેા તે બાબત લૉંગફેલેા ગેાઠવણ ન કરે ત્યાંસુધી તે વાતનું ગદ્યમાં કાંઇ નહિ કરવા તેણે વચન આપ્યું. લૉંગફેલેાએ પેાતાને મળેલી તકનેા લાભ લીધેા અને જગત આગળ "ઇવેન્જેલાઇન અગર આકેંડિયન્સનેા દેશનિકાલ" એ સુપ્રસિદ્ધ કાવ્ય રજૂ કર્યું.

શેકસપિયરે પેાતાની અદ્‌ભુત કલમ ચલાવી અને જગતની બરી વસ્તુસ્થિતિ દર્શાવનાર નાટક લખી કાઢયું, ત્યાંસુધી એક બારજ લીટીની "શાયલેાક અને શેર માંસ"ની જૂની અને નાનકડી વાતની શી કિંમત હતી?

આંખેા ઉઘાડી રાખવામાં આવશે તેા જ્યાંત્યાં તક જોવામાં આવશે. કાન ઉઘાડા રાખવામાં આવશે તેા મદદ માગતાં માગતાં મરી જનારની બૂમેા સાંભળવામાં આવશે. કયી લાયક બાબતેામાં મદદ આપવી તે માટે ખુલ્લાં દિલને ખેાટ પડશે નહિ. હાથ ઉઘાડા હશે તેને ઉદારતાભર્યા કામ કરવાની ખેાટ પડશે નહિ.

પાણી ભરેલા વાસણમાં કેાઈ નક્કર વસ્તુ નાખવામાં આવે ત્યારે પાણી ઊંચું આવે છે એમ દરેક જણ જાણે છે; પણ કેાઇએ પેાતાના જ્ઞાનનેા એટલેા ઉપયેાગ કર્યેા ન હતેા કે જેથી નક્કર ચીજનું જેટલું કદ હેાય તેટલીજ જગા પાણીની અંદર તે રેાકે છે, એ વાતની ખબર પડે; પણ જ્યારે આર્કિમિડીસને આ ખબર પડી, ત્યારે ગમે તેવા અનિયમિત આકારની વસ્તુઓનું ઘન પરિમાણ કાઢવાની સહેલી રીત તેને તેથી માલૂમ પડી આવી. દરેક જણ જાણે છે કે એક લટકાવેલા વજનને હલાવવામાં આવે તેા જ્યાંસુધી કેાઇ ઘર્ષણ અથવા હવાનેા ધક્કેા તેને અટકાવે નહિ ત્યાંસુધી તે આમ તેમ હાલ્યા કરે છે; પણ આ જ્ઞાન જરાયે મહત્ત્વનું છે એવેા કેાઇને પણ વિચાર થયેા ન હતેા. નાના ગેલિલિયેાએ પાઇઝા નગરના દેવાલયનું ફાનસ અકસ્માત્ હાલતું

જોયું. તેના હાલવાથી ઘડિયાળના લોલકમાં રહેલો અગત્યનો સિદ્ધાંત તેને માલૂમ પડ્યો. કેદખાનાનાં લોખંડનાં બારણા પણ તેને સંશોધન કરતાં અટકાવી શક્યાં નહિ. તેણે તુરંગની ઓરડીમાંના પરાળ વડે પણ પ્રયોગ કર્યા અને સરખા ઘેરાવાની નળીઓ અને સળિયાની શક્તિનાં જુદાં જુદાં પ્રમાણ વિષે કિંમતી જ્ઞાન મેળવ્યું. જમાનાઓથી ખગોળવેત્તાઓ શનિશ્ચરનાં વર્તુલથી જાણીતા હતા; પરંતુ ગ્રહોની રચનાના ધારવામાં આવતા નિયમના વિચિત્ર અપવાદરૂપ તેને ગણતા; પણ લાપ્લાસને માલૂમ પડ્યું કે તે કાંઇ અપવાદ ન હતાં પણ ગ્રહોની રચનાના ચોક્કસ ક્રિયાના અમુક ક્રમનાં તે બાકીનાં જણાઇ આવે તેવાં સઘળાં પ્રમાણ હતાં અને તેમના નિઃશબ્દ પ્રમાણ ઉપરથી તેણે સૃષ્ટિના વૈજ્ઞાનિક ઇતિહાસમાં એક કિંમતી પ્રકરણનો ઉમેરો કર્યો. પશ્ચિમ તરફના મહાસાગરની પેલે પાર શું હશે, તે સંબંધમાં જેને જિજ્ઞાસા સાથે આશ્ચર્ય ન થયું હોય તેવો યુરોપમાં કોઈ પણ બલાસી નહોતો; પણ એક અજાણ્યા મહાસાગર ઉપર હિંમત અને ધૈર્યથી પ્રવાસ કરી નવી દુનિયા તો કોલંબસેજ શોધી કાઢી. બેદરકાર માણસને વિચાર કરવા ટપલી મારતાં હોય તેમ અસંખ્ય સફરજન તેમના માથા ઉપર અનેક વાર પડતાં; પણ ન્યૂટન પહેલાં કોઇને એમ માલમ પડ્યું નહોતું કે જે કાયદો ગ્રહોને તેમના માર્ગમાં રાખે છે અને જે વડે સૃષ્ટિમાંનાં પરમાણુઓનો વેગ તેમને ગેરવ્યવસ્થાની સ્થિતિમાં ફેંકાતાં અટકાવે છે, તેજ નિયમથી તે જમીન ઉપર પડે છે. સૃષ્ટિની શરૂઆતથી વીજળીથી માણસની આંખ અંજાતી આવી છે, ગર્જના તેને કાને અથડાતી આવી છે; પણ તેથી વિદ્યુતમાં રહેલા સર્વવ્યાપક અને ભારે બળ તરફ અત્યાર સુધી મનુષ્યનું ધ્યાન ખેંચાયું ન હતું. અત્યાર સુધી ઇશ્વરના તોપખાનાના ધડાકા ભય સાથે આંખે જોવાતા અને કાને સંભળાતા; પણ એક સરલ પ્રયોગથી ફ્રેન્કિલને સાબિત કર્યું કે વિદ્યુત એ એક અપ્રતિબદ્ધ પણ અંકુશમાં રાખી શકાય એવા બળનું દર્શનમાત્ર છે અને હવા તથા પાણી જેટલુંજ તે મળી આવે તેમ છે.

અન્ય અનેકની માફક આ માણસો પણ મહાન કહેવાયા છે, એનું કારણ માત્ર એટલુંજ કે મનુષ્યજાતિને મળી આવતી તકોનો તેમણે લાભ લીધો છે. કોઈ પણ કૃતેહમંદ માણસનું વૃત્તાંત

વાંચો. સોલોમને હજારો વર્ષ ઉપર કહેલો ઉપદેશ તે ઉપરથી માલૂમ પડી આવશે. પોતાના ધંધામાં, પોતાના કામમાં ખંત રાખતા માણસોને તેં જોયા છે ? તેઓ રાજાઓ આગળ ઊભા રહે છે. ઉદ્યોગી ફ્રેન્કલિનના જીવનચરિત્ર ઉપરથી આ કહેવતનું સત્ય જણાઇ આવે છે; કારણકે તે પાંચ રાજા આગળ ઊભો રહ્યો હતો અને બે સાથે જમ્યો હતો.

જે પોતાને મળેલો અવસર સુધારી લે છે, તે એવું બીજ વાવે છે કે જેથી પોતાને તેમ બીજાને નવા અવસર મળી આવે છે. જે માણસોએ ભૂતકાળમાં પ્રમાણિકતા સાથે ઉદ્યોગ કર્યો છે, તેમણે હમેશાં વધતી જતી મનુષ્યની વસ્તીની સમીપ જ્ઞાન અને સુખ લાવી મૂકવાના કામમાં મદદ કરી છે.

ઠરેલ, કરકસરવાળા અને હોશિયાર કારીગર માટે, કેળવાયલા યુવાન માટે, ઑફિસના કારકુનો અને નોકરો માટે, જગતના ઇતિહાસમાં પહેલાં નહિ જણાયલા તેવા, જિંદગીમાં જે વડે મોટી ફતેહ મળે તેવા, સંખ્યામાં વધારે, વિસ્તારમાં બહોળા અને સહેલાઇથી દાખલ થઇ શકાય તેવા અનેક માર્ગ મળી આવે છે. થોડા વખત પહેલાં માત્ર ત્રણ ચારજ ધંધા હતા. હાલ ૫૦ છે. જ્યાં એકાદ વેપાર હતો ત્યાં હાલ સેંકડો થયા છે.

એક લૅટિન ગ્રંથકાર લખે છે કે, **"તકના આગલા ભાગમાં વાળ છે અને પાછલા ભાગમાં તેને ટાલ છે. તેના આગલા ગુચ્છાથી તમે તેને પકડો તોજ તેને પકડી શકાય; પણ જો છોડી દીધી તો પછી ઇંદ્ર પણ તેને પકડી શકશે નહિ."**

જે પોતાને મળેલી તકનો ઉપયોગ ન કરી શકે તેને માટે સારામાં સારી તક પણ શા કામની છે !

વહાણના એક માલિકે લખ્યું છે કે, " કમનસીબ સ્ટીમર 'સેંટ્રલ અમેરિકા'ના સમાગમમાં હું આવ્યો હતો. રાત પડતી હતી, સમુદ્ર ઊછળતો હતો; પણ આ ભાગેલી સ્ટીમરને મેં બોલાવી અને મદદની જરૂર છે કે કેમ તે વિષે પૂછપરછ કરી. તેના કૅપ્ટન હન્ર્ડને કહ્યું: 'અમે ડૂબવાની સ્થિતિમાં છીએ.' મેં કહ્યું: 'હમણાંજ તમે તમારા ઉતારૂ અમારી સ્ટીમર પર મોકલી આપો.' કૅપ્ટન હન્ર્ડને ફરી બૂમ મારીને કહ્યું: 'તમે સવાર સુધી

મારી પાસે પડી નહિ રહો ?'

"મેં તેની સાથે રહેવાનો યત્ન કર્યો; પણ રાત્રીએ દરિયામાં એવું તોફાન થયું કે હું મારી જગ્યાએ રહી શકયો નહિ અને ફરી મેં એ સ્ટીમરને જોઇ નહિ. 'મારી પાસે સવાર સુધી નહિ રહો,' એવું કેપ્ટને કહ્યા પછી દોઢ કલાકમાં સઘળાં પેસેન્જરો-સહિત તે વહાણ ડૂબ્યું. કેપ્ટન, ખલાસીઓ અને પેસેન્જરોમાંનાં ઘણાં સમુદ્રને તળિયે જઇ બેઠાં. પોતે છોડી દીધેલી તક જ્યારે પોતાનાથી દૂર ગઇ ત્યારે તેની કિંમત કેપ્ટન હન્ર્ડનને જણાઇ; પણ આખર દશામાં પોતાની જાતને ઠપકો આપવાથી શું વળે ? મૂર્ખતાભરેલી તેની ખોટી આશાઓ અને અદ્દઢતાથી કેટલાંનાયે પ્રાણ ગયા. નિર્બળ, સુસ્ત અને કાંઇ પણ નિશ્ચિત હેતુ વગર કામ કરનાર લોકો સારામાં સારા અવસરમાં પણ કશોજ અર્થ કદી જોઇ શકતા નથી. 'જે પાણી વહી ગયું છે, તેનાથી મિલ કદી આટો કાઢી શકશે નહિ' એ જૂનો ઉપદેશ તેમને પાછળથીજ સાંભરી આવે છે.

જે કાંઇ કોશિશ આવા લોકો કરે છે, તેમાં તેઓ હમેશાં થોડા મોડા અગર થોડા વહેલા હોય છે. તેમને ત્રણ હાથ હોય છે. જમણેા હાથ, ડાબેા હાથ અને એક હાથ જરા પાછળ; એટલે તેઓ તેમના કામમાં પાછળ પડી જાય છે, મોડા પડી જાય છે. વિદ્યાર્થીઓ તરીકે તેઓ નિશાળે મોડા જાય છે, તેમના ઘરના કામમાં તેઓ અનિયમિત રહે છે. આ રીતે તેમને મોડા પડવા-ની તથા અનિયમિત થવાની ટેવ પડી જાય છે અને જ્યારે તેમને માથે જવાબદારી આવે છે, ત્યારે માત્ર કાલેજ તેઓ ગયા હોત તો તેમને નોકરી મળત અગર તો હજી કાલ પણ મળશે એવો તેઓ વિચાર કરે છે. પૈસા મેળવવાને તેમને અનેક સંયોગો મળ્યા હતા એમ તેમને સાંભરે છે. કાં તો "હાલ" એટલે વર્તમાન સમય સિવાય બીજે વખતે પૈસા મેળવતાં તેમને આવડે છે, એ વસ્તુસ્થિતિ હોય છે; ભવિષ્યમાં પોતાની સુધારણા કરવી અગર બીજાંઓને ભવિષ્યમાં મદદ કરવી, એ તેમને આવડે છે; પણ વર્તમાનમાં તેમને કોઇ તક જણાતી નથી. તેઓ હંમેશાં જળાશય આગળ હોય છે; પણ જ્યારે ફિરસ્તો પાણી હલાવે છે, ત્યારે તેમને અંદર નાખનાર કોઈ હોતું નથી. પોતાને મળેલી તકનો તેઓ લાભ લઇ શકતા નથી.

એક અમુક રેલવેની એકોમોડેશન ટ્રેનનો પાછળનો બ્રેકમેન ને સ્ટોકર રેલવેનાં બધાં માણસોને અત્યંત પ્રિય હતો. પેસેન્જરો પણ તેને ચાહતાં; કારણકે તે બધાંના સવાલના જવાબ આપવાને, બધાંને ખુશ રાખવાને હમેશાં તત્પર રહેતો; પણ તેને પોતાની જગાની પૂરી જવાબદારીનો ખ્યાલ નહોતો. તે લહેરી જીવડો હતો. જગતની જવાબદારીઓનું તેને ભાન ન હતું. તે છાંટો પાણી લેતો અને કોઇ વાંધો ઉઠાવતું તો તે હસી પડતો અને એવો ખુશમિજાજથી જવાબ આપતો કે સામા મિત્રને એમ લાગતું કે પોતે ધારે છે તેટલો તેને ભય નથી. મિત્રોની સૂચનાઓનો તે ઉત્તર આપતો કે, "હું તમારો ઉપકાર માનું છું, મારી સ્થિતિ બરાબર છે. તમારે ફિકર કરવાની જરૂર નથી." એક સાંજે બરફનું ભારે તોફાન થયું અને તેની ટ્રેનને ઢીલ થઇ. તોફાનને લીધે આવી પડેલા કામના વધારાથી તે બડબડવા લાગ્યો. બંધાઇ ભરેલી આંખનો ચાળો કરી તે વખતોવખત પોતાની પાસેની શીશીમાંથી પીવા લાગ્યો. તરતજ તે આનંદમાં આવી ગયો; પણ ટ્રેનનો એન્જિનિયર અને ગાર્ડ બન્ને સાવધ અને ફિકરવાળા હતા. થોડા વખતમાં બે સ્ટેશનની વચ્ચે ટ્રેન ઝટ લઇને અટકી. એન્જિનનો "સિલિન્ડર હેડ*" ઊડી ગયો હતો અને એજ ચીલા ઉપર એક એક્સપ્રેસ ટ્રેન થોડીજ મિનિટમાં આવવાની હતી. ગાર્ડ તરતજ પાછલી ગાડીએ ગયો અને જોને રાતી બત્તી સાથે પાછા આવવાનો હુકમ કર્યો. બ્રેકમેન હસી પડ્યો અને બોલ્યો:—

"કાંઇ ઉતાવળ નથી, હું મારો ઓવરકોટ લાવું ત્યાં સુધી થોભો."

ગાર્ડે ગંભીરતા સાથે ઉત્તર દીધો કે, "જો, એક મિનિટ પણ થોભતો નહિ. એક્સપ્રેસ આવી પહોંચવાનો વખત થયો છે."

જોએ હસતાં હસતાં કહ્યું: "સારૂં." તે પછી ગાર્ડ એન્જિન તરફ ઉતાવળે ગયો; પણ બ્રેકમેન એકદમ ગયો નહિ. તે પોતાનો ઓવરકોટ પહેરવા રહ્યો. પછી ટાઢ રોકવા માટે ફરી એક ઘૂંટડો તેણે પીધો. પછી ધીરે ધીરે ફાનસ લીધું અને સિસોટી વગાડતો ચીલા ઉપર ઊતર્યો.

દસેક પગલાં તે આગળ ગયો નહિ, તેટલામાં તો તેણે એક-

* સિલિન્ડરની ઉપરનો ભાગ

સ્પ્રેસની સ્ટીમનો ધમધમાટ સાંભળ્યો. પછી તે દોડ્યો; પણ મોડો પડ્યો. એકસ્પ્રેસના એન્જિનમાંથી એક ક્ષણમાં સામે ઊભેલી ટ્રેન દૂરબીનથી જોવામાં આવી; પણ ઉપાય નહોતો. ઉતારૂઓના ચૂરે-ચૂરા થઇ ગયા અને તેમની ચીસો સ્ટીમના સૂસવાટમાં ભળી ગઇ. આગળ ઉપર જોની જ્યારે તેઓએ તજવીજ કરી ત્યારે તે અદૃશ્ય થઇ ગયો હતો. બીજે દિવસે એક તબેલામાંથી તે મળી આવ્યો. તેને સન્નિપાત થયો હતો. એક ધારી લીધેલી ટ્રેન આગળ તે ખાલી ફ્રાનસ હલાવતો હતો અને "જો હું મોડો ન પડ્યો હોત તો" એમ બોલતો હતો.

પહેલાં તેને ઘેર લઇ જવામાં આવ્યો. પછી તેને ગાંડાની ઇસ્પિતાલમાં લઇ જવામાં આવ્યો. આ ઉદ્વેગભરી જગામાં એજ અખંડ નિઃશ્વાસ કરતાં બીજો કોઇ વધારે શોકજનક અવાજ સંભળાતો નહિ. "હું મોડો ન પડ્યો હોત તો," "હું મોડો ન પડ્યો હોત તો" એમ આ કમનસીબ બ્રેકમેન લવ્યા કરતો હતો. આમ તેની બહુ મોટી ભૂલથી ઘણાં માણસોના જાન ગયા.

જેઓ ફરી તક મેળવવાને તથા ઘણા વખત પહેલાં કરેલી ભૂલ સુધારવાને, પાછળથી પોતાની જિંદગી આપવાને માટે પણ તૈયારી બતાવે છે, એવાં ઘણાં માણસ સ્વગત કહ્યા કરે છે કે,

"મેં આમ કર્યું હોત તો, મેં આમ ન કર્યું હોત તો."

ડીન આલ્ફ્રેડ કહે છે કે, "કેટલીક ક્ષણો એવી હોય છે કે જે વર્ષો કરતાં પણ વધારે મૂલ્યવાન હોય છે. એમાં આપણું કાંઇ ચાલીજ ન શકે. મહત્ત્વ અગર કિંમતની બાબતમાં વખતના જુદા જુદા વિસ્તારનું પ્રમાણ કામ આવતું નથી. એક અનિશ્ચિત અણધારી પાંચ મિનિટમાં તો જિંદગીનો મોટામાં મોટો બનાવ બને. આ ઘણી મહત્ત્વની પાંચ મિનિટ ક્યારે આવશે તે ચોક્કસ કહી શકાતું નથી."

આર્નોલ્ડ કહે છે કે, "જેને આપણે દશા ફરવાનો સમય કહીએ છીએ, તે પણ કોઇ ખાસ પ્રસંગ, કોઇ ખાસ તક હોય છે. આગળ કોઇ પણ બાબતની જે કાંઇ તાલીમ મળી હોય છે, તેનું એકંદર પરિણામ આ ખાસ પ્રસંગેજ થઇ આવે છે. આકસ્મિક સંયોગોનો લાભ લેવાનું જેમને શિક્ષણ મળ્યું છે, તે સિવાયના સર્વને આકસ્મિક સંયોગ કાંઇ પણ કામના થઇ પડતા નથી.

કોઇ પણ તકનો લાભ લેવાને તમે તૈયાર નહિ હો તો તે તકથી-જ તમે હાસ્યાસ્પદ થશો.

આપણને મુશ્કેલી એ છે કે એકદમ, આપણે હમેશાં પૈસો, કીર્તિ કે લાયકાત મેળવવાનો બાદશાહી અવસર જોતા રહીએ છીએ. એમર્સન કહે છે તે પ્રમાણે અમેરિકાની ઉપર ઉપરની બાબતો, ઉપર ઉપરના દેશાભિમાનથી આપણે અંજાઇ ગયા છીએ. **ઉમેદવારી કર્યા વગર આપણે ઉસ્તાદ થવા માગીએ છીએ, અભ્યાસ કર્યા વગર આપણે જ્ઞાન મેળવવા માગીએ છીએ** અને મૂડી વિનાજ ઉધારથી પૈસા મેળવવા માગીએ છીએ. રાજદ્વારીઓ છૂપાં મંડળોને લાંચ આપી સત્તા મેળવે છે, હોટેલેવાળાઓ સાથે રહી તેઓ વગસગ મેળવે છે, કપટથી તેઓ પૈસા મેળવે છે, જ્યુરીને પ્રલોભનો આપી કેદથી આ લોકો બચી જાય છે, તેથી ઊંધા કાચથી જિંદગીના પ્રશ્નો તપાસવાનો આપણને મોહ થાય છે. કોલેરાથી, પ્લેગથી આપણે દૂર રહીએ છીએ, તેમ આવી તકોથી અને આવી ખરાબ લાલચોથી પણ આપણે દૂર રહેવું જોઇએ. ઉપરથી તો આ બધાનો પાયો સંગીન છે એમ આપણને જણાય છે; પણ તેથી આખરે આપણી અપકીર્તિ થાય છે, ગુના કરવા પડે છે, માનવજાતિને હાનિકારક થવાના પ્રસંગો આવે છે અને વખતે આત્મઘાત કરવાની સ્થિતિ ઉપર પણ આવવું પડે છે.

એક કહેવત છે કે, "નસીબ વિજ્ઞાનને દરેક વખતે હંફાવી દે છે;" પણ આ કહેવત જુગારીઓની છે, મૂર્ખાઓનું તે સૂત્ર છે.

યુવાન પુરુષો અને સ્ત્રીઓ! આખો દિવસ તમે સુસ્ત કેમ પડી રહો છો? તમે જન્મ્યાં તે પહેલાં શું સઘળી જમીન ખેડાતી હતી? ખેડાયા વગરની બિલકુલ જમીન નહોતી? શું જમીન ઉત્પન્ન આપતી બંધ થઇ ગઇ છે? સઘળી જગાઓ શું પુરાઇ ગઇ છે? બધા પ્રસંગ શું ચાલ્યા ગયા છે? તમારા દેશનાં સઘળાં સાધનોનો પૂરેપૂરો વિકાસ થઇ ગયો છે? કુદરતનાં શું બધાંજ રહસ્ય જણાઇ ગયાં છે અને તાબે કરવામાં આવ્યાં છે? તમારી સુધારણા માટે અગર અન્યના કલ્યાણ માટે વર્તમાન સમયનો ઉપયોગ કરવાનો શું કોઇ માર્ગજ રહેલો નથી? વર્તમાન જીવનની સ્પર્ધા શું એટલી બધી સખ્ત, એટલી બધી ડરી જવા જેવી

છે કે માત્ર પ્રમાણિકપણે, નિભાવ જેટલું મળે તેટલાથી સંતોષ માનવો જોઇએ? આ પ્રગતિમાન જમાનો, જેમાં તમારા પ્રોત્સાહન માટે ભૂતકાળના અનુભવનો સંગ્રહ કરી રાખવામાં આવ્યો છે, તેમાં તમને જીવન ગાળવાનું મળ્યું છે તે શું એટલાજ માટે મળ્યું છે કે માત્ર પાશવજીવનના સરવાળામાં તમે એક વધારે છો એટલુંજ તમે બતાવી શકો?

દરેક ઠેકાણે જૂનાને બદલે નવું આવતું જાય છે, બીજાં વધારે સારાં યંત્રો નીકળવાથી માત્ર દશજ વર્ષ પહેલાંનાં યંત્રો જૂના લોઢા તરીકે તરતજ વેચી નાખવાં પડે છે. આપણા પૂર્વજોની પદ્ધતિઓ સારી સુધરેલી પદ્ધતિઓ આગળ દિનપ્રતિદિન અદૃશ્ય થતી જાય છે. ઉદ્યોગ અને પ્રગતિ માટે જીવન અર્પણ કરનાર મનુષ્યો એક પછી એક મૃત્યુ પામતા જાય છે અને જેમ જેમ જીવનના નિર્વાહ માટેની લડત વધતી જાય છે, તેમ તેમ લડતમાં ખાલી પડતી જગાઓ લેવાને વધારે મજબૂત હાથ અને વધારે સાચા હૃદયનાં સ્ત્રી પુરુષોની જરૂર પડે છે.

તમે એવા જમાનામાં અને દેશમાં જન્મ પામ્યા છો કે સ્થળે સ્થળે કોઇ સમયે નહિ જણાયલાં તેવાં સાધન અને તક ઊભરાઇ જાય છે; તો પછી જે કામ માટે ઇશ્વરે તમને પૂરતી બુદ્ધિ અને શક્તિ આપ્યાં છે, તેમાં પણ તેની મદદ માગીને શા માટે તમારે અદબ વાળી બેસી રહેવું જોઇએ? એવી એક વાત છે કે પ્રભુની પ્રીતિવાળાં મનુષ્યોને એમ લાગ્યું કે રાતા સમુદ્રને લીધે આપણાથી આગળ વધાય તેમ નથી, ત્યારે તેમનો અગ્રેસર પ્રભુની સહાયતા માટે પ્રાર્થના કરવા થોભ્યો. પ્રભુએ કહ્યું કે, "તું મને શા માટે કાલાવાલા કરે છે? તું આ માણસોનેજ એમ કહે કે આગળ વધો."

કરવા જેવું કામ જગતમાં ઘણું છે. માનવસ્વભાવની ઘટના એવી છે કે એક સારો શબ્દ, અગર જુજ જેવી પણ મદદ અનેક સમયે પોતાના જાતિબંધુ ઉપર આવતી આપત્તિનો ધસારો અટકાવી શકે અગર ફતેહનો તેનો માર્ગ મોકળો કરી આપે. આપણી બુદ્ધિશક્તિની એવી રચના કરવામાં આવી છે કે **પ્રમાણિક, સાચા દિલના અને આગ્રહપૂર્વકના યત્નોમાંજ આપણું વધારેમાં વધારે સુખ રહેલું છે** એમ માલૂમ પડે

છે. હિંમત આપે અને કામ કરવાને જે વડે ઉત્તેજન મળે તેવાં અસંખ્ય દૃષ્ટાંત તમારી આગળ રજૂ છે. તે સાથે કામ કરવાની, લાભ મેળવવાની તક દરેક પળે તમારી સન્મુખ આવી ઊભી રહે છે.

તક માટે રાહ જોતા નહિ. તમારી તક તમેજ ઉત્પન્ન કરો. એક દોરા પરના મૂહીભર કાચના મણકાથી તારાઓનું અંતર ભરવાડના છોકરા ફ્રંર્યુસને ગણ્યું, એ એક તક મેળવી અગર ઉત્પન્ન કરી કહેવાય. બાણોમાં કોલસાનાં વેગનોની ગંદી બાજુઓ ઉપર ચાકના કકડાથી જ્યોર્જ સ્ટીવન્સન ગણિત શીખ્યો. તે રીતે તમે પણ તક મેળવો અગર ઉત્પન્ન કરો. અનેક અશકય પરિસ્થિતિમાં પણ નેપોલિયને તક મેળવી તેવી રીતે તમે પણ મેળવો. જનસમૂહના અગ્રેસરોએ યુદ્ધમાં તેમ સુલેહશાંતિના સમયમાં પોતાના વિજયના પ્રસંગ મેળવ્યા છે તેમ તમે પણ મેળવો. કોઇ પણ પ્રયત્ન કરવા લાયક બાબત પરિપૂર્ણ કરવાને દરેક માણસે તક મેળવવી જોઇએ તે પ્રમાણે તમે પણ મેળવો. **સોના જેવી તકો પણ સુસ્ત માણસોને ઉપયોગી થતી નથી, ત્યારે ઉદ્યોગીને તો સાધારણમાં સાધારણ તક સોનાની થઇ પડે છે.**

માનજીવનમાં અમુક એવા સમય આવે છે, કે જેનો ખરે વખતે લાભ લેવામાં આવે, તો નસીબ ખૂલી જાય છે. જો તે સંયોગ વિસારી દેવામાં આવે, તો તેમના જીવનનો પ્રવાસ ક્ષુદ્રતા અને સંકટમાં આવી અટકે છે. જ્યારે સંયોગ લાભજનક હોય તે વખતેજ આપણે તેનો ઉપયોગ કરવો જોઇએ, નહિ તો આપણાં કામ નિષ્ફળ જાય છે.

તક બે વાર મળતી નથી, માટે જ્યારે તકથી દૈવ અનુકૂળ દેખાતું હોય અને કર્તવ્યની દૃષ્ટિએ અમુક માર્ગ ઇષ્ટ માલૂમ પડતો હોય, તે સમયે તેનો ઉપયોગ કરો. ભયરૂપી પડછાયાથી ડરી જઇ બચવા માટે વેગળા ખસી જતા નહિ. આનંદ તેના રમણીય સ્થાનથી તમને આકર્ષી રહ્યો હોય, લોભાવી રહ્યો હોય, તોપણ તમે અચકાતા નહિ; પરંતુ બહાદુરીથી હિંમત સાથે નક્કી કરેલા લક્ષ્ય તરફ આગળ વધો.

૨—કાંઈ પણ ભાવી વગરના છોકરા

"કાળામાં કાળી બોંયમાંજ સુંદરમાં સુંદર ફૂલ ઉત્પન્ન થાય છે અને ઊંચામાં ઊંચાં તથા મજબૂતમાં મજબૂત ઝાડ, ખડકોમાંથી પણ ગગન તરફ આગળ વધે છે." —જે. જી. હોલેન્ડ

"ગરીબી ઘણી ભયંકર છે અને કેટલીક વખત આપણામાં જે કાંઈ 'આધ્યાત્મિક' હોય છે, તેનો તે નાશ કરે છે; પરંતુ ઉત્તર તરફના પવનથીજ માણસોમાં હિંમત અને મજબૂતી આવે છે, દક્ષિણના આનંદજનક પવનથી તો માણસ માત્ર મીઠા સ્વપ્નમાંજ પડી જાય છે." —ઉઈડા

"ગરીબી કડવી અને તિરસ્કારપાત્ર હોય છે, છતાં તે કલ્યાણકારક હોય છે. તેના સદ્‌ગુણ સમજવામાં આવતા નથી પણ જેનો વિચાર આવવો અશક્ય છે, એવી અનેક બાબતો, ગરીબીથીજ, તંગીથીજ સંપૂર્ણ થઇ શકે છે. માણસના હૃદયમાં તેથીજ હિંમત ઉત્પન્ન થાય છે, તેનાથી બુદ્ધિ તીક્ષ્ણ બને છે, આગ્રહ ઉત્પન્ન થાય છે, એકદમ દીર્ઘદૃષ્ટિ ઉત્પન્ન થાય છે, ધૈર્ય આવે છે અને તેને જો સહનશીલતાથી નિભાવી લેવામાં આવે તો જીવન સુધરી જાય છે."
—ડ્રાયડન

"ગરીબી એ છઠ્ઠી ઇંદ્રિય છે." —એક જર્મન કહેવત

"આપત્તિ હમેશાં શાપ સમાન હોતી નથી. પહેલી આફત એ પાછળથી ઘણી વાર સુખકર થઇ પડે છે. મુશ્કેલીઓની પાર જવાથી બોધ મળે છે; એટલુંજ નહિ પણ આપણી ભવિષ્યની લડતમાં તેથી હિંમત આવે છે." —શાર્પ

"ઉદ્યોગોના અગ્રેસરોએ પોતાના જીવનની શરૂઆત ગરીબ છોકરાઓ તરીકે કરી હતી તે વિષે કાંઈ પણ શક નથી." —સેથલો

"નમ્રતા એ નવીન મહત્વાકાંક્ષાની નિસરણી છે, એ એક સાધારણ રીતે સાબિત થયેલી બાબત છે." —શેકસપિયર

ડેન્માર્કમાં બાળકોની એક પાર્ટીમાં એક ખૂબસૂરત નાની છોકરીએ કહ્યું કે, "હું તો દરબારમાં જઉં છું, આવું છું, મારા પિતા દરબારી ઘોડાવાળા છે. આ જગા ઘણી ઊંચી કહેવાય છે." તેણે વળી ઉમેર્યું કે, "જેમના નામને છેડે 'સેન' આવે છે, એમનો શો હિસાબ? અમારે અમારા હાથ કમાનદાર અને કોણીઓ અણીદાર રાખવી પડે છે, જેથી જેમના નામને છેડે 'સેન' હોય, તેમને દૂર ને દૂર રાખી શકાય."

પૈસાદાર વેપારી પીટરસેનની છોકરીએ કહ્યું: "બાળકોમાં વહેંચવા માટે સો ડૉલરની મીઠાઇ ખરીદી શકે, તેટલી મારા પિતાની શક્તિ છે. તમારા પિતાની તેટલી શક્તિ છે?"

એક અધિપતિની છોકરીએ કહ્યું કે, "હા! પણ મારા પિતા તારા અને દરેકના પિતાને છાપે ચડાવી શકે. મારા પિતા કહે છે કે, દરેક માણસ તેમનાથી બીએ છે; કારણકે પોતાના પેપર વડે તે ધારે તે કરી શકે છે."

રસોઇયા તરફથી થાળીઓ ફેરવતો અને તેની પરવાનગીથી ઓરડાની ફાટમાંથી છોકરીઓની ઉપલી પાર્ટી જોતો એક છોકરો વિચાર કરવા લાગ્યો: "હું એમાંના બધા જેવો થાઉં, તો કેવું સારૂં?" પણ તેમ થવું સંભવિત લાગતું નહોતું. તેનાં માતાપિતા પાસે એક દોકડો પણ હતો નહિ અને તેમના નામને છેડે "સેન" લખાતું હતું.

કેટલાંક વર્ષ પછી જ્યારે આ પાર્ટીવાળાં છોકરાં પુરુષ અને સ્ત્રી અવસ્થામાં આવ્યાં, ત્યારે સુંદર મૂલ્યવાન વસ્તુથી ભરપૂર એક સુંદર મકાન તેઓ જોવા ગયાં. ત્યાં તેઓ તેમના માલિકને મળ્યાં. પેલો ઓરડાની ફાટમાંથી જોનાર છોકરોજ આ મકાનનો માલિક બન્યો હતો!

થોર્વાલ્ડસેનના નામે પ્રસિદ્ધ થયેલો શિલ્પી આજ માણસ હતો.

એક ગરીબ ડેનિસ છોકરો કે જે પોતાના નામમાત્રને લીધે જીવનમાં આગળ વધતાં અટકયો નહોતો અને જે પાછળથી હાન્સ એન્ડર્સનના નામથી પ્રસિદ્ધ થયો હતો, તેની બનાવેલી એક વાર્તામાંથી આ ચિત્ર લેવામાં આવ્યું છે.

નિર્ધનોના આશ્રમમાંથી મુક્ત થવા તથા કેળવણી લેવા માટે ઉમેદ રાખતા ફ્રીટો નામના બહેરા છોકરાએ પોતાના બાપને

કહ્યું કે, "ભૂખે મરવાની મને બીક નથી. જે જોઇએ તે મારી આજુબાજુ છે અને ભૂખ કેમ અટકાવવી, તે હું જાણું છું. થોડા ગુંદરથી પણ હોટેન્ટોટ લોકો પોતાને નિભાવ કરે છે; તેઓ વળી જ્યારે ભૂખ્યા થાય છે, ત્યારે પોતાના શરીરની આજુબાજુ પાટા બાંધે છે. ખેતરોની વાડે બોર અને બીજાં ફળ આવે છે. ખેતરોમાંથી કાઇ ને કાંઇ ખાવાનું મળશે. સૂવા માટે પરાળનું સુંદર બિછાનું થઇ શકશે."

દાઢડિયા બાપનો આ ગરીબ બહેરો છોકરો જે એક લાચાર છોકરા તરીકે જોડા સીવવાના કામ વગર બીજું કાંઇ પણ કામ નહિ કરી શકે એમ ધારવામાં આવતું હતું, તે જગતમાં બાઇબલના અભ્યાસકો અને વિદ્વાનોમાં અગ્રગણ્ય થયો. તેણે પોતાનું પહેલું પુસ્તક ગરીબ લોકો માટેના કારખાનામાંથી પ્રસિદ્ધ કર્યું હતું.

કેંટકિલ્ડના "વૉશિંગ્ટન"માં એક લેખક લખે છે તેમ ક્રિયોન એક ગ્રીક ગુલામ હતો; પરંતુ કલાની નૈસર્ગિક શક્તિનો તે દાસ હતો. સૌંદર્ય એ તેનો પૂજ્ય દેવ હતો અને તેની તે અનન્ય ભાવથી ઉપાસના કરતો.

મહાન ઇરાની હુમલાને હઠાવ્યા પછી એક એવો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો કે, સ્વતંત્ર માણસો (ગુલામ નહિ તેવા) સિવાય કોઇએ કળાનો અભ્યાસ કરવો નહિ, તેનું શિક્ષણ લેવું નહિ. આ કાયદો જ્યારે અમલમાં મૂકવામાં આવ્યો, ત્યારે તે એક એવા ગ્રૂપમાં રોકાયો હતો કે મહાનમાં મહાન શિલ્પી ફ્રિડિયાસ અને પેરિક્લિસ તરફથી પણ તેને શાબાશી મળવાની આશા હતી.

શું કરવું અને કેમ કરવું, એ વિચારો હમેશાં તેના મગજમાં ઘોળાયા કરતા. પોતાની આગળના આરસના કકડાને તેણે પોતાનું મગજ, પોતાનું હૃદય, પોતાનો આત્મા અને પોતાની જિંદગી અર્પણ કરી હતી.

નવીન કળા, નવીન પ્રેરણા માટે દરરોજ તે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતો. અભિમાન અને આભારની વૃત્તિસહિત તે માનતો કે દેવે તેની વિજ્ઞપ્તિ સાંભળી છે, દેવેજ તેના હાથને શક્તિ અને ગતિ આપી છે અને તેની આકૃતિઓ જીવંત જણાતી તે બાબતમાં ચૈતન્ય આપનાર પણ દેવજ છે; પણ હાલ દેવોએ તેનો ત્યાગ

કર્યો હોય, એમ જણાતું હતું.

ક્રિયેાનની સ્નેહાળ બહેન ક્લિયેાનને પણ પેાતાના ભાઇની માફકજ આ કાયદાથી સખ્ત આઘાત લાગ્યેા. તે પ્રાર્થના કરવા લાગી કે, "હે દેવિ ! હે માતા ! હે મારા આશ્રયદાતા ! અનેક સમયે મેં તને આહુતિ આપી છે, તું મને સહાય કર !"

પછી તેણે પેાતાના ભાઇને કહ્યું કે, "ક્રિયેાન ! તું આપણા ઘરના ભેાંયરામાં જા. ત્યાં અંધારૂં છે. દીવાબત્તી અને ખેારાક હું પૂરાં પડીશ. તું તારૂં કામ કર્યે જા. ઈશ્વર આપણને સહાય થશે."

ક્રિયેાન ભેાંયરામાં ગયેા અને પેાતાની બહેનના રક્ષણ નીચે તેની હાજરીમાં રાત્રીદિવસ તેણે પેાતાનું કીર્તિમાન અને જોખમ-ભરેલું કામ આગળ ચલાવ્યું.

આ અરસામાં કળાપ્રદર્શન જોવા આખા ગ્રીસને એથેન્સનું આમંત્રણ થયું. એંગેારામાં પ્રદર્શન ભરાયું હતું. પેરિક્લિસ તેનેા પ્રમુખ હતેા. તેની બાજુમાં એસ્પેસિયા, ફિડિયાસ, સૉક્રેટિસ, સૉફેાક્લિસ અને અન્ય પ્રસિદ્ધ પુરુષેા બેઠેલા હતા.

મહાન ઉસ્તાદેાના કામના નમૂના ત્યાં રજૂ થયા હતા; પણ એક ગ્રૂપ અન્ય સર્વ ગ્રૂપ કરતાં ઘણુંજ સુંદર હતું. જાણે દેવેાએ એ ઘડયું હેાય, એવું તે જણાતું હતું. સર્વનું ધ્યાન તે ખેંચી રહ્યું હતું. આ ગ્રૂપથી પ્રતિસ્પર્ધી કલાવિશારદેામાં અત્યંત ઈર્ષ્યા ઉત્પન્ન થઇ રહી હતી.

"આ ગ્રૂપ તૈયાર કરનાર કેાણ છે?" આ પ્રશ્નનેા કેાઇ ઉત્તર આપી શકયા નહિ.

દૂતેાએ ફરી ફરીને પ્રશ્ન કર્યેા, પણ કાંઇ ઉત્તર મળ્યેા નહિ. સૌને મન આ એક રહસ્ય જેવું હતું. તે ગુલામનું કામ તેા નહિ હેાય? મહાન સંક્ષેાભ અને ખળભળાટ વચ્ચે લૂગડાંની કાંઇ પણ વ્યવસ્થા વગર, છૂટા કેશ, આંખમાં નિશ્ચય અને બીડેલા હેાઠ-વાળી એક સુંદર કુમારિકાને એંગેારામાં દાખલ કરવામાં આવી. અમલદારેાએ કહ્યું કે, "આ સ્ત્રી શિલ્પીને ઓળખે છે, એવી અમારી ખાતરી થઇ છે; પણ તે તેનું નામ આપશે નહિ."

ક્લિયેાનને પ્રશ્ન કરવામાં આવ્યેા; પણ તે મૂંગી રહી. તું નહિ કહે, તેા તને સજા થશે એમ તેને કહેવામાં આવ્યું; પણ તેના હેાઠ બંધ રહ્યા.

પેરિક્લિસે કહ્યું: "ત્યારે કાયદામાં ચોક્કસ આજ્ઞા છે અને કાયદાનો અમલ હું કરીશ. એ છોકરીને કેદખાનામાં લઈ જાઓ."

તે એ શબ્દો બોલતો હતો, તેવામાંજ વિખરાયલા ઊડતા વાળ, પાતળો પણ પ્રતિભાની પ્રકાશયુક્ત કાળી આંખોવાળો એક યુવાન આગળ ધસી આવ્યો અને પેરિક્લિસ આગળ આવીને તે બોલ્યોઃ "પેરિક્લિસ! એ છોકરીને માફ કરો. તેને બચાવી લો. ખરો ગુનેગાર હું છું. મેં ગુલામે આ ચૂપ તૈયાર કર્યું છે."

ગુસ્સે થયેલા લોકો બોલી ઊઠ્યાઃ "ગુલામને કેદખાને લઇ જાઓ." પેરિક્લિસે કહ્યું કે, "મારામાં જીવ છે, ત્યાંસુધી હું તેમ નહિ કરવા દઉં. પેલું ચૂપ જુઓ. દેવ એવો ચુકાદો આપે છે કે, એક અન્યાયી કાયદા કરતાં ગ્રીસમાં કાંઇક ઊંચી બાબત રહેલી છે. સૌંદર્યનો અને કલાનો વિકાસ કરવો એ કાયદાનો ઊંચામાં ઊંચો હેતુ હોવો જોઇએ. એથેન્સને, જો માણસો યાદ કરશે અને તેના ઉપર પ્રીતિ રાખશે, તો તે એથેન્સની કળા ઉપર જે પ્રીતિ છે તેને લીધેજ યાદ થશે, પ્રીતિપાત્ર રહેશે, અમર થઇ જશે. એ યુવાનને કેદખાનામાં નહિ લઇ જતાં મારી પાસે લાવો."

ત્યાં પછી એકઠા થયેલા લોકોની વચ્ચે એસ્પેસિયાએ પોતાના હાથમાંનો બોલાઈવનો મુકુટ ક્રિયેાનના મસ્તક ઉપર મૂક્યો અને સઘળાના હર્ષનાદ વચ્ચે ક્રિયેાનની સ્નેહાળ અને ભ્રાતૃવત્સલ બહેનને મૃદુતા સાથે તેણે ચુંબન કર્યું.

ઇસપ ગુલામ હતો; પણ કીર્તિ મેળવવાનો માર્ગ સહુને માટે ઉઘાડો છે, તે સર્વને વિદિત થાય તે માટે એથેન્સના લોકોએ તેના સન્માનમાં તેનું એક પૂતળું ઊભું કર્યું હતું. ગ્રીસમાં જે કોઇ કળા, સાહિત્ય અગર યુદ્ધમાં નામના કાઢે તેને દ્રવ્ય અને અમરત્વ બાતરીપૂર્વક મળતાં. આ પ્રકારનાં કામોમાં પ્રયાસ કરતાં ગુણવાન માણસોને ઉત્તેજન આપવા માટે તેના જેટલું બીજા કોઇ દેશ તરફથી થયું નથી. પ્રતિભા, નિપુણતા અને સૌંદર્યને ગ્રીક લોકો પૂજતા.

પ્રેસિડન્ટ વિલ્સન કહેતો કે, "હું ગરીબીમાં જન્મ્યો હતો. મારા પારણાને ને દરિદ્રતાને છેટું નહોતું. કેટલીક વખતે એમ બનતું કે, હું રોટલો માગું પણ ઘરમાં રોટલો મળે નહિ. દસ વર્ષની ઉંમરે હું ઘર છોડી નીકળ્યો હતો. ૧૧ વર્ષ સુધી મેં

ઉમેદવાર તરીકે કામ કર્યું હતું અને તે દરમિયાન દર વર્ષે એક મહિનો મેં શિક્ષણ લીધું હતું. ૧૧ વર્ષની સખ્ત મહેનત પછી બળદની બે જોડ અને છ વેંટાં મને મળ્યાં. આના મને ૮૪ ડૉલર ઊપજ્યા. આનંદને માટે મેં એક પણ ડૉલર ખર્ચ્યો ન હતો. જન્મથી માંડી ૨૧ વર્ષનો હું થયો, ત્યાંસુધી એકેક પેની પણ હું ગણી જોતો. માઇલના માઇલ સુધી કંટાળા ભરેલી મુસાફરી કરવાનો અને 'કાંઇક મહેનતનું કામ આપો–ઉદ્યમ આપો' એમ કહેવાનો મને અનુભવ છે. એકવીસ વર્ષનો હું થયો, તે પછીના પહેલા માસમાં હું જંગલમાં જતો, બળદની જોડી હાંકતો અને લાકડાના વેઢા ચીરતો. દિવસ ઊગતાં પહેલાં હું ઊઠતો અને સાંજે અંધારૂં થયા પછી પણ સખ્ત મહેનત કરતો અને આખા મહિનાના આવા કામ માટે મને છ ડૉલર જેટલી મોટી રકમ મળતી! રાત્રીએ ચંદ્ર દેખાય છે, તેટલો મોટો ગાડીના પૈડા જેવો, આ દરેક ડૉલર મને જણાતો."

સ્વસુધારણા માટેની, આગળ વધવાની એક પણ તક નહિ ખોવાને મિ૦ વિલ્સને નિશ્ચય કર્યો હતો. અવકાશના વખતની કિંમત તેના જેટલી કોઇકજ જાણતું હશે. આ સમય સોનામહોર જેવો હોય, એમ ગણી તેને તે પકડી લેતો અને તેમાંથી જે કાંઇ મળી શકે તે મેળવ્યા વગર તે પસાર થવા દેતો નહિ. ૨૧ વર્ષ પહેલાં તેણે એક હજાર સારી ચોપડીઓ વાંચી હતી. ખેતીનું કામ કરતા છોકરાઓ માટે આ કેવું અનુકરણીય દૃષ્ટાંત છે! ખેતીનો ધંધો છોડી, સો માઇલ કરતાં પણ વધારે દૂર મોચીનો ધંધો શીખવા તે મસાચુસેટ્સમાં નાટિક ગયો. બંકરહિલનો કીર્તિસ્તંભ અને બીજાં હદનિશાન તે જોઇ શકે તે માટે બોસ્ટન થઇને તે ગયો. આખી મુસાફરીનું તેને એક ડૉલર અને ૬ સેન્ટ ખર્ચ થયું. એક વર્ષમાં તે નાટિકની કલબનો આગેવાન થયો. આઠ વર્ષ પૂરાં ન થયાં, તેટલામાં તો તેણે મસાચુસેટ્સની ધારાસભામાં ગુલામી વિરુદ્ધ ભાષણ કર્યું. ૧૨ વર્ષ પછી સંસ્કારી અને શિષ્ટ સમ્મરની સાથે રહી કૉંગ્રેસમાં તે કામ કરવા લાગ્યો. તેને મન દરેક પ્રસંગ તે મહાન પ્રસંગ હતો. પોતાની જિંદગીના દરેક સંજોગને તે કેતેહના સાધનરૂપ બનાવતો.

"આવો કઢંગો પોશાક પહેરી હવે તું શહેરમાં ફરીશ

નહિ. હું તને સ્ટોર ઉપર એક કાગળ લખી આપું છું. હોરેસ ! જરા પોશાક બરાબર પહેર.” મિ૦ સ્ટેરેટનાં આ વચન સાંભળી પોતાનાં કપડાં કેવાં ચીંથરેહાલ હતાં, તે જાણે તેણે પહેલાં જોયુંજ ન હોય એમ હોરેસ જોવા લાગ્યો. તેણે જવાબ દીધોઃ “મિ૦ સ્ટેરેટ ! તમે જાણો છો કે, મારા પિતા નવી જગા ઉપર છે. હું મારા પિતાને જેમ બને તેમ વધારે મદદગાર થવા માગું છું.” સાત મહિનામાં પોતાના અંગત ખર્ચ માટે તેણે છ ડોલર ખર્ચ્યા હતા અને એરી ગેઝેટવાળા જજજ જે. એમ. સ્ટેરેટ પાસેથી બદલીમાં કરેલા કામ માટે તેને ૧૩૫ ગીની મળવાની હતી. તેણે પોતે માત્ર પંદર ડોલર રાખ્યા હતા અને બાકીના બધા પોતાના પિતાને આપ્યા હતા. વર્મોન્ટથી વેસ્ટર્ન પેન્સિલવેનિયા સુધી તે પોતાના પિતા સાથે ફર્યો હતો. વરૂથી ઘેટાંનો બચાવ કરવા માટે પોતાના પિતાને ખાતર તે દિવસોના દિવસો રાત્રીએ બહાર પડી રહેતો. તેને લગભગ એકવીસ વર્ષ થયાં હતાં. જો કે તે પાતળો અને ભૂખરા વાળ-થી કઢંગો જણાતો હતો, તેનો ચહેરો ફિક્કો અને અવાજ રોતડી હતો છતાં ભાગ્યોદય માટે તે ન્યુયોર્ક ગયો. પોતાના બધાની લાકડી પર પોટકું લટકાવી સાઠ માઇલ જંગલમાં ચાલી તે બફેલો ગયો. ત્યાંથી હોડીમાં નહેર પર થઇ તે આલ્બની ગયો. એક મછવામાં તે હડસન નદી ઊતર્યો અને ૧૮૩૧ ના ઑગસ્ટ માસની ૩૧ મી તારીખે સૂર્યોદય સમયે તે ન્યુયોર્ક જઇ પહોંચ્યો. અઠવાડિયાના અઢી ડોલર આપી તે વીશીમાં ખાતો. છસો માઇલની મુસાફરીમાં તેણે પાંચ ડોલર ખર્ચ્યા હતા. કેટલાએક દિવસ સુધી મહોલ્લાઓમાં તે આમતેમ ફર્યો, કેટલાંયે મકાનોમાં તે ગયો અને કોઇને માણસ જોઇએ છીએ કે કેમ, તેની પૂછપરછ કરી. ઘણેભાગે નકારમાંજ જવાબ મળતો. તેના વિચિત્ર પહેરવેશથી ઘણાને એમ લાગતું કે, તે નાઠેલો શિખાઉ છે. તે જમવા જતો હતો, ત્યાં તેણે એક રવિ-વારે એમ સાંભળ્યું કે, વેસ્ટ પ્રિન્ટિંગ ઑફિસમાં છાપનારની જરૂર છે. સોમવારે સવારે પાંચ વાગતામાં તો તે મકાનના દરવાજા આગળ આવી ઊભો અને સાત વાગે તો મુકાદમને પૂછ્યું કે, “કાંઇ જગા છે કે ?” વેસ્ટને ખબર નહિ કે અનેક ભાષામાં છપાતા બાઇબલ માટે કામ કરનારની જરૂર હતી અને

તે કામ આ ગામઠી શિખાઉ કરી શકશે. તેણે પોતાનાં માણસોને હુકમ કર્યો કે, "એક કેસ તૈયાર કરો અને નવો માણસ કાંઇ કરી શકે તેવો છે કે કેમ તે આપણને માલૂમ પડી આવશે." જ્યારે પ્રેસના માલિક અંદર આવ્યા, ત્યારે નવા આવનાર માટે તેમણે વાંધો ઉઠાવ્યો અને તેનું પહેલા દિવસનું કામ થઇ જાય કે તરત તેને રજા દેવાનો મુકાદમને હુકમ કર્યો. તે દિવસે, આખો દહાડો તેણે કરેલા વધારે કામનું ભૂલો વગરનું પ્રૂફ તેણે બતાવ્યું. દસ વર્ષમાં હોરેસ એક નાની પ્રિન્ટિંગ ઑફિસમાં ભાગીદાર થયો. તેણે યુનાઇટેડ સ્ટેટ્સમાં સારામાં સારૂં "ન્યુયોર્ક" પત્ર કાઢ્યું; પણ તેમાં તેને નફો મળ્યો નહિ. ૧૮૪૦ માં જ્યારે હેરિસનને પ્રેસિડંટ તરીકે નીમવામાં આવ્યો, ત્યારે હોરેસ ગ્રીલીએ "લાગ કેબિન" કાઢ્યું. આ પત્રનો ૯૦,૦૦૦ જેટલો આશ્ચર્યજનક પ્રચાર થયો. પણ નકલની ચેનીની કિંમત રાખેલી તેથી તેમાંથી તેણે કાંઇ પૈસા મેળવ્યા નહિ. પછી તેણે એક સેન્ટની કિંમતથી "ન્યુયોર્ક ટ્રિબ્યુન" પ્રસિદ્ધ કરવાનું સાહસ કર્યું. આ પત્ર કાઢવા માટે તેણે એક હજાર ડૉલર ઉછીના લીધા અને પહેલા અંકની ૫૦૦૦ નકલ તેણે છાપી. બધી નકલ એકદમ ખપાવવી એ મુશ્કેલ હતું. છસો ગ્રાહકોથી તેણે કામ શરૂ કર્યું અને છ અઠવાડિયાંમાં તેણે ૧૦૦૦ ગ્રાહક કર્યાં. "ટ્રિબ્યુન"ની વધારે નકલ છાપવા માટે નવાં યંત્રો મળવાં મુશ્કેલ જણાયાં; પણ તેનાં ગ્રાહકો વધવા લાગ્યાં. તે એક એવું પત્ર હતું કે જેનો અધિપતિ, તેની ગમે તેવી ભૂલો થતી, તોપણ હમેશાં સત્યને અનુસરીને કામ કરતો.

જેમ્સ ગોર્ડન બેનેટને ૧૮૨૫ માં "ન્યુયોર્ક કરીયર" પત્રમાં નિષ્ફળતા મળી હતી અને પછી કેટલેક વખતે પેન્સિલવેનિયામાં તેને નિષ્ફળતા મળી. વર્તમાનપત્રોના એક કુશળ લેખક તરીકે તે જાણીતો હતો અને ૧૪ વર્ષની સખ્ત મહેનત અને પૂરી કરકસરથી તેણે સોળસો ડૉલર બચાવ્યા હતા. ૧૮૩૫ માં "ન્યુયોર્ક હેરલ્ડ" નામનું નવું દૈનિક પત્ર કાઢવાના કામમાં ભાગીદાર થવા તેણે હોરેસ ગ્રીલિને કહ્યું. ગ્રીલિએ ના પાડી; પણ તેણે તે કામ માટે બે યુવાન છાપનારાઓની ભલામણ કરી. તેઓ બેનેટના કારભારી થયા અને ૧૮૩૫ ની છઠ્ઠી મેએ, દસ

દિવસનું બચ્ચું નીકળે તેટલી રોકડ થાપણથી "હેરલ્ડ" પત્ર કાઢવામાં આવ્યું. વૉલ સ્ટ્રીટ ઉપર એક નાનું ભોંયરૂં બેનેટે ભાડે રાખ્યું. તેમાં બે પીપ ઉપર એક પાટિયું ગોઠવી તેણે એક ટેબલ બનાવ્યું અને એક ખુરસી આણી. પત્ર છાપવા સિવાયનું બીજું બધું કામ અહીં થતું. એક મહાન દૈનિક પત્રની શરૂઆત તેણે આ રીતે કરી. અમેરિકામાં આ પ્રકારનું પત્ર પહેલું જ હતું; કારણકે તેના પહેલાંનાં બધાં પત્ર અમુક પક્ષને લગતાં હતાં. ધીરે ધીરે પણ મક્કમપણે આ યુવાન માણસ પોતાના આદર્શ તરફ આગળ વધવા લાગ્યો. જેમ બને તેમ મોટા વિસ્તાર ઉપરની તાજી પુષ્કળ બબરો તે આપતો રહ્યો અને છેવટે તે આ રીતે પોતાના પત્રમાં કોઇ પણ પ્રતિસ્પર્ધી જેટલીજ તાકીદથી અને તેટલીજ પૂર્ણતા સાથે, ઘણી વખતે વધારે સંપૂર્ણતા સાથે અને વધારે તાકીદથી બબરો પ્રસિદ્ધ કરવા લાગ્યો. લોકોને જેમાં રસ પડે, લોકોને હિતકારક હોય, તેવા દરેક વિષયની વિશ્વાસપાત્ર બબર મેળવવામાં તે બચ્ચાંની તેમ મહેનતની કચાશ રાખતો નહિ. છેવટે બ્રૉડવે અને આન્ન સ્ટ્રીટના ખૂણા આગળ સારામાં સારૂં અને સર્વ રીતે સંપૂર્ણ ન્યુસપેપરને લગતું બાતું તેણે ઉઘાડ્યું. આ રીતે આ કામ પરિપૂર્ણતાએ પહોંચ્યું.

ફિલાડેલ્ફિયામાં જ્યોર્જ ડબલ્યુ. ચાઇલ્ડની ઑફિસમાં પેસતાં પહેલાં, પહેલામાં પહેલી જે ચીજ ધ્યાન ખેંચે છે, તે એક મહાન સૂત્ર છે. જેનું કાંઇ પણ ભાવી જણાતું નહોતું, તેવા છોકરાને આ સૂત્ર કૂતેહની એક ચાવીરૂપ થઇ પડ્યું હતું. **'મહેનત વગર કાંઈ પણ મળતું નથી'** એ આ સૂત્ર હતું. "ફિલાડેલ્ફિયા લેજર" પત્ર અને જે મકાનથી તે પ્રસિદ્ધ થતું હતું, તે મકાન એ બંને લેવાં એ એની પહેલામાં પહેલી મહત્વાકાંક્ષા હતી; પણ અઠવાડિયામાં બે ડૉલર કમાનાર એક ગરીબ છોકરો આવા મહાન પત્રનો માલિક થવાની કોઇ પણ રીતે આશા રાખી શકે નહિ. આમ છતાં તે દૃઢ નિશ્ચય અને અસ્ખલિત ઉત્સાહવાળો હતો. એક બૂકસ્ટોલમાં કલાર્ક તરીકે કામ કરી થોડાક ડૉલર બચાવીને પ્રસિદ્ધકર્તા તરીકે તેણે કામ શરૂ કર્યું. "કાનેનો આર્કિટક પ્રવાસ" જેવાં તેણે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોમાં તેણે સારા પૈસા પેદા કર્યા. લોકોને શું પસંદ પડશે,

તે જોવાના સંબંધમાં તેને ખાસ તીવ્ર લાગણી હતી.

"લેજર" માં દરરોજ આધ આવતી હતી. તે નહિ ખરીદવાની તેના મિત્રોની સલાહની તેના ઉપર કાંઇ પણ અસર થઇ નહિ. ૧૮૬૪માં તેણે તે પત્ર ખરીદ્યું અને તેનું બાળપણનું સ્વપ્ન ખરૂં પડ્યું. તેણે પોતાના પત્રનું લવાજમ બેવડું કર્યું અને જાહેરખબરના દર ઓછા કર્યા. આથી સૌને આશ્ચર્ય થયું; પણ આ રીતે પત્ર જણાઇ આવે તેવી રીતે આબાદ થયું. કોઇ કોઇ વખત તો વર્ષના ચાર લાખ કરતાં પણ વધારે ડૉલર ફાયદો તેને થવા માંડ્યો. ફિલાડેલ્ફિયાના બીજા દરેક બાતામાં જ્યારે બીજાઓ તરફથી પગાર ઘટાડવામાં આવતો હતો, ત્યારે તે તેમ કરવા હમેશાં ના પાડ્યા કરતો હતો.

દોઢેક સૈકા ઉપર લાયોન્સમાં એક મિજબાનીની અંદર ગ્રીસની કોઈ દેવકથા અગર ઇતિહાસના એક ચિત્રના અર્થ વિષે ચર્ચા ચાલતી હતી. ચર્ચા ગરમાગરમ થતી જોઇ મિજબાની આપનારે એક ખિદમતગાર તરફ નજર કરી અને તે ચિત્ર વિષે ખુલાસો કરવા તેને કહ્યું. આ આખા વિષય વિષે તે નોકરે ચોખ્ખો અને બરાબર અહેવાલ એવી સરસ ભાષામાં પણ બાતરી કરી આપે તેવો આપ્યો કે તેથી હાજર રહેલા સર્વને આશ્ચર્ય થયું. આ ખુલાસાથી તકરારનો એકદમ નિકાલ આવી ગયો.

એકાદ મહેમાને બહુ સન્માન સાથે તે ખિદમતગારને પૂછ્યું કે, "તમે કયી શાળામાં અભ્યાસ કર્યો હતો?" તે યુવાન નોકરે કહ્યું: "મેં ઘણી શાળાઓમાં અભ્યાસ કર્યો છે; પણ જે શાળામાં મેં વધારેમાં વધારે લાંબો વખત અભ્યાસ કરી વધારેમાં વધારે જ્ઞાન મેળવ્યું છે, તે શાળા 'સંકટ' ની છે. ગરીબ અવસ્થામાંથી મેં ઘણા ઉપદેશો મેળવ્યા છે." તે સમયે જો કે તે એક ગરીબ ખિદમતગાર હતો, પણ થોડાજ વખતમાં પોતાના જમાનાના અને પોતાના દેશના એ મહાન પ્રતિભાશાળી પુરુષ "જીન જેક રુસો"ના લેખોની કીર્તિથી યુરોપ ગાજી રહ્યું.

પગે પહેરવાના જોડા પણ નહોતા, એવા ભાવિના કાંઇ પણ ચિહ્ન વગરના છોકરા સ્પેન્સરે બીજું કાંઇ ન મળવાથી લેક એરીનો લીસો રેતીનો કિનારો ફુલ્સકેપ કાગળ તરીકે વાપર્યો

અને લેખનકળાની સ્પેન્સેરિયન પદ્ધતિ જે સચિત્ર કળાનું સુંદરમાં સુંદર પ્રદર્શન ગણાય છે, તેનાં મુખ્ય મૂળ તત્ત્વને સંપૂર્ણ બનાવ્યાં.

પોતાના ગજવામાં ૧૩ અર્ધા પેની લઇ વિલિયમ કોબ્ડન કયુના બાદશાહી બગીચામાં કામ મેળવવા પગે ચાલી નીકળ્યો. તેણે પોતે કહ્યું કે, "જ્યારે મારો આ નાનો સંચય ત્રણ પેન્સ ઉપર આવ્યો, ત્યારે રિચમંડમાં સ્મોકક્રોક અને ઘૂંટણ નીચેનાં રાતાં ગાર્ટર સાથે હું ફરતો હતો. અહીં મારી આજુબાજુ જોતાં, એક બૂકસેલરની બારીમાંની એક નાની ચોપડી ઉપર મારી નજર ગઇ. તેના પર "ટેલ ઑફ એ ટબ, કિંમત ત્રણ પેન્સ" એમ લખવામાં આવ્યું હતું. આ નામ એવું વિચિત્ર હતું કે, મારી જિજ્ઞાસા જાગૃત થઇ. મારી પાસે ત્રણ પેન્સ હતા અને તે અચીં દઉં, તો મારી પાસે બાવાનું કાંઇ રહે નહિ. અંદર જઇ તે ચોપડી મેં ખરીદી લીધી. તે વાંચવાને હું એવો અધીરો થઇ ગયો હતો કે, કયુ બગીચાના ઉપરના ખૂણા આગળના એક ખેતરમાં હું પેઠો અને ઘાસની ગંજી ઉપર જઇ હું તે વાંચવા બેઠો."

વાંચતાં વાંચતાં તે ઊંઘી ગયો અને છેક પ્રભાતમાં પક્ષી બોલવા લાગ્યાં, ત્યારે જાગ્યો. કયુમાં તેને કામ મળ્યું. આઠ વર્ષ સુધી તેણે લુહારનું કામ કર્યું. અહીંથી તે લંડન નાસી ગયો અને આઠ કે નવ મહિના સુધી તેણે કાયદાના કાગળોની નકલ કરી અને પછી એક પાયદળ ટુકડીમાં દાખલ થયો. સૈનિક તરીકેના પોતાના જીવનના પહેલા વર્ષમાં ચેધામની ફરતી લાયબ્રેરીનો તે સભાસદ થયો. તેમાંની દરેક ચોપડી તેણે વાંચી અને અભ્યાસ કરવા લાગ્યો. તે કહે છે કે, "દિવસના છ પેન્સના પગારથી જ્યારે હું સિપાઇ હતો, ત્યારે હું વ્યાકરણ શીખ્યો. મારા બિછાનાનો અગર પહેરેગીરના બિછાનાનો ખૂણો એ અભ્યાસ કરવા માટેની મારી જગા હતી. મારી બ્રેચી એ મારૂં બૂકકેસ હતું. મારા બોળા ઉપરનું બોર્ડ તે મારૂં લખવાનું મેજ હતું. આ કામ માટે એક વર્ષ કરતાં વધારે સમયની જરૂર નહોતી. બત્તી અગર તેલ ખરીદવા જેટલા પૈસા મારી પાસે નહોતા. શિયાળામાં રાત્રે તાપણી સિવાય કોઇ પણ જાતનો બીજો દીવો મને મળતો નહિ. એક કલમ અગર કાગ-

ળનો કકડો મારે ખરીદવો હોય, તો અડધો ભૂખે મરતો હોઉં છતાં મારે મારો કેટલોક ખોરાક છોડી દેવાની ફરજ પડતી. હું જેને મારો કહી શકું એવો થોડો પણ વખત મને મળતો નહિ. કોઇ પણ જાતના અકુંશ વગરના સમયમાં આઠદશ અવિચારી માણસો ગપ્પાં મારતા હોય, હસતા હોય, ગાતા હોય, સિસોટીઓ બજાવતા હોય અને ધૂમો પાડતા હોય; એ બધાની વચ્ચે મારે વાંચવું લખવું પડતું. કલમ, શાહી અને કાગળ માટે વખતોવખત મારે એક ફાર્થિંગનું ખર્ચ કરવું પડતું તે પણ ગંભીરતા સાથે ધ્યાનમાં લેવાનું છે; કેમકે એક ફાર્થિંગ તો મારે મન એક મોટી રકમ જેટલો હતો. હાલના જેટલો-જ હું ઊંચો હતો. મારી તબિયત બહુ સ્વસ્થ હતી અને હું પુષ્કળ કસરત કરતો. અઠવાડિયે માત્ર બે પેન્સ જેટલી રકમ મારી પાસે બચતમાં રહેતી હતી. મને યાદ છે અને એ વાત યાદ કરતાં મને આનંદ થાય છે કે, એક પ્રસંગે એક શુક્રવારે બધું જરૂરી ખર્ચ કર્યા પછી મેં એક અધો પેની રીઝર્વમાં રાખ્યો હતો. માછલી ખરીદવા મેં તે રાખી મૂક્યો હતો; પરંતુ રાત્રીએ સહન ન થઇ શકે તેવી કકડીને ભૂખ લાગી હતી. તે વખત મેં મારાં કપડાં ઉતાર્યાં, તો ખબર પડી કે, મારો અધો પેની ખોવાયો હતો. ચીંથરેહાલ ચાદર અને બનૂસ નીચે મારૂં માથું મૂકી હું એક બાળકની પેઠે રડ્યો."

પરંતુ આવી નિર્ધનતા અને મુશ્કેલીઓમાં પણ જ્ઞાન અને કેતેહ મેળવવાના પોતાના ઉગ્ર આવેશ કોળ્ડને દબાવા દીધા નહિ. તે કહેતો કે, "આવા સંજોગોમાં હું મારૂં કામ માથે લઇ પાર પાડી શકું, તો 'કાર્ય બની શકતું નથી' એવું બહાનું આખી દુનિયામાં કોઇ છોકરો કોઇ કામ માટે કદી બતાવી શકે નહિ."

વિજ્ઞાનનું વિશાળ જ્ઞાન મેળવવાને હંફ્રિ ડેવીને ઘણા થોડા સંજોગ હતા; પણ તે પરાક્રમી હતો. જૂની કઢાઇઓ, કીટલીઓ અને શીશીઓનો ઉપયોગ કરી તેણે કેતેહ મેળવી. દવા તૈયાર કરનારની વખારના કાતરિયામાં કામ કરતાં કરતાં પોતાના પ્રયોગ તે કરતો અને અભ્યાસ કરતો.

થલૉ વીડ કહે છે કે, "ખેતીનું કામ કરતાં કરતાં અવ-

કાશના સમયમાં ખેડૂતના ઘણા છોકરાઓએ માનસિક સુધારણા માટેના પ્રસંગ મેળવ્યા છે. મને તો એવો અનુભવ મળ્યો છે. રાત્રીએ અમે ફીટલીઓ ભરતા અને દેવતા તાજે રાખતા. અંધારૂં થતાં પહેલાં અમે રસ એકઠો કરતા અને લાકડાં કાપી રાખતા. દિવસના અમે લાકડાં ઉપર પડી રહેતા અને રાત્રે તે સળગાવી અમે તેને અજવાળેજ વાંચતા. આ રીતે મેં ફ્રેંચ ઉથલપાથલનો ઇતિહાસ વાંચ્યો, એમ મને યાદ છે. તે પછીના મારા વચનથી આ મહાન પ્રજાકીય કરુણાજનક કથાના બનાવ, ત્રાસ અને તેમાં ભાગ લેનાર વિષે જે કાંઇ જ્ઞાન મેં મેળવ્યું, તેના કરતાં વધારે સારૂં અને વધારે દૃઢ જ્ઞાન આમાંથી મેં મેળવ્યું હતું. વગર જોડે શેતરંજીનાં ચીંથરાં પગે વીંટી બરફમાં બે માઇલની મુસાફરી કરી મિ. કેસની પાસેથી મેં કેટલીક ચોપડીઓ વાંચવા મેળવી, ત્યારે મને જે આનંદ થયો હતો, તે મને યાદ છે.”

ઑગસ્ટ મહિનામાં બપોરને વખતે થિયોડર પાર્કરે એના પિતાને પૂછ્યું: “કાલે હું રજા ભોગવું?” પોતાના નાનામાં નાના છોકરાના પ્રશ્નથી લેક્સિંગ્ટનનો આ મિલમજૂર તેના સામું જોઇ રહ્યો; કારણકે તે કામનો વખત હતો, પણ તેણે તે છોકરાના ચહેરા ઉપરથી જોયું કે, તેનો રજા માગવાનો હેતુ સાધારણ નથી. તેણે રજા આપી. બીજે દિવસે સવારે થિયોડર વહેલો ઊઠ્યો. દસ માઇલ રેતીમાં ચાલી હાવર્ડ કૉલેજમાં ગયો અને ત્યાં દાખલ થવા માટે અરજ કરી. તે આઠ વર્ષનો થયો, ત્યારથી નિયમિત રીતે શાળામાં દાખલ થવાને તે અશક્ત થયો હતો. દર શિયાળે ત્રણ મહિના તે જતો અને હળની પાછળ ચાલતાં ચાલતાં અગર બીજું કામ કરતાં કરતાં તે પોતાનું લેસન કરી જતો હતો. ઉપયોગી ચોપડીઓ તે માગી લેતો અને પોતાની નવરાશનો સઘળો સમય વાંચવામાં ગાળતો. એક પુસ્તક તે ઉછીનું મેળવી શક્યો નહિ; પણ તે વગર ચાલશે નહિ એમ તેનો નિશ્ચય થતાં ઉનાળાના દિવસમાં તે ઘણો વહેલો ઊઠવા માંડ્યો. કોથળાના કોથળા બોર વીણી એકઠાં કરવા લાગ્યો. આ બોર તે બોસ્ટન મોકલતો. આની કિંમતમાંથી તે લેટિન ડિક્ષનેરી ખરીદ કરી શક્યો.

જ્યારે તે છોકરો ઘેર આવ્યો અને પાસ થવાની વાત કરી,

ત્યારે મિલમાં કામ કરનાર તેના પિતાએ કહ્યું: "શાબાશ, છોકરા!" પણ વળી કહ્યું: "થિયોડર! હું તને હવે ત્યાં રાખું એવી મારી શક્તિ નથી." થિયોડરે જવાબ દીધોઃ "પિતા! તમે કહો છો એ વાત ખરી છે. હું ત્યાં રહેવા માગતો નથી. નવરાશના સમયમાં હું ઘેર અભ્યાસ કરીશ અને છેવટની પરીક્ષા માટે હું તૈયાર થઇશ; જેથી મને ડીગ્રી મળશે." તેણે એમજ કર્યું અને મોટો થયા પછી શાળામાં શિક્ષક તરીકે કામ કરી, તેમાંથી મળેલા પૈસામાંથી હાવર્ડમાં બે વર્ષ સુધી તે ભણ્યો અને સન્માન સાથે ગ્રેજ્યુએટ થયો. પાછળથી જ્યારે, સીવાર્ડ ચેસ, સમ્નર, ગેરિસન, હૉરેસ, માન્ન અને વેન્ડેલ હોમ્સના વિશ્વાસુ મિત્ર અને સલાહકાર તરીકે તેની કલ્યાણકારક શક્તિ-ઓની અસર તેના દેશબંધુઓને થઇ એમ તેને માલૂમ પડતું, ત્યારે તેને લેક્સિંગ્ટનના ખડકો અને ઝાડીઓમાંના તેના આગ-લા પરિશ્રમો અને ફતેહો યાદ આવતાં તથા તેને આનંદ થતો.

હોમરના ઇલિયડની પહેલી પંદર લીટીઓનો પૂરો અર્થ એલીહુ બરીટને પહેલી વાર સમજાયો, ત્યારે તેને અપૂર્વ અભિ-માન થયું હતું એમ તે કહે છે. તે કહે છે કે, "આ ફતેહની ખુશાલીમાં હું ખાસ ફરવા ગયો હતો. જ્યારે તે સોળ વર્ષનો થયો, ત્યારે તેનો પિતા મરણ પામ્યો અને કોનના પોતાના વતન ન્યુ બ્રિટન ગામમાં લુહારને ત્યાં તે ઉમેદવાર તરીકે રહ્યો. દિવસના દસ કે બાર કલાક સુધી તે ધમણ ઉપર કામ કરતો, પણ ધમણ ચલાવતાં ચલાવતાં હિસાબના મુશ્કેલ દાખલા તે કરતો.

દસ વર્ષ પછી જ્યારે વુર્સ્ટરમાં તે લાયબ્રેરીનો લાભ લેવા ગયો, ત્યારે ત્યાં તેણે રાખેલી ડાયરીમાં નીચે પ્રમાણે નોંધ કરવામાં આવી છેઃ—"સોમવાર તા. ૧૮ મી જૂન—માથું દુઃખે છે, 'પૃથ્વી વિષે કુવિયેરની માન્યતા' ૪૦ પાનાં, ૬૪ પાનાં ફ્રેન્ચનાં, ૧૧ કલાક ધમણ ચલાવી. મંગળવાર તા. ૧૯ મી જૂન—હિબ્રુની ૬૦ લીટી, ૩૦ લીટી ડેનિશ, ૧૦ લીટી બોહિ-મિયન, ૯ લીટી પોલિશ, તારાનાં ૧૫ નામ, દસ કલાક ધમણ ચલાવી. બુધવાર તા. ૨૦ મી જૂન—હિબ્રુની ૨૫ લીટી, સિરી-એકની ૮ લીટી, ૧૧ કલાક ધમણ ચલાવી." ૧૮ ભાષા અને બત્રીસ બોલી તે સંપૂર્ણ રીતે શીખી ગયો. પરિણામે "વિદ્વાન

લુહાર" તરીકે અને મનુષ્ય જાતિની સેવા માટે તે જાણીતો થયો. કાંઇ પણ અનુકૂળ સંયોગ વગર આ છોકરાએ જે રીતે આટલી બધી વિદ્વત્તા મેળવી, તેનું વર્ણન કરતાં એડવર્ડ એવરેટ લખે છે કે, " કેળવણી લેવાને માટે જેમને સારા સંયોગો છે, તેમને શરમાવી નાખે તેવો તેનો વૃત્તાંત છે. "

દૂરના સ્વીડન દેશમાં ઉઘાડે પગે ફરનાર ક્રિસ્ટાઇન નિલ્સનને અનુકૂળ સંયોગ નહોતા; પણ સ્ત્રીમાં ભાગ્યે માલૂમ પડે એવા લાવણ્ય વડે અને પોતાની અદ્‌ભુત ગાનશક્તિથી તેણે જગતની પ્રશંસા મેળવી હતી.

ડૉ. ટાલ્મેજ યુવાન પુરુષો સાથે વાત કરતાં કહેતાં કે, " તમારા સંયોગો પ્રતિકૂળ છે " એના જવાબમાં મારે તમને કાંઇક કહેવું છે. " છેવટે જેઓ દુનિયામાં ફતેહ મેળવવાના છે, નામ કાઢવાના છે, તેમની સાથે હાલ તો તમે સમાન પંક્તિ ઉપર છો, એમ તમને માલૂમ પડશે. મારા શબ્દો ઉપર ખાસ ધ્યાન આપજો અને કેટલાંક વર્ષ પછી તેનો વિચાર કરશો તો માલૂમ પડશે કે, હવે પછી દેશમાં જેઓ લક્ષાધિપતિ થનાર છે, જેઓ વક્તા થનાર છે, જેઓ કવિ થનાર છે, દુનિયાના મોટા વેપારી થનાર છે, દેશના મોટા પરદુઃખભંજક નર નીવડનાર છે, ધાર્મિક તથા રાજકીય બાબતમાં જેઓ જગતમાં પોતાનું બળ જમાવનાર છે, તેઓ હાલ તો તમારા જેટલાજ અને જેવાજ છે. તમારાથી એકેય જરા પણ આગળ અગર જરા પણ ઉચ્ચ નથી. તેઓ પણ હાલ સંકટમાંજ છે. "

" શરૂઆત કરવા માટે કાંઇ પણ થાપણ, કાંઇ પણ સાધન તમારી પાસે નથી ? યુવાન મનુષ્યો ! લાયબ્રેરીમાં જાઓ, કેટલાંક પુસ્તકો લો; તમારા હાથની, તમારા પગની, તમારી આંખની, તમારા કાનની જે અદ્‌ભુત રચના ઈશ્વરે તમને બક્ષિસ કરી છે, તે વિષે વાંચો. પછી ડૉકટરની સાથે અંગવ્યવચ્છેદના ઓરડામાં જાઓ. તમે જે વાંચ્યું હશે, તે તમને તે સપ્રયોગ બતાવશે. **શરૂઆત કરવાને તમારી પાસે થાપણ નથી, સાધન નથી, એમ કહી ઇશ્વરની નિંદા ન કરો. ઈશ્વર જે કાંઇ સારામાં સારાં સાધન આપી શકે તે સઘળાં સાધન ગરીબમાં ગરીબ છોકરાને પણ તેણે આપ્યાં છે.** "

જીવનના કોઇ પણ ક્ષેત્રમાં ફતેહ અગર જ્ઞાન મેળવવા માટે છાપું વેચનાર છોકરાની સ્થિતિ બહુ લાયક અગર આશાજનક માની શકાય નહિ. પોતાના નિર્વાહ માટે દૈનિક-પત્ર વેચવાની શરૂઆત કોઇ પણ છોકરો કરે ત્યારે તેને બહુ આગળ વધવાને થોડોજ સંભવ હોય છે. ઔદ્યોગિક પુનરુદ્ધાર માટે જે મહાન પુરુષનો અમેરિકા આજે પણ આભાર માને છે, તેણે ત્યાંની ગ્રેન્ડ ટ્રંક રેલવે ઉપર દૈનિક પત્ર વેચવાની શરૂઆત કરી હતી. ટૉમસ આલ્વા એડિસન તે વખતે પંદર વર્ષની ઉંમરનો હતો. તેણે રસાયનશાળાના પ્રયોગ કરવા માંડ્યા હતા. એક જગાએથી બીજી જગાએ લઇ જઇ શકાય, તેવી (ફરતી) પ્રયોગશાળાની તેણે રચના કરી હતી. એક દિવસ તે કાંઇક ગૂઢ પ્રયોગ કરતો હતો, તેવામાં ટ્રેને વાંક લીધો અને સલ્ફ્યુરિક ઍસિડની શીશી ભાગી. પરિણામે અસાધારણ ગંધ ફેલાઇ ગઇ અને અસ્વાભાવિક ગૂંચવણો ઊભી થઇ. ટ્રેનનો ગાર્ડ જેણે આવીજ સ્થિતિ અનેક વાર ધીરજ સાથે સહન કરી લીધી હતી, તેણે આખરે આ રસાયનવિદ્યાનુરાગીને ધક્કેલી કાઢ્યો અને તેને કાઢતાં કાઢતાં તેના કાન ઉપર એક જબરજસ્ત થપ્પડ લગાવી દીધી.

એક પછી એક અનેક હૃદયદ્રાવક, હૃદયને હલાવી નાખે તેવી સ્થિતિમાંથી એડિસન પસાર થયો. દરેક સ્થિતિમાં, દરેક પ્રસંગે તેને ફતેહ મળતી રહી અને આખરે જગતનો વૈજ્ઞાનિક તાજ તેણે નાની ઉંમરે મેળવ્યો. તેની ફતેહનું કારણ તેને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ દીધો કે, "તે બિલકુલ મદ્યપાન કરતો નહિ અને કામ કરવાની, **મહેનત કરવાની બાબત સિવાય બીજી સર્વ બાબતમાં તે મિતાચારી હતો.**"

પ્રેસિડન્ટ ક્લીવલેંડની પહેલી રાજકીય લડતની સઘળી વ્યવસ્થા કરનાર ડેનિયલ મેનિંગ હતો. પાછળથી તે તિજોરી-ખાતાનો સેક્રેટરી થયો હતો. સર્વ પ્રતિકૂળ સંજોગોમાં તેણે પણ પેપર વેચનાર તરીકે શરૂઆત કરી હતી. થૉમસ વીડ પણ તેમજ કર્યું હતું. ડેવિડ બિ. હિલે પણ તેમજ કર્યું હતું. વર્તમાનપત્ર વેચનાર સાહસિક છોકરાઓથી ન્યુયૉર્ક ભરપૂર હોય એમ જણાય છે. જે ખરાબ સંસ્થાનાં, જે ખરાબ રૂઢિનાં મૂળ દેશના ખુદ બંધારણમાં નંખાયાં હતાં અને જેને

પંડિતો, રાજદ્વારીઓ, ધર્માચાર્યો, શ્રીમંતો અને અમીરો; જાતિ, સંપ્રદાય અગર રાજપ્રકરણી મતભેદ સિવાય ટેકો આપતા તેની સામે, બોસ્ટનના એક સસ્તા બોર્ડિંગ હાઉસમાં એકઠા થનાર, નહિ કેળવાયલા અને અજાણ્યા એવા બે યુવકો થાય, તો એમની હાંસીજ થાય અને એમને મૂર્ખ કહેવામાં આવે, એ કેવળ સંભવિત છે. પ્રજાના વહેમ અને દૃઢ થઇ ગયેલા વિચારોની સામે ફતેહ મેળવવાની તેઓ આશા રાખી શકેજ નહિ; પરંતુ આ યુવકો ઉચ્ચ આશય અને ઉચ્ચ આવેશથી પ્રેરિત થયા હતા–પ્રોત્સાહિત થયા હતા અને તેઓ સાચા દિલથી કામ કરતા હતા. આમાંના એક બેન્જામિન લંડિએ "ધી જિનિયસ ઑફ યુનિવર્સલ લિબર્ટી" (જગતના સ્વાતંત્ર્યની પ્રતિભા) એ નામનું પત્ર ઓહિયોમાં કાઢયું હતું. દર મહિને પ્રિન્ટિંગ ઑફિસથી વીસ માઈલ સુધી પોતાની પીઠ ઉપર પત્રની સઘળી નકલો તે લઇ જતો. પોતાના ગ્રાહકોની સંખ્યા વધારવાને ટેનેસી જવા માટે ૪૦૦ માઇલ તે ચાલી નાખતો. તે કોઇ સાધારણ યુવાન નહોતો. પોતાનું કામ વધારે આગ્રહપૂર્વક કરવા માટે વિલિયમ લૉઇડ ગેરિસન સાથે તેણે કામ કરવાની શરૂઆત કરી. મુખ્ય મહોલ્લામાં ગુલામોના વાડાનો દેખાવ; ઘર અને કુટુંબથી વિખૂટા પાડેલા, વહાણનાં વહાણ ભરાઇ આવતા અને દક્ષિણ તરફના બંદરે મોકલાતા દુર્ભાગી ગુલામો અને તેમના લિલામ થતી વખતના હૃદયભેદક દેખાવોની ગેરિસન ઉપર કદી નહિ ભુલાય તેવી અસર થઇ હતી. આ યુવાન નર એટલો બધો ગરીબ હતો કે, તેની મા તેને શાળામાં મૂકી શકી નહોતી; છતાં જુલમનો તિરસ્કાર કરવાને તેણે નાનપણથીજ પોતાના છોકરાને શિક્ષણ આપ્યું હતું. આ દુર્ભાગી લોકોને સ્વતંત્ર કરવાને તથા ગુલામની સ્થિતિમાંથી મુક્ત કરવાને પોતાની જિંદગી અર્પણ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

પોતાના પત્રના પહેલાજ અંકમાં ગુલામોને એકદમ મુક્ત કરવાને તેણે આગ્રહ કર્યો અને આખી પ્રજા તેના ઉપર ગુસ્સે થઇ. તેને પકડી કેદખાનામાં નાખવામાં આવ્યો. ઉત્તરમાં રહેતા અમીરી દિલના તેના મિત્ર જોન. જી. વિટિયરને આ ખબરથી એટલી બધી અસર થઇ કે, તે પોતે પૈસા ભરવાને અશક્ત છતાં, દંડ આપી ગેરિસનને છોડાવવા તેણે હેન્રી ક્લેને લખ્યું.

૪૯ દિવસ કેદખાનું ભોગવ્યા પછી તે છૂટો થયો. વેન્ડલ ફિલિપ્સે તેને માટે લખ્યું છે કે, "તે ૨૪ વર્ષનો હતો, ત્યારે તેના વિચારો માટે તેને કેદ કરવામાં આવ્યો હતો. ભરજુવાનીમાં તે આ ખરાબ રૂઢિ નિર્મૂળ કરવા પ્રજાની સામે થયો હતો."

તે કેદખાનામાં હતો, તે સમયમાં પણ તેણે પોતાનો સમય નહિ ગુમાવવાનો નિશ્ચય કર્યો. જેલમાં પણ તેણે પોતાનાં કેટલાંક ભાષણો તૈયાર કર્યાં, પણ તે તેનો કેવી રીતે ઉપયોગ કરી શકે? દેવળો અને ભાષણોનાં અન્ય સ્થાન તેને માટે બંધ હતાં. કાંઇ પણ પૈસા વગર, કોઇ પણ મિત્ર વગર, કોઇ પણ વગ વગર એક નાની મેડી ઉપર તેણે "લિબરેટર" પત્ર કાઢયું. કાંઇ પણ ભાવી વિનાના આ ગરીબ યુવાનનો તેના પત્રના પહેલા અંકનો એકરાર વાંચોઃ "**સત્ય જેટલો હું કડવો અને ન્યાયના જેટલો હું અડગ રહીશ. હું દૂધમાં અને દહીંમાં પગ નહિ રાખું; હું બહાનાં બતાવીશ નહિ; એક ઈંચ પણ હું પાછળ હઠીશ નહિ અને બધાજ મારૂં કહેવું સાંભળશે.**" જે વખતે દુનિયા આ યુવકની સામે હતી, તે વખતે તે આવા હિંમતભર્યા શબ્દ બોલે, એ બરેજ બહાદુરી કહેવાય.

સાઉથ કેરોલિનાના ઓ૦ રૉબર્ટ વાય. હેને બોસ્ટનના મેયર ઑટિસને લખ્યું કે, "કોઇકે લિબરેટર પત્રની એક નકલ મારા ઉપર મોકલી છે અને વિનતિ કરી છે કે, તેની એકેક નકલ મારા ઉપર મોકલતા રહેશો?" ઑટિસે ઉત્તર આપ્યો કે, "એક અપ્રસિદ્ધ ઓરડીમાં આ ક્ષુદ્ર પત્ર છાપનારને મેં જોયો છે. એક હબસી છોકરો તેને મદદ કરે છે. દરેક વર્ણનાં અને જૂજ વગસગવાળાં થોડાં માણસો તેને ટેકો આપે છે." પરંતુ અપ્રસિદ્ધ ઓરડીમાં ખાતા, સૂઇ રહેતા અને પત્ર પ્રકટ કરતાં આ ગરીબ છોકરાએ દુનિયામાં વિચારનો ખળભળાટ કરી મૂક્યો. તેને દબાવી દેવાની તજવીજ થઇ. "લિબરેટર" પત્રનો ફેલાવો કરતાં માલૂમ પડે, તે માણસને પકડી તેના ઉપર કામ ચલાવવાની ગોઠવણ કરનારને સાઉથ કેરોલિનાની વિજિલન્સ કમિટીએ દસ હજાર ડૉલરનું ઇનામ આપવાનો ઠરાવ કર્યો. એકબે સ્ટેટના હાકેમોએ તો અધિપતિનું માથું લાવનારને અમુક બદલો આપવાનો સુધ્ધાં બંદોબસ્ત કર્યો હતો. જ્યોર્જિયાની ધારાસભાએ તેને પકડવા તથા ગુનેગાર ઠરાવવા

પાંચ હજાર ડોલરનું ઇનામ કાઢ્યું હતું.

આ પ્રમાણે જેનું કાંઇ પણ ભાવી જણાતું નહોતું, તેવા યુવકે આખી પ્રજાને હલાવી મૂકી. બોસ્ટનના આફ્રિકન ચર્ચને ભોંયતળિયે એક તોફાની રાત્રીએ "બાર ગાંડાઓ" ભેગા થયા અને ગુલામગીરી સામેની ન્યુ ઇંગ્લેંડની સંસ્થાની સ્થાપના કરી. આ લડતમાં કડવાશ વધતી ગઇ. બોસ્ટન અને ન્યુયોર્ક-ના શ્રીમંતોના આશ્રય નીચેની કન્યાશાળામાં પ્રુડન્સ કેન્ડોલે કેટલીક કાળી છોકરીઓને દાખલ કરી. તોફાની લોકોએ તેના કૂવામાં કચરો નાખ્યો. વેપારીઓએ તેને કોઈ પણ ચીજ વેચવા ના પાડી અને મધ્યરાત્રીએ એક તોફાની ટોળાએ શાળાના મકાનનો નાશ કરવાની તથા શિક્ષકને હાથ બતાવવાની ધમકી આપી. ગૅરિસન અને તેના સહાયકોને દરેક ઠેકાણે ઉતારી પાડ-વામાં આવ્યા. આજ ભાવનાની હિમાયત કરવા માટે, પોતાના છાપખાનાનું રક્ષણ કરતાં, લવજોય નામના એક પાદરીને ઇલિયો-નોયના એક ટોળાએ મારી નાખ્યો અને અમેરિકન સ્વાતંત્ર્ય-ની આ જૂની જન્મભૂમિમાં ગુલામગીરીની સામે થનારાઓ વિરુદ્ધ મેસેચ્યુસેટ્સના શ્રીમંતો, સત્તાવાળા અને કહેવાતા શિષ્ટ જનોએ એટલી બેશરમ વિરુદ્ધતા ઊભી કરી કે માત્ર એક પ્રેક્ષક અને ભવિષ્યમાં સારૂં નામ કાઢે તેવા એક યુવાન વકીલે ઊંચા પ્લેટફૉર્મ ઉપર જઈ ફ્રાનોઇલ હૉલમાં કદી પણ નહિ સંભળાયલું તેવું ભાષણ ખૂન કરનારાઓના બચાવમાં કર્યું. વેન્ડન ફિલિપ્સે ભીંત ઉપરના ઑટિસ અને હેન્કોક, ક્વીન્સી અને એડમ્સના ચિત્ર તરફ આંગળી કરી કહ્યું કે, "આલ્ટનમાં લવજોયનું ખૂન કરનારને આ મહાન નરોની પંક્તિમાં મૂકતાં મેં આ ગૃહસ્થને સાંભળ્યો, ત્યારે મને વિચાર આવ્યો કે, મૂએલાની નિંદા કરનાર આ નામર્દ અમેરિકનને ઠપકો આપવા તે ચિત્રમાંના મહાન પુરુષો પણ બોલી ઊઠશે. પ્યુરિટન્સની પ્રાર્થનાઓ અને દેશાભિમાની નરનારીના રુધિરથી પવિત્ર થયેલી ભૂમિ ઉપર તેણે જે શબ્દોનો ઉચ્ચાર કીધો છે, તે માટે જમીને તેને આખો ને આખો ગળી જવો જોઇએ.

પ્રજા ગરમ ગરમ બની ગઇ હતી, કાન્સાસમાં ગુલામી આગળ વધારવાની સામેના ચાર્લ્સ સમ્નરના ભાષણ માટે સાઉથ કેરોલીનાના પ્રેસ્ટન એસ. બ્રુકસે તેના ઉપર ઘા કરી તેને ઉથ-

લાવી પાડ્યો હતો. આવેશના તોફાનની વચ્ચે આ સ્ટેટનો જન્મ થયો. ગુલામોને રાખનાર આ અલ્પ જનસત્તાક વર્ગ પોતાના સઘળા બળથી પોતાને મત આપનારને વસાવવા લાગ્યો હતો, ત્યારે ન્યુ ઇંગ્લેંડની ટેકરીઓ છોડી જનારા હુન્નરોની સંખ્યામાં નીચેની લીટીઓ ગાતા ટેકરીઓ ઊતરવા માંડ્યાઃ—

"પૂર્વની પેઠેજ પશ્ચિમને પણ સ્વતંત્ર લોકોનો નિવાસ બનાવવાને; સમુદ્રનું ઉલ્લંઘન કરતા પ્રાચીન સમયના યાત્રાળુઓની માફક અમે મેદાનો ઓળંગી પશ્ચિમ તરફ જઇએ છીએ."

દૂરના કેલિફોર્નિયામાં પણ ઉત્તરના હિમાયતી અને દક્ષિણના શૂરા વચ્ચેની લડત લાંબી અને ઝનૂનથી ચાલી. આ સઘળાનું પરિણામ અંદર અંદરની લડાઇમાં આવ્યું. જ્યારે આ લડાઇનો અંત આવ્યો, ત્યારે ૩૫ વર્ષની અવિરત, વીરતાભરી લડત પછી સમ્ટરના કિલ્લા ઉપરથી ફરીને અમેરિકન સ્વતંત્રતાનો વાવટો ઊડતો થયેલો જોવા પ્રજાના મેમાન તરીકે લોંઇડ ગેરિસનને પ્રેસિડેન્ટ લિન્કને આમંત્રણ આપ્યું. છૂટા થયેલા એક ગુલામે સ્વાગતને લગતું માનપાત્ર વાંચ્યું અને તેની બે છોકરીઓ જે હવે કોઇની મિલકત જેવી નહોતી—સ્વતંત્ર થઈ હતી, તેમણે ગેરિસનને એક સુંદર પુષ્પમાળા આપી.

આજ સમયના અરસામાં જુલમથી દબાયલા લોકોનો એક બીજો બળવાન મિત્ર રિચર્ડ કૉણ્ડન મરણ પામ્યો. ઇંગ્લેંડમાં ચેડફર્ડમાં તેનું એક આરસનું પૂતળું જૉન બ્રાઇટે પાછળથી ખુલ્લુ મૂક્યું. આ પૂતળા ઉપર કૉણ્ડનનું નામ મોટે અક્ષરે નીચેના ટૂંકા લેખ સાથે મૂકવામાં આવ્યું: "સ્વતંત્ર વેપાર તથા સર્વ મનુષ્યોમાં શાંતિ અને શુભેચ્છા."

રિચર્ડ કૉણ્ડનનો પિતા મરી ગયો, ત્યારે તેને નવ છોકરાં હતાં; પણ તેની પાસે પાઇ પણ નહોતી. પડોશીનાં ઘેટાં સાચવી તે પોતાના નિર્વાહનાં સાધન મેળવતો હતો. તે દસ વરસનો થયો, ત્યાંસુધી તો શાળામાં જવાની પણ તેને તક મળી નહોતી. તેને એક બૉર્ડિંગ—શાળામાં મૂકવામાં આવ્યો, જ્યાં તેના પર ગાળોનો વરસાદ વરસતો. તેને અધૉ ભૂખ્યો પણ રાખવામાં આવતો. ત્રણ મહિનામાં ફક્ત એકજ વાર ઘેર કાગળ લખવાની તેને પરવાનગી મળતી. પંદર વર્ષની વયે

લંડનના પોતાના કાકાના એક સ્ટોરમાં તે દાખલ થયો. વહેલા ઊઠીને જ્યારે તેમજ તેના સોબતીઓ સૂતા ત્યારે, અભ્યાસ કરીને તે ફ્રેંચ શીખ્યો.

થોડાજ વખતમાં એક વેપારી મુસાફર તરીકે એક હલકી ગાડીમાં તેને રવાના કરવામાં આવ્યો.

કૉર્ન લૉનો ભયંકર કાયદો કે જેથી ગરીબનો રોટલો જતો અને શ્રીમંતને મળતો, તેની સામેની લડતમાં જૉન બ્રાઇટ સાથે જોડાવાની તેણે મરજી બતાવી. જૉન બ્રાઇટની સ્ત્રી ઘરમાં મરેલી પડી હતી. આવા ઉદ્વેગના સમયમાં તે જૉન બ્રાઇટને મળ્યો. તેણે જૉન બ્રાઇટને કહ્યું કે, " ઇંગ્લેંડમાં એવાં હજારો ઘર છે કે જ્યાં આ સમયે પત્નીઓ, માતાઓ અને બાળકો ભૂખે મરી જાય છે. હવે જ્યારે દિલગીરીનો તમારો પ્રથમ આવેશ પૂરો થાય, ત્યારે તમે મારી સાથે આવજો. 'કૉર્ન લૉ' રદ નહિ થાય, ત્યાંસુધી આપણે જંપીશું નહિ." તેઓએ એન્ટિકૉર્ન લૉ લીગ ઊભી કરી. આ લીગને આઇરિશ દુષ્કાળની મદદ મળી; કારણકે ભૂખમરાથી બાધિત વેપારની પથ્થરની દીવાલો તૂટી અને ૧૮૪૬ માં કૉર્ન લૉ રદ કરવામાં આવ્યો. મિ૦ બ્રાઇટે કહ્યું છે કે, " રીચર્ડ કૉબ્ડનની મહેનત-થી મોટો સારો અને સસ્તો રોટલો ન મળ્યો હોય, તેવું ગ્રેટ બ્રિટનમાં ગરીબનું એક પણ ઘર રહ્યું નહિ."

જૉન બ્રાઇટ પોતે પણ એક મજૂરનો છોકરો હતો. તે દિવસોમાં હાઇસ્કૂલના દરવાજા તેના જેવા માણસો માટે બંધ હતા; પણ આ ખૂબસૂરત અને અડગ યુવાનનું ખ્રિસ્તી હૃદય કૉર્ન લૉથી ભૂખે મરતાં, ઇંગ્લેંડના અને આયર્લેંડના લાખ્ખો ગરીબ લોકો માટે દયાથી દ્રવિત થયું. ગરીબ લોકોની રોટીને જકાત-કોટડી આગળ અટકાવવામાં આવે, જમીનદાર અને એડૂતના લાભ માટે તેના ઉપર કર નાખવામાં આવે, તે જૉન બ્રાઇટ જોઈ શક્યો નહિ. તેણે પોતાનું સર્વસ્વ આ સુધારા માટે અર્પણ કર્યું. તે કહેતો કે, "આ પક્ષને લગતો સવાલ નથી; કારણકે સઘળા પક્ષના માણસો તે માટે એકમત છે, તે રસોડાનો સવાલ છે. મહેનતમજૂરીમાં પડેલા લાખ્ખો મનુષ્યો અને અમીરો વચ્ચેનો આ સવાલ છે." આયર્લેંડના જે દુકાળમાં આયર્લેંડનાં વીસ લાખ મનુષ્યોનો નાશ થયો,

તે વખતમાં ઇંગ્લેંડના આખા અમીરવર્ગ કરતાં જોન બ્રાઇટ વધારે બળવાન હતો. તેના અજેય તર્કવાદ આગળ, તેની બળવાન વકતૃતા આગળ, તેના વજનદાર ચારિત્ર્ય આગળ આખો અમીરવર્ગ ધ્રૂજતો, મજૂરોને માટે વધારે ટૂંકો વખત કામ કરવાની ગોઠવણ; વધારે સસ્તો રોટલો અને વધારે બદલો તેમને મળે તેવો બંદોબસ્ત કરવા માટે કોઇએ જોન બ્રાઇટ કરતાં વધારે પરિશ્રમ ઉઠાવ્યો નથી.

લંડનના એક તબેલા ઉપર મિકાયલ ફેરાડે નામનો એક ગરીબ છોકરો રહેતો હતો. ગ્રાહકોને એક પેનીથી પેપર ઉછીનાં આપવા તે મહોલ્લાઓમાં છાપાં લઈ ફરતો હતો. એક બૂકબાઇન્ડર અને બૂકસેલરને ત્યાં સાત વર્ષ સુધી તેણે ઉમેદવારી કરી હતી. એનસાઇકલોપીડિયા બ્રિટેનિકા બાંધતાં વીજળી ઉપરના તેમાંના લેખ ઉપર તેની નજર ગઇ અને તેણે તે વાંચી પૂરો કર્યો નહિ, ત્યાંસુધી તે જંપ્યો નહિ. તેણે એક કાચની શીશી, જૂની કઢાઇ અને કેટલીક સાદી ચીજો મેળવી અને તે પ્રયોગ કરવા માંડ્યો. એક ગ્રાહકને આ છોકરા માટે લાગણી થઇ અને રસાયનવિદ્યાનું સર હંફ્રી ડેવીનું ભાષણ સાંભળવાને તેને તે લઇ ગયો. તેણે પાછળથી તે મહાન વિજ્ઞાનશાસ્ત્રીને પત્ર લખવાની હિંમત કરી અને તેના ભાષણની તેણે લીધેલી નોંધ મોકલી આપી. થોડાજ વખત પછી એક રાત્રિએ મિકાયલ સૂવા જતો હતો, તેવામાં સર હંફ્રી ડેવીની ગાડી તેના સાદા મકાન આગળ અટકી અને બીજે દિવસે સવારે તે મહાન ભાષણકર્તાને ત્યાં જવા આમંત્રણની ચિઠ્ઠી તેને એક નોકર તરફથી મળી. આજ મહાન ડેવીની ચિઠ્ઠી હશે, એમ તેને વારંવાર પ્રશ્ન થવા લાગ્યો. તેને આમંત્રણ મળ્યા મુજબ સવારમાં તે ત્યાં ગયો અને ઓજારો સાફ કરવાને તથા વ્યાખ્યાનના ઓરડામાંથી તે લઇ જવા લાવવા માટે તેને રોકવામાં આવ્યો. ડેવી પોતાના માથા ઉપર કાચનું આચ્છાદન રાખી સહીસલામતીવાળા દીવાનું પોતાનું કામ આગળ વધારતો હતો અને જોખમભરેલા ફાટી ઊઠે તેવા પદાર્થથી પ્રયોગ કરતો, તે વખતની તેની દરેક હિલચાલ આતુરતાથી જિજ્ઞાસા સાથે, તે તપાસતો રહેતો હતો. મિકાયલ અભ્યાસ કરતો અને પ્રયોગ પણ કરતો અને તે મહાન તત્ત્વચિંતક સભા આગળ વ્યાખ્યાન

આપવાને આ ભાવી વગરના છેાકરાને આમંત્રણ મળવાને ઘણેા વખત લાગ્યેા નહિ.

વુલવીચની રૉયલ ઍકેડેમીમાં તે પ્રેાફેસર નિમાયેા અને વિજ્ઞાનશાસ્ત્રમાં તે જમાનાના ચમત્કારી પુરુષ તરીકે ગણાવા લાગ્યેા. ટિન્ડૉલે તેને માટે કહ્યું છે કે, "જગતમાં પ્રયેાગ કરનાર તત્ત્વચિંતક તરીકે તે સૌથી મહાન છે." સર હંમ્ફ્રી ડેવીને પૂછવામાં આવ્યું કે, "તમારી મેાટામાં મેાટી શેાધ કયી?" ત્યારે તેણે જવાબ આપ્યેા કે, "મિકાયલ ફેરાડે."

લૅાર્ડ બિકન્સફિલ્ડ" અને ઇંગ્લેંડના "વડા પ્રધાનનું પદ" મેળવનાર કાંઇ પણ ભાવી વગરનેા યુવક કહેતેા કે, "જે કાંઇ થઇ શકયું છે, તે ફરીથી પણ થઇ શકે. હું ગુલામ નથી, હું કેદી નથી અને જીવસાટે હું મેાટી મેાટી મુશ્કેલીઓ પાર ઊતરીશ." તે યહૂદી હતેા અને દરેક બાબત તેની વિરુદ્ધ હતી; પણ ચાર હજાર વર્ષ ઉપર ઇજિપ્તના વડા પ્રધાન થનાર જૉસફ અને ક્રાઇસ્ટના જન્મનાં ૫૦૦ વર્ષ પહેલાંના દુનિયાના મેાટામાં મેાટા જુલમગારનેા વડેા પ્રધાન થનાર ડેનિયલનેા તે દાખલેા લેતેા. નીચેથી મધ્યમ અને મધ્યમથી ઊંચે જ્યાંસુધી રાજકીય અને સામાજિક સત્તાના ઊંચામાં ઊંચે પગથિયે સ્વાશ્રયથી એક ઉસ્તાદ તરીકે તે આવ્યેા, ત્યાંસુધી તે આગળ વધ્યેા. હાઉસ ઑફ કૉમન્સમાં અસ્વીકાર, તિરસ્કાર, ઉપહાસ અને મશ્કરી થવા છતાં, તે માત્ર એમજ કહેતેા કે, "એવેા વખત આવશેજ કે જ્યારે તમે મારૂં કહેવું સાંભળશેા." તેવેા વખત આવ્યેા અને ભાવી વગરના પણ દૃઢ ઇચ્છાશક્તિવાળા યુવકે ૨૫ વર્ષ સુધી ઇંગ્લેંડ ઉપર હકુમત ચલાવી.

મિલમાં કામ કરતા ચીંથરેહાલ યુવક હેન્રી ક્લેને બીજા છ ભાઇ હતા અને એક સાધારણ ગામઠી શાળા સિવાય બીજી કેાઇ નિશાળે આ છેાકરાને મેાકલવાનાં સાધન તેની ગરીબ માતાને નહેાતાં. અહીં તેને માત્ર વાચન, લેખન અને અંકગણિતનું જ્ઞાન મળ્યું હતું; પણ શિક્ષક વગર પણ પેાતાના અવકાશના સમયનેા તે ઉપયેાગ કરતેા. સાંભળનારમાં ગાય અને ઘેાડા એવા તબેલામાં જે બેાલતાં શીખ્યેા હતેા, તે અમેરિકાનેા મહાન વક્તા અને રાજ્યપ્રકરણી પુરુષ થયેા.

ગરીબી અને હાડમારીની સામે ટક્કર ઝીલનાર કેપ્લર, જેનાં પુસ્તક સરકાર તરફથી બાળી નાખવામાં આવ્યાં હતાં, જેના પુસ્તકાલયને જેસ્યુટોએ તાળું માર્યું હતું અને લોકોની ધૂમથી જેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો, તેનું દૃષ્ટાંત જુઓ. એકજ કેંદ્રે સૂર્યની સાથે ગ્રહો અંડાકારે ફરે છે, પૃથ્વીના મધ્ય ભાગને સૂર્યના મધ્ય ભાગ સાથે જોડનાર લાઈન સરખા સમયમાં સરખી જગા ઉપરથી પસાર થઇ જાય છે અને ગ્રહો જેટલી વાર ફરે તેના ચોરસ, સૂર્યના અને તેમના સામાન્ય અંતરના ઘનના પ્રમાણમાં હોય છે—આ સિદ્ધાંતોના પ્રતિપાદન માટે સત્તર વર્ષ સુધી તેણે શાંતિથી કામ કર્યું. જેનું કાંઇ પણ ભાવી જણાતું નહોતું, તેવો આ યુવક જગતનો મહાનમાં મહાન ખગોળવેત્તા થયો.

એલેકઝાંડર ડ્યૂમા કહે છે કે, "હું કાળો છું, એમ મને ખબર પડી, ત્યારે હું ગોરો હોઉં એમ રહેવાને મારી ચામડીની નીચે, મારા અંતરથી, મારા મનથી, હું કેવો છું, એમ બીજાઓ જુએ, એવી તેમને ફરજ પાડવાનો મેં નિશ્ચય કર્યો."

ઇંગ્લેંડના સુપ્રસિદ્ધ લુહાર અને કલાવિશારદ જેમ્સ શાર્પલ્સને આગળ વધવાના કેટલા ઓછા સંભવ હતા? તે ઘણો ગરીબ હતો, પણ પોતે જે પુસ્તક ખરીદ ન કરી શકે, તેની નકલ કરવાને તે વારંવાર ત્રણ વાગે ઊઠતો. કારીગરનાં એક શિલિંગનાં ઓજાર ખરીદવાને સખ્ત મહેનત માટે મેન્ચેસ્ટ ૧૮ માઇલ ચાલીને તે જતો. લુહારની દુકાનમાં ભારેમાં ભારે કામની તે માગણી કરતો; કારણકે ભારે કામને ભઠ્ઠી આગળ તપવા માટે વધારે વખત જોઇતો અને આ રીતે ચિમનીની સામે ઊભી કરેલી કિંમતી ચોપડીનો અભ્યાસ કરવાને તે કેટલોક વખત મેળવતો. અવકાશના સમયનો તે ઘણો કંજૂસ હતો અને ફરીને તેને તેવો સમય નહિ મળે, એમ જાણી તે તેનો ઉપયોગ કરતો. પાંચ વર્ષના અવકાશનો સમય તેણે પોતાની અદ્‌ભુત કૃતિ "ફ્રેાર્જ"માં ગાળ્યો. એની નકલો ઘણાં કુટુંબોમાં હાલ પણ જોવામાં આવે છે.

ગેલિલિયોનાં માબાપ જ્યારે તેને વૈદકીય શાળામાં મોકલવાને કોશિશ કરતાં હતાં, તો પછી તે શાળામાં પદાર્થવિદ્યામાં અને ખગોળવિદ્યામાં ખ્યાતિ મેળવવાને ગેલિલિયોને કયાં સંભવ

હતો ? પણ જ્યારે વેનિસના લોકો સૂતા હતા, ત્યારે સેંટ-માર્કસ દેવળના બૂરજ ઉપર ઊભા રહી, ગરીબ હોવાથી પોતાના હાથથી બનાવેલા દૂરબિનથી જ્યુપિટરના નજીકના ઉપગ્રહ અને વિનસનાં જુદાં જુદાં દર્શન તેણે શોધી કાઢ્યાં. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે—આ પાખંડ મતનો ઘૂંટણિયે પડી, નમી જઈ ત્યાગ કરવાને પોતાને ફરજ પાડવામાં આવી, ત્યારે આપ-ખુદ ધર્મસભાના જુલમથી પણ પૃથ્વી ફરે છે, એમ કહેતાં આ સિત્તેર વર્ષનો નરમ બુઢ્ઢો ડગ્યો નહિ. તેને કેદખાનામાં નાખવામાં આવ્યો, ત્યારે પણ વૈજ્ઞાનિક સંશોધન માટે તેને એટલી આતુરતા રહેતી કે, તેની ઓરડીમાંના તણખલાથી તેણે સિદ્ધ કર્યું કે, એક પોલી નળી તેજ કદના રંગીન સળિયા કરતાં પ્રમાણમાં વધારે મજબૂત હોય છે. જ્યારે તદ્દન આંધળો થયો, ત્યારે પણ તે કામમાં મચ્યો રહેતો.

જ્યારે ગરીબ અને અપ્રસિદ્ધ હર્શલે જ્યોર્જિયમ સીડ્ઝ નામના ગ્રહની શોધ, તેનો માર્ગ, તેની ગતિનું પ્રમાણ, શનિશ્વરની આસપાસનાં વર્તુલ અને બીજા ગ્રહોની શોધનો અહેવાલ ઇંગ્લેંડની રોયલ સોસાયટીને મોકલ્યો, ત્યારે તે સોસાયટીને કેટલું આશ્ચર્ય થયું હશે ? કાંઇ પણ ભાવી વગરનો યુવક જે ગાઇને પોતાનું ગુજરાન ચલાવતો હતો, તેણે પોતાને હાથે દૂરબિન બનાવ્યું અને તે વડે પોતાના જમાનાના સારામાં સારા સાધનવાળા ખગોળવેત્તાને ન માલૂમ પડે, તેવી બાબતો તેણે શોધી કાઢી. તેણે બસો આરસા ઘસ્યા હતા અને તે પછી તેને એક સંપૂર્ણ આરસો મળ્યો હતો.

જ્યોર્જ સ્ટીવન્સનને આઠ ભાઇબહેન હતાં. તેનાં માબાપ એટલાં ગરીબ હતાં કે, તેઓ સઘળાં એકજ ઓરડીમાં રહેતાં. જ્યોર્જ પડોશીની ગાયો સંભાળતો, પણ માટીનાં એન્જિન બનાવવાને તેને વખત મળતાં અમુક રોપાની તે નળિયો બનાવતો. સત્તર વર્ષની ઉંમરે તેની પાસે એક એન્જિન તૈયાર થયું હતું, જેમાં તેનો બાપ આગ મારનારનું કામ કરતો. તે વાંચી તેમ લખી શકતો નહિ. પણ એન્જિન તેનો ગુરુ હતું અને પોતે શ્રદ્ધાળુ વિદ્યાર્થી હતો.

જ્યારે બીજાઓ કંઇ ને કંઇ રમત કરતા અગર તો તહેવારોમાં દારૂની દુકાને ભટકતા, ત્યારે જ્યોર્જ પોતાના યંત્રને

જુદું કરતો, તેને સાફ કરતો, તેનો અભ્યાસ કરતો અને એન્જિનોના પ્રયોગ કરતો. એન્જિનના સુધારાની મોટામાં મોટી શોધખોળ કરનાર તરીકે જ્યારે તે પ્રસિદ્ધ થયો, ત્યારે જેઓ ભટકતા હતા, તેઓ તેને ભાગ્યશાળી કહેવા લાગ્યા.

પ્રખ્યાત અંગ્રેજ કારીગર માર્ટીન પોતાના છેલ્લામાં છેલ્લા શિલિંગથી રોટલી ખરીદવા ભઠિયારાને ત્યાં ગયો. ભઠિયારાએ શિલિંગ પડાવી લીધો અને કહ્યું કે, "શિલિંગ ખોટો છે." માર્ટીન ઘેર પાછો ગયો અને પોતાની ટ્રંકમાંનો રોટલીનો એક સૂકો ટુકડો લઇ, જે સંકલ્પમાં પરાજયનો વિચારજ નથી હોતો, તે સંકલ્પ સાથે પોતાના કામ ઉપર ચઢ્યો.

મુખમુદ્રા અગર આકૃતિના સૌંદર્ય વગર, રોઝેલિન્ડ અને રાણી કેથેરાઇન જેવાં પાત્રના એક્ટર તરીકે ઉચ્ચ પંક્તિએ આવવા શાલોટી કશમેને નિશ્ચય કર્યો. મુખ્ય એક્ટર અભિનય કરવાને અશક્ત હોવાથી મિસ કશમેને તેની જગ્યા લીધી. પોતાનાં બુદ્ધિબળ અને દૃઢ સંકલ્પશક્તિ વડે શ્રોતાજનોને, પ્રેક્ષકોને તેણે એટલા મુગ્ધ કર્યા કે, અંજનયુક્ત સ્ત્રીલાવણ્યનોજ માત્ર અભાવ એ વાત તેઓ ભૂલી ગયા. પહેલાં જે કે તે ગરીબ, મિત્ર વગરની અને અપ્રસિદ્ધ હતી, પણ લંડન થિયેટરના તેના પહેલા અભિનય પછી, પડદો પડ્યો તે વખતેજ તેની પ્રતિષ્ઠા ચોક્કસ બંધાઈ ગઇ. પાછળનાં વર્ષોમાં જ્યારે વૈદ્યોએ તેને કહ્યું કે, "તેને ભયંકર અસાધ્ય રોગ થયો છે." ત્યારે પણ તે જરાય પાછી હઠી નહિ; પણ શાંતિ સાથે કહેતી કે, "મારૂં દરદ છતાં, જીવનનો નિર્વાહ કરતાં હું શીખી છું."

દક્ષિણમાં લાકડાંના વેઢા ગોઠવી તૈયાર કરેલા ઓરડામાં રહેનાર એક કાળી બાઇને ત્રણ છોકરા હતા; પણ ત્રણે વચ્ચે એકજ પાટલૂન હતું. તેમને ભણાવવાને તે એટલી આતુર હતી કે, તે તેમને વારાફરતી શાળામાં મોકલતી. તેમની શિક્ષિકા ઉત્તર તરફની એક યુવતી હતી. તેને માલૂમ પડ્યું કે, ત્રણ દિવસમાં દરેક છોકરો શાળામાં અક્કેક દિવસજ આવતો અને તેઓ દરેક એકજ પાટલૂન પહેરતા. ગરીબ માતાએ પોતાના પુત્રોને બને તેટલી કેળવણી આપી. એક છોકરો દક્ષિણ તરફની કોલેજમાં પ્રોફેસર થયો, બીજો દાક્તર થયો અને ત્રીજો પાદરી થયો. ગુમાવેલી જિંદગી માટે બહાના તરીકે જેઓ "તક ન

મળી " એમ કહે છે, તેવાને માટે આ કેવો બોધ!

સ્કૉટલેંડમાં કારપાઉના જૉન બ્રાઉને સેંટ એન્ડ્રુના એક બૂકસેલરને કહ્યું કે, "મારે ગ્રીક બાઇબલ જોઈએ છીએ." આ પુસ્તક ખરીદવા રાત્રીની ૨૦ માઈલની મુસાફરીથી ગંદા અને અસભ્ય જણાતા ભરવાડના આ છોકરા સામે બૂકસેલરે તાકી તાકીને જોયું અને ગામડાના આ નાના છોકરાની આ વિચિત્ર માગણીની તે મશ્કરી કરવા લાગ્યો. એવામાં કૉલેજનો એક પ્રૉફેસર ત્યાં આવ્યો. જૉનને શું જોઇએ છીએ, તેની તેને ખબર પડ્યા પછી, તેણે કહ્યું કે, "બાઇબલની એક કડી તું વાંચીશ અને તેનું ભાષાંતર તું કરી બતાવીશ, તો તે પુસ્તક હું તને મફત અપાવીશ." છોકરાએ સહેલાઇથી કેટલીક કડીઓનું ભાષાંતર કર્યું અને ઇનામ લઈ મગરૂર થતો થતો તે ઘેર ગયો. પોતાનાં ઘેટાંના ટોળાનું રક્ષણ કરતાં કરતાં તે ગ્રીક અને લેટિન બંને શીખ્યો હતો. જે પરિપકવ પાંડિત્ય માટે તે પ્રસિદ્ધ થયો, તેનો તેણે આ રીતે પાયો રચ્યો હતો.

ગ્લાસ્ગોના કોતરકામ કરનાર સ્કૉચ છોકરા સેમ કુનાર્ડે મગજ અને છરી વતી ઘણી શોધો કરી હતી; પણ બન્સ અને મેકાઈવર જેઓ પરદેશની ટપાલ લઇ જવાની સરળતા વધારવાને ઇચ્છતા હતા, તેમણે તેની સલાહ માગી નહિ, ત્યાંસુધી તે શોધોથી તેને માન કે લાભ મળ્યાં નહિ. સ્ટીમશીપનો એક નમૂનો જે સેમે તૈયાર કર્યો, તેની નકલ કુનાર્ડ લાઇનના પહેલા વહાણ માટે કરવામાં આવી અને તે પેઢીએ તે પછી બાંધેલાં સઘળાં ભવ્ય વહાણો આ એકજ નિશ્ચિત અને આદર્શ ધોરણે બાંધવામાં આવ્યાં. સેમ્યુએલ કુનાર્ડને જ્યારે "નાઇટહૂડ"નો ખિતાબ મળ્યો, ત્યારે સાચા દિલથી તેણે કરેલા છોલવાના કામથી તે કેટલું માન અને કેટલા પૈસા મેળવી શક્યો હતો, તે તે ભૂલ્યો નહિ.

નવું બાઇબલ અને જોડણીનું પુસ્તક એ બે પુસ્તકોજ કાર્નેલિયસ વેન્ડરબિલ્ટનાં સ્કૂલનાં પુસ્તક હતાં; પણ તે થોડું વાંચતાં લખતાં અને હિસાબ ગણતાં શીખ્યો હતો. તેને એક હોડી ખરીદવી હતી, પણ તેની પાસે પૈસા નહોતા. સમુદ્રપર્યટનનો તેનો ઉત્સાહ નરમ પાડવા માટે તેની માતાએ તેને કહ્યું કે, "જો તું તારા પિતાની ખરાબમાં ખરાબ, ખડબચડી, કઠણ પથ્થર જેવી દસ એકર જમીન ખેડી, તેના પર ચાવડ ફેરવી, તેમાં અનાજ વાવીશ, તો તને જે રકમ જોઇશે તે હું આપીશ." નક્કી કરવામાં આવેલા

સમય પહેલાં કામ કરવામાં આવ્યું અને તે સારી રીતે કરવામાં આવ્યું. પોતાના સત્તરમાં વર્ષની જન્મગાંઠને દિવસે કૉર્નેલિયસે હોડી ખરીદી; પણ પાછી ફરતાં તે એક ડૂબેલા વહાણ સાથે અથડાઇ અને છીછરા પાણીમાં આવતાં આવતાં તે ડૂબી ગઇ.

પણ કૉર્નેલિયસ વેન્ડરબિલ્ટ હાથમાં લીધેલી બાબત પડતી મૂકે તેવો નહોતો. તેણે ફરીને શરૂઆત કરી. તેણે ત્રણ હજાર ડૉલર બચાવ્યા. ઘણી વાર તે આખી રાત કામ કરતો. થોડા વખતમાં આ રીતે બંદરમાંનાં વહાણોના કોઇ પણ માલિક કરતાં તેને વધારેમાં વધારે ઘરાકી મળી. ૧૮૧૨ની લડાઇમાં રાજધાનીની નજીકમાં લશ્કરી મથકોએ ખોરાકી લઈ જવાનો સરકારી કૉન્ટ્રેક્ટ તેને આપવામાં આવ્યો, ત્યારે આ કૉન્ટ્રેક્ટનું કામ તે રાત્રીએ કરતો, જેથી ન્યુયોર્ક અને બ્રુકલીન વચ્ચે દિવસે તે પોતાની ઉતારૂઓની હોડીઓ ફેરવી શકતો.

જે છોકરો આખા દહાડાની પોતાની સઘળી કમાણી અને રાત્રીની અર્ધી કમાણી પોતાનાં માતપિતાને આપી દેતો, તેણે પાંત્રીસ વર્ષની વયે ત્રીસ હજાર ડૉલર મેળવ્યા અને જ્યારે તે મોટી ઉંમરે મરણ પામ્યો, ત્યારે તેણે પોતાનાં ૧૩ છોકરાંને અમેરિકામાં મોટામાં મોટી મિલકત આપી.

લૉર્ડ એલ્ડન જ્યારે નાનો હતો, ત્યારે તેણે પોતાને તક ન મળી એમ કહ્યું હોત તો ચાલત; કારણકે નિશાળે જવા જેટલી અગર પુસ્તક ખરીદવા જેટલી તેની શક્તિ નહોતી; પણ તેનામાં અમીર અને નિશ્ચય હતાં. દુનિયામાં તે માર્ગ કરી શકે એટલું બળ તેનામાં હતું. સવારમાં ચાર વાગે તે ઊઠતો અને અન્ય પુસ્તકો સાથે, **લિટન ટન** ઉપર **કોકનું** મોટું પુસ્તક અને અન્ય કાયદાના ગ્રંથ ઉછીના લઇ તેની નકલ તે ઉતારતો. અભ્યાસ કરવાને તે એટલો આતુર હતો કે, પોતાનું મગજ ના પાડે અને અભ્યાસ કરવા માટે જાગવાને તેને ભીનો ટુવાલ વીંટવો પડે, ત્યાંસુધી તે વાંચવાનું ચાલુ રાખતો. તેની પહેલાં વર્ષની પ્રેક્ટિસમાં તેને ૯ શિલિંગ મળ્યા; પણ તે નહિ છોડી દેવા તેણે નિશ્ચય કર્યો. એક વખત કાયદાના મુદ્દાનો ચુકાદો માસ્ટર ઑફ રોલ્સે તેની વિરુદ્ધ આપ્યો; પણ અપીલ કરતાં અમીરોની સભાએ તે ચુકાદો ફેરવી નાખ્યો.

એલ્ડન જ્યારે ચેંબર છોડી જતો હતો, ત્યારે સોલિસિટરે

તેને બંને હાથ ઠોકીને કહ્યું કે, "યુવક! જિંદગીના રોટલા તને પૂરા મળ્યા છે." કાંઇ પણ તક વગરનો આ છોકરો ઇંગ્લેંડનો લૉર્ડ ચેન્સેલર અને પોતાના સમયનો મોટામાં મોટો ધારાશાસ્ત્રી બન્યો.

સ્ટીવન જીરાર્ડને કાંઇ પણ તક નહોતી. તે દસ વર્ષનો હતો ત્યારથી તેણે પોતાનું ઘર છોડ્યું અને વહાણમાંના એક બિહમતદાર તરીકે તે અમેરિકા ગયો. કોઇ પણ આત્મભોગથી આગળ વધવું, ફતેહ મેળવવી એ તેની મહત્ત્વકાંક્ષા હતી. કામ ગમે તેવું સખ્ત અને ગમે તેવું હોય, તોપણ તે માથે લેતો. મીંડાસની પેઠે જેને તે હાથ લગાડતો, તે સોનું બની જતું. ફિલાડેલ્ફિયાનો તે સૌથી શ્રીમાન વેપારી બન્યો. દ્રવ્ય ઉપરનો તેનો અસાધારણ પ્રેમ પસંદ કરવા લાયક નહોતો; પણ તે જે કાંઇ કામ કરતો તેમાંની પરિપૂર્ણતા, પ્રજાકીય જરૂરિયાતના વખતમાં તેનો જાહેર જુસ્સો, પ્રાણઘાતક પીળા તાવથી પીડાતા બિમાર અજાણ્યા માણસોને બચાવવા પોતાની જિંદગી જોખમમાં નાખવાની તેની ઉત્કંઠા, એ તેના ચારિત્ર્યનાં લક્ષણ બરેબર અનુકરણીય છે.

જૉન વાનામેકર દરરોજ ચાર માઇલ ચાલીને ફિલાડેલ્ફિયા જતો અને અઠવાડિયાના એક ડૉલર અને પચીસ સેંટ મુજબ બૂકસ્ટોલ પર તે કામ કરતો. અઠવાડિયાના ૨૫ વધારે સેંટ પ્રમાણે પાછળથી તેણે કાપડના સ્ટોરમાં કામ કર્યું હતું. ત્યાંથી તે ઊંચ ને ઊંચે ચઢ્યો હતો અને અત્યારે તેની લાખોની મિલકત છે. ૧૮૮૮માં પ્રેસિડન્ટ હેરિસને પોસ્ટ માસ્તર જનરલ તરીકે તેની નિમણુંક કરી હતી. કારોબાર ચલાવવાની મહાન શક્તિ તેણે તે જગા ઉપર પ્રદર્શિત કરી હતી. કોઇ પણ યુવકને અમુક હેતુ હશે અને વળી નિશ્ચય હશે—પછી તે ગમે તેવો ગરીબ હશે, પણ કોઇ દિવસ તેણે કોઇ પણ કામમાં નામ કાઢ્યું એમ તમને માલૂમ પડશે.

જગતનાં ઉચ્ચાલન હાલ જેમના હાથમાં છે, જેઓ તે હાલ ચલાવે છે, તેઓ સઘળા પ્રથમ લગભગ ગરીબ છોકરાઓ હતા.

પોતાની આજુબાજુ વર્ણ અને જાતિની અત્યંત છીટ છતાં એડમોનિયા લુઈસ નામની કાળી છોકરી શિલ્પી તરીકેનું સન્માન અને કીર્તિ મેળવવા માટે પ્રયાસ કરતાં અટકી નહિ.

ક્રેડ ડગ્લસે જિંદગીની શરૂઆત કરી, ત્યારે તેની પાસે કાંઇ પણ નહોતું. તેનું શરીર પણ તેનું નહોતું; કારણકે તેના માલિક-

ના દેવામાં તેને જન્મ પહેલાં વેચવામાં આવ્યો હતો. ગરીબમાં ગરીબ છોકરાની શરૂઆત સુધી પહોંચવું એ તેને, ગોરા છોકરાને યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટ થવા માટે જેટલું ચઢવું પડે, તેટલું ચઢવાનું હતું. પોતાની માતાને ફક્ત બેત્રણ વાર તે મળતો અને તે પણ રાત્રીએ મળતો. ૧૨ માઈલ ચાલી એક કલાક માટે તે આવતો; કારણકે સવારે તો તેને પાછા ખેતરમાં જવું પડતું. ભણવા માટે તેને તક મળતી નહોતી; કારણકે તેને શિક્ષક મળતો નહોતો. બગીચાવાળાઓના નિયમ મુજબ ગુલામો માટે લખતાંવાંચતાં શીખવાની મના હતી; પરંતુ તેના શેઠથી છાનામાના કાગળના ટુકડા અને પેટંટ દવાઓને લગતાં પંચાંગો ઉપરથી તે બારાખડી શીખ્યો. પછી તેને આગળ વધવા માટે પ્રતિબંધ રહ્યો નહિ. હુન્નરો ગોરા છોકરા તેનાથી શરમાઇ ગયા. ૨૦ વર્ષની ઉંમરે તે ગુલામગીરીમાંથી નાઠો અને ન્યુ બેડફર્ડમાં તેણે બંદરમાં માલ ચઢાવવા અને માલ ઉતારવાનું કામ કરવા માંડયું. ગુલામી સામેની નાન્ટકેટની મીટિંગમાં તેને બોલવાની તક આપવામાં આવી. તેણે એવી સારી અસર કરી કે મસાચુસેટ્સની ગુલામગીરી વિરુદ્ધની મંડળીનો તે એજંટ થયો. ભાષણો માટે જગાએ જગાએ ફરવા છતાં, તે પોતાથી બને તેટલો અભ્યાસ કરતો. ભાષણ કરવા માટે તેને યુરોપ મોકલવામાં આવ્યો. તેને કેટલાક અંગ્રેજો સાથે મૈત્રી થઇ. તેમણે તેને ૭૫૦ ડૉલર આપ્યા. આ રકમ પોતાના માલિકને આપી તે સ્વતંત્ર થયો. ન્યુયોર્ક રોચેસ્ટરમાંથી તે એક પત્ર પ્રસિદ્ધ કરતો. પાછળથી વૉશિંગ્ટનમાં તે "ન્યુ એરા" નામનું પત્ર કાઢતો. ઘણું વર્ષ સુધી કોલંબિયા જિલ્લામાં તે માર્શલ હતો. હાલ યુનાઇટેડ સ્ટેટ્સમાં દેશના કોઈ પણ માણસની સમાન પંક્તિમાં આવનાર પહેલો કાળો માણસ તે છે.

પ્રસિદ્ધ એક્ટર હેન્રી ડિક્સીએ રંગભૂમિ ઉપર ગાયના પાછલા પગ તરીકે કામ કરી શરૂઆત કરી હતી.

દિવસના દસ સેંટથી પી. ટી. બાર્નમ ઘોડા ઉપર સવારી કરી જતો. મહિનાના ચાર ડૉલર પ્રમાણે જ્યોર્જ ડબલ્યુ. ચાઇલ્ડઝ સંદેશા લઇ જનાર–લાવનાર છોકરા તરીકે કામ કરતો. આવી નાની શરૂઆતથી જાણીતા પૈસાવાળા માણસો આગળ વધ્યા છે.

ગિડિયન લી જ્યારે નાનો હતો, ત્યારે શિયાળામાં તેને

જોડા પણ પહેરવાના નહોતા. બરફમાં તે ઉઘાડે પગે કામ કરવા જતો. દિવસના સોળ કલાક કામ કરવાને તેણે પોતાની જાત સાથે કરાર કર્યો હતો. આ કરાર તે અક્ષરે અક્ષર પાળતો. કોઇ વિક્ષેપને લીધે તેનાથી ઓછું કામ થતું, તો ઉજાગરા વેઠી તેટલા કલાક તે પૂરા કરતો. ન્યુયોર્કમાં તે શ્રીમંત વેપારી થયો.

એન્ડ્રુ જોન્સનને તેની માતાએ દસ વર્ષની વયે દરજીને ત્યાં મૂક્યો હતો. તે શાળામાં જઇ શકયો નહોતો.

શાળા વગર, પુસ્તકો વગર અને તક વગર ઝૂંપડીમાં જન્મેલા તે એક સાધારણ છોકરાએ સિવિલ વૉરમાં (દેશની માંહોમાંહેની લડાઈમાં) પ્રેસિડન્ટ તરીકે પોતાના સરળ અને વ્યાવહારિક ડહાપણથી માનવજાતિમાં વાહ વાહ મેળવી અને ૪૦ લાખ ગુલામોને મુક્ત કર્યા.

ઝાડ પાડતા, માળ અગર બારણાં વગરની ઝૂંપડી બાંધતા, સાંજે તાપણીના પ્રકાશથી ગણિત અને વ્યાકરણ શીખતા, આ લાંબા, પાતળા અને કઢંગા દેખાતા છોકરાને જુઓ. બ્લેકસ્ટનની ટીકામાં શું છે, તે જાણવાની આતુરતા માટે, તે કિંમતી ગ્રંથ મેળવવા માટે ૪૪ માઇલ સુધી તે ચાલીને જતો અને પાછા ફરતાં ફરતાં પણ સો પાનાં તે વાંચતો. અબ્રહામ લિન્કનને વારસામાં કોઇ તક મળી નહોતી. અવિરત આગ્રહ અને સાચું દિલ એ તેની દોલત હતી.

ઓહિયોના જંગલની એક ઝૂંપડીમાં ૧૮ માસના એક છોકરાને તેડી એક ગરીબ વિધવા ઊભી છે અને પોતાનાં નાનાં છોકરાંનું કેમ પૂરું કરવું, તેનું તે ચિંતન કરે છે. પેલો છોકરો મોટો થાય છે અને થોડાં વર્ષમાં પોતાની માતાને મદદ કરવાને લાકડાં કાપતો અને જંગલમાંની થોડી સાફ જમીન ખેડતો જોવામાં આવે છે. પોતે નહિ ખરીદી શકે તેવા પુસ્તકનો અભ્યાસ કરવામાં પોતાના અવકાશનો સઘળો સમય તે ગાળે છે. ૧૬ વર્ષની ઉંમરે કનાલના હોડી ખેંચવાના માર્ગ ઉપર ખચ્ચર હાંકવાની તક તે સ્વીકારે છે. પછી તરતજ ઝાડુ મારવા માટે અને શાળામાં ભણવાના ફી માટે શાળાનો ઘંટ વગાડવાની જગા માટે તે અરજ કરે છે.

ગોગાશાળાના પહેલા છ માસની ફી તેને ૧૬ ડોલર

પડી. જ્યારે ફરીને તે શાળામાં આવ્યો, ત્યારે તેની પાસે માત્ર અધોં શિલિંગ હતો. તે તેણે બીજે દિવસે દેવળની પેટીમાં મૂકી દીધો. અઠવાડિયાના એક ડૉલર અને છ સેંટથી આવાની, ધોવાની, બળતણ અને બત્તીની એક સુતારને ત્યાં તેણે ગોઠવણ કરી હતી અને રાત્રીએ અને દર શનિવારે જે સમય મળે, તેમાં કામ કરવાની ગોઠવણ રાખી હતી. એક શનિવારે તે આવ્યો, ત્યારે તેણે ૫૦ પાટિયાંને રંધો માર્યો હતો. આ કામ માટે તેને એક ડૉલર અને બે સેન્ટ મળ્યા. જ્યારે ટર્મ પૂરી થઇ, ત્યારે તેણે પોતાનું સંઘળું ખર્ચ આપ્યું અને ત્રણ ડૉલર વધ્યા.

બીજે શિયાળે એક મહિનાના બાર ડૉલર અને ભોજનની ગોઠવણથી તે શિક્ષક તરીકે રહ્યો. વસંતઋતુમાં તેને ૪૮ ડૉલર મળ્યા અને જ્યારે તે શાળામાં પાછો આવ્યો ત્યારે અઠવાડિયાના ૩૧ સેંટ પ્રમાણે તે ખાતો, પીતો અને રહેતો.

પછી તે વિલિયમ કૉલેજમાં દાખલ થયો અને માન સાથે ગ્રેજ્યુએટ થયો. ૨૫ વર્ષની ઉમરે તે કૉંગ્રેસમાં દાખલ થયો.

હીરેમ કૉલેજમાં ઘંટ વગાડવા માટે પોતે અરજ કરી. તે પછી ૨૭ વર્ષે જેમ્સ એ. ગાર્ડિનર યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડંટ થયો. એસ્ટોર્સ, વેન્ડરબિલ્ટ્સ અને ગુલ્ડ્ઝની સઘળી દોલત કરતાં આ દૃષ્ટાંત અમેરિકાના યુવાનોને વધારે પ્રોત્સાહક છે. જગતના મહાનમાં મહાન વીર અને પરદુઃખભંજકોમાં એવા અનેક માણસો છે કે, જેઓ ઝૂંપડીઓમાં તંગીમાં ઊછર્યા હતા; છતાં ઇશ્વરની દયા અને પોતાની ખંત વડે પ્રારબ્ધનાં મોળાં ખાળી પાર ઊતર્યા હતા.

પ્રખ્યાત અમેરિકનોનાં ચરિત્રની ચોપડી જોનાર એક અંગ્રેજ ગ્રંથકાર બોલ્યો હતો કે, " તમારા સઘળા મહાન પુરુષોનો જન્મ નાની ભૂરા રંગની કોટડીઓમાં થયેલો છે. "

દરેક બાજુએ પાંચ તક હોય અને એક પણ અડગ હેતુ હોય, તો છોકરો ગમે તેવો ગરીબ હોય; તોપણ તેણે નિરાશ થવું નહિ. પોતાની તકનો ઉપયોગ કરવાની જેનામાં ખંત અને શક્તિ છે તેવા, અમેરિકન વાવટા નીચેના દરેક યુવક માટે રોટી અને ફતેહ બન્ને છે. પછી તે છોકરો ઝૂંપડીમાં જન્મેલો હોય કે મહે-

લમાં જન્મેલો હોય તે કાંઇ મહત્ત્વનું નથી. દૃઢ હેતુનો આવેશ તેનામાં હશે અને તે સ્વાશ્રય રાખશે, તો માણસ, દેવ કે દાનવ તેને આગળ વધતાં અટકાવી શકશે નહિ.

" શ્રીમંતના છોકરાને જમીન, ઇંટો એને સોનાના ઢગલા
વારસામાં મળે છે!
તેને મૃદુ, કોમળ હસ્ત અને શરદી લાગે તેવું પોચું
શરીર મળે છે.
એક જૂનું કપડું પહેરવાની તેની હિંમત ચાલતી નથી.
મને એમ લાગે છે કે, આવો વારસો મેળવવો ભાગ્યેજ
કોઇને પસંદ પડે.
શ્રીમંતના છોકરાને વારસામાં ચિંતાઓ મળે છે.
બેંકો તૂટે, કારખાનું સળગે,
એક ફૂંકજ શેરના પરપોટા ફોડી નાખે.
એવા સમયમાં કોમળ અને ગોરા ગોરા હાથ
જોઇએ તેવાં નિર્વાહનાં સાધન ઊભાં કરી શકે નહિ."

" ગરીબના છોકરાને વારસામાં શું મળે છે?
મજબૂત સ્નાયુ અને બળવાન હૃદય,
મજબૂત બાંધો અને તેના કરતાં વધારે
મજબૂત જુસ્સો.
બે હાથનો તે રાજા, દરેક ઉપયોગી ઉદ્યોગથી,
કળાથી પોતાનું કાર્ય કર્યે જાય છે.
આવો વારસો મેળવવાની તો રાજાને પણ મરજી થાય."



૩—દૃઢ સંકલ્પશક્તિ

"સાચામાં સાચું અને ખરામાં ખરું ડહાપણ તે દૃઢ સંકલ્પ છે."
—નેપોલિયન

"જેનામાં દૃઢ સંકલ્પશક્તિ નથી, તેનામાં ડહાપણ નથી."
—શેક્સપિયર

"જ્યાં દૃઢ અને નિર્ણયાત્મક આત્મા જોવામાં આવે છે ત્યાં માણસની આજુબાજુની જગા કેવી મોકળી થઇ જાય છે અને તેને જગા અને સ્વાતંત્ર્ય મળે છે તે જોતાં આશ્ચર્ય થાય છે."—જોન ફોસ્ટર

"બળવાન અને કામ કરવાની તૈયારી સાથેના હેતુવાળા માણસને ઘણા હાથ હોય છે. પોતાને ઉપયોગી થઇ પડે તેવી નજીકની દરેક ચીજ ઉપર તે પોતાનો હાથ મૂકે છે. પોતાને મળતી ભળતી વસ્તુને પોતાની તરફ ખેંચવાની તેનામાં આકર્ષણશક્તિ હોય છે."
—ટી. ટી. મંગરા

"લોકોમાં બળની ન્યૂનતા હોતી નથી પણ તેમનામાં સંકલ્પશક્તિની ન્યૂનતા હોય છે."
—વિક્ટર હ્યુગો

"'જીવવું કે મરવું' એવો જેણે નિશ્ચય કર્યો છે, તેને ભાગ્યેજ કોઈ જીતે છે. આવી ઉમદા નિરાશા મુશ્કેલી સાથે નાશ પામે છે."
—કોર્નિલ

"દરેક માણસ પોતાની કિંમત પોતાના ઉપર જાતેજ મૂકે છે અને આપણી ઇચ્છાશક્તિ મુજબજ આપણે નાના અગર મોટા હોઇએ છીએ."
—સ્માઇલ્સ

"ફતેહ મેળવવા માટે જે શક્તિ અને સંકલ્પ જોઇએ તે નહિ બતાવવાથી જીવનની મહાનમાં મહાન નિષ્ફળતાઓ ઉત્પન્ન થાય છે."
—વ્હીપલ

"ગિરદીમાં આગળ વધતા માણસ માટે જેમ લોકો સ્વાભાવિક રીતે જગા કરી આપે છે, તેજ પ્રમાણે જેનો હેતુ પોતાના કરતાં આગળ હોય છે, તેને આગળ વધવા માટે માનવજાતિ જગા કરી આપે છે."
—ડીવાઇટ

"મૂર્ખ માણસ નિરર્થક ઇચ્છાઓમાં પ્રમાદથી પડી રહે છે; ત્યારે ઇચ્છાશક્તિવાળા ડાહ્યા માણસોને માર્ગ મળે છે?"

પર્વતના શિખર પર આવેલો એક કિલ્લો ન લેવાયો ત્યારે એલેક્ઝાંડરને એક સૈનિકે કહ્યું કે, " તમારાથી તે લેવાનું નહિ બને, એ કામ અશક્ય છે."

મહાન સિંકદરે ગર્જના કરીને કહ્યું કે, " દૂર જા, જે કોશિશ કરશે તેને માટે કશું અશક્ય નથી." આ પ્રમાણે કહીને તેણે એક ટુકડીની સરદારી લઇ દુશ્મનોને હાંકી કાઢ્યા.

જે લોકો નિષ્ફળ જતા તેને સુવારો કહેતો કે, "તમારી ઇચ્છાશક્તિ પૂરી નહિ હોય." " ઇચ્છાશક્તિ પણ ફતેહનો એક માર્ગ છે" એમ તે કહેતો. "હું જાણતો નથી," " હું નહિ કરી શકું," "અશક્ય છે" એવા ઉદ્ગાર તે સાંભળતો નહિ. તે કહેતો કે, " શીખો, મહેનત કરો, પ્રયાસ કરો."

ઇજિપ્તમાં પ્લેગના દરદવાળા સૈનિકોની મુલાકાત નેપોલિયન લેતો. આમ કરીને તે એમ બતાવતો કે જે માણસને ભય નથી, જે બીતો નથી તે મહામારીનો પણ પરાભવ કરી શકે છે.

આ પ્રકારની ઇચ્છાશક્તિ શરીરને પણ મજબૂત અવલંબન રૂપ થાય છે, તેને બળ આપે છે અને તેથી અદ્ભુત કાર્ય કરવાનું પ્રોત્સાહન માણસને મળે છે. આવી ઇચ્છાશક્તિ વડે, દેખીતી રીતે મૃત્યુશય્યાએ પડેલાં માણસો ઊભાં થયાં છે અને તે વડે તેઓ અદ્ભુત પરાક્રમ કરી શક્યાં છે.

કેનેડાની સામે ચઢાઈ લઇ જવામાં જ્યારે બેરોન બર આર્નોલ્ડની સાથે જોડાયો ત્યારે તેની બિમારી ભયંકર હતી. તાવથી ભરેલો જનરલ વૂલ્ફ ટેકરી ઉપર પોતાનું લશ્કર લઇ ગયો હતો, મોન્ટકામને તેણે હરાવ્યો હતો અને અભેદ્ય કવીબેકને શરણ થવાની તેણે ફરજ પાડી હતી. પાંચ દિવસ પહેલાં તો તેણે પોતાને ઘેર નીચે પ્રમાણે લખ્યું હતું: " મારૂં શરીર તદ્દન બરાબ થઈ ગયું છે–રાજ્યની કાંઈ પણ ભારે સેવા ઉઠાવ્યા વગર તેમજ ઉઠાવવાના સંભવ વગર બરાબ થઇ ગયું છે."

ડોગ્લાસ જેરલ્ડના તબીબોએ તેને કહ્યું કે, "તું મરી જઇશ;" ત્યારે તે બોલ્યો કે, "શું હું નિરાધાર છોકરાં મૂકીને જઇશ ? હું મરીશ નહિ." તે પછી તે ઘણાં વર્ષ જીવ્યો.

લાંબા સમયની પથારી પરથી ઊઠ્યાં પછી સેનેકાએ કહ્યું હતું કે, " મારા મરણનો ઘા મારા પિતા સહન નહિ કરી શકે એ

વિચારથી હું અટક્યો અને જીવવાનો નિશ્ચય કર્યો.”

એડિનબરો યુનિવર્સિટીવાળા પ્રોફેસર જ્યોર્જ વિલ્સનની તબિયત એવી તકલાદી હતી કે કોઈને પણ એમ લાગતું નહોતું કે તે કાંઇ કરી શકશે; પણ સારામાં સારી તબિયતવાળાને પણ તેમના નિશ્ચયમાં નરમ પાડે તેવા નિરાશાજનક બનાવો બનવા છતાંયે તે એક પ્રખ્યાત પંડિત બન્યો. આફ્રત, એક પગની વાઢકાપ, ક્ષય, ભયંકર રુધિરસ્રાવ કે કોઇ પણ ચીજથી તેની દૃઢ ઇચ્છા નરમ પડી નહિ. તેના બળવાન નિશ્ચય આગળ મોત પણ ઝાંખું પડવા લાગ્યું અને બધું જ ગયા પછી પણ શરીરનો કબજો લેવાને તે સંકોચ બતાવવા લાગ્યું.

પંચાવન વર્ષની ઉંમરે સર વૉલ્ટર સ્કૉટને ૬ લાખ ડૉલરનું દેવું હતું. તેણે નિશ્ચય કર્યો કે દેવું પૂરેપૂરું આપવું.

આ દૃઢ સંકલ્પથી શારીરિક અને માનસિક અન્ય શક્તિઓ અને તેના વ્યવહારને ટેકો તથા પ્રોત્સાહન મળ્યાં. તેના શરીરના દરેક તંતુનો જવાબ એકજ હતો: “દેવું અપાવું જોઇએ.” તેના લોહીમાં એજ પ્રેરણા વહેતી હતી અને જે શક્તિથી તેની કલમ ચાલતી, તેના બળમાં વધારો કરવા માટે આજ લોહી મગજ પર જતું. તેણે સઘળું દેવું વાળી આપ્યું. તેની ડાયરીમાં તેણે લખ્યું છે કે, “મેં સખ્ત દુઃખ વેઠયું છે. વારંવાર મને એવી ઇચ્છા થાય છે કે હું એવો સૂઇ જાઉં કે ઊઠું જ નહિ, આત્મઘાત કરું;પણ હું એવા વિચારને ફાવવા દઈશ નહિ.” તેની બીજી શક્તિઓ ગઇ એમ જણાવા પછી પણ તેની બળવાન ઇચ્છા આગળ ને આગળ વધતી ગઇ. જૉન હંટર કહેતો કે, “મુશ્કેલીઓથી નિરાશ થાય એવો કોણ છે? તેવો માણસ ઘણુંજ ઓછું કામ કરશે. વિજય મેળવવાનો જેને નિશ્ચય છે, એવો કોઈ માણસ છે? આવો માણસ કદી નિષ્ફળ થશેજ નહિ.”

“ સવારના છ–હું એડવર્ડ ઇરવિંગ ખાતરીથી કહું છું કે ઈશ્વરની મહેરબાનીથી આઠ વાગ્યાથી પહેલાં હું બારાખડી શીખી જઇશ.” આ શબ્દો તેણે પોતાની ગ્રીક ડિક્ષનેરી ઉપર લખ્યા હતા તે પછી તેણે આવા શબ્દો લખ્યા:—

“ સવારના આઠ–હું, એડવર્ડ ઇરવિંગ ઇશ્વરની મહેરબાનીથી બારાખડી શીખ્યો છું.”

મિરાબોએ કહ્યું છે કે, "જે માણસને કામ કરવાની ઇચ્છા છે તેને કશુંજ અશક્ય નથી. અમુક બાબત જરૂરની હોય તો તે થવીજ જોઇએ. ફતેહ માટે આજ નિયમ છે."

એમર્સને એમ કહ્યું છે કે, "બીજા બધાની બરોબર સામે ઊતરે એવો માણસ સંભવિત છે, એમ આપણે અડધુંપડધું માનીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે ગમે તેવા બનાવોની સામે બાથ ભીડે એવો મનુષ્ય હોઇ શકે. જે જે તેની સામે આવે તેના ભાગીને ચૂરા થાય, તમને તે ગમે તેટલા ભીરુ લાગે છતાં તે તમારો પરાભવ કરી શકે એવા માણસ હોય છે."

"ઇક્લેક્ટિક" (ઉદ્ધારક) માસિકમાં એક લેખકે લખ્યું છે કે, "જગતમાં ત્રણ પ્રકારનાં મનુષ્ય હોય છેઃ–'કરીશું,' 'નહિ કરીએ' અને 'કરી શકીશું નહિ.' પહેલાં બધું જ પૂરૂ કરે છે, બીજાં દરેક બાબતમાં વિરુદ્ધ થાય છે અને ત્રીજાં દરેક બાબતમાં નિષ્ફળ જાય છે." બુલ્વર કહે છે કે, "શ્રદ્ધામાં એટલું બળ છે કે જ્યારે માનવ અને પાર્થિવ બાબતોમાં પણ જ્યાં તે હોય છે ત્યાં અમુક સમયે અશક્ય જણાતી બાબત પણ કોઇ દિવસે પોતે કરશે એવી કોઇ પણ માણસને દૃઢ માન્યતા હોય તો જીવનના અંત પહેલાં ઘણે ભાગે તે બાબત તે અવશ્ય કરે છેજ."

જેનો હેતુ અજેય છે, પરાભવ પામવો તે શું છે, એ જે જાણતો નથી અને જ્યારે પગ ભાગે ત્યારે જે લાકડીના ટેકા પર રહીને લડે છે, તે ધારે તે થઇ શકે છે, તે ધારે તે કરી શકે છે. મુશ્કેલીઓ અને વિરુદ્ધતા તેને બાળી શકતાં નથી. કનડગતથી તે પાછો હઠતો નથી અને આગળ ને આગળ તે વધ્યેજ જાય છે; તેથી તો તેને વધારે નિશ્ચયાત્મક પ્રયત્ન કરવાને પ્રોત્સાહન મળે છે. માણસને બારાખડી આવડતી હોય અને તેની સંકલ્પશક્તિ દૃઢ હોય તો પછી તેની ફતેહને કોણ રોકી શકે? ગેલિલિયોને વૈજ્ઞાનિક શોધ માટે કેદ કરશો તો કેદખાનામાં તે તણખલાથી પ્રયોગ કરશે. યુલરની આંખ લઇ લેશો તો માનસિક સિદ્ધાંતોનો સખ્ત પરિશ્રમ સાથે તે અભ્યાસ કરશે અને તે રીતે ગણિતની અદ્ભુત શક્તિનો તે વિકાસ કરશે. બેડફર્ડના ગરીબ વાસણ ઘડનારને તમે પૂરી રાખશો તો તે જગતનું સૌથી સુંદર રૂપક લખશે અગર તો તે પોતાના અમર વિચાર કેદખાનાની ભીંતો ઉપર

લખશે. વાઇકલીફનું શરીર બાળી તેની રાખ સેવર્નમાં નાખશે। તો તે રાખ સમુદ્રમાં જશે અને તેની સાથે તેના વિચારો આખી દુનિયામાં પ્રસરી જશે. જે માણસમાં ઇચ્છાશક્તિ છે, તેનું કહેલું જગત સાંભળ્યા વગર રહેશે નહિ. સૂર્યની સામે ધૂળ નાખો અને બિસ્માર્ક તથા ગ્રેન્ટ સામે ધૂળ નાખો એ બરાબર છે."

ફ્રોસ્ટ કહે છે કે, "સંપત્તિના કિનારા પ્રશસ્ત બુદ્ધિશક્તિવાળા પણ હિંમત, શ્રદ્ધા અને નિશ્ચય વગરના માણસોના તૂટલાં બોખાંથી ઢંકાયલા છે. વધારે નિશ્ચયવાળા અને ઓછી શક્તિવાળા પણ જેઓ સંપત્તિને બંદરે ઊતરેલા તેઓની આગળ તેમનો નાશ થયો છે. સેંકડો માણસો અપ્રસિદ્ધિમાં મરણ પામે છે. તેઓ અપ્રસિદ્ધિમાં મરણ પામે છે તેનું કારણ એ છે કે, પહેલો પ્રયત્ન કરવા જેટલી હિંમત તેમનામાં હોતી નથી. આવા માણસોએ જો શરૂઆત કરવાનો નિશ્ચય કર્યો હોત તો તેઓએ પોતાનાં પરાક્રમ અને ફતેહથી જગતને ચકિત કરી નાખ્યું હોત."

વિલિયમ દશ વર્ષનો પણ નહોતો અને તેની માતા મિસિસ રોસે તેને કહ્યું: "લંડન સોસાયટી ઑફ આર્ટસના એકાદ ઇનામ માટે તું ઉમેદવારી કર." "હું પ્રયત્ન કરીશ" એવો તેણે ઉત્તર આપ્યો અને વૉટ ટાઇલરના મરણને લગતા તેના ચિત્રને પહેલું ઇનામ મળ્યું. પાછળથી તે મહારાણી વિક્ટોરિયાનો ચિત્રકાર થયો અને તેને 'નાઇટહૂડ'નો ખિતાબ મળ્યો.

ચિત્રકાર થતાં થતાં કવેન્ટીન માસ્ટિસનો ઉત્સાહ ભાગી પડ્યો. તેને તેના શેઠની છોકરીનો પ્રેમ લાગ્યો હતો; પણ તેને એમ કહેવામાં આવ્યું કે, તે કોઇ વખાણવા લાયક ચિત્ર તૈયાર ન કરે ત્યાંસુધી તે તેને પરણી શકે નહિ. આથી તે એવી અજેય ઇચ્છાથી કામે લાગ્યો કે તેણે ચિત્રકળાની સુંદરમાં સુંદર કૃતિ તરીકે "માઇઝર્સ" (કંજૂસ) નામનું ચિત્ર તૈયાર કર્યું. કોઇ પણ હેતુમાં આવો આવેશ હોય ત્યારેજ અશક્ય જણાતી વસ્તુઓ પણ શક્ય બને છે.

સાહિત્યને લગતા ઉદ્યોગમાં પડવાના સંબંધમાં બાલ્ઝાકના પિતાએ બાલ્ઝાકનો ઉત્સાહ નરમ પાડી નાખવાને મહેનત કરી. તેના પિતાએ કહ્યું: "સાહિત્યમાં કાં તો માણસ ભિખારી થાય કે રાજા થાય." છોકરાએ કહ્યું: "વારૂ, ત્યારે હું રાજા થઇશ." તેના

માબાપે તેના કાતરિયામાં તેને તેના પોતાના પ્રયાસ ઉપરજ છોડી દીધેા. દશ વર્ષ સુધી સંકટ અને ગરીબી સાથે તે લડ્યો; પણ અંતે તેણે મહાન વિજય મેળવ્યેા.

ફ્રેડ્સ કેાએટનેા સુકાયલેા ચહેરેા કેાઇ જુએ તેા તેના શરીર અને મનના વિગ્રહ તથા પેાતાની ઇચ્છાશક્તિથીજ તેણે મેાતને આળી રાખ્યું હતું તે તે જોઇ શકે. પેાતાનું શરીર બગાડવાના સંબંધમાં કેાઇ મિત્રે જ્યારે તેની સાથે તકરાર કરી ત્યારે તેણે જવાબ દીધેા કે, "મારા પ્રભુ! મારૂં શરીર તેા કયારનું ગયું છે. પેટાનિયમના પાલનથીજ હું જીવી શકું છું." વિલિયમ એમ. ઇવાર્ટ્સનેા પણ તેવેાજ દાખલેા છે. અજિત ઇચ્છાશક્તિના ઉપયેાગથીજ તેના સુકાયલા શરીરમાં તે ઘણું વર્ષ સુધી જીવ ટકાવી શકયેા હતેા એમ જણાય છે. રેાબર્ટ હેાલે જ્યારે પેાતાનેા પહેલેા ઉપદેશ કર્યેા, ત્યારે તે નિષ્ફળ ગયેા અને વ્યાસપીઠ ઉપર તે બાળકની પેઠે રડવા લાગ્યેા. બીજો ઉપદેશ વળી તેના કરતાં પણ ખરાબ થયેા; પણ દૃઢ સંકલ્પશક્તિથી તે ઇંગ્લેંડનેા મેાટામાં મેાટેા વક્તા થયેા.

એક યુવાન ફ્રેન્ચ ઑફિસર "હું ફ્રાન્સનેા માર્શલ બનીશ, એક મહાન સરદાર બનીશ" એમ બેાલતેા બેાલતેા પેાતાના ઓરડામાં આંટા મારતેા હતેા. ત્યાર પછી તે એક મેાટેા સરદાર થયેા અને ફ્રાન્સના માર્શલ તરીકે મરણ પામ્યેા.

"મૅજિસ્ટ્રેટની બેન્ચ તું આટલી અસાધારણ સંભાળથી કેમ દુરસ્ત કરે છે?" એમ એક સુતારને પૂછવામાં આવતાં તેણે ઉત્તર આપ્યેા કે, "હું તે જગા ઉપર બેસું ત્યારે મને તે લીસી–સુંવાળી લાગે તે માટે." ત્યારબાદ થેાડાજ વર્ષમાં તે તે બેન્ચ ઉપર બેઠેા.

મેાટા પિટ્ટને કેાઇએ કહ્યું કે, "અમુક યેાજના અશકય છે." તેણે કહ્યું: "અશકય છે? અશકયતા ઉપર થઇને હું ચાલું છું." પાર્લામેન્ટ ઉપર તેની અસાધારણ સત્તા હતી. તેની બાદશાહી ઇચ્છાશક્તિથી મગરૂરમાં મગરૂર અમીર પણ ગભરાઇ જતા.

પેાતાનાં તેમ અન્ય પ્રજાનાં સંસ્થાનેા ઉપરની ઇંગ્લેંડની બળવાન સત્તાનું એક રહસ્ય તેની અજિત ઇચ્છાશક્તિ છે. તેની પકડ પ્રારબ્ધના જેવી છે; પણ તેને હમેશાં યાદ રહેતું નથી કે તેનાં બધાં બાળક એકજ લેાહીનાં છે. એમ ન હેાત તેા પેટ્રિક હેન્રીએ કહેલી વૃત્તિ જાગૃત કરવામાં તેણે સંકેાચ બતાવ્યેા હેાત. "શું જિ-

દગી એટલી બધી મોંઘી છે, સુલેહ અને શાંતિ શું એટલાં બધાં મીઠાં છે કે બંધન અને ગુલામગીરી પણ કબૂલ રાખીને તે ખરીદવાં ? ઈશ્વર તેવું કરે નહિ. અન્ય લોકો કયો માર્ગ લેશે તે હું જાણતો નથી. **સ્વતંત્રતા અગર મૃત્યુ એજ મારે માટે તો એક માત્ર રસ્તો છે.**" આવા જુસ્સાને લીધેજ અમેરિકન સંસ્થાનો જિતાયાં નહિ. દૃઢ સંકલ્પશક્તિવાળો ચેથામ પણ સ્પષ્ટ રીતે આ વાત સમજતો હતો. તેના પ્રધાનના કહેવા છતાં નિર્બળ, અદૃઢ, દુરાગ્રહી અને મૂર્ખ ત્રીજા જયોર્જે આ યુદ્ધમાં ઝુકાવ્યું. રાજાએ લખ્યું હતું કે, "ચાર ટુકડીઓ સંસ્થાનોને ઠેકાણે આણશે. આપણે ઘેટાં જેવાં રહીશું તો તેઓ જરૂર સિંહ થશે."

નેપોલિયન કહેતો કે, "અશક્ય એ શબ્દ મૂર્ખ લોકોના શબ્દકોષમાંજ હોય છે. જે મહાન ઇચ્છા આગળ યૂરોપ ધ્રૂજતું તે શક્તિ તેણે ગુમાવી ન હોત તો સેંટ હેલિનામાં રહેવા પહેલાં તેણે સેંટ હેલિનાના ખડક પિગળાવી નાખ્યા હોત.

જ્યારે જનરલ ગ્રેન્ટે ઉત્તરના લશ્કરની સરદારી લીધી, ત્યારે કૉન્ફિડરેટ્સે જાણ્યું કે, તેમનું આવી બન્યું છે; કારણકે તેની બળવાન ઇચ્છાશક્તિ પણ પ્રારબ્ધની પકડ જેવી હતી. "રિચમંડ તરફ ધસો" એ એનું સાંકેતિક સૂત્ર હતું. જૂના જૂના સરદાર શંકાથી માથાં ધુણાવતા; પણ દૃઢ શક્તિવાળો તે મૂંગો માણસ હારવું એ વાતજ જાણતો નહિ. તે પોતાના હેતુથી જરા પણ ડગ્યો નહિ અને લીને આખરે પોતાની તલવાર એપોમેટોક્સ આગળ તેને આપી દેવી પડી.

"લિબરેટર"ના પહેલાજ અંકમાં ગેરિસને લખ્યું હતું કે, "સાચા દિલથી હું આ કાર્ય કરૂં છું. હું શંકાશીલ નથી. હું બહાનાં બતાવીશ નહિ. એક ઇંચ પણ હું પાછળ હઠીશ નહિ અને મારૂં કહેવું સૌ સાંભળશે." આવા અડગ નિશ્ચયથી તેનું ચારિત્ર્ય રચાયું હતું; એટલુંજ નહિ પણ પ્રતિષ્ઠાના રણક્ષેત્ર ઉપર મર્યા ગયેલા લિન્કન અને ગ્રેન્ટ તથા અન્ય સહસ્ર વીરોનું ચારિત્ર્ય બંધાયું હતું. આવી ઇચ્છાશક્તિ હોવી એ બરેખર મહત્ત્વની બાબત છે.

રાજ્યક્રાંતિના યુદ્ધને અંતે કુશળ વાદવિવાદ કરનાર અને વ્યંગ્યના ઉસ્તાદ નાના પિટ્ટે ઇંગ્લેંડના પ્રધાન તરીકેના કારભારની શરૂઆત કરી. તેની રાજનીતિ ફ્રેન્ચ રાજ્યક્રાંતિની વિરુદ્ધ

હતી; પરંતુ ઘણી ફતેહો પછી ઑસ્ટરલિટ્ઝનો મોત જેવો ફટકો તેને લાગ્યો. નેપોલિયનનો વિજય સાંભળી યુરોપના નકશા તરફ આંગળી કરી તેણે કહ્યું: "તે નકશો વાળી લો. હવે દશ વર્ષ સુધી તેની જરૂર નથી." એ પછી તે મૂર્છામાં પડ્યો. તેમાંથી તે એકજ વખત જાગૃત થયો અને ધીરે ધીરે ગણગણ્યો: "અરે! મારો દેશ!" નેપોલિયનની સર્વોત્કૃષ્ટ ઇચ્છાશક્તિથી ઊંચામાં ઊંચી પંક્તિની માનસિક ઇચ્છાશક્તિવાળો આ મહાન પુરુષ દબાઈ ગયો. દિવસે દિવસના બનાવોનું બળ, મહત્ત્વ આંકી શકે તેવો તે બુદ્ધિમાન હતો. તેના કહેવા મુજબ દશ વર્ષ પછી વૉટર્લુની લડાઇ થઇ.

ડાર્વિનની ઇચ્છાશક્તિ કેવી બળવાન હતી! તેનો મંદવાડ તો હમેશનો હતો. હમેશાં તે દુઃખમાં ને દુઃખમાં રહેતો. તે જે કાંઇ સહન કરતો તે તેની સ્ત્રી સિવાય અન્ય કોઇ જાણતું નહિ. તેના છોકરાએ લખ્યું છે કે ૪૦ વર્ષ સુધી એક દિવસ પણ તેની તબિયત સારી રહેતી નહિ; છતાં તે ૪૦ વર્ષમાં ભલભલાં મન અને શરીર જેથી પાછાં હઠે તેવું કામ તેણે અવિરત કર્યા કર્યું. કોઈ પણ બાબતમાં વળગી રહેવાની તેનામાં અદ્ભુત શક્તિ હતી. પોતાની ધીરજના સંબંધમાં તે હમેશાં માફી માગતો અને પરાજય પામવો તે નિર્બળતાની નિશાની છે, એમ સમજી તે પરાજય સહન કરી શકતો નહિ. તેની એક પ્રિય કહેવત એ હતી કે, "જે આગ્રહી હોય તેજ કાર્ય કરી શકે છે." તેનાં અદ્ભુત ધૈર્ય, આગ્રહ અને સંભાળની સાબિતી એ છે કે ૨૦ વર્ષમાં "જાતિની ઉત્પત્તિ" એ લેખનું વસ્તુ તેણે એકઠું કર્યું અને "માણસની ઓલાદ" એ લેખનું વસ્તુ લગભગ ૩૦ વર્ષમાં તેણે એકઠું કર્યું.

૮૫૨ જૂની ફેશનનો માણસ હશે પણ તેણે ચાર લીટી એવી લખી છે કે જે હમેશાં અમર રહી જશે:—

"વિશ્વાસ માણસો ઉપર જય મેળવે છે, તેમના ઉપર અને તેમની અંદર પણ તે જય મેળવે છે. એક મજબૂત હૃદયની ઇચ્છા આગળ હજારો કંપે છે. એક નિર્બળ વામનજી નિર્ભયનિશ્ચયનો હોય તો તેથી લડાઇનું સ્વરૂપ બદલાઈ જાય અને નાસતા દૈત્યોને પણ વિખરાતા અટકાવી ફરી તેમને તે એકઠા કરી શકે."

૪—અવકાશના સમયમાં ઘણું બની શકે

"જીવન ઉપર તને પ્રેમ છે? એમ હોય તો સમય ગુમાવતો ના; કારણકે જીવન સમયનુંજ બનેલું છે." —ફ્રેન્કલીન

"અનંતતા પણ મિનિટની બાધ પૂરી શકતી નથી."

—એક પ્રાચીન કવિ

"કલાકોનો નાશ થાય છે અને તે આપણે નામે ચઢે છે."

—ઑક્સફર્ડના એક ઘડિયાળના ચંદા ઉપરનો લેખ

"મેં વખત ગુમાવ્યો અને સમયથીજ હું હવે ક્ષીણ બનું છું."

—શેક્સપિયર

"માણસની જિંદગીના દરેક કલાકમાં તેનાથી બને તેવું બાસ કામ કરવાનું હોય છે. આખી જિંદગીના બીજા કોઇ પણ કલાકમાં તે કામ થઇ શકે એવું હોતું નથી. એક વખત એક કલાક ગયો તો તે ગયોજ." —નાયલ પેટન

"કોઇ પણ માણસ ઉંમરમાં નાનો હોય પણ તેણે સમય ગુમાવ્યો ન હોય તો કલાકોમાં તે મોટો હોય." —બેકન

"મારૂં કહેવું બરૂં માનજો કે, તમારા સ્વપ્નમાં પણ જેનો તમને બ્યાલ નહિ હોય તેવા વ્યાજના વ્યાજ સાથે વખતની કરકસરનો લાભ તમને પાછળની જિંદગીમાં મળશે. સમય ગુમાવવાથી માણસનો માનસિક તેમ નૈતિક બાંધો, વધારેમાં વધારે—આપણે ધારીએ તેના કરતાં પણ વધારે ઊતરી જાય છે." —ગ્લેડસ્ટન

જુવાનીનો એક પણ કલાક એવો નથી કે જેમાં કાંઇ ભાવી ન હોય, એવી એક પણ પળ નથી કે જે એક વખત જાય તો ફરીથી ધારેલું કામ થઇ શકે. તપેલા લોખંડ પર એક ઘા ભૂલવામાં આવ્યો તો પછી ઠંડા લોખંડ ઉપર ઘા કરવો પડે છે." —રસ્કિન

"સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેના કોઈ સમયમાં હીરા જેવી સાઠ મિનિટથી જડેલા એ સોનાના કલાક તેને પકડવા માટે બનાવ નથી; કારણકે તે પકડાય એવા નથી. તે હંમેશને માટે ગયા છે."

—હોરેસ માન

"વર્તમાનની દૃષ્ટિ તમને મળે તો પ્રાચીન અને ભવિષ્યની દુનિયા તો તમારી આંખ આગળ ખડી થઇ જાય." —**એમર્સન**

"માણસને પોતાને વૃત્તિ હોય તો એવો કોઇ પણ ધંધો નથી, એવો કોઈ પણ ઉદ્યોગ નથી જેમાં પોતાની યુવાવસ્થાના અભ્યાસ માટે દરરોજ થોડો વખત પણ મળે નહિ." —**વટનબેક**

"સુધારણાની ઇચ્છા આપણને એટલી બધી થાય કે આપણે આપણા વખતના હાલના ઉપયોગ વિષે ગંભીરતાથી વિચાર કરવાનું શરૂ કરીએ, ત્યારે અમુક માણસને સુધારણા માટે સમય નથી એવું બહાનું અદૃશ્ય થાય છે." —**મેથ્યુ આર્નોલ્ડ**

બેન્જામિન ફ્રેન્કલીનની ન્યુસપેપરની ઑફિસ આગળ કલાક સુધી રસળનાર એક માણસે રહી રહીને પૂછ્યું કે, "પેલા પુસ્તકની શી કિંમત છે?" કારકુને જવાબ દીધો કે, "એક ડૉલર." પેલા રસળનારે કહ્યું કે, "એક ડૉલર? તેનાથી કાંઇ ઓછી કિંમત નથી?" એનો ઉત્તર એવો મળ્યો કે એક ડૉલર કિંમત છે. વેચવાની ચોપડીઓ ઉપર તે ખરીદનારે ફરી થોડી વાર નજર કરી અને વળી પૂછ્યું: "મિ૦ ફ્રેન્કલીન અંદર છે?"

કારકુને ઉત્તર દીધો કે, "હા છે. પ્રેસરૂમમાં તે ઘણા કામમાં રોકાયલા છે." તે ફરી પૂછવા લાગ્યો: "વારૂ, મારે તેમને મળવું છે." મિ૦ ફ્રેન્કલીનને બોલાવવામાં આવ્યા. તેમને પેલા માણસે પ્રશ્ન કર્યો: "મિ૦ ફ્રેન્કલીન! આ પુસ્તકની શી કિંમત છે?" તેનો તરત ઉત્તર મળ્યો કે, "સવા ડૉલર." "સવા ડૉલર? તમારા કારકુને તો હમણાં એક ડૉલર કિંમત બતાવી હતી." ફ્રેન્કલીને કહ્યું કે, "મારૂં કામ છોડી અહીં તમને જવાબ આપવા આવવું તે કરતાં એક ડૉલર લેવો વધારે સારો, એમ ધારી એક ડૉલર કિંમત રાખવામાં આવી છે. હું આવ્યો માટે સવા ડૉલર."

તે માણસ ચકિત થયેલો લાગ્યો; પણ પોતેજ શરૂ કરેલી વાત પૂરી કરવાની ઇચ્છાથી તેણે પૂછ્યું: "વારૂ, લો, આ ચોપડીની જે ઓછામાં ઓછી કિંમત હોય તે કહો." ફ્રેન્કલીને કહ્યું: "દોઢ ડૉલર." "તમે પોતે પણ હમણાં તેનો સવા ડૉલર કહેતા હતા." ફ્રેન્કલીને ઠંડે પેટે કહ્યું: "હાલ દોઢ ડૉલર લેવા કરતાં તે વખતે સવા લેવો સારો હતો. હવે તેનો દોઢ ડૉલર પડશે."

તે માણસે મૂંગે મોંએ ગલ્લા ઉપર પૈસા મૂક્યા, ચોપડી લીધી

અને ઇચ્છા પ્રમાણે વખતના પૈસા કે ડહાપણ ઉપજાવવાની કળાનો બોધજનક પાઠ આ મહાન ગુરુ પાસેથી લઇ, તે સ્ટોર છોડી ગયો. દરેક જગાએ આવા વખત ગુમાવનારા માણસો હોય છે.

યુનાઇટેડ સ્ટેટ્સની ફિલાડેલ્ફિયાની ટંકશાળમાં સોના ઉપર કામ કરવાની ઓરડીના ભોંયતળિયે લાકડાની જાળીનું એક કામ રહે છે. જ્યારે ભોંયતળિયું સાફ કરવામાં આવે છે ત્યારે તે ભૂકવામાં આવે છે અને દર વર્ષે હજારો ડોલરના સોનાની ભૂકીના ઝીણા કણ આ રીતે બચે છે. આવીજ રીતે દિવસના કેટલાક રહ્યાસહ્યા ભાગ જેને કેટલાક લોકો જિંદગીના ઘસારામાં કાઢી નાખે છે, તે પકડવાને દરેક ફૂતેહમંદ માણસ પાસે એક જાતનું જાળીકામ હોય છે. દરેકે દરેક કુટકળ મિનિટ, અર્ધા અર્ધા કલાક, મળવાની આશા ન હોય તેવા તહેવાર, બે વખતની વચ્ચેના ગાળા અને નિયમિત નહિ આવનાર માટે રાહ જોવી પડે તે વખતનો જે સંગ્રહ કરે છે અને સદુપયોગ કરે છે તે એવાં પરિણામ મેળવે છે કે, જે લોકોએ આ રહસ્ય ઉપર પ્રભુતા મેળવી નથી, તેમને ચકિત કરે છે.

એલિહુ બ્યુરિટે કહ્યું છે કે, "મેં જે કાંઇ કર્યું છે, કરવા ધારૂં છું, અગર કરવાની આશા રાખું છું, તે જે શ્રમયુક્ત, ધીરજભરેલા આગ્રહયુક્ત ઉદ્યોગથી ફીડિયારાં થાય છે તે રીતે, અણુ અણુથી, કણ કણથી, વિચાર વિચારથી અને વિગતે વિગતથી મેં કર્યું છે અને કરીશ. મને ઉચ્ચમાં ઉચ્ચ ઉત્સાહયુક્ત કોઇ મહત્ત્વાકાંક્ષા થઇ હોય તો તે, જેને પળ કહે છે તેવા સમયના અમૂલ્ય વિભાગનો ઉપયોગ કરવાને લગતો દાખલો મારા દેશના યુવકો આગળ રજૂ કરવાને લગતી આશા છે."

પાર્લામેન્ટમાં બર્કનું ભાષણ સાંભળી વિચારમાં પડી ગયેલા એક ભાઇએ કહ્યું: "કુટુંબની સઘળી શક્તિઓ એનામાં શી રીતે આવી તે સંબંધી મને આશ્ચર્ય થાય છે; પણ વળી મને યાદ છે કે, જ્યારે અમે રમતા હતા ત્યારે તે હંમેશાં કામ કરતો હતો."

દિવસો મિત્રના વેશમાં આપણી સમીપ આવે છે. અને કુદરતના અદૃશ્ય હસ્ત તરફથી અમૂલ્ય બક્ષિસ લાવે છે; પણ તેમનો આપણે ઉપયોગ કરીએ નહિ તો તે મૂંગા મૂંગા જતા રહે છે અને ફરી પાછા આવતા નથી.

એક પછી એક આવતી દરેક સવાર નવી નવી બક્ષિસો લાવે છે; પણ ગઇ કાલ અગર પરમ દિવસે આવેલી બક્ષિસોનો લાભ આપણે ન લીધો, તો તેનો લાભ લેવાને દિનપ્રતિદિન આપણે ઓછા શક્તિમાન થતા જઇએ છીએ અને છેવટે તે બક્ષિસોનું મહત્વ વિચારી તેનો ઉપયોગ કરવાની આપણી શક્તિ ખૂટી જાય છે. ઘણા-જ ડહાપણથી કહેવામાં આવ્યું છે કે, **ખોયેલી મિલકત, ઉદ્યોગ અને કરકસરથી ગુમાવેલું જ્ઞાન, અભ્યાસથી ગુમાવેલું આરોગ્ય એ સર્વ મિતાચાર અને ઔષધથી પાછું મળે છે; પણ ગયેલો વખત પાછો મળતો નથી.**

"હવે તો જમવાના વખતને પાંચદસ મિનિટ બાકી છે, હવે કાંઇ પણ કામ કરવાનો વખત નથી." આ શબ્દોનો ઘણોજ ઉપયોગ કુટુંબોમાં થાય છે; પણ વખતના ભાગ્યાતૂટ્યા જે ટુકડાઓ ઘણા ફેંકી દે છે તેમાંથી ભાવી વગરના છોકરાઓ કેવાં કેવાં મહાન કાર્ય કરે છે! જે કલાકો તમે ગુમાવ્યા છે તે સુધાર્યા હોય તો તમને વિજય મળ્યો હોત.

એક બાઇ કહેતી હતી કે, "અંડોવરના વિદ્યાર્થીઓ બોર્ડિંગ હાઉસના નાસ્તા માટે રાહ જોતા, તેઓ એકબીજા સાથે ઠઠ્ઠામશ્કરી કરતા ત્યારે એક અર્ધી મિનિટ પણ અવકાશ હોય તો જોસફ ફૂક ઓરડીમાંની મોટી ડીક્ષનેરી તરફ જતો અને કોઇ શબ્દોનો સમ-શબ્દ અગર વ્યુત્પત્તિ શીખવાને યત્ન કરતો. જોસફ ફૂકે ડીક્ષનેરી ગોખી મારી છે એમ કહેવું સહેલું છે અને માલ વગરના માણસો તેવી ટીકા કરે છે; પણ આપણા જમાનામાં તેના કરતાં વધારે ઉમદા પ્રતિભાવાળા અગર સાચી સ્વસુધારણાના ભવ્ય આદર્શ-રૂપ માણસો નીકળ્યા નથી."

મેરિયન હાર્લેન્ડે અદ્ભુત કાર્ય કર્યું છે. જ્યારે પોતાનાં છોકરાં સૂતાં હોય અને તેને અવકાશ હોય ત્યારે નવલકથાના લેખોની રચના કરવામાં મિનિટે મિનિટની કરકસર કરી તે આ કાર્ય કરી શકી છે. તેણે જે કે આટલું બધું કર્યું છે પણ કુટુંબની પોતાની નિયમિત ફરજો ઉપરાંતના કામથી, જે વિક્ષેપોને લીધે બીજી સ્ત્રીઓ વેગળે નાઠી હોત, તેવા ઘણા વિક્ષેપો આખી જિંદગી સુધી તેને નડ્યા હતા. તેણે સાધારણ બાબતનું પણ જે ગૌરવ વધાર્યું છે, તે બીજા કોઇએ વધાર્યું નથી. ઘરની દાબી દેતી ચિંતાઓની વચ્ચે હેરિયટ બીચર સ્ટોએ પોતાનું મહાન પુસ્તક "અંકલ ટોમ્સ

કેબીન" લખ્યું હતું.જમવાને જેટલી વાર હોય તેટલા સમયમાં તે બીચર ફ્રાઉડનું "ઇંગ્લેંડ" નામનું પુસ્તક વાંચતી. દરરોજ દસ મિનિટ મેળવીને, પોતાની કૉફી ઊકળતી હોય તે સમયમાં, ઘણાં વર્ષ સુધી કામ પૂરું થાય ત્યાંસુધી આગ્રહ રાખી લૉંગફેલોએ "ઈન્ફર્નો" નો તરજુમો કર્યો હતો.

સલાટ તરીકે સખ્ત મહેનત કરતાં હ્યુ મિલર વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવા માટે અને પથ્થરના જે કકડાથી તે કામ કરતો તેમાંથી મેળવેલા બોધપાઠ લખવાને માટે વખત મેળવતો.

મડમ દ. જેનલિસ ફ્રાન્સનાં ભવિષ્યનાં રાણીની સાહેલી હતી, ત્યારે શિક્ષણ આપતાં દરરોજ કેટલીક વાર તેને રાહ જોઇ બેસી રહેવું પડતું. આ વખતમાં તેણે પોતાનાં ઘણાં સુંદર પુસ્તક લખી કાઢ્યાં હતાં. બેતરમાં કામ કરતાં કરતાં બર્ન્સે પોતાનાં સૌથી સુંદર કેટલાંક કાવ્ય રચ્યાં હતાં. "પેરેડાઇઝ લૉસ્ટ" નો કર્તા શિક્ષક હતો, કૉમનવેલ્થનો તેમજ પ્રોટેક્ટરેટનો સેક્રેટરી હતો અને પોતાના ઉદ્યોગી જીવનમાંથી જે કાંઇ વખત મળે તેમાં તે પોતાનાં દિવ્ય કાવ્ય લખતો. ઇસ્ટ ઇંડિયા હાઉસમાં જૉન સ્ટુઅર્ટ મિલ જ્યારે કારકુન હતો, ત્યારે લેખક તરીકે પોતાનું સારામાં સારૂ કામ તેણે કર્યું હતું. ગેલિલિયો સર્જન હતો પણ તેના અવકાશના સમયના ઉપયોગથી જગતને મોટામાં મોટી કેટલીક શોધો મળી છે.

ગ્લેડસ્ટન જેવો પ્રતિભાશાળી માણસ પણ જ્યારે પોતાની કોઇએક અણુધારી અવકાશની મિનિટ વૃથા ન જાય તે માટે પોતાના ગજવામાં એક નાની ચોપડી રાખતો, તો આપણે સાધારણ માણસોએ પોતાનો કિંમતી સમય નકામો ન જાય તે માટે શું ન કરવું જોઇએ? સમયના નાનામાં નાના ટુકડાનો ગ્લેડસ્ટન જેવા વૃદ્ધ મહાન પુરુષો ઉપયોગ કરે અને હજારો યુવાન સ્ત્રીપુરુષો આખા મહિનાના મહિના અને વર્ષનાં વર્ષ વૃથા નાખી દે તેમને તે મહાન નરની જિંદગી પરથી કેવો ઠપકો મળે છે? બીજા માણસો જેઓ પોતાની નિષ્ફળતાથી આશ્ચર્ય પામે છે અને જેઓ પોતાને કુટકળ વખત મળે તે ફેંકી દે છે, તેવાજ વખતના સદુપયોગથી ઘણાએ માણસોએ પોતાની આબરૂ મેળવી છે. ડેન્ટીના વખતમાં ઇટલીનો દરેક સાહિત્યપ્રેમી નર, મહેનતુ વ્યાપારી, વૈદ્ય, રાજદ્વારી, ન્યાયાધીશ અગર સૈનિક હતો.

જ્યારે મિકાયલ ફેરાડે પુસ્તકો બાંધતો તે વખતે અવકાશનો વખત તે પ્રયોગો કરવામાં ગાળતો. એક વખતે તેણે પોતાના મિત્રને લખ્યું હતું કે, "મારે જે જોઇએ છે તે વખત છે. હાલના 'જેન્ટલમેન' લોકનો કેટલોક અવકાશનો સમય મને સસ્તે ભાવે વેચાતો મળે તો તે પણ હું ખરીદી લઉં."

અવિરત ઉદ્યોગમાં ચમત્કાર બતાવવાની કેવી શક્તિ છે!

'એલેક્ઝાંડર ફોન હુંબોલ્ટ દિવસના ભાગમાં પોતાના ધંધામાં એટલો રોકાયલો રહેતો કે, તેને પોતાના વૈજ્ઞાનિક પ્રયોગો રાત્રે અગર સવારમાં વહેલા જ્યારે બીજા લોકો સૂતેલા હોય ત્યારે કરવા પડતા.

ક્ષુદ્ર બાબતોમાંથી એક કલાક પણ બચાવવામાં આવે અને તેનો સદુપયોગ થાય તો સાધારણ શક્તિનો કોઇ માણસ કોઇ ગમે તે એક વિજ્ઞાનશાસ્ત્રનું પૂરું જ્ઞાન તેવડે મેળવવાને શક્તિમાન થાય. **દરરોજના એક કલાકના સદુપયોગથી દશ વર્ષમાં ગમે તેવો અજ્ઞાની માણસ પણ સારા જ્ઞાનવાળો થઈ શકે. દિવસના એક કલાકની કમાણીથી બે દૈનિક, બે અઠવાડિક, બે આગેવાન માસિક અને ડઝનેક સારી ચોપડીઓ ખરીદી શકાય.** એક કલાકમાં એક છોકરો અગર છોકરી વિચારપૂર્વક ૨૦ પાનાં અને એક વર્ષમાં ૭૦૦૦ પાનાં અગર ૧૮ મોટાં પુસ્તકો વાંચી શકે. **"માત્ર નિર્વાહ" કરી જાણનાર મનુષ્ય આ પ્રમાણે દિવસના એક કલાક માત્રના ઉપયોગથી પોતાના જીવનને "ઉપયોગી અને સુખી જીવન" માં ફેરવી શકે છે.** દિવસનો એક કલાક આવી રીતે એક અપ્રસિદ્ધ માણસને પ્રસિદ્ધ અને એક નિરુપયોગી માણસને પોતાની જાતિનો હિતૈષી કરી શકે અને કરી શકે છે, ત્યારે ઠઠ્ઠામશ્કરીની ચાલુ અશ્રાંત ઇચ્છામાં આપણાં યુવાન સ્ત્રીપુરુષો, બે, ચાર કે છ છ કલાકો દરરોજ ફેંકી દે છે, તેના ભાવી પરિણામનો તો વિચાર કરો! પોતાનો અવકાશનો સમય ગાળવા માટે, પોતાને અવકાશ હોય ત્યારે આનંદ સાથે તે અવકાશ ગાળી શકાય તે માટે, દરેક માણસને કોઇ ને કોઇ કામની ધૂન હોવી જોઇએ. પોતાના હરરોજના કામને ને તેને નિસ્બત હોય કે ન હોય, પણ તેનું હૃદય તો તેમાં હોવું જોઇએ. એક પથ્થર વહેરનારને પતંગિયાંનીજ ધૂન હતી. જ્યારે તે મરી ગયો ત્યારે

દુનિયામાં સારામાં સારો પતંગિયાંનો સંગ્રહ તેની પાસે હતો !

જે માણસની પસંદગી ડહાપણ ભરેલી અને વિવેકપુરઃસરની હોય તો આવી ધૂન માટે પણ જે અભ્યાસ, જે સંશોધન અને જે ઉદ્યોગ કરવો પડે છે, તેથી ચારિત્ર્ય વિશાળ થાય છે અને ઘરનું રૂપ ફરી જાય છે.

બર્ક કહે છે કે, "આળસ વગર માણસને કોઇ અટકાવી શકતું નથી. આળસ માણસનો સઘળો વખત સંપૂર્ણ રીતે લઇ લે છે અને કોઇ પણ ઉદ્યોગથી માણસ પરાધીન બને તેના કરતાં તે વધારે પરાધીન આળસ વડે થાય છે."

થોડી થોડી કરકસર કે જેનો બીજા તિરસ્કાર કરે છે, તે વડે જેમ કોઈ માણસ પોતાની દોલતનો સંગ્રહ કરે છે, તેવી રીતે જે જૂજ જૂજ વખત બીજા બેદરકારીથી ફેંકી દે છે, તે વખતમાં કેટલાક છોકરા કેળવણી મેળવી શકે છે. સ્વસુધારણા માટે દિવસનો એક પણ કલાક ન મળે એવો ધંધામાં રચ્યોપચ્યો રહેતો કયો યુવક છે ?

વર્મન્ટના પ્રખ્યાત મોચી ચાર્લ્સ સી. ક્રોસ્ટે દિવસનો એક કલાક અભ્યાસ કરવામાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો. યુનાઇટેડ સ્ટેટ્સના સર્વથી પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રીઓમાં તેની ગણના થઇ અને જ્ઞાનના અન્ય પ્રદેશમાં પણ તેણે ઈર્ષ્યાજનક સન્માન મેળવ્યું. નેપોલિયનની માફક જૉન હંટર પણ ચાર કલાકજ સૂતો. તુલનાત્મક શરીરછેદનશાસ્ત્રના જે ૨૪૦૦૦ નમૂનાઓ હંટરે મહામહેનતે એકઠા કર્યા હતા, તે ગોઠવવાને તેમજ તેનું વર્ગીકરણ કરવા માટે પ્રોફેસર ઓએનને દસ વર્ષ થયાં હતાં. સુતારકામ કરતાં કરતાં અભ્યાસની શરૂઆત કરનારનો આ કેવો અસાધારણ દાખલો !

જે લોકોને તેનો વખત લેવાને કાંઇ પણ હક્ક નહોતો અને જેઓ તેનો વખત લેતા, તેમને માટે કડવી ફરિયાદ કરનારા એક ઇટાલિયન પંડિતે પોતાના બારણા ઉપર નીચેનો લેખ મૂક્યો હતોઃ "જે અહીં ઊભો રહે તેણે મારી મહેનતમાં ભાગ લેવો." કાર્લાઇલ, ટેનિસન, બ્રાઉનિંગ અને ડિકન્સ તેમના કામમાં ખલેલ પહોંચાડનાર વાદ્ય વગાડનારાઓ સામે ફરિયાદ ઉઠાવતા. બેકસ્ટરને ત્યાં કેટલાંક માણસ મળવા આવ્યાં. તેઓ બોલ્યાંઃ "અમે

તમારો વખત લીધો છે એમ અમને લાગે છે.” કંજૂસ જેમ સુવર્ણ એકઠું કરે છે તેમ પોતાની ક્ષણોનો સંગ્રહ કરનાર એકસ્ટરે ઉત્તર દીધોઃ “ખરેખર, તમે વખત લો છો.”

કવિ મિલ્ટન કહેતો કે, “મારી સવારની ફરવાની જગા મારું ઘર છે. સૂવાને અગર અનિયમિત મિજબાનીનો ખોરાક પચાવવાને માટે નહિ, પણ ઊઠીને જાગૃત રહેવા માટે શિયાળામાં માણસોને કોઇ પણ સિસોટી કે ઘંટનો અવાજ મહેનત અગર ભક્તિ કરવા માટે જગાડે તે પહેલાં, ઉનાળામાં જ્યાંસુધી થાકી જવાય નહિ અગર યાદદાસ્ત ઉપર પૂરતો બોજો આવી જાય નહિ ત્યાંસુધી, સારા લેખકોને વાંચવા અગર વંચાવવા માટે અને સૌથી વહેલાં જાગતાં પક્ષીઓની સાથે ઊઠવા પછી ઉપયોગી મહેનતથી અને ઉદારતાવાળા પરિશ્રમથી આરોગ્ય અને મજબૂતી જાળવવા માટે એ સમય અને સ્થળ મને ઘણુંજ ઉપયોગી છે.”

એક સ્થળે વેલિંગ્ટન કહે છે કે, “જ્યારે માણસ પથારીમાં હાલવા માંડે છે, ત્યારે પથારીમાંથી ઊઠવાનો તેનો વખત થયો છે એમ જાણવું જોઇએ.”

ઘણા લોકો જે વખત ગુમાવે છે, તે વખતમાં ઇતિહાસમાંના ઘણા મહાનમાં મહાન પુરુષોએ પોતાના હમેશના ધંધાની બહાર પણ કીર્તિ મેળવી છે. સ્પેન્સર જ્યારે આયર્લેંન્ડનો સેક્રેટરી હતો ત્યારે એવા અવકાશના સમયમાંજ તેણે પોતાની પ્રતિષ્ઠા સંપાદન કરી હતી. સર જૉન લબકે પોતાની કીર્તિ ઐતિહાસિક સમયના પહેલાંના વખતના અભ્યાસથી મેળવી હતી. બેંકની રોકાણના પોતાના વખતની બહાર તે આ કામ કરતો. સઘે એક મિનિટ પણ સુસ્ત રહેતો નહિ. તેણે સો પુસ્તકો લખ્યાં છે. હૉથોર્નની નોટબૂક ઉપરથી જણાય છે કે તે એક પણ પ્રસંગ, એક પણ વિચાર કે એક પણ સંજોગ ખાલી જવા દેતો નહિ.

ફ્રેન્કલીન અવિશ્રાંત પરિશ્રમ ઉઠાવનાર મહાન પુરુષ હતો. પોતાને જમવાનો તથા ઊંઘવાનો વખત તે એટલી મર્યાદામાં રાખતો કે જેથી તેને અભ્યાસનો વખત મળી શકે. જ્યારે તે બાળક હતો ત્યારે તે જમવાના વખતની તેના પિતાની લાંબી લાંબી પ્રાર્થનાઓથી કંટાળી જતો અને એક સામટી પ્રાર્થના કેમ ન કરી લેવી એમ તે કહેતો. ‘નૌકાશાસ્ત્રનો સુધારો’ અને

'ધુમાડાવાળી ચીમનીઓ' એવા વિષયના કેટલાક સારામાં સારા લેખ તેણે વહાણ ઉપર લખ્યા હતા.

પોતાની ગુમાવેલી જિંદગી માટે, વખત ન હતો એવાં બહાનાં કાઢનારને માટે, રેફેલની ૩૭ વર્ષની ટૂંકી જિંદગી એક મહાન બોધરૂપ છે.

મહાન સ્ત્રીપુરુષ સમયનાં ઘણું કંજૂસ હોય છે. સીસેરો કહેતો કે, "બીજા લોકો જે વખતનો ઉપયોગ જાહેર તમાશા અને રમતગમત માટે કરે છે અગર તો માનસિક કે શારીરિક વિશ્રાંતિમાં ગાળે છે, તે હું તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ગાળું છું." પોતાને જમવાની વાર હોય તેવા અવકાશના સમયમાં ફ્રાંસના એક મહાન ચેન્સેલરે એક કિંમતી પુસ્તક લખ્યું હતું. ઇંગ્લેંડના ચેન્સેલર તરીકેના કામમાંથી અવકાશ મળે તે સમયના કામમાંથી બેકને કીર્તિ મેળવી હતી.

એક મહાન રાજકર્તાની મુલાકાત વખતે ગેટે એકદમ માફી માગી જોડેના ઓરડામાં ગયો અને પોતાના "ફોસ્ટ" માટેનો એક વિચાર પોતે ભૂલી ન જાય તે માટે તેણે લખી લીધો. એક દવા બનાવનારા કાતરિયામાં મેળવેલા અવકાશના સમયમાં ગ્રોટેએ ગ્રીસનો અપ્રતિમ ઇતિહાસ લખ્યો.

ક્ષણો સોનાની હોય તેમ સ્ટીવન્સન તેનો ઉપયોગ કરતો. પોતાના અવકાશના સમયમાંજ તેણે કેળવણી લીધી અને પોતાનું સારામાં સારૂં કામ કર્યું. જ્યારે તે એન્જિનિયર હતો, ત્યારે રાત્રીના બદલીના વખતમાં તે અંકગણિત શીખ્યો. એક પણ પળનો સદુપયોગ કર્યા વગર મોઝાર્ટ તે પસાર થવા દેતો નહિ. કેટલોક વખત તો તે કાંઈ પણ ગાળો પડવા દીધા સિવાય બે આખી રાત્રીઓ અને એક દહાડો લખ લખ કરતો. ઊંઘી શકાય તેટલો વખત પણ તે પોતાનું કામ બંધ કરતો નહિ. "રિકવાયમ" નામનો પોતાનો લેખ તેણે મરણ પથારી ઉપર લખ્યો હતો.

સીઝર કહેતો કે, "ઝનૂનીમાં ઝનૂની લડાઇમાં મારા તંબૂ નીચે બીજી ઘણી બાબતો વિષે વિચાર કરવાનો મને વખત મળ્યો છે." એક વખતે તેનું વહાણ ભાગી ગયું હતું અને તરીને તે બહાર આવ્યો હતો; પણ તેણે પોતાની "કોમેન્ટરી"નો હસ્તલેખ પોતાની પાસે રાખ્યો હતો. વહાણ ડૂબતું હતું તે વખતે પણ

તે લખવામાંજ રોકાયલો હતો !

સેમ્યુઅલ બડઘેટ કામ કરવાનેજ જન્મ્યો હોય એમ જણાતું હતું.તેનું ચરિત્ર લખનાર કહે છે કે, તે હમેશાં કાંઇ ને કાંઇ કાર્ય કર્યાજ કરતો. કુદરત શૂન્યતાનો જે તિરસ્કાર કરે છે તે કરતાં સુસ્તીનો તે વધારે તિરસ્કાર કરતો. સુસ્તીનો એક પણ કલાક તેને મન નરક સમાન લાગતો. એવા એકાદ કલાક માટે તે પોતાની નોંધપોથીમાં "આનંદ અને સુખ વગરનો" લખે છે તેમાં જરા પણ આશ્ચર્ય નથી; તે ઉમેરે છે કે, "તે દિવસે સાડાપાંચ પહેલાં હું ઊઠતો નહિ,"

લંડનમાં દરદીઓને જોવા જતાં જતાં ડૉ. મેસને હ્યુકેશિયસનો તરજુમો કર્યો હતો. જ્યાં હોય ત્યાં કાગળના કટકા ઉપર પોતાના વિચાર લખી ડૉ. ડાર્વિને પોતાના લેખ લખ્યા હતા. ગણિતનાં ઓજારો બનાવવાના પોતાના ઉદ્યોગમાં કામ કરતાં કરતાં પણ વોટ રસાયનશાસ્ત્ર અને ગણિત શીખ્યો હતો.

ઇંગ્લેંડમાં મેન્ચેસ્ટરનો એક છોકરો બેપિયાનું કામ કરતાં કરતાં લેટિન અને ફ્રેંચ શીખ્યો હતો. એક વકીલની ઑફિસ કે જ્યાં હેન્રી કર્ક વ્હાઇટ અભ્યાસ કરતો હતો ત્યાંથી જતાંઆવતાં તે ગ્રીક શીખ્યો હતો. ડૉ બર્ની ઘોડાની પીઠ ઉપર ઇટાલિયન અને ફ્રેંચ શીખ્યો હતો. ન્યાયાધીશ તરીકેની પોતાની સરકીટમાં ફરતાં મેથ્યુ હેલે પોતાનાં ચિંતન લખ્યાં હતાં.

એક જરા પણ વખત જાય તે જેરેમિ બેન્થામને એક આફતસમાન લાગતું અને પોતાના કામની તે એવી ગણતરી કરતો કે એક પળ પણ નકામી જાય નહિ.

હાલનો વખત "વર્તમાન" કાચો પદાર્થ છે. તેમાંથી આપણે ચાહીએ તે બનાવી શકીએ તેમ છીએ. ભૂતકાળ વિષે બહુ વિચાર ન કરતા, ભાવીનાં સ્વપ્ન આણતા નહિ. હાલની પળનોજ ઉપયોગ કરો અને તેમાંથીજ બોધ ગ્રહણ કરો. એક કલાકનું પણ જે ખરું માપ લે છે અને જેને તેની કિંમતનો ખરો ખ્યાલ છે તેવો માણસ હજુ જન્મ્યો જોવામાં આવ્યો નથી. ફેનલોન કહે છે તે પ્રમાણે **એકી વખતે ઈશ્વર એકજ પળ આપે છે અને જ્યાં સુધી તે જાય નહિ ત્યાંસુધી બીજી મળતી નથી.**

એક મિનિટ પણ નકામી જાય તે લૉર્ડ લૉહામ સહન કરી

શકતો નહિ; પણ તે એવો નિયમિત કામ કરનાર હતો કે તે જે કામ કરતો તેનો થોડો પણ ભાગ નહિ કરનાર ઘણાં માણસો કરતાં તેને વધારે ફુરસદ હોય એમ જણાતું. અને આમ એક પણ મિનિટ વ્યર્થ નહિ જવા દેતા, તેનો સદુપયોગ કરી તેણે રાજ-પ્રકરણ, કાયદા, વિજ્ઞાન અને સાહિત્યમાં નામના મેળવી હતી.

પોતાની માતાની ઉત્તરક્રિયાના ખર્ચ માટે એકજ અઠવાડિયાની સાંજે સાંજે "રાસેલાસ" નામનું પુસ્તક લખી ડૉ જૉન્સને તે પૂરૂં કર્યું હતું.

શાણો કેટો કહેતો કે પોતાની જિંદગીમાં ત્રણ ચીજો માટે તે દિલગીર થતો. પોતાની સ્ત્રીને ખાનગી વાત કહેવા માટે, જમીન માર્ગે જઇ શકાય એવું છતાં દરિયામાર્ગે જવા માટે અને કાંઇ પણ કર્યા સિવાય એક દિવસ પસાર કરવા માટે.

બધું કામ કરતાં કરતાં અવકાશના સમયમાં લિંકને કાયદાનો અભ્યાસ કર્યો હતો અને સ્ટોરનું રક્ષણ કરતા કરતાં તેની સાધારણ શાખાઓને લગતું કામ કોઇની પણ મદદ વગર તે શીખ્યો હતો. મિસિસ સોમરવિલનાં પાડોશીઓ જ્યારે નકામાં ગપ્પાં મારીને વખત ગુમાવતાં હતાં ત્યારે તે વનસ્પતિશાસ્ત્ર અને ખગોળવિદ્યા શીખતી હતી. ૮૦ વર્ષની ઉંમરે તેણે અણુઓને લગતું તથા સૂક્ષ્મદર્શક યંત્રને લગતું વિજ્ઞાન પ્રસિદ્ધ કર્યું હતું.

ગુમાવવામાં આવેલા કલાકમાં, કલાક ગુમાવ્યો તે ખરાબમાં ખરાબ નથી પણ તેટલી શક્તિ ગુમાવી તે છે. સુસ્તીથી જ્ઞાનતંતુ કટાય છે અને સ્નાયુઓ તતડે છે. કામમાં કાંઇ નિયમ હોય છે; સુસ્તીમાં હોતો નથી. બીજા દિવસના કામની યોજના ન થાય ત્યાંસુધી પ્રેસિડન્ટ કવીન્સી સૂતો નહિ.

ડાલ્ટનનો ઉદ્યોગ તે તેની જિંદગીના આવેશરૂપ હતો. તેણે વાયુચક્રશાસ્ત્રને લગતાં બે લાખ અવલોકન કર્યાં હતાં અને નોંધ્યા હતાં. એક ક્ષણ પણ તે ભાગ્યેજ ગુમાવતો.

કાપડ બનાવવાના કારખાનામાં એક તૂટેલો દોરો આખા તાકાને ખરાબ કરે છે. જે છોકરા અગર છોકરીએ તે ભૂલ કરી હોય છે તેને શોધી કાઢવામાં આવે છે અને તેથી થયેલું નુકસાન તેના પગારમાંથી કાપી લેવામાં આવે છે; પણ જિંદગીના તાકા-માંના તૂટેલા તારનું નુકસાન કોણ આપશે? ખાલી કાંઠલો આપણે

પાછો ફેંકી શકીએ નહિ. આપણે આપણા ભાવીરૂપ તાકો ગૂંથીએ છીએ ત્યારે એ હિલચાલની વાંસે કોઇ તાર ફરે છે. ગુમાવેલા કલાક અગર ગુમાવેલી તકનો તૂટેલો તાર આખી બનાવટને નુકસાન કરે અને કારીગરને પણ ખેદ પમાડે તેવો નીવડે છે. વળી આ તાર સોનાનો પણ હોય. તે તેના સૌંદર્ય અગર પ્રકાશમાં વધારો કરે. આપણે કાંઠલો અટકાવી શકીએ નહિ અગર તો તે બનાવટની આજુબાજુનો કમનસીબ દોરો જે આપણી મૂર્ખતાના નિત્ય પ્રમાણરૂપ છે તે આપણે ખસેડી શકીએ નહિ. **વખત મળે, એ વિચારથી સારાં કામ કરવાનું મુલતવી રાખતા નહિ;** કેમકે અવકાશના વખતમાં થોડુંજ સારૂ કામ થઇ શકે છે અને જે સ્ત્રીપુરુષો કામમાંજ રચ્યાંપચ્યાં રહે છે તેઓજ હોસ્પિટલો, દેવાલયો અને અનાથાશ્રમો બંધાવી શકે છે અને દુનિયાની મોટામાં મોટી સખાવતો કરી શકે છે.

કોઈ પણ યુવાન માણસ જ્યારે ધંધામાં લાગેલો હોય છે, ત્યારે તેને માટે કોઇ ચિંતાતુર હોતું નથી; પણ તે બપોરે ક્યાં ખાવા જાય છે? રાત્રે બોર્ડિંગ હાઉસ તે છોડે છે ત્યારે તે ક્યાં જાય છે? વાળુ કર્યા પછી તે શું કરે છે? તેના રવિવાર અને તહેવારો તે ક્યાં ગાળે છે? પોતાનો અવકાશનો સમય તે શામાં ગાળે છે, તે ઉપરથીજ તેનું ચરિત્ર જણાઇ આવે છે. યુવાનોનો ઘણો મોટો ભાગ વાળુ કર્યા પછીના વખતમાં બગડે છે. જેઓ માન અને કીર્તિ મેળવે છે, તેઓમાંના ઘણાક પોતાની સાંજ અભ્યાસ, કામ અગર શાણા અને સજ્જનની સોબતમાં ગાળે છે. આ પુરસદના કલાક જેને આપણે જિંદગીનો ઘસારો (વેસ્ટ) કહીએ છીએ, તેને માટે સાધારણ રીતે ગુમાવેલી ફુટકળ પળો માટે, લેખક દરેક યુવાનને સાવધ રહેવા વિનતિ કરે છે. યુવાન મનુષ્યની જિંદગીમાં દરેક સાંજ એ એક બારીક સંજોગ છે. વ્હીટિયરની નીચેની પંક્તિઓમાં ઊંડો અર્થ રહેલો છેઃ—

"આજેજ આપણે આપણું પ્રારબ્ધ રચીએ છીએ. આપણું પ્રારબ્ધ આપણે ગૂંથીએ છીએ. ભાવીને માટે આજેજ આપણે પવિત્રતા અગર પાપ પસંદ કરીએ છીએ."

સમય એજ દ્રવ્ય છે. આપણે તેના ઉપયોગમાં કંજૂસ અગર

હલકા ન થવું જોઈએ; પણ આપણે રૂપિયાનો એક ચેક ફેંકી દેતા નથી તેમ સમય ફેંકી દેવો જોઇએ નહિ; કેમકે વખત ગુમાવવો એ બળ, ચૈતન્ય અને ચારિત્ર્ય ગુમાવવાની બરાબર છે. વખતનો નાશ કરતાં પહેલાં ચેતો; કારણકે તમારૂં સઘળું ભવિષ્ય તે ઉપર રહેલું છે.

સ્મરણને લગતાં અનેક કાવ્ય કવિઓ રચે છે, આશા વડે કવિતાની અનેક પંકિતઓ લખવા માટે તેમને પ્રેરણા થાય છે; પરંતુ "વર્તમાન કાળ માટે કોણ પોતાના સંગીતનો ઉપયોગ કરે છે?"

જ્યારે યૌવન અને આરોગ્ય જોઈએ તેવાં હોય ત્યારે ભૂત-કાળ માર્ગદર્શક થાઓ, ભવિષ્ય આશાજનક રહો; પરંતુ તમારી વધારેમાં વધારે ચિંતાનો ગંભીર વિષય **વર્તમાન** રહો.

એડવર્ડ એવેરેટ કહે છે કે, "દરેક શક્તિની ખીલવણીથી સુધારણાની દરેક તકની તપાસ ગરુડની તીક્ષ્ણ દૃષ્ટિ રાખીને, વખત બચાવીને, લાલચને તરછોડીને અને વિષયસુખનો ત્યાગ કરીને પોતાની જાતને ઉપયોગી, સન્માનપાત્ર અને સુખી કરવી એ માણસના પોતાના હાથમાં છે."



૫—પ્રતિકૂળ સંયોગોમાં મુકાયલા યુવાનો

"આપણી જે કામ ઉપર પ્રીતિ છે, તે કામ કરવા માટે આપણે વેળાસર ઊઠીએ છીએ અને તેમાં આનંદ સાથે આપણે વળગી જઇએ છીએ." **—શેકસપિયર**

"કોઇ પણ ઉદ્યોગ ઉપરની પ્રીતિ કે જેથી માણસ રોકાયલો અને સુખી રહે છે, તેવી પ્રીતિ સાથે જન્મ પામવું, એ જીવનની મૂલ્યવાનમાં મૂલ્યવાન બાબત છે, મોટામાં મોટી દોલત છે." **—એમર્સન**

"પ્રતિભાશાળી પુરુષોના ઇતિહાસમાં આપણે વારંવાર જોયું છે કે, તેમને જે અભ્યાસમાં અગર ધંધામાં નાખવામાં આવતા તે તરફ તેઓ ધ્યાન આપતા નહિ અને પોતાની રુચિને વધારે અનુકૂળ હોય તેવા ઉદ્યોગમાં તેઓ પડતા. માતપિતા અને વાલીનાં ફરમાન અને ગોઠવણોની સામે થઇ પોતાની ગોઠવણો પોતેજ કરી લેતા આપણે તેમને વારંવાર જોઇએ છીએ." **—રોબર્ટ વોટર્સ**

"જીવનના ભિન્ન ભિન્ન ભાગને આપણે એક ટેબલ ઉપરનાં—જુદી જુદી આકૃતિનાં—કોઇ ગોળ તો કોઇ ત્રિકોણ, તો કોઇ ચોરસ તો કોઇ લંબચોરસ—કાણાનું રૂપ આપીએ અને તે ભાગ ભજવનાર માણસને આપણે લાકડાના જેવીજ આકૃતિના કકડાનું રૂપ આપીએ તો સામાન્ય રીતે આપણને માલૂમ પડી આવશે કે ત્રિકોણ માણસ ચોરસ કાણામાં છે, સમચોરસ ત્રિકોણમાં છે અને ચોરસ માણસ ગોળ કાણામાં દબાયલો—ચંપાયલો છે." **—સિડની સ્મિથ**

"વારંવાર કહેવું જરૂરનું નથી કે કોઇ પણ માણસ પોતાના ચારિત્ર્ય સામે હમેશાં તેમજ ફતેહમંદીથી લડત ચલાવી શકતો નથી."
—સર એચ૦ બુલ્વર

"બાળક વખાણે છે, યુવાન પ્રયત્ન કરે છે અને મર્દ મેળવે છે."

"માનવબુદ્ધિના ઇતિહાસમાં ભાગ્યેજ કોઇ એવો કવિ હશે, કોઇ કારીગર હશે, કોઇ તત્ત્વવેત્તા હશે, કોઇ વૈજ્ઞાનિક હશે કે જેની પ્રતિભાની સામે, જેની બુદ્ધિના અલૌકિક પ્રભાવ સામે તેનાં ભાત-

પિતા, તેનાં વાલી, તેનાં શિક્ષક ન થયાં હોય. આવા કેસોમાં કુદરત સીધી રીતે વચ્ચે પડીને વિજય પામે છે. કુદરત પોતાનાં વહાલાંઓને તેમના હક્ક અપાવે છે અને પોતે જેમને પરિશ્રમથી ઉત્પન્ન કર્યાં છે, તેમને ગુમાવવા કરતાં, તેમને છોડી દેવા કરતાં, આજ્ઞાભંગ, વાત છાની રાખવી, જૂઠું બોલવું, ઘેરથી નાસી જવું અને વખતોવખત ભટકવું એને પણ તેઓ ઉત્તેજન આપે છે."

—ઇ૦ પી૦ વ્હીપલ

"તમે જે અવાજ સાંભળતા નથી, તે અવાજ હું સાંભળું છું.
તે કહે છે કે, 'હું રહીશ નહિ.'
તમે જોતા નથી તે હાથ હું જોઉં છું, તે મને ઇશારત કરે છે અને બોલાવી લે છે." —ટિકેલ

જેમ્સ વૉટની દાદીએ કહ્યું: "મેં તારા જેવો આળસુ છોકરો દીઠો નહિ. એક ચોપડી લઈ તારા સમયનો સદુપયોગ કર. ગયા અડધા કલાકમાં તું કશું બોલ્યો નથી. તેં આ સઘળો વખત શું કર્યું તે તું જાણે છે? તેં ચાદાનીનું ઢાંકણું ઉઘાડવાસ કર્યા કર્યું છે. નીકળતી વરાળમાં રકાબી અને પછી ચમચો ધરી રાખ્યો છે, વરાળ ઠરવાથી ચિનાઇ વાસણ અને ચાંદીના ચમચા ઉપર બાઝેલાં નાનાં ટીપાં તપાસવાનું અને એકઠાં કરવાનું કામ તેં કર્યું છે. આવી નામોશી ભરેલી રીતે વખત ગુમાવતાં તને શરમ આવતી નથી?"

પોતાનો વખત સારી રીતે શી રીતે ગાળવો, તે તે વૃદ્ધ સ્ત્રી જેમ્સને બતાવી શકી નહિ. જેમ્સ વૉટે પોતાનોજ માર્ગ ગ્રહણ કર્યો, તેથી જગતને ઘણો લાભ થયો છે.

જ્યારે એક વ્યાપારી પોતાના નોકરને તેના રોકડા જવાબ માટે રજા આપવાનો હતો, ત્યારે તે યુવાન નોકરે કહ્યું કે, "કાંઇક તો યોગ્યતા મારામાં છે." શેઠે કહ્યું: "સેલ્સમેન તરીકે તારામાં કશી લાયકાત નથી." તે યુવાને કહ્યું: "હું કોઇ પણ રીતે ઉપયોગી થઈ શકીશ, એવી મારી ખાતરી છે." "કહો કેવી રીતે?" "હું તે કાંઇ જાણતો નથી." પોતાના કારકુનનો આગ્રહ જોઇને તે વ્યાપારી હસ્યો અને બોલ્યો કે, "હું પણ તે જાણતો નથી." "સાહેબ! મને રજા આપશો નહિ. વેચાણ સિવાય બીજા કામ ઉપર મને મૂકો. હું વેચી શકતો નથી. મારાથી વેચાતું નથી." શેઠે કહ્યું: "હું પણ એ જાણું છું અને તેજ ઠીક નથી." પણ તે

યુવકે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યોઃ "પણ હું કોઇ ને કોઇ રીતે ઉપયોગી થઇ શકીશ." તેને હિસાબી ખાતામાં મૂકવામાં આવ્યો. અહીં આંકડાની તેની લાયકાત જણાઇ આવી અને થોડાં વર્ષમાં તે મોટા સ્ટોરમાં મુખ્ય કેશ્યર (કોષાધ્યક્ષ) થયો; એટલું જ નહિ પણ જાણીતો એકાઉન્ટન્ટ (હિસાબનીશ) થયો.

સ્કોટલેન્ડમાં એબર્ડીનમાં રહેતા ટોમસ એડવર્ડે ચાલવાની કળાનું જ્ઞાન એક વખતે પોતે ગુમ થઇ જઇને બતાવ્યું. તેનાં માતાપિતા અને પડોશીઓ તેને શોધવાનું કામ નિરાશ થઇને પડતું મૂકવાનાં હતાં, એવામાં કોઇકે ડુક્કરના તબેલામાં જોયું, તો જે જંગલી ડુક્કરની પાસે કોઇ મોટો માણસ પણ જઇ ન શકે, તેવા ડુક્કરનાં બચ્ચાં પાસે તે ઘસઘસાટ ઊંઘતો હતો એમ જણાયું.

બહોળા જગતમાં લટાર મારવાનો તેને "શોખ" થતો હતો અને તે દરરોજ દેડકાં, દેડકાંનાં બચ્ચાં, વંદા, કાચબા, ઉંદર, કરોળિયા અને માકણ લાવતો. પોતાનાં આ લાડકડાં પ્રાણીને તે પછી છોડી દેતો અને તેમને આજુબાજુ દોડતાં અને સંતાતાં જોઇ તેને ઘણો આનંદ થતો. બીજાંને તેથી ત્રાસ થતો અને તેથી તેને માર પડતો અને ઠપકો મળતો; પણ તેથી તો આવી જીવતી નવાઈની ચીજો પકડવાના પોતાના કામમાં વધારે મહેનત કરવાને તેને પ્રોત્સાહન મળતું હોય એમ જણાતું.

તેની મા તેનો એક પગ ટેબલ સાથે બાંધતી; પણ ટોમસ તે ટેબલ દેવતા આગળ ઘસડી જતો, દોરડું બાળી નાખતો અને નાસી જતો તથા જીવતાં પ્રાણી લઇ સંધ્યાકાળે પાછો આવતો. તેની મા તેનાં સઘળાં લૂગડાં સંતાડતી; પણ એક દિવસ ટોમસ તેની માનો જૂનો કબજો પહેરી પોતાની મહાન સફર મારી આવ્યો! થોડાક નમૂના તે લાવ્યો હતો; પણ તે સાથે તે તાવને પણ લઇ આવ્યો, જેથી તે લગભગ મરવા જેવો થઇ ગયો. તે બહાર નીકળવાને ફરી શક્તિમાન થયો કે તરતજ તે એક ભમરાનું દર લેતો આવ્યો. ટોમસની સાથે ભમરાઓ ઠીક રહેતા, પણ કુટુંબ સાથે તેમ નહોતું. કુટુંબનાં બીજાં દરેક માણસને તે હેરાન કરતો. ટોમસના બાપે કંટાળીને આખું દર ઊના પાણીમાં બોળી નાખ્યું, ત્યારેજ શાંતિ થઈ. ટોમી ઉપર અંકુશ રાખવાનું તેનાં માતપિતાનું મિથ્યાભિમાન ટોમીએ દૂર કર્યું; છતાં પણ તેને

એક શિક્ષક ઠેકાણે આણી શકે છે કે કેમ તે જોવા તેઓએ નિશ્ચય કર્યો. શિક્ષકે પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. એક દિવસ એક કાગડાએ ટૉમીના કોટમાંથી માથું બહાર કાઢ્યું અને પ્રાર્થનાને વખતે કા કા કરવા લાગ્યો! આથી ટૉમસને નાલાશી સાથે શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો. તેને બીજી નિશાળે મોકલ્યો, તો એક દિવસે એક શીશીમાંથી કેટલીક જળો નાઠી અને સ્કૂલના છોકરાઓને પગે બાઝી લોહી ચૂસવા માંડી! ફરીથી તેને રજા આપવામાં આવી. તેનાં માતાપિતાએ તેને ફરીથી તે નિશાળે મૂકવા કોશિશ કરી, ત્યારે શિક્ષકે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું કે, "તમે વીસ પાઉંડ આપો, તોપણ હું તેને પાછો દાખલ કરીશ નહિ." ત્રીજી સ્કૂલ અજમાવવામાં આવી. ત્યાં એક દિવસ ટૉમસના વર્ગના એક છોકરાના ટેબલમાં કાનખજૂરો જોવામાં આવ્યો. ટૉમસ તે બાબતમાં કાંઇ જાણતો નહોતો; છતાં ટૉમસની શાખને લીધે તેને ગુનેગાર ગણવામાં આવ્યો. શિક્ષકે તેને ચાબુકે ચાબુકે સખ્ત માર માર્યો અને કહ્યું: "તારા બાપને જઇને કહે કે, તને કોઇ લડાયક વહાણ ઉપર ચઢાવે. તારા જેવા નહિ સુધરે તેવા છોકરા માટે લાયક જગ્યા ત્યાં છે."

તે છ વર્ષનો હતો, ત્યારે પોતાનું નામ લખી શકતો નહિ. ફરી સ્કૂલમાં જવાને તે ચોખ્ખી ના પાડતો. તેનાં નિરાશ થયેલાં માબાપે તેને કમાવા જવા સંમતિ આપી. પ્રાણીજીવનના અભ્યાસ માટેની તેની ઉદય પામતી પ્રેરણાબુદ્ધિ અને વૃત્તિઓ ઉપર દરેક પ્રકારનું દબાણ લાવવામાં આવ્યું; પણ તે મિથ્યા ગયું હતું. અંકુશ દૂર થતાં તેની બુદ્ધિ તથા વૃત્તિઓ કેટલી ખીલી નીકળી! અભ્યાસ માટે પોતાને અવકાશ મળે, તે માટે તે કેટલી સખ્ત મહેનત કરતો! તે મોચીનો ધંધો શીખ્યો અને જિંદગી સુધી તેણે બેન્ચ ઉપર કામ કર્યું. તેને ૧૧ છોકરાં હતા. બીજાં સઘળાં કામ સાથે તેણે પક્ષીઓ, પશુઓ અને જંતુઓ વિષે અદ્ભુત જ્ઞાન મેળવ્યું; પણ લખવાવાંચવાની અશક્તિને લીધે જે તે શીખતો, તેનું વર્ગીકરણ અગર ઉપયોગ તે કરી શકતો નહિ. આથી ધીરે ધીરે અને પરિશ્રમથી તેણે આ ઉપયોગી જ્ઞાન મેળવ્યું. સારી રીતે અભ્યાસ કરવાના પૈસા મળે, તે માટે તેણે એક વખત નવ વર્ષની પોતાની મહેનતમાં પ્રાણીઓનો નમૂના છ ગાડાં ભરી માત્ર ૨૦ પાઉંડ

માટે વેચ્યાં.

પદાર્થવિજ્ઞાનવેત્તા તરીકે જગા મેળવવાને તેણે વારંવાર મહેનત કરી; પણ તે લખીવાંચી જાણતો નહિ હોવાથી નિષ્ફળ ગયો. સુંદર નમૂના પકડવા તથા તેનો અભ્યાસ કરવા અને લખતાંવાંચતાં શીખવા બાલ્યાવસ્થાથીજ તેને ઉત્તેજન આપવામાં આવ્યું હોત, તો સંશોધનના તેના અપ્રતિમ પ્રેમને લીધે આગસીઝ અને ટેને કરતાં પણ તે વધારે નામ કાઢી શકત; પરંતુ તેને એક ચોરસ દરમાં એવો મજબૂત રીતે ઠોકી બેસાડવામાં આવ્યો હતો કે, તે નીકળી શકેજ નહિ.

લોહચુંબકની સોયમાં ઉત્તરનો તારો તમે જોઇ શકો તે કરતાં વધારે ઇશ્વરે નક્કી કરેલો અને માટીના લોંદામાં મૂકેલો ભાવી સંદેશ માત્ર પારણામાં તમે જોઇ કહી શકો નહિ. બાળકના જીવનરૂપી સોયમાં પરમેશ્વરે લોહચુંબક મૂક્યું છે અને તેથી પોતાના ભાવી ગ્રહ તરફજ તે વળશે. કૃત્રિમ સલાહ અને કુદરત વિરુદ્ધની કેળવણીથી તમે તેને ગમે તેમ હલાવો; તેને કવિ, કલાવિશારદ, વકીલ, વૈદ્ય અગર તમને ગમતા ધંધા ઉપર લાવી મૂકો અને જીવનનાં તેનાં કિંમતી વર્ષ ગુમાવો, પણ જ્યારે તેને સ્વાતંત્ર્ય મળશે, ત્યારે તો તે પોતાના ગ્રહ તરફજ વળશે.

પ્રતિભાશાળી માણસ ગમે તેટલું નુકસાન ભોગવે અને ગમે તેટલો અફસોસ કરે, પણ પોતે જે ધંધાને માટે નિર્માણ થયો હોય છે, તે તરફજ તે દુર્નિવાર આવેશથી દોરાય છે. ગમે તેવી મુશ્કેલીઓ તેની આજુબાજુ હશે, ભાવિ ગમે તેવું નિરાશાજનક હશે, પણ પોતાના વહાલા ઉદ્યોગનેજ તે રસ અને આનંદથી વળગી રહેશે. નિર્વાહનાં સાધન મેળવવાના તેના પ્રયત્ન નિષ્ફળ જશે અને તે ગરીબ છે, સાધનહીન છે અને તેના તરફ કોઇ ધ્યાન આપતું નથી, એમ તેને માલૂમ પડશે ત્યારે બન્સંની માફક નિશ્વાસ નાખી ભૂતકાળ તરફ તે જોશે અને વિચાર કરશે કે, બીજો કોઇ ઉદ્યોગ તેણે કર્યો હોત, તો કેવું સારૂ ! આમ છતાં પણ પોતાને પ્રિય લાગતા ઉદ્યોગનેજ તે વળગી રહેશે.

દરેક માણસ જ્યારે પોતાનો પ્રિય ધંધો પસંદ કરશે, ત્યારેજ સુધારો તેના ઉચ્ચતમ શિખરે પહોંચશે. જ્યાંસુધી માણસે પોતાની જગા ખોળી કાઢી નથી, ત્યાંસુધી તે આદર્શ-

રૂપી વિજય મેળવી શકતો નથી. એન્જિનની માફક તે તેના ચીલા ઉપર મજબૂત હોય છે, પણ ચીલાની બહાર તે તેનીજ માફક અશક્ત રહે છે. એમર્સન કહે છે કે, "નદી ઉપરની બોટની માફક એકજ બાજુ સિવાય બીજી બધી બાજુએ અડચણોની સામે દરેક છોકરાને અને દરેક યુવકને થવું પડે છે. બીજી બાજુ કશી અડચણ હોતી નથી અને ગંભીરતા સાથે, ઊંડી ખાડીમાં થઇ તે અનંત સાગર ઉપર પ્રવેશ કરે છે.

બાલકોની ગુલામગીરી વિષે, છોકરાઓની આકાંક્ષાઓને અજ્ઞાન માબાપ તરફથી કેવા રીતે દબાવી દેવામાં આવે છે તે વિષે, બાળકોને પ્રતિકૂળ સ્થળે મૂકી તેમને સુસ્ત, મૂર્ખ અને નબળાં ગણી કાઢવામાં આવે છે. ચોરસ છોકરાઓને ગોળ જગામાં મૂકવામાં આવે છે અને તેઓ પછી તેને લાયક ન નીવડે તો તેઓ ઉપર જુલમ કરવામાં આવે છે. યુવકોની પોતાની માગણી જ્યારે કાયદા, વૈદક, વિજ્ઞાન, કળા કે ધંધાવ્યાપાર માટે હોય, ત્યારે તેમને શુષ્ક ઇશ્વરીય જ્ઞાનની ચોપડીઓ વાંચવાને ફરજ પાડવામાં આવે છે. જે ધંધાનો છોકરાઓ તિરસ્કાર કરતા હોય, તેમની રગેરગ જેની સામે ચાલુ વિરુદ્ધતા બતાવી રહી હોય, તે માટે તેઓ ઉત્સાહ પ્રદર્શિત ન કરે, તો તેમને દુઃખ દેવામાં આવે છે—આ બધી બાબતનો ઇતિહાસ તો એક ડિકિન્સનજ લખી શકે.

પોતાનો છોકરો પોતાના જેવોજ થાય, એવી ઇચ્છા માબાપને થાય, એ તેમના મનનું સાંકડાપણું બતાવી આપે છે. "તમે આ છોકરાને બીજો તમારા જેવો બનાવવા યત્ન કરો છો, પણ તમારા જેવા તો આ જગતમાં તમે એકજ બસ છો" એમ એમર્સને એક સ્થળે કહ્યું છે. દીકરો પોતાની માફક કસાઈ બને એવી જૉન જેકબ એસ્ટરના પિતાએ ઇચ્છા કરી હતી; પણ ભવિષ્યના આ વ્યાપારીમાં વ્યાપારીનું સાહસ અને વ્યાપારીની પ્રેરણાઓ ઘણી મજબૂત હતી.

કુદરત માણસને એકસરખા બનાવતી નથી. દરેક નવા બાળકના જન્મ વખતે જૂના નમૂનાનો તે નાશ કરે છે. એક અદ્‌ભુત મિશ્રણ બીજી વાર વપરાતું નથી. ફ્રેડરિક ધી ગ્રેટને કલા અને સંગીત ઉપર અત્યંત પ્રેમ હતો. લશ્કરી કવાયત ઉપર તેને પ્રેમ

નહોતો. આ કારણથી તેના પર ગાળોનો વરસાદ વરસતો. તેનો પિતા લલિતકળાઓને ધિક્કારતો, તેથી તેણે ફ્રેડરિકને કેદખાનામાં નાખ્યો હતો. તેણે પોતાના છોકરાને મારી નાખવાનો પણ વિચાર કર્યો હતો; પણ તે પોતેજ મૃત્યુ પામવાથી ૨૮ વર્ષની વયે ફ્રેડરિક તેની ગાદીએ આવ્યો. આ છોકરો, જેને તેના સંગીત અને કલાના પ્રેમને લીધે નાલાયક ગણવામાં આવતો હતો, તેણે પ્રશિયાને યુરોપમાં મહાનમાં મહાન પ્રજા બનાવી.

આઇઝેક ન્યૂટનનાં ઘેટાં જ્યારે ખોવાતાં અને બીજાનો પાક ખૂંદી નાખતાં તેમજ ખાઈ જતાં, ત્યારે તે પોતે કાં તો ચોપડીઓ વાંચતો, કોઇ નમૂનો બનાવતો, પોતાની બનાવેલી પાણીની ચક્કી ઉપર દેખરેખ રાખતો, અગર કોઇ પાસેના પાણીના ઝરામાંથી પોતાની પ્રકાશમાન પિચકારી છોડતો. આ સઘળા ઉપરથી તેની માતાને ખાતરી થઇ હતી કે, તેણે આશા રાખી હતી, તે પ્રમાણે તે ખેતી માટે નિર્માણ થયો નહોતો.

આંખ ઉઘાડમીંચ કરતું પણ બેઠેલું ગરુડપક્ષી કેવું મંદ, કેવું કઢંગુ જણાય છે; પણ ચોખ્ખા ભૂરા આકાશમાં તે જ્યારે પોતાની બળવાન પાંખો ચલાવે છે, ત્યારે તેના ઝપાટા કેવા દૃઢ અને આબાદ હોય છે?

અજ્ઞાન માબાપે આર્કરાઇટને હજામનો ધંધો શીખવા મૂક્યો હતો; પણ માનવજાતિને સુખી કરે, ઇંગ્લેંડનાં લાખો ગરીબ માણસની વેઠ ઉઠાવી લે એવી એક યુક્તિ કુદરતે તેના મગજમાં ગોઠવી હતી, તેથી ફ્રાઇસ્ટે જેમ પોતાની માતાને કહ્યું હતું કે, "મારા પિતા પ્રભુએ સોંપેલું કામ મારે ન કરવું, એવી શું તમારી ઇચ્છા છે?" તેવીજ રીતે તે પોતાનાં માતપિતાથી છૂટો પડી ગયો.

માઇકલ એન્જેલોનાં માતપિતાએ કહ્યું હતું કે, "અમારાં કોઇ પણ છોકરાં ચિત્રકારનો નામોશી ભરેલો ધંધો કરશે નહિ." ભીંતો ઉપર તેમ અસબાબ ઉપર ચિત્રો કાઢવા માટે માઇકલને સજા કરવામાં આવતી, પરંતુ મહાન કારીગર પ્રભુએ તેના હૃદયમાં ચિત્રકલા માટેનો ઉત્સાહ–અગ્નિ ચેતાવ્યો હતો અને સેંટ પીટર્સની શિલ્પકલા, મોઝીસનાં આરસકામ અને સિસ્ટાઇન ચેપલની ભીંતોના કામથી તેની કીર્તિ અમર ન થાય ત્યાંસુધી તે મહાન ચિત્રકાર પ્રભુએ તેને જંપવા દીધો નહિ.

હ્યુ મિલરનાં માબાપે તેના છોકરાને ધર્માધ્યક્ષની જગા ઉપર મૂક્યો હતો. સ્કૉટલૅંડનાં ગરીબ માણસો હમેશાં ઓછામાં ઓછા પોતાના એક છોકરાને ધર્મગુરુ બનાવવાની ધારણા રાખે છે. કૉલેજના શિક્ષણની ફી આપવા એક કાકો તૈયાર થયો; પણ તેનાં માબાપ અગર તેના કાકા કરતાં પણ વધારે મજબૂત અંતઃકરણનો ઉદ્ગાર બીજેજ નીકળતો હતો. પથ્થરની ખાણ એ એને માટે પાઠશાળા નિર્માણ થઇ હતી અને જૂના રાતા પથ્થરમાંથી તે પોતાનું શિક્ષણ લેવા લાગ્યો.

ગેલિલિયો માટે વૈદ્યવિદ્યા નક્કી કરવામાં આવી હતી; પણ જ્યારે તેને શરીરવિજ્ઞાન અને શરીરછેદનશાસ્ત્ર શીખવાની ફરજ પાડવામાં આવી, ત્યારે તે પોતાનાં યુક્લિડ અને આર્કિમીડીઝને સંતાડી રાખતો અને ગુપ્ત રીતે ગૂઢ સિદ્ધાંતો ગણતો. પાઇઝાના દેવાલયમાં લટકતા લૅમ્પ ઉપરથી લોલકનો સિદ્ધાંત તેણે શોધી કાઢ્યો, સૂક્ષ્મદર્શક તેમ દૂરદર્શક બંને યંત્ર તેણે ખોળી કાઢ્યાં અને વિશાળ તથા બારીકમાં બારીક, બંનેનાં જ્ઞાનનો વિસ્તાર તેણે વધાર્યો.

પાસ્કલના પિતાએ નિશ્ચય કર્યો હતો કે, તેના છોકરાએ મૃતભાષાના શિક્ષક થવું; પણ ગણિતશાસ્ત્રના દબાણ આગળ બીજી બધી બાબતો ગૌણ થઇ ગઇ. ગણિતે તેના હૃદયમાં એવું પ્રબળ સ્થાન મેળવ્યું કે, તેણે વ્યાકરણ મૂકી દઇ યુક્લિડ હાથમાં લીધી.

જોશ્યુઆ રેનલ્ડ્ઝ ચિત્ર કાઢતો, તેથી તેનો બાપ તેને ઠપકો આપતો. તેણે એક ચિત્ર ઉપર નીચે પ્રમાણે લખ્યું હતું: "સુસ્તીના સમયમાં જોશ્યુઆએ ચીતરેલું." છતાં આ સુસ્ત છોકરો આખરે રૉયલ ઍકેડેમીના સંસ્થાપકોમાંનો એક થયો.

મેડન લેનમાં ટર્નર હજામજ બનવાનો હતો; પણ તે અર્વાચીન સમયનો દૃગભૂમિને લગતો મોટામાં મોટો ચિત્રકાર થયો.

ચિત્રકાર ક્લૉડ લૉરેન મીઠાઇ બનાવનારને ત્યાં ઉમેદવાર રહ્યો હતો. ગ્રંથકાર મોલિયર ઘરની સામગ્રી વેચનારને ત્યાં રહ્યો હતો અને ઑરેારાના સુપ્રસિદ્ધ ચિત્રકાર ગીડોને સંગીતશાળામાં મૂકવામાં આવ્યો હતો. બેન્જામિન વેસ્ટનું ચિત્ર ધાર્મિક માન્યતાઓની વિરુદ્ધ હતું, તેથી તેનું શું કરવું; તે માટે ખ્રિસ્તીઓની સભા મળી હતી. આખરે આ સભામાં એક મિત્ર ઊભો થયો અને

બોલ્યો કે, "ઇશ્વરે આ યુવાનને કલાને લગતી નૈસર્ગિક શક્તિ આપી છે. આપણે શું એના કરતાં વધારે ડાહ્યા છીએ?" સ્ત્રીઓ તે છોકરાને ચૂમવા લાગી અને પુરુષો તેના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપવા લાગ્યા અને તેને કલાવિદ્યના ધંધામાં મૂક્યો.

શીલરને સ્ટટગાર્ટની લશ્કરી શાળામાં વાઢકાપ શીખવા મોકલવામાં આવ્યો; પણ ત્યાંથી છાનામાના તેણે "રોબર્સ" નામનું પોતાનું પ્રથમ નાટક લખ્યું. આ નાટકનો પહેલો ખેલ તેણે વેશ બદલીને જોયો. કેદખાના જેવી તેની સ્કૂલના કંટાળાથી તેને એટલો ઉદ્વેગ થયો અને ગ્રંથકાર થવાની લાલસાથી તે એટલો મોહિત થયો કે પાસે પાઇ નહિ, છતાં તે સાહિત્યના આદર વિનાના પ્રદેશમાં દાખલ થયો. એક દયાળુ બાઇએ તેને મદદ કરી અને અલ્પ સમયમાં તેણે બે સરસ નાટક પ્રકટ કર્યાં, જેથી તે અમર થયો.

વૈદ્ય હેન્ડેલે પોતાના છોકરાને વકીલ કરવા ઇરાદો રાખ્યો હતો, તેથી સંગીત ઉપરની તેની પ્રીતિ ઉઠાવી લેવાને તે પ્રયાસ કરતો; પણ તે છોકરાએ એક વાદ્ય મેળવ્યું અને ઘાસના માળિયામાં ભરાઇ છાનોમાનો તે શીખવા લાગ્યો. એક દિવસ ડોકટર ડ્યુક ઑફ વેસેનફેલ્ડઝને ત્યાં રહેતા એક બીજા ડોકટરની મુલાકાતે ગયા હતા. છોકરો દેવળના પિયાના તરફ ગયો અને પૂરદમામ સાથે તે વગાડી બાનગી સંગીતનો જલસો તેણે જમાવી દીધો. ડ્યુકે આ જલસો જોયો અને આ વાદ્યથી દેખીતી રીતે અજ્ઞાન છતાં આવી મધુરતા કોણ આણી શક્યું, તે વિષે તેને આશ્ચર્ય થયું. તે છોકરાને તેની આગળ લાવવામાં આવ્યો. વાદ્યનો ઉપયોગ કરવા માટે ઠપકો આપવાને બદલે તેનાં તેણે વખાણ કર્યાં અને છોકરાની વૃત્તિ પ્રમાણે તેને કામ કરવા દેવા ડો. હેન્ડેલને તેણે સમજાવ્યા. માણસને પોતાને લાયક જગા મળે નહિ, ત્યાંસુધી તે સંતોષ પામતો નથી. તેને પ્રિય લાગતો ઉદ્યોગ તેની આગળ રજૂ થયા કરે છે અને જ્યાંસુધી તેની શક્તિઓ અનુકૂળ થઇ તેની યોગ્ય જગાએ, તે ઉદ્યોગ તરફ આવે નહિ ત્યાંસુધી તે તેને ધક્કેલ્યા કરે છે.

ડેનિયલ ડીફોએ પોતાની મહાન કૃતિ 'રોબિન્સન ક્રૂઝો' લખી તે પહેલાં તેણે અનેક ઉદ્યોગ કર્યા હતા. વ્યાપારી, સૈનિક,

સેક્રેટરી, કારખાનાનો મેનેજર, કમિશ્નરનો એકાઉન્ટન્ટ, એલચી અને કેટલાંક પુસ્તકોનો લેખક પણ તે બન્યો હતો.

પક્ષીવિદ્યાનો જાણનાર વિલ્સન પાંચ જુદા જુદા ધંધામાં નિષ્ફળ ગયો અને પછી તે પોતાના અનુકૂળ સ્થાને આવ્યો.

અર્સ્કિનને ચાર વર્ષ નૌકાસૈન્યમાં કાઢ્યાં અને પછી જલદી પ્રમોશન (વધારો) મેળવવાની આશાથી તે લશ્કરમાં દાખલ થયો. બે વર્ષ નોકરી કર્યા પછી જે શહેરમાં તેની ટુકડી પડી હતી, ત્યાં જિજ્ઞાસાને ખાતર એક દિવસ તે કોર્ટમાં ગયો. ન્યાયાસન ઉપર બેઠેલો ન્યાયાધીશ ઓળખીતો હોવાથી તેણે અર્સ્કિનને પોતાની જોડે બેસાડ્યો અને જણાવ્યું કે, "આ બધા વકીલો ગ્રેટ બ્રિટનના પ્રખ્યાતમાં પ્રખ્યાત વકીલ છે." તેઓ જેમ બોલતા ગયા, તેમ અર્સ્કિન તેમની ગણના કર્યે ગયો. તેને એમ થયું કે, હું તેમના કરતાં પણ વધારે સારો વકીલ થઇ શકું. તેણે એકદમ કાયદાનો અભ્યાસ શરૂ કરી દીધો અને થોડા વખતમાં તે પોતાના દેશનાં ન્યાયમંદિરોમાં કાયદાનો સારામાં સારો વક્તા થયો.

એ. ટી. રટુઅર્ટે ધર્મગુરુની જગા માટે અભ્યાસ કર્યો. પછી તે શિક્ષક થયો; પણ આખરે તેણે પોતાના એક મિત્રને પૈસા ધીર્યા હતા; તે કારણથી પોતાને અનુકૂળ એવા વેપારી તરીકે તે ઉદ્યોગમાં પડ્યો. તેનો મિત્ર દેવાળું કાઢવાની સ્થિતિમાં હતો તેથી તેણે લહેણા પેટે પોતાની દુકાન આપવાની માગણી કરી.

જ્યારે પોતાનો છોકરો કૉલેજમાં જવા માટે લગભગ તૈયાર થયો, ત્યારે મિ૦ ચેસે કહ્યું કે, " જોનાથન, સોમવારે સવારે તારે મશિનની દુકાને જવું." થોડાજ વખતમાં જોનાથન દુકાનેથી નાઠો અને પોતાના ઉદ્યોગથી કેટલેક વર્ષે રોડ્ઝ આઇલેન્ડ તરફથી યુનાઇટેડ સ્ટેટ્સના સેનેટરની માનપ્રદ જગા તેણે પ્રાપ્ત કરી. જેમ્સ સ્મીટનના પિતાએ તેને વકીલ કરવાનું ધાર્યું હતું; પણ સ્વાભાવિક રીતે તેના દરેક તંતુ ઉપર એન્જિનિયરિંગ તરફનો એટલો ઊંડો પક્ષપાત હતો કે, તેનાં માતાપિતા તે ભૂંસી શક્યાં નહિ. સ્ત્રીનો ચણિયો પહેરેલો એવો, પોતાની બનાવેલી ચક્કી ચલાવતો તેના બાપના બળામાં તેને એક દિવસ જોવામાં આવ્યો.

એ વાત ખરી છે કે, ઇશ્વર પોતાના બે દૂતમાં એકને રસ્તો સાફ કરવાને અને બીજાને શહેનશાહત ઉપર રાજ્ય ચલાવવાને મોકલે, તો તેમાંના એકને પણ પોતાનો ધંધો ફેરવવાને લલચાવી શકાય નહિ. આ વાત પણ એટલીજ ખરી છે કે, જે એમ ધારે છે કે ઈશ્વરે તેને અમુક કાર્ય કરવા માટે આજ્ઞા આપી છે અને સાચા દિલથી તે કરવામાં તે જ્યારે રોકાયલો હોય છે, ત્યારેજ તે સુખ મેળવી શકે છે. જે યુવાન પોતાની કલ્પનાઓમાં રહેલું રજૂ થતું સ્થાન મેળવે છે, તે ખરેખર સુખી છે. તે તે સ્થાન ન સંપાદન કરે, તો અન્યને અગર પોતાને સંતોષ આપે તેવી બીજી એક પણ જગા તે લઇ શકવાનો નહિ. અખતરો કર્યા વગર લોહચુંબકવાળી સોય વિનસ ભણી કે જ્યુપિટર ભણી જશે તે સમજાતું નથી, તેમ પોતાનો છોકરો કયો ધંધો લેશે, તે પણ માબાપ પ્રયોગ કર્યા વિના સમજી શકતાં નથી.

જીસની એક વાતમાં, બીજા સર્વ ઝાડોમાં અંજીરના ઝાડને જંગલના રાજા થવાને કહેવામાં આવ્યું. ઝાડો ઉપર રાજ્ય કરવાને ખાતર, ઈશ્વર અને મનુષ્યને પ્રિય એવું પોતાનું જાડાપણું ખોવાને ઓલાઇવ ઝાડે ના પાડી ત્યારે અંજીરનાં ઝાડે જવાબ દીધો કે, "ઝાડો પર શ્રેષ્ઠતા મેળવવા માટે મારી મીઠાશ મારે શા માટે મૂકવી?"

પોતે જે કાંઇ કરવાને નાલાયક હોય, તે કરવા જતાં પોતાની સ્વાભાવિક મીઠાશ અને સમૃદ્ધિનો ત્યાગ કરનાર હજારો માણસને આ વાર્તા ઉપરથી કેવી ચાનક મળી આવે છે!

જેમ આપણા કેટલાક રાજદ્વારીઓ કોંગ્રેસમાં નિષ્ફળ જાય છે, તેમ મજબૂત ચોક અને ઊંચા પાઇનના પણ રાજા થવામાં અંજીરનું ઝાડ જરૂર નિષ્ફળતા મેળવત. અંજીરને તેનાં ફળ આવે છે, માટે ઓક અને પાઇન તેનાથી હલકાં છે. અંજીર આવવાં તે અંજીરના ઝાડ માટે મોટામાં મોટી બાબત છે. તે પોતાના પ્રદેશમાં દીપી નીકળે છે. અંજીર આવવાની તેની સ્થિતિ છીનવી લેવામાં આવે, તો પછી તેનું અસ્તિત્વ પણ નકામું છે. કેટલીક વાર એમ બને છે કે, એક માતા જે પોતાના ઘરમાં એક હમામદાર રાણી તરીકે રાજ્ય કરે

છે, તે જો પોતાના ગૃહરાજ્યની મીઠાશ છોડી, ગડબડવાળું, મુશ્કેલ જાહેરજીવન જેને માટે તે બિલકુલ લાયક ન હોય, તેમાં પડે તો તે પણ આના જેવું જ છે.

બટારાનો એક મોટો ઘોડો શરતના મેદાન ઉપર કેવું પરાક્રમ બતાવી શકે ? આમાં જેટલો વિરોધ લાગે છે, તેટલો વિરોધ, કાયદો, વૈદક અને ઈશ્વરીયજ્ઞાન તેજ માત્ર ઇચ્છવાયોગ્ય ધંધા છે, એવા લોકોના વિચારમાં રહેલો છે. અમેરિકન કૉલેજોના છોકરાઓનો બાવન ટકા ભાગ કાયદાનો અભ્યાસ કરે છે, એ કેવું હાસ્યાસ્પદ છે ? પોતાના બાપ સારા પાદરી હતા, માટે પોતે પણ ગરીબ પાદરી બનનાર કેટલાક યુવાન હોય છે. આજ કારણથી ગરીબ અને નિષ્ફળ ડૉક્ટર તથા વકીલ નીવડનાર કેટલા યુવકો હોય છે ? પોતાના યોગ્ય પ્રદેશથી બહાર ગયેલા, નિરાશ, કટાણું, કંટાળેલાં મોંવાળા, બરાબ થયેલા, ઘેર બેઠેલા, પૈસા વગરના, શાખ વગરના, હિંમત વગરના, ચીંથરેહાલ અને રખડતા માણસોથી દેશ ભરપૂર છે. બરી બાબત એ છે કે, કૉલેજનો લગભગ દરેક વિદ્યાર્થી જે બરી રીતે કૃતેહ પામે છે, તે સ્કૂલમાં તૈયાર થાય છે; પણ ગ્રેજ્યુએટ થયા પછી તે બરો માણસ બને છે. તેના શિક્ષકે સારામાં સારૂં તેને જે કાંઇ શીખવ્યું છે, તે કેમ અભ્યાસ કરવો એ છે. તે કૉલેજ છોડે છે કે તરતજ જે પુસ્તકો અને જે સાધનોથી તેનું પોષણ થતું નથી, તેનો ઉપયોગ કરવો તે બંધ કરે છે અને જે પોષણ કરે તેવા હોય છે, તેનો આશ્રય તે લે છે. એક પણ માણસ કોઈ પણ બાબતમાં, બરી રીતે સઘળા પ્રયત્ન કરવા છતાં નિષ્ફળ જાય માટે એવું અનુમાન ન બાંધી શકાય કે બીજી બધી બાબતમાં તે નિષ્ફળ જશે. રેતી ઉપર તરફડિયાં મારતી, પોતાને તોડી ફોડી નાખતી માછલીને એક વાર જુઓ. પછી તેનોજ બીજો દેખાવ જુઓ. એક મોટું મોજું કિનારા ઉપર આવે છે અને તે દુર્ભાગી પ્રાણી ઉપર ફરી વળે છે. તેની પાંખોને પાણી અડે છે કે તરતજ તે ફરી સજીવન થાય છે. મોજાંમાં વીજળીની ઝડપથી તે નાસે છે. મોજાંમાં જ્યારે તેની પાંખ કામ કરે છે, ત્યારે જમીન અને હવામાં તેની પાંખનાં તરફડિયાં નકામાં અને મદદરૂપ થવાને બદલે અડચણરૂપ થઇ પડે છે.

તમારાથી બનતો પ્રયત્ન કર્યા પછી તમે નિષ્ફળ જાઓ તો

તમારૂં કરેલું કામ તમે તપાસો અને તમારી વૃત્તિ અગર શક્તિને અનુસરતું તે કામ છે કે નહિ તે જુઓ. ગોલ્ડસ્મિથને માલૂમ પડયું હતું કે, તે તબીબનું કામ કરવાને લાયક નહોતો; પણ તેનું "વિકાર ઓફ વેકફિલ્ડ" અગર તો "ડેઝર્ટેડ વિલેજ" બીજું કોણ લખી શકત? કાઉપરને વકીલ તરીકે નિષ્ફળતા મળી. તે એવો બીકણ હતો કે, તે કોઇ કેસમાં દલીલ કરી શકતો નહિ; પણ તેણે આપણાં સુંદરમાં સુંદર કાવ્ય લખ્યાં છે. મોલિયરને એમ માલૂમ પડયું કે, તે પોતે વકીલ થવાને લાયક નથી પણ સાહિત્યમાં તેણે નામના કરી. વોલ્ટરે અને પ્રેટ્રાર્કે કાયદો છોડી દીધો. વોલ્ટરે તત્ત્વજ્ઞાન પસંદ કર્યું. પ્રેટ્રાર્કે કવિતા પસંદ કરી. ચાળીસ વર્ષની ઉંમર સુધી ક્રોમ્વેલ એડૂત હતો.

તેર વર્ષથી ઉપરના આપણે થઇએ, ત્યાંસુધી અભ્યાસ અગર કામની કોઇ પણ લાઇન માટે પ્રતિભા અગર જાણવાજોગ શક્તિ આપણામાં માલૂમ પડતી નથી. છોકરા–છોકરીઓમાં ઘણાંને સ્વાતંત્ર્ય આપવામાં આવે, છતાં નિર્વાહ માટે શું કરવું તે વિષે પંદર કે વીસ વર્ષની વય પહેલાં પણ નક્કી કરવું તેમને મુશ્કેલ લાગે છે. દરેક મનુષ્ય આ બાબતમાં અંતર્યામીની–અંતઃકરણની સલાહ લે છે. અમુક કયો માર્ગ, અમુક કયો નિશ્ચિત માર્ગ લેવો, તે માટે અદ્ભુત યોગ્યતા માગે છે; પણ તે યોગ્યતા તેનામાં હોતી નથી; આથી પોતાની આગળ આવેલું કર્તવ્ય શા માટે છોડી દેવું અગર તો જે પરિશ્રમ પોતાને કરવાનો આવે, તે શા માટે ન કરવો એને માટે કાંઇ કારણ જણાતું નથી. જે ધંધા ઉપર સેમ્યુઅલ સ્માઇલ્સને પ્રીતિ નહોતી, તેવા ધંધાની તેને કેળવણી મળી હતી; છતાં તે ધંધો તેણે એવા આગ્રહ સાથે કર્યો કે ગ્રંથકારનું કાર્ય કે જેને માટે તે લાયક હતો, તે કાર્યમાં પણ તેને તે વડે મદદ મળી. જે કામ કરવા માટે પોતાની આગળ આવી પડયું હોય તેને વળગી રહેવું. આપણાં માતાપિતા, આપણા શેઠ, આપણી જાતિ તેમજ ઇશ્વરપ્રત્યેની જવાબદારી એની સાચી લાગણી રાખવી. આથી આપણે સર્વ યોગ્ય સમયે આપણા ખરા સ્થાન ઉપર આવી શકીશું.

પ્રથમથીજ જે ગાર્ફિલ્ડ, આગ્રહવાળો શિક્ષક, જવાબ-

દારીવાળો સૈનિક અને અંતઃકરણ મુજબ કામ કરનાર રાજદ્વારી ન હોત, તો તે યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડન્ટ થઇ શકત નહિ. લિંકન તેમજ ગ્રેન્ટ બાલ્યાવસ્થાથીજ વ્હાઇટ હાઉસ માટે– અમેરિકાના પ્રેસિડન્ટ થવા માટે પરિપક્વ બુદ્ધિ અગર મનુષ્યો ઉપર રાજ્ય કરવાની અસ્ખલિત શક્તિ ધરાવતા નહોતા. આ કારણથી **પારણામાંથીજ અદ્‌ભુત શક્તિઓ કોઇને ન મળી હોય, તો તેણે નિરાશ થવું જોઇએ નહિ. જે જગાએ પોતાને કામ કરવાનું આવી પડયું હોય, ત્યાં પોતાથી બનતો સઘળો પ્રયત્ન કરવો અને પોતાનું અંતઃકરણ બતાવે તે દિશામાં દરેક સારા અવસરે, સારા પ્રસંગે આગળ વધવું એજ તેનું કામ છે.** કર્તવ્યનેજ મુખ્ય માર્ગદર્શક રાખવું અને તેથી મનુષ્યની શક્તિ અને તેના ઉદ્યોગમાં તેને પૂરતી ફતેહ મળશે.

ઘણુંખરૂં કામ પસંદ પડે તેવું હોતું નથી અને સ્ત્રી–પુરુષોનો મોટો ભાગ એમ ધારે છે કે, બીજી કોઇક જગાએ તેમને વધારે સુખ મળત. લગભગ દરેકને અમુક બાબત, અમુક કામ પસંદ કરી લેવાનો વખત આવે છે. કયો ધંધો મારે કરવો ? જિંદગીમાં મારે કયું કામ કરવું ? જો પ્રેરણાબુદ્ધિ અને હૃદય એમ કહે છે કે સુતારકામ તો સુતારકામ, દાક્તરનું કામ તો દાક્તરનું કામ. દૃઢતાથી કરેલી પસંદગી અને સાચા દિલનો ઉદ્યોગ એ વડે સ્ત્રી અગર પુરુષ ફતેહ મેળવ્યા વગર રહેશે નહિ; પણ જો પ્રેરણાબુદ્ધિ ન હોય અગર તો તે નબળી કે ઓછી હોય, તો પોતાને શું બંધબેસતું આવશે તે તપાસી પોતાની યોગ્યતા અને તકને અનુસરી માણસે સાવધાનપણે કામ પસંદ કરવું. જગતને તેનો તેમજ અન્ય સર્વને દરેકનો ખપ છે, એ વિષે કોઇએ શંકા રાખવી નહિ; પરંતુ કીર્તિ, નામ અગર દોલત બધાને મળતાં નથી. **પોતાનું કામ પોતે સારી રીતે કરવું, એમાં ખરી ફતેહ રહેલી છે અને એટલું તો દરેકથી થઇ શકે. પહેલા વર્ગના તગારાં ઊંચકનાર થવું પણ કોઈ પણ કામમાં બીજા વર્ગમાં આવવું નહિ.** જગતમાં પહેલાં જેઓ મૂર્ખ અને અક્કલ વગરના તરીકે જણાયા હતા, તેઓ પાછળથી બહુ મોટી ફતેહ પામતાં જગતે તેમના તરફ પ્રીતિ બતાવી છે. નિરાશા અને ગેરસમ-

જૂતીની વચ્ચે રહીને આગળ વધવાનો તેઓ પ્રયાસ કરતાં તે વખતે દુનિયાની તેમના તરફ નજર, તેમના પર પ્રીતિ નહોતી. આવાં જીવનો ઉપરથી શું એમ નથી માલૂમ પડતું કે, મંદ બુદ્ધિવાળા પણ ઉચ્ચમાં ઉચ્ચ સ્થાને જઇ શકે? પોતાના વર્ગનો છેલ્લાં નંબરનો છોકરો હેન્રી વૉર્ડ બીચરના ઉચ્ચ સ્થાને પહોંચ્યો, તે ઉપરથી એવું અનુમાન બાંધવાને કારણ નથી કે બીજા વર્ગનો દરેક છેલ્લો છોકરો પણ એવું મહાન પદ મેળવી શકે. છોકરામાં પોતાનામાં અવશ્ય કાંઇ ચૈતન્ય જોઇએ; નહિ તો કોઇ પણ સંજોગમાં જગતનો અંત આવે ત્યાંસુધીમાં પણ તેનો ઉદય થાય નહિ. જીવનનો આરંભજ નિષ્ફળતા જેવો હશે અને કોઇ રીતે પણ તે પૂર્ણપણે જાગૃત નહિ થાય, તો તેનો અંત પણ એમજ આવવાનો. કોઇ પણ છોકરા અગર છોકરીને પૂરતી તક અને વાજબી ઉત્તેજન આપો. તે ખરેખર મૂર્ખ હોય, તો તેજ કારણથી તેનો તિરસ્કાર કરતા નહિ; કારણકે આવાજ ઘણા કાંઇ પણ કસ વગરના કહેવાતા મૂર્ખ, મંદમતિ, સુસ્ત અગર મૂઢ છોકરાઓ, પોતાના યોગ્ય સ્થાનમાં હોતા નથી; પણ ચોરસ જગામાં મૂકેલા ગોળ કકડા જેવા હોય છે.

થેકરે કહે છે, " આપણે જો અસાધારણ અક્કલના અગર પંડિત હોઇએ, તો આપણી માફક જેનામાં મહાન શક્તિઓ ન હોય તેવાને માટે પણ આપણે નરમાશ–દયાની લાગણી રાખવી જોઇએ. મૂર્ખ મનુષ્યો માટે પણ મને હમેશાં સન્માનની વૃત્તિ રહે છે. મારી શાળામાંના મૂર્ખ ઘણાજ આનંદી હતા. જિંદગીમાં તેઓ સર્વથી વધારે સુસ્ત કે મંદ માલૂમ પડ્યા નથી. આથી ઊલટું કવિતાના ચરણ ને ચરણ રચનારાઓ અને પૂરા વાચાળપણા સાથે ચીકનો અર્થ કરનારાઓ માત્ર નિર્બળ અને દંભી માલૂમ પડ્યા છે. બાલ્યાવસ્થામાં તેમની જે બુદ્ધિ હતી, તેના કરતાં તે વધારે વધી નથી.

વીસ વર્ષની વયે જ્યોર્જ સ્ટીવન્સન કાંઇ વાંચીલખી જાણતો નહિ; છતાં તેનું નામ રેલવેપદ્ધતિના પ્રારંભ અને વિકાસ સાથે ગાઢપણે જોડાયેલું છે. વેલિંગ્ટનને તેની મા મૂર્ખ ગણતી. ઇટનમાં તે બુદ્ધિ વગરનો, સુસ્ત, ધીરો અને તેની સ્કૂલનો છેલ્લામાં છેલ્લો છોકરો ગણાતો હતો. આગળ જતાં તે આટલો

બધો વધી જશે, એવી કોઈને પણ આશા નહોતી. લશ્કરમાં દાખલ થવા જેટલી બુદ્ધિ તેનામાં જણાતી નહોતી અને લશ્કરમાં દાખલ થવાનો તેનો વિચાર પણ નહોતો. ઉદ્યોગ અને ખંત એજ તેના બીજા ગુણની ખામીઓ પૂરે તેવાં લક્ષણ હતાં એમ તેનાં માતપિતા અને શિક્ષકોને જણાતું હતું. આજ વેલિંગ્ટને ૪૬ વર્ષની વયે પોતાના સિવાયના પોતાના સમયના મહાનમાં મહાન સરદારનો પરાભવ કર્યો.

ગોલ્ડસ્મિથના શિક્ષકો હમેશાં તેની હાંસી કરતા. તેને બધા હમેશાં "વૂડન સ્પૂન" કહેતા કે, જે શબ્દ કોલેજમાં એવકૂફ માટે વપરાતો. વાઢકાપના શિક્ષણના વર્ગમાં દાખલ થવાનો તેણે યત્ન કર્યો; પણ તેને ના પાડવામાં આવી. તે પછી તેને સાહિત્યનો માર્ગ લેવો પડ્યો. ઘણી ગરીબ અવસ્થામાં તેમ દેવા માટે પકડાવાની હાલતમાં ડૉ૦ જોન્સનની નજરે તે પડ્યો. ગોલ્ડસ્મિથ પાસેથી જોન્સને "વિકાર ઑફ વેકફિલ્ડ" નો હસ્તલેખ લઇ લીધો અને તેનું દેવું આપ્યું. આ હસ્તલેખથી ગોલ્ડસ્મિથ પ્રખ્યાત થયો.

જૉન હાર્વર્ડ મોટો માણસ થશે, એવું એની નાની વયમાં કશું પણ ચિહ્ન નહોતું; પણ તેણે હાર્વર્ડ કૉલેજની સ્થાપના કરી અને પોતાની જાતિના ખરા હિતૈષીનું કાર્ય કર્યું.

રૉબર્ટ ફલાઇવનું નામ શાળામાં ઠોઠ તથા વહી ગયેલા તરીકેનું હતું; પણ ત્રીસ વર્ષની વયે ત્રણ હજાર માણસોથી પ્લાસી આગળ તેણે પચાસ હજાર માણસોને હરાવ્યા અને હિંદુસ્તાનમાં બ્રિટિશ શહેનશાહતનો પાયા નાખ્યો. સર વૉલ્ટર સ્કૉટને પણ વિદ્યાર્થી દશામાં તેના શિક્ષકો મૂર્ખ કહેતા. જ્યારે બાયરન તેના ક્લાસમાં પહેલો આવતો, ત્યારે તેનો શિક્ષક કહેતો કે, "હવે નોઈએ છીએ તમે કેટલોક વખત પહેલા નંબરે રહો છો? હમણાંજ છેલ્લા આવશો." શેરિડનની માતાએ તેને પ્રાથમિક કેળવણી આપવાનો પ્રયાસ કર્યો; પણ તે નિષ્ફળ ગયો. અનેક વખતે બને છે તેમ તેની માતાના મરણથી તેની સુસ્ત શક્તિઓ જાગૃત થઇ અને પોતાના સમયમાં એક પરાક્રમીમાં પરાક્રમી માણસ તરીકે પ્રસિદ્ધ થયો. ડૉ. ચામર્સને તેની મૂર્ખતા માટે સેંટ એન્ડ્રુઝ

સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

ડૉ૦ આઇઝેક બેરો એવો ઠોઠ હતો કે, તેનો બાપ એમ કહેતો કે, "ઈશ્વર મારા કોઇ પણ છોકરાને લઈ લેવાનો હોય, તો ભલે આઇઝેકને લઇ લે." જૉન વેસ્લીનો પિતા તેની માતાને કહેતો કે, "આ મૂર્ખને તમે એકની એક વાત વીસ વખત શા સારૂ કહો છો?" તેની માતાએ કહ્યું કે, એટલા માટે કે મેં એને ઓગણીસ વાર કહ્યું હોત, તો મારી સઘળી મહેનત નકામી જાત; પણ હવે તે સમજશે અને તેને યાદ રહેશે."

યુવાન લીનસને તેના શિક્ષકો "ઢ" કહેતા. ચર્ચને માટે તે લાયક નહિ જણાતાં, તેનાં માતાપિતાએ વૈદકનો અભ્યાસ કરવા માટે તેને કૉલેજમાં મોકલ્યો; પરંતુ તેના અંતર્યામી ગુરુની પ્રેરણા જંગલ માટે થઇ. બિમારી, આફત અને ગરીબ દશાથી પણ તે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરતાં અટક્યો નહિ અને વનસ્પતિશાસ્ત્રનો તે મહાનમાં મહાન વેત્તા થયો.

ડેવિડ હ્યૂમ પોતાની પડોશમાં જડમાં જડ અને બિલકુલ હોશ વગરના છોકરા તરીકે ગણાતો હતો; છતાં એક અકસ્માત કે જે વડે તેનું જીવન ભયમાં આવી પડ્યું હતું, તે પછી અને પોતાના ભાઇના મૃત્યુ પછી અભ્યાસમાં તેનું ચિત્ત એટલું બધું લાગ્યું–તે એટલો બધો ઉદ્યોગી થયો કે, એક ક્ષણ પણ ગુમાવવી તેને પાલવતી નહિ; તે તે સહન કરી શકતો નહિ. દરેક આણા વખતે પણ તે વાંચતો અને પોતાને જે વખત મળે તેનો ઉપયોગ તે સ્વસુધારણા માટે કરતો. પેનના "બુદ્ધિનો જમાનો" એ પુસ્તકને લીધે તે ગ્રંથકાર થયો હતો; કારણકે તેની દલીલો ખોટી પાડવાના થયેલા પ્રયત્નોને લીધે એક બળવાન અને પરાક્રમી લેખક તરીકે તે પંકાયો હતો.

આજે તો ઉપરચોટિયું કામ કરનારા, કામને ઉપરચોટિયું બનાવનારા જમાનામાં આપણે રહીએ છીએ. આપણા શરીર અને મનની શક્તિઓ જાણ્યા વગર, અગર તેની દરકાર રાખ્યા સિવાય સઘળું સહેલું છે, એમજ ગણીને આપણે આગળ વધીએ છીએ. સારી બુદ્ધિ ધરાવનાર યુવકે તેમજ સામાન્ય બુદ્ધિવાળા છોકરાછોકરીએ અને મૂર્ખે પણ પોતાનું બળ, પોતાની નિર્બ-

ળતા, પોતાને ગમતી તેમ નહિ ગમતી બાબતો, પોતાની વૃત્તિ અને પોતાની રુચિ એ સર્વનો અભ્યાસ કરવો જોઇએ. પેગંબર તરફથી ઘણા લાંબા સમય ઉપર કહેવામાં આવ્યું હતું કે, "આત્મજ્ઞાન મેળવ." આ દૈવવાણી જો કે બંધ થઈ ગઈ છે, તોપણ અનંતકાળ માટે આ શબ્દ મહત્ત્વના થઇ પડ્યા છે. આના કરતાં વધારે સારી શિખામણ કોઈ પણ સમયે માણસને આપવામાં આવી નથી. તત્ત્વજ્ઞાનનો ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશ આપણી પોતાની પ્રકૃતિના અભ્યાસમાં આવી રહેલો છે. જેમ કોઇ જૂઠાણા અગર નામોશીનો ત્યાગ કરવામાં આવે, તેમ આ જ્ઞાન વડેજ છોકરાછોકરીઓ પોતાને માટે નાલાયક તેમજ પ્રતિકૂળ જગાનો ત્યાગ કરશે. જે માણસ પોતાની બુદ્ધિશક્તિને સમજે છે, તે માણસની નાલાશી થતી નથી અને જે માણસ તે વાત સમજ્યો નથી, તે સારી નામના મેળવતો નથી; એમ કહેવામાં આવે છે, તેમાં કાંઈ પણ ખોટું નથી.



૬—કયો ઉદ્યમ ?

"પોતાની શક્તિઓ કેટલી છે તે પશુઓ પણ સારી રીતે જાણે છે. રીંછ ઊડવાનો પ્રયત્ન કદી કરશે નહિ. પાંચ સળિયાના ઝાંપાની અજમાયશ કરતાં લંગડો ઘોડો બહુ વિચાર કરશે અને ઊંડી અને પહોળી ખીણ જોઇ કૂતરો પ્રેરણાથીજ પાછો વળી જશે; પરંતુ માણસજ એકલું એવું પ્રાણી છે કે જે કુદરતની તેને અમુક મર્યાદામાં રહેવાની સ્પષ્ટ આજ્ઞા છતાં પોતાની મૂર્ખતાને લીધે કુદરતની વિરુદ્ધ વર્તન કરે છે. દુરાગ્રહથી તે મર્યાદા બહાર જવા યત્ન કરે છે અને જે તરફ તેની બુદ્ધિનું વલણ નથી તે તરફ પોતાની સઘળી તદબીરોનો તે મૂર્ખતાથી ઉપયોગ કરે છે." —**સ્વીફ્ટ**

"કોઇ પણ ઉદ્યોગ, પછી તે ટોપલીઓ બનાવવાનો, પહોળી તલવારો, નહેરો, પૂતળાં અગર કાવ્ય બનાવવાનો, હોય–જે વડે માણસને કામ અને સુખ મળે છે તે ઉદ્યોગ માટે જન્મવું એ માણસનું મોટામાં મોટું ભાગ્ય છે." —**એમર્સન**

"પોતાનું કામ નક્કી થવા માટે જે રાહ જોઈ બેસી રહે છે તે મરશે અને તેનું કામ અપૂર્ણ રહી જશે." —**લોવેલ**

"કુદરતથી જે કાંઇ તમે હો તેજ રહેવા પ્રયત્ન કરો. તમારી પોતાની બુદ્ધિ–પોતાની વૃત્તિનો માર્ગ છોડતા નહિ. કુદરતથી તમે જેને માટે નિર્માણ થયા હો, તેજ થશો તો તમે ફતેહ પામશો. તેનાથી બીજું કાંઇ થવા યત્ન કરશો તો તમે દરેકમાં નિષ્ફળ અને નાલાયક નીવડશો." —**સિડની સ્મિથ**

"જે પ્રમાણમાં તમે તમારું કર્તવ્ય કરવા ધારતા હશો તે પ્રમાણમાં તમારામાં શું પાણી છે તે જણાઈ આવશે; પણ તમારું કર્તવ્ય શું છે ? સમયની જરૂરિયાત." —**ગેટે**

"ઉચ્ચ કાર્યો કરો, આખો દિવસ માત્ર તેના સ્વપ્નમાં રહેશો નહિ. આથી જીવન, મૃત્યુ અને જગત–સર્વ એક મહાન મધુર અને ભવ્ય સંગીત બનશે." —**ચાર્લ્સ કિંગ્સ્લી**

આર્ટેમસ વૉર્ડે કહ્યું છે કે, " દરેક માણસમાં અમુક કાર્ય કરવાની યોગ્યતા હોય છે. અમુક માણસમાં અમુક કાર્ય કરવાની લાયકાત હોય છે, તો અમુક માણસમાં બીજું કાર્ય કરવાની લાયકાત હોય છે; વળી કેટલાંક સંખ્યાબંધ માણસો એવાં પણ હોય છે કે, જેઓને કાંઇ હેતુ હોતો નથી અને જેમનામાં કાંઇ પણ કરવાની લાયકાત હોતી નથી. જે કામ કરવાની મારી લાયકાત નહોતી, એવું કામ કરવાના બે પ્રસંગ મારે આવ્યા હતા. એક વખત મારો તંબૂ તોડનાર એક ઉઠાવગીરની સાથે મારે લડાઇ થઇ હતી. મેં તેને કહ્યું કે, 'ચાલ્યો જા, નહિ તો અહીં ને અહીં તું પૂરો થઇ જઇશ.' પેલાએ જવાબ દીધો કે, 'તારા જેવા તો મેં ઘણાએ જોયા છે.' એમ કહી તેણે મારા માથા ઉપર એક ફટકો લગાવ્યો અને મને ઊંચકીને ગોચરમાં ફેંકી દીધો. વળી ત્યાંથી ઉઠાવી મને તેણે એક કાદવના ખાડામાં ફેંકી દીધો. જ્યારે હું માંડ માંડ ઊભો થયો, ત્યારેજ મને ખ્યાલ આવ્યો કે, આ કામ મારૂં નહોતું. હવે હું બીજા પ્રસંગની વાત કરીશ. હું કદી દારૂ પીતો નથી; પણ એક વખત મારો વાદ્ય વગાડનાર તાવથી સપડાયો અને મરણ પામ્યો. આ પ્રસંગે હિંમત આણવા માટે, શરમાતાં શરમાતાં મેં દારૂ પીધો. પરિણામ એ આવ્યું કે, મને કોઈ વાતનું ભાન રહ્યું નહિ. મેં મારા મનના ઘોડા છોડી મૂક્યા અને બીજાનાં સઘળાં સુંદર કામ મેં તોડીફોડી નાખ્યાં. પછી મને ઘોડો થવાનું મન થયું. આથી હું કનાલની હોડીએ ઘોડા તરીકે મારે હાથેજ જોડાયો. એક ઘોડો મારી આગળ હતો અને બે ઘોડા મારી પાછળ હતા. હું જોડાયો તે પેલા ઘોડાઓને નવાઇ જેવું લાગવા માંડ્યું અને મને તેમની ઉપરાઉપરી લાતો પડવા લાગી. આ તોફાનમાં તે ઘોડાઓ સાથે હું પણ નહેરમાં પડ્યો; પણ મને બચાવવામાં આવ્યો. ત્યાંથી એક ડોળીમાં મને લઈ જવામાં આવતો હતો, ત્યારે મને વિચાર આવવા લાગ્યો કે, " 'ઘોડો થવું એ મારી લાયકાત નથી.' "

સાર:—" જે કામ કરવાની લાયકાત ન હોય, તે કરો નહિ; કારણકે તમે જો તે કરશો, તો પરિણામ નહેરમાં ડૂબકાં ખાવા જેવું આવશે. "

નીચેની જાહેર ખબર, પશ્ચિમ તરફના એક પત્રમાં દરરોજ પ્રકટ થવા છતાં, તેનો કોઇએ પણ ઉત્તર આપ્યો નહિ:—

જોઇએ છે:—" કોઇ પણ છાપખાનામાં કોઇ પણ ખાતાનું કામ કરવાને લાયક હોય તેવા, છાપવાનું કામ જાણનાર એક માણસને માટે જગા. કોઇ પણ કૉલેજમાં પ્રૉફેસરની જગાએ કામ કરી શકશે. સુંદર સુશોભિત ચિત્રકામ, લેખન, ભૂમિતિ, ત્રિકોણમિતિ અને બીજાં અનેક પ્રકારનાં વિજ્ઞાન શીખવવાને તે તૈયાર છે. ઉપદેશક તરીકેનો પણ તેને અનુભવ મળ્યો છે. ઉચ્ચ પંક્તિના અભ્યાસ માટે યુવાન સ્ત્રીપુરુષોનો એક નાનો વર્ગ ઉઘાડવાને પણ તે ખુશી છે. દંતવિદ્યા અગર કરપલ્લવીના કામમાં તે કિંમતી મદદગાર થઇ પડશે. કીર્તનમાં પણ હલકો અને મધ્યમ સૂર કાઢનાર જોડીદાર તરીકેની જગા તે ખુશીથી સ્વીકારશે."

આખરે આ નોટીસમાં નીચેનો વધારો કરવો પડ્યોઃ—

તા કઃ "હમેશના દર કરતાં ઓછા દરથી લાકડાં પણ વહેરી, ફાડી આપશે."

આ વધારાથી તેને એકદમ જગા મળી અને તે જાહેર બબર ફરી જોવામાં આવી નહિ.

જેવી તમારી શક્તિ તે પ્રમાણેજ તમને કામ મળે છે. તમારૂં બરૂં ભાવી તમારા ચારિત્ર્યમાં છે.

જો તમને તમારૂં યોગ્ય સ્થાન મળ્યું હશે, તો તમારા ઉદ્યોગમાં તમારી દરેક શક્તિની સંમતિ ને સહાય મળશે.

તમારા વધારેમાં વધારે અનુભવને અને રુચિને કેંદ્રસ્થાને લાવનાર ધંધો અને ત્યાંસુધી પસંદ કરો. આથી તમને મન-પસંદ ધંધો મળશે; એટલુંજ નહિ પણ તમારી કારીગરી અને ઉદ્યોગનું જ્ઞાન કે જે તમારી થાપણ છે તેનો બહુ મોટો ઉપયોગ તમે કરી શકશો.

તમારી વૃત્તિને અનુસરોઃ—તમારી પોતાની આકાંક્ષાઓની વિરુદ્ધ ઘણો લાંબો વખત તમે કૃતેહ સાથે લડત ચલાવી શકશો નહિ. માતાપિતા, મિત્રો અગર આકૃતને લીધે નહિ ગમે તેવાં કામ કરવાની ફરજ પડવાથી તમારી હૃદયની અભિલાષાઓ દબાઇ જશે; પણ છેવટે જ્વાળામુખીની માફક પોપડામાં રહેલો અંદરનો અગ્નિ ફાટી નીકળશે અને તેથી દબાઇ રહેલી વક્તૃત્વ શક્તિ, સંગીતકલા અગર કોઇ પણ મનોગમ ઉદ્યોગને

લગતી શક્તિ, પ્રતિભા પ્રકટ થઇ આવશે, જે શક્તિનો પરિપૂર્ણતા સાથે અમલ કરી શકવા તમને આશા ન હોય, તેનાથી તમે સાવધાન રહો. ખામીવાળાં તેમજ અધૂરાં હોય, એવાં સઘળાં કામોની કુદરત અવગણના કરે છે. તેવાં કામને તે કદી ફતેહમંદ થવા દેશે નહિ.

મેથ્યુ આર્નોલ્ડની પેઠે અમે પણ કહીશું કે, "ફાયદો નહિ જાણનાર ખાલી મગજવાળા વકીલ થવા કરતાં, બૂટને બ્લેકિંગ કરવાના અગર ઝાડુ મારવાના કામમાં પણ ઊંચા નીવડવું એ વધારે સારૂં છે."

રોજર આશામ કહે છે કે, "કયો સમય અને કયી વસ્તુ માટે પોતે લાયક છે, તે બાબતનું જ્ઞાન નહિ હોવાથી કેટલાક માણસ જેઓને માટે ગરીબ રહેવું એજ સારૂં હોય છે, તેઓને ધનવાન થવાની ઇચ્છા થાય છે; વળી જેઓ ગાડું ફેરવવાને માટે લાયક હોય છે, તેઓને દરબારમાં દાખલ થવાની ઇચ્છા થાય છે; જેઓ પોતાના ઉપર કાબૂ રાખતાં શીખ્યા નથી, તેઓને શેઠ થવાની અને શેઠાઇ કરવાની ઇચ્છા થાય છે; જેમને શીખવાની જરૂર છે, તેઓને શીખવવાની વૃત્તિ થાય છે અને જેઓ ક્લાર્ક થવાને લાયક હોય છે, તેઓને પાદરી થવાની ઇચ્છા થાય છે."

માનવજાતિને જાણે ધરતીકંપનો આંચકો લાગ્યો હોય અને એકબીજાની જગા બદલાઇ ગઇ હોય, તેમ જગતનો અર્ધો ભાગ પોતાને અણગમતા ધંધામાં પડેલો છે. એક દાસી થવાની લાયકાતવાળી બાઈ શિક્ષકનું કાર્ય કરે છે અને જે શિક્ષક થવાને લાયક છે, તે કોઠાર સાચવે છે. સારા એડૂત થવા માટે જેઓ લાયક હોય છે, તે કાયદાનું ખૂન કરે છે; જ્યારે કોએટ અને વેબ્સ્ટર જેવા માણસ ખેતી કરે છે. પોતાના ભાવીમાં કાંઇ ઉન્નતિ છે, એમ આવા દરેક માણસને વિચાર આવી વેદના થયા કરે છે. જે લોકોએ ગ્રીક અને લૅટિનનો અભ્યાસ કરવો જોઇએ, તેવા છોકરાઓ કારખાનામાં પોતાનાં દુઃખ રડ્યા કરે છે અને જે લોકોએ એડૂત અગર નાવિકનો ધંધો કરવો જોઇએ, તેઓ કૉલેજના અસાધારણ બોજાથી કંટાળી ચીડિયાં કર્યા કરે છે. જે લોકો ભીંતો અગર પાટિયાં ઘોળતા હોવા જોઇએ, તેઓ કેનવાસ ઉપર ડપકા પાડે છે.

ગલ્લાની પાછળ એવા કલાકં ઊભા રહે છે કે, જે ભરવાનો વાર પકડવો એ તિરસ્કારને લાયક કામ છે એમ ગણે છે અને બીજા ધંધાના વિચારમાં–સ્વપ્નમાં પોતાનું કામ ભૂલી જાય છે. એક સારો મોચી, ગામડાના પેપરમાં થોડીક કવિતાઓ લખે છે અને તેના મિત્રો તેને કવિનું ઉપનામ આપે છે. કલમનો ધંધો કે જે તેને પૂરો આવડતો નથી તે કરવા જતાં, બૂટ બનાવવાનું કામ જે તેને આવડે છે, તે પણ તે ગુમાવે છે. રાજ-પ્રકરણને યોગ્ય માણસો કાલબૂટ ઠોકવાનો ધંધો કરે છે, ત્યારે જોડા સીવવાને લાયક માણસો કૉંગ્રેસમાં બેસી થાગડ થીગડ જેવું કામ કરે છે. ઉપદેશ કરવો એ જેનું કામ નથી તે ઉપ-દેશકના કામને લજવે છે; જ્યારે બીચર અને વ્હાઇટફિલ્ડ વેપારી તરીકે નિષ્ફળ જતા માલૂમ પડે છે. આ રીતે ઉપ-દેશકની જગાઓ ખાલી પડેલી જોઇ તેનું કારણ શું હશે, તે વિષે લોકોને આશ્ચર્ય થાય છે. એક છોકરો જે હથિયારથી કાંઇ ને કાંઇ કામ કરે તેવો હોય છે, તેને યુનિવર્સિટીના માર્ગ ઉપર ચઢાવવામાં આવે છે અને આ રીતે પોતાના માની લી-ધેલા આબરૂવાળા ઉદ્યોગમાં તે નીચો ને નીચો પડતો જાય છે. જેઓ ખરા વાઢકાપના દાક્તર છે, તેઓ કસાઇનું કરવત અને છરો પકડી રહ્યા છે, જ્યારે કસાઇઓ માણસોના અવયવની વાઢકાપ કરે છે.

આપણા હેતુઓના આપણે ગમે તેવી રીતે વિભાગ પાડીએ, પણ તેને આકાર આપવાનું કામ તો ઇશ્વરજ કરે છે.

ફ્રેન્કલીન કહે છે કે, "જેને ધંધો છે, તેને મિલકત છે અને જેને ઉદ્યોગ છે, તેને લાભ અને સન્માનની જગા મળીજ ગઇ છે. એક સદ્‌ગૃહસ્થ ઘૂંટણ ઉપર માલૂમ પડે કે દબાઇ ગયેલો માલૂમ પડે તેના કરતાં પોતાના પગ પર રહેતો સ્વતંત્ર હુન-વાળો ખેડૂત વધારે ઊંચો છે.

એક માણસ પોતાની પ્રકૃતિને અનુસરતા ધંધાને લીધે જેવો થાય છે, જે કાંઇ ઉન્નતિ મેળવે છે, તેટલો બીજા કશાથી થતો નથી ને તેટલી ઉન્નતિ બીજી કોઇ પણ રીતે પ્રાપ્ત કરી શકતો નથી, તેથી તેના સ્નાયુ અને શરીર મજબૂત થાય છે, તેનું લોહી વધારે જલદી ફરતું થાય છે, તેની બુદ્ધિ તીક્ષ્ણ બને

છે, તેની તુલનાશક્તિ સુધરે છે, તેની સંશોધનની પ્રતિભા-શક્તિ જાગૃત થાય છે, તેની બુદ્ધિનો ઉપયોગ થાય છે. જિંદગીની શરત ઉપર તે દોડતો થાય છે, તેની મહત્ત્વાકાંક્ષા જાગૃત થાય છે, તે મરદ છે અને તેને મરદનો ભાગ ભજવવાનો હોઇને પોતાની મરદાનગી બતાવી આપવાની છે, એવી તેને લાગણી થાય છે. મનુષ્ય તરીકે જે ઉદ્યોગ કરતો નથી, તે માણસ મરદ હોય એમ તેને પોતાને પણ લાગતું નથી. ઉદ્યોગ વગરનો માણસ, એ માણસ નથી. હાડકાં અને સ્નાયુના ૧૫૦ રતલના બોજામાત્રથી કાંઇ માણસ માણસ બનતો નથી મગજ-વાળી બોપરીમાત્રથી માણસ માણસ બનતો નથી. હાડકાં, સ્નાયુ અને મગજથી માણસ માણસ કહેવાય, તે પહેલાં હાડકાં સ્નાયુ અને મગજથી મરદની માફક વિચાર કરતાં, મરદ તરીકે કામ કરતાં, મરદની માફક માર્ગ કરતાં અને ચારિત્ર્ય તથા કર્તવ્યથી પોતાનું વજન રાખતાં તેને આવડવું જોઈએ. જે માણસ એકલો વિચાર કરવા બેઠો નથી; ફિક્કા ગાલ, બીડેલા હોઠ અને બંધ કરેલી મૂઠીઓ વડે જેને કાંઇ કામ કરવાનું છે, અમુક કાર્ય કરવાનો જેનો નિશ્ચય નથી, તે માણસ વિજય મેળવવાને લાયક નથી એમ બુલ્વર કહે છે.

અમુક કામમાં ફતેહ માટે તે કામ તરફ પૂરું ધ્યાન આપવું તે પહેલી જરૂરની ચીજ છે અને તેને વળગી રહેવું એ બીજી બાબત છે. સાધારણ સંજોગોમાં, વ્યાવહારિક સાદી સમજ જેનામાં માર્ગદર્શક તરીકે છે અને જેનામાં ઉપરની બન્ને બાબતો છે, તે કોઇ પણ કાર્યમાં કદી નિષ્ફળ જશે નહિ.

મોટી જગા અગર મોટા પગાર માટે રાહ જોતા નહિ. તમે જે જગાએ હો તેને મોટી કરો, તેને મહત્ત્વની બનાવો, તેમાં કાંઇ નવીનતા આણો. પહેલાં ત્યાં જે કાંઇ કામ ન થતું હોય તે કરો. પહેલાંના માણસ કરતાં, તેમજ તમારી સાથેના કામ કરનારા કરતાં તમારા કામમાં વધારે ઝડપ આણો, વધારે આગ્રહ રાખો, વધારે સભ્યતા આણો. તમારા કામનો અભ્યાસ કરો, કામ કરવાની નવીન પદ્ધતિઓ શોધી કાઢો અને તમારા શેઠને નવી બાબતો સુઝાડો. શેઠને માત્ર સંતોષ આપવામાં, માત્ર તમારી જગાનું સામાન્ય કામ કર્યા કરવામાંજ કળા રહેલી નથી; પણ તે ધારવા કરતાં વધારે સારી રીતે કરવામાં, તમારા

શેઠને તમારા કામથી અજાયબ કરવામાં કળા રહેલી છે અને આખરે, આ સઘળાનો બદલો વધારે સારી જગા અને વધારે પગારથી અવશ્યજ મળશે.

જ્યારે તમે નોકરી કે ઉદ્યોગ છોડી દીધાં હોય, ત્યારે જે પણ પહેલું સારૂં કામ મળે તે લઈ લેજો. તમારી શક્તિ અને તમારા કામની વચ્ચે અંતર વધારે હોય, તોપણ તે ઉપર ધ્યાન આપતા નહિ. જો તમારા પરિશ્રમમાં તમારી મહેનતનો ઉપયોગ કરશો, તો તમને તેથી પણ વધારે સારૂં કામ કરવા માટે મળશે. બુદ્ધિવિષયક જીવનનો પરિશ્રમ ઉઠાવવાને પોતાનામાં પૂરતું બળ છે કે નહિ, તેની કોઈ પણ દિવસ તપાસ નહિ કરવાથી જે યુવાન ધીમે ધીમે દેવામાં આવી પડ્યો છે અને કોલેજના જીવન માટે તેનામાં જે કાંઇ આરોગ્ય, તેનું જે કાંઇ શરીર હોય છે તેનો તેણે ભોગ આપ્યો છે, તેનો દેખાવ દિલગીરીભરેલો થઇ પડે છે. પ્રથમથીજ કોઇએ તેને એમ ન કહ્યું કે, "તું ડીગ્રી મેળવીશ, તોપણ માનસિક ઉદ્યોગોમાં ઉત્તમ નીવડવા માટે તું તદ્દન નાલાયક રહીશ અને કાયમ માટે તું સાધારણ સ્થિતિમાંજ રહીશ." આ યુવાન એમ ધારે છે કે, કોલેજના કોર્સમાંથી તે માત્ર પસાર થશે અને આરોગ્ય તથા નાણાં સંબંધી તેની દુર્દશા હશે, તોપણ કોઇ પણ રીતે તે આગળ વધશે. પોતાની પહેલાંની સ્થિતિથી તે સંતુષ્ટ નથી. અશક્ય લક્ષ્યના ખ્યાલમાં–સ્વપ્નમાં તેની મહત્ત્વાકાંક્ષા વિષયુકત બને છે, તેનું ચૈતન્ય ખૂટી જાય છે અને તેની શક્તિઓ વિખરાઇ જાય છે. આ રીતે જે યુવક એક ઉપયોગી બેડૂત અગર હોશિયાર યંત્રવિદ્યા જાણનાર થવો જોઇએ, તે દેવું, અનારોગ્ય અને અતૃપ્ત મહત્ત્વાકાંક્ષાના બોજા નીચે લથડિયાં ખાય છે. મૃત્યુ તેને તેની આપત્તિથી મુક્ત ન કરે, ત્યાં સુધી તેની આ ને આ સ્થિતિ રહે છે.

જીવનના ખરા હેતુને લગતો આ પ્રશ્ન આ ગૂંચવણ ભરેલા જમાનામાં અતિશય મૂંઝવણ ઉત્પન્ન કરનાર થઇ પડ્યો છે. કોઇ ઝૂલુ છોકરો હોય અગર બેદુઇન છોકરી હોય, તેને માટે આ પ્રશ્નનું નિરાકરણ કરવું મુશ્કેલ નથી. જંગલી લોકોની સ્થિતિજ એવી હોય છે કે, એકજ પસંદગીનો ભાગ્યેજ મેળ રહી શકે છે; પણ મનુષ્ય જેમ સુધારામાં આગળ વધે

છે અને ઉદ્યોગનાં મહાન મધ્ય સ્થળની સમીપ આવે છે, તેમ તેનું મહત્ત્વ વધવા સાથે, ખરા નિર્ણયની મુશ્કેલી વધતી જાય છે. મનુષ્ય ઉપર સ્પર્ધાનું જેમ વધારે દબાણ, તેમ માણસે ખરો અને યોગ્ય હેતુ પસંદ કરવો એ વધારે જરૂરનું છે; જેથી પોતાની સઘળી શક્તિ, પોતાનો સઘળો આગ્રહ કૃતેહ માટેની પોતાની લડતમાં ઉતારી શકાય. કામ કરવાના સૌથી વધારે આકર્ષક પ્રદેશમાં પણ બળ અગર આશા ગુમાવી બેસવું એ નુકસાનકારક છે.

મિ૦ ગ્લૅડસ્ટન કહે છે કે, "મનુષ્યના શરીરથી, મનુષ્યના મગજથી મેળવવાના કામની પણ કાંઇક હદ હોય છે અને પોતે જે કામ માટે લાયક નથી, તેવા ઉદ્યોગમાં જે માણસ પોતાનું બળ ગુમાવતો નથી, તે શાણો માણસ કહેવાય છે.

કાર્લાઇલ કહે છે કે, "જે માણસને પોતાનો ઉદ્યમ મળ્યો છે, તે સુખી છે. બીજા કોઈ પણ સુખ માટે તેણે માગણી કરવી નહિ. તેને કામ મળ્યું છે, જીવનમાં કરવાના કાર્યનો હેતુ તેને મળ્યો છે, તેણે ઉદ્યોગ મેળવ્યો છે અને તે ઉદ્યોગ કરશે."

ધંધો પસંદ કરતી વખતે તમને વધારે પૈસા અગર વધારે પ્રસિદ્ધિ શાથી મળશે, તે વિષે વિચાર કરતા નહિ; પરંતુ જે કામથી તમારી શક્તિઓ વધારે ને વધારે બહાર આવે, તમારી મર્દાનગીનો વધારેમાં વધારે બળ અને પરિપૂર્ણતા સાથે વિકાસ થાય, તે કામ પસંદ કરો. પૈસા, પ્રસિદ્ધિ અને કીર્તિની પણ તમારે જરૂર નથી; શક્તિની તમારે જરૂર છે. પૈસા કરતાં મર્દાનગી વધારે મહાન છે. કીર્તિ કરતાં તે વધારે ભવ્ય છે. કીર્તિમાન કારકીર્દિ કરતાં ચારિત્ર્ય એ વધારે મોટી બાબત છે. દરેક શક્તિ કેળવાવી જોઇએ. તેને તાલીમ આપવામાં બાકી રહેશે તો તમે જે કાંઇ કરશો એમાં તે બાકી જણાઇ આવશે. હાથ સુંદર થાય, દૃઢ થાય, મજબૂત થાય તે માટે તેને કેળવણી મળવી જોઇએ. આંખ ચપળ થાય, વિવેકશક્તિવાળી થાય, સૂક્ષ્મદર્શક થાય તેવી રીતે તેને કેળવણી મળવી જોઇએ. હૃદય મૃદુ થાય, સહાનુભૂતિવાળું થાય અને સાચું થાય તે માટે તેને તાલીમ મળવી જોઇએ. યાદદાસ્ત સચોટ ધારણાશક્તિવાળી અને સર્વગ્રાહી થાય તે માટે તેને તાલીમ મળવી જોઇએ. તમે વકીલ થાઓ, પાદરી થાઓ, દાક્તર થાઓ, ખેડૂત થાઓ

વિજ્ઞાનવેત્તા થાઓ કે વેપારી થાઓ, એવી જગતની માગણી નથી. **તમારે શું કરવું, તે વિષે જગત કાંઇ કહેતું નથી; પણ તમે જે કાંઈ કરવાનું માથે લો તેમાં સર્વોપરી, શ્રેષ્ઠ બનો, એમ તેનું કહેવું છે.** જો તમે તમારા ધંધામાં, તમારા કામમાં, તમારી લાઇનમાં સર્વોપરી હશો તો જગત તમારી વાહવાહ કરશે અને સઘળા દરવાજા તમારે માટે ખુલ્લા થશે; પણ થાગડથીગડ કામ, કામનું અધૂરાપણું અને નિષ્ફળતા-ને દુનિયા વખોડે છે.

ફ્રસો કહે છે કે, "જે માણસ માણસનું કર્તવ્ય કરવાને સારૂં શિક્ષણ પામેલો છે, તે તેને લગતી કોઇ પણ જગાનું કામ કર-વાને નાલાયક હોતો નથી. મારા શિષ્યો લશ્કર, દેવળ અગર કાયદાને માટે નિર્માણ થયા છે કે કેમ તેની મને ફિકર નથી. સમાજની આપણી જગા પહેલાં માનવજીવનની જગા માટે કુદ-રતે આપણને નિર્માણ કર્યા છે. જીવન એ એક ઉદ્યોગ છે, ધંધો છે, એ હું તેને શીખવીશ. તેવું શિક્ષણ આપ્યા પછી, એ વાત ખરી છે કે **તે સૈનિક, વકીલ, અગર પાદરી થશે નહિ; પણ સૌથી પહેલાં તે મર્દ થાય, એવી મારી ઇચ્છા** છે. ભાગ્યદેવી પોતાની મરજી મુજબ ભલે તેને એક પદથી બીજા પદ ઉપર મૂકે, પણ તે સ્થાનમાં પણ તે મર્દજ રહેશે.

લૅન્કેસ્ટર પા. ની છ પ્રજા સાથેના વર્જિનિયાની સરકારના તહનામા પ્રમાણે ૧૭૪૪ માં, ત્યાંના ઇંડિયન લોકોને પોતાના છ યુવકોને વિલિયમ્સબર્ગ કૉલેજમાં મફત ભણવા માટે મોક-લવા કહેવામાં આવ્યું હતું. મહત્વના પ્રશ્નો જે દિવસે પૂછ-વામાં આવે, તેજ દિવસે તેનો જવાબ ન આપવો, એવો ઇંડિયન સભ્યતાનો નિયમ છે. વિચાર કરી તેઓએ તે માટે ના પાડી. તેઓએ કહ્યું કે, " ઉત્તર તરફના પ્રાંતોની કૉલેજોમાં અમારા કેટલાક યુવકોને અમે મોકલ્યા હતા. જ્યારે તેઓ પાછા આવ્યા, ત્યારે તેઓ દોડી શકતા નહોતા. જંગલમાં પોતાનો નિભાવ કેમ કરવો, તે તેઓ જાણતા નહોતા. ભૂખ અગર ટાઢ તેઓ વેઠી શકતા નહિ, તેઓ ઝૂંપડું બાંધી શકતા નહિ અને સ્વભાષા ઘણી ખરાબ રીતે બોલતા. શિકારી, યોદ્ધા અગર કાઉન્સિલરના કામ માટે તેઓ લાયક નહોતા. હરકોઇ કામ માટે તેઓ તદ્દન નાલાયક હતા. વર્જિનિયાના સદ્‌ગૃહસ્થો

પોતાના ડઝનેક છોકરા અમારે ત્યાં મોકલશે, તો અમે તેમની કેળવણી માટે વધારે સંભાળ રાખીશું. અમે જે જાણીએ છીએ તે અમે તેમને શીખવીશું અને અમે તેમને મર્દ બનાવીશું.''

જિંદગીની મહાન શરતમાં સાદી સમજવાળાને માર્ગ મળે છે. પૈસો, ડીગ્રી, વંશ, શક્તિ કે પ્રતિભા ભલે હોય, પણ કળા અગર સાદી સમજ ન હોય તો તેનું સારૂં પરિણામ આવતું નથી. શક્તિ વગરના અને જેમાંથી કાંઇ પણ પરિણામ ન આવે તેવાઓની પાસે ગમે તેવી ડીગ્રીઓ હોય અગર સર્ટિફિકેટો હોય, પણ તે પાછળજ રહી જાય છે. **તમે શું જાણો છો અગર તમે કોણ છો તે હાલના જમાનામાં પૂછવામાં આવશે નહિ, તમે શું કરી શકો એમ છો તેજ આ જમાનાનો પ્રશ્ન છે.**

જ્યોર્જ હર્બર્ટે ઠીકજ કહ્યું છે કે, ''આપણે જે કાંઇ કરીએ તેના કરતાં આપણે જે ખરી રીતે છીએ તેજ આપણને તો વધારે ઉપયોગી છે, વધારે મહત્ત્વનું છે. કોઈ પણ હેતુ, જેમાં ન્યાયપરાયણતા, આબરૂ અગર જેની સત્યશીલતા વિષે શંકા હોય તે એકદમ છોડી દેવો જોઇએ. ખોટી બાબત સારી દેખાય અર્થાત્ તે સારી હોય એવો અનુભવ થાય એવી રીતે તે ખોટી બાબતને શણગારવાની કલા આગળના બીજા કોઇ પણ સમય કરતાં આ સમયમાં વધારેમાં વધારે ખીલવવામાં આવી છે.''

એ એક જાણવા જેવી બાબત છે કે, દબાણ થતાં બુદ્ધિ, માણસની સત્ય વિષેની કુદરતી પ્રેરણાનો નાશ કરે છે. એક પ્રખ્યાત વિજ્ઞાનવેત્તાએ કહ્યું છે કે, ''માણસ જો તરદી લે અને મહેનત કરે, તો બુદ્ધિ વડે સભ્યતાની પ્રેરણા પણ મૂકી દે.'' આથી જ્યારે કોઇ શંકાસ્પદ, અગર લલચાવનાર ભાવી કોઇની આગળ રજૂ થાય છે, ત્યારે જેમ એક બાહોશ રસોઇઓ ભાત-ભાતના વઘાર અને મસાલા ભેળવીને એક સાદી ચીજમાંથી એક સુંદર વાની બનાવે છે, તેમ અસત્ય સત્ય દેખાય તેવી રીતે તેની સાથે હાથચાલાકી કરવાની તેને બહુ મોટી લાલચ થાય છે; છતાં કોઇ પણ હેતુ, જેમાં અનીતિ રહેલી છે, તેમાં પૂરી અને નિશ્ચિત નિષ્ફળતાનાં તત્ત્વ રહેલાં હોય છે. આ નિષ્ફળતા શા-

રીરિક તેમજ આધ્યાત્મિક હોય છે. જીવનના પોતાના ખાસ કર્તવ્ય માટે દરેક મનુષ્યમાં ખાસ યોગ્યતા હોય છે, એ વિષે કાંઈ પણ શક નથી. થોડાં પ્રતિભાશાળી મનુષ્યોમાં આ યોગ્યતા અસાધારણ હોય છે અને બાલ્યાવસ્થાથી પણ તે જોવામાં આવે છે.

જે ઉંમરે કેટલીક છોકરીઓ ઢીંગલીઓને લૂગડાં પહેરાવે છે, તે વખતે મડમ ડી સ્ટેલ રાજદ્વારી ફિલસૂફીમાં પડી હતી. મોઝાર્ટ જ્યારે ચાર વર્ષનો હતો, ત્યારે વાદ્ય વગાડી શકતો અને હજુ પણ પ્રચલિત છે તેવું સંગીત રચતો. નાનો શામર બાળકોને ઉછેરવાના ગૃહના સ્ટૂલ ઉપરથી ગંભીર દેખાવ અને સાચા જણાતા ચાળા સાથે ઉપદેશ આપતો. ગેટેએ બારજ વર્ષની વયે પોતાનાં કરુણરસનાં નાટક રચ્યાં હતાં. પંદર વર્ષનો પોતે હતો, તે પહેલાં ગ્રોટિયસે તત્ત્વજ્ઞાનને લગતું એક સરસ પુસ્તક લખ્યું હતું. પોપ પણ નાનપણથીજ કવિતા લખતો. અગિયાર વર્ષની ઉંમરે ચેટર્ટન સારી કવિતા લખતો. પોતાની સોળ વર્ષની ઉંમરે કાઉલીએ કવિતાનું એક પુસ્તક લખ્યું હતું. ટોમસ લોરેન્સ અને બેન્જામિન વેસ્ટ ચાલતાં શીખ્યા કે તરત ચિત્ર કાઢતાં શીખ્યા હતા. લિઝર બાર વર્ષની ઉંમરે જાહેરમાં અભિનય કરતો. કેનોવા માત્ર બાળક હતો, ત્યારે માટીના નમૂના બનાવતો હતો. બેકન માત્ર ૧૬ વર્ષનો હતો, ત્યારે તેણે એરિસ્ટોટલના તત્ત્વવાદની બોડો ઉધાડી પાડી હતી. નેપોલિયન બ્રિએન આગળ કાંકરા ફેંકતો હતો, ત્યારથીજ તે લશ્કરની સરદારી કરતો. પહેલીજ રાત્રીએ –છતાં પાછળના જેવીજ સારી રીતે કીને શાયલોકનો ભાગ ભજવ્યો હતો. આ સઘળા જ્યારે નાના હતા, ત્યારથીજ તેમની વૃત્તિઓ જણાઇ હતી; પણ સામાન્ય રીતે સર્વ કોઇમાં નાનપણથીજ પરિપકવ બુદ્ધિ જણાઈ આવતી નથી અને તેટલા માટે વીરલ, અપવાદરૂપ મનુષ્યો સિવાય, આપણા સ્વભાવમાં જે કોઇ બાબત તરફ ખાસ પક્ષપાત હોય, તે આપણે બોળી કાઢવો જોઇએ. આ પક્ષપાત પોતાની મેળે પ્રકટ થાય તેની રાહ જોઇને આપણે બેસવું જોઇએ નહિ અને એક વખત અમુક બાબત તરફ પક્ષપાત જણાય, તો તે આપણને સોના કરતાં પણ વધારે મૂલ્યવાન થઇ પડે છે.

જ્યોર્જ ઇલિયટ કહે છે કે, "આપણને વધારે સુખ મળે

તે માટે ઈશ્વરે આપણે માટે જે કામ નિર્માણ કર્યું હોય, તે કામથી વેગળા નાસવું એ મિથ્યા વિચાર છે. આ નિર્માણને પ્રીતિપૂર્વક અનુસરવું એમાંજ ઇશ્વરનું સંપૂર્ણ અસ્તિત્વ માલૂમ પડી આવે છે અને તેને આ રીતે શોધવાને બદલે, અન્ય કોઇ રીતે શોધી કાઢવાની ધારણાઓ નિષ્ફળ જાય છે."

એક વખત એક વડા પાદરીએ એક જુવાન પાદરીને કહ્યું હતું કે, "તમે ઉપદેશ આપો તે માટે હું ના પાડતો નથી; પણ કુદરતજ ના પાડે છે." ફિલિપ્સ બ્રૂકસ કહે છે કે, "ઉપદેશને ખાતર ઉપદેશ આપવા માટે આ જમાનાને અપ્રીતિ નથી. પછી તે તમારો ઉપદેશ સાંભળે નહિ, તો એ જુદી વાત છે; પણ એટલું તો નક્કીજ સમજવું કે, તે તમારો ઉપદેશ નહિ સાંભળે, તો તમારા બૂટ પહેરશે, તમારો લોટ ખરીદ કરશે, અગર તો તમારા દૂરબીનથી તારા જોશે." દરેક માણસ પોતાના જમાનાનો તૈયાર લાભ લઇ શકે ખરો, પણ તે લાભ શો છે અગર ક્યાં છે, તે શોધી કાઢવાનું કામ પણ તેનુંજ છે.

લૉવેલ કહે છે કે, "આપણે જેવા ન હોઈએ તેવા થવા માટેના પ્રયત્નમાંથીજ ભાગ્યાતૂટ્યા આશયવાળાં ને જેમની જિંદગી રદ્દ ગઇ હોય એવાં અનેક મનુષ્યનાં દૃષ્ટાંત આપણે જોઇ શકીએ છીએ. **જે કાર્ય વડે તમારી સઘળી શક્તિઓ જાગૃત ન થાય, જે કામને તમારૂં અંતઃકરણ સંપૂર્ણ રીતે કબૂલ ન કરે, જે કામ તમારા સ્વભાવને સંપૂર્ણ અનુકૂળ ન હોય અને તમને સંપૂર્ણ રીતે પસંદ ન હોય; જે કામનો અહર્નિશ તમને વિચાર ન થયા કરતો હોય–અથવા તો અહર્નિશ વિચાર થયા કરે એટલો ઉત્સાહ જે કામને માટે તમારામાં પ્રકટ ન થયો હોય, ત્યાંસુધી તમને તમારો યોગ્ય ઉદ્યમ મળ્યો નથી અને તમારૂં યોગ્ય સ્થાન તમને મળ્યું નથી એમ સમજવું. નાપસંદ કાર્ય–મહેનત કર્યા કરવાની પણ ફરજ તમને કોઈ વખત પડે ખરી, પણ જેમ બને તેમ વહેલાં તેમાંથી મુક્ત થાઓ.** પવિત્ર મોચી 'કેરી' મિશનરી તરીકે ગયો તે પહેલાં તેણે કહ્યું હતું કે, "મારૂં ખરેખરૂં કામ તો ઉપદેશ આપવાનું છે. મારૂં અર્ચ કાઢવા માટેજ હું જોડા સાંધું છું."

તમારો ધંધો હલકો હોય, તો બીજાઓ કરતા હોય તેના

કરતાં વધારે પુરુષાર્થ તેની પાછળ કરીને તેને ઉન્નત કરો; નૈસર્ગિક પદ્ધતિથી તેને વિશાળ કરો; સાહસ અને ઉદ્યોગથી તેનો વિસ્તાર વધારો; એક ખાસ ધંધાની માફક તેનો અભ્યાસ કરો. તે વિષે જે કાંઇ જાણવા જેવું હોય, તે સઘળું શીખો અને તેને માટે તમારી સઘળી શક્તિઓ એકાગ્ર કરો; કારણકે મોટામાં મોટી ફતેહ ફક્ત એકજ હેતુ અને એકજ બાબત પાછળ એકચિત્તે મંડી પડનારા માણસને વરવા માટે સરજાયલી હોય છે. કોઇ પણ હરીફ સત્તાઓથી, આવા માણસના આત્માના સામ્રાજ્યના અથવા આત્મબળના ભાગ પડતા નથી. બીજાની જગા માટે ફાંફાં મારવા કરતાં, તમે તમારી પોતાનીજ જગાને શણગારો અને શોભાવો.

ઊંચામાં ઊંચી ટોચે, ઊંચામાં ઊંચા શિખરે તમારે પહોંચવું હોય, તો તમારા ઉદ્યોગની નીચામાં નીચી જગાએથી કામ શરૂ કરો. તમારા ધંધા સાથે જેનો સંબંધ હોય, એવી કોઇ પણ બાબતને નજીવી કે નિરુપયોગી નહિ સમજતાં, તેને લગતી એકેએક વિગતોનું પૂરેપૂરું જ્ઞાન મેળવો. એ૦ ટી૦ સ્ટુઅર્ટ અને જોન જેકબ એસ્ટરની ફતેહનું આજ રહસ્ય હતું કે, પોતાના ધંધાની દરેક વાત તેઓ જાણતા હતા.

પોતાના પ્રાપ્ત સંયોગો પોતાના ભાવી માટે કેટલા સાધક-બાધક છે, તેનો નિર્ણય કરતાં સઘળા જમાનાના મહાન બુદ્ધિમાન મનુષ્યો પણ ગૂંચવાયા છે. એ સંબંધમાં તેમજ આપણે શું કરવું, તે સંબંધમાં એક પ્રખ્યાત પાદરી કહે છે કે, "તમારી જાત માટે અગર તમારા વંશ માટે તમે જવાબદાર નથી. તમારા બાપદાદાના વંશમાં કોઇ માંદલા હોય, ઠોંગી હોય અને જેઓ તમારાથી સોએક વર્ષ પહેલાં જન્મેલા હોઇને જેમની થોડીઘણી અસર આજે પણ તમારામાં રહેલી હોય, તેવા કોઇને માટે તમે જવાબદાર નથી. તમારું શારીરિક કે માનસિક બંધારણ હોંશનું, ઉદ્વેગનું, ફિક્કું અગર ઢીલું હોય, તે બાબત માટે પણ તમે જવાબદાર નથી. ન્યુ ઇંગ્લેંડની પથ્થરની ટેકરીઓ, લુઇયાનાનાં કપાસના વાવેતરવાળી જગાઓ, કલાઇડ, નીપર, શાનન અગર સીનનો કાંઠો એ તમારી જન્મભૂમિ હોય કે બીજી હોય, તેને માટે તમે જવાબદાર નથી. તમારા પિતાના ઘરમાં જે ધર્મનું

શિક્ષણ મળે છે, તેને માટે અને તમારા બાપના ધર્મને માટે પણ તમે જવાબદાર નથી. જેમાં તમારાથી કાંઇ ન થઇ શકે અગર જે સંજોગ તમે નિર્માણ કર્યા નથી, તેને માટે તમે ભાંજગડ કરતા નહિ. જેવી વસ્તુસ્થિતિ હોય તેવીજ ગણીને પ્રશ્નનો નિકાલ કરો જેથી તમે સહીસલામતીથી કહી શકો કે, "આ હેતુ માટેજ મારો જન્મ થયો હતો." તેનો નિર્ણય તમે શી રીતે કરશો ? તમને જવાબ આપવાને જે એકલોજ શક્તિમાન છે, તે સર્વ-શક્તિમાન પ્રભુને સીધી વિનતિ કરીને તમારા અંતર્યામીને-તમારા અંતઃકરણને પૂછીનેજ તમે તે નિર્ણય કરી શકશો.

'પ્રેમ' એજ લગ્ન માટેની દલીલ અને કારણ રહેવાં જોઇએ. એ વડેજ માણસ વિવાહિત જીવનની અડચણો અને મૂંઝવણો-માંથી સહીસલામત પસાર થાય છે; તેવીજ રીતે બીજા ધંધામાંના ઘણાને અને વ્યાપારીઓમાંના સેંકડે પંચાણું ને મૂંઝવણભરી અડચણોમાંથી ખાતરીપૂર્વક અને સહીસલામતીથી પાર પાડી શકે એવી કોઇ પણ ચીજ હોય, તો તે ઉદ્યોગ માટેનો પ્રેમ છે.

વ્હીટિયરે એક સ્થળે કહ્યું છે કે, "જગતમાં કશુંક કરવાને માટે હું જન્મ્યો છું એમ મને લાગ્યા કરતું અને એવાજ વિચાર મને આવ્યા કરતા." તેના આ કથન ઉપરથી તેની મહાન શક્તિઓનું રહસ્ય જણાઇ આવે છે. કાયદો, સાહિત્ય, વૈદક અથવા પ્રધાનપદુ, અગર બીજા કોઇ પ્રકારના માણસોથી હદ ઉપરાંત ભરાઈ ગયેલા એકાદ ધંધામાંજ મારે તો દાખલ થવું જોઇએ, એવી જેને વૃત્તિ થયા કરે છે, તેને તે કાર્યમાં ફતેહ મળ્યા વગર રહેતી નથી. તેની આવી નિશ્ચિત વૃત્તિ અને તે ધંધા અથવા કાર્ય માટેનો તેનો પ્રેમ અને તેની શ્રદ્ધા, એ તેની કારકીર્દિમાં અસરકારક અને મદદગાર તત્ત્વ થઇ પડે છે. પોતાના પૂર્વજોએ અમુક ધંધામાં નામ કાઢયું હોય માટે અથવા પોતાની માએ કહ્યું તેટલાજ માટે અને તે ધંધા સંબંધી કોઇ પણ પ્રેમ અગર યોગ્યતા ન હોવા છતાં જે માણસ તે ધંધામાં દાખલ થવા ઇચ્છતો હોય, તેણે તેમ કરવા કરતાં દિવસનો એકાદ રૂપિયો કમાનાર મજૂર બનવું એ વધારે સારું છે; કેમકે તેવા કામમાં પણ પોતાની બુદ્ધિ વડે તે આગેવાન થઇ શકશે. રેલગાડીને એક મોટો પથ્થર જેટલું નુકસાન કરે છે, તેટલું નુકસાન તે પોતાને પ્રતિકૂળ ઉદ્યોગમાં નાખીને કરે છે.

થોડા વર્ષ પહેલાં "પરણવું" એજ માત્ર છોકરીઓ માટે ક્ષેત્ર હતું અને કુમારી સ્ત્રીને પોતાના મિત્રોની અપ્રીતિ વેઠવી પડતી. શિંગે કહ્યું છે કે, "જે સ્ત્રી પુરુષના જેવા વિચાર કરે છે તે, પોતાના મોં ઉપર પાઉડર છાંટનાર પુરુષના જેવી હાંસીને પાત્ર બને છે. મહત્વાકાંક્ષી સ્ત્રીઓ જેઓ વાંચવાલખવાને હિંમત કરતી તેમને ત્યાં કોઇ આવે, ત્યારે તેમને પોતાની ચોપડી અગર હસ્તલેખ ઉપર ભરતકામનો કોઇ કકડો નાખવો પડતો, એ વાતને હજુ ઘણાં વર્ષ થયાં નથી." બોલતી સ્ત્રીને ડૉ. જૉન્સન પાછલા પગ ઉપર ચાલતા કૂતરા સાથે સરખાવતો. તે કહેતો કે, "સ્ત્રીઓ બરોબર બોલી શકતી નથી, તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. તે બોલી શકે છે તે પણ આશ્ચર્યજનક છે." ડૉ. ગ્રેગરી પોતાની છોકરીઓને કહેતો કે, "જો તમારામાં કાંઇ વિદ્વત્તા હોય, તો તે પુરુષોથી ઘણીજ ગુપ્ત રાખજો; કારણકે બુદ્ધિમાન અને કેળવાયલી તથા સમજશક્તિવાળી સ્ત્રીઓ પ્રત્યે પુરુષો દ્વેષ અને ખારની દૃષ્ટિથી જુએ છે." તે દિવસોમાં જે સ્ત્રીઓ પુસ્તકો લખતી તેમને તે બાબતમાં પૂછવામાં આવતું, તો તે કામ કરવું એ જાણે નામોશી ભરેલું હોય, એમ તે સંબંધમાં તે ના પાડતી. આ સઘળું હવે ફરી ગયું છે અને તે ફેરફાર પણ કેવો થયો છે! ફ્રાન્સિસ વિલાર્ડ કહે છે તે પ્રમાણે આ જમાનાની મોટામાં મોટી શોધ, તે સ્ત્રીઓના ખરા મહત્વની–તેમની શક્તિઓની શોધ છે. આપણે તેમને સ્વતંત્ર કરી છે અને લગ્ન સિવાય તેમને માટે અન્ય અસંખ્ય તકો આપણે ખોળીએ છીએ; પહેલાં માત્ર છોકરાઓજ પોતાનો કામધંધો ખોળી શકતા, હાલ સ્ત્રીઓ પણ તેમ કરી શકે છે. આ સ્વાતંત્ર્ય ૧૯ મી સદીના કીર્તિમાન બનાવોમાંનો એક છે; પણ સ્વાતંત્ર્યની સાથે જવાબદારી પણ આવે છે અને આ ફેરફારની સ્થિતિમાં છોકરીઓને પણ કાંઈ ચોક્કસ હેતુ હોવો જોઇએ.

રેના એલ. માર્ઈનર છોકરીઓને સંબોધીને કહે છે કે, "જિંદગીનો હેતુ નક્કી નહિ કરવાને લીધે તમે તમારી જાતને હલકી પાડો છો, તમારો અભ્યાસ કરવામાં તમે પ્રશંસાપાત્ર ઉત્સાહ બતાવો છો, તમારી સમજશક્તિની ચાલાકી અને મુશ્કેલ સવાલોનો ફડચો આણવાની તમારી શક્તિ બહુ જાણીતી છે. આ બાબતમાં ૧૦ માંથી ૯ કેસમાં તમારા ભાઇઓથી તમે

આગળ વધી જાઓ છો; પણ જ્યારે હેતુ પરિપૂર્ણ થાય છે અને લક્ષ્ય પ્રાપ્ત થાય છે; પછી તે લક્ષ્ય કોઇ ડીગ્રી, સર્ટિફિકેટ અગર કૉલેજનો ડિપ્લોમા હોય, પણ દસમાંથી નવ છોકરીઓનાં નામની પાછળ, 'આગળ વધવામાં મુરદાલ' અગર 'લગ્નથી જાગૃત થાય, ત્યાંસુધી ઊંઘ્યા કરનાર'ના જેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે."

"તમારા જીવન માટે જે કાંઇ ખર્ચ થયું છે અને જે કાંઇ પરિશ્રમ વેઠવામાં આવ્યો છે, તેનું પરિણામ ફેશનેબલ ભરતકામ, ભપકાદાર પોશાકો, મુલાકાતો, સંગીત અને હાવભાવમાંજ આવે છે. તમારા નિભાવ માટે કમાવાની તમને જરૂર પડે છે, તો તમે ગલ્લાની પાછળ ઊભા રહીને અગર તો એકજ ગ્રેડમાં પડી રહીને એકાદ સ્કૂલમાં શિક્ષણ આપ્યા કરીને સંતોષ માનો છો; ત્યારે જે છોકરાઓ તમારી સાથેજ ગ્રેજ્યુએટ થયા હોય છે, તે નિસરણીનાં પગથિયાંની માફક ગ્રેડો ચઢે છે, પ્રોફેસરો થાય છે અને સારા પગાર મેળવે છે. વળી મુશ્કેલીઓ અને અડચણોને દૂર રાખીને તેઓ કાયદા, પદાર્થવિજ્ઞાન અગર ધારા બાંધવાના કામમાં પડે છે. તમો સાધારણ સ્થિતિથી સંતોષ માનનારી છોકરીઓની મુખ્ય નજર માત્ર એકજ મુખ્ય ચાન્સ માટે–લગ્ન માટે હોય છે. જો તમે પૈસાદારને પરણ્યા છો (જેને લોકો સારૂં લગ્ન થયું એમ માને છે) તો તમે વધારે સારો પોશાક પહેરો છો, વધારે ફેશનેબલ સોસાયટીમાં, મંડળોમાં ભળો છો અને તમારૂં સઘળું વિચારવાનું કામ તમારા ધણી માટે અને કરવાનું કામ પાદરી માટે રાખો છો તથા જીવનવ્યવહારમાં તમે જાણે કોઇ જડ ચીજ હો તેવા થાઓ છો. જો તમે પ્રીતિને મોહ્યાં હો છો અને તે માટે તમે ગરીબી પસંદ કરી હોય છે, તો તમે રાંધો છો, પકવો છો, ધૂઓ છો, છોકરાંને લપડાક મારતાં રહો છો અને તમારાં પાડોશીઓ સાથે ગપ્પાં-સપ્પાં મારો છો અને ઘાણીના બળદની માફક હેતુ વગર તમારાં વર્ષ ગાળો છો. જેમાં ગૂઢ શક્તિઓને સચેતન અને સુંદર અલંકારરૂપ બનાવવાને પૂરતું પ્રેરકબળ હોય, તેનું જ નામ ખરો હેતુ કહેવાય. તેની ઉત્પાદક શક્તિ એવી હોવી જોઇએ કે, મધ્યમાં રહેલા સૂર્યની આજુબાજુ જેમ ગ્રહો ગૌણ રહે છે, તેમ સઘળાં સાધન–સઘળાં સહાયક તત્ત્વ ગૌણ રહે. **એક માર્ગ અગર ધંધો પસંદ કરો તેની સઘળી**

વિગતોનો અભ્યાસ કરો, ઊંઘમાં પણ તેનું જ ધ્યાન રાખો, તેનેજ પ્રિય ગણો, તેનેજ માટે કામ કરો અને તમારે પછી લગ્નનો પ્રસંગ આવશે, તો તમારા પરિશ્રમની તમને જે કીર્તિ મળવી જોઇએ તેમાં નવીન વધારો થશે. જે છોકરીઓ માનો જમણો હાથ છે, છોકરાંને લાડ કરવામાં જેમનો માથીજ બીજો નંબર આવે છે, જેઓ કુટુંબમાંની જાળો–મૂંઝવણો ઉકેલે છે, જેમના સૌંદર્ય કરતાં બીજીજ કોઇ ચીજમાં તેમના પિતાને સુખ લાગે છે, જેમની નૃત્યકલા અગર સમાજમાં પ્રકાશવાની કલા કરતાં બીજી કોઇ વધારે આગળ પડતી ચીજ માટે તેમના ભાઇઓ મગરૂર છે, તેવી છોકરીઓની દુનિયાને બહુ મોટી જરૂર છે.” એમ ડૉ૦ હૉલ કહે છે. સમજુ છોકરીઓ, જેઓ ચોકકસ રૂઢિઓને બદલે પોતાનીજ કાંઇ ભાવનાઓ નક્કી કરે છે, જેઓ તે પ્રમાણે રહે છે અને રહેવા સ્વતંત્ર છે, જંતુ વળગવા અગર બગડવા માટેજ માત્ર પોશાકનાં પૂંછડાં જે લટકાવતી નથી, જે નાટકશાળામાં જતી નથી, ઊંચી એડીથી પોતાના પગ છોલતી નથી, તંગ પોશાક પહેરીને જે પોતાનું આરોગ્ય જોખમમાં નાખતી નથી, જે છોકરી સારો અને લાયક પોશાકજ પહેરે છે, નાદાની ભરેલી અને ત્રાસજનક ફેશનની જેઓ નિંદા કરે છે, તેવી છોકરીઓની જરૂર છે. હોઠથી હૃદય સુધી મીઠાશથી ભરેલી, નિર્દોષ, પવિત્ર, સાદી, નિશાળની દસ વર્ષની ચાલાક છોકરીઓ સામાન્ય રીતે પાપ, પ્રપંચ અને અનાચારના જ્ઞાન વગરની હોય છે, તેવી છોકરીઓની જરૂર છે. સુખસગવડ સાથે નિભાવ કરવા માટે પરિશ્રમ ઉઠાવનાર પોતાના ઉદાર પિતા અને બાળકોને સારી સારી ચીજો મળે, તે માટે પોતાને જે કાંઇ મળે તેથી હમેશાં ચલાવી લેનાર નમ્ર માતાનો પૂરો વિચાર કરનાર, તેમની કદર કરનાર, ખર્ચની ગણતરી કરનાર, જરૂરી અને બિનજરૂરી ખર્ચ વચ્ચેનો તફાવત સમજનાર, સંભાળથી કામ કરનાર ડાહી છોકરીઓની આપણને જરૂર છે. જે છોકરીઓ ખર્ચવાને નહિ, પણ બચાવવાને મહેનત કરે છે, જે છોકરીઓ સ્વાર્થત્યાગી છે અને ઘરમાં બોજાળ અગર નિરુપયોગી બનવાને બદલે આનંદ આપનાર–સુખ આપનાર થઇ પડવાને ઉત્સુક હોય છે, તેવી

છોકરીઓ આપણે જોઈએ છીએ. મૃદુતાથી, સહાનુભૂતિથી બીજા લોકોને માટે વહેતાં આંસુવાળી અને પોતાના સુંદર વિચાર પ્રકાશમાં આણનાર સ્મિતયુક્ત હૃદયવાળી છોકરીઓ જોઈએ છીએ. આપણામાં પુષ્કળ હોશિયાર છોકરીઓ છે, આપણામાં પુષ્કળ પ્રકાશમાન અને બુદ્ધિમાન સ્ત્રીઓ છે; પરંતુ આપણને તો આનંદી, હોંશીલી, આવેશવાળી, સ્વજનને આનંદ આપનાર, માયાળુ, મિથ્યાભિમાન વગરની અને દુનિયામાં બહાર પડવાની થોડી ઇચ્છાવાળી ઘણી છોકરીઓ જોઇએ છીએ. આપણી આજુબાજુ આવી છોકરીઓ હશે, તો ઉનાળામાં ઝાપટાની જાદુભરી અસરથી જેમ હવા તાજી અને ખુશનુમા થઇ પડે છે તેમ આપણી જિંદગી પણ નવચૈતન્યયુકત અને ખુશનુમા બને છે. સ્ત્રીઓના કર્તવ્યની જાણે કાંઇ અમુકજ સીમા હોય એમ તે વિષે લોકો વાત કરે છે; પરંતુ—

પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં એવી કોઇ પણ જગા નથી,
મનુષ્યજાતિનું એવું કોઇ પણ કામ નથી,
એવું કોઇ પણ સુખ અગર દુઃખ નથી,
એવી કોઇ પણ છાની વાત, હા અગર ના નથી,
એવી કોઇ પણ જિંદગી, મૃત્યુ અગર જન્મ નથી,
કે જેની કાંઇ કિંમત હોય અને તે છતાં,
તે સ્ત્રી વગરનાં હોય.

એમર્સન કહે છે કે, " તમને જે સોંપવામાં આવ્યું છે, તે કામ કરો. બહુ મોટી આશા અગર સાહસ નકામાં છે." ફિડિયાસની વિશાળ ફરસી, ઇજિપ્શિયનોના લેલા અને મોઝીઝ અગર ડાન્ટેની કલમના જેવા બહાદુર અને ભવ્ય—પણ એ સઘળાથી જુદાજ ઉદ્‌ગાર તમારે માટે આવેલા છે.

રસલ સેજે કહ્યું છે કે, " જે યુવાન માણસને મિત્ર અગર વગ નથી, તેને માટે શરૂઆત કરવાનો પહેલો સારામાં સારો માર્ગ એ છે કે જગા મેળવવી. બીજું મૌન, ત્રીજું અવલોકન, ચોથું નિમકહલાલી, પાંચમું તેનો શેઠ એમ ધારે કે તેના વગર તે મુશ્કેલીમાં આવી પડશે, છઠું સભ્યતા."

" આગ્રહ, પ્રમાણિકતા, વિગતો ઉપર ધ્યાન, વિવેક સાથેની જાહેરખબર—બહાર પડવું, એ ફતેહના ચાર ઉપાય છે,"

એમ જૉન વાનામેકરે કહ્યું છે. તેનું કાર્યસૂત્ર એ છે કે, "પરિશ્રમ ચાલુ રાખો."

બુલ્વર કહે છે કે, "હ્યુમેનિટિક એસાયલમ—ગાંડાની હૉસ્પિટલ બહારની દુનિયામાં એવો કોઈ માણસ રહેતો નથી કે જેનામાં ભલું કરવાની સત્તા ન હોય. લેખકો, અલંકારયુક્ત બોલનારાઓ અને સલ્લા કરનારા તે કરતાં વધારે શું કરે છે? તમે કોઇ દિવસ ઝૂંપડામાં પેઠા છો? ગાડીમાં મુસાફરી કરી છે? ખેતરમાં કોઇ ગામડિયા સાથે વાત કરી છે? શાળ ઉપર કામ કરનારની સાથે ફર્યા છો? તમને એમ માલૂમ નથી પડ્યું કે, તમારામાં જે શક્તિ નથી તે તેમનામાં છે? તમે જે કેટલીક ચીજો જાણતા નથી, તે તે જાણે છે? કલબોમાં બગાસાં મારતા નકામામાં નકામા માણસ અગર કેલેબ્રિયાની ગરમીમાં પોતાના ચીંથરા પરના જીવ ગણનાર પણ અક્કલની બાબી માટે બહાનું બતાવી શકે એમ નથી. માણસને જે જરૂર છે તે બુદ્ધિશક્તિની નથી, પણ હેતુની છે. બીજા શબ્દોમાં કહીએ તો મેળવવાની શક્તિ નહિ, પણ મહેનત કરવાની મરજીની માણસોને વધારે જરૂર છે. તમે જે કાંઈ જગતમાં કરો છો તે તમારા ધંધા કરતાં વધારે ઉચ્ચ છે, એમ માનીને કરો. ધંધો એ માણસ માટે માત્ર નિર્વાહ મેળવવાનું સાધન છે, એમ ઘણા માણસ ગણે છે. જિંદગીની મહાન શાળામાં માણસની સારી રીતે બીલવણી કરનાર અને તેનું ચારિત્ર્ય રચનાર યોજના એ ધંધો છે અને તેનો કેટલો સાંકડો વિચાર કરવામાં આવે છે! જેનું પરિણામ ઈશ્વરદત્ત સર્વશક્તિઓની વિશાળતા, જોડાણ, ઊંચાણ, અવયવસંગતિ અને સૌંદર્યમાં આવે તેનો કેવો સાંકડો અને હલકો વિચાર કરવામાં આવે છે?"

"સૂર્ય જેમ પુષ્પનાં સુંદર અને સુગંધમય પડને—પત્રને ઉઠેલે છે, તેમ જે કામ અને જે ઉપદેશનો હેતુ જીવનની મહાન શક્યતાઓમાંથી ઉપયોગિતા અને બળ ઊભાં કરવાનો હોય છે, તેથી આપણે કેવા પાછા હઠી જઇએ છીએ!

જીન એન્જિલો કહે છે કે, "જગતને ચલાવવાને હું બંધાયલો નથી, પણ ઈશ્વરે મારે માટે નક્કી કરેલું કામ ખુશખુશાલીથી શોધી કાઢવાને તથા કરવાને બંધાયલો છું

એવો વિચાર કરતાં મને આનંદ થાય છે.”

“ સઘળા ધંધા અને ઉદ્યોગમાં દાખલ થઇ શકે એવું એકજ તત્ત્વ છે અને તે મનુષ્યજાતિની સેવા છે. કોઇ પણ પ્રમાણિક ઉદ્યોગ અગર તેની ફૂતેહની આડે આ તત્ત્વ આવતું નથી. ઊંચામાં ઊંચી, મોટામાં મોટી ફૂતેહ, નિત્યમાં નિત્ય જીવન અને લાયક અમરતત્ત્વ આપનાર કોઈ પણ ચીજ હોય, તો તે આ ધાર્મિક તત્ત્વજ છે. આપણે જે કાંઇ કરવાનું તે આપણે પસંદ કરતા નથી અને તેની સાથે આપણે સંબંધ નથી. આપણું કર્તવ્ય આપણે બરાબર કરવું, એજ આપણી સ્પષ્ટ ફરજ છે. ” આમ એપિકટેટસ કહે છે.

હમેશ માટે પ્રસિદ્ધ થવું–તેને માટે મારે શું કરવું ?

કર્તવ્ય.

જેઓ સઘળા અપ્રસિદ્ધ મરણ પામેલા છે,
તેઓએ પણ કર્તવ્ય કર્યું છે.
તમે જેમને જાણતા નથી,
તેઓ અપ્રસિદ્ધ રહેશે એવો વિચાર કદી કરતા નહિ.
તેમનાં વખાણ સ્વર્ગદૂતો રણશિંગાથી કરે છે,
તેમનું ભાગ્ય દિવ્ય છે.



૭—શક્તિઓની એકાગ્રતા

"આ એકજ બાબત હું કરું છું." —સેંટ પૉલ

"જગતમાં ડહાપણ ભરેલી એકજ બાબત એકાગ્રતા છે. શક્તિઓને વેરી નાખવી તે અનિષ્ટમાં અનિષ્ટ બાબત છે. આપણા ઉડાઉપણામાં ગ્રામ્યતા હોય કે લાલિત્ય હોય એમાં કાંઈ ફેર પડતો નથી. આપણા કોઇ રમતના વિષય અગર ભ્રમણને જે કોઇ ખસેડે અને જેથી આપણે ઘેર જઈ આગ્રહપૂર્વક સારું કામ કરીએ તે દરેક બાબત સારી છે." —એમર્સન

"તમારી આંખ વડે ચોપચાં સીધાં રાખી તમારી સન્મુખ તમે જુઓ." —એક કહેવત

"જે માણસ જીવનમાં એકજ ચીજ માટે પ્રયત્ન કરે છે તે ચીજને જીવન પૂરું થતાં સુધીમાં તે અવશ્ય પ્રાપ્ત કરી શકે છે; પરંતુ પોતે જ્યાં જાય ત્યાં જે માણસ સઘળી ચીજો માટે ફાંફાં મારે છે, તેને આ રીતે તેણે ઊભી કરેલી નવી નવી આશાઓના ફળરૂપે નિષ્ફળતા અને ઉદ્વેગજ પ્રાપ્ત થાય છે." —ઓઓન મેરીડીથ

"જેમ જેમ મારું આયુષ્ય વધતું જાય છે, તેમ તેમ મારી પૂરી ખાતરી થતી જાય છે કે, મનુષ્ય મનુષ્યમાં, બળવાન અને નિર્બળમાં, મોટા અને નાનામાં જે ભેદ જણાય છે તે શક્તિનો—આગ્રહનો છે : એક હેતુ નક્કી કર્યા પછી, કાં તો તેની પાછળ મરી ફીટવું કે કાં તો તેમાં ફતેહ મેળવવી એવા અજેય સંકલ્પનો છે."
—ફ્રાવેલ બક્સ્ટન

"એક પ્રતિભાને એકજ વિદ્યા અનુકૂળ થશે." —પોપ

"તેણે તે કામ પૂરા દિલથી કર્યું અને તેને ફતેહ મળી."
—૨ વૃત્તાંત

પોતાના વિષે અને પોતાના ચાર ભાઈઓને વિષે બોલતાં નેથન મેયર રોથસચાઇલ્ડે જણાવ્યું હતું કે, "ફ્રેન્કફોર્ટમાં અમારા ચારે માટે પૂરતી જગા, પૂરતો ધંધો નથી. હું અંગ્રેજી માલનો વ્યાપાર કરતો. આખું બજાર જેને કબજે હતું, તેવો એક વેપારી મારી પાસે આવ્યો. તે ખરેખર મહાન પુરુષ હતો. તે અમને માલ વેચતાં જાણે અમારા ઉપર મહેરબાની કરતો હોય એમ હતું. એક વાર કોઇ પણ રીતે મેં એને ખરાબ લગાડયું અને તેણે પોતાના નમૂના બતાવવાને ના પાડી. આ વાત મંગળવારે બની. મેં મારા પિતાને કહ્યું કે, 'હું તો ઇંગ્લેંડ જઇશ. હું ગુરુવારે નીકળ્યો. જેમ જેમ હું ઇંગ્લેંડની સમીપ આવતો ગયો તેમ તેમ એજ માલ મને સસ્તો જણાવા લાગ્યો. હું મેન્ચેસ્ટર પહોંચ્યો કે તરતજ મેં મારા સઘળા પૈસા રોક્યા. માલ એટલો સસ્તો હતો કે મને સારો નફો મળ્યો."

ઉપલી વાત સાંભળનાર એક જણે કહ્યું કે, "હું આશા રાખું છું કે, તમારા છોકરાંની પ્રીતિ વધારે મહત્ત્વની બાબત ઉપર નથી; પણ ધંધા અને પૈસા ઉપરજ છે. એ વસ્તુસ્થિતિ તમને પસંદ હશે નહિ."

રોમ્સચાઇલ્ડે જવાબ આપ્યો કે, " મને તો ખાતરીપૂર્વક તેજ પસંદ છે. તેઓ પોતાનું તન, મન, હૃદય, આત્મા અને સઘળું ધંધામાં લગાડે એવી મારી મરજી છે અને સુખી થવાનો એજ રસ્તો છે." તેણે એક યુવાન મનુષ્યને કહ્યું હતું કે, " ગમે તે એકજ ધંધો પકડો; તેથી તમે તેમાં વધારેમાં વધારે ફતેહ, વધારેમાં વધારે કીર્તિ મેળવી શકશો. તમે એકી વખતેજ, ભઠિયારા, નાણાવટી, વેપારી અને કારીગર સઘળું થવા માગશો, તો છાપામાં નાદાર તરીકે તમારું નામ પ્રસિદ્ધ થતાં વાર લાગશે નહિ."

લક્ષ્યને વેરી નાખીને ઘણી ચીજો કરવી નહિ પણ દૃઢતા અને આગ્રહ સાથે એકજ ચીજ કરવી તે આ સમયમાં જરૂરની અને મહત્ત્વની બાબત છે.

આ જબરજસ્ત ઉદ્યોગના જમાનામાં જે પોતાનો પ્રયત્ન ગુમાવે છે, તે ફતેહ મેળવવાની આશા રાખી શકે નહિ.

" સામાન ફેરવી આપવામાં આવે છે, સંદેશો લઇ જવા

લાવવામાં આવે છે, શેતરંજીઓ વગેરે ધોઇ આપવામાં આવે છે અને કોઇ પણ વિષય વિષે કવિતા કરી આપવામાં આવે છે.” આવું લંડનમાં એક માણસનું જાહેર-ખબરનું પાટિયું હતું. આમાંનું કોઇ પણ કામ તે માણસ બરાબર જાણતો નહિ. આ પાટિયાથી પારિસવાળા મોશ્ય કેનર્ડ યાદ આવે છે. જાહેર લહિયાનું, હિસાબ લખનારનું, કૂલની ભાષા સમજાવવાનું અને બટાટા તળવાનું, બધાં કામ તે કરતો.

જે લોકો ફતેહ પામે છે અને જેઓ નિષ્ફળ જાય છે, તેઓ વચ્ચે દરેક કેટલું કામ કરે છે, તેનો તફાવત હોતો નથી; પણ કેટલું સમજીને કામ કરે છે તેનો તફાવત રહે છે. જેઓ ઘણીજ નાખોશી સાથે નિષ્ફળ જાય છે, તેઓ પણ મહાન ફતેહ મેળવવાને બનતી કોશિશ તો કરે છેજ, પણ તેઓ અનિયમિત રીતે જેમ આવે તેમ મહેનત કરે છે; અર્થાત્ એક હાથે તેઓ અમુક રચના કરે છે અને બીજેજ હાથે તેને તોડી પાડે છે. તેઓ અમુક સંજોગને પકડી લઇ તેને તકનું રૂપ આપતા નથી; નિર્દોષ પરાજયને અસરકારક વિજયના રૂપમાં તેઓ ફેરવી શકતા નથી. **પુષ્કળ શક્તિ અને પૂરતો સમય** જે ફતેહનો વાણોતાણો છે, તે બન્ને સાધનો છતાં ખાલી કાંઠલો તેઓ હમેશાં ફેંક્યા કરે છે અને જીવનનો ખરો તાકો—સાચો અને પૂરો તાકો—કદી વણાતો નથી—કદી તૈયાર થતો નથી.

જીવનનો ખરો હેતુ શો છે, તે તમે તેમાંના કોઇ પણ એક માણસને પૂછશો, તો તે કહેશે કે, “ શાને માટે હું સૌથી વધારે લાયક છું, તે હું હજુ પણ જાણતો નથી; પણ સાચી, સખ્ત મહેનત પર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. મારી આખી જિંદગી સવાર-સાંજ હું ખોદ્યા કરીશ અને હું જાણું છું કે, મને કાંઇ પણ સોનું, રૂપું અગર લોખંડ તો મળશેજ. ” સોનું, રૂપું મેળવવાને કોઇ બુદ્ધિમાન મનુષ્ય શું આખો ખંડ ખોદી કાઢશે? **કાંઇ મળે છે કે કેમ, તેની તજવીજ હમેશાં જે માણસ રાખ્યા કરે છે, તેને કાંઇ પણ મળતું નથી. આપણે જે કાંઇ ધ્યાનપૂર્વક શોધીએ છીએ, તેજ આપણને મળે છે** અને કોઇ ખાસ ચીજની આપણે ખોળ કરતા નથી, તો આપણને જેવું તેવુંજ મળે છે અને તેથી વધારે મળતું નથી. અનેક જીવજંતુ કૂલની મુલાકાત લે છે; પણ મધ લઈ જનાર જીવડું

તો માત્ર મધમાખજ છે. યુવાવસ્થાનાં અનેક વર્ષોના અભ્યાસ અને પરિશ્રમથી આપણે ગમે તેટલાં કિંમતી સાધન મેળવ્યાં હોય, તે કાંઇ કામ આવતાં નથી. આપણા ભાવી કામકાજ વિષે કોઇ નિશ્ચિત ખ્યાલ વગર જો આપણે જીવનનિર્વાહ કરીએ, તો ગમે તેવા સારા સંજોગોથી પણ કોઈ આકર્ષક પરિણામ આવી શકશે નહિ–વિશાળ અને ભવ્ય વિસ્તારમાં તેનું ફળ આવી શકશે નહિ.

કોઇ હેતુ ચોખ્ખો હોવાની શક્તિની જિંદગી ઉપર કેટલી સત્તા હોય છે ! જ્યારે કોઇ છોકરો અગર છોકરી કોઈ હેતુથી કામની શરૂઆત કરે છે, ત્યારે તેનો અવાજ, પોશાક, દેખાવ અને દરેક હિલચાલ નિશ્ચિંતપણે જણાય છે–બદલાય છે. જે ઉદ્યોગી અને સુખી સ્ત્રીઓ પોતાનો નિભાવ કરે છે, તેઓને મહેલ્લામાંના લોકોના ટોળામાંથી તેમના દેખાવ વગેરે ઉપરથી હું તરતજ શોધી આપું. ફાટ્યા–તૂટ્યા આલપાકાથી ઢંકાય નહિ, રેશમની ટોપી જેમાં વધારો ન કરી શકે, બિમારી અગર થાક જેને છીનવી ન શકે, તેવા સ્વજ્ઞાન, સ્વમાન અને સંતોષના દેખાવ સાથે તેઓ હરેફરે છે. પોતાને કયે બંદરે જવું છે, એ જે ખલાસી જાણતો નથી, તેને પોતાની મુસાફરી માટે પવન અનુકૂળ જણાતો નથી.

કાર્લાઇલ કહે છે કે,"**એકજ વિષય ઉપર પોતાની શક્તિઓ એકાગ્ર કરવાથી, નબળામાં નબળું પ્રાણી પણ કાંઇક કરી શકે છે, પરંતુ એક** બળવાનમાં બળવાન માણસ પણ પોતાની શક્તિઓ ઘણા વિષયમાં **વિખેરી નાખે છે તો પછી તે કાંઇ પણ કરી શકતો નથી.** ટીપું ટીપું પણ હમેશાં એકજ જગાએ પડ્યા કરે છે, તો તે સખ્તમાં સખ્ત પથ્થરને પણ ફોરે છે; પરંતુ પાણીનો એકાદ મોટો ને ઉતાવળો ધોધ તેના ઉપરથી પસાર થઇ જાય છે, તોપણ તેનું નામનિશાન રહેતું નથી."

એક હોશિયાર ઉપદેશક કહેતો કે, "જ્યારે હું નાનો હતો, ત્યારે હું ધારતો હતો કે, ગર્જનાથી માણસ મરણ પામે છે; પણ જ્યારે હું મોટો થયો, ત્યારે માલૂમ પડ્યું કે, વીજળીથી માણસ મરણ પામે છે; તેથી મેં ગર્જના થોડી કરવાનો અને પ્રકાશ વધારે મેળવવાનો નિશ્ચય કર્યો."

શક્તિઓને એકાગ્ર કરવાનો અને તેને અમુક એકજ ખાસ રસ્તે વાળવાનો આ જમાનો છે. એક હૉર્સ પાવરવાળા એન્જિનનીજ જગા રોકે તેવા એન્જિનમાંથી દસ હૉર્સ પાવર કેવી રીતે મેળવવો તે હાલ સવાલ છે. આ સવાલના નિર્ણયથી-જ ઊડવાના સવાલનો ફડચો પણ આવશે. આજ રીતે એક વ્યક્તિ પાસેથી દસ જણ જેટલું બળ જનસમાજ માગે છે. એકજ બાબત–ગમે તો તે છોડ ઉછેરવાની બાબત હોય, પણ તે પૂરી રીતે જાણનાર અને બીજા બધા કરતાં સારી રીતે કરનારને જનસમાજ ઉત્તમ ગણે છે. પોતાની સઘળી શક્તિઓ એકાગ્ર કરી એ કામમાં વાપરીને તે જે સારામાં સારા છોડ ઉછેરે છે, તો તે માનવજાતિને ઉપકારક થઇ પડે છે અને તેવી રીતે તેના કાર્યની પ્રશંસા થાય છે.

ઘણી બાબતો પાછળ ઘણી મહેનત કરનારા માણસ માટે પેકસ્ટન હૂડે નીચેની પ્રાર્થનાની ભલામણ કરી છે કે, "પ્રભુ! જેમ બને તેમ ઓછી બાબતો હાથ પર લેવા અને તેને સારી રીતે કરવાના કામમાં તેને મદદ આપો."

એક ગરોળીના બે કકડા કરશો, તો આગલો ભાગ આગળ દોડશે અને પાછલો ભાગ પાછળ દોડશે. જે પોતે ધારેલા કામના ભાગ કરે છે, તેની પ્રગતિ પણ આ પ્રમાણેજ થાય છે. છૂટી-છવાઇ શક્તિઓ અને ફતેહને બનતું નથી.

લાયક હેતુ માટે દૃઢતા અને આગ્રહથી પોતાની સઘળી શક્તિઓ સાથે કામ કરે, છતાં જિંદગી નિષ્ફળ જાય એવો કોઈ પણ માણસ નથી. એક તંબૂની બાજુમાંથી તમે ચરણીની બત્તી આરપાર ફેંકી શકો નહિ; પણ લાકડાના પાટિયામાંથી તમે તે આરપાર કાઢી શકો. સીસાની ગોળી બનાવો અને તે ચાર માણસોને આરપાર વીંધી શકશે. શિયાળામાં પણ સૂર્યનાં કિરણોને કેંદ્રમાં આણશો, તો તમે સહેલાઇથી દેવતા સળગાવી શકશો.

માનવજાતિના સઘળા મહાન પુરુષો એકાગ્રતાવાળા હોય છે. પોતાનો હેતુ પરિપૂર્ણ થાય ત્યાંસુધી તેઓ એકજ જગાએ પોતાનો પ્રયત્નરૂપી હથોડો ઠોકે છે. વર્તમાન સમયના ફતેહમંદ માણસો, એકજ સર્વોપરી વિચારવાળા, એકજ દૃઢ વિચારવાળા, એકજ આવેશયુક્ત હેતુવાળા હોય છે. ઘણા

માણસો ચોવીસ ભાષામાં વાતચીત કરે છે, પણ તેમાંની એકમાં પણ જણાવવા જેવા વિચાર તેમની પાસે હોતા નથી.

અભ્યાસમાં તેમજ ધંધામાં, લોઢું ગરમ હોય તેજ વખતે આપણે ઘા મારવો જોઇએ–ટીપવું જોઇએ; એટલું જ નહિ, પણ તે ગરમ રહે, ત્યાંસુધી ઘા માર્યા કરવા જોઇએ.

અમેરિકાના મહાન વિદ્વાનોમાંના એકની વાત વિલિયમ એ. માવરી કહે છેઃ "તે વિદ્વાન પોતાના લેટિન પાઠ માટે દરરોજ બે કલાક ગાળતો. એજ પાઠ એક કલાક અને ૫૦ મિનિટમાં કરવાનો તેણે નિશ્ચય કર્યો અને ફતેહ પામ્યો. પછી જ્યારે તે પોતાનું લેટિન શીખવા બેઠો, ત્યારે ઓછા વખતમાં તે પૂરું કરવા તેણે પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કર્યો. હમેશના પ્રયોગથી તેને માલૂમ પડ્યું કે, તે એક કલાક અને ૪૫ મિનિટમાં તે પાઠ કરી શકતો અને હજી પણ તે વખતમાં ઘટાડો થવા માંડ્યો. દિવસે આ કામમાંજ પોતાનું સઘળું લક્ષ રોકવાથી તેજ વિષય તે દોઢ કલાકમાં શીખવા લાગ્યો. પાછી તેમાંથી પણ ૫, ૧૦, ૧૫ અને ૩૦ મિનિટ ઓછી થઇ. ઉત્સાહ વધતાં તેણે પોતાનો પ્રયત્ન બેવડો કર્યો. એમ કરતાં કરતાં થોડાજ મહિનામાં પોતાનો પાઠ તે અર્ધા કલાકમાં કરી રહેવાની સ્થિતિમાં આવ્યો. જ્યારે તે શાળામાં દાખલ થયો હતો, ત્યારે તેની જે ટેવ હતી, તે ટેવો રહી હોત તો આ બાબત બનવી તદ્દન અશક્ય હતી; પણ પોતાનો પાઠ ટૂંક વખતમાં શીખવાનો પ્રયત્ન કરવામાં તે એકાગ્રતાની કાંઇક કિંમત શીખ્યો હતો." **જ્ઞાન મેળવવા કરતાં આવી (એકાગ્ર બનવાની) શક્તિ મેળવવી એ વધારે કીમતી છે.** "મારા છોકરાઓ સાથેના સંવાદો" નામના પોતાના લેખમાં મિ૦ માવરી આ શક્તિનો બીજો એક સારો દાખલો આપે છે. પંદર વર્ષના એક છોકરાએ કવિતાની ૭ લાંબી ટૂંકો ૨૦ મિનિટમાં મોંએ કરવાનું કબૂલ કર્યું. તેના સોબતીઓ તેને અડ્યા વગર, તેના આ કામમાં વિક્ષેપ નાખવાનો દરેક પ્રયત્ન કરી શકે એવી તેમને માટે છૂટ હતી. આવું ધાંધલ, કે જે છોકરાઓજ કરી શકે, તે ધાંધલની વચમાં આ કામ તે છોકરો પરિપૂર્ણ કરી શક્યો. આ છોકરો જેનું નામ જ્યોર્જ એસ. બુટવેલ હતું, તે પાછળથી મસાચૂસેટ્સનો ગવર્નર, યુનાઇટેડ સ્ટેટ્સની રાજસભાનો સભાસદ અને યુનાઇટેડ સ્ટેટ્સની ટ્રેઝરી-

નો સેક્રટરી થયો.

સિડ્‌ની સ્મિથે કહ્યું છે કે, "અભ્યાસ કરવાનો એકજ કિંમતી માર્ગ એ છે કે, એટલું ધ્યાન આપીને વાંચવું કે તમે ધારતા હો તે કરતાં જમવાનો વખત બે કલાક વહેલો આવી પહોંચે. તમે જે લડાઇઓ વિષે વાંચતા હો, તે તમે જાતે એવા ધ્યાનથી જોતા હો એમ વાંચવું કે તે સમયમાં કોઇ તમારૂં બારણું ઠોકે. તો તમે તમારા અભ્યાસમાં છો કે ટાઢતડકો વેઠેલા હેનિબાલના ચહેરા તરફ અગર તેની એક આંખની ભવ્યતા તરફ લડાઈના મેદાનમાં જોઈ રહ્યા છો, એ નક્કી કરવામાં બે ત્રણ સેકન્ડ નીકળી જાય."

"તમારૂં લક્ષ્ય, તમારો હેતુ એ કોઇ રમતની ચીજ હોય એવું વર્તન રાખો નહિ."

ચાર્લ્સ ડિકન્સ કહે છે કે, "દરેક અભ્યાસ અને ઉદ્યોગમાં કામ લાગે, તેવો સહીસલામત, ચોક્કસ, લાભકારક અને મેળવવા લાયક ગુણ, ધ્યાન આપવું એ છે. ખાતરી સાથે મારે કહેવું જોઇએ કે, "વિનીત, ધૈર્યયુક્ત અને દરરોજની મહેનતવાળા ધ્યાન સિવાય મારી પોતાની શોધ અગર કલ્પનાશક્તિથી મારૂં કામ બિલકુલ થયું હોત નહિ." તેની ફતેહના રહસ્ય વિષે બીજે એક પ્રસંગે જ્યારે તેને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ દીધો કે, "જે કામમાં હું મારી સઘળી શક્તિઓ વાપરી શકું તેમ હોય તેમાં એકજ શક્તિનો હું ઉપયોગ કરતો નથી." જોસેફ ગર્નિએ પોતાના છોકરાને લખ્યું હતું કે, "દરેક બાબતમાં પૂર્ણ થજે. અભ્યાસમાં, કામમાં તેમ રમતમાં પૂર્ણ થજે."

ચાર્લ્સ કિંગ્સ્લી કહેતો કે, "**હું મારૂં દરેક કામ કરતી વખતે દુનિયામાં તે વખતે બીજી કોઇ ચીજ હોયજ નહિ, એમ માની તે કામ કરૂં છું.**" સખ્ત ઉદ્યોગ કરનારા સઘળા માણસોનું આ રહસ્ય છે, છતાં પણ ઘણાં માણસો પોતાની રમત ગમત જેવી બીજી ત્રીજી બાબતોની આડે તેમ કરી શકતાં નથી.

ઘણાં માણસો કોઇ ખાસ વિષયમાં અપ્રતિમ ઉસ્તાદ થવાને બદલે ઘણા ધંધામાં સાધારણ થવાનું પસંદ કરે છે.

આવા માણસનું વ્યક્તિત્વ અનેક ભાગમાં વહેંચાઈ જઇ તે મહાન પુરુષ થઇ શકતા નથી. **આવા માણસનાં વખાણ થાય છે, પણ તેઓથી અબોધ મળતો નથી.**

એડવર્ડ બુલ્વર લિટન કહેતો કે, " ઉદ્યોગી જીવનમાં મને અત્યંત રોકાયલો જોઇ અને તે સાથે હું કોઇ દિવસ અભ્યાસ ન કરતો હોઉં અને જગતમાં ફરતો ન હોઉં એમ જાણી ઘણા માણસો મને પૂછતા કે, ' આટલી બધી તમારી ચોપડીઓ લખવાનો વખત તમે ક્યાંથી મેળવો છો ? આટલું બધું કામ કરવાની ગોઠવણ તમે શી રીતે કરી શકો છો ? ' મેં જે ઉત્તર આપ્યો, તેથી તમે આશ્ચર્ય પામશો. તેનો ઉત્તર આ છેઃ ' કોઇ વખતે પણ જોઈએ તે કરતાં વધારે કામ હું કરતો નથી અને તેથીજ હું એટલું બધું કામ કરી શકું છું. કોઇ પણ કામ સારી રીતે કરવું હોય, તો તે પોતાના ગજા કરતાં વધારે કરવું નહિ. આજ તો તે ગજા કરતાં વધારે કરશે, પણ થાકની પ્રતિક્રિયા થશે અને તેથી કાલે તે થોડું કામ કરી શકશે. મેં કૉલેજ છોડી અને દુનિયામાં પડ્યો ત્યાં સુધી ખરી રીતે અને સાચા દિલથી મેં અભ્યાસ કરવા માંડ્યો નહોતો; પણ તે પછીના સમયમાં મેં વાંચ્યું અને હું કદાચ કહી શકું કે, મારા સમયના લગભગ સઘળા માણસો જેટલુંજ સામાન્ય વાચન મેં કર્યું હતું. મેં ઘણી મુસાફરી કરી છે અને ઘણું જોયું છે. મેં રાજદ્વારી બાબતોમાં અને જીવનના અનેક ઉદ્યોગોમાં ઘણો ભાગ લીધો છે અને આ બધા ઉપરાંત મેં સાઠેક પુસ્તકો પ્રકટ કર્યાં છે. આ પુસ્તકોમાંનાં કેટલાંક તો સંશોધનને લગતાં છે અને એ સર્વ છતાં પણ સામાન્ય રીતે કેટલો સમય અભ્યાસ, વાચન અને લેખનમાં મેં ગાળ્યો હશે એમ તમે ધારો છો ? દિવસના ત્રણ કલાક કરતાં વધારે નહિ અને જ્યારે પાર્લામેંટ ચાલતી હોય ત્યારે હમેશાં તેટલો પણ નહિ; પણ આ ત્રણ કલાકમાં હું જે કાંઇ કરતો તેનાજ ઉપર ધ્યાન આપતો.

એસ૦ ટી૦ કોલરિજની માનસિક શક્તિઓ અદ્ભુત હતી, પણ તેનો કોઈ હેતુ નિશ્ચિત નહોતો. નિરર્થક માનસિક વ્યવસાયના વાતાવરણમાં તે રહેતો હતો, જેથી તેનું બળ બગાઇ જતું, તેનું અમીર ખૂટી જતું અને તેની જિંદગી અનેક રીતે કંગાળ નિષ્ફળતા સમાન હતી. તે સ્વપ્નમાં જીવન વ્યતીત કરતો.

અને કલ્પનામાં ને કલ્પનામાં મરણ પામ્યેા. હમેશાં તે યેાજનાઓ અને ઠરાવેા ઘડતેા, પણ તે તેના મરણ સુધી યેાજના અને ઠરાવના રૂપમાંજ રહેલાં. "હમણાંજ કરી નાખું છું" એ સ્થિતિમાં તે રહેતેા, પણ કેાઇ દહાડેા તે કામ કરી શકતેા નહિ. ચાલ્સ લેમ્બે એક મિત્રને લખ્યું હતું કે, "કેાલરિજ મરણ પામ્યેા છે અને તેણે માનસશાસ્ત્ર અને ઈશ્વરવિજ્ઞાન વિષે ૪૦ હજાર ઉપરાંત લેખ લખ્યા છે; પણ એકે પૂરેા થયેલેા નથી."

દરેક મહાન પુરુષ મહાન બન્યેા છે, દરેક ફતેહમંદ માણસે ફતેહ મેળવી છે, તે તે માણસે અમુક ખાસ દિશામાંજ પેાતાની સઘળી શક્તિઓનેા ઉપયેાગ કર્યેા છે તેથીજ.

હેાગાર્થ પેાતાનું ધ્યાન એક મુખમુદ્રા ઉપર ચેાટાડતેા અને પેાતાની યાદદાસ્ત ઉપર તેનું ચિત્ર પડી રહે તથા પેાતે ફરીથી ઇચ્છે ત્યારે તે રજૂ કરી શકે, ત્યાંસુધી તેનેા તે અભ્યાસ કરતેા. અમુક વિષયનેા અભ્યાસ કરવાને, તેની તપાસ કરવાને, ફરી તેને પ્રસંગજ નહિ મળે તેવી રીતે, તેટલી આતુરતાથી તેનેા અભ્યાસ તે કરતેા; તે તપાસતેા અને આ બારીક અવલેાકનથી અદ્‌ભુત વિગતેા સાથે પેાતાના કામની તે ખિલવણી કરી શકતેા. જે સમયમાં તે રહેતેા, તે સમયની વિચારપદ્ધતિ તેના લેખેામાંથી મળી આવતી. તે બહુ કેળવણી અગર સંસ્કારવાળેા માણસ નહેાતેા, પણ અવલેાકનશક્તિમાં રહેલી મહત્તા તેનામાં હતી.

એકાગ્ર અવલેાકનશક્તિ કેવી કિંમતી છે, તે કેદખાનામાં પુસ્તકેા લખનાર મહાન પુરુષેાને વિદિત છે. નાનામાં નાની બાબત, કેાઈ વિઝિટરનું દેખાવું, કેદખાનાની ઓરડીના બારણામાંથી ઑફિસર અગર કેદીનું જવું આવવું તે જાણે એક વર્ષ સુધી છેલ્લીજ જોવાની ચીજ હેાય, તે પ્રમાણે તેનેા તે ઉપયેાગ કરતા. પ્રેાડવે ઉપર જ્યારે એક મેાટું સરઘસ પસાર થતું હેાય, મહેાલ્લાઓ ઉપર લેાકેાની હારેા ગેાઠવાઇ હેાય અને બેન્ડ પૂર્ણ આવેશથી વાગતાં હેાય, ત્યારે હેારેસ ગ્રીલિ એસ્ટેાર હાઉસનાં પગથિયાં ઉપર બેસતેા, પેાતાની ટેાપીનું મથાળું ટેબલ તરીકે વાપરતેા અને "ન્યુયેાર્ક ટ્રિબ્યુન" માટે

અગ્રલેખ લખતો. આ લેખનું અવતરણ ઠેર ઠેર લેવામાં આવતું. એક કડવા લેખથી ગુસ્સે થઇ એક માણસ "ટ્રિબ્યુન" પત્રની ઑફિસમાં ગયો અને અધિપતિની તજવીજ કરી. તેને એક ૭ ફીટ પહોળી અને ૯ ફીટ લાંબી ઓરડીમાં લઇ જવામાં આવ્યો. અહીં ગ્રીલિ બેઠો બેઠો કાગળ તરફ માથું નીચું નમાવી ૨-૪૦ ની ઝડપથી લખતો હતો. "તમે ગ્રીલિ છો?" એમ કહી તે ગુસ્સે થયેલા માણસે શરૂઆત કરી. પોતાના કાગળમાંથી નજર બહાર કાઢ્યા સિવાય મિ૦ ગ્રીલિએ ઝડપથી જવાબ દીધોઃ "હાજી, તમારે શું કામ છે?" તે છેડાયેલા માણસે પછી સભ્યતા, ખાનદાની, બુદ્ધિ અને સઘળું કોરાણે મૂકી પોતાની જીભની લગામ છોડી દીધી. તે દરમ્યાન ગ્રીલિ લખ્યે જતો હતો. ઘણીજ આવેશભરી શૈલીમાં, જરા પણ ચહેરો બદલાયા વગર અને પેલા ઉપર કાંઇ પણ ધ્યાન નહિ આપતાં પાનાં ઉપર પાનાં તેણે લખી કાઢ્યાં. અધિપતિની ઑફિસમાં કોઇ દિવસ ઠપકાનો વરસાદ નહિ વરસાવવામાં આવ્યો હોય, તેવો આવેશયુક્ત વરસાદ વીસ મિનિટ સુધી વરસાવ્યા પછી તે ગુસ્સે થયેલા માણસને કંટાળો આવ્યો અને એકદમ તે ઓરડીમાંથી નીકળી જવા પાછો ફર્યો. પછી પહેલીજ વાર ગ્રીલિએ ઊંચે જોયું. પોતાની ખુરસીમાંથી તે ઊભો થયો અને પેલા ગૃહસ્થનો ખભો ઠોકી કહેવા લાગ્યોઃ "મિત્ર! જતા નહિ; બેસો, બેસો અને તમારૂં હૃદય ખાલી કરો, તેથી તમને લાભ થશે, તેથી તમને સારૂં લાગશે. વળી હું જે લખવાનો છું, તેમાં તે મદદરૂપ થઇ પડશે; માટે જશો નહિ."

એકજ દૃઢ લક્ષ્ય તે ફતેહમંદ મનુષ્યોનું ખાસ લક્ષ્ય હોય છે.

એડવર્ડ સગડન જેઓ પાછળથી લૉર્ડ સેંટ લિયોનાર્ડ થયા હતા, તે કહેતા કે, "જ્યારે મેં કાયદો વાંચવાની શરૂઆત કરી, ત્યારે કાંઇ પણ જ્ઞાન હું મેળવતો, તે મારૂં કરી લેવાને તથા એક વાચન બરી રીતે પરિપૂર્ણ ન થાય, ત્યાંસુધી એજ બાબતનું બીજું વાચન નહિ કરવાનો મેં ઠરાવ કર્યો. હું જેટલું એક અઠવાડિયામાં વાંચતો તેટલું મારા હરીફો એક દિવસમાં વાંચતા; પણ બાર માસની આખરે પ્રથમ દિવસે હું વાંચું અને તે દિવસે મારૂં જ્ઞાન જેટલું તાજું રહે, તેટલુંજ તાજું તે છેવટે પણ રહેતું; જ્યારે તેમનું વાંચેલું તેમના

સ્મરણમાં રહેતું નહિ.”

ડૉ. ઇસ્ટોર્સ કહે છે કે, “જે કેસમાં ફ્રુક્સ કૉમ્પ્લેટની અમુક દૃઢ માન્યતા હોય અને જે કેસમાં તેની લાગણી હોય, તે કેસમાં તે કેવી રીતે કામ કરતો તે જાણવા જેવું છે. પહેલેથીજ તે જોઇ લેતો કે, બૉક્સમાંના પાંચ જ્યુરરો તો પોતાની તરફ સહાનુભૂતિ દર્શાવે છે. આગળ જતાં સાતની તેને ખાતરી થાય છે. પછી એ સંખ્યા દસ ઉપર આવે છે; પણ હજુ એ એમ ધારે છે કે, બે રહ્યા છે જેને તે સમજાવી શક્યો નથી. હવે તેમના ઉપર તે પોતાનું ધ્યાન લગાડે છે, વિગતો એકઠી કરી રજૂ કરે છે, અમુક સિદ્ધાંતો ફરી ફરી અને જોસથી તે રજૂ કરે છે, પોતાની માનસિક અસર તેમના ઉપર થાય, ત્યાંસુધી તે કેસ વિષેનો પોતાનો વિચાર તેમના મન ઉપર તે ઠસાવે છે. હવે એમાંનો એકજ બાકી રહે છે. હવે તે બાકી રહેલા માણસનું મન જ્યાંસુધી શરણે ન આવે અને જે નિર્ણય પર પોતાની ચોટ છે તે તે સ્વીકારે નહિ, ત્યાંસુધી તેનું સઘળું બળ, લોઢાના સળિયાના ચૂરેચૂરા ન થાય, ત્યાંસુધી તેના ઉપર ફરી ફરી પડતા હથોડાના ઘાની માફક, આ માણસના મન સાથે અથડાતું રહેવાનું. માણસો પછી કહે છે કે, ‘તે ઘણોજ આગળ વધી ગયો.’ એનું કારણ એ હતું કે, તેનું લક્ષ્ય એકજ હોવાથી, એકતા, આવેશ અને સર્વોપરી બળ તેના મનને મળતાં.”

સિડ્‌નિ સ્મિથ કહેતા હતા કે, “ડેનિયલ વેબ્સ્ટર જાણે પાટલૂન પહેરેલું એન્જિન હોય એવો જણાતો.”

એડેમ કહે છે તેમ કેનિંગની માફક લૉર્ડ બ્રોહામમાં અનેક શક્તિઓ હતી અને વકીલ તરીકેના તેના ધંધામાં તેને પહેલી જગા મળી હતી. તે ઇંગ્લેંડનો લૉર્ડ ચેન્સેલર થયો હતો અને વિજ્ઞાનની તેની શોધો માટે વિજ્ઞાન જાણનારા માણસોએ તેને શાબાશી આપી હતી; છતાં એકંદરે તેનું જીવન નિષ્ફળ હતું. તે થોડું થોડું બધું જાણતો હતો, પણ પૂરું એક પણ જાણતો નહોતો. તેની ઘણી સરસ શક્તિઓ હોવા છતાં ઇતિહાસ અગર સાહિત્ય ઉપર તેની કાંઈ પણ છાપ રહી નહિ અને પોતાની કીર્તિ ગયા પછી પણ તે ઘણુંય જીવ્યો હતો.

ડાગ્યુરો ટાઇપ પદ્ધતિ જ્યારે ચાલુ થઇ, ત્યારે લૉર્ડ બ્રોહામ

પોતાના કાનિસ્તા મહેલમાં હતા. એક કારીગરે ઝરૂખામાંના મહેમાનોના સમુદાય સહિત મહેલનો દેખાવ લેવાનું માથે લીધું. પાંચ સેકન્ડ સુધી બરોબર સ્થિર રહેવાને તેણે લૉર્ડ પ્રોહામને કહ્યું. તેણે કહ્યું કે, "હું નહિ હાલું." પણ અફસોસ! તે હાલ્યો. પરિણામ એ આવ્યું કે, જ્યાં તેની આકૃતિ આવવી જોઇએ, ત્યાંજ ડપકો પડ્યો. આજ સુધી તે દેખાવ એવોજ જોવામાં આવે છે.

મિસ માર્ટિનો કહે છે કે, "આ એક લાક્ષણિક દૃષ્ટાંત છે કે, ઇતિહાસમાં આબેહૂબ લેવાયલા આ જમાનાના ચિત્રમાં માણસ વચ્ચેોવચ્ચ આવવા જેટલી બીજી યોગ્યતા ધરાવતો હોય છે, છતાં માત્ર એક દૃઢતાનીજ ખામીને લીધે જ્યાં જ્યાં લૉર્ડ પ્રોહામ હોવો જોઇએ, ત્યાં ત્યાં ડાઘોજ જોવામાં આવશે. હેતુની એકાગ્રતા અને દૃઢતાની ખામીને લીધે આ પ્રમાણે કેટલી બધી જિંદગીઓ ડાઘારૂપ નીવડે છે!"

આનાથી તદ્દન ઊલટું દૃષ્ટાંત વિલિયમ પિટ્ટનું છે. તેના દૃઢ લક્ષ્યથી તે જણાઇ આવે છે. રાજદ્વારી સર્વોપરીપણા માટે તેનું જીવન હતું અને તે મૂઓ પણ તેમાંજ. એના ઉચ્ચ આશય આગળ સઘળાનો પરાજય થતો; પરંતુ બીજી દરેક બાબતમાં તે બેદરકારી બતાવતો. પોતાના મિત્રોની તેમજ ખર્ચની પણ તે દરકાર રાખતો નહિ અને તે એટલે સુધી કે, ૧૦,૦૦૦ પાઉંડની આવક છતાં અને કુટુંબમાં કોઇ ન હોવા છતાં, પણ પોતાની પાછળ તે બહુ મોટું દેવું મૂકી ગયો. પોતાની મહત્ત્વાકાંક્ષાની આડે આવવાના કારણથી, પોતાના ગાઢ અને મૃદુ પ્રીતિપાત્રને (સ્ત્રીને) પણ તેણે પોતાના હૃદયમાંથી સમૂળગી ઉખેડી નાખી હતી. મૂઆ પછીની કીર્તિની તેને બિલકુલ દરકાર નહોતી, તેથી પોતાનું એક પણ ભાષણ ભવિષ્યની પ્રજા માટે મૂકી જવાની તેણે દરકાર કરી નહિ. સત્તા મેળવવા માટે તેણે પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કર્યો અને ૨૫ વર્ષ સુધી ઇંગ્લેંડનો કારભાર ચલાવ્યો; પણ તે સિવાય બીજી કોઇ પણ બાબત તરફ જરા પણ તે જોતો નહિ. તે પોતાના લક્ષ્ય તરફજ સીધો ચાલ્યો જતો. સ્વપ્નમાં રહેવું અગર તર્કવિતર્ક કરવા, એ એનામાં નહોતું. એકજ દૃષ્ટિ, એકજ હેતુ, આગળ અને આગળ અને ઊંચે ફતેહ તરફ જવું, એજ એનું ખાસ લક્ષણ હતું.

સાધનો સાધારણ પ્રકારનાં હોવા છતાં પણ અસાધારણ

ઉદ્યોગ અને એકજ વખતે એકજ ચીજમાં પોતાનું સર્વ લક્ષ્ય રાખવાથી પોતાને ફતેહ મળી હતી, એમ ફ્રેાવેલ બાકસ્ટન કહેતો. દૃઢતાથી એકજ વસ્તુને, એકજ આશયને વળગી રહેવાથી વિજય મળે છે. "ઘણી બાબતો નહિ પણ ઘણી એકનિષ્ઠા" એ કેાકનું સૂત્ર હતું.

સોયની એકાદ દેખાય નહિ તેવી અણી અથવા તો અસ્તરા અગર કુહાડીની તીણી પાતળી ધારજ સોયના, અસ્તરાના તેમજ કુહાડીના બાકીના જાડા ભાગને માટે જગા કરે છે. અણી અગર ધાર સિવાયનો તેનો બાકીનો જાડો ભાગ નિરર્થકજ થઇ પડે. **એકજ કામને પસંદ કરી તેની પાછળજ સઘળું લક્ષ્ય આપવાવાળો માણસજ વિઘ્નોમાંથી પોતાનો માર્ગ કરે છે અને ફતેહ મેળવે છે.** એકજ વિચાર તરફ સંકુચિત વૃત્તિ રાખવાથી પણ આપણી શક્તિઓના વિકાસમાં અડચણ આવે છે; માટે એનો આપણે ત્યાગ કરવો જોઇએ. એવીજ રીતે, ડબલ્યુ. એમ. પ્રેડ કહે છે કે, " મનુષ્યનું અષ્ટાવધાનપણું પણ આપણે તજવું જોઇએ; કેમકે એકાદ નદી જેમ ઝપાટાબંધ ટેકરી ઉપરથી નીચે વહે છે, તેવો તેની વાતનો પ્રવાહ પણ બદલાયા કરે છે.

" રાજપ્રકરણમાંથી તે તરતજ શબ્દવિનોદમાં અને મહમદમાંથી મોઝિઝમાં ઊતરી પડે છે.

"ગ્રહોને તેના પ્રકાશમાન માર્ગમાં રાખનારા નિયમોથી તે શરૂઆત કરે છે અને માછલીની ચામડી ઉતારવાની અગર ઘોડાની નાળ જડવાની વાતથી તેનો અંત આણે છે."

ચાલતાં શીખતા કોઇ બાળકની નજર તમે કોઇ વસ્તુ ઉપર ઠેરવી શકો, તો સામાન્ય રીતે પડ્યા વગર તે પોતાના મુકામે પહોંચી જશે; પણ તેનું ધ્યાન તોડશો કે તરતજ તે પડી જશે.

જેઓ પોતાના માર્ગમાં આમતેમ અદૃશ્ય, અસ્થિર થઇ ચાલ્યા કરે છે, તે પોતાની મુસાફરી પૂરી કરે, તે પહેલાંજ ભૂલા પડી જાય છે. પવનચક્કીની પેઠે ચાલનારા માણસો હમેશાં નિષ્ફળજ જાય છે. જેનામાં દૃઢ અને નિશ્ચયાત્મક હેતુ તથા પોતાનો આશય પરિપૂર્ણ કરવાની અચળ શ્રદ્ધા હોતી

નથી, તે કૃતેહ પામી શકતો નથી. એક સીધા લક્ષ્યથી ઊંચે અગર નીચે એક વાળ જેટલું પણ આપણે ને ખસ્યા, તો નિશ્ચય અધોગતિજ થશે. કાર્ડિનલ રીશેલ્યુ કહેતો કે, "મેં એક વખત નિશ્ચય કર્યા પછી હું મારા લક્ષ્યબિંદુ તરફજ સીધો જાઉં છું અને એ સિવાયના બીજા બધાને હું ઉથલાવી નાખું છું—સર્વનો ઉચ્છેદ કરૂં છું."

આજે કોઇ યુવાન માણસ કોઇ જગા માગે છે, તો તે કયી કોલેજમાંથી આવે છે અગર તેના બાપદાદા કોણ હતા, એમ પૂછવામાં આવતું નથી; પણ તમે શું કરી શકશો એજ મોટો પ્રશ્ન પૂછવામાં આવે છે. એકજ લાઇનની—એકજ જાતની ખાસ તાલીમની જરૂર છે. મોટી મોટી પેઢીઓ અને મોટાં મોટાં સાહસોમાં જેઓ મુખ્ય મુખ્ય જગાઓ ઉપર હોય છે, તેઓ ક્રમે ક્રમે નીચેથીજ ઊંચે ચઢ્યા હોય છે.

એક માણસ અમુક જિલ્લામાં જમીન ખરીદી લેવાનો હતો. તેને એક સુપ્રસિદ્ધ ફ્રેંચમેને કહ્યું કે, "તમે ત્યાં જમીન ખરીદ કરતાં સાવધ રહેજો. હું ત્યાંના માણસોને સારી રીતે જાણું છું. પારિસની અમારી ઠોરની દવાશાળામાં જે શિષ્યો ત્યાંથી આવે છે, તેઓ નિશ્ચયવાળા, પરિશ્રમ કરનારા અને શક્તિવાળા હોતા નથી અને તમે તે જમીનમાં જે થાપણ રોકશો, તેનો સંતોષકારક બદલો તમને મળશે નહિ."

જનરલ ગ્રેન્ટ પોતાની સાથેના જનરલો કરતાં એકાગ્રતાની આ કળાનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરતો, તેથીજ તે સિવિલ વૉરનો જલદીથી અંત આણી શક્યો. વૉશિંગ્ટનના ચારિત્ર્યમાં પણ આ લક્ષણ હતું, બારીક અને ખરૂં અવલોકન એ એકાગ્રતાની શક્તિ સંપાદન કરવાનો એક માર્ગ છે. ડાર્વિનની અદ્‌ભુત કૃતેહનું મુખ્ય કારણ આજ હતું.

વૉલ્ટર રેલેની કૃતેહના ખુલાસામાં સેસિલ કહેતો કે, "તે સખ્ત પરિશ્રમ કરી શકે એવો છે, એમ હું જાણું છું. નિયમ તરીકે હૃદયને જેની ઇચ્છા હોય છે, તેજ મગજ અને હાથ મેળવી શકે છે. જ્ઞાન, દ્રવ્ય અને કૃતેહના પ્રવાહો સમુદ્રની ભરતીની પેઠેજ નક્કી અને નિશ્ચિત હોય છે. દરેક મોટી કૃતેહમાં એક દૃઢ આશય ઉપરજ તમામ શક્તિને લગાડેલી તથા

એકાગ્ર કરેલી આપણે જોઇએ છીએ; તેમજ દરેક પ્રકારની મુશ્કેલી છતાં માથે લીધેલાં કામમાં આગ્રહ રાખવાની અને સઘળા કસોટીના પ્રસંગોમાં નિરાશા અને લાલચોને વેઠી લેવાની શક્તિ તથા હિંમત રહેલી આપણે જોઇએ છીએ.

રસાયનશાસ્ત્રીઓ કહે છે કે, "દુનિયાની સઘળી મિલો અને સ્ટીમથી ચાલતી ગાડીઓ ચલાવવાને જોઇએ તેટલી શક્તિ એક એકર જમીનના ઘાસમાં રહેલી છે; પણ આપણે તેને સ્ટીમ એન્જિનના "પિસ્ટન રૉડ" ઉપર લગાડવી જોઇએ; પણ આ એકર જમીનના ઘાસમાંની તે શક્તિ સુસ્ત છે અને તેથી વિજ્ઞાનની દૃષ્ટિએ તે પ્રમાણમાં કિંમત વગરની છે.

જુદા જુદા માણસો અને તેઓ જે ફતેહ અગર નિષ્ફળતા મેળવે છે, તેમાં કેટલો તફાવત હોય છે! પોતાની શક્તિનો અણુએ અણુ એકત્ર કરવાની શક્તિનોજ આ તફાવત છે. આવી શક્તિ માર્ગ શોધી કાઢશે અને અષ્ટાવધાની–ઘણી બાબતો ઉપર લક્ષ્ય આપનારો તો ઉપરચોટિયા જ્ઞાનવાળોજ હોય છે.

ડૉ૦ મેથ્યુ કહે છે કે, "જે માણસ પોતાની શક્તિ ઘણી બાબતમાં વિખેરી નાખે છે, તે પોતાની શક્તિ ગુમાવે છે. તેની શક્તિ સાથે તેનો ઉત્સાહ પણ જાય છે અને તે ઉત્સાહ વગર ફતેહ પણ શી રીતે પરિપૂર્ણ થઈ શકે?"

ડૉ૦ જે૦ ડબ્લ્યુ૦ એલેક્ઝાંડર પોતાના શિષ્યોને અને પોતાના હાથ નીચેના નાના ધર્માધિકારીઓને કહેતો કે, "ઉપદેશ એજ લક્ષ્યબિંદુ રાખી, ઉપદેશ એજ તમારૂં જીવન ધ્યેય છે, એમ ગણી બસ ઉપદેશનીજ ધૂન લગાડો."

કોઇ પણ જોખમે જ્યુરીને પોતાના પક્ષમાં લેવાને ફ્રેડ્સ કોએટ યુવાન વકીલોને સલાહ આપતોઃ "જ્યુરીને પક્ષમાં લેવાને સઘળો યત્ન કર્યા પછીજ કાયદાના સવાલ ઉપર ન્યાયાધીશની સાથે જેટલી લડત ચલાવવી હોય, તેટલી ચલાવો."

પોતાના નાના નૌકાસૈન્ય ઉપર અંગ્રેજ વહાણો તોપનો મારો ચલાવતાં હતાં, તેની દરકાર કર્યા વગર કોમોડોર મેકડોનોએ ડાઉનીના મોટા વહાણ ઉપર પોતાનાં સઘળાં વહાણનો મારો ચલાવ્યો અને તે મોટા વહાણની તોપો એકદમ

બંધ કરવામાં આવી. આથી પછી બાકીનાની સંભાળ સહેલાઇથી લઇ શકાઇ.

યુનાઇટેડ સ્ટેટ્સના એક મુખ્ય ન્યાયાધીશ વિષે વિલિયમ વર્ટે લખ્યું છે કે, "આ જૉન માર્શલ જેનું મન ઉજ્જડ અને મોટા ખડકોવાળા પર્વત જેવું છે, તે એક અખૂટ ખાણ જેવું છે. તેમાંથી તે પોતાની સામગ્રી મેળવી તેમાંથીજ ગામઠી તેમજ ગૉથિક ઇમારત બાંધે છે; પણ આ ઇમારતો એવી મજબૂત હોય છે કે કોઇ પણ સમય અગર બળથી તે હઠી શકે નહિ. તે એવો માણસ છે કે તેને સ્વર્ગ પણ લલચાવે, તોપણ તે પોતાની દલીલના ખરા માર્ગમાંથી એક પગલું પણ પાછો હઠે નહિ."

વૉટર્સ કહે છે કે, "સદ્ગની માફક ઉપરચોટિયો અભ્યાસ ન કરો. આવો સઘળો અભ્યાસ ફોગટ જાય છે. કાંઇક યોજના ઘડો, કાંઇક હેતુ રાખો અને પછી તેને માટે પ્રયાસ કરો. તેને માટે જેટલું શિખાય તેટલું શીખો. તમે જરૂર ફતેહ પામશો. સદ્ગની રીતે અભ્યાસ કરવાનો અર્થ એ છે કે, અમુક વસ્તુઓ કોઇ પણ વખતે ઉપયોગી થઈ પડશે, એમ ધારી તેનો કાંઇ પણ હેતુ વગર અભ્યાસ કરવો. જેમકે એક લિલામમાંથી એક ભાઈએ બારણે ચોડવાનું "ટોમ્સન" નામનું પાટિયું કોઇક દિવસ પોતાને કામે આવશે એમ ધારી ખરીદ કર્યું હતું."

સઘળી સાચી કળાનું લક્ષ્ય–અમુક નિશ્ચિત આશય છે. જે ચિત્રકાર એકજ કેનવાસ ઉપર વધારે વધારે ખ્યાલો રજૂ કરે છે અને સઘળી આકૃતિઓને સમાન પ્રાધાન્ય આપે છે તે મહાનમાં મહાન ચિત્રકાર નથી; પણ ભિન્નભિન્ન વસ્તુઓમાં જે વધારેમાં વધારે એકતા બતાવે છે, વચ્ચોવચ્ચની–મધ્યની મુખ્ય આકૃતિમાં અગ્ર વિચારનો જે વિકાસ કરે છે અને સઘળી ગૌણ આકૃતિઓ પ્રકાશ અને છાયાની યોજના, આ મધ્ય બાજુ તરફ રાખે છે, તેજ ખરેખરો કારીગર છે.

આ રીતે દરેક સુવ્યવસ્થિત જીવન પછી તે ગમે તેવું ગુણોવાળું હોય, તેને ગમે તેવા સારા સંસ્કાર મળ્યા હોય, પણ તે એક અમુક મુખ્ય મધ્ય માર્ગમાં વહેતું હોય છે અને આત્માની સઘળી ગૌણ શક્તિઓ એકજ કેંદ્રમાં લાવવામાં આવે છે તથા ત્યાં તેઓનું યોગ્ય પ્રકટીકરણ થાય છે. કુદરત-

માં શક્તિઓનો લગાર પણ મિથ્યા વ્યય આપણે જોતા નથી; કાંઇ પણ પ્રારબ્ધ ઉપર છોડવામાં આવ્યું નથી. અવ્યવસ્થામાંથી પહેલીજ વાર સૃષ્ટિનો કાંઠલો ફેંકાયો ત્યારથી દરેક સોનેરી તાંતણા માટે એક ચોક્કસ યોજનાનુસાર એક અમુક માર્ગ નક્કી કરવામાં આવ્યો છે.

દરેક પાંદડું, દરેક ફૂલ, દરેક સ્ફટિક અને દરેક અણુનો પણ પોતાનો એક હેતુ નક્કી થયેલો હોય છે. સૃષ્ટિમાં સર્વોત્કૃષ્ટ રચના મનુષ્યની છે અને તેમાં પણ આવોજ હેતુ છે.

ઊંચું નિશાન રાખવાને યુવાન માણસોને કહેવામાં આવે છે, પણ જે નિશાન તાકીને આપણે મારી શકીએ તેજ નિશાન આપણે રાખવું જોઇએ. **નહિ ઘડાયલા આરસમાં જે ફિરસ્તાની આકૃતિ જોઇ શકતો નથી, તેમાં તે હથોડા અને ટાંકણાથી કદી કોરી શકતો નથી.** ધનુષમાંથી છૂટેલું બાણ પોતાના માર્ગમાં પોતે કોને મારી શકશે, તે જોવાને તે આમતેમ આથડતું નથી; પણ તે તો સીધું નિશાન તરફ જાય છે. પોતાને કયો પ્રકાશ પસંદ છે, તે જોવાને આકાશના બધા પ્રકાશ તરફ લોહચુંબકની સોય વળતી નથી. સૂર્ય આંજી નાખે છે, ખરતા તારા પ્રકાશે છે, અન્ય તારાઓ ઝગમગે છે અને તેને પોતાના તરફ ખેંચવા પ્રયત્ન કરે છે; પરંતુ સોય તો પોતાનીજ પ્રેરણાને વળગી રહે છે અને તડકામાં તેમ તોફાનમાં કદી ભૂલ કરતી નથી. તે તો દૃઢતાથી ઉત્તર તરફના તારા તરફ વળે છે; કારણકે જ્યારે સઘળા જમાનામાં બીજા બધા તારા પોતાના મહાન મધ્યબિંદુની આજુબાજુ અવિરત ગતિએ ચાલે છે, ત્યારે એકલો આજ તારો, જે કેટલો દૂર છે તે માણસ જાણતાં નથી તે પોતાના ૨૫૦૦૦ વર્ષના વર્તુલાકાર પ્રવાસમાં બાદશાહી ગતિથી વ્યાવહારિક રીતે સ્થિર રહીને એક દિવસ નહિ, પણ સૈકા સુધી ચાલે છે. આ રીતે જીવનના માર્ગમાં બીજા તેજોરાશિ, આપણા હેતુથી, સત્ય અને કર્તવ્યના માર્ગથી આપણને દૂર લઇ જવા પ્રકાશશે, પણ જેનો પ્રકાશમાત્ર ઉછીનો છે, તેવો ચંદ્ર, અગર જે પ્રકાશે છે, પણ માર્ગ બતાવતા નથી તેવા ખરતા તારા, આપણા હેતુરૂપ સોયને તેની આશારૂપ–ઉત્તર તરફના તારાથી ખસેડે નહિ, એ માટે આપણે સાવધાન રહેવું જોઇએ.

૮—સમય વિષે—ઝડપથી કામ કરવાના ગુણથી મળતી ફતેહ

"સમયના મહાન ઘડિયાળ ઉપર માત્ર એકજ શબ્દ—'હાલ,' 'વર્તમાન' એ છે.

"એક પણ સેકન્ડ કે સેકન્ડનો દસ—લાખમો ભાગ ખોયા વગર, જોખમ ભરેલા માર્ગ ઉપર, જમાનાના જમાના સુધી, પૃથ્વી પાછી પાંચ અબજ માઈલના વર્તુલ ઉપર અયન તરફ નિર્ણીત સમયે દિવ્ય ચોકસાઇથી જાય છે તે જુઓ." —એડવર્ડ એવેરેટ

"આપણા પ્રારબ્ધના તંતુ કયી તરફ ઊડી રહ્યા છે, તે ઘણી-વાર આપણે જોઇ શકતા નથી. અનુકૂળ સમય, ઘણી વાર એક ક્ષણ સુધીજ રહ્યૂ થાય છે; આપણે તે ગુમાવીએ તો મહિનાઓ અને વર્ષો આપણે ગુમાવીએ છીએ.

"'**ધીરે ધીરે**' ના માર્ગથી '**કદી નહિ**' ના મકાન ઉપર આપણે આવીએ છીએ." —**સર્વેન્ટિસ**

"કયારે આપણે શરૂ કરવું તેનો વિચાર કરતાં ઘણી વાર એમ બને છે કે, કામ કરવાની શરૂઆત કરવી પણ અશકય થઇ પડે છે."
—**કવીન્ટીલિયન**

"જ્યારે મૂર્ખ કાંઈ નિશ્ચય કરે છે, ત્યારે બજાર અનુકૂળ હોતું નથી." —**એક સ્પેનિશ કહેવત**

"દોડવું નિરર્થક છે. વખતસર નીકળવું એજ ખરેખરી મુખ્ય બાબત છે." —**લાફેાન્ટેન**

"ભટકીને આજનો દિવસ ખુએા, કાલે પણ તેમજ થશે અને તે પછી વળી વધુ વિલંબ થશે.

"**વર્તમાનને તેના અગ્રભાગથી પકડો.**" —**શેકસપિયર**

ઇંગ્લેંડના રાજા આઠમા હેન્રીના સમયમાં, સંદેશાઓ ઉપર ફાંસીએ લટકતા એપિયાના ચિત્ર સાથે, "ઝડપ કરો, ઝડપ કરો, ઝડપ નહિ કરો, તો મરશો" એમ વારંવાર લખવામાં આવતું હતું. તે સમયમાં ટપાલ ઑફિસો નહોતી અને ઢીલ થાય તો ફાંસીએ લટકવાની ધાસ્તી સાથે સરકારી એપિયાઓ કાગળો લઇ જતા તથા લાવતા. હાલ જે મુસાફરી આપણે થોડા કલાકમાં કરી-એ છીએ, તેને માટે ઘોડાગાડીથી ટપાલ લઈ જવાના જમા-નામાં અઠ્ઠેક મહિનો થતો અને સાથે ભય પણ રહેતો. આવી રીતે તે વખતમાં પણ બિનજરૂરી ઢીલને એક ગુનો ગણવા-માં આવતો. હાલના સુધારાનો પણ મોટામાં મોટો એક લાભ એ છે કે, વખતનું માપ બાંધીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. સો વર્ષ પહેલાં જે કાંઈ કામ ૨૦ વર્ષમાં થતું, તે હાલ એક કલાકમાં આપણે કરી શકીએ છીએ અને તે જોતાં એક થોડી મિનિટ ગુમાવવા માટે પણ તે વખતે ફાંસી મળતી, તો તેવાજ ગુના માટે હાલ કેવી સજા થવી જોઇએ?

સીઝર જ્યારે રાજસભામાં જઇ પહોંચ્યો, ત્યારે એક સંદેશો વાંચતાં ઢીલ થઇ અને તેનો પ્રાણ ગયો. ઢીલનું પરિણામ જોખમભર્યું આવે છે. "વૉશિંગ્ટન ડેલાવર ઓળંગે છે" એવો કાગળ એક એપિયો લાવ્યો, ત્યારે ટ્રેન્ટનનો હેસિયન સરદાર કર્નલ રાહલ પત્તાં એલતો હતો. રમત પૂરી થતાં સુધી તેણે તે કાગળ ગજવામાં વાંચ્યા વગર રાખી મૂક્યો. રમત પૂરી થયા પછી તેણે એ કાગળ વાંચ્યો અને પોતાનાં માણસો એકઠાં કર્યાં; પરંતુ તે માણસો માર્યાં ગયાં અને તેનું લશ્કર શરણે ગયું. આ રીતે એક થોડી મિનિટની ઢીલથીજ તેણે માન, સ્વાતંત્ર્ય અને જિંદગી ગુમાવ્યાં.

'ફૂતેહ' એ 'સમયપાલન' અને 'ચોકસાઇ' નામનાં બે સાદાં માબાપને પેટે જન્મ લે છે. દરેક ફૂતેહમંદ જીવ-નમાં અમુક પળો એવી બારીક હોય છે કે તે વખતે મન જો જરા પણ ડગે, અગર જ્ઞાનતંતુ પાછો હઠે, તો સઘળી ખરાબી થાય છે. લેક્સિંગ્ટનની લડાઇની ખબર જ્યારે જનરલ પુટ-નામને મળી, ત્યારે પૂર્વ કનેક્ટિકટમાં તે પોતાના છોકરા સાથે હળ ખેડતો હતો. તેણે જરા પણ વખત ખોયો નહિ. તેના ઘોડાની જોડ, હળના ચાસ ઉપરજ છોડવાનું અને થોડા દિવ-

સમાં તેની પાછળ લડાઇની છાવણીમાં આવવાનું કહીને તે ચાલ્યો ગયો. લશ્કરને જાગૃત કરીને તથા પોતાને મળવાનો હુકમ આપીને તેણે આખી રાત ઘોડા ઉપર મુસાફરી કરી અને હળ ખેડતાં તેણે જે અટાપટાવાળું બદન પહેર્યું હતું, તેજ બદન સાથે બીજે દિવસે સૂર્યોદય થતાંમાં તે કેમ્બ્રિજ જઈ પહોંચ્યો.

સન ૧૮૬૧ ના મેની ત્રીજી તારીખે મસાચુસેટ્સના ગવર્નર એન્ડ્રુએ પ્રેસિડન્ટ લિંકનને લખ્યું હતું કે, "તમારૂં જાહેરનામું મળતાંજ અમે લડાઇનું કામ શરૂ કરી દીધું છે અને જેમ દુનિયામાં અમલદારીની રૂઢિઓ બિલકુલ ન હોય, એમ ગણીને અમેરિકન રાજવહીવટ ચાલે છે તથા અમેરિકન લોકો વર્તે છે તેમ-તેવાજ જુસ્સાથી લડાઇને લગતું અમારૂં કર્તવ્ય અમે કર્યું છે." તા. ૧૫ મી એપ્રિલે લશ્કર મોકલવા માટેનો સંદેશો વૉશિંગ્ટનથી તેને મળ્યો હતો. તે પછીના રવિવારે ૯ વાગે તેણે કહ્યું કે, "મસાચુસેટ્સથી માગેલી સઘળી ટુકડીઓ કાં તો વૉશિંગ્ટન જઇ પહોંચી છે અગર રાજસભાના બચાવ માટે તે તરફના રસ્તે તે કૂચ કરતી હોવી જોઇએ." તે કહેતો કે, "મારી આગળ એકજ સવાલ ઉપસ્થિત થાય છે, તે 'શું કરવું' એ છે અને જ્યારે તે સવાલનો ફડચો થાય, ત્યારપછી 'આગળ શું કરવું' એ રહે છે."

રસ્કિને કહ્યું છે કે, "યુવાવસ્થાનો સઘળો સમય મુખ્યત્વે કરીને રચના, જ્ઞાનવૃદ્ધિ અને શિક્ષણનો છે. એવો એક પણ કલાક નથી કે જેમાં પ્રકાશમાન ભાવી રહેલું નથી. આ કલાકની દરેક મિનિટ એવી છે કે, જે એક વખત પસાર થઇ તો ધારેલું કામ ફરી થઇ શકેજ નહિ અને ભૂલી જવામાં આવેલો ઘા ઠંડા લોઢા ઉપરજ પડે."

દરેક લડાઇમાં એક સર્વોત્કૃષ્ટ સમય, એક અનુકૂળ વખત આવે છે કે જેનો લાભ લેવામાં આવે, તો વિજય મળે છે અને ઢીલ કરવામાં આવે, તો પરાભવ મળે છે. આ સર્વોત્કૃષ્ટ અનુકૂળ સમય ઉપર નેપોલિયન ઘણો ભાર મૂકતો. ઑસ્ટ્રિયનો પાંચ મિનિટની કિંમત સમજતા નહિ અને તેથીજ તે તેમનો પરાભવ કરી શકતો. એમ કહેવાય છે કે, જે જૂજ બાબતોને લીધે

વૉટર્લુ આગળ નેપોલિયનની હાર થઈ, તેમાં આ લડાઇના નાશકારક પ્રભાતે, તેણે તથા થ્રાઉચીએ થોડીક પળ ગુમાવી, એ બાબત પણ કારણરૂપ હતી. બ્લુશર વખતસર હતો અને થ્રાઉચી મોડો હતો. નેપોલિયનને સેંટ હેલિના મોકલવાને આટલું જ કારણ બસ થઇ પડ્યું હતું. આ એક સ્વતઃસિદ્ધ સૂત્ર છે અને તે કહેવતરૂપ થઇ ગયું છે કે, "ગમે તે વખતે જે કાર્ય થઇ શકે તેવું હશે, તે કાર્ય (તેના તરફ કાળજી નહિ રહેવાથી) કોઇ પણ વખતે થઇ શકશે નહિ."

રેવરંડ સિડ્‌નિ સ્મિથ કહે છે કે, "ખરી વાત એ છે કે, આ દુનિયામાં કોઇ કરવા લાયક કામ જો કરવું જ હોય, તો ટાઢ અને ભયના બ્યાલથી કાંઠા ઉપર ઘૂજતા આપણે ઊભા રહેવું નહિ; પણ તેમાં કૂદી પડીને આગળ વધવું જોઇએ. જોખમનીજ હંમેશાં ગણતરી કર્યા કરવી અને સારા પ્રસંગની વાટ જોયા કરવી, તેથી કાંઇ પણ વળશે નહિ. આ બધું કદાચ સતયુગના સમય માટે ઠીક હોઇ શકે, કે જ્યારે એક માણસ એક છપાવવા ધારેલા લેખ માટે ૧૫૦ વર્ષ સુધી સલાહ લીધા કરે અને તેની ફતેહ જોવા માટે તે પછી છસો સાતસો વર્ષ જીવે એ બની શકે તેવું હતું; પણ આજે એક માણસ રાહ જુએ, શંકામાં પડે, સંકોચ ધરે; પોતાના ભાઇને પૂછે, કાકાને પૂછે, કુટુંબને અને પોતાના અમુક મિત્રોને પૂછે અને એમ કરતાં કરતાં પછી સાઠ વર્ષનો થાય, ત્યારે તેને એક દિવસ માલૂમ પડે કે પોતાના ભાઇઓ અને મિત્રોની સલાહ લેવામાંજ તેનો એટલો બધો વખત ગયો છે કે જેથી હવે તેને અનુસરવા જેટલો વખત રહેવા પામ્યો નથી.

લંડનની આફ્રિકન એસોસિયેશનની ઇચ્છા લેડ્યાર્ડને આફ્રિકા મોકલવાની હતી. "તમે કયારે નીકળશો?" એમ તેને પૂછવામાં આવ્યું, ત્યારે "આવતી કાલે સવારે" એવો જવાબ મળ્યો. જોન જર્વિસ, જે પાછળથી અર્લ સેંટ વિન્સેન્ટ તરીકે જાણીતા થયા હતા, તેમને પૂછવામાં આવ્યું કે, "તમે તમારા વહાણને કયારે જઇને મળશો?" તેણે જવાબ આપ્યો કે, "હમણાંજ." કોલિન કેમ્પબેલને હિંદુસ્તાનના લશ્કરનો સેનાપતિ નીમવામાં આવ્યો, ત્યારે તેને પૂછવામાં આવ્યું કે, "તમે કયારે નીકળશો?" ત્યારે વિના સંકોચે તેણે જવાબ આપ્યો કે, "કાલે." નેપોલિયન કહેતો કે, "**જે પળ ગુમાવવામાં આવે**

છે, તેથી આપત્તિને તક મળે છે.”

આજનું કર્તવ્ય કાલ સુધી મુલતવી રાખવામાં જે શક્તિ ગુમાવવામાં આવે છે, તેટલી શક્તિથી તો તે કામ થઇ શકે છે. જે કામ મુલતવી રાખવામાં આવ્યું હોય છે, તે પાછળથી કરવું કેટલું બધું સખ્ત અને નાપસંદ થઇ પડે છે! જે કામ વખતસર કરવામાં આવે છે, તે આનંદ અને ઉત્સાહ સાથે થાય છે. દિવસો અને અઠવાડિયાં સુધી મુલતવી રાખ્યા પછી તે વેઠ જેવું થાય છે. કાગળ મળે કે તરતજ જેટલી સહેલાઇથી તેનો ઉત્તર લખાય છે, તેટલી સહેલાઇથી પાછળથી લખાતો નથી. કેટલીક પેઢીઓનો એવો નિયમ હોય છે કે, એક પણ કાગળ એક રાત્રી પણ ઉત્તર લખ્યા વગર કદી પણ રાખવો નહિ. કોઇ પણ કામ તરત કરવાથી તેમાંનું વેઠ જેવું તત્ત્વ નીકળી જાય છે. મુલતવી રાખવાનો અર્થ મૂકી દેવા જેવોજ થાય છે અને “હમણાં કરૂં છું” એનો અર્થ થવાનું નથી એવો થાય છે. કામ કરવું એ બીજ વાવવા જેવું છે. જો બરોબર વખતે તે કરવામાં ન આવે, તો હમેશને માટે તે પછી કમોસમનું થઇ પડશે. ઢીલથી કરવામાં આવેલા કામનું ફળ પરિપક્વ સ્થિતિમાં આણવા માટે અનંતતાની ઉષ્ણતા પણ પૂરી થઇ પડે નહિ. એક તારા કે ગ્રહની ગતિમાં એક સેકંડની પણ ઢીલ થાય, તો તેથી આખા વિશ્વની એકતા તૂટી જાય.

મેરિયા એજવર્થ કહ્યું છે કે, “વર્તમાન જેવો કોઇ સમયજ નથી; એટલુંજ નહિ પણ એવી કોઇ પણ પળ નથી, એવું કોઇ તાત્કાલિક બળ કે શક્તિ નથી કે જે વર્તમાનમાં ન હોય. પોતાના નિશ્ચય તાજા હોય તેટલામાંજ પોતાના ઠરાવ જે અમલમાં મૂકતો નથી, તે ભવિષ્યમાં તેમાંથી કાંઇ આશા જેવું મેળવતો નથી. જગતની ત્વરિત ગતિમાં આ ઠરાવ વ્યર્થ જશે, ગુમાવવામાં આવશે અગર તો આળસના કીચડમાં ડૂબી જશે.” કોંમ્ટે કહેતો કે, “પોતાની સઘળી કુદરતી શક્તિઓ એકત્ર કરવાથી નહિ,પણ પોતે હંમેશાં તૈયાર રહેતો તેથીજ તેને ફતેહ મળતી.”*

હિરેક્લીટ્સ કહેતો કે, “નદીના એકજ પ્રવાહમાં બે વાર

* કોંમ્ટે કહે છે કે, “આ ગુણથીજ લશ્કરમાં મને અસાધારણ પ્રમોશન મળ્યું હતું; મારે દસ વાગે પહેરા ઉપર જવું હોય, તો હું નવ વાગે તૈયાર રહેતો અને કોઇ પણ માણસ અગર ચીજને મારે માટે વાટ જોવી પડતી નહિ.”

તમે નાહી શકો નહિ.”

સર વૉલ્ટર રેલેને એક માણસે પૂછ્યું કે, “આટલા ટૂંક સમયમાં આટલું બધું કામ તમે શી રીતે કરી શકો છો?” જવાબ મળ્યો કે, “જે વખતે મારે કાંઇ કરવાનું હોય છે, તેજ વખતે હું તે કામ ઉપર જઇને તે કરી નાખું છું. ઢીલ કરનારમાં વિવેક-શક્તિ વધારે હોય, તોપણ તે નિષ્ફળ જાય છે. વખતસર કામ કરનારથી પ્રસંગોપાત ભૂલ થાય તોપણ તેને ફતેહ મળે છે.”

એક ફ્રેંચ રાજદ્વારીને પૂછવામાં આવ્યું કે, “ અનેક સાંસા-રિક કર્તવ્યો પર તમારે ધ્યાન આપવાનું હોવા છતાં આટલું બધું કામ તમે શી રીતે કરી શકો છો?” ત્યારે તેનો જવાબ મળ્યો કે, “ જે આજ થઇ શકે, તે કાલ ઉપર કરવાનું હું રાખતો નથી; તેથીજ તે સઘળું હું કરી શકું છું.” જાહેર જીવનમાં નિષ્ફળ ગયેલા એક માણસ વિષે એમ કહેવાય છે કે, આ કહેવતથી ઊલટી રીતે તે કામ કરતો; અર્થાત્ કાલ બની શકે તે આજ કરશો નહિ એવી કહેવત તેણે ગોઠવી હતી. આવા અવળાપણાને લીધે કેટલા બધા માણસો પોતાની ફતેહ ગુમાવી બેઠા છે! ઓમોસ લૉરેન્સનું સૂત્ર એ હતું કે, “**પહેલું કામ અને પછી બાકીબંધી.**”

કૉટને કહ્યું: “તેં એમ કહ્યું કે, કાલ? જા, હું તે સાંભળીશ નહિ. કાલ એવી ઠોંગી છે કે, જે દરિદ્રતાને મૂકી જાય છે અને સમૃદ્ધિ લઈ જાય છે; રોકડ લઇ જાય છે અને મૂર્ખનું નાણું, ઇચ્છાઓ, આશાઓ અને વચનો સિવાય બીજું કાંઇ પણ આપતી નથી. કાલ, એ એવી મુદત છે કે જે વખતનાં જૂનાં પુરાણાં રજિસ્ટરોમાં ક્યાંય પણ મળતી નથી. કદાચ મૂર્ખ લોકો-નાં પંચાંગમાં તે મળે છે. **દીર્ઘદૃષ્ટિ ‘કાલ’ શબ્દનો અના-દર કરે છે અને જેઓ તેનો આદર કરે છે, તેની સંગતિ તે કરતી નથી.** કલ્પનાનું તે બાળક છે અને મૂર્ખતા તેની માતા છે. સ્વપ્ન અને કાલ એની બનાવટ સરખી છે અને સાંજની કલ્પિત મનોસૃષ્ટિના જેવી પાયા વગરની છે. ફતેહના માર્ગમાં નિષ્ફળ થયેલા કેટલાક માણસોને એમ બોલતા સાંભળ્યા છે કે, ‘ કાલ ’ની પાછળ મેં મારી જિંદગી એવી ખાતરીથી, એવી આશાથી ગુમાવી છે કે, કાલથી ભવિષ્યમાં મને કાંઇ પણ મોટો લાભ થશે.”

આવતી કાલ એ સેતાનનું સૂત્ર છે. અધીં પૂરી કરવામાં આવેલી ચેાજના અને અમલમાં નહિ મૂકેલા ઠરાવેાને લીધે જાણીતા માણસેા તેના ભેાગ થઇ પડ્યાનાં અનેક દૃષ્ટાંતેા સર્વ ઇતિહાસમાં જોવામાં આવે છે. સુસ્તી અને નાલાયકીનેા તે પ્રિય આશ્રય છે.

'લેાઢું ગરમ હેાય ત્યારેજ ટીપેા,' 'સૂર્ય પ્રકાશતેા હેાય ત્યારે-જ ઘાસ સૂકવેા,' એ સૂત્ર સેાનાનાં છે. શરૂઆત કરવાને અને પેાતાને કામે વળગવાને આપણામાંના ઘણાને પ્રેાત્સાહન જોઇએ છીએ. પેાતાને સુસ્તી કયારે આવે છે, તે પણ ઘણા માણસ જોઇ શકતા નથી. જન્મ્યા પછી કેટલાક ઉપર તેનેા હુમલેા થાય છે. દરેક જણના જીવનમાં દરરેાજ એક કસેાટીનેા કલાક હેાય છે. દિવસ બચાવવેા હેાય, તેા તે ગુમાવવાને બદલે તેનેા સદુપયેાગ થવેા જોઇએ. ઘણા લેાકેા દિવસની ફતેહની કસેાટી સવારે વહેલા કરે છે. ડેનિયલ વેબ્સ્ટર નાસ્તા પહેલાંજ ૨૦ થી ૩૦ કાગળના ઉત્તર લખી વાળતેા.

એક માણસ હેન્રીની હાજરીમાં મેનની હેાશિયારી અને હિંમતનાં વખાણ કરતેા હતેા. હેન્રીએ કહ્યું કે, " તમારી વાત ખરી છે. તે મેાટેા કસ્માન છે, પણ હું હમેશાં પાંચ કલાક તેની આગળ રહું છું. " હેન્રી સવારમાં ચાર વાગે ઊઠતેા અને મેન છ વાગે ઊઠતેા. તેમની વચ્ચેનેા તફાવત આજ હતેા. અનિશ્ચિતપણું એ પણ એક રેાગ છે અને મુલતવી રાખવાનેા દુર્ગુણ એ તેની શરૂઆત છે. અનિશ્ચિતપણાનેા ફક્ત એકજ ઉપાય છે અને તે " તરત નિર્ણય ઉપર આવવું " એ છે; નહિ તેા તે રેાગ, સઘળી ફતેહ અને પરિપૂર્ણતાનેા નાશ કરશે. જે અદ્દઢ રહેશે તેના બાર વાગી જશે.

એક પ્રખ્યાત લેખક કહે છે કે, " પથારી એ અસત્ય આભાસનેા વીંટેા છે. આપણે કંટાળીને બિછાનામાં જઇએ છીએ, છતાં તે દિલગીરી સાથે આપણે છેાડીએ છીએ. વહેલા ઊઠવા માટે દરેક રાત્રે આપણે નિશ્ચય કરીએ છીએ, પણ દર સવારે આપણું શરીર પડી રહેવાનેા નિશ્ચય બતાવે છે; છતાં જે **લેાકેાએ નામ કાઢયાં છે, તે બધા વહેલા ઊઠનાર હતા.** પીટર ધ ગ્રેટ હમેશાં અંધારામાં ઊઠતેા. તે કહેતેા કે, " મારે મારી જિંદગી જેમ બને તેમ લાંબી કરવી છે, તેથી હું જેમ બને તેમ થેાડી ઊંઘ

લઉં છું.” આલ્ફ્રેડ ધ ગ્રેટ પણ અંધારામાં ઊઠતો. કોલંબસે અમેરિકાના પ્રવાસની યોજના સવારમાં વહેલી કરી હતી. નેપોલિયન પોતાનાં મહાન યુદ્ધોની યોજનાઓ સવારમાંજ કરતો. પ્રાચીન તેમજ આર્વાચીન સમયના બધા ખગોળવેત્તાઓ વહેલા ઊઠતા. કોપર્નિકસ પણ વહેલો ઊઠતો. બ્રાયન્ટ પાંચ વાગે ઊઠતો. બેન્જોફ્રૂટ પ્રભાતે ઊઠતો. આપણા લગભગ સઘળા ગ્રંથકારો સવારમાં વહેલા ઊઠતા. વૉશિંગ્ટન, જેફર્સન, વેબ્સ્ટર, ક્લે, કાલ્હુન સઘળા વહેલા ઊઠનાર હતા. આઠમો હેન્રી સાત વાગે નાસ્તો લેતો અને દસ વાગે જમતો.

જૉન જેકબ અસ્ટર અને કૉર્નેલિયસ વૅન્ડરબિલ્ટને દર સવારે નિશ્ચિત વખતે ઊઠવાની અને તેની સાથે ગમે તે હોય, તોપણ નિશ્ચિત સમયેજ સૂવાની તેમને ટેવ હતી.

વૉલ્ટર સ્કૉટ સમયનું બરાબર પાલન કરનાર હતો. તેની મહાન ફતેહોનું આ રહસ્ય છે. જે દિવસે ટપાલ મળે, તે દહાડેજ તે તેનો જવાબ લખી નાખતો. તે પાંચ વાગે ઊઠતો. નાસ્તો કરતાં કરતાંમાં તો તે દિવસના કામનો મોટો ભાગ પૂરો કરી લેતો. એક યુવાન જેને જગા મળી હતી અને તેની સલાહ માગી હતી, તેને તેણે આ મુજબ સલાહ આપીઃ “તમારો વખત પૂરેપૂરો ન વપરાય એવી જે લાલચ સહેજમાં તમને થાય છે, તેથી છેતરાઇ જતા નહિ. જે કાંઇ કરવાનું હોય, તે તરતજ કરી નાખો અને કામ કર્યા પછીજ વિશ્રાંતિના વખતનો ઉપયોગ કરો, તેના પહેલાં કદી તેવો ઉપયોગ કરો નહિ.”

સવારે વહેલા ઊઠવાની કિંમતી ટેવ વિષે ઝાઝું કહેવું જરૂરનું નથી. **કુટુંબની અવનતિની પહેલી નિશાની મોડા ઊઠવું તે છે.** કોઈ પણ માણસ માટે આઠ કલાકની ઊંઘ પૂરતી છે. ઘણી વાર સાત કલાક પણ પૂરતા થઇ પડે છે. જો માણસ સશક્ત હોય, તો ઊંઘના આઠમા કલાક પછી તરતજ ઊઠીને તેણે કામ ઉપર ચડવું જોઇએ.

હેમિલ્ટન કહે છે કે, “એક વિચિત્ર આપત્તિ આપણા માનવમિત્રો ઉપર આવી પડી છે. ઇશ્વરે જ્યારે તેમને જન્મ આપ્યો, ત્યારે તેણે તેમને કામ કરવાનું પણ આપ્યું અને તે માટે તેમને પૂરતો સમય પણ આપ્યો. એ સમય તેણે એટલો બધો આપ્યો

છે, કે જેથી તેઓ ખરી વખતે શરૂઆત કરી શકે અને જો તેઓ પૂરતા બળથી કામ કરે, તો તેઓનો સમય અને તેમનું કામ એકજ વખતે પૂરાં થાય; પણ ઘણાં વર્ષ પહેલાં તેમના ઉપર એક વિચિત્ર આપત્તિ આવી પડી. તેમને આપવામાં આવેલા સમયનો કેટલોક ભાગ તેમણે ગુમાવ્યો. તેનું શું થયું, તે તેઓ જાણતા નથી, પણ સમય ગયો એ વિષે તો શક નથી; કારણકે જેમ બે માપની લીટી સાથે સાથે આડી મૂકવામાં આવે અને એકબીજા-થી એકાદ ઈંચ ટૂંકી હોય, તેમ તેઓનું કામ અને તેમનો વખત સાથે ને સાથે પસાર થાય છે; પણ તેમનું કામ તેમના સમયથી દસ મિનિટ આગળજ હોય છે; એટલે તેમના કામમાં તેઓ હમેશાં દસ મિનિટ મોડા પડે છે. તેઓ અનિયમિત નથી, પણ તેઓ મોડા જાગે છે. ટપાલ બંધ થયા પછી એક મિનિટે તેમની ટપાલ નાખવામાં આવે છે. તેઓ ડેક ઉપર આવે છે, તેટલામાં તો સ્ટીમર ઊપડી જાય છે. સ્ટેશન ઉપર આવે છે અને સ્ટેશનના ઝાંપા બંધ થાય છે. તેઓ કાંઇ વાયદો રાખતા નથી અગર કર્તવ્ય ભૂલતા નથી; પણ તે હમેશાં કામ પર મોડા આવે છે અને હમેશાં નિષ્ફળ જવા જેટલા તેઓ મોડા પડે છે.”

કોઇકે એમ કહ્યું છે કે, “ઝડપથી કામ કરવાની ટેવ એ એક ચેપી પ્રેરણા જેવી છે. તે પ્રેરણારૂપ હોય અગર તો પ્રાપ્ત કરવામાં આવી હોય, પણ સુધારણા માટેના વ્યાવહારિક સદ્‌ગુણોમાંનો તે એક બાસ ગુણ છે, એ તો નક્કી છે.”

લગ્ન જેટલું પવિત્ર છે, તેટલીજ પવિત્ર એક બીજી બાબત છે અને તે વાયદા પ્રમાણે મળવાનો તેમજ કામ કરવાનો ગુણ એ છે. જે માણસ નક્કી કરેલા સમયે તે કામ કરવામાં અથવા મળવામાં નિષ્ફળ જાય છે, તેને કાંઇ સબળ કારણ ન હોય, તો ખરી રીતે જૂઠોજ ગણી શકાય અને જગત તેને જૂઠોજ ગણે છે.

ડૉ૦ ફ્રિચે કહ્યું છે કે, “પૂર્ણ વિચાર અને ગંભીર માન્યતા સાથે હું મારો અભિપ્રાય દર્શાવું છું કે, **જે માણસ નક્કી કરેલા સમયે નક્કી કરેલે ઠેકાણે જવામાં ઢીલ કરે છે, તે કદી સન્માન અગર ફતેહ પામશે નહિ**” હોરેસ ગ્રીલિએ કહ્યું છે કે, “જે કોઇ માણસને બીજા માણસના વખત માટે દરકાર હોય, તેને તેમના દ્રવ્ય માટે પણ વિચાર નજ હોવો જોઇએ. એક માણસનો એક કલાક લેવો અને તેના પાંચ ડૉલર લેવા એ બરોબર

છે. એવા ઘણા માણસ છે કે જેમને તેમના ધંધાના સમયનો દરેક કલાક પાંચ ડોલર કરતાં પણ વધારે કિંમતી છે.”

પોમ્પીઆઇએ કહ્યું છે કે, “મારે જીવવું એ જરૂરનું નથી; પણ અમુક કલાકે અમુક સ્થળે મારે હોવું એ જરૂરનું છે.”

પ્રેસિડન્ટ વૉશિંગ્ટન જ્યારે ચાર વાગે જમતા હતા, ત્યારે વ્હાઇટ હાઉસમાં જમવા બોલાવેલા કોંગ્રેસના નવા સભાસદ કેટલીક વખત મોડા આવતા અને પ્રેસિડન્ટને જમતા જોઇ તેમને ક્ષોભ થતો. વૉશિંગ્ટન કહેતો કે, “જમનાર આવ્યા છે કે નહિ, એમ મારો રસોઇઓ કદી પૂછતો નથી. જમવાનો વખત થયો છે કે નહિ એજમાત્ર મારો રસોઇઓ પૂછે છે.”

“મારી ઘડિયાળ પાછળ છે, ધીમી છે” એમ કહી મોડા આવવા માટે વૉશિંગ્ટનનો સેક્રેટરી જ્યારે બહાનું રજૂ કરતો, ત્યારે વૉશિંગ્ટન જવાબ આપતો કે, “કાં તો તારે નવું ઘડિયાળ લેવું જોઇએ અગર મારે બીજો સેક્રેટરી મેળવવો જોઇએ.”

ક્રેન્કિલનનો એક નોકર હમેશાં મોડો થતો અને હમેશાં કાંઇક બહાનું બતાવવાને તે તૈયાર રહેતો. આ નોકરને ક્રેન્કિલન કહેતો કે, “મને સાધારણ રીતે એમ માલૂમ પડયું છે કે, જે **માણસ બહાનાં બતાવવામાં હોશિયાર હોય છે, તેઓ બીજા કશામાં હોશિયાર હોતા નથી.**”

એક પ્રસિદ્ધ પ્રવાસ માટે વિદાય થવાની તૈયારી વખતે નેલ્સનના કોચમેને કહ્યું કે, “ગાડી બરાબર છ વાગે બારણાં આગળ આવશે.” એડમિરલ નેલ્સને કહ્યું કે, “પા કલાક પહેલાં આવવી જોઇએ; કેમકે **વખતના પા કલાક અગાઉ હું દરેક કામમાં હંમેશાં દાખલ થાઉં છું અને તેથીજ હું માણસ બન્યો છું.**” નેપોલિયને એક દિવસે પોતાના સરદારોને જમવા બોલાવ્યા; પણ નક્કી કરેલે વખતે તેઓ નહિ આવવાથી તે તેમના વગર જમવા લાગ્યો. તે જમીને ઊઠ્યો હતો, તેવામાં તે આવ્યા. તેમને તેણે કહ્યું કે, “ગૃહસ્થો! હવે જમવાનો વખત થઇ ગયો છે અને હવે આપણે હાલ ને હાલ કામ ઉપર લાગીશું.” બ્લુશર સૌથી ઝડપથી કામ કરનાર હતો. તે માર્શલ “ફોરવર્ડ” કહેવાતો. જોન કયુ એડમ્સ કદી પણ વખતની પાછળ રહેતો નહિ અને તેને માટે તે જાણીતો હતો.

મિ૦ એડમ્સને હાઉસ ઑફ રીપ્રેઝેન્ટેટિવ્ઝમાં આવતો જોઇ હાઉસને સાવધાન થવા કહેવાના વખતની સ્પીકરને ખબર પડતી. એક વખતે એક સભાસદે કહ્યું કે, "કામ ચલાવવાનો વખત થયો છે." એક બીજા સભાસદે કહ્યું: "ના, મિ૦ એડમ્સ હજુ પોતાની જગા પર આવ્યા નથી." એમ માલૂમ પડયું કે, ઘડિયાળ ત્રણ મિનિટ આગળ હતું અને તે મિનિટ પૂરી થતાં મિ૦ એડમ્સ આવી પહોંચ્યા.

લૉર્ડ બ્રોહામ જે પોતાની હમેશની મહેનત ભરેલી ફરજો ઉપરાંત અમીરોની સભાના, કોર્ટ ઑફ ચેન્સરીના અને બીજી ડઝન સાહિત્યસભાઓના પ્રેસિડન્ટ હતા, તેઓ નક્કી કરેલે વખતે પોતાની જગા ઉપર હાજર થતા. ઘડિયાળની માફકજ તેઓ વખતસર કામ કરનાર હતા.

સ્કૂલ અગર કૉલેજમાં વેબ્સ્ટર મુખપાઠ વખતે કદી પણ મોડો પડતો નહિ. કૉર્ટમાં, કોંગ્રેસમાં તેમ જનસમાજમાં બરાબર વખતસર તે હાજર રહેતો. અસાધારણ ઉદ્યોગી જીવનની ચિંતાઓ અને ગભરાટમાં પણ હોરેસ ગ્રીલિ પોતાના કામકાજમાં, મળવા વગેરેના કામમાં નિયમિત રહેતો. કુરસદવાળા અને મળવા આવનાર માણસો માટે પોતે રાહ જોતો હોય તે સમયમાં તે "ટ્રિબ્યુન" માટે ઘણા તીક્ષ્ણ લેખ લખતો.

ધૂમકેતુ, જે આપણા વાતાવરણની મુલાકાત દસ હજાર વર્ષે એક વખત લે છે, તે એક મિનિટ પણ પાછળ હોતો નથી. પ્રહસનમાં જેમ "સંક્ષેપ" મહત્ત્વનો હોય છે, તેમ ધંધામાં મહત્ત્વની બાબત સમયાનુપાલન છે.

દરેક ધંધાદારી માણસ જાણે છે કે, કેટલીક પળો એવી હોય છે કે જેના ઉપર વર્ષોના ભાવીનો આધાર રહે છે.

બેંકમાં તમે જરા મોડા પહોંચશો, તો તમારાં કાગળિયાં માટે વાંધો ઊઠશે અને તમારી શાખ નીકળી જશે. પોતાના વેપારી જીવનમાંનાં પહેલાં સાત વર્ષમાં એક બિલ પણ ચૂકવ્યા વગર એક પણ રવિવાર ઍમોસ લૉરેન્સ જવા દેતો નહિ. સમયનું પાલન એ સભ્યતાના સર્વ ગુણોના રાજા જેવો ગુણ છે. પોતાના ધંધાના વખતને પહોંચી વળવા માટે કેટલાક માણસો હમેશાં દોડ્યા કરે છે. તેઓ હંમેશાં ઉતાવળમાં હોય છે અને

ટ્રેન ઉપર જવાને મોડા પડ્યા હોય એવો ખ્યાલ તમને આપે છે. તેઓમાં કામ કરવાની પદ્ધતિ હોતી નથી અને તેથી ભાગ્યેજ તેઓ ઘણું કામ કરી શકે છે.

શાળા અને પાઠશાળાના જીવનની સારામાં સારી બાબત એક એ છે કે, ઊઠવા માટે, મુખપાઠને માટે કે ભાષણને માટે જે ઘંટ વાગે છે, તે માણસને ઝડપથી કામ કરતાં શીખવે છે.

બરામાં બરો વખત આપનાર ઘડિયાળ દરેક જુવાન માણસ પાસે હોવી જોઇએ. જે ઘડિયાળ લગભગ બરાબર હોય છે, તેથી ઓટી ટેવ પડે છે અને તેમાં રોકેલા પૈસા નકામા છે. જે તમારે ફાટેલાં લૂગડાં પહેરવાંજ પડે તો પહેરો; પણ ખોટો ટાઇમ આપનાર ઘડિયાળ તો રાખતાજ નહિ.

એચ૦ સી૦ બ્રાઉન કહે છે કે, "જે છોકરો વખતસર હોય છે, તે મને ઘણો ગમે છે. એવા માણસ ઉપર વિશ્વાસ રાખવાની અને વધારે મહત્ત્વની બાબતો વિશ્વાસથી તેને સોંપવાની તમને કેવી ઝડપથી વૃત્તિ થાય છે! વખતસર કામ કરવાની જે છોકરાએ આબરૂ મેળવી હોય, તેણે ભવિષ્યમાં તેના કામકાજમાં ફતેહ આપનાર થાપણમાં મુદ્દામાં વધારો કર્યો છે, એમ સમજવું."

ઝડપથી કામ કરવાથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને શાખ બંધાય છે. આપણું પોતાનાં કામ સુવ્યવસ્થિત છે તેની તે સારામાં સારી સાબિતી છે અને એથી કરીને આપણી શક્તિઓ વિષે બીજાને વિશ્વાસ બેસે છે. જે માણસ વખત આપ્યા પ્રમાણે કામ કરે છે, તે પોતાનાં બીજાં વચન પણ પાળશેજ.

સરકારનાં વહાણ જેમ હમેશ વ્યવસ્થિત અને તરત લડવાને તૈયાર રહે છે, તેમ તમારો ધંધો અને તે ધંધાની દરેક બાબતને તૈયાર રાખો.

"કદી નહિ કરવા કરતાં મોડું પણ કામ કરવું એ સારૂં છે" એ કહેવત "કદીજ મોડા નહિ થવું" તેનાથી અર્ધીય સારી નથી.

ડ્રાઇવરનું ઘડિયાળ પાછળ હોય, તો રેલવેની અથડાઅથડીનો ભયંકર અકસ્માત બને છે. હુકમ પ્રમાણે મોકલી શકાય એવાં નાણું મોકલવામાં આડતિયો વિલંબ બતાવે છે, તો ભારે મિલકતવાળી એક પેઢી નાદાર બની જાય છે. માફીનો પત્ર લઇ આવનાર કાસદ પાંચજ મિનિટ મોડો આવે, તો એક નિર્દોષ માણસ

ફાંસીને લાકડે લટકી જાય છે. કેટલીક વાર એકાદ નજીવી વાત માટે એક માણસને પાંચ મિનિટ રોકવામાં આવે છે; પણ એકજ મિનિટ માટે તે ટ્રેન અગર સ્ટીમર ચૂકી જાય છે.

સમટર શરણે આવવાની વાત સાંભળતાંજ ગ્રેન્ટે ભરતી કરવાનો નિશ્ચય કર્યો. ફોર્ટ ડોનેલ્સન આગળ બકનરે જ્યારે સુલેહનો વાવટો મોકલ્યો અને શરણે આવવાની શરતો વિષે વિચાર કરવા કમિશ્નરો નીમવાની માગણી કરી, ત્યારે તેણે તરત જવાબ આપ્યો કે, "કોઇ પણ શરત વગર અને ત્વરિત શરણે આવવાના કરાર સિવાય બીજા કોઇ કરાર સ્વીકારી શકાય એમ નથી. હું તમારાં બાંધકામ ઉપર હાલ ને હાલ હુમલો કરવા માગું છું." બકનરે જવાબ આપ્યો કે, "સંયોગો એવા છે કે તમે જે અનુદાર અને વીરોને ન છાજે તેવી શરત કરો છો, તે હું ફરજિયાત કબૂલ રાખું છું."

નેપોલિયનની પેઠે જે માણસ સૌથી વધારે મહત્ત્વની વાત તરત પકડી લે અને તેને ખાતર બીજી ગૌણ બાબતનો ભોગ આપે, તેની ખાતરીપૂર્વક ફતેહજ થાય છે. કાંઇ પણ ભોગ આપ્યા પહેલાં માણસો અમુક બાબત ઉપર વિચાર કરવા માગે છે અને તેથી તેઓ વારંવાર નિષ્ફળ જાય છે. **એક બાબતની પસંદગી અને બીજી બાબતનો ત્યાગ એ બંને સાથે ને સાથે જ રહેવાં જોઇએ.**

જૉન ટૉડ કહે છે કે, "કુદરતી રીતે અથવા ટેવ પડી જવાથી આપણે એટલા બધા સુસ્ત છીએ કે, જેથી જરા પણ વખત ચૂકે નહિ, તેવો સમયપાલનવાળો માણસ એ જાણે એક દુર્લભ વસ્તુ હોય એમ આપણને લાગે છે. આવો માણસ મળે છે તો તરતજ તે માણસ ઉપર આધાર રાખવાની આપણને ચાહના થાય છે અને ગમે તે કિંમતથી પણ તેનો ટેકો ખરીદવાની આપણને મરજી થાય છે; કેમકે એ ઉપરથી એટલું તો આપણને જણાય છેજ કે, તે માણસે પોતાના ઉપર જીત મેળવી છે.

ગુમાવેલી જિંદગીની બરાબરીની શરૂઆત, ગુમાવેલી પાંચ મિનિટથી થાય છે. જે માણસો નિષ્ફળ ગયા છે, તેમની કબરો ઉપર "મોડા પડ્યા" એ ગુપ્ત શબ્દ વાંચી શકાય છે. વિજય અને પરાજય તથા સફળતા અને નિષ્ફળતા વચ્ચેનો તફાવત ઘણી વાર એક થોડીક મિનિટમાં આવી રહે છે.

૯—ખુશમિજાજ અને દીર્ઘાયુષ

"સંધિવા, દમ અને બીજાં સાત દરદો મને થયેલાં છે, પણ બીજી રીતે હું ઘણો સારો છું." —સિડની સ્મિથ

"મને લાગણી થાય છે, ઉદ્વેગ થાય છે; પણ ઈશ્વરકૃપાથી કોઇ પણ બાબત માટે હું ચીડિયાં કરતો નથી." —જૉન વેસ્લી

"ભાગ્યની કૃપા છતાં આ માણસ ધ્રૂજતો બેઠો છે; પોતાનો આનંદ તે મંદ, શંકાશીલ પદ્ધતિએ લે છે. બીજી તરફ આ બીજો માણસ ભૂખે મરે છે અને મૃત્યુને સામે ઊભેલું જુએ છે, છતાં પણ હસે છે." —આલિડ્રુક

"કોઇ પણ કરાડ ઉપર, ચિંતાએ ફતેહમંદી સાથે પૂલ કદી બાંધેલો જોવામાં આવતો નથી." —રૂફિની

"દુનિયાના દરેક અનિષ્ટ માટે ઉપાય હોય છે અગર હોતો નથી. જો ઉપાય હોય, તો મહેનત કરીને ખોળી કાઢો અને ન હોય તો તેની દરકાર કરતા નહિ." —પોપ

"આનંદ ઉત્પન્ન કરનાર સુખી રહો." —વિલિસ

"હમેશ કોઇ ને કોઇ પણ ઠેકાણે પ્રભાત તો હોય છેજ અને જાગૃત થતા પ્રદેશોમાં એક કિનારેથી બીજા કિનારા સુધી કોઇ ને કોઇ ઠેકાણે પક્ષીઓ ગાયાજ કરે છે." —લૉંગફેલો

"આનંદી મનુષ્યો લાંબું જીવન ભોગવે છે અને આપણો પણ પ્રેમ તેમના ઉપર લાંબા વખત સુધી રહે છે." —બોવી

"ખુશમિજાજમાં અદ્‌ભુત બળ રહેલું છે, તેની જીવનશક્તિ અખૂટ છે. કોઇ પણ જાતના પ્રયાસ કાયમના ઉપયોગી બનાવવા હોય, તો તે સમાન રીતે આનંદયુક્ત હોવા જોઇએ; તેમાં આનંદ, આનંદનું લાવણ્ય અને પ્રકાશનું સૌંદર્ય હોવું જોઇએ." —કાર્લાઇલ

"છોકરાઓ! સારો વખત આવે છે, સારો વખત આવે છે. આપણે દરેક—સ્ત્રીપુરુષે તેની પડખે રહેવું જોઇએ." —મેકે

ગોલ્ડસ્મિથ કહે છે કે, "તેણે જોયેલા સુખીમાં સુખી માણસોમાં ફ્રલેન્ડર્સના કિલ્લામાંનો એક ગુલામ પણ હતો. તેને એક પગ હતો. તે ખોડીલો હતો અને કેદ થયેલો હતો. તેને જિંદગી સુધીની ગુલામીની સજા થઇ હતી; વળી પ્રભાતથી છેક અંધારૂં થાય, ત્યાંસુધી તેને કામ કરવાનું હતું, છતાં પણ હમેશાં તે દરેક ચીજની સારી બાજુજ જોતો એમ જણાતું. તે હસતો અને ગાતો તથા કિલ્લામાં તે સર્વથી સુખી માણસ હોય એમ દેખાતું."

આવા ઉત્સાહી લોકોને મોંએજ તમે સાંભળશો કે, સઘળા દેશો સુંદર છે. સઘળાં ચિત્ર ઉત્કૃષ્ટ, સઘળા પર્વત ઊંચા અને સર્વ સ્ત્રીઓ ખૂબસૂરત છે; એમ તેમનો એક પ્રશંસક કહે છે. પ્રભુ! તેમને સુખી કરો. જ્યારે આવો માણસ એક વર્ષની સખત મહેનત પછી પોતાના દેશની મુસાફરીથી આવે છે, ત્યારે તેને સગવડવાળી જગ્યાઓ, સસ્તાં ઘર, સારા ઘરધણી, સુંદર દેખાવો અને સારામાં સારાં ખાણાં મળે છે; પણ બીજાઓની સ્થિતિ તેથી ઊલટી હોય છે. તે હમેશાં લૂંટાય છે. તે કશુંજ જોતો નથી, તેને લૂંટી ખાનાર ઘરધણી મળે છે, તેને ખરાબ બિછાનું મળે છે અને ખાવાનો ખોરાક તેને એટલો ચીકણો લાગે છે કે તેના દાંત તેને ચાવી શકતા નથી.

મિનિયાપોલિસના એક ગૃહસ્થને પોતાની માલિકીની કેટલીક દુકાનો હતી. એક વાર આ દુકાનોનો આગથી તદ્દન નાશ થઇ ગયો. આ આપત્તિથી તેને એટલો ઉદ્વેગ થયો કે, તેની માનસિક દશા બગડશે, એમ તેને જણાયું. તેને આનંદમાં લાવવા તેના મિત્રો મહેનત કરતા; પણ તેનો ઊંડો અને અભેદ્ય ઉદ્વેગ કશાથી દૂર થાય એમ જણાયું નહિ. તે આપઘાત કરવાની તૈયારીમાં હતો. જ્યારે આ નુકસાની થઇ, ત્યારે તે ઘેર નહોતો અને તેની નાની સાત વર્ષની છોકરીનો તેના ઉપર નીચે મુજબ કાગળ આવ્યોઃ—

"વહાલા બાપાજી,

"બળી ગયેલી તમારી વખારો જોવા હું ગઇ હતી અને બરફથી ઢંકાયલી તે જગ્યા ઘણી સુંદર લાગે છે. હું તમને ઘણા ચાહું છું. મારી ચૂમી કબૂલ રાખશો." **—લિલિયન**

પિતાને આ પત્ર વાંચતાં સ્મિત થયું અને જે માણસ ટ્રેન-

માંથી કૂદી પડી આપઘાત કરવા માગતો હતો, તે હવે મોટેથી હસી પડ્યો. તેનું દિલગીરીનું વાદળ આ પત્રના પ્રકાશથી તૂટી ગયું.

આનંદી માણસ વિશેષે કરીને ઉપયોગી માણસ છે. તે પોતાનું મન સંકડાવી નાખતો નથી અને માણસો તથા વસ્તુઓ વિષે તે અધાં, અધૂરા ખ્યાલ બાંધતો નથી. તે જાણે છે કે, દુઃખ ઘણું છે, પણ તેથી કાંઇ દુઃખ એજ જિંદગીનો નિયમ હોવો જોઇએ નહિ. તેને એમ માલૂમ પડે છે કે, દરેક સ્થિતિમાં માણસ આનંદી હોઈ શકે. ઘેટાંનાં બચ્ચાં કૂદે છે, પક્ષીઓ ગીત ગાય છે અને આનંદથી ઊડે છે, કુરકુરિયાં રમે છે, બિલાડીનાં બચ્ચાં આનંદ કરે છે અને સઘળું વાતાવરણ દોડી રહેલાં આનંદયુક્ત જંતુઓથી ભરાયેલું રહે છે; દરેક ઠેકાણે બરાબ કરતાં સારૂં આગળ પડતું જણાય છે અને દરેક અનિષ્ટમાં પણ કાંઇક બદલો મળે તેવી શાંતિજનક, સંતોષપ્રદ વસ્તુ હોય છે.

સિત્તેર વર્ષના એક ડોસાને પૂછવામાં આવ્યું કે, "તમે હવે ૭૦ વર્ષની પડતી દશામાં છો, એમ હું ધારૂં છું." તેનો જવાબ મળ્યો કે, " ના, હું ચઢતીમાં છું; કારણકે કીર્તિની લગભગમાં હવે હું છું." આઇસલેંડના વતનીઓ જેઓ હંમેશના શિયાળાની ઠંડીવાળા અને ઉજ્જડ પ્રદેશમાં રહે છે, તેઓ મુસાફરોને કહે છે કે, " આઇસલેંડ જગતમાં સારામાં સારી જગ્યા છે."

હેસિઓડના કહેવા મુજબ જે પેટીમાં દેવોએ સઘળાં માનવ-દુઃખો ભર્યાં હતાં, તે પેટીનું ઢાંકણું કુતૂહલથી જ્યારે પેન્ડોરાએ ઉઘાડ્યું, ત્યારે તે દુનિયા ઉપર પથરાઇ ગયાં; પણ તે સઘળાના ઉપાય તરીકે આશા નીચે રહી. ડૉ. માર્શલ હૉલ પોતાના દરદીઓને આનંદી રહેવાની સલાહ આપતો અને કહેતો કે, " દાક્તરને ત્યાં જે કાંઇ દવા મળે, તેના કરતાં આનંદી રહેવું એ વધારે અસરકારક છે. આનંદી હૃદય દવાના જેટલા ગુણ આપે છે. આરોગ્ય એ ડહાપણની સ્થિતિ છે અને આનંદીપણું એ તેનું ચિહ્ન છે. જે જે માણસોને આપણે મળીએ છીએ, તેમાંના અર્ધો-અર્ધ એમ ધારે છે કે, તેઓનું આખરે મોત થશે. હમેશાં તેઓ મૃત્યુના ભયમાં રહે છે. વળી તેથી પણ બરાબ એ છે કે, તેમના બરાબ આરોગ્યનો અનુભવ બીજા લોકોને પણ કરાવે છે; કેમકે જરાક ખિજાતાં તેઓ તેમને તે મરણની યાદી આપ-

વાને તૈયાર થાય છે.”

આનંદને તો તમારે તમારી પાસેજ રાખવો; નહિ તો પછી સ્વર્ગમાં પણ તમને તે મળશે નહિ. જે માણસ પોતાનોજ આનંદ વધારવાને આનંદનો સંગ્રહ કરે છે, તે કોના જેવો છે? “હું મારા દાણા ઉંદર અને પક્ષીઓને ખાવા દઇશ નહિ અને જમીન અગર ચક્કીને પણ હું આપીશ નહિ. જેઓ જગતમાં ખોબેખોબા ભરી નાખી દે છે, તેઓ કેવા મૂર્ખ છે?” આમ કહેનારના જેવો તે છે.

એમર્સન કહે છે કે, “પીચને જોઇતા તડકાની ખોટ બીજી કોઇ પણ બાબતથી પૂરી પડશે નહિ અને જ્ઞાનની કિંમત વધારવા માટે તમારામાં ડહાપણથી ઉત્પન્ન થતો આનંદ હોવોજ જોઇએ.” “આપણે લાલચો શી રીતે નિવારી શકીશું?” આ પ્રશ્નના ઉત્તરમાં એક પ્રસિદ્ધ લેખકે કહ્યું છે કે, “આનંદી સ્વભાવ એજ વસ્તુ તેને માટે જરૂરની છે. ઉદ્યોગી જીવનનો ઉમરો ઓળંગનાર યુવાન સ્ત્રી અગર પુરુષને આનંદી સ્વભાવને લીધે એકાદ દેખીતી આફત પણ એક બરા સુખ સમાન થઇ પડે છે, તે એક દોલત સમાન થઇ પડે છે. જે માણસને દરેક બાબતની ઊજળી અને સુખયુક્ત બાજુજ જોવાની ટેવ પડી છે; જે ઘાસમાં કીર્તિ, ફૂલોમાં સૂર્યનો પ્રકાશ, પથ્થરમાં ઉપદેશ અને દરેક બાબતમાં સારૂં જુએ છે, તે પેલા હંમેશના અજીર્ણથી પીડાતા ઉદ્વેગી—જેને કોઇ પણ બાબતમાં સારૂં માલૂમ પડતું નથી—તેના કરતાં આગળ પડી જાય છે. તેની આ ટેવથી, તેના આનંદી વિચારથી તેના ચહેરા ઉપર હમેશાં સૌંદર્ય છવાઇ રહે છે અને તેની રીતભાતમાં પણ સુંદરતા આવે છે.”

એસ. સી. ગુડરીચ કહે છે કે, “**બધા સદ્‌ગુણોમાં આનંદી સ્વભાવ એ સૌથી વધારે લાભજનક છે.** જ્યારે બીજા સદ્‌ગુણોનો બદલો મળતાં વાર લાગે છે, ત્યારે આનંદી સ્વભાવનો બદલો તરત મળે છે. એ એક એવી સૌંદર્યવર્ધક વસ્તુ છે કે જેથી ઘર શોભીતું અને મોહક બને છે, આરોગ્યની અભિવૃદ્ધિ થાય છે, મનને આનંદ અને બળ મળે છે, તથા વાદળાં અને ઉદ્વેગના અંધકારની જગ્યાએ તે વડે હૃદય પ્રકાશમાન રહે છે.”

જે મહાત્માએ હેમલેટ અગર લિયરનું પાત્ર ઊભું કર્યું, તે

મહાત્મામાં " ફૅાલ્સ્ટાફ " કે " મેરિ વાઇવ્ઝ ઑફ વિંડસર " ઉત્પન્ન કરનાર પ્રહસન ન હોત, તો તે મહાત્માનો જુસ્સો ભાગી પડત. જગતના સૌથી વધારે પ્રખ્યાત વૈદ્યકીય પત્ર " લૅન્સેટ "-માં આનંદી સ્વભાવની કિંમતનું નીચે પ્રમાણે વૈજ્ઞાનિક પ્રમાણ ટાંકવામાં આવ્યું છે:—

"બિમાર અને નબળા માણસોને માટે આનંદી રહેવાની બાબત ઘણી મહત્ત્વની છે. પહેલાંને તે પુનર્જીવનની શક્તિ આપે છે અને બીજાંને દરદ કરતાં વધારે બળ આપી જીવવાનો સંભવ પૂરો પાડે છે. આથી પરિસ્થિતિને અનુકૂળ, મનનું સર્વથી વધારે આનંદી બંધારણ ખીલવવું એ સૌથી વધારે અગત્યની બાબત છે. જે શક્તિ માનસિક હિલચાલનું સ્વરૂપ લે છે, તે શરીરના કામ-કાજ માટે પણ જરૂરની છે. માનસિક અસરોની શરીરને પણ અસર થાય છે અને આનંદી વૃત્તિ દુઃખનું નિવારણ કરે છે; એટલુંજ નહિ, પણ શરીરમાં જીવન—ચૈતન્ય વધારે છે."

ટૅલિરેન્ડ કહેતો કે, "ગમત અસાધારણ તાજગી આપે છે, એમ મને માલૂમ પડ્યું છે." હસો અને પુષ્ટ બનો એ કહેવતમાં સારી ફિલસૂફી રહેલી છે. હસવામાં શરીરને મજબૂતી આપવાની અને જિંદગી લાંબી કરવાની શક્તિ રહેલી છે, એમ દરેક જણ જાણતું હોત, તો માણસોના મોં ઉપર હાલ જે દિલગીરીની છાયા છવાઈ રહે છે, તે ઘણે ભાગે નીકળી જાત અને હજારો વૈદ્યોનો ધંધો પડી ભાગત. આપણા જીવનવ્યવહારમાં એક ડહાપણ ભરેલા હેતુ તરીકે કામ આવે, તે માટે હસવાની શક્તિ આપણને આપવામાં આવી છે. અંદરની ઇંદ્રિયોને કસરત આપવા માટે તથા તે સાથે આપણને આનંદ આપવા માટે આ એક કુદરતની યુક્તિ છે. ફેફસાંમાં અને પેટના વચ્ચેના પડદામાં તેની શરૂઆત થાય છે. લિવર (યકૃત), પેટ અને બીજા અંદરના અવયવોને તે એક ઝડપવાળા આંદોલનમાં મૂકે છે કે જે વડે, ઘોડા ઉપર સવારી કરવાથી જે આનંદજનક અસર થાય છે અને કસરત મળે છે, એવીજ અસર અને કસરત એથી થાય છે. હૃદય એથી વધારે જલદી ચાલે છે, ફેફસા મારતું લોહી તેથી શરીરમાં ફરી વળે છે, શ્વાસોચ્છવાસ વધે છે અને આખા શરીરને ગરમી અને પ્રકાશ મળે છે. હસવાથી આંખમાં પ્રકાશ આવે છે, પસીનો વધે છે, છાતી પહોળી થાય

છે, ઓછામાં ઓછા વપરાશવાળાં ફેફસાંનાં છિદ્રમાંથી ઝેરી હવા નીકળી જાય છે અને શરીરના સઘળા ધર્મના પાલનથી જે આરોગ્યને લગતું સુંદર સમતોલપણું આવે છે તે તે આપે છે. આ મૃદુ–નાજુક સમતોલપણું જે એક ઊંઘ વિનાની રાત્રીથી, ખરાબ ખબરથી, ઉદ્વેગ અગર ચિંતાથી ખસી જાય છે, તે ઘણી વખત એક ખરા અંતઃકરણના હસવાથી પૂરેપૂરું ફરી મળે છે. એક આનંદી ડાક્તર અગર વૈદ્ય તેની સઘળી ગોળીઓ કરતાં પણ ઘણી વખત સારો થઈ પડે છે.

એક નાની પણ ગુસ્સાબાજ છોડી ક્રોધની ઉપર ચિડાઇને કહે છે કેઃ–

" આ ગરમ હવાને હું ધિક્કારૂં છું.
" કાળા પડી જવું એનો તે વિચાર આપે છે,
" તેથી મારૂં નાક દાઝી, બળી જાય છે અને મારા અંગૂઠાને 'બ્લીસ્ટ' લાગ્યું હોય એમ જણાય છે તથા જ્યાં જ્યાં હું જાઉં છું, ત્યાં ત્યાં મારે પંખો લઇ જવો પડે છે."

હવે એક નાની હસમુખી છોડી કહે છે કેઃ–

" આ પ્રકાશમાન ઉનાળાના દિવસથી
મને જે આનંદ મળે છે, તેનું અર્ધું પણ
વર્ણન હું કરી શકતી નથી.
હું તો બસ ગાયેજ જાઉં છું, હું સુંદર ફૂલ ચૂંટું છું
અને મધુર સુગંધવાળા ઘાસ ઉપર
રાણીની માફક સવારી કરૂં છું."

" આ જગતમાં કાંઇ ઉદ્વેગ અગર ગુસ્સો કરવા માટેજ માણસોને ઉત્પન્ન કરવામાં આવ્યાં નથી" એમ એક અર્વાચીન લખનાર કહે છે. પોતાથી બની શકે તે સઘળું સુખ અને આનંદ પોતાની બહારથી તેમ અંદરથી આકર્ષવું, એ દરેક જણની ફરજ છે અને સૌથી વધારે તો તેણે સઘળી વસ્તુઓની ઊજળી બાજુ તરફ જોવું જોઇએ. સૂર્યથી પ્રકાશિત દિશાઓને ધુમસ, વાદળાં અને વરાળ વળગી રહે એ આશા જેમ નિરર્થક છે, તેમ જ્યારે કોઇ આનંદી માણસ આવી, ખરા અંતઃકરણથી "ગૂડ મૉર્નિંગ" કહે, છતાં કોઇ પણ ચહેરા ઉપર કલેશ કે ઉદ્વેગ રહે એ અશકય છે. જે કોઇ **તમને મળે તેની સાથે સ્મિત સહિત વાત કરવાને ચૂકતા**

નહિ. ઉદ્યોગી જીવન સુખીજ હોય છે. ઢોડતા પાણીમાં કાંઇ દેડકા બોલતા નથી, સ્થિર જળમાંજ બોલે છે.

સધી કહે છે કે, "સ્પેનિયાર્ડો 'ચેરિ' ફળ ખાવાના હોય ત્યારે તે ફળ મોટાં અને મોહક લાગે તે માટે હમેશાં ચશ્માં પહેરે છે, તેવીજ રીતે હું પણ મારા આનંદને મોટું સ્વરૂપ આપું છું અને જો કે હું મારી અડચણો તરફ બેદરકારીથી જોતો નથી, તોપણ હું તેમને જેમ બને તેમ ટૂંકામાં સમેટી બંધ કરૂં છું અને બીજાને તેથી દુઃખ થવા દેતો નથી." આ પ્રમાણે આનંદી સ્વભાવમાં દરેક સારી ચીજને મોટી કરવાની અને દુઃખદાયક ચીજને નાની કરવાની શક્તિ હોય છે, તે આપણે સર્વ જાણીએ છીએ.

જ્યારે ગેરિસનને બોસ્ટન સિટી જેલમાં પૂરી રાખવામાં આવ્યો હતો, ત્યારે તેને બે આનંદજનક મિત્રો હતા. સારૂં અંતઃકરણ અને આનંદી મન. સિવિલ વોરના ભયંકર બોજા નીચે પણ લિંકન ટટાર ઊભો રહી શક્યો હતો, તેનું કારણ તેનો આનંદી સ્વભાવ હતો. તેની મશ્કરીઓથી અને પુરાણી વિચિત્ર વાતોથી અમેરિકન પ્રજાના અત્યંત જોખમભર્યા તથા અંધારામાંના અંધારા, ભયંકરમાં ભયંકર સમયનો ઉદ્વેગ ઓછો થઇ જતો.

બે બાબતમાં આપણે કદી આકળા કે ઊંચાનીચા થવું જોઇએ નહિ. એક તો જે બાબતમાં આપણો ઉપાય ન હોય તે અને બીજી–જે બાબત વિષે આપણો ઉપાય હોય તે. **બીજા માણસના દસ દોષ બોળવા કરતાં તમારો એક દોષ બોળી કાઢો.**

કોલેજમાં હેન્રી વૉર્ડ બીચર મોટામાં મોટો મશ્કરો હતો અને તે એટલો બધો મશ્કરો હતો કે, તેથી ઘણા ધાર્મિક માણસોને ક્ષોભ થતો. તેની બહેન હેરિયટ બીચર કહે છે કે, "દેવળના એક સારા ચકલાની માફક વડીલની પેઠે ફરવાને બદલે અગર વૃક્ષોમાં ધુવડની પેઠે ગંભીર ચિંતવન કરવાને બદલે હેન્રીની વક્રોક્તિ માટે, તેની નિર્લજ્જ 'હાહા હીહી' માટે તપાસ ચાલવી જોઇએ. તે સમયમાં ગંભીરતાને ક્રિશ્ચિયન ચારિત્ર્યના એક પ્રમાણ તરીકે ગણવામાં આવતી હોવા છતાં પણ, ધર્મ એ જગતમાં સર્વથી સુંદર વસ્તુ છે, તે બતાવવાને આ આનંદી ઉપદેશકે ઘણું કર્યું છે."

હેલન હંટ કહે છે કે, "એક પાતક સર્વ ઠેકાણે જોવામાં

આવે છે, તેની દરેક જણ અવગણના કરે છે અને ચારિત્ર્યની કિંમત આંકવામાં તેની બહુ ઓછી દરકાર રાખવામાં આવે છે. તે પાતક તે ચીડિયાપણું છે. હવા અને બોલવું જેમ સાધારણ બાબત છે, તેમ તે પણ સાધારણ બાબત છે. તે એટલી સાધારણ બાબત છે કે, તે તેની સામાન્ય સ્થિતિથી ઊંચે ન જાય, તો તે દોષ આપણી નજરે પણ પડતો નથી. માણસોના કોઇ પણ સાધારણ સમુદાયની તપાસ રાખ્યા કરો તો જણાશે કે, થોડીજ મિનિટમાં તેમાંના એકનો મિજાજ જશે. જે બાબત કોઇ ઘરના, ગાડીના કે મહોલ્લાના ખૂણામાં રહેલો માણસ પણ ઘણું કરીને જાણે છે, છતાં પણ જે વિષે કોઇનો ઉપાય નથી અને તેના વિષે સર્વને કાંઈ મોટી–નાની ફરિયાદ હોય છેજ; છતાં તેવી બાબત વિષે શા માટે બોલવું? ચિડાવાને માટે જગતમાં ઘણી ચીજો છે, છતાં અમુક ચીજ ઠંડી છે, અમુક ચીજ ગરમ છે, અમુક ચીજ ભીની છે, અમુક સૂકી છે, અમુક વાયદા પ્રમાણે આવ્યું નથી, અમુક રસોઇ બગાડી છે, આવી આવી બાબતો ઉપરજ કોઈ પણ માણસ તીક્ષ્ણ નજર રાખે, તો તેના સાદા-માં સાદા જીવનમાં પણ દરરોજ કેટલી હરકતો અને બેચેની માલૂમ પડે! કેટલાક માણસો સૌંદર્ય, એકતા અને પ્રકાશને બદલે બોડ, કુસંપ અને માત્ર કાળી બાજુનીજ પાછળ મંડ્યા રહે છે. ચલ્લીઓ મુશ્કેલીથીજ વધારે ઊંચે ઊડી શકે છે; તેમ કુદરતી રીતથીજ કેટલીક અડચણો આપણે વેઠવાની હોય છે, પણ ઊંચે રહેલા ભૂરા આકાશમાં તેઓ જેમ ઓછો વખત ગુમાવશે, તેમજ તેઓ જલદી પહોંચશે અને ચિડાવાથી તો માર્ગમાંજ સઘળો વખત ગુમાઇ જશે.

વર્ડ્ઝવર્થ બીજે બધે ગંભીર અને પ્રૌઢ છતાં, તેણે લખેલા અલૌકિક, સુંદરમાં સુંદર કાવ્યમાં તેને ઘાસમાં ચમત્કાર અને ફૂલમાં મહિમા માલૂમ પડ્યા હતા અને "જળ તથા સ્થળ સૌ આનંદનિમગ્ન હતાં" એ તેની પંક્તિ સુપ્રસિદ્ધ છે. સૌથી વધારે ધ્યાનાત્મક કવિમાંનો એ એક હતો અને તેને લીધેજ તેને હમેશાં ધન્યવાદ મળે છે.

આપણે આનંદી અને સંતોષી હોઇએ, તો સઘળી સૃષ્ટ આપણી સાથે હસે છે, હવા વધારે સુખકર લાગે છે, આકાશ વધારે ચોખ્ખું લાગે છે, લીલી જમીનમાં કાંઇ જુદોજ પ્રકાશ

માલૂમ પડે છે, વૃક્ષના પલ્લવ વધારે સુંદર દેખાય છે, પુષ્પોમાં વધારે સુગંધ માલૂમ પડે છે, પક્ષીઓનું ગાન વધારે મધુર લાગે છે અને સૂર્ય, ચંદ્ર તથા તારા સઘળું વધારે સુંદર દેખાય છે.

એક ફ્રેન્ચમેને કહ્યું છે કે, "એકાદ બે શબ્દથીજ કોઈ માણસ સુખી થતો હોય છતાં કોઈ એક બે શબ્દ એવા ન બોલે, તો તે બરેબર દુષ્ટ માણસ હોવો જોઇએ. પોતાની બત્તીથી બીજની બત્તી સળગાવવા જેવું બોટ વગરનું આ કાર્ય છે. આથી બીજનો પ્રકાશ થાય છે અને પોતાનો ઘટતો નથી."

"મારે એક પ્રમાણિક હસનાર જોઇએ છીએ" એમ લખનાર સર વૉલ્ટર સ્કૉટ જગતના સુખીમાં સુખી માણસોમાંનો એક હતો. દરેક જણની જોડે તે માયાળુપણે અને મીઠાશથી બોલતો અને દરેકને જોઇને તેને આનંદ થાય તેમ સ્મિત કરતો. એક દિવસ એક કૂતરા તરફ તેણે પથ્થર ફેંક્યો અને તેનો પગ ભાગ્યો. ભાગેલો પગ ઘસડતો તે બિચારો કૂતરો પેટે ચાલતો તેની પાસે આવ્યો અને તેનો પગ ચાટવા લાગ્યો; તેથી તેનું હૃદય દ્રવિભૂત થયું. તે કહેતો હતો કે, "તેની આખી જિંદગીમાં આ બનાવથી વધારેમાં વધારે ઉદ્વેગ તેને થયો હતો."

"શાપ આપવો અને શપથ ખાવા એ જેમ ઠીક નથી, તેમ ચીડ કરવી એ પણ ઠીક નથી," એમ જોન વેસ્લી કહેતો.

હંમેશાં ચીડ કરનારાઓને દુઃખ વધારે નજરે આવે છે. તેમના પડોશીના જેટલા તે સુખી હોતા નથી. તેમને કદી હવા માફક આવતી નથી. હવા બહુ અગવડ ભરેલી છે, પવન ઘણો છે કે ઘણો થોડો છે, ઠંડી ઘણી વધારે છે અગર હવા ઘણી સૂકી છે, રસ્તા કાં તો કાદવવાળા છે અગર ધૂળવાળા છે, એમ તેઓ કહ્યા કરે છે. એક શાણો લેખક લખે છે કે, "આનંદ એ દૈવી ઔષધ છે, દરેકે તેમાં સ્નાન કરવું જોઇએ. ભયંકર ચિંતા અને ઉદ્વેગરૂપી જીવનના આવા સઘળા કાટને આનંદના તેલથી સાફ કરી નાખવા જોઇએ. સાફ કરવાના કાગળ કરતાં પણ તે વધારે અસરકારક છે. દરેક માણસે તેનાથી સાફ થવું જોઇએ. કમાન વગરનું ગાડું રસ્તા ઉપરના દરેક પથ્થરથી આંચકા ખાધાજ કરે છે, તેના જેવો આનંદ વગરનો માણસ છે. આનંદી માણસ કમાનવાળી ગાડી જેવો છે અને તે તેવી ગાડીની પેઠે ખડબચડા

રસ્તા ઉપર પણ દુઃખી થયા વિના જઈ શકે છે તથા સુખકર હિંડોળાના આનંદ વિના એમાં બીજું તેને ભાગ્યેજ લાગે છે.”

આપણા ઉદ્વેગની પરંપરા તપાસીએ, તો તે પહેલાં અજીર્ણથી અને તેનાથી પણ પહેલાં આપણા પ્યુરિટન પૂર્વજોથી આપણાં હાડમાં ઊતરી આવી છે, એમ નિઃસંશય માલૂમ પડશે. આ પ્યુરિટન લોકો ઉપાસના કરતાં પણ ગણુગણુતા અને ઈશ્વરના મહિમાને ખાતર તેઓ વારંવાર પોતાનાં મોં વાર જેટલાં લાંબા કરતા. જેમ નોળિયો ઇંડાં ગળે, તેમ આ લોકો ગીતમાંથી પણ ઉદ્વેગ મેળવતા.

પણ હવે તો નવીન રીતે અને વધારે સારી રીતે ધર્મની બાબતો આપણે સમજતા થયા છીએ. હવે ગણુગણાટથી ખરી રીતે આપણે ઇશ્વરનો મહિમા ગાતા નથી, પણ ઉપકારથી ગાઇએ છીએ. સઘળા સારા વિચાર અને સારા કામને સ્વાભાવિક રીતે આનંદી સ્વભાવ સાથે સંબંધ હોય છે. કાર્લાઇલે કહ્યું છે કે, “કાલે નહિ કે કયામતને દિવસે નહિ; પણ આજેજ અને તે પણ નરકમાં નહિ પણ સ્વર્ગમાં તું મારી સાથે સાથે આવી શકીશ. દુષ્ટતા અને દુઃખના વિચાર તે મનુષ્યજાતિ કયાં સુધી રાખ્યા કરશે? આશા અને આનંદ વગરનું જગત કે જ્યાં પાપ અને મૃત્યુ કાયમ રહેશે, એવા જગતમાં આપણે રહીએ છીએ; એવો આગ્રહ આપણે કયાં સુધી રાખ્યા કરીશું? પાપ અને મૃત્યુ આત્મઘાતક છે અને આખરે તેમનો નાશ તેઓથીજ થવાનો. કુસંપનો આખરે સંપમાંજ લોપ થવાનો, અંધકારનો પ્રકાશમાંજ લોપ થવાનો, સત્યમાંજ ભૂલનો, આરોગ્યમાંજ રોગનો અને આનંદમાંજ ઉદ્વેગનો લોપ થવાનો, એ શું આપણે જોઇ શકતા નથી? કુરૂપતા, રોગ અને કુસંપ ઉપર હમેશાં વિચાર કર્યા કરવાની ટેવની વિરુદ્ધમાં આપણે આપણી માન્યતા બતાવીએ છીએ, તેમ આપણે તેઓની સામે પણ શા માટે ન થવું?”

ઘણા માણસોના ચહેરા ઉપર ચિંતા અને અફસોસ માલૂમ પડે છે અને તેથી આપણો ગંભીરતાભર્યો સુધારો જણાઇ આવે છે. વાંકાં વળેલાં શરીર, યુવાવસ્થામાં ધોળા થઈ ગયેલા વાળ, ભારે પગલાં અને તાવની નાડી જેવી ઉતાવળ—એથી હાલના શહેરી જીવનનું સ્વરૂપ જણાઈ આવે છે. આરામ વગરનું જીવન,

ચાંચલ્ય અને અસંતેાષ, એ તેા આપણા હમેશના રેાગ જેવાં અને આપણા જમાનાની પ્રજાનાં લક્ષણરૂપ–ગુણરૂપ થઇ પડ્યાં છે. હૃદયક્ષેાભ, ઉદ્વેગ, નિરાશ થયેલી ઉમેદેા, ઊંધી વળેલી આકાંક્ષા અને ઉંમર પહેલાં લાગેલા ક્ષયથી આપણાં લાખેા માણસેા દર વર્ષે મરણ પામે છે. પેાતાના લક્ષ્યમાંજ મસ્ત રહેતા, સ્વસ્થ અને પેાતાની દૈવી શક્તિઓમાં પૂર્ણ વિશ્વાસ ધરાવનારા મહાત્માઓમાં જે ઉદારતાયુક્ત આનંદી સ્વભાવ માલૂમ પડે છે અને જે સ્વભાવ માનવજાતિનાં સંકટનેા અટકાવ કરનાર મહાન શક્તિરૂપ છે, તે આનંદી સ્વભાવ ખીલવવાનું હજુ આપણે શીખ્યા નથી. ઉદ્વેગ, ચિંતા અને ભય એ માનવજીવનનાં મહાન દુશ્મન છે અને જેમ આપણે પ્લેગની સામે થઇએ છીએ, તેમ તેમની પણ સામે થવું જોઇએ, એ વાત એક પ્રજા તરીકે આપણે હજુ શીખ્યા નથી. આનંદી સ્વભાવ વગર કેાઇ પણ શારીરિક, માનસિક અગર નૈતિક કાર્ય અગર ક્રિયા બની શકે નહિ; કારણકે આનંદ એ આપણા જીવનનું સામાન્ય બંધારણ છે.

પણ સારા સ્વભાવનાં માણસેા તેા કાંઇ અજબ પ્રકારનાંજ ચશ્માં પહેરે છે કે, જેથી દરેક ચીજ ઉપર પ્રકાશિત દેખાવ આવી રહે છે, જૂજ વસ્તુઓથી પણ હૃદય ખુશ થાય છે અને દયાનાં નાનાં કામના પ્રસંગેા મળવાથી પણ ઉપકારવૃત્તિ ખીલે છે. એવાં ચશ્માં કયાંથી લાવવાં? સાચા દિલવાળા આઇઝેક વૉલ્ટન પાસે આવાં ચશ્માં હતાં. માછલાં પકડવાના લી નદીના પ્રવાસ પછી તે નીચેની આભારની લાગણીયુક્ત વાત કહેવા લાગ્યેા હતેાઃ “આપણે છેલ્લા મળ્યા પછી, શીતળ છાયામાં ઘેર આવતાં આવતાં જે વિચાર અને આનંદ મારા દિલમાં આવી રહ્યા છે, તેનું કેટલુંક બ્યાન કરીએ! મારી પેઠેજ વિચાર કરશેા, તેા માલૂમ પડશે કે જ્યારે આજ વખતે ઘણાં માણસેા સંધિવા અગર દાંતના દરદથી પીડાય છે અને આપણે તેમાંથી મુક્ત છીએ, તેા ખરેખર આપણું વર્તમાન સુખ વધારે મેાટું લાગે છે અને આપણે ઇશ્વરનેા વધારે ઉપકાર માનતા થઇએ છીએ. વળી મારે તમને કહેવું જોઇએ કે, જે દરેક દુઃખથી હું દૂર રહું છું, તે એક નવા સુખ સમાન છે.” ચિડાવું, કંટાળેા ઉત્પન્ન થવેા, એ સ્થિતિ તેા એક રેાગરૂપ છે અને કેાઇ કેાઇ વખત તે ગુનાનું સ્વરૂપ પણ લે છે. કેટલાંક રાજ્યમાં નિષ્ફળ ગયેલા આપઘાત કરનારને મનુષ્યવધના ગુના

માટે પકડવામાં આવે છે; તેજ મુજબ કુટુંબની શાંતિનો ભંગ કરવા માટે, સાર્વજનિક કલ્યાણમાં વિક્ષેપ નાખવા માટે, અસહિષ્ણુતા, ચીડિયાપણું અને છેડાઇ પડતા સ્વભાવ માટે પણ માણસોને કેદખાનામાં ગોંધી રાખવા જોઇએ. આપણા આ બીજા પ્રજાકીય દુર્ગુણ–ખોટી ઝડપ માટે કાંઈ પણ ઠપકાપાત્ર હોય, તો તે આ અવિરત ફિકર, આ જડ ઘાલી બેઠેલી ચિંતા છે. અલબત, આ બાબત તો દરેક જણ સ્વીકારશે કે ચીડ અને કંટાળાના દુર્ગુણ માટે આપણે એક પ્રજા તરીકે જાણીતા છીએ. છેડાઇ પડવાનો આ રોગ હમણાં હમણાંનોજ પેઠેલો છે.

ન્યુયોર્કમાં ગાડીમાં બેસીને જતી એક ફ્રેંચ બાઇએ કહ્યું હતું કે, "જે દરેક માણસને આપણે મળીએ છીએ, તેને પુષ્કળ મૂંઝવણો પ્રાપ્ત હોવા છતાં પણ, જાણે તે બીજી ઉછીની મૂંઝવણો લેવા જતો હોય એમ જણાય છે.

"આપણે–અમેરિકનો કેટલી ઝડપથી જીવનનો ક્ષય કરીએ છીએ! દમ ભરાઇ જાય એટલી ઝડપથી આપણે દરેક કામમાં મંડ્યા રહીએ છીએ. તમે જે દરેક માણસને મળો તે વાયદા કરતાં મોડો હોય અને દોડતો હોય એમ માલૂમ પડે છે. અમેરિકન ચહેરાની કરચલી ઉપર હદ બહારની ઝડપની છાપ પડી રહેલી જણાય છે. આપણે ઉદ્યોગી માણસ છીએ, કામ કરનારા છીએ, આપણે કામ વગર મરીએ છીએ; એટલુંજ નહિ પણ જેમ વર્ષો જતાં જાય છે, તેમ આપણે આપણી ઝડપ વધાર્યા કરીએ છીએ, આપણાં યંત્રોને વધારેમાં વધારે ગતિ આપીએ છીએ અને જિંદગીનો સોનેરી દોરો એટલો બધો તાણીએ છીએ કે, તે તૂટી જાય છે. કુદરતી મોતે મરવાની તો આપણને ફુરસદજ નથી. બોઇલર ફાટે ત્યાંસુધી આપણે દબાણ વધાર્યેજ જઇએ છીએ. શરીરના આપણા બદલાયલા બંધારણને અનુસરતા રોગની જાત પણ આપણે બદલી નાખી છે. આપણા બાપદાદાના ધીરે ધીરે થતા મોતને બદલે આપણે તરતજ પડી જઇએ છીએ અને હૃદયના રોગ અગર માથે લોહી ચડી જવાથી મરણ પામીએ છીએ. આપણી આ ભયંકર ચાલનુંજ મૃત્યુએ પણ અનુકરણ કર્યું છે."

બીચર કહે છે કે, "કામથી માણસ મરતાં નથી, પણ કામના કંટાળાથી લોકો મરે છે. કામ તો આરોગ્ય આપનાર છે.

માણસ સહન કરી શકે તે કરતાં વધારે બોજો ભાગ્યેજ તમે તેના ઉપર નાખી શકો. ચપ્પુની ધાર ઉપરના કાટના જેવો કામનો હદ બહારનો થાક છે. યંત્રને તોડી નાખનાર હિલચાલ નથી પણ ઘસારો છે.”

પોતાના માર્ગમાં ઘણાં ઝેરી ફૂલો અને કાંટાવાળી ડાળીઓ છે અને જે ફૂલમાંથી પોતે મીઠું મધ એકઠું કરે છે, તેને કંટાળો આપનાર અનેક જીવડાં બગાડે છે; એવી ફરિયાદ કરવા ઉદ્યોગી મધમાખ રહેતી નથી, પણ તે તો ગૂંજ્યાજ કરે છે અને જ્યાં મધ મળે ત્યાંથી તે ચૂસે છે. જ્યાંથી તે ન મળે તેની પાસેથી તે ચાલી જાય છે.

જ્યૉર્જ મેક્ડોનલ્ડ કહે છે કે, “આજની ચિંતાથી નહિ પણ કાલની ચિંતાથી માણસ દબાઇ જાય છે. આજની જરૂરિયાતને માટે પૂરતું બળ આપણને આપવામાં આવ્યું છે.” જેફર્સન કહે છેઃ “જે દુઃખ આવ્યાં નથી,તેથી આપણને કેટલું નુકસાન થયુ છે!”

ફ્રેન્કલીન કહે છે કે, “અડચણ અગર આફત ધારી લેવી નહિ અને જે કદાચ ના પણ બને તેની ફિકર કરતા નહિ. હમેશાં આનંદમાં રહેવું.”

પત્તાંની રમતમાં હમેશાં ગણગણ કરનાર એક રમનારને એક્કા થોડા આવતા તેની તે ફરિયાદ કર્યા કરતો. એ વિષે ચાર્લ્સ લેમ્બ એક વાત કહે છેઃ “કોઇ યુક્તિથી તેના સોબતીઓએ તેને તેરે તેર ઉત્તમ પાનાં આપ્યાં; એમ ધારીને કે તેથી તે કાંઇ સંતોષ બતાવશે; પણ પોતાનો હાથ તપાસતાં તે પોતે વધારે દુઃખી હોય એમજ જણાયું. લેમ્બે કહ્યું: “વાહ ટોમ! આ વખતે તને જોઇએ તેટલા એક્કા મળ્યા નથી?” ટોમ ગણગણ્યોઃ “પણ મારી પાસે બીજાં કાર્ડ નથી.”

પાપની બીક અને કયામતના દિવસના ત્રાસથી પ્યુરિટનોનું જીવન દુઃખમાંજ પસાર થતું અને તેમના ઉદ્વેગની છાયા તેમના વંશજો ઉપર પણ છે. અજીર્ણના રોગથી પીડાતા લોકોની બનેલી આપણી પ્રજા છે. આપણે આપણો રોટલો કમાઇએ છીએ પણ તે પચાવી શકતા નથી. આપણે એમ માનીએ છીએ કે, આપણા વાદ્યમાં આનંદને અનુસરતો તાર નથી, પણ ખેદને અનુસરતો તાર છે. આપણે એમ માનીએ છીએ કે, સારાની પાછળ નઠારૂં

હમેશાં હોય છે અને સેતાનની પૂંછડીનો ઝપાટો દરેક વસ્તુને લાગે છે. કેટલાક માણસની આખી જિંદગી ઉપર આંતર ઉદ્વેગની છાયા હોય છે અને તેમાંથી મુક્ત થવું અશક્ય છે, એમ તેઓ ધારે છે. સુંદર દિવસની મજા તેઓ કદી ભોગવી શકતા નથી. સઘળાજ દિવસો દુષ્ટ હવાને જન્મ આપતા હોય એમ તેઓ હમેશાં માને છે. તેમનાં જીવન એકાદ ગૌણ ચાવીને લાગેલાં હોય છે અને તેઓ હમેશાં ઉદ્વેગભર્યાજ અવાજે સાંભળે છે. કમનસીબ ગ્રંથકારો જેઓ ક્રોધને કેટલીક વખત ભૂલથી પ્રેરણા ગણતા, તેમના કમળાને અંગે થતા ક્રોધથી આપણા ધાર્મિક સંપ્રદાયો, આપણું તત્ત્વજ્ઞાન અને આપણાં સ્તોત્રો રંગાયલાં છે.

ઘણા લેખકો પ્રમાણિકપણે એમ માને છે કે, અમે કિંમતી ધાર્મિક સિદ્ધાંત દુનિયા આગળ રજૂ કરીએ છીએ; જ્યારે ખરી રીતે તો તેઓ પોતાના કમળા અને પોતાના અજીર્ણનોજ અહેવાલ લખતા હોય છે.

કાલ્વિનની પ્રમાણિકતા વિષે શક નથી; પણ તેને અજીર્ણનો રોગ હતો અને તે એકજ વખત ખાતો. તેનાં લખાણોમાં તેના દરદની છાયા નહોતી એમ કોણ કહી શકશે? માત્ર મઠોમાં અને બીજી બંધિયાર એકાંત જગ્યામાં રહી ખુલ્લી હવાથી, સૂર્યના પ્રકાશથી, કુદરત અને મનુષ્યજાતિના મહાન ધબકતા અને વેગવાળા હૃદયથી દૂર રહેતા માણસો આ પરિશ્રમપરાયણ, તંદુરસ્ત, મજબૂત અને વ્યાવહારિક જગતને માટે આરોગ્યપૂર્ણ અને મજબૂત ધાર્મિક સિદ્ધાંતો લખી શકે?

ગુનો કરવાની કોઇ લાલચની સામે આપણે થતા હોઇએ, તેમ જે મનમાં ઉદ્વેગ કરે અને મનને દબાવી દે એવી અસરની સામે આપણે લડત ચલાવવી જોઇએ; કેમકે મનના ઉદ્વેગને લીધે પેટના પડદાની સ્વતંત્ર હિલચાલ અને છાતી પહોળી થતી અટકે છે. શરીરના મળને પણ તે અટકાવે છે, મગજ તરફના લોહીના પ્રચારમાં તે વિક્ષેપ નાખે છે અને શરીરના સઘળાં કામકાજમાં ગેરવ્યવસ્થા ઉત્પન્ન કરે છે. લાંબા વખતના મનના ઉદ્વેગથી કંઠમાળ અને ક્ષયરોગ વારંવાર ઉત્પન્ન થાય છે. ક્ષયની પહેલી સ્થિતિમાં ફેફસાંના ઉપરના ભાગમાં જે પ્રાણઘાતક રવ સંભળાય છે, તે કોઇ મોટી આફત અગર ઉદ્વેગથી દબાઈ જતી મનોદશાના

પરિણામથીજ થાય છે.

આત્મઘાત કરનારાઓ તેમ કરવા પહેલાં ખપી ગયેલી જીવનશક્તિ, જ્ઞાનતંતુની શક્તિની ખામી, અજીર્ણ, હદ ઉપરાંતના કામથી થતો કંટાળો, ચિંતા, અડચણો અને ઉદ્વેગથી થતી ગ્લાનિ-માંજ રહ્યા કરે છે.

મહાન જગતની લાલચોથી ઘણે દૂર, મહાન સદ્‌ગુરુ ક્રાઇસ્ટ સાધુઓના સંગમાં ભરાઈ રહેતો નહિ. તેણે ક્રોધ અને ઉદ્વેગયુક્ત ઇશ્વરી જ્ઞાન આપ્યું નથી. આનંદ અને ખુશમિજાજનો સંદેશો તેણે આપ્યો છે. તેના સિદ્ધાંતોમાં સૂર્યનો પ્રકાશ છે અને તેમાં ખેતરોનાં પુષ્પની સુગંધ છે. હવામાં ઊડતાં પક્ષી, ખેતરમાંનાં ઢોર અને કૂદતાં સુખી છોકરાં, તે સિદ્ધાંતોમાં છે. ખરી પવિત્રતા દિવસના જેવી ખુશખુશાલીવાળી હોય છે.

કુદરતના આખા, અશ્રાંત, શાંત પરિવર્તનમાં આનંદ એજ મુખ્ય ઝરો છે. સૃષ્ટિના મહાન ઘડિયાળમાં જે ચળકતાં ચક્રો ચાલે છે તેને ગતિમાં મૂકનાર એ આનંદજ છે.



૧૦—સારી રીતભાતમાં રહેલી સંપત્તિ

"કોઇ પણ છોકરાને સત્કારની રીત અને નિપુણતા શીખવો અને તે જ્યાં પણ જશે ત્યાં મહેલો ઉપર તથા દોલત ઉપર તેને પ્રભુતા મળશે. તેને તે કમાવાની અગર તેના માલિક હોવાની જરૂર રહેશે નહિ. ઊલટા લોકોજ તેને તેમાં દાખલ થવાની અને તેના માલિક થવાની માગણી કરશે." **—એમર્સન**

"હાથમાં ટોપી લઇને માણસ દુનિયામાં આગળ વધે છે."
—એક જર્મન કહેવત

"તારે જે કાંઇ મેળવવું હોય, તે તલવારથી નહિ પણ સ્મિતથી તું મેળવ." **—શેકસપિયર**

"સભ્યતા હવાથી ભરેલા તકિયા જેવી છે. દેખીતી નજરે તેમાં કાંઇ પણ જણાતું નથી; છતાં પણ આપણા આંચકાને અદ્‌ભુત રીતે તે નરમ લાગે છે." **—જ્યૉર્જ એલ. કેરી**

"સારૂં કુળ, જન્મ, એ સારી વાત છે; પણ સારી રીતભાત એ વધારે સારી વાત છે." **—એક સ્કોચ કહેવત**

"એક હજાર પૌંડ કઢંગી રીતે આપો, તેના કરતાં પડી ગયેલો પંખો ઉપાડીને સભ્યતાથી પાછો આપો તે વધારે સારૂં છે. કોઇ પણ ચીજ ન આપવી તે સારી, પણ કઢંગી રીતે આપવી એ ખરાબ છે. દરેક કામમાં સારી રીતભાત ઘણી મહત્ત્વની બાબત છે. માત્ર સારી રીતભાતથી પણ તમે અન્યને ખુશી કરી શકશો અને આગળ વધી શકશો. તમારા અમુક ભાષાનાં અભ્યાસથીજ સેક્રેટરીમાંથી એલચી અને એલચીમાંથી વડા એલચી તમે કાંઇ થઇ શકશો નહિ; પણ તમારી સભ્યતા, તમારો દેખાવ અને તમારી રીતભાત સારાં હશે, તોજ તમે તેવા થઈ શકશો." **—ચેસ્ટરફિલ્ડ**

"જીવનનો ત્રણચતુર્થાંશ ભાગ વર્તનમાં આવી રહેલો છે."
—મેથ્યુ આર્નોલ્ડ

"જે માણસમાં પાયા તરીકે સારો સ્વભાવ રહેલો નથી, તેના સંસ્કાર સારા હોઇજ શકે નહિ એમ મેં જાણ્યું છે." **—બુલ્વર**

"સાધારણમાં સાધારણ માણસ કે જેનામાં કાંઇ પણ સમજ અને લાગણી છે, તે સુંદર, નાજુક સ્ત્રી અને કર્કશામાં રહેલો ફેર જોઇ શકે છે. એકાદ કૂતરો પણ તેની સન્મુખ આ તફાવત સ્પષ્ટ જોઇ શકે છે."

—જ્યૉર્જ ઇલિયટ

પોતાનો એક સિપાઈ મિત્ર જેને તેની જગ્યા ઉપરથી ઉતારી પાડવામાં આવ્યો હતો, તે તે જગ્યાએ પાછો મુકાવાને ઇચ્છતો હતો, તેને વિષે લંડનના એક સાર્જન્ટ મેજરે ગુસ્સે થઈને પ્રશ્ન કર્યો કે, "શા માટે તે મેં નીચું રાખે છે? હવે તો તે ઑફિસર થયો છે, તો પછી કેવી રીતભાત રાખવી, તે તેણે જાણવું જ જોઇએ. જો તે પોતાના માણસો સામે હિંમતથી જોઇ શકે નહિ, તો તેના ઑફિસર થવાનો ઉપયોગ શો? જો તે સિપાઇ થવા માગતો હોય, તો તેણે પોતાની હડપચી ઊંચી રાખવી જોઇએ, પોતાની લાકડી જરા આમતેમ ફેરવવી જોઇએ અને મૂર્ખતાથી જે તેની આજુબાજુ આવે તેના માથા ઉપર તે જરા લગાડવી જોઇએ. આમ ન થઈ શકે, તો તેણે પછી પાદરી થવું." આ ઉપરથી જણાઈ આવે છે કે, ફતેહમંદ સિપાઇ થવા માટે પણ સારી રીતભાતની જરૂર છે. જિંદગીના દરેક પ્રદેશમાં દેખાવ અને રીતભાત ઉપરજ વગસગ અને આબરૂનો ઘણો આધાર રહે છે.

પશ્ચિમના મૃદુ, મીઠા પવનને પૂર્વ તરફના પવને પૂછ્યું કે, "મારી સત્તા તમને મળે, તો તે મેળવવાની તમને ઇચ્છા છે? જુઓ, જ્યારે હું નીકળું છું, ત્યારે કિનારા ઉપર જ્યાંત્યાં તોફાનનાં નિશાન ચડાવી તેઓ મારો સત્કાર કરે છે. તમે ઝાંખરાંને હલાવો તેટલામાં તો હું મોટાંમોટાં વહાણોના સઢ તોડી પાડું છું. મારી પાંખના એક ઝપાટે મેં લેબ્રેડોરથી કેપ હોર્ન સુધીનો કિનારો વહાણ તોડી પાડી તેનાં લાકડાંથી ભરી કાઢ્યો. એટ્લેન્ટિકને પણ હું ઉખેડી નાખું અને કેટલીક વાર મેં ઉખેડી નાખ્યો પણ છે. સઘળા માંદા માણસોને પણ હું ત્રાસ આપું છું અને છેક પોતાનાં હાડકાં તથા પાંસળાંમાં મને પેસી જતો અટકાવવાને, તાપવા માટે માણસો જંગલ કાપે છે અને પોતાની ભઠ્ઠીઓને ખોરાક પૂરો પાડવા માટે સઘળા ખંડોમાં ખાણોની શોધ કરે છે. મારા શ્વાસમાત્રથી પ્રજાઓ કબ્રસ્તાનમાં સંતાઇ જાય છે. તમને મારા જેવી સત્તા હોય, તો કેવું સારૂ? એવી ઇચ્છા તમને નથી થતી?"

પશ્ચિમ તરફના વાયુએ કાંઈ પણ જવાબ આપ્યો નહિ અને આકાશના લતામંડપમાંથી તે ચાલી નીકળ્યો. તેની સાથે-જ સઘળી નદીઓ અને તળાવો તથા સમુદ્રો, સઘળાં જંગલો અને ખેતરો, સઘળાં પશુ, પક્ષી અને માણસો તેના આવવાથી સ્મિત કરવા લાગ્યાં. બગીચાઓને પલ્લવ આવ્યાં, બાગ પાકૃયા, ઘઉંનાં રૂપેરી ખેતરો સોનાનાં બન્યાં, ઊનના જેવાં વાદળાં ઊંચા આકાશમાં ચાલવા માંડ્યાં, પક્ષીઓની પાંખો અને વહાણોના સઢ ધીરે ધીરે આગળ વધવા માંડ્યાં અને દરેક ઠેકાણે આરોગ્ય અને સુખ જણાવા લાગ્યાં. આ પલ્લવ અને પુષ્પ, ફળ અને પાક, ગરમી, પ્રકાશ, આનંદ, સૌંદર્ય તથા જીવન એ મગરૂર અને ક્રૂર પૂર્વ તરફના પવનના ઉદ્ધત પ્રશ્નનો સારામાં સારો ઉત્તર છે.

એવી વાત ચાલે છે કે, એક વાર યુરોપની એક રાણીએ કાંઇક આપખુદ અખત્યારીથી પોતાના પતિને કાંઇક વાત કરી. પુરુષમાં સ્વાભાવિક રીતે જે મરદાનગીભરી સ્વમાનવૃત્તિ હોય છે, તેવી પતિની સ્વમાનવૃત્તિને આથી ચચરાટ થવા લાગ્યો અને તે તરતજ પોતાના ઓરડામાં ભરાઇ બેઠો. અંદરથી સાંકળ વાસી; પણ પછી પાંચજ મિનિટમાં તો કોઇકે બારણું ઠોક્યું.

પ્રિન્સે પૂછ્યું: "તમે કોણ છો?"

"હું .....ની રાણી છું; માટે બારણાં ઉઘાડો." એવો મગરૂરીભર્યો જવાબ મળ્યો.

આનો અંદરથી કાંઇજ જવાબ મળ્યો નહિ. એ પછી કેટલાક સમય પછી જરા ધીમે ધીમે બારણા ઉપર હાથ અથડ્યો અને ધીરેથી નીચેના શબ્દો સંભળાયા:—

"હું × × × તમારી સ્ત્રી છું."

કહેવું જરૂરનું નથી કે બારણું ઊઘડ્યું અને તકરાર પતી ગઇ. એમ કહેવાય છે કે, સ્ત્રીમાં જેમ સૌંદર્ય છે, તેમ પુરુષને સભ્યતા છે અને તેની અસર તેના લાભમાં તરતજ થાય છે.

પોપે બહિષ્કાર કરેલો સાધુ બેઝલ મરણ પામ્યો અને નરકમાં તેને લાયક સ્થાન મળે, તે માટે એક દેવદૂત સાથે તેને મોકલવામાં આવ્યો; પણ તેના આનંદી સ્વભાવ અને વાતચીત કરવાની તેની મહાન શક્તિઓથી તે જ્યાં ગયો ત્યાં તેને મિત્રોજ મિત્રો મળ્યા. દુર્દશામાં પડેલા ફિરસ્તાઓએ પણ તેની રીત-

ભાતનું અનુકરણ કર્યું અને સારા સારા દેવદૂતો પણ તેને મળવા અને તેનો સમાગમ કરવાને એટલે દૂર સુધી પણ ગયા. પછી તેને છેલ્લામાં છેલ્લા નરકમાં નાખવામાં આવ્યો; પણ તેનું પરિણામ પણ તેજ આવ્યું. તેની સ્વાભાવિક સભ્યતા અને હૃદયના માયાળુપણા આગળ કાંઇ પણ ટકી શકે એમ નહોતું અને નરકને પણ તે સ્વર્ગ જેવું બનાવતો હોય એમ જણાયું. આખરે તે દેવદૂત તે સાધુની સાથે પાછો ફર્યો અને કહેવા લાગ્યો કે, "તેને સજા કરવા જેવી કોઇ પણ જાગ્યા માલૂમ પડતી નથી; કેમકે તે તો તેનો તેજ બેઝલ રહેલો હતો." આથી તેની સજા પાછી ખેંચી લેવામાં આવી, તેને સ્વર્ગમાં મોકલવામાં આવ્યો અને તેને સાધુની પંક્તિમાં દાખલ કરવામાં આવ્યો.

લૉર્ડ પિટરબરો કહેતો કે, "બિશન ફેનેલોન ઘણો મીઠો માણસ છે, તેથી રખેને તે મને ક્રિશ્ચિયન બનાવે એવા ભયથી મારે તેનાથી નાસવું પડ્યું."

ડ્યુક ઑફ માર્લબરો ખરાબ 'ઇંગ્લિશ' લખતો અને જોડણી તો તેનાથી પણ ખરાબ કરતો; છતાં પણ સામ્રાજ્યોના ભાવી ઉપર તે હકુમત ચલાવતો, કેમકે તેની રીતભાતનો મોહ અનિવાર્ય હતો અને તેની આખા યુરોપ ઉપર અસર હતી. તેના મોહક સ્મિતથી અને આકર્ષક વાણીથી ઝનૂનીમાં ઝનૂની તિરસ્કાર પણ દૂર થઇ જતો અને કટ્ટામાં કટ્ટા દુશ્મનનો પણ તે મિત્ર થઈ જતો.

પોતાનો કટ્ટો દુશ્મન એટ્ટેરોન બર જેને પોતે આગેવાન રાજદ્રોહી ગણતો હતો, તેનું કામ ચાલતું હતું તે જોવાને એક સદ્‌ગૃહસ્થ પોતાની દસ વર્ષની દીકરીને સાથે લઈ રિચમંડ ગયો; પણ બરની સારી રીતભાતથી તે છોકરી એટલી બધી મુગ્ધ બની કે, તે બરના મિત્રો સાથે બેઠી. તેનો બાપ તેને કચેરીમાંથી લઇ ગયો, ઘરમાં તેને પૂરી મૂકી; પણ આરોપીની સારી રીતભાતની તેના ઉપર એટલી બધી અસર થઈ હતી કે, તે નિર્દોષ છે એમ તે ધારતી અને તે છૂટે તે માટે પ્રાર્થના કરવા લાગી. ૫૦ વર્ષ પછી તે કહેતી કે, "આજના દિવસ સુધી, તેના અદ્‌ભુત વર્તનના જાદૂની અસર મને જણાય છે."

મડમ રિકેમિયે એટલી બધી ખૂબસૂરત હતી, તેનામાં એવા મોહક ગુણ હતા કે પારિસના સેંટ રોસના દેવળમાં જ્યારે તે

સખાવતની પેટી ફેરવતી, ત્યારે ૨૦,૦૦૦ ફ્રેંક તેમાં ભરાતા. ઇટાલીથી પાછા ફરતાં નેપોલિયનને સત્કાર મળ્યો, તે વખતે લોકોએ આ મોહક સ્ત્રીને જોઇ અને તેથી તેઓ આ મહાન વીરને જોવાનું લગભગ વીસરીજ ગયા!

આણા વખતે એક નોકરે મડમ ડી મેન્ટેનાંને કહ્યું કે, "બાઇ સાહેબ! મહેરબાની કરી એક વાત વધારે કહો; કારણ-કે આજે સુંદર વાની નથી." તેની રીતભાત અને વાણી એટલાં મોહક હતાં કે, તેના મહેમાનો જિંદગીનાં અનેક દુઃખ ભૂલી જતા.

સેંટ બવના કહેવા પ્રમાણે કોપેનું અધિકારીમંડળ સહેલ-ગાહે જઇ આવી કેમ્બેરીથી બે ગાડીમાં આવ્યું. પહેલી ગાડીમાં આવનારને ઘણો કડવો અનુભવ મળ્યો હતો; ભયંકર ગર્જના-યુક્ત વરસાદનું તોફાન, ત્રાસજનક રસ્તા અને આખી મંડળીને ભય તથા ઉદ્વેગ. બીજી ગાડીનાં માણસોને આ વાત સાંભળીને આશ્ચર્ય થયું. તોફાન, ઢોળાવ, કાદવ, ભય એ વિષે તેમને ખબર પણ પડી નહોતી. તેઓ તો દુનિયાને પણ ભૂલી ગયા હતા અને ચોખ્ખી હવા ખાતા હતા. મડમ ડી સ્ટેલ, મડમ રેકેમિયે, બેન્જામિન કોન્સ્ટન્ટ અને સ્કલેગલની કેવી મજાની વાતો! વાત-નો એટલો બધો નશો ચઢ્યો હતો કે, ખરાબ ઋતુ કે ખરાબ રસ્તાની તેમને ખબરજ પડી નહોતી. મડમ ટેસ કહેતી કે, "હું જો રાણી હોઉં, તો મડમ ડી સ્ટેલને મારી સાથે વાત કરવાને હમેશાં હું ફરમાવું."

લૉંગફેલોએ જેમ બેથેન્જલાઇન વિષે લખ્યું છે કે, "તે જ્યારે મરણ પામી, ત્યારે કોઇ ઉત્કૃષ્ટ સંગીત બંધ પડ્યું હોય એમ લાગ્યું" તેવુંજ આના સંબંધમાં હતું.

વિટિયર લખે છે કે, "તેને લીધે આપણાં ગૃહોમાં આનંદ છે, આપણાં આંગણાં પ્રકાશે છે અને તેના આવવાથી સાંસારિક વાતાવરણ સુગંધમય બને છે."

મડમ ડી નેકરે કહ્યું છે કે, **"પુરુષના હૃદયમાં વીરતા ઉત્પન્ન કરવા માટે સ્ત્રીમાં સભ્યતાના બરેબરા સંસ્કાર પડવાજ જોઇએ."**

હેઝલિટે કહ્યું છે કે, "ખુશ કરવાની કળા ખુશ થવામાં રહેલી છે. સુશીલ અને પ્રીતિપાત્ર થવા માટે માણસે પોતે પોતા-

થી તેમ અન્યથી સંતુષ્ટ રહેવું જોઇએ.”

આર્થર એમ. કાવાના એમ. પી. જેને હાથપગ નહોતા; તેને ત્યાંનો એકેક અઠવાડિયાનો એક મહેમાન, કાવાના શી રીતે ખાતો તે જાણવાને ઘણો આતુર હતો; પણ કાવાનાની વાતચીત અને રીતભાત એટલાં મોહક હતાં કે, તે મહેમાન પોતાની ઉમેદ તૃપ્ત કરવાનું ભૂલી ગયો.

ડિકન્સને સારી રીતે ઓળખનાર એક જણ કહે છે કે, “જ્યારે ડિકન્સ કોઇ ઓરડામાં દાખલ થતો, ત્યારે તે ઓરડામાં દેવતાનો જાણે એકદમ ભભૂકો થતો જેથી દરેકને ગરમી મળતી.”

એમ કહેવામાં આવે છે કે, “ગેટે જ્યારે કોઇ વિશ્રાંતિગૃહમાં દાખલ થતો, ત્યારે લોકો તેને જોઇ રહેવામાં અને તેનાં વખાણ કરવામાં પોતાના છરીકાંટા પણ મૂકી દેતા.”

ડેમોસ્થિનિસના સુપ્રસિદ્ધ વકતૃત્વનો અહેવાલ સાંભળીને ફિલિપ ઑફ મેસિડોને કહ્યું હતું કે, “હું પોતે ત્યાં હોત, તો મારી પોતાની સામેજ હથિયાર ઊંચકવાની મને લાગણી થાત.”

વેન્ડેલ ફિલિપ્સના તાલબંધ ચડઊતરવાળા વકતૃત્વથી લોકસમૂહ છૂટી શકતો નહિ. તેને અને તેના પક્ષને લોકો ધિક્કારવા છતાં કલાકોના કલાકો સુધી જાણે જાદૂ લાગ્યું હોય, તેમ તેઓ તેને સાંભળતા. જેનું અનુકરણ ન થઇ શકે તેવી તેની રીતભાતથી અને વર્ણન ન થઇ શકે તેવી તેની મોહકશક્તિથી તેમનું ધ્યાન એકાગ્ર થતું અને તેના આંજી નાખે તેવા વકતૃત્વ આગળ કોઇ પણ રીતે ટકી શકાય એમ નહોતું.

હેન્રી ક્લેની રીતભાત એટલી સુંદર અને અસરકારક હતી કે, પેન્સિલવાનિયાના એક દુકાનદારે, જે ગાડીમાં તે મુસાફરી કરતો હતો, તેમાંથી ઊતરી, પોતાની તેમ પોતાની સ્ત્રી આગળ ભાષણ કરવા તેને વિનતિ કરી.

મહાન એડવોકેટ કોએટ આગળ એક પછી એક પાંચ વાર ચુકાદો આપનાર જ્યુરીનો એક ભોળો સભાસદ કહેતો કે, “કોએટની લાંબી લાંબી વાતને હું મહત્ત્વ આપતો નથી; પણ હું તેને એક નસીબવાન વકીલ ગણું છું; કારણકે તે પાંચે કેસમાં તે સાચની તરફજ હતો. તેની રીતભાત અને તેનો તર્ક ઢુનિંવાર્ય હતાં.”

યુરોપમાં પાંચ વર્ષ અભ્યાસ કર્યા પછી એડવર્ડ એવરેટને જ્યારે પ્રોફેસરની જગ્યા મળી, ત્યારે વિદ્યાર્થીઓ લગભગ તેને પૂજતા. વીરલ સંસ્કૃતિવાળી સ્ત્રીઓ સિવાય, બીજે કોઇ પણ સ્થળે માલૂમ નહિ પડતા ઉત્કૃષ્ટ સૌંદર્યની છાંટ તેની રીતભાતને લાગી હોય એમ જણાતું. તેની આજુબાજુના જાદુઈ વાતાવરણમાં તેની પ્રિયતા જામી રહી હતી. તેની દરેક જણને અસર થતી, પણ તેનું કોઇ વર્ણન કરી શકતું નહિ. આ વાતાવરણ હમેશાં તેની આજુબાજુ રહેતું.

સ્ટીવન એ. ડોગ્લસને સેનેટમાં ગાળો પડ્યા પછી તે ઊભો થયો અને બોલ્યો કે, "જે વાત કોઇ સદ્‌ગૃહસ્થે કહેવી ન જોઇએ, તે વાતનો કોઇ સદ્‌ગૃહસ્થે જવાબ પણ વાળવો ન જોઇએ."

ફિલાડેલ્ફિયા જતી ટ્રેનના એક ડબામાં ન્યુયોર્ક જતી એક બાઇએ જગ્યા લીધી; એવામાં તેની આગળ બેઠેલા એક જરાક પુષ્ટ માણસે સિગાર સળગાવી. આથી તેને ઉધરસ આવવા માંડી અને તે બેચેનીથી હાલવા માંડી. આ સૂચનાની પેલા ઉપર કાંઈ પણ અસર થઈ નહિ, તેથી તેણે મરડાટમાં કહ્યું: "તમે વિદેશી લાગો છો અને ટ્રેનની સાથે બીડી પીવાનો જુદો ડબ્બો છે, તે તમે જાણતા નહિ હો. બીડી પીવાની અહીં મનાઇ છે." તે માણસે એનો કાંઇ પણ જવાબ આપ્યો નહિ; પણ બારીમાંથી પોતાની સિગાર ફેંકી દીધી. થોડી વારે જ્યારે ગાર્ડે તેને કહ્યું કે, તે જનરલ ગ્રેન્ટના બાનગી ડબામાં દાખલ થઇ હતી, ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે ગભરાઇને નીકળી ગઇ; પણ જે સુંદર સભ્યતાથી ગ્રેન્ટે પોતાની સિગાર ફેંકી દીધી, તેજ સભ્યતા તેણે ફરી બતાવી. તે દરવાજા સુધી પહોંચી, ત્યાંસુધી આ મૂંગી, સ્થિર આકૃતિ તરફ તે ભય સાથે જોઇ રહી હતી;છતાં તેને દૃષ્ટિ વડે પણ કાંઈ પૂછવાનું હતું તેમ તેણે તેને જણાવ્યું નહિ. તેને તેનો ખેદ થવા દીધો નહિ, પણ તેને તેથી આનંદ થયો હતો, તે પણ તેણે જણાવા દીધું નહિ.

"થાઉઝંડ આઇલેન્ડઝ"ની પ્રેસિડન્ટ આર્થરની માછલાં પકડવાની સહેલગાહના અહેવાલનો તાર જુલિયન રાલ્ફે મૂક્યા પછી તે સવારના બે વાગ્યે તેની હોટેલે આવ્યો, ત્યારે સઘળાં બારણાં બંધ થઈ ગયાં હતાં. બે મિત્રો જે તેની સાથે હતા, તેઓ સહિત તેણે ચાકરોને જગાડવા માટે બાજુનાં બારણાં ઠોકયાં;

પણ યુનાઈટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટ મિ૦ આર્થરેજ જ્યારે બારણાં ઉઘાડયાં ત્યારે તેના ખેદનો પાર રહ્યો નહિ.

રાલ્ફે જ્યારે તેની માફી માગી, ત્યારે મિ૦ આર્થરે કહ્યું કે, "જે થયું છે તે બરાબર થયું છે. જો હું ન આવ્યો હોત, તો સવાર સુધી પણ તમે અંદર આવી શકત નહિ; કેમકે મારા સિવાય કોઇ જાગતું નથી. હું મારા કાળા નોકરને મોકલત; પણ તે પણ ઊંઘતો હતો અને તેને જગાડવો એ મને ઠીક લાગ્યું નહિ."

પ્રિન્સ ઑફ વેલ્સ જેઓ યુરોપના પ્રથમ પંક્તિના ગૃહસ્થ ગણાતા, તેઓએ એક નામીચા માણસને પોતાની સાથે જમવા બોલાવ્યા. જ્યારે સૌને કૉફી આપવામાં આવી, ત્યારે મહેમાનને રકાબીથી કૉફી પીતા જોઇ સૌને ગભરાટ છૂટ્યો. બાણાના ટેબલ ઉપર ઉઘાડે છોગે હાહા હીહી થઇ રહી. પ્રિન્સે પોતાની આંખો ઊંચી કરી અને આ મશ્કરી સમયને યોગ્ય નહિ છતાં આનંદનું કારણ તરત સમજી જઈ તેણે પોતાનો પ્યાલો પણ રકાબીમાં હાલવ્યો અને મહેમાનની પેઠેજ તે પીવા લાગ્યો. રાજકુટુંબનાં બીજાં માણસ મૂંગાં થઇ ગયાં, શરમાઇ ગયાં અને પોતાને ઠપકો મળ્યો જાણી પોતે પણ તેમ કરવા મંડ્યાં.

કાર્લાઇલ જે સ્કૉચ ગામડિયો હતો, તેને ઉમરાવપદ આપવાનું હોવાથી મહારાણી વિક્ટોરિયાએ તેને બોલાવ્યો. કાર્લાઇલને એમ હતું કે, તે પોતાના હક્કની રૂઇએજ ઉમરાવ હતો; એટલે તેણે તે લેવા ના પાડી. કોર્ટની રીતભાત તે એટલી થોડી સમજતો હતો કે, જ્યારે તેને મહારાણી આગળ લાવવામાં આવ્યો ત્યારે તેણે થોડી વાત તેની સાથે કરી અને પછી તે થાકવાથી બોલ્યો કે, "હવે આપણે જરા બેસીને વાત કરીએ." આથી દરબારીઓ તો જાણે મૂર્ચ્છામાં આવી ગયા હોય એમ જણાયું; પણ રાણીએ મોટાઈ છોડી નહિ અને એવો ઇશારો કર્યો કે, તેથી બધાં દરબારી પૂતળાં એકજ ક્ષણમાં બેસી ગયાં.

શિષ્ટાચારના નિયમો રાણીએ સભ્યતાથી બંધ કર્યા અને તેથી તેને કેટલી લાગણી થઈ હતી, તે કાર્લાઇલને જ્યારે તેનો એક ઓળખીતો પહેલીજ વાર મળ્યો, ત્યારે તેણે કાર્લાઇલ વિષે જે કાંઇ કહ્યું તે ઉપરથી સારી રીતે સમજાય છે. "કોઇ કારણ ન સમજાય તેવી તેની રીતથી તેની હાજરી કંટાળો આપતી

હતી. એક વીરલ મનુષ્યને હું મળીશ એમ હું ધારતો હતો, તેને બદલે મેં જાણે કોઇ ખાટો પદાર્થ ખાધો હોય અગર તો જાણે સમુદ્રની બિમારીથી મને ઊલટી આવતી હોય, એવી રીતે હું તેને છોડી જતો હતો.

કેટલાક માણસ જાણે કે રાજસત્તા ચલાવતા હોય અને બીજાઓ ખુશીથી તેમનું આજ્ઞાપાલન કરતા હોય, એમ જણાય છે. આ જાદૂઇ સત્તા તેઓ ક્યાંથી મેળવે છે ? મેસ્મેરિઝમને મળતી આ સત્તા કે જે મેળવવાને આપણે ગમે તે અર્થ કરી નાખીએ, તેનું રહસ્ય શું છે ?

સભ્યતા કાંઇ ઊંચી જગ્યાઓમાં અને ઉચ્ચ પદમાંજ હોય છે, એવું કાંઇજ નથી. રાજદરબારમાં પણ બરાબ રીતભાતના દાખલા માલૂમ પડે છે.

પ્રિન્સ અને પ્રિન્સેસ ઑફ વેલ્સે એક વખત મિજબાની રાખી હતી. આમાં સમાજના ખાસ સભ્યોનેજ દાખલ કરવામાં આવ્યા હતા. પ્રિન્સેસ જે થોડા વખતથીજ પરણીને આવી હતી, તેને આ મિજબાનીમાં જોવા માટે એટલી ધક્કાધક્કી ચાલી, એટલી કોશિશો થઈ કે તે દીવાનખાનામાંથી પસાર થઈ, તે વખતે પ્રિન્સેસ રૉયલનું એક બસ્ટ તેની બેઠકથી નીચે પડી ગયું અને તેને નુકસાન થયું. બસ્ટની બેઠક પણ ઊંધી પડી ગઇ ! પ્રિન્સેસને જોવાની આતુરતામાં સ્ત્રીઓ તેની ઉપરજ ઊભી રહી !

જ્યારે રશિયાની કૅથેરાઇન રાણી તેના ઉમરાવોને મિજબાની આપતી, ત્યારે તેમનાં કાર્ડ ઉપર સભ્યતાના નીચેના નિયમ તે મૂકતીઃ "મિજબાની પૂરી થાય તે પહેલાં મહેમાનોએ નશો કરવો નહિ. મંડળીમાં ઉમરાવોએ પોતાની સ્ત્રીઓને મારવી નહિ. દરબારની સ્ત્રીઓએ પીવાના પ્યાલામાં પોતાનાં મોં ધોવાં નહિ અગર મેજ પર પાથરેલા રુમાલથી પોતાનાં મોં લોવાં નહિ કે કાંટાથી દાંત ખોતરવા નહિ." પણ આજે રીતભાતમાં અને શિષ્ટાચારમાં રશિયાના ઉમરાવો કરતાં કોઇ ચઢિયાતા નથી.

એક કોથળીની અંદર શું છે, તે બતાવવાને તેને જે ચિઠ્ઠી લગાડવામાં આવતી તે ચિઠ્ઠી એ એટિકેટનો મૂળ અર્થ થતો હતો; કેમકે જે કોઇ કોથળીને આ ટિકિટ લગાડવામાં આવતી,

તેને પછી તપાસવામાં આવતી નહિ. આ શબ્દનો પાછળથી, મહેમાનોએ પાળવાના કેટલાક ચોક્કસ નિયમ કે જે કાર્ડ પર છાપવામાં આવતા હતા, તે અર્થ થયો અને તેથી કરીને આ નિયમોને લોકો ટિકેટ અગર એટિકેટ કહેતા અને પછી સારા લોકોમાં કાર્ડ પ્રમાણે ચાલવું અગર બોલવું એ ખાસ નિયમ થઇ પડ્યો હતો.

ઇટલીના લશ્કરનો મુખ્ય સેનાપતિ નેપોલિયન થયો, તે પહેલાં તે જોસેફાઇનને પરણ્યો હતો, તે તેનું સદ્‌ભાગ્ય હતું. તેનું હિત આગળ વધારનાર તેના અનુયાયીઓ ઊભા કરવામાં ફ્રાન્સના એક ડઝન માણસની વફાદારી કામમાં આવે, તેના કરતાં જોસેફાઇનની આકર્ષક રીતભાત અને લોકોને સમજાવવાની તેની અદ્‌ભુત શક્તિઓ વધારે અસકારક નીવડતી; કેમકે રણક્ષેત્રમાં નેપોલિયન જેમ એક વિશિષ્ટ અગ્રેસર હતો, તેમ દરબારના દીવાનખાનામાં જોસેફાઇન અગ્રેસર હતી.

તેના વ્યક્તિત્વની છાપનું રહસ્ય કે જેથી તે ફ્રેન્ચમેનોના હૃદય ઉપર રાજ્ય કરનારી રાણી થઈ પડી, એટલુંજ નહિ પણ જેથી તે તેના પતિએ જીતેલા મુલકોની પ્રજાના હૃદય પર હકુમત ચલાવનારી રાણી થઇ પડી, તે તેણે પોતેજ ઘણી સરસ રીતે કહ્યું છે. નિકટના એક મિત્રને તેણે એક પ્રસંગે કહ્યું હતું કે, "એકજ એવો પ્રસંગ છે કે જેમાં હું સ્વેચ્છાથી, 'મારી ઇચ્છા છે' એવા શબ્દ વાપરીશ. મારી આજુબાજુ સઘળાં સુખી થાય એવી મારી ઇચ્છા છે એવું કહેવું હશે, ત્યારેજ હું તે શબ્દો વાપરીશ."

"તે માર્ગે થઇ—પાસે થઇ—જતી, ત્યારે આનંદજનક પ્રભાત હોય એમ લાગતું."

"આખા દિવસ ઉપર પ્રભાતનો મહિમા તે પાથરતી."

કુદરતની સઘળી બાબીઓની બોટ સુંદર રીતભાત ઘણીજ સારી રીતે પૂરી પાડે છે. વધારેમાં વધારે આકર્ષક અને મોહક મનુષ્ય સૌથી સરસ શારીરિક સુંદરતાવાળું નહિ, પણ સૌથી વધારે આકર્ષક રીતભાતવાળું હોય છે. સૌંદર્ય એ દેવની ખાસ કૃપાની નિશાની છે, એમ ગ્રીક લોકો ધારતા અને જે સૌંદર્યને કઠોરતા અને મગરૂરીના આવિર્ભાવનું કલંક ન લાગ્યું હોય, તેજ

સૌંદર્યને અલંકારને લાયક અને પસાર કરવાને લાયક તેઓ ગણતા. તેઓની ભાવના પ્રમાણે અંદરના મોહક ગુણો જેવા કે આનંદીપણું, દયાળુપણું, સંતોષ, સ્વભાવત અને પ્રેમ, એનું પ્રદર્શન એનુંજ નામ સૌંદર્ય હતું.

મિરાબો ફ્રાન્સમાં સર્વથી સુશીલ સજ્જનમાંનો એક હતો. એમ કહેવાતું કે, "શીતળાના ડાઘાવાળા વાઘના જેવું તેનું મોં હતું, પણ તેની રીતભાતનો મોહ અનિવાર્ય હતો."

મડમ ડી સ્ટેલ ખૂબસૂરત નહોતી, પણ તેનામાં જેનું વર્ણન ન થઇ શકે એવું કાંઇક હતું, કે જેના આગળ માત્ર શારીરિક સૌંદર્ય દબાઇ જઇ સાધારણ જણાતું અને શરમાઇ જતું. માણસોના મન ઉપરનો તેનો કાબૂ અદ્‌ભુત હતો. તેઓ તેની મરજી પ્રમાણે ચાલનારાં પૂતળાં જેવા હતા અને તે જાણે સર્વ-શક્તિમાન હોય, તેમ અન્ય જીવનને સ્વરૂપ આપતી. લોકો ઉપ-રની તેની સત્તાથી શહેનશાહ નેપોલિયન એટલું બીતો કે, તેણે તેનાં લખાણોનો નાશ કર્યો અને તેને ફ્રાન્સમાંથી દેશનિકાલ કરી.

કલાની માફક જીવન અને ચારિત્ર્યની સુંદરતાને પણ કોઇ અણીદાર ખૂણા હોતા નથી. વર્તુલમાં વર્તુલ એટલી મૃદુતાથી મળે છે કે, તેની લીટીઓ ચાલુ ને ચાલુજ જણાય છે. અનેક આત્માઓ જે લગભગ સુંદર હોય છે, છતાં પણ સુંદર નથી જણાતા, તેનું કારણ આ બારીક ખૂણા હોય છે. સારૂં કથન પણ કાંઇક એકદમ અસભ્ય, કવળતનું અગર જગ્યાને અનુસરતું નહિ તેવું હોય છે; ત્યારે તે સારાની કિંમતમાં પણ કાંઇક ઘટાડો થાય છે. **માયાભરી સભ્યતા અને સારી રીતભાતથી ઘણાં પુરુષ અને સ્ત્રીઓ પોતાની સત્તા અને ફતેહમાં એવડો વધારો કરી શકે છે.**

દંતકથા ઉપરથી માલૂમ પડે છે કે, આખા ગ્રીસને મોહ પમાડનાર અદ્‌ભુત સૌંદર્યદેવીનું ચિત્ર એપેલિસે ચીતર્યું તે પહેલાં, સઘળી સ્ત્રીઓમાં જે સારામાં સારૂં હોય તેનું મિશ્રણ પોતાના અનુપમ ચિત્રમાં આવી શકે, તેટલા માટે તે વર્ષોનાં વર્ષો સુધી સુંદર સ્ત્રીઓને જોવા નીકળ્યો હતો. આ રીતે પોતે જે કોઇ શિષ્ટ જનોને મળે, તેમનામાં જે કાંઇ સુંદરમાં સુંદર અને અનુકરણ કરવા લાયક હોય, તે સઘળાનો સારી રીતભાત-

વાળા માણસો અભ્યાસ કરે છે, અવલોકન કરે છે અને તેનો સ્વીકાર કરે છે.

કસ્તૂરીનો માત્ર એકજ દાણો પોતાની ખરી કિંમતનો એક અંશ પણ ખોવાયો હોય એમ જણાવ્યા વિના વર્ષોનાં વર્ષો સુધી એક ઓરડાને સુગંધ આપે છે. આજ રીતે આપણી આજુ-બાજુ સર્વને જણાઇ આવે તેવી અને સારૂં અગર ખોટું કરવાની શક્તિવાળી રીતભાતની અસર આપણે ફેલાવતા રહીએ છીએ.

એક ચાલાક અવલોકનકારે કહ્યું છે કે, " કૂતરાને પણ વિના આદરે એક હાડકું નાખશો, તો તેને તે પોતાના મોંમાં લઇ પૂછડી હલાવ્યા વગરજ દોડશે; પણ જો તે કૂતરાને તમે બોલાવશો, તેને માથે હાથ ફેરવશો અને તમારા હાથમાંથી તેને પોતાની મેળે તે હાડકું લેવા દેશો, તો તેની પૂંછડી જરૂર આ-ભારથી હાલશે. આ પ્રમાણે સારાં કામની અને સારૂં કામ કર-વાની સરસ રીતની કૂતરો પણ પિછાન કરે છે; માટે જેઓ પોતાનાં સારાં કામ માત્ર તોછડાઇથીજ બીજા તરફ ફેંકે છે, તેમણે તેનો આભારયુક્ત સ્મિત સાથે સ્વીકાર થાય એવી આશા રાખવી નહિ. "

એડિનબરોવાળા ડૉ૦ ગથરીએ કહ્યું છે કે, " રોમમાં કોઇને તમે રસ્તો બતાવવાનું કહેશો, તો તે તમને હમેશાં સભ્યતા-થીજ ઉત્તર આપશે. સ્કોટલેંડમાં તેવો પ્રશ્ન તમે પૂછશો, તો તમને જવાબ મળશે કે, 'નાકની દાંડીએ ચાલ્યા જાઓ એટલે અમુક મકાન પર તમે જઈ શકશો.' આમાં વાંક ઉચ્ચ વર્ગનો છે. આ પ્રદેશમાં નીચેના વર્ગના લોકો સભ્ય નથી; તેનું કારણ એ છે કે, ઉચ્ચ વર્ગનાજ લોકો સભ્ય નથી. પેરિસમાં હું પહેલી વાર ગયો, ત્યારે મને કેવું આશ્ચર્ય થયું હતું, તે હું જાણું છું. પહેલી રાત્રી મેં એક નાણાવટી સાથે ગાળી. આ નાણા-વટી મને એક વીશીમાં લઇ ગયો. જ્યારે અમે વીશીએ જઇ પહોંચ્યા, ત્યારે એક નોકર-છોકરી દરવાજા આગળ આવી. તે નાણાવટીએ પોતાની ટોપી ઉતારીને છોકરીને નમન કર્યું અને તે ઉચ્ચ વર્ગની સ્ત્રી હોય, એમ સંબોધીને એવા ઉપનામથી તેને બોલાવી. ત્યાંના નીચ વર્ગના લોકો પણ સભ્ય હોય છે, તેનું કારણ એજ છે કે, ત્યાંના ઉચ્ચ વર્ગના લોકો પણ આ પ્રમાણે તેમના તરફ સભ્યતાથી વર્તે છે."

ઉત્તમ શિષ્ટાચાર એ એક ખાસ દોલત છે. સારી રીતભાતવાળાને પૈસા વગર ચાલે છે; કારણકે તેઓને જ્યાં ત્યાં જવાનો પાસ મળે છે, સઘળાં બારણાં તેમને માટે ઊઘડી જાય છે અને તેઓ પૈસા અને કિંમત આપ્યા વગર તેમાં દાખલ થાય છે. કોઈ પણ ચીજ ખરીદવા અગર તેના માલિક હોવા સિવાય, પણ તે લગભગ દરેક ચીજ ભોગવે છે. જેમ સૂર્યના પ્રકાશનો સત્કાર થાય છે, તેમ દરેક ઘરમાં તેનો સત્કાર થાય છે અને શા માટે ન થાય? કારણકે તેઓ પ્રકાશ, તડકો અને આનંદને પોતાની સાથે લઈને ફરે છે. તેઓ ઈર્ષ્યા અને અદેખાઈને નબળાં પાડી દે છે; કારણકે તેઓ પોતે સર્વ પ્રત્યે શુભેચ્છા રાખે છે. જેને મધ લગાડેલું હોય છે, તેવા માણસને મધમાખ પણ ડંખતી નથી.

બીજાની શત્રુતા થાય એવા ગુણને જેવા કે વૈર, તિરસ્કાર, ઈર્ષ્યા વગેરેને ખરા સદ્‌ગૃહસ્થ આશ્રય આપતા નથી; કારણકે એથી કરીને આધ્યાત્મિક જીવનનાં સાધન વિષમય થાય છે અને આત્માનો નવપલ્લવ ચીમળાઈ-કરમાઈ જાય છે. સારી રીતભાતવાળા માણસને હૃદયની ઉદારતા અને સર્વ પ્રત્યે આનંદયુક્ત શુભેચ્છાના સદ્‌ગુણની ખાસ જરૂર રહે છે. જુઓ, અમુક આડો, ચીડિયો, કઠોર, ઉદ્વેગી, મૂંગો, ગુસ્સાબાજ, ડંસીલો અને પોતાના કુટુંબ અને નોકરો સાથે હલકું વર્તન કરનાર માણસ, કાંઈ જરૂરના પોશાક માટે જોઈતા પૈસા પોતાની સ્ત્રીને આપવાને ના પાડે છે અને લખપતિને પણ ખરાબ કરે એવા ઉડાઉપણાનો તેના ઉપર આરોપ મૂકે છે; પણ પછી એકદમ તેનું બારણું ઠોકાય છે અને કેટલાક પાડોશીઓ તેના ઘરમાં આવે છે, એટલે કેવો ફેરફાર થઈ જાય છે! એક ક્ષણ પહેલાં જે ભૂત જેવો હતો, તે હવે એક ઘેટા જેવો થઈ જાય છે અને જાદૂની માફક તેનામાં વાતચીતનો ઉત્સાહ આવે છે. તે હવે સભ્ય અને ઉદાર બની જાય છે; પણ તે પાડોશીઓના ગયા પછી તેની નાની છોકરી તેને તેની તેજ રીતભાત રાખવાનું, થોડી વારજ રાખવાનું કહે છે; પણ પાછો તેનો તેજ ગુસ્સાબાજ અને ચીડિયો સ્વભાવ બીજી વાર દર્શન દે છે અને તેની સભ્યતા જેવી આવી હતી, તેવીજ અદૃશ્ય થાય છે. તે તો પાછો પહેલાંના જેવોજ અણગમતો તિરસ્કારને યોગ્ય અને કડવો ઝેર જેવો બની રહે છે.

મહાન ડૉ. જોન્સનને એસ્કીમોની માફક આતો અને બીજા લોકો તેની સાથે સંમત ન થાય, તે માટે તેમને જૂઠા કહેતો સાંભળીને તેના કયા મિત્રને દુઃખ અને ઉદ્વેગ થયાં નહોતાં? તેને "મોટા રીંછ" એટલે જંગલીનું ઉપનામ મળ્યું હતું. બોન્જામિન રશે કહ્યું છે કે, "લંડનની એક મિજબાનીમાં અમેરિકાના ઇંડિયન્સ વિષે ગોલ્ડસ્મિથે ડૉ૦ જોન્સનને પ્રશ્ન પૂછ્યો, ત્યાર તે બોલી ઊઠ્યો કે, 'આવો પ્રશ્ન પૂછે એવો નોર્થ અમેરિકામાં કોઇ ઇંડિયન નથી.' ગોલ્ડસ્મિથે જવાબ આપ્યો કે, 'કોઈ સદ્ગૃહસ્થની સાથે આવી વાત કરનાર આટલો બધો જંગલી પણ બીજો કોઈ છેજ નહિ.'"

એમર્સને બરોબર કહ્યું છે કે, "સભ્યતાને માટે હમેશાં પૂરતો ભય હોય છે. તેને માટે જિંદગી કાંઇ ટૂંકી નથી. આપણે આપણા નોકરો અને કુટુંબનાં માણસો તરફ જે વર્તન રાખીએ છીએ, તેમાંજ આપણી રીતભાતની કસોટી રહેલી છે. રોથસ-ચાઇલ્ડ, લોરેન્સ બ્રૂકસ અને બીજાં બધા કરોડપતિઓ પોતાનાં ગ્રાહકોની માફકજ પોતાના નોકરો તરફ વર્તતા. બે હજાર વર્ષ પૂર્વે ઍરિસ્ટોટલે ખરા સદ્ગૃહસ્થ કેવા હોય એ વિષે કહ્યું છે કેઃ—

"સારી તેમજ ખરાબ દશામાં ઉદારાત્મા પરિમિતપણેજ વર્તશે. તે પોતે છકી જશે નહિ, તેમ હલકો પણ પડી જશે નહિ. ફતેહથી તે આનંદમાં આવી જશે નહિ, તેમ નિષ્ફળતાથી તે ઉદ્વેગ પામશે નહિ. જોખમને તે પસંદ પણ કરશે નહિ, તેમ બોળશે પણ નહિ. તેને પોતાની કે બીજાની વાત કરવાની ટેવ નથી. તેની પોતાની પ્રશંસા થાય અગર બીજાની નિંદા થાય, તેની તે દરકાર રાખતો નથી."

એક સજ્જન તે સજ્જનજ હોય છે. તેમાં કાંઇ પણ ઓછું-વધતું હોતું નથી. બહુ તો પહેલાં જે હીરો અડબચડો હતો, તે હાલ પાસા પાડેલો હીરો હોય છે. એક સદ્ગૃહસ્થ નમ્ર, વિનીત, સભ્ય અને એકદમ બીજાને ખોટું ન લગાડે તેવો હોય છે; અનિષ્ટનું અનુમાન કરવામાં તે ધીરો હોય છે; કારણકે તે તે વિષે વિચારજ લાવતો નથી. તે પોતાની રુચિઓને અંકુશમાં રાખે છે અને સંસ્કારી બનાવે છે. તે પોતાની લાગણીઓને દબાવે છે, પોતાની વાણી ઉપર અંકુશ રાખે છે અને બીજાં સર્વને પોતાનાં જેવાંજ ધારે છે.

ચીનાઇ વાસણની પેઠે સદ્‌ગૃહસ્થને પણ ગ્લેઝ (સુંવાળા) થવા પહેલાં રંગ લાગવો જોઇએ; કેમકે એક વાર તેને તપાવ્યા પછી તેમાં કાંઇ પણ ફેરફાર થઇ શકતો નથી અને તેને જે કાંઇ પાછળથી લગાડવામાં આવે છે, તે ધોવાઇ જાય છે. **માણસે પોતાનું સઘળું ખોયું હોય, તે છતાં પણ જો તે પોતાની હિંમત, આનંદી સ્વભાવ, આશા–સદ્‌ગુણ અને સ્વમાનને રાખી રહે છે, તો તે ખરેખરો સદ્‌ગૃહસ્થ છે તથા દોલતવાળો છે.**

મેરી–ક્વીન ઑફ સ્કૉટસ જ્યારે ફાંસીને લાકડે ચડી, ત્યારે જેલરે તેને હાથ આપ્યો. તે હાથ તેણે લીધો અને કહ્યું: "તમારો ઉપકાર માનું છું. આ છેલ્લામાં છેલ્લી તસ્દી તમને હું આપું છું." આપણા લોકપ્રિય પ્રધાન ડૉ. ક્રેંકલીનને છૂટો કરવા મિ. જેફર્સનને પેરિસ મોકલવામાં આવ્યા ત્યારે ફ્રેંચ પ્રધાન કાઉન્ટ ડી. વર્જેનિસે કહ્યું હતું કે, "મિ. જેફર્સન! મેં સાંભળ્યું છે કે ડૉ. ક્રેંકલીનની જગ્યા તમે પૂરવાના છો." યુરોપના સર્વથી વધારે સભ્ય દરબારમાં અત્યંત પ્રીતિ મેળવનાર મિ. જેફર્સને એનો આબાદ જવાબ આપ્યો કે, "ડૉ૦ ક્રેંકલીનની જગા કોઈ પૂરી શકે એમ નથી. હું તેમની જગા ઉપર આવું છું."

પોપ ચૌદમા ક્લેમંટને તેની ચૂંટણી માટે એલચીઓએ અભિનંદન આપતાં તેણે નમન કર્યું. તે વખતે રીતભાત પર દેખરેખ રાખનારે કહ્યું કે, "તમારે સલામ પાછી ભરવાની જરૂર નહોતી." ક્લેમંટે જવાબ દીધો કે, "મને માફ કરજો, પોપ થવાને મને બહુ વખત નથી લાગ્યો કે જેથી રૂડો શિષ્ટાચાર હું ભૂલી જાઉં."

કાઉપર કહે છે કે, "એક મર્યાદાશીલ, સમજુ અને સારા સંસ્કાર પામેલો માણસ મારૂં અપમાન કરશે નહિ અને બીજો કોઇ કરી શકશેજ નહિ."

મોન્ટેસ્કવી કહેતો કે, "હું કદી નિંદા સાંભળતો નથી; કારણ-કે તે જૂઠી હોય, તો ઠગાવાનું મારે માથે જોખમ રહે છે અને જો તે સાચી હોય, તો જેઓ વિચાર કરવા લાયક માણસો નથી, એમનો તિરસ્કાર કરવાનું મને જોખમ રહે છે."

એમર્સન કહે છે કે, "રાજાના ડ્રેસ માટે જાળી જેવું

લૂગડું એવું બારીક વણવામાં આવ્યું હતું કે, તે દેખી શકાતું નહોતું.” આવી હાન્સ એન્ડર્સનની વાર્તાનો અર્થ સારી રીતભાત થાય છે. અમીરી સ્વભાવનું ખરેખરું આભરણ એજ છે.

સારી રીતભાત હોવી, સહાનુભૂતિની સાથે સમયસૂચકતા અને વખતને અનુસરતો વિચાર કરવાની ટેવ હોવી તે, જિંદગીમાં કેવી મહત્ત્વની બાબત છે, તેનો પૂરેપૂરો ખ્યાલ ઘણાને હોતો નથી. સારા સ્વભાવનું તે સુંદર ફળ છે અને સારામાં સારી મંડળીમાં તેને લીધે માર્ગ ઝટ ખુલ્લો થઈ જાય છે. જે હવા આપણે શ્વાસોચ્છ્વાસમાં લઈએ છીએ, તેની માફક રીતભાતની ચાલુ, દૃઢ અને અજિત અસર વડે આપણું મન દુઃખાય છે અગર સાંત્વન પામે છે, તેથી આપણે ઉન્નત થઈએ છીએ અગર અવનત થઈએ છીએ. તે આપણને જંગલી બનાવે છે અગર સુધારે છે. નરમાશ એ એક એવું તેલ છે કે જે આપણા એકબીજાના સંબંધમાં સુંવાળાશ રાખે છે અને જે જનસમાજના યંત્રને ઘસારા વગર પોતાના ધર્મ બજાવવાને શક્તિમાન કરે છે. નમ્રતામાં જે બળ છે, તેનું અર્ધું બળ પણ કઠોરતામાં નથી.

કાંટા, જાળાં, ઝાંખરાં, પર્વતનાં કેટલાંક ઘાસ, અડચણ કરતાં ઝાડવાં, એ સર્વ કાંઇ પણ કેળવણી વગર ઊગે છે; પણ બગીચાનું રાતું ગુલાબ જેનો સુંદર પલ્લવ એકબીજા ઉપર સુંદર સમુદાયમાં ચઢેલો હોય છે, જેની વીરલ સુગંધ વડે હવામાં મીઠી સુગંધ ફેલાય છે, તે કેળવાયલા પૂર્વજનાજ વંશમાં જન્મ પામ્યું છે અને તેની ટૂંકી પણ સુંદર જિંદગીમાં સંભાળપૂર્વક કેળવણી પામ્યું છે.

એમર્સન કહે છે કે, “પાનખર ઋતુની મોડી સવારે જંગલમાં તમે ક્ષુદ્ર ટોપ જોયા છે ? એ વેલામાં કાંઇ નક્કરપણું હોતું નથી. મુરબ્બા જેવા તે નરમ હોય છે; છતાં તે પોતાના ચાલુ, સંપૂર્ણ અને જેનો ખ્યાલ ન આવી શકે તેવા વેગથી, ઝાકળવાળી જમીનમાંથી પણ બહાર નીકળે છે અને પોતાના માથા ઉપર એક કઠણ કકડો બરાબર ઉપાડે છે. માયાળુપણાની શક્તિની તે સંજ્ઞા છે.”

મગુન કહે છે કે,“ સભ્યતા જેવી અન્ય નીતિ નથી; કારણ-

કે સારામાં સારી જીભથી પણ જ્યાં કાંઇજ બનતું નથી, ત્યાં સારી રીતભાત ઘણી વખતે ફતેહ પામે છે. ખુશ કરવાની કળા તે દુનિયામાં આગળ વધવાની કળા છે."

એમ કહેવામાં આવે છે કે, "દુનિયામાં સૌથી સભ્યમાં સભ્ય માણસો યહૂદીઓ છે. સઘળા જમાનામાં તેમના ઉપર જુલમ કરવામાં આવ્યો છે; તેમની અપકીર્તિ કરવામાં આવી છે અને તેમના શહેરી તરીકેના તેમજ સામાજિક હક્ક લઈ લેવામાં આવ્યા છે; છતાં પણ સર્વ ઠેકાણે તે સભ્ય, સુશીલ, આકર્ષક અને દયાળુ જોવામાં આવ્યા છે અને તેઓ નાનો અગર મોટો કોઇ પણ દોષારોપ કરતા નથી. તેઓ જૂના સોબતીઓને વળગી રહે છે. બીજા લોકો તેમના વિચાર અને રીતરિવાજ પ્રત્યે જે માનની નજરથી જુએ છે, તેના કરતાં તેઓ બીજાના વિચાર અને રીતરિવાજ તરફ વધારે માનની નજરથી જુએ છે. સંસાર ઉપર અન્ય લોકોની આસક્તિ હોય છે, તેમના કરતાં તેમનામાં વધારે આસક્તિ હોતી નથી. અન્ય લોકોની રીતે પૈસા ઉપર જે પ્રીતિ હોય છે, તેના કરતાં તેમની પ્રીતિ વધારે હોતી નથી અને દરેક બાબતનો વિચાર કરતાં સભ્યતામાં, સુશીલતામાં અને આમોદમાં તેઓ બીજા કરતાં ચઢી જાય છે."

ફ્રેન્ટનોયની લડાઇ આગળ સામસામા આવવા છતાં પણ અંગ્રેજોને જેઓએ પહેલાં ગોળીબાર ચલાવવાને કહ્યું હતું, તેઓ ફ્રેંચમેનજ હતા.

ક્રેન્કો–પ્રુશિયન લડાઇની છેવટે સુલેહના કરાર કરતી વખતે બિસ્માર્કે ફ્રેન્ચોને છેલ્લો ગોળીબાર કરવાનું માન આપ્યું હતું. જર્મન લશ્કરે છેવટની સલામી ફોડી હતી અને પછી ક્ષણવાર બન્ને લશ્કરમાં ચુપકીદી ચાલી હતી. ત્યાર પછી ફ્રેન્ચોની એકજ તોપનો અવાજ સંભળાયો. આ પછી વર્સેલીસના ઘડિયાળના બુરજ ઉપર બાર વાગ્યા અને તે ઝનૂની યુદ્ધનો અંત આવ્યો.

જોસેફાઇને જનરલ લોર્જિસ નામના એક યુવાન અને ખૂબસૂરત માણસને પોતાના સોફા ઉપર પોતાની પાસે બેસાડ્યો હતો, એ વાત સાંભળીને નેપોલિયનને ઘણો ગુસ્સો આવ્યો હતો. જોસેફાઇને આ બાબતનો ખુલાસો કર્યો કે, "તે જનરલ લોર્જિસ નહોતો, પણ તેના લશ્કરનો એક બુદ્ધો સરદાર હતો.

દરબારના રીતરિવાજનું તેને બિલકુલ જ્ઞાન નહોતું. તે પ્રમાણિક, વૃદ્ધ સિપાઇની લાગણી દુઃખવવાને તે નારાજ હતી અને તેણે પોતે તેને તેની જગાએ બેસી રહેવા દીધો હતો. " આ ખુલાસો સાંભળીને તેની સભ્યતા માટે નેપોલિયને તેને ઘણી શાબાશી આપી હતી.

પ્રેસિડન્ટ જેફર્સન એક દહાડો પોતાના પૌત્ર સાથે ઘોડે બેસીને જતો હતો, તેવામાં તેને એક ગુલામ મળ્યો. ગુલામે ટોપી ઉતારી તેને નમન કર્યું. પ્રેસિડન્ટે તેને ટોપી ઉતારી વળતું નમન કર્યું; પણ તેના પૌત્રે તે હબસીની સભ્યતાની અવગણના કરી. તેના દાદાએ કહ્યું " ટોમસ ! એક ગુલામને તું તારા કરતાં સભ્યતામાં ચઢી જવા દઈશ ? "

ક્રેડ ડગ્લાસે કહ્યું છે કે, " કોઇ પણ મોટા માણસ જોડે પહેલી વાર મેં છૂટથી વાત કરી હોય, તો તે લિંકન છે. તેના અને મારા વચ્ચે વર્ણનો કે બીજો ફેર છે, એવું તેણે એક પણ બાબતમાં મને જાણવા દીધું નહોતું. "

કૉન્ફ્યુશિયસે કહ્યું છે કે, " રાજાના ટેબલ ઉપર બેસીને ખાતા હો તેવીજ શાંત રીતે બેસીને ખાઓ. માબાપ જો ઘર આગળ પોતાનાં છોકરાંની રીતભાત માટે બેદરકાર ન રહ્યાં હોય, તો કોઇ પ્રસંગે બહારની રીતભાતથી તેમને શરમાવા જેવું કદી થાયજ નહિ. "

જ્યારે વૉશિંગ્ટને ૧૭૯૦ માં મિલ્ફોર્ડ એન. એચ.ની મુલાકાત લીધી હતી, ત્યારે કેટલાક અમલદારો સાથે તે શહેરમાં ફરતો હતો. તેવામાં એક કાળો સિપાઇ જે તેની સરદારી નીચે લડ્યો હતો અને નોકરી કરતાં પોતાનો એક અવયવ ગુમાવ્યો હતો, તેણે તેને સલામ કરી. વૉશિંગ્ટને તે સિપાઇ સાથે હાથ મિલાવ્યો અને એક રૂપાનો ડૉલર તેને આપ્યો. આવી હલકી સ્થિતિના માણસ પ્રત્યે યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટે આવી સભ્યતા બતાવી તે સામે તેમના એક ખિદમતગારે વાંધો ઉઠાવ્યો; પણ વૉશિંગ્ટને તેને ઠપકો આપ્યો અને " સભ્યતામાં આ કાળો માણસ તેના કરતાં વધી જાય એમ તે તેને કરવા દેશે કે ? " એવો પ્રશ્ન કર્યો.

એન્ડ્રુ જેકસન પોતાના ગોરા પડોશીઓ પ્રત્યે જેટલો માયાળુ

હતો, તેટલોજ માયાળુ, તેટલોજ સન્માન સાચવનારો અને દયાળુ તે ગુલામો પ્રત્યે હતો. તેને કોઇનો ભય નહોતો અને તેને કોઈ છાની વાત હતી નહિ. તે બારણાંને કદી તાળું લગાડતો નહિ અગર કોઇ કાગળ છુપાવતો નહિ.

જેમ્સ રસલ લોવલ જેટલો ઉમરાવો પ્રત્યે સભ્યતા બતાવતો, તેટલીજ સભ્યતા તે ભિખારી તરફ બતાવતો. તે એક વખત એક ઇટેલિયન વાદ્ય વગાડનારને ઇટલીના દેખાવોના સંબંધમાં પ્રશ્ન પૂછતો અને તેની સાથે ઇટેલિયનમાં લાંબો વખત વાત કરતો જોવામાં આવ્યો હતો.

લંડનના એક વાંકા રસ્તાના ખૂણેથી ઝડપથી વળતાં એક ચીંથરેહાલ ભિખારીના છોકરાની સાથે એક યુવાન બાઇ જોરથી અથડાઇ. જેટલી ઝડપથી ઊભા રહેવાય, તેટલી ઝડપથી તે ઊભી રહી અને પાછી વળી તથા ઘણા માયાળુપણાથી કહ્યું: "ભાઇ! હું તારી માફી માગું છું. હું તારી સાથે અથડાઇ, તેથી હું ઘણી દિલગીર છું." આશ્ચર્ય પામેલો તે છોકરો એક ક્ષણ વાર તેની સામે જોઈ રહ્યો અને ટોપીનો ત્રણચતુર્થાંશ ભાગ ઉતારીને નીચું નમન કર્યું તથા તેના મોં ઉપર વિશાળ, ખુશકારક સ્મિત લાવી તેણે કહ્યું: "બાઇ! તમને હું માફ કરું છું; તમે મને પૂજ્ય છો અને બીજી વખત તમે મારી સાથે અથડાઓ, તો તમે મને ઠોકર મારીને પાડી નાખશો, તોપણ એક શબ્દ હું બોલીશ નહિ." તે બાઇ જરા આગળ ગયા પછી, તેણે પોતાના એક સોબતીને કહ્યું: "અલ્યા જીપ! કોઇએ મારી માફી માગી હોય, તો તે આ પહેલી વારજ માગી છે અને તેથી મને ઘણો આનંદ થયો છે."

સેંટ હેલીનામાં એક મજૂર તેના માથા ઉપરના ભારથી વાંકો વળી જતો હતો, તેને રસ્તો આપતાં નેપોલિયને સાંકડા રસ્તા ઉપરથી જરા પણ નહિ ખસતી પોતાની એક મિત્ર બાઇને કહ્યું કે, "બોજાવાળાને પહેલો જવા દો—બોજાને માન આપો."

વોશિંગ્ટનનો એક રાજદ્વારી માર્શફિલ્ડ માસ આગળ ડેનિયલ વેબ્સ્ટરને મળવા ગયો હતો. ઘર તરફનો ટૂંકો રસ્તો લેવા જતાં તે એક નાની નદી આગળ આવ્યો. તેને તે ઓળંગી શકે એમ નહોતું. તેણે એક ગામઠી બેડૂત છોકરાને નજીકમાંથી

બોલાવ્યો અને પોતાને પેલે પાર લઇ જવા માટે તેને એક "કવાર્ટર" આપવા કહ્યું. થોડી મિનિટ પછી તેજ ગામડિયો તેજ ઘરમાં તેની આગળ આવ્યો અને તેજ રેનિયલ વેબ્સ્ટર હતો એમ જાણી તેને ઘણુંજ આશ્ચર્ય અને ઉદ્વેગ થયો.

એક દિવસ પ્રેસિડન્ટ કવીસિ ગિરદીવાળી ઓમ્નીબસમાં બેસી જતો હતો; તે વખતે એક કાળી બાઇ તેમાં દાખલ થઇ. આ વખતે હબસીઓ જો કે માત્ર મિલકત તરીકેજ ગણાતા હતા, છતાં હાર્વર્ડ યુનિવર્સિટીનાં પ્રેસિડન્ટે ઊભા થઇ તેને પોતાની જગા આપી.

માર્ડને ક્રેડ ડગ્લાસના મુખથી સાંભળ્યું છે કે, "તેના કાળા વર્ણને લીધે બોસ્ટનના મહોલ્લાની એક ગાડીમાંથી તેને ધક્કા મારી બહાર કાઢવામાં આવ્યો હતો."

લોકોના જે ઝનૂની ટોળાએ ગેરિસનની પીઠ ઉપરનાં લૂગડાં ફાડી નાખ્યાં અને ઘસડીને લઇ જતા હોય તેમ તેને મહોલ્લામાંથી લઇ ગયા, તે ટોળા તરફ તેણે, રાજાની તરફ બતાવવામાં આવે તેવો વિનય બતાવ્યો હતો. ગંભીરમાં ગંભીર અને સાચામાં સાચા માણસમાંનો તે એક હતો. પોતાને દુઃખ દેનારાઓની સાથે પણ ક્રાઇસ્ટે વિનય બતાવ્યો હતો અને ક્રોસ ઉપર ભયંકર વેદના ભોગવતાં પણ તેણે કહ્યું હતું કે, "પિતા (પ્રભુ) તેમને માફ કરો; કારણકે તેઓ શું કરે છે તે તેમને માલૂમ નથી." એંગ્રીપા આગળનું પોલનું ભાષણ પ્રૌઢ સભ્યતાનો અને દિલમાં ઊતરી જાય તેવી વકતૃતાનો નમૂનો છે. ભવિષ્યના માણસનો સારામાં સારો નમૂનો આવા સદ્વર્તનવાળો સદ્ગૃહસ્થજ થશે."

યુવાન માણસની સારી રીતભાત વારંવાર દોલત સમાન નીવડે છે. પ્રોવિડંસ આર. ઇ.નો એક વેપારી મિ. બટલર પોતાની વખાર બંધ કરીને ઘેર જતો હતો, તેવામાં તેને એક છોકરી મળી. તેને દોરાની એક ફીરકી જોઇતી હતી. તે પાછો ગયો, સ્ટોર ઉઘાડ્યો અને દોરો આપ્યો. આખા શહેરમાં આ બનાવની વાત થઇ અને તેથી તેના ગ્રાહકોમાં ઘણો વધારો થયો. તે મોટે ભાગે પોતાની સભ્યતાથીજ મોટો પૈસાદાર થયો.

બાલ્ટિમોરના રોસ વિનાસે બે વિદેશી તરફ જે સભ્યતા

બતાવી હતી, તેને લીધેજ ઘણે ભાગે તેને ફતેહ અને સંપત્તિ મળ્યાં હતાં. તેનું કારખાનું જો કે ચોથા વર્ગનું હતું, છતાં પોતાને ત્યાં આવતા દરેકને બારીકમાં બારીક વિગતો સમજાવવાને લગતી તેની સભ્યતા, બીજાં મોટાં કારખાનાંઓ કરતાં એટલી સરસ હતી કે, તેથી તેને ઘણી લોકપ્રિયતા અને માન મળતાં. ઉપર જણાવેલા વિદેશીઓની ભલામણથી રશિયામાં એન્જિનને લગતાં કારખાનાં ઉઘાડવા વિનાસને તરતજ બોલાવવામાં આવ્યો. તે ત્યાં ગયો અને તેની સભ્યતાનો તેનો નફો દર વર્ષે એક લાખ ડૉલર મળતો થયો.

જૂનાપુરાણા, પહેરવેશવાળી બે પુખ્ત ઉંમરની કુમારિકાઓની હાંસી તથા મશ્કરી કરતા. જંગલી છોકરા અને માણસોના એક ટોળાને એક ગરીબ પાદરીએ જોયા. તે સ્ત્રીઓ ગભરાઇ અને દેવળમાં દાખલ થવાની તેમની હિંમત ચાલી નહિ. તે પાદરી તે ટોળામાં પેઠો. તે તેમને દેવળની મધ્ય બાજુએ લઇ ગયો અને લોકો મશ્કરી કરવા છતાં, તેમને બાસ સારી બેહકે બેસાડી. આ બાઇઓ અજાણી છતાં, તેમના મરણ વખતે તેઓ આ સભ્ય પાદરીને મોટી દોલત આપતી ગઇ. એમ્હર્સ્ટ કૉલેજવાળા પ્રેસિડન્ટ હુંફ્રીને એક બાઇ મળી હતી. આ બાઇ હુંફ્રીની સભ્યતાથી એટલી ખુશ થઇ હતી કે, તેણે તે કૉલેજને ઉદારતાભરી મદદ કરી હતી.

ન્યુયૉર્ક'થી નીકળ્યા પછી ઘણે વર્ષે પાછાં આવતાં એક માણસે સવાલ કર્યો કે, "આપણો મિત્ર તેના ધંધામાં શા માટે ફતેહ પામતો નથી ? તેની પાસે પૂરતા પૈસા છે, ધંધાનું તેને સંપૂર્ણ જ્ઞાન છે અને અપવાદરૂપ ચાલાકી અને અક્કલ પણ તેનામાં છે." તેનો એ જવાબ મળ્યો કે, "તે કડવો છે, આનંદી નથી; તેના નોકરો તેને છેતરે છે, એવો વહેમ હમેશાં તેને થતો અને ગ્રાહકો પ્રત્યે પણ તે અસભ્ય હતો. આથી તેને માટે કરવામાં આવતા કામમાં કોઇ શુભેચ્છા અગર આગ્રહથી કામ કરતું નહિ. પછી તો તેને ઉત્તેજન આપનારા તેના ગ્રાહકો પણ જ્યાં પોતાના તરફ સભ્ય વર્તન થવાની ખાતરી મળે તે દુકાનોએ જતા."

કેટલાક માણસો ઘણી મહેનત કરે છે અને ફતેહ મળવાના તેમના આગ્રહી યત્ન માટે જિંદગીનાં કેટલાંક સુખસગવડની

પણ તેઓ પરવા કરતા નથી; છતાં તેમની આડાઈ અને અસભ્યતાને લીધે તેઓને ફતેહ મળી શકતી નથી.

તેમને મળતું ઉત્તેજન તેમને લીધેજ ખસી જાય છે અને જેઓ બીજી રીતે ઓછા લાયક, પણ સારી રીતભાતમાં વધારે લાયક હેાય છે તેઓને ત્યાં કામ જાય છે.

ખરાબ રીતભાતથી પ્રમાણિકતા, ઉદ્યોગ અને મેાટામાં મેાટી શક્તિઓ પણ બરબાદ જાય છે, જ્યારે સારી રીતભાતથી બીજી બેાડેા છતાં પણ ફતેહ પામે છે.

બીજી બધી બાબતમાં સરખા ગુણ હેાય એવાં બે માણસનાં દૃષ્ટાંત લેા. એક સભ્ય, માયાળુ, ઉપકારક અને સમાધાનવૃત્તિવાળેા છે; બીજો કૃતઘ્ન, જંગલી, કર્કશ અને ઉદ્ધત રીતભાતવાળેા છે. પહેલેા તવંગર થશે, બીજો ભૂખે મરશે.

ધંધાની દૃષ્ટિએ સારી રીતભાતની કિંમત જેવી હેાય, તેા તેનેા સરસ દાખલેા પેરિસના બેાં માર્કેનેા છે. આ મેાટા બાતામાં હજારેા કલાર્ક રેાકાયલા છે અને ત્યાં દરેક ચીજ વેચવા માટે રાખવામાં આવે છે. આ બાતાનાં જુદાં પડી આવે એવાં બાસ બે લક્ષણમાં એક, સઘળા માટે ઓછી કિંમત અને અત્યંત સભ્યતા છે. માત્ર સભ્યતાજ પૂરતી નથી. ગ્રાહકેાને ખુશ કરવાને-ગ્રાહકેા જાણે પેાતાના મકાનમાંજ હેાય, એવી તેમનામાં લાગણી ઉત્પન્ન કરવા માટે નેાકરેાએ દરેક કેાશિશ કરવી જોઈએ. બીજા બધા સ્ટેાર કરતાં આ સ્ટેારમાં કાંઇક વધારે હેાવું જોઇએ કે જેથી દરેક માણસને બેાં માર્કે આનંદ સાથે સાંભર્યા કરે. આવી રીતે આ સ્ટેારનેા ધંધેા એટલેા બધેા ખીલવવામાં આવ્યેા છે કે, દુનિયામાં તે મેાટામાં મેાટેા સ્ટેાર ગણાય છે. કેાઇ પણ પ્રકારની જાહેરખબર આ રીતિઓ કરતાં વધારે અસરકારક નથી. ન્યુયેાર્કના પેાતાના છૂટક ચીજો વેચવાના બાતામાં એ. ટી. સ્ટુઅર્ટે આ સ્ટેારનું અનુકરણ કર્યું છે.

ભિખારીની એક નાની છેાકરી જે એક પેનીની છીંકણી ખરીદતી, તેને પણ લેડી ફૂટ કહેતી કે, "બહેન! તરદી માફ કરશેા, ફરી પાછાં પધારજો." આવી રીતભાતથી તે લક્ષાધિપતિ થઇ હતી. અમુક કામ તેા આપણાથી નહિ થાય, એવા અવિશ્વાસને લીધે આપણે જેને ધિક્કારીએ છીએ અને જેથી

આપણને પુષ્કળ ઉદ્વેગ અને મૂંઝવણ થાય, તેવી ખરાબ રીતભાત આપણે બતાવીએ છીએ. હૃદબહારના શરમાળપણાથી પણ સારી રીતભાતમાં વિક્ષેપ આવે છે; માટે તે પણ મૂકી દેવું જોઈએ. એંગ્લો સૅક્સન ટ્યુટન જાતિઓમાં આવું શરમાળપણું ખાસ હોય છે અને તે ઊંચામાં ઊંચી સંસ્કૃતિને વારંવાર વિક્ષેપકર્તા થઇ પડે છે. માનવજાતિની સારામાં સારી આદર્શ વ્યક્તિઓ-નો તે એક રોગ છે. સર આઇઝેક ન્યુટન તેના જમાનામાં શર-માળ માણસ હતો. પોતાના તરફ લોકોનું ધ્યાન ખેંચાશે, એવી ધાસ્તીથી તેણે પોતાની મહાન શોધ વર્ષો સુધી પ્રસિદ્ધ કરી નહિ. ચંદ્રની ગતિની તેની માન્યતાના સબંધમાં તેણે પોતાનું નામ બહાર પડવા ન દીધું. એનું કારણ એ હતું કે, રખેને તેથી તેને ઓળખનાર મળનાર વધી પડે. જ્યોર્જ વૉશિંગ્ટનની રીત-ભાત પણ કઢંગી હતી. તે શરમાળ હતો અને ગામડિયા જેવો લાગતો. આર્કબિશપ વ્હેટલી એટલો શરમાળ હતો કે, બનતા સુધી તે બહાર પડતો નહિ–તે કોઈની નજરે પડતો નહિ. આખરે તેણે પોતાનું શરમાળપણું મૂકી દેવાના પ્રયાસ છોડી દીધા. તે બોલ્યો: "શા માટે આખી જિંદગી આ વેદના મારે વેઠવી ?" પણ આમ કરવાથી તો તેનું શરમાળપણું તદ્દનજ જતું રહ્યું અને તેથી તેને આશ્ચર્ય થયું. એલિહુ બ્યુરિટ એવો શરમાળ હતો કે, જ્યારે તેનાં માબાપ આવતાં, ત્યારે તે ભોંયરામાં સંતાઇ જતો !

રંગભૂમિ ઉપર અગર ભાષણ કરવાની જગા ઉપર વારંવાર આવવાથી શરમાળપણું જતું નથી. મહોન ઍક્ટર ડેવિડ ગરિક-ને એક વખત કૉર્ટમાં સાક્ષી પૂરવા માટે બોલાવવામાં આવ્યો અને જો કે તેણે ૩૦ વર્ષ સુધી પોતાના સુપ્રસિદ્ધ સ્વાસ્થ્ય સાથે અભિનય કામ કર્યું હતું, છતાં તે એટલો ગૂંચવાયો તથા ગભ-રાયો કે જજે તેને કાઢી મૂક્યો. જૉન ગોફ કહેતો કે, "લોકોની નજરે ચડવાની બાબતમાં હું મારો નાનપણનો અવિશ્વાસ અને સંકોચ છોડી શક્યો નહિ." તે કહેતો કે, "જ્યારે જ્યારે તે પ્લેટફૉર્મ ઉપર ચડતો, ત્યારે તેને ધાસ્તી લાગતી, તે ધ્રૂજતો અને ઘણી વાર તો પરસેવાથી પલળી જતો."

એવાં ઘણાં લાયક માણસો છે કે જેઓ મહોલ્લામાં, મેદા-નમાં બહાદુર હોય છે, જેઓ લડાઇમાં તોપને મોંએ ચડે છે,

પણ તેઓ દીવાનખાનામાં બીકણ અને બાયલા જેવાં હોય છે અને સાંસારિક મંડળોમાં પોતાનો અભિપ્રાય દર્શાવવાની હિંમત ધરી શકતાં નથી.

સમાજના ધારામાં કાંઇ સૂક્ષ્મ જુલમ હોય એમ તેમને લાગે છે અને તેથી તેમના હોઠ બંધ થાય છે, તેમની જીભે તાળાં વસાય છે. ઍડિસન ચોખ્ખામાં ચોખ્ખું અંગ્રેજી લખતો, કલમનો તે ઉસ્તાદ હતો; પણ વાતચીતમાં એક ડઝન શબ્દ પણ ગભરાયા વગર તે બોલી શકતો નહિ. શેક્સપિયર પણ ઘણો શરમાળ હતો. લંડનમાંથી તે ૪૦ વર્ષે રિટાયર થયો; પણ પોતાનું એક પણ નાટક છપાવવાની કે સાચવી રાખવાની તેણે કોશિશ કરી નહિ. પોતાની જાત ઉપરના વિશ્વાસની ખામીથી તે બીજી કે ત્રીજી પંક્તિનોજ અભિનય લેતો. પોતાને મળવા આવનાર માણસોને ન મળવા માટે બાયરન કેટલીક વાર બારી-માંથી કૂદી પડતો ! હૉથોર્ને પોતાની નોટબૂકમાં લખ્યું છે કે, "જ્યારે હું ઇંગ્લેંડમાં હતો, ત્યારે એક જાહેર બાણા વખતે ભાષણ કરવા મને કહેવામાં આવ્યું. મેં મારૂં માથું વગાડી જોયું, પણ તે પોલું વાગ્યું." પોતાના શરમાળપણાની વેદના તેને આખી જિંદગી સુધી હતી અને પોતાને મળવા આવનારથી નાસી છૂટવા માટે તે કોન્કોર્ડ નદી ઉપર હોડીની સહેલગાહે ઊપડી જતો. પોતે ઓળખાય નહિ, તે માટે તે પોતાનું મોં સંતાડી પીઠ ફેરવતો. તે કહેતો કે, "પાપ માટે પરમેશ્વર માફી આપશે; પણ કઢંગાપણા માટે દુનિયામાં કે સ્વર્ગમાં માફી નથી."

પોતાને વિષેજ વિચાર કર્યા કરવા, પોતાનામયજ રહેવું, એ સારી રીતભાતનો ભંગ કર્યા બરાબર છે અને એ વડે તેમ બીજા લોકો મારે વિષે શું ધારશે એવા આશ્ચર્યને લીધેજ, સા-માન્ય રીતે શરમાળપણું આવે છે.

સિડ્‌ની સ્મિથે કહ્યું છે કે, "પહેલાં હું ઘણો શરમાળ હતો; પણ અલ્પ સમયમાં બે ઉપયોગી શોધો મેં કરી. પહેલી શોધ એ કે, મને જોઇ રહેવામાંજ સઘળી દુનિયાનું સમગ્ર ધ્યાન ન-હોતું અને બીજી શોધ એ હતી કે, ઢોંગ કરવો નકામો છે. દુનિયા ઘણી તીક્ષ્ણ અને સાફ દૃષ્ટિવાળી છે અને માણસની ખરી કિંમત જાણી તે તેની કિંમત આંકે છે. આથી હું સુધરી ગયો."

પોતાના જાતિબંધુઓ માટે તમે માયાળુ અને ખરા હૃદયની

લાગણીથી ભરપૂર હોય, તે છતાં પણ જાણે બરફમાં તમને રાખવામાં આવ્યા હોય, તેમ જીવનનિર્ગમન કરવું એ કેવું દુર્ભાગ્ય છે ! તે એક જાતનો રોગજ છે. તે બીકથી ઉત્પન્ન થાય છે અને બીક એ પણ રોગજ છે. શરમાળ લોકોને પોતાની શક્તિઓનો કદી વિશ્વાસ હોતો નથી અને ખરી રીતે વસ્તુસ્થિતિ જુદીજ હોય, ત્યારે આ વિશ્વાસની ખામી તે શક્તિનીજ ખામી થઇ પડે છે, એમ તે જાણે છે. નાનપણમાં બાળકોને સામાજિક જીવનની કેટલીક કળાઓ જેવી કે બોક્સિંગ, ઘોડેસવારી, નૃત્ય, વકતૃત્વ અને બીજી તેવી નિપુણતાનું શિક્ષણ આપવાથી આવું શરમાળપણું જતું રહે છે. શરમાળ લોકોએ સારો–સ્વચ્છ પોશાક પહેરવો જોઇએ. સારા પોશાકથી રીતભાતમાં સ્વાસ્થ્ય આવે છે અને જીભનાં તાળાં ઊઘડી જાય છે. ધર્મથી પણ રીતભાતમાં જે સુંદરતા અને કુશળતા ન મળે, તે પોતે સારો પોશાક પહેર્યો છે એવી લાગણીથી આવે છે, જ્યારે હલકા પોશાકથી ઘણી વાર સંકોચ ઉત્પન્ન થાય છે. પોશાકની બાસિયતો બાતરીપૂર્વક ધ્યાન ખેંચે છે; માટે ચળકતા રંગ અને ઘણી ફેશન દૂર રાખવી અને પોતાની શક્તિ મુજબ સાદાં, શરીરને અનુસરતાં લૂગડાં પહેરવાં સારાં છે.

પોશાકની સુંદરતા એ સારી બાબત છે; પણ તે હલકા પ્રકારની સુંદરતા છે અને તેને માટે ઉચ્ચ પ્રકારની સુંદરતાનો ભોગ આપવો જોઇએ નહિ; હદબહાર તે ઉપર લક્ષ આપવું જોઇએ નહિ. જેઓ સૌથી પહેલું લક્ષ પોશાક ઉપર આપે છે અને તેને માટેજ પોતાનો સઘળો વખત ગાળે છે, અગર સઘળો પૈસો વાપરે છે, જેઓ પોશાક માટે માનસિક અને હૃદયની સુધારણા અને સેવાનાં કામ કરવાનાં ભૂલે છે, જેઓ પોતાના ચારિત્ર્ય કરતાં પણ પોતાના પોશાક માટે વધારે કાળજી રાખે છે, જેઓ એક ભૂલી જવાયલી ફરજ કરતાં, ફેશન વગરના કપડાથી વધારે મૂંઝાય છે, તેઓ પોશાક ઉપર હદબહાર પ્રીતિ રાખે છે એમજ કહી શકાય.

હાર્વર્ડના આગેવાન વકીલ અને ગ્રેજ્યુએટ એઝેકિયલ વ્હીટમેનને મસાચુસેટ્સની ધારાસભામાં સભાસદ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો, ત્યારે તે પોતાનો ગામડાનો પોશાક પહેરી બોસ્ટન આવ્યો અને એક હોટેલમાં ગયો. તે આગલા ઓરડામાં

જઇ બેઠો. ત્યાં કેટલીક બાનુઓ અને સદ્ગૃહસ્થોને તેણે નીચે પ્રમાણે વાત કરતાં સાંભળ્યા: "જોયો, આ ઘરકૂકડી ગામડિયો! અરે, જુઓ, જુઓ, અહીં બરોબર જોવાનું અને હસવાનું છે."

તેમણે તેને ઠઠ્ઠામશ્કરીના અનેક પ્રકારના વિચિત્ર પ્રશ્ન પૂછ્યા. પછી વ્હીટમેને ઊભા થઇ ઉત્તર આપ્યો: "બાનુઓ અને ગૃહસ્થો! હું તમને આરોગ્ય અને સુખ તથા તમે જેમ મોટાં થાઓ, તેમ સારાં અને ડાહ્યાં થાઓ એમ ઇચ્છું છું; પણ તમારે યાદ રાખવું કે, બહારના દેખાવથી આપણે ઠગાઇએ છીએ. મારા પોશાક ઉપરથી તમે મને ગામડાનો કોઇ ગમાર ધાર્યો હશે; પણ તમારી તેમાં ભૂલ છે. તેજ ઉપલકિયા કારણથી તમે પણ લાયક બાનુઓ અને ગૃહસ્થો હશો એમ હું ધારતો હતો; પણ તમારી અને મારી સરખીજ ભૂલ થઇ છે." આ કહેતા કહેતામાં ગવર્નર કાલેબ સ્ટ્રોંગ આવ્યો અને મિ. વ્હીટમેનની સાથે વાત કરવા લાગ્યો. બધું મંડળ ચકિત થઇ ગયું, ગભરાઇ ગયું. તે મંડળ તરફ ફરી તેણે તે સર્વને સલામ કરી. પૈસાની પેઠે પોશાક એ પણ બળ છે, પણ આપણે તેના ગુલામ થવું નહિ.

ગોલ્ડસ્મિથ કહે છે કે, "કોઇ શહેનશાહે રાતની ટોપી પહેરેલી હોય તે વખતે તેને મુગટ પહેરેલો હોય તે વખત જે માન મળે છે, તે મળતું નથી."

જોન્સન કહે છે કે, "સુધરેલા જનસમાજમાં બહારના આકર્ષણથી આપણને વધારે માન મળે છે. જે માણસે સારો કોટ પહેર્યો હોય છે, તેને ખરાબ કોટ પહેરનાર કરતાં વધારે માન મળે છે. ઈશ્વર પણ સારા પોશાકને ચાહનાર છે, એવી લાગણી થયા વગર રહેતી નથી; કેમકે તેણે પોતાની સૃષ્ટિને સૌંદર્ય અને કીર્તિના પોશાક પહેરાવ્યા છે. દરેક પુરુષને કીમતી પોશાક આપવામાં આવ્યો છે. દરેક ક્ષેત્ર સૌંદર્યના પરિધાનથી શરમાતું હોય એમ જણાય છે. પ્રકાશ એ દરેક તારાનું આભરણ છે. સંપૂર્ણ અને અભિરુચિયુક્ત પોશાક દરેક પક્ષીને તેણે આપ્યો છે. આમ છતાં પણ કેટલાક ગાંડાઓ તો એમજ કહેશે કે, 'સૌંદર્ય એ પાપ છે અને કુદરતની સુંદરતા તથા ભવ્યતા એ તો મનુષ્યનાં પાપનાં પરિણામ છે.'"

સંસ્કૃત રીતભાત એ એક જાતનો ઢોંગ છે, એમ કેટલાક ધારે છે. તેઓ સાદા, સંગીન, લાંબા, પહોળા અને કઠોર ચરિત્રવાળાને વખાણે છે. એમ પણ કહીએ તો ચાલે કે, પથ્થરના ચોરસ કડકામાંથી બનાવેલાં ચોરસ, સાદાં અને શણગાર્યા વગરનાં ઘરોને તે ચાહે છે. સેંટ પીટરના દેવળમાં સુંદર સ્તંભ અને તેની ભવ્ય કમાનો છે; અનુપમ રંગવાળા, સુંદર કોતરણીવાળા, ઉપસેલા કામવાળા તેના આરસ છે; તેથી તે દેવળ ઓછું મજબૂત અગર ઓછું સંગીન છે એમ નથી. આવા લોકો પોતાના હીરાઓને વગર ઓપેલા કેમ પહેરતા નથી ? કુદરત જેવા રૂપમાં હીરા આપે છે અને કુદરતે જેવા આકારમાં તેને કર્યા હોય છે, તેવા ને તેવા હીરા તે કેમ રાખતા નથી ? તેમની સાચી કિંમત તો તેની તે રહે છે; પણ આપણે જાણીએ છીએ કે, સઘળા માણસો પોતાના હીરાને ઓપ આપવાને માટે તેને પાસા પડાવવાને ઇચ્છે છે.

આપણા ચારિત્ર્યની પેઠે આપણી રીતભાતની પણ હમેશાં તપાસ થતી રહે છે. દરેક વખત જ્યારે આપણે મંડળમાં જઇએ, ત્યારે દરેક માણસના અભિપ્રાયના કાંટા ઉપર આપણે ચડવું જોઇએ અને આપણા છેલ્લા વજનથી, વજન વધ્યું છે કે ઘટ્યું છે તે સંભાળપૂર્વક આપણે નોંધવું જોઇએ. દરેક જણ પ્રશ્ન કરે છે કે, "આ માણસ ઊંચો જાય છે કે નીચો જાય છે ?" દૃષ્ટાંત તરીકે યુવાન બ્રાઉન દીવાનખાનામાં દાખલ થાય છે. હાજર રહેલાં સર્વ પોતપોતાના વિચાર મુજબ તેની તુલના કરે છે અને સ્વગત કહે છે કે, "આ માણસ આગળ વધે છે; કેમકે તે વધારે સંભાળથી, વધારે વિચારથી, વધારે સભ્યતાથી, વધારે વિવેકથી, વધારે સત્ય સાથે, વધારે પ્રમાણિકતાથી અને વધારે પરિશ્રમથી કામ કરે છે." તેની આગળ યુવાન જોન્સનનો પણ દાખલો પડેલો છે. એ ઝડપથી પાછળ પડતો જાય છે; કેમકે તે સંભાળ રાખતો નથી, તે બેદરકાર છે, અવિનીત છે, ધાર્મિક નથી, તમારી સામે તે જોઇ શકતો નથી, હલકો છે, કંજૂસ છે, તે નોકરોને મારવા જાય છે અને તેમ છતાં અજાણ્યા માણસો તરફ હદ કરતાં વધારે સભ્યતા બતાવે છે તથા આજ રીતે જેઓ આપણને ઓળખે છે, તે સઘળાની અદૃશ્ય ચિઠ્ઠીઓ આપણા ઉપર ચોટે છે અને આપણે જિંદગી પસાર કરીએ છીએ.

પોતાના સોબતીઓ પોતાની કેવી કિંમત આંકે છે, તે જો માણસ જાણે, તો તે તેને ઘણું લાભકારક થઈ પડે એવો હું કોઇ વખતે વિચાર કરું છું. આપણે લાંબો વખત જગતને છેતરી શકતા નથી; કારણકે આપણો અંતરાત્મા કે જે ન્યાયનાં ત્રાજવાં લઇ સદા આપણામાંજ રહે છે, તે આપણને ખરું કહી દેનાર આપણો અંતર્યામી, આપણી આંખમાં અગર રીતભાતમાં જણાઇ આવે છે અને આપણને ઉઘાડા પાડી દે છે.

પણ રીતભાત જો કે ગૃહસ્થનું આભરણ છે, છતાં માત્ર તેથીજ કાંઇ માણસનું ચારિત્ર્ય બનતું નથી. ચારિત્ર્યને નક્કી કરનારી એકજ બાબત તે નથી.

ઓકની છાલ જેમ ઓકના અંદરના ભાગની જગા લઇ શકે નહિ, તેમ માત્ર એકલી સભ્યતા, કાંઇ નૈતિક ઉત્તમતાની જગા લઇ શકે નહિ. તેની અંદર લાકડું કયા પ્રકારનું છે, તે તે બતાવી શકે; પણ તે લાકડું સંગીન છે કે કોહેલું છે તે તે બતાવી શકે નહિ. શિષ્ટાચાર માત્ર સારી રીતભાતની જગા લઈ શકે, પણ તે બનાવટી ચીજ છે.

અંતઃકરણનું સાચાપણું એ સારી રીતભાતનો ઊંચામાં ઊંચો ગુણ છે. જેઓ ખરા અર્થમાં સારી રીતભાત મેળવવા માગતા હોય તેમને નીચેની માત્રા બતાવવામાં આવે છેઃ–

સ્વાર્થત્યાગ : ૩ ડામ
ખુશમિજાજનો અર્ક : એક આઉંસ
દિલારામનું સત્ત્વઃ ૩ ડ્રામ
શેરોનના ગુલાબનો અર્ક : ૪ આઉંસ
સબાવતનું તેલઃ ૩ ડ્રામ ને એક પણ સ્ક્રુપલ (સંકોચ) નહિ.
સાદી સમજ અને કળાનો ઉકાળો : એક આઉંસ
પ્રેમનું મદ્ય : ૨ આઉંસ

સ્વાર્થપરાયણતા, એકલપેટાપણું, અતડાપણું, હલકાઇ અગર "હું તમારા કરતાં ઘણો સારો છું" એવાપણું પ્રકટ થાય ત્યારે આ મિશ્રણ લેવું.

"જગતનો સર્વથી પ્રથમ પંક્તિનો સજ્જન" જેણે લોકોને અમૂલ્ય સદ્બોધ આપ્યો છે તેનું અનુકરણ કરો.

૧૧—ઉત્સાહની ફતેહ

"જે મહેનતથી આપણને આનંદ મળે છે, તે વ્યાધિના ઔષધ-રૂપ થઇ પડે છે—વેદનાનું નિવારણ કરનાર થઇ પડે છે."

—શેકસપિયર

"માણસની સચ્ચાઇનું એકજ નિર્ણયાત્મક પ્રમાણ એ છે કે, તે એક સિદ્ધાંત માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. વચન, દ્રવ્ય અને બીજી બધી ચીજો આપી દેવી એ પ્રમાણમાં સહેલી છે; પણ જ્યારે માણસ પોતાના દૈનિક જીવન અને કામધંધાની ભેટ ધરે છે, ત્યારે સ્પષ્ટ રીતે માલૂમ પડી આવે છે કે ગમે તે સત્યની ઘણી અસર તેના ઉપર થઇ છે."

—લોવેલ

"આપણે આપણો ઉત્સાહ ખોઇ દઇએ, તેથી સાવધ રહેવાનું છે. કોઇ પણ બાબત માટે આપણને સતત શુભ અભિમાન રહેવું જોઇએ. જે કાંઇ ઉન્નત કરે તેને ચાહવાને આપણે કોશિશ કરવી જોઇએ. જે બાબત આપણા જીવનને સંપત્તિમાન બનાવે, આપણા જીવનને સુંદર બનાવે તેમાં રસ લેવાને આપણે પ્રયત્ન કરવો જોઇએ."

—ફિલિપ બ્રૂકસ

"તેના મનને જ્ઞાનથી તે એટલું સમૃદ્ધ કરે છે,
તેના ઉપર શાંતિ અને સૌંદર્યની એવી છાપ પાડે છે,
અને એવા ઉચ્ચ વિચારોથી તેને તે પોષે છે કે,
નિંદા, ઉતાવળા નિર્ણય, સ્વાર્થી મનુષ્ય તરફની
હાંસી, તિરસ્કાર અગર તો જ્યાં માયાળુપણું ન હોય ત્યાં આપવામાં
આવતા અભિનંદનની, તેમના ઉપર કાંઇ પણ અસર થતી નથી;
અગર તેઓ જે કાંઇ જુએ છે તે સુખથી ભરેલું છે એવી તેમની
આનંદયુક્ત શ્રદ્ધાનો તેથી નાશ થતો નથી."

"આધ્યાત્મિક વિચાર અને આધ્યાત્મિક મનુષ્યોનો પ્રદેશ જ્યાં યૌવન નિત્ય છે, જ્યાં પરમાનંદ એ કોઇ ક્ષણભંગુર વૃત્તિ નથી પણ એક નિત્ય સ્થિતિ છે અને જ્યાં ભવ્ય બળ જે સંકલ્પશક્તિને અનંત જીવન આપે છે ત્યાં તે રહે છે." **—ઈ. પી. વ્હીપલ**

એક ઉમદા આદર્શને ઉત્સાહપૂર્વક વળગી રહેવામાં કેટલી બધી શક્તિ રહેલી છે ? આફતો, તિરસ્કાર, નિંદા, હાંસી, જુલમ, પરિશ્રમ, બિમારી, ઘડપણની નબળાઈ એ સઘળાં સર્વોપરી હેતુથી ધડકતા આત્માને શું કરી શકે ?

પેરિસની ગેલરી ડી બા આર્ટ્સમાં શિલ્પીની કલ્પનાથી ઉત્પન્ન થયેલું એક સુંદર પૂતળું છે. આ શિલ્પી એટલો બધો ગરીબ હતો કે, તે એક નાના કાતરિયામાં રહેતો અને કામ કરતો. માટીનો તેનો એક નમૂનો લગભગ પૂરો થયો, તેવામાં શહેર ઉપર ભારે હિમ પડ્યું. તેણે જાણ્યું કે, માટીની વચ્ચેની ફાટોમાંનું પાણી ઠરી જશે, તો સુંદર રેખાઓ ચૂંથાઇ જશે; તેથી તેણે પોતાનાં કપડાં માટીની પ્રતિમાની આજુબાજુ વીંટ્યાં. સવારમાં તે મૂએલો માલૂમ પડ્યો; પણ તેનો વિચાર, ખ્યાલ, તેની કલ્પના બચી ગઇ અને બીજા મનુષ્યના હાથે આરસમાં તેને સ્થાયી સ્વરૂપ મળ્યું.

હેન્રી કલે કહે છે કે, "કોઇ મહત્ત્વના પ્રશ્ન વિષે બોલતાં બીજાઓને શું થાય છે, તે હું જાણતો નથી. આવા પ્રસંગે બહારની દુનિયાનું મને ભાન ન હોય એમ જણાય છે. મારી આગળના વિષયમાં એ સમયે હું સંપૂર્ણ લીન થઇ જાઉં છું અને ઓળખાણપિછાણનું તથા સમય વિષેનું અને આજુબાજુના વિષયો વિષેનું સઘળું ભાન ભૂલી જાઉં છું."

એક પ્રસિદ્ધ નાણાંશાસ્ત્રી કહે છે કે, "જ્યાંસુધી બૅન્ક વિષે રાતદહાડો વિચાર કરનાર પ્રમુખ ન મળે, ત્યાંસુધી બૅન્ક કદી ફતેહમંદ થતી નથી." મોન્ટેન કહે છે કે, "માણસ કોઈ બાબતમાં ઉશ્કેરાય નહિ, ત્યાંસુધી તેનું મહત્ત્વ જણાતું નથી. કદરૂપામાં કદરૂપી સ્ત્રી અગર પુરુષને ચાહનાર યુવાન પુરુષ અગર સ્ત્રીમાં સ્વર્ગીય રંગમાં ચિત્ર દોરવાની નવીન શક્તિ આવે છે, શક્તિ વધે છે, તેમ ઉત્સાહ શુષ્ક અને અરસિક વિષય અગર ધંધામાં નવીન રહસ્ય આણે છે. યુવાન પ્રેમીઓમાં જેમ વધારે બારીક લાગણી અને વધારે તીક્ષ્ણ દૃષ્ટિ હોય છે અને પોતાના પ્રીતિપાત્ર મનુષ્યમાં બીજા માણસને ન જણાય તેવા અનેક સદ્‌ગુણો અને સૌંદર્યની બાબતો તેને જણાય છે; તેમ જે માણસ ઉત્સાહથી પરિપૂર્ણ હોય છે, તેની જ્ઞાનશક્તિ વધે છે અને બીજાને ન માલૂમ પડે તે સૌંદર્ય અને મોહક ગુણ તેને જણાય તેટલે

દરજ્જે તેની દૃષ્ટિ વિશાળ થાય છે તથા તેથી તેના પરિશ્રમ, તેની તંગી, તેનાં દુઃખો અને જુલમનો બદલો વળી જાય છે.”

ડિકન્સ કહે છે કે, “તેની વાર્તાઓમાંની સંકલનાઓ અને પાત્રો હમેશાં તેનામાં આવી ભરાતાં અને તે તેમને કાગળ ઉપર ઉતારતો નહિ, ત્યાંસુધી તેઓ તેને સૂવા અગર ઝંપવા દેતાં નહિ.” એક ચિત્ર માટે તે એક મહિનો ભરાઈ બેઠો અને જ્યારે તે બહાર નીકળ્યો, ત્યારે તે ભૂની જેવો મડામુખો જણાયો. તેનાં પાત્રો રાત્રીદિવસ તેની પાસે આવી ભરાતાં.

બીજા માણસો જેમ પોતાના ઓરડાઓમાં છબીઓ લટકાવે છે, તેમ જોન જેકબ એસ્ટર તેની પૈસા લેવાની રૂમમાં એક સુંદર ફર લટકાવતો, ઉત્સાહથી તે તેના ઉપર હાથ ફેરવતો, તેની સુંદરતાનાં વખાણ કરતો અને એમ ઉમેરતો કે, “કેન્ટનમાં એની કિંમત પાંચસો ડોલર પડે છે.”

બાર વર્ષનો એક છોકરો જે ઘણી હોશિયારીથી પિયાનો વગાડતો તેણે કહ્યું કે, “મિસ્ટર હેર કેપલ! મારે કાંઇક સંગીત બનાવવું છે. મારે તેની શરૂઆત શી રીતે કરવી?” મોઝાર્ટે જવાબ દીધોઃ “ઓહો! તારે હજુ વાર છે.” તે છોકરાએ કહ્યુંઃ “તમે મારાથી નાના હતા, ત્યારે શરૂઆત કરી હતી.” તે મહાન રચનારે કહ્યુંઃ “હા, મેં તેમ કર્યું હતું; પણ તે બાબત કોઇને પૂછવા ગયો નહોતો. કોઇનામાં જો રચવાનો જુસ્સો હોય છે, તો તેને લખ્યા વગર ચાલતું નથી માટેજ તે લખે છે.”

ગ્લેડસ્ટન કહે છે કે, “જે બાબતની જરૂર છે તે એ છે કે, છોકરાઓમાં જે જુસ્સો હોય, તે જાગૃત કરવો. કોઇ પણ રીતે, કોઇ પણ અંશે, કાંઇક જાણવાજોગ અંશમાં, દરેક છોકરામાં, જગતમાં સારૂં કામ કરવા માટેની સામગ્રી હોય છે. જેઓ ઘણા હોશિયાર હોય છે તેમાંજ નહિ, જેઓ ચપળ હોય છે તેમાંજ નહિ; પણ જેઓ મૂઢ અને મંદ હોય છે અગર જણાય છે તેઓમાંના દરેક છોકરાંઓમાં પણ આ સામગ્રી હોય છે. તેઓમાં જો માત્ર શુભેચ્છા હશે, તો તેની અસરથી તેમની મંદતા ધીરે ધીરે સાફ થઇ જશે.”

હંગેરીની બ્રસિદ્ધ રહીશ જર્સ્ટર ઓપેરામાં બહાર પડી તેને પહેલે દહાડેજ તેની કીર્તિ અને દોલત નક્કી થઇ ગયાં.

તેના ઉત્સાહથી તેના શ્રોતાજનો લગભગ સ્તબ્ધ થઇ ગયા. એક અઠવાડિયા કરતાં ઓછા વખતમાં તો તે લોકપ્રિય અને સ્વતંત્ર થઇ. તેના આત્માને ઉન્નતિનો આવેશ લાગ્યો હતો અને હૃદયની તેમજ માનસિક સઘળી શક્તિઓ તેણે કામે લગાડી હતી.

ગાય મૅનરિંગમાં મેગ મેરિલિસનો પાઠ લેનાર કલાવિદ્ જ્યારે બિમાર પડી, ત્યારે તેવે વખતે કામ આવનાર સ્ત્રી શાર્લોટ કુશ્મનને તેનો પાઠ લેવાને કહેવામાં આવ્યું. પોતાનું કામ દેખાડવાની, પ્રકાશવાની આ એક તક છે, એવો તેના મનમાં એકદમ વિચાર સ્ફુરી આવ્યો. તે રંગભૂમિ ઉપર આવી અને તેણે તે પ્રખ્યાત થઇ પડેલો અભિનય એવો સરસ રીતે કર્યો કે શ્રોતાજનો અને નટોને ઘણુંજ આશ્ચર્ય થયું.

લિવિંગ્સ્ટને કહ્યું છે કે, "બીજા લોકોના આત્મા બચાવવામાં વીસ વર્ષથી હું એટલો બધો મશગૂલ રહ્યો છું કે, હું જે ધર્મની હિમાયત કરૂં છું, તેની મારા પર અસર થાય છે કે કેમ, તેવો એક જંગલી શ્રોતાએ મને પ્રશ્ન કર્યો, ત્યાંસુધી મારો પોતાનો પણ આત્મા છે, એ વાત હું ભૂલી ગયો હતો."

આરસ અગર કેનવાસ ઉપર પોતાનો વિચાર મુકાય નહિ, ત્યાંસુધી તેને આરામ ન મળે, એવો સૌંદર્ય અને રૂપના આવેશનો કારીગરને નશો ચડે છે, ત્યારેજ કલાની મોટામાં મોટી કૃતિઓ ઉત્પન્ન થાય છે.

મેલિઘ્રાનના એક સૂરનાં એક વિવેચકે વખાણ કર્યાં, ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે, "મેં તેને માટે ઘણોજ પરિશ્રમ ઉઠાવ્યો છે. હું એક મહિનો તેની પાછળ પડી છું. દરેક ઠેકાણે, હું લૂગડાં પહેરતી હોઉં કે મારા બાલ સમા કરતી હોઉં, ત્યારે પણ હું તેની પાછળજ લાગેલી રહેતી."

એક ચિત્ર, જેને માટે જોશ્યુઆ રેનલ્ડ્ઝ શાબાશી આપવા માગતો હતો, તે તપાસતાં તેણે કહ્યું કે, "ઘણુંજ સરસ કામ; ચિત્રકામ, રંગ, હાથ, લાઇટ* અને શેડ× ઘણાંજ ઉત્કૃષ્ટ;" પણ તે મહાન કારીગર કાંઇક ગુસ્સાથી બોલ્યા: "પણ તેમાં 'પેલુંજ' માત્ર નથી."

બુલ્વર કહે છે કે, "ઉત્સાહ જેવી ચેપી બીજી કોઇ પણ ચીજ

* પ્રકાશ. × છાયા.

નથી. પથ્થરને તે હલાવે છે અને પશુને પણ તે વશ કરે છે. સાચા દિલની તે પ્રતિભા છે અને તેના વગર સત્યને પણ જય મળતો નથી.”

એમર્સન કહે છે કે, “જગતના ઇતિહાસમાંની દરેક મહાન અને સર્વોપરી ક્ષણ કોઈ ઉત્સાહની ફતેહના પરિણામરૂપ હોય છે. મહમદ પછીના આરબો જેઓએ થોડાં વર્ષમાં પોતાની જીતથી રોમથી પણ મોટું સામ્રાજ્ય સ્થાપ્યું, તેનો ઇતિહાસ આનું દૃષ્ટાંત છે. તેઓ શું કરે છે તે તેઓ જાણતા નહોતા. એક વિચાર ઉપર સવાર થયેલી નગ્ન ડેરાર ઘોડેસવાર લશ્કરને પણ પૂરી પડી. સ્ત્રીઓ પણ પુરુષની પેઠે લડી અને રોમન પુરુષો ઉપર જીત મેળવી. તેમનાં સાધનો જૂજ હતાં, તેઓની ખોરાકી પણ કંગાળ હતી; તેઓનું લશ્કર મિતાચારી હતું. તેમના પોષણ માટે માંસ અગર મદ્યની જરૂર પડતી નહિ. જવ ખાઇને તેઓએ એશિયા, આફ્રિકા અને સ્પેન જીત્યું. બીજાઓની તલવાર કરતાં ખલિફા ઉમરની ફરવા જવાની લાકડીથી જોનારને વધારે ત્રાસ લાગતો.”

જે ચડાઇનું કામ પૂરું કરવાને એક વર્ષ જોઇએ, તે નેપોલિયન બે અઠવાડિયામાં કરી શકયો. તેનું કારણ તેનો ઉત્સાહ હતો. ઑસ્ટ્રિયનો ગભરાટમાં કહેતા કે, “આ ફ્રેન્સના માણસો નથી, તેઓ તો ઊડે છે.” તેની પહેલી ઇટાલિયન લડાઇમાં નેપોલિયને છ જીતો મેળવી હતી, ૨૦ નિશાન લીધાં હતાં, ૫૫ તોપો અને ૫૦,૦૦૦ કેદીઓ પકડ્યા હતા અને પીડમોં જીત્યું હતું. આ ઘસારા પછી એક ક્ષુભિત ઑસ્ટ્રિયન સરદારે કહ્યું કે, “આ યુવાન સરદાર લડાઇની કલા વિષે કશું જાણતો નથી. તે તદ્દન અજાણ છે, તેનાથી કાંઇ બનવાનું નથી; પણ તેના સૈનિકો આ ‘નાના’ સરદારને એટલા ઉત્સાહથી અનુસરતા કે પરાજય કે આફત શું તેનું નામ પણ તેઓ જાણતા નહિ.”

એ. એચ. કે. બોયડ કહે છે કે, “કેટલાંક મહત્ત્વનાં દૃષ્ટાંત છે જેમાં અધું હૃદય અને પૂરું હૃદય પૂરી હાર અને ઘણીજ સરસ જીત વચ્ચેનો ભેદ બતાવી શકે છે.”

એક મહત્ત્વના બારીક પ્રસંગે નેલ્સને કહ્યું હતું કે, “હું આ મિનિટે મરી જાઉં, તો ‘લશ્કરી વહાણની તંગી’ એ શબ્દ મારા હૃદય ઉપર લખાયલા માલૂમ પાડશે.”

ઑર્લિયન્સની સરળ નિર્દોષ કુમારિકાએ પોતાની પવિત્ર તલવાર પવિત્ર થયેલા વાવટા અને પોતાના મહાન કાર્ય વિષેની ઊંડી શ્રદ્ધાથી કોઇ રાજા અને રાજદ્વારી પણ જે ઉત્સાહ ઉત્પન્ન ન કરી શકે, તે ઉત્સાહ તેણે આખા ફ્રેન્ચ લશ્કરમાં ઉત્પન્ન કરી દીધો. તેના ઉત્સાહ આગળ બીજી બધી બાબત નરમ પડી જતી. જો આ જગતમાં દરેક માણસ પોતાની શક્તિ બરાબર જાણે, તો તે દરેક કેવું મહાન કાર્ય કરી શકે! પણ ચોકડાવાળા ઘોડાની માફક માણસ જ્યાંસુધી પોતાને લઇને નાસે નહિ, ત્યાંસુધી તેને પોતાના બળનો ખ્યાલ આવતો નથી. ઉત્સાહ એક અનુપમ શક્તિ, એક દૈવી બક્ષિસ છે. "રાજપ્રકરણી પુરુષો દુનિયા ઉપર એના વડેજ દોર ચલાવે છે" એમ ડિઝરાયલી ગણતો.

"આ નીચે આ દેવળ અને શહેરનો બાંધનાર ક્રિસ્ટોફર રેન છે. જેનું નેવું વર્ષનું જીવન પોતાને માટે નહિ પણ સાર્વજનિક કલ્યાણ માટે વ્યતીત થયું હતું. વાચક! તારે જો તેનો કીર્તિસ્તંભ જોવો હોય, તો આજુબાજુ નજર નાખ." લંડનમાં તમે ગમે ત્યાં જશો, ત્યાં એક માણસ જેણે કોઈ શિલ્પી પાસેથી કદી શિક્ષણ લીધું નહોતું, તે માણસની પ્રતિભાના ઉચ્ચ સ્મરણસ્તંભ તમને માલૂમ પડશે. શહેરમાં તેણે ૫૦ દેવળ અને ૩૬ હૉલ બાંધ્યા હતા. લંડનના સેંટ પૉલ કેથેડ્રલના પુનરુદ્ધાર માટે વિચાર મેળવવાને તે પેરિસ ગયો, ત્યારે તેણે કહ્યું હતું કે, "લુવ્રની શિલ્પશાસ્ત્રીના પ્લૅન માટે હું મારો દેહ પણ અર્પણ કરું." હેમ્પ્ટન કોર્ટ અને કેન્સિંગ્ટનના મહેલોમાં, ટેમ્પલ બારમાં, ડ્રુઅરીલેન થિયેટરમાં, રૉયલ એક્ષચેન્જ અને મહાન કીર્તિસ્તંભમાં તેની વીરલ કારીગરી જોવામાં આવે છે. ગ્રીનિચ પેલેસનું તેણે બલાસીઓનું વિશ્રામસ્થાન બનાવ્યું અને ઑક્સફર્ડમાં દેવળો અને કૉલેજો બાંધ્યાં. મહાન આગ પછી લંડન ફરી બાંધવાની યોજના પણ તેણે કરી હતી; પણ સત્તાવાળાઓએ તેની સરળ યોજનાનું અનુસરણ કર્યું નહિ. સેંટ પૉલ કેથેડ્રલના પોતાના સર્વોપરી કાર્ય પાછળ તેણે ૩૫ વર્ષ ગાળ્યાં. જો કે તે આટલું બધું જીવ્યો અને પાછલા જીવનમાં સારી રીતે તંદુરસ્ત હતો, છતાં બાલ્યાવસ્થામાં તે એવો નાજુક હતો કે, તેનાં માતાપિતાને તેના શરીર વિષે ઘણી ચિંતા રહેતી. તેના મહાન ઉત્સાહથી તેના શરીરમાં બળ આવતું હોય એમ જણાતું.

મુલાકાતે આવનાર બ્રિટિશ ઑફિસરે જ્યારે પાછા જવાનો પોતાનો ઇરાદો દર્શાવ્યો, ત્યારે જનરલ મેરિયને કહ્યું: "ના, એમ ને એમ જવાય નહિ. અમારો જમવાનો વખત થયો છે અને શ્રીમાન! હું આશા રાખું છું કે, જમતાં તમારા સમાગમનો અમને લાભ આપશો." જનરલે આજુબાજુ આશ્ચર્યની નજરે જોયું; કારણકે તપેલું, કઢાઇ કે બીજા રસોઇના વાસણનું કાંઇ પણ ચિહ્ન તેણે જોયું નહિ; પણ તે સવારે તેણે જે આશ્ચર્યજનક બાબતો જોઇ હતી, તેમાંની આ પહેલી નહોતી. તેને પાટા બાંધી, સુલેહના વાવટા સાથે છાવણીમાં લાવવામાં આવ્યો હતો. દમામદાર સરદાર અને બ્રિસોનું લશ્કર જોવાની તે આશા રાખતો હતો. કેરોલિનાસમાં "સ્વેમા ફોક્સ" ની પ્રસિદ્ધ ટુકડી દરેક રાતા કોટ પહેરનારને ત્રાસ જેવી હતી. જ્યારે પાટો બસેડવામાં આવ્યો, ત્યારે તેને એક શામળા, ધુમાડા બાંધેલા, ચીંથરેહાલ, ગામઠી પોશાકવાળા એક ઠીંગણા માણસ આગળ લાવવામાં આવ્યો હતો એમ માલૂમ પડ્યું અને ઊંચા તથા સુંદર કપડાંવાળા સૈનિકોને બદલે તેણે શામળા રંગના, પીળા પગવાળા લશ્કરીઓ જોયા.

તે સરદારે આમંત્રણ સ્વીકાર્યા પછી મેરિયને પોતાના માણસોમાંના એકને કહ્યું: "વારૂ, ટોમ! બાણ લાવ." દેવતા ઉપર બટાટા શેકાતા હતા, તે તે સૈનિકે લાકડીવતી બહાર કાઢ્યા.

જનરલ મેરિયને બોલવાનું ચાલુ રાખ્યું: "મારા ધારવા પ્રમાણે અમારૂં આ બાણું તમને મીઠું લાગશે નહિ, પણ અમારી પાસે જેની સગવડ છે તેમાં તે સારામાં સારૂં છે."

તે અમલદાર સભ્યતાને બાતર તેમાંથી એક બટાકું બાવા લાગ્યો; પણ આ વિચિત્ર બાણાથી તેને હસવું આવવા લાગ્યું. તે બોલ્યો: "જનરલ! હું તમારી માફી માગું છું; પણ તમે જાણો છો કે હમેશાં માણસ પોતાના ઉપર કાબૂ રાખી શકે નહિ." મેરિયને જવાબ આપ્યો કે, "હું ધારૂં છું કે આ બાણું જીવનનિર્વાહની તમારી રીતિને અનુસરતું નહિ હોય." બીજાએ કહ્યું: "બરેબર નથીજ અને હું માનું છું કે, આ તમારૂં ઉપવાસનું બાણું છે. સામાન્ય રીતે તમારૂં જીવન ઘણું ઊંચું છે, એમાં કોઇ પણ પ્રકારનો શક નથી." જનરલ મેરિયને કહ્યું કે,

"ના, ના; તેના કરતાં પણ હલકું ખાણું અમે લઇએ છીએ; કારણકે ઘણી વખતે આ ચીજ પણ પૂરી પાધરી અમને મળતી નથી." તે અમલદારે અફસોસ બતાવ્યો અને કહ્યું કે, "પણ ખોરાકમાં કંજૂસાઇ રાખવામાં આવે છે તો તમને પગાર સારો મળતો હશે." મેરિયને જવાબ આપ્યો કે, "એક ઢોકળો પણ નહિ." તે અંગ્રેજ બોલી ઊઠ્યોઃ "ભલા ભગવાન! ત્યારે તમારી સ્થિતિ ખરાબ હોવી જોઇએ. જનરલ! તમે આ બધું શી રીતે નિભાવી શકો છો?" મેરિયને જવાબ દીધો કે, "કેમ નહિ, એ તો એક લાગણીનો સવાલ છે. આમાં હૃદયનોજ સવાલ છે અને કોઇ બાબતમાં માણસને હૃદયનો ઘણો ઉત્સાહ હોય તો માણસ ધારે તે કરી શકે. ૧૪ વર્ષ સુધી ગુલામ થઇને રહેવું એ ઘણા જુવાનોને મુશ્કેલ લાગે અને તેજ જુવાનો વળી પ્રેમમાં હોય અને તે પણ કોઇ મધુરી–કોઇ સુંદરીના પ્રેમમાં હોય, તો 'જુવાન જેકબ' ની માફક ૧૪ વર્ષની ગુલામીની પણ પરવા કરે નહિ. મારી સ્થિતિ પણ તેવીજ છે. હું પણ પ્રેમમાં છું. મારી પ્રિયતમાનું નામ સ્વતંત્રતા છે અને મારી પ્રીતિમાં ખરેખર હું સુખી છું. ઊંચામાં ઊંચા વૈભવો અને વિલાસોમાં રગદોળાઇ રહેવા કરતાં માત્ર કંદમૂળ ખાઇને, મારા દેશનું કલ્યાણ થાય, દેશ તરફનો મને આશીર્વાદ મળે, તે માટે લડવાનું હું પસંદ કરું છું. જે ભૂમિએ મને જન્મ આપ્યો છે, તે જમીન ઉપર હું હાલ ચાલું છું અને હું તેને માટે નાલાયક નથી એવા વિચારોથી પરમાનંદ માનું છું. મારી આજુબાજુ આ વિશાળ માનનીય વૃક્ષો હું જોઉં છું. મેં તેમની પ્રતિષ્ઠાની–તેમના ગૌરવની હાનિ કરી નથી, કરતો નથી એવી મને લાગણી થાય છે. ભવિષ્યના જમાનાનાં બાળકો ભલેને મારું નામ ન જાણે, પણ હું તેમના સ્વાતંત્ર્ય માટે અને સ્વાતંત્ર્યથી મળતાં અન્ય અસંખ્ય સુખો માટે લડું છું તે વિચાર કરતાં મારા હૃદયને ઘણો આનંદ થાય છે."

જ્યારે તે બ્રિટિશ અમલદાર પાછો આવ્યો, ત્યારે તેના કર્નલે પૂછ્યુંઃ "તમે આવા ગંભીર કેમ લાગો છો?" તેણે ઉત્તર દીધોઃ "ગંભીર દેખાવાને કારણ છે." "જનરલ મેરિયને સાંભળવા ના પાડી છે?" તે અમલદારે જવાબ આપ્યોઃ "ના." "ત્યારે શું વૃદ્ધ વૉશિંગ્ટને સર હેન્રી ક્લીન્ટનને હરાવ્યો છે અને આપણા લશ્કરને છિન્નભિન્ન કર્યું છે?" "ના, ના; તેમ

નથી; પણ તેથી પણ વધારે ખરાબ ખબર છે.” કર્નલે પૂછ્યું: “તેથી ખરાબ શું હોય?” અમલદારે જવાબ દીધોઃ “મેં તે અમેરિકન સરદારને અને તેના અમલદારોને પગાર વિનાના, લગભગ લૂગડાં વિનાના, કંદમૂળ અને પાણીથી ચલાવી લેતા અને સઘળાને સ્વાતંત્ર્ય માટે દૃઢ આગ્રહવાળા જોયા. આવા માણસો સામે વિજય મેળવવાને આપણને શી આશા છે?” પહેલીજ તકે તે અમલદારે પોતાનું કમિશન ફેંકી દીધું અને નોકરીમાંથી ફારેગ થયો; કારણકે તેને ખાતરી થઇ હતી કે જે, ઉત્સાહ વડે આવી મુસીબતો વેઠી શકાય અને મુસીબતો ઉપર વિજય મેળવી શકાય, તેના ઉપર જીત મેળવી શકાયજ નહિ.

બેદરકારીથી મહાન જીતો મેળવાતી નથી, લશ્કરની સરદારી લઇ શકાતી નથી, બેદરકારીથી જીવંત પૂતળાં ઘડાતાં નથી, બેદરકારીથી દૈવી સંગીત ગવાતું નથી, બેદરકારીથી કુદરતનાં બળ ઉપર કાબૂ મેળવી શકાતો નથી, બેદરકારીથી આત્મા કવિત્વ વડે દ્રવતો નથી અને બેદરકારીથી વીરને છાજે તેવી સખાવતો કરવા દુનિયા પ્રેરિત થતી નથી. ચાર્લ્સ બેલ હાથ વિષે લખે છે કે, “ઉત્સાહથી મેમનનું પૂતળું થયું અને થીબ્સના કાંસાના ઝાંપા લટકાવી દેવામાં આવ્યા. તે ઉત્સાહથીજ બલાસીનો કાંટો તેની ધરી ઉપર રહેતો, તે ઉત્સાહથીજ છાપખાનાનો ભારે સળિયો ઊંચકાતો, તેજ ઉત્સાહથી બહામા ટાપુના સવારના પવનમાં કોલંબસ ઉપર ફરફરતા ઊંચા સઢને પવનને અનુસરતો કરવામાં આવતો. સ્વાતંત્ર્યની લડાઇઓ જે સમશેરથી લડાઇ છે, તે સમશેરો આજ ઉત્સાહથી પકડાઈ છે. સુધારા માટે માર્ગ કરનારા બહાદુર લાકડાં કાપનારની કુહાડીને સમતોલ રાખનાર આ ઉત્સાહજ છે. જે ગહન પાનાં ઉપર મિલ્ટન અને શેક્સપિયરે પોતાના ઉત્સાહયુક્ત લેખ લખ્યા તેને હલાવનાર એ ઉત્સાહજ છે.”

હોરેસ ગ્રીલિ કહેતો કે, “મહેનતનું સારામાં સારૂં ફળ, પોતાના કામ માટે ઉત્સાહ ધરાવનાર ઊંચા દિલવાળો કામ કરનાર છે.”

સાલ્વિનીએ કહ્યું છે કે, “કામ કરવાની સારામાં સારી રીત આગ્રહથી મળે છે. **તમે જે કહો છો તેની તમને લાગણી છે, એવી ખાતરી તમે લોકોને કરી આપશો, તો તેઓ તમારી બીજી ઘણી ખામીઓ માટે દરગુજર કરશે;** પણ

સર્વથી પહેલાં અભ્યાસ કરો, અભ્યાસ કરો, અભ્યાસ કરવો જરૂરનો છે. **વિદ્યાર્થી બની તમે જો પરિશ્રમ નહિ કરો, તો કોઈ પણ કળા અગર ધંધામાં, દુનિયાની ગમે તેવી પ્રતિભા તમારામાં હશે, પણ તે કામમાં આવશે નહિ.** એકજ કામ ઉપર કાબૂ મેળવવામાં મારાં વર્ષનાં વર્ષ ગયાં છે.”

પોતાની ભાવના અગર ધંધામાં એક પ્રકારની ગતિ, હોંશ, જુસ્સો અને લગભગ અંધશ્રદ્ધા અમેરિકાના માનસિક બંધારણ અને જીવનમાં ખાસ જોવામાં આવે છે. આવી ભાવના ઉષ્ણ પ્રદેશમાં જોવામાં આવતી નથી; લંડન એક્ષચેન્જ ઉપર પણ તે સમયે તે જોવામાં આવતી નહોતી. અમેરિકા અગર ઑસ્ટ્રેલિયા-માં જ્યાં માણસે ફતેહ મેળવવી હોય ત્યાં તેણે પોતાના શરીરના અને મનના સઘળા ઉત્સાહથી કૂદી પડવું જોઇએ. તેની અસરનો આખરે વિસ્તાર થયો છે અને તે એટલે દરજ્જે વધ્યો છે કે પહેલાં જે અસર, માત્ર થોડા મહાન બુદ્ધિમાન પુરુષોનું ખાસ બળ ગણાતું હતું, તે હાલ આગેવાન પ્રજામાં ખાસ લાક્ષણિક થઇ પડી છે. ઉત્સાહ–તે જાગૃત જીવન છે. પોતાનું દિલ ચહાય તે કામ કરવાના પોતાના શરીરના દરેક તંતુનો તે ઝમઝમાટ છે, ચળ-વળાટ છે. આ ઉત્સાહથીજ વિક્ટર હ્યુગોએ “નોટ્ર ડામ” લખતાં પોતાનાં કપડાં પેટીમાં મૂકી દીધાં હતાં. પોતાનું કામ પૂરૂં ન થાય ત્યાંસુધી તે પોતાનું કામ છોડી શકે નહિ એ માટે તેણે તેમ કરવું ઉચિત ધાર્યું હતું.

એક નિષ્ફળ ગયેલા ઉપદેશકે મહાન એક્ટર ગૅરિકને શ્રોતા-જનો ઉપરની તેની સત્તાના રહસ્ય વિષે પ્રશ્ન કર્યો, ત્યારે તેણે ઉત્સાહનો સારો દાખલો આપ્યો. તેણે કહ્યું કે, “તમે જેને નિત્યસત્ય માનો છો, તમે જેને સાચું જાણો છો તે વિષે તમે બોલો છો, ત્યારે તમે જે કહેતા હો તે તમે પોતેજ ભાગ્યે માનતા હો એમ તમે બોલો છો; જ્યારે હું જે ખરૂં ન હોય, સાચું ન હોય, તેને ખરા દિલથી સાચું માનતો હોઉં તેમ વાત કરૂં છું.”

સર્વથી વધારે અનુકૂળ સોબતીનું નામ એક માણસે તેના બે સોબતી સહિત કાગળ ઉપર લખ્યું તે બાબતમાં તેની પસંદગીનું કારણ તેને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, “જ્યારે તે કોઇ ઠેકાણે આવે છે, ત્યારે દરેકે જાણે ‘ટૉનિક’ લીધું હોય, દરેક જણનો જાણે નવો જન્મ થયો હોય તે તેમને

લાગે છે. તે માણસ આતુરતા, જાગૃતિ, આનંદ અને ઉત્સાહથી ભરપૂર રહે છે. તેની સહાનુભૂતિ વીજળીના ચમકારા જેવી છે.” પોતાની પસંદગીના માણસની પ્રશંસા કરતાં બીજાએ કહ્યું કે, “ગમે તે પ્રસંગમાં પણ તે પોતાના સઘળા દિલથી મંડી પડે છે.”

પોતાના સર્વથી પ્રિય ઓળખીતા માણસ વિષે બોલતાં ત્રીજાએ જણાવ્યું કે, “દરેક બાબતને તે સારામાં સારા સ્વરૂપમાં આણે છે.”

આ ત્રણે ઇંગ્લેંડના મહાન પત્રના દેશવિદેશ ફરતા બબરપત્રીઓ હતા. જગતના દરેક ભાગની તેમણે મુલાકાત લીધી હતી અને સર્વ પ્રકારના માણસો સાથે વાતચીત કરી હતી. તે સઘળાના કાગળ તપાસવામાં આવ્યા, તો તે સર્વમાં ઑસ્ટ્રેલિયાના મેલબૉર્નના એક આગેવાન વકીલનું નામ જોવામાં આવ્યું.

મડમ ડી સ્ટેલે મોંશ્ય મોલને કહ્યું હતું કે, “મનુષ્યજાતિના અભિપ્રાયને માટે મને માન ન હોત, તો પહેલી વાર પણ નેપલ્સનો બખાત જોવાને હું મારી બારી ઉઘાડવાની તસ્દી લેત નહિ; પણ કોઇ પ્રતિભાશાળી મનુષ્ય, જેને હું મળી ન હોઉં, તેની સાથે વાતચીત કરવાને હું પાંચસો લીગ દૂર જાઉં.”

ઉત્સાહ એ નૈસર્ગિક મનુષ્યોની કૃતિઓ ઉપર અસર કરનાર ગુપ્ત અને મીઠી વૃત્તિ છે. તેના વડે અને તેના વડેજ એક ચોપડીનો વાંચનાર અગર પૂતળાનો જોનાર, કૃતિઓને ઉત્પન્ન કરનારના આદર્શની સમીપમાં આવે છે. કોઇ પણ મહાન કૃતિ તરફ આપણને સહાનુભૂતિ હોય તો તેના ઉચ્ચ ચિંતનની સ્થિતિમાંજ આપણે રહીએ છીએ.

બિથોવનનું ચરિત્ર લખનાર લખે છે કે, “ શિયાળાની એક અજવાળી રાત્રીએ બોનના સાંકડા રસ્તા ઉપર થઇને અમે ચાલતા હતા. એક નાના, હલકા જણાતા મકાન આગળ એકદમ અટકી તે મહાન સંગીત રચનાર બોલ્યોઃ ‘ચૂપ રહો, આ શેનો અવાજ છે? એફ.માંની મારી સોનેટોમાંથી તે છે. સાંભળો, વાદ્ય સાથે તે કેવું સારૂં ગવાય છે?’

“ અંતભાગની અધવચમાં આવતાં સંગીત અટક્યું અને ડચકાં ખાતા અવાજ સાથે કોઈ બોલ્યુંઃ ‘હું હવે ગાઇ શકતી નથી. તે એટલું સુંદર છે! તેને અનુસરતું ગાવાની મારામાં બિલકુલ શક્તિ

નથી. અફસોસ ! કૉલેાનના કૉન્સર્ટમાં જવાને દરેક ખર્ચ કરવા હું તૈયાર છું.' બીજું કોઇક બોલ્યું: 'ઉપાય ન હોય ત્યાં ઉદ્વેગ કરવાનું કારણ શું? આપણે આપણું ભાડું તો આપી શકતા નથી.' પહેલાં બોલનારે કહ્યું: 'તમારી વાત ખરી છે, છતાં જિંદગીમાં એકજ વાર કાંઇક ખરૂં અને સારૂં સંગીત સાંભળવાની મને મરજી થાય છે, પણ તે નિરર્થક છે.'

"બિથોવને કહ્યું કે, 'ચાલો, આપણે અંદર જઇએ.' મેં તકરાર કરી: 'અંદર જઇએ? શા માટે આપણે અંદર જઇએ?' ઉશ્કેરાયલા અવાજે મારા મિત્રે કહ્યું કે, 'હું તેની આગળ ગાઇબજાવીશ. આનું નામ લાગણી, આનું નામ પ્રતિભા, આનું નામ સમજશક્તિ. હું ગાઇશ, બજાવીશ અને તે સમજશે.' બારણું ઉઘાડતાં તે બોલ્યેા કે, 'માફ કરજો.' એક ટેબલ નજીક એક યુવાન પુરુષ જોડા દુરસ્ત કરતો હતો અને એક જૂની ફેશનના પિયાના ઉપર દિલગીરી સાથે હાથ ટેકવીને એક યુવાન છોકરી બેઠી હતી. તે બોલ્યેા: 'મેં સંગીત સાંભળ્યું અને તેથી અંદર આવવાની મને લાલચ થઇ. હું સંગીતશાસ્ત્રી છું. તમે જે વાત કરતાં હતાં, તે મેં સાંભળી છે. તમારે પેલું સંગીત સાંભળવું છે? તે સાંભળવાનું તમને મન છે ખરૂં? હું તમને તે ગાઇ બતાવીશ.'

"તે મોચી બોલ્યેા: 'હું તમારેા ઉપકાર માનું છું; પણ અમારેા પિયાનેા ઘણેા ખરાબ છે અને અમને સંગીત આવડતું નથી.'

"બિથેાવને કહ્યું: 'સંગીત નથી આવડતું! ત્યારે આ યુવાન બાઇને (તે છેાકરીને અંધ જોઇ) માફ કરજો' એમ કહીને તે અટકી પડ્યો. 'મને માલૂમ નહેાતું. ત્યારે મને કાનને–શ્રવણુને અનુસરી સંગીત ગાએા છેા? અને જ્યારે તમે કૉન્સર્ટમાં જતાં નથી, તેા સંગીત ક્યાંથી સાંભળેા છેા?'

"'બ્રુહલમાં અમે બે વર્ષ રહ્યાં હતાં અને અમે ત્યાં હતાં, ત્યારે અમારી નજીકમાં એક બાઇને અમે પિયાનેા વગાડતાં સાંભળી હતી. ઉનાળાની રાત્રીએ બારીએા સામાન્ય રીતે ઉઘાડી રહેતી અને તેને સાંભળવા માટે હું આમતેમ બહાર આંટા મારતેા.'

"બિથેાવન પિયાનેા વગાડવા બેઠેા. તે આંધળી છેાકરી અને તેના ભાઇ આગળ તેણે જે ગાયું–બજાવ્યું, તેવું તેની પાસેથી, તેની ઓળખાણનાં આટલાં બધાં વર્ષમાં મેં કદી સાંભળ્યું નહેાતું.

જૂનાપુરાણા વાદ્યને પણ પ્રેરણા થઈ હોય એમ જણાતું હતું. જાદૂઈ મીઠા રવ તાલબંધ ઊંચા સૂર સાથે હવામાં પ્રકટ થવા લાગ્યા અને તેથી તે યુવાન તથા સ્ત્રી જાણે મોહમૂર્છામાં પડ્યાં હોય એમ જણાયું. આવામાં બત્તીનો પ્રકાશ હાલવા લાગ્યો, ડૂબ્યો, ફડફડ્યો અને ઓલવાઇ ગયો. બારીનાં શટર ઉઘાડવામાં આવ્યાં. ચંદ્રનો ઉજ્જવલ પ્રકાશ દાખલ થયો, પણ ગાનાર વિચારમાં પડી ગયો હોય તેમ અટક્યો.

"તે જોડા બનાવનારે ધીરે અવાજે કહ્યું: 'અદ્‌ભુત મનુષ્ય! તમે કોણ છો અને શું કામ કરો છો?'

"તે ઉસ્તાદે કહ્યું: 'સાંભળો.' તેણે એફ.માંની શરૂની લીટીઓ ગાવા માંડી. તે યુવાન ભાઇબહેન તેને ઓળખી ગયાં અને આનંદ સાથે બોલ્યાં: 'ત્યારે તમે બિથોવન છો?' તેણે ચાલવા માંડ્યું, ત્યારે તેઓએ કહ્યું કે, 'ફરી એક વાર ગાઓ—ફરી એકજ વાર.'

"શિયાળાના નિરભ્ર આકાશના ઊંડાણુમાંથી અત્યંત મૃદુતા-સાથે પ્રકાશથી ચળકતા તારા ઉપર વિચારપૂર્વક દૃષ્ટિ નાખી તે બોલ્યો: 'ચંદ્રપ્રકાશના સંબંધમાં હું એક સંગીત રચી સંભળાવું છું.' પછી તેણે એક કરુણ, અત્યંત મનોહર ચલતી ગાઇ કે, જે વાદ્ય ઉપર, પૃથ્વી ઉપર ચંદ્રનો પ્રકાશ જેમ શાંતિથી સરે છે તેમ સરવા માંડી. આ પછી હરિયાળી ઉપર અપ્સરાઓ નાચતી હોય તેવો એક જાતનો વિલક્ષણ મધ્ય રંગ—અનિયમિત, નિરંકુશ, પિશાચી, ત્રિતાલ ગાવામાં આવ્યો. પછી ત્વરિત, ક્ષુભિત અંત આવ્યો. આ અંતમાં ત્વરિત કંપાયમાન આંદોલન હતાં—જેમાં ઉચ્ચ ગતિ, અનિશ્ચિતપણું અને આવેશમય ભયનું વર્ણન હતું. આ આંદોલનની ફફડાટવાળી પાંખ ઉપર અમે ઊડતાં હોઇએ એમ જણાયું. અમને બધાંને તેથી ભારે લાગણી થઇ અને આશ્ચર્યમાં અમે ગરકાવ થઈ ગયાં. તે ઊભો થયો અને બારણા તરફ વળતાં તેણે કહ્યું: 'સલામ!' તે યુવાન—યુવતીએ એકે શ્વાસે કહ્યું કે, 'તમે ફરી આવશોને?' બિથોવને ઉતાવળથી કહ્યું: 'હા! હા! હું ફરીથી આવીશ અને તે યુવાન બાઇને હું કાંઇક શીખવીશ. સલામ!' પછી તેણે મને કહ્યું કે, 'ચાલો આપણે ઉતાવળથી પાછા જઇએ. મને સાંભરે છે તેટલામાં હું તે સંગીત લખી નાખું.' અમે ઉતાવળા પાછા ફર્યા અને પ્રભાત થતાં થતાંમાં ચંદ્રપ્રકાશને લગતા પેલા સંગીતની પૂરી ૨૦ લીટીઓ

લખી તે ટેબલ ઉપરથી ઊઠ્યો.”

રેતી ઉપર દોરેલા એક સિદ્ધાંતમાં આર્કીમીડિસ એટલો લીન થઇ ગયો હતો કે, રોમન લશ્કરે સાઇરેક્યુઝ લીધું તેની તેને ખબર પડી નહિ. ખેંચેલી તલવાર સાથે રોમન સિપાઇ તેના ઉપર ધસી આવ્યો, ત્યારે તેણે તેને ઓળખ્યો નહિ અને રેતી ઉપરની આકૃતિઓ જોઇ તેણે કહ્યું: “તારો હાથ ઉપાડવો જરા બંધ રાખ. હું આ સિદ્ધાંત કરી રહું, ત્યાંસુધી મારી જિંદગી બચાવ.” પણ તે લશ્કરીએ એક પળની પણ ચેતવણી વગર તે સમયના મહાનમાં મહાન પુરુષનું ડોકું ઉડાવી દીધું.

બાર વર્ષ સુધી લગભગ પોતાની તબિયત બગાડીને પણ માઇકલ એન્જેલોએ શરીરછેદનશાસ્ત્રનો અભ્યાસ કર્યો; પણ આ રીતથી તેની પદ્ધતિ, કામ કરવાનો તેનો મહાવરો અને તેની કીર્તિ વધ્યાં. કાનસ, ટાંકણું અને ચીપિયા જેવાં જે જે ઓજારો તે શિલ્પવિદ્યામાં વાપરતો, તે તે પોતેજ બનાવતો. ચિત્રકામમાં પણ તે પોતેજ પોતાના સઘળા રંગ બનાવતો અને નોકર અગર વિદ્યાર્થીઓને પણ તે મેળવવા દેતો નહિ.

રાફેલના ઉત્સાહથી ઈટાલીના દરેક કલાવિદ્‌ને પ્રેરણા મળતી. તેની મર્યાદાશીલ મોહક રીતભાતથી ઇર્ષ્યા અને અદેખાઇ દૂર થઇ જતાં. કોઇ નામીચા માણસનું જીવન, દુશ્મન અગર નિંદા કરનાર સિવાય ગયું હોય તો તે તેનું હતું.

ફરી ફરીને બિચારા બનિયનને સ્વાતંત્ર્ય મળત; પણ પોતાની દીન આંધળી પુત્રીનો વિયોગ જે તેનાં હાડકાંમાંથી માંસ છૂટું પાડવા જેવો હતો, તે તે ઇચ્છતો નહિ. પોતાની ઉપર આધાર રાખતું કુટુંબ તંગીમાં છતાં સ્વાતંત્ર્યના પ્રેમને ખાતર અગર મહત્ત્વાકાંક્ષાના પ્રોત્સાહન વડે પણ તેણે સાર્વજનિક જગા-ઓ ઉપર ઉપદેશ કરવાનું કામ મૂકી દીધું નહિ. પોતાની બાળ-પણની કેળવણી તે એટલે સુધી વીસરી ગયો હતો કે, તેને લખતાં વાંચતાં, તેની સ્ત્રીને ફરી શીખવવું પડ્યું હતું.

શ્રદ્ધાથી ઉત્પન્ન થયેલો તેનો ઉત્સાહ એટલો બધો હતો કે તે વડે બેડફર્ડના આ ગરીબ, અજ્ઞાન અને તિરસ્કૃત કંસારાએ પોતાનું અમર રૂપક, તેમાં એટલો મોહ દાખલ કરી લખ્યું કે આખી દુનિયાએ તે વાંચ્યું છે. ચેતનમય શબ્દવાળા વિચારોજ

બીજાના હૃદયમાં ઠરી ગયેલો અગ્નિ પ્રજ્વલિત કરે છે.

મરહૂમ ફ્રાન્સિસ પાર્કમેનના કામ ઉપરથી તેણે એક મહાન સાહસને પોતાનું જીવન અર્પણ કર્યાનો દાખલો મળી આવે છે. હાર્વર્ડમાં જ્યારે તે વિદ્યાર્થી હતો, ત્યારે તેણે ઉત્તર અમેરિકા-માંના ફ્રેન્ચ અને અંગ્રેજોનો ઇતિહાસ લખવાનો નિશ્ચય કર્યો. અપ્રતિમ દૃઢતા અને આગ્રહ સાથે પોતાનું જીવન, પોતાની સંપત્તિ, પોતાનું સર્વસ્વ તેણે આ એક કામને અર્પણ કર્યાં. પોતાના ઇતિહાસની સામગ્રી એકઠી કરવા માટે જ્યારે તે ડેકો-ટાના ઇંડિયન્સ સાથે રહેતો; ત્યારે તેણે પોતાની તંદુરસ્તી ખરાબ કરી દીધી હતી. પચાસ વર્ષ સુધી એકી સાથે પાંચ મિનિટ કરતાં વધારે લાંબો વખત તે પોતાની આંખોનો ઉપયોગ કરી શકતો નહોતો; છતાં તેણે પોતાની યુવાનીમાં જે મહાન હેતુ નિર્ણીત કર્યો હતો, તેમાંથી એક તસુ પણ તે ખસ્યો નહોતો. આ વિષય ઉપર સારામાં સારો ઇતિહાસ તેણે રજૂ કર્યો છે. વ્યાકરણ ઉછીનું લેવાને લિંકન એક વખત છ માઈલ પગે ચાલીને ગયો હતો અને ત્યાંથી ઘેર આવ્યા પછી આ કીંમતી પુસ્તકનો અભ્યાસ કરવા માટે તેણે બધાં છોડિયાં બાળી દીધાં હતાં.

અંગ્રેજ ધર્મયોધ ગિલ્બર્ટ બેકેટને કેદ કરવામાં આવ્યો ત્યારે સેરેસન રાજકુમારના મહેલમાં તેને ગુલામ તરીકે રાખવા માં આવ્યો હતો. અહીં તેણે પોતાના માલિકનો વિશ્વાસ મેળ-વ્યો; એટલુંજ નહિ પણ તેના માલિકની ખૂબસૂરત છોકરીની પ્રીતિ પણ તેણે મેળવી. ધીરે ધીરે તે ત્યાંથી નાસી છૂટ્યો અને ઇંગ્લેંડ ગયો. તે પ્રેમાસક્ત બાળાએ પણ તેની પાછળ જવાનો નિશ્ચય કર્યો. અંગ્રેજી ભાષાના તે બેજ શબ્દ જાણતી, એક લંડન અને બીજો ગિલ્બર્ટ. પહેલું નામ લેવાથી તેણે લંડન જતા એક વહાણમાં જગા મેળવી અને ત્યાં પહોંચ્યા પછી મહોલ્લે મહોલ્લે તે બીજું નામ "ગિલ્બર્ટ" લેતી ફરી. આખરે જે મહોલ્લા-માં ગિલ્બર્ટ પૂર્ણ આબાદીમાં રહેતો હતો, ત્યાં તે આવી. તેની આજુબાજુના અસાધારણ ટોળાને લીધે તેનું કુટુંબ બારીએ આવ્યું. ગિલ્બર્ટે તેને જોઇને ઓળખી તથા ગિલ્બર્ટ એ પ્રિય નામ જપ-તી, આ ક્રૂરથી આવેલી રાજકુમારિકાને પોતાના ઘરમાં લઇ ગયો.

યુવાવસ્થાનું સૌથી વધારે દુર્નિવાર્ય આકર્ષણ, યુવાવસ્થાનો ઊભરાતો ઉત્સાહ છે. સામે આવી રહેલો અંધકાર યુવાવસ્થા જોતી

નથી, માર્ગ વગરની નેળ હોય એમ તેને માલૂમ પડતું નથી, જગતમાં નિષ્ફળતા જેવું કાંઇજ નથી એમ તે ધારે છે અને સત્ય, ઉદ્યોગ અને સૌંદર્યને બંધનમુક્ત કરે, તેવા યુવાનો માટે માનવજાતિ આટલા બધા સૈકાથી રાહ જોતી બેઠી છે.

હેન્ડેલને સંગીતને લગતા વાદ્યને નહિ અડકવા દેવાનું અને રખેને તે "**સા રી ગ મ**" શીખી જશે એમ ધારી શાળામાં જતાં અટકાવવાનું શું ફળ આવ્યું? ગાયા વગર એક વાદ્ય મધ્યરાત્રીએ વગાડવાની છાની ગોઠવણ તેણે એક ગુપ્ત કાતરિયામાં કરી. માત્ર આગ્રહથી બત્તી નહિ આપવાના કારણથી બાચ નામનો એક છોકરો ચંદ્રપ્રકાશથી પોતાના અભ્યાસની આખી ચોપડીઓની નકલ કરી લેતો. આ નકલો તેની પાસેથી લઇ લેવામાં આવી, છતાં તે નિરાશ થયો નહિ. ચિત્રકાર વેસ્ટ જ્યારે નાનો હતો, ત્યારે તેણે ચીતરવાની શરૂઆત એક કાતરિયામાં કરી હતી. પોતાથી પીંછી માટે તે બિલાડી ઉપરનાં રૂંવાટાં ઉતારી લેતો.

બીજી અવસ્થામાં જે કાંઇ કામ ન થઇ શકે, તે યુવાવસ્થાના ઉત્સાહથી બની શકે છે. ચાર્લ્સ કિંગ્સ્લી કહે છે કે, "યુવાવસ્થાના ઉત્સાહ તરફ લોકો સ્મિત કરે છે. એવો ઉત્સાહ પોતાનામાં નથી તે માટે તેઓ નિઃશ્વાસ નાખે છે અને તે તેમણે ઘણે ભાગે પોતાની ભૂલથીજ ખોયો છે, એમ તેઓ જાણતા નથી."

ડાન્ટેના ઉત્સાહથી જગતે કેટલું બધું મેળવ્યું છે?

ઇલિઝાબેથ બેરટ પ્રાઉનિંગ દસ વર્ષની ઉંમરે ગદ્યપદ્ય લખતી અને સત્તર વર્ષની વયે તેણે કવિતાનું એક પુસ્તક બહાર પાડયું હતું. ટેનિસને પોતાનું પહેલું પુસ્તક ૧૮ વર્ષની વયે લખ્યું હતું અને ૧૯ મે વર્ષે તેણે કેમ્બ્રિજનો ચાંદ મેળવ્યો હતો.

રસ્કિન કહે છે કે, "સઘળી કળાનાં સર્વોત્કૃષ્ટ કામ યુવાવસ્થામાં થયાં છે." ડિઝરાયલી કહે છે કે, "જે કાંઇ મહાન છે, તે સઘળું યુવાનોએ કર્યું છે." ડૉ. ડ્રમમંડ કહે છે કે, "જગતનું કલ્યાણ, પ્રભુના રાજ્યમાં, યુવાનોના હાથમાં છે."

બાર પરિશ્રમ યુવાન હર્કયુલિસેજ કર્યા હતા. ઉત્સાહી યુવાનો સૂર્યની સામેજ ધસે છે અને તેનો પડછાયો પાછળજ રહે છે. તેની યુવાવસ્થામાં હૃદય રાજ્ય કરે છે. પુખ્ત ઉંમરમાં મગજનું રાજ્ય ચાલે છે. યુરોપિયન સુધારણાને તેની બાલ્યાવસ્થામાં

ગૂંગળાવી નાખવાનો ભય ઉત્પન્ન કરનાર એશિયાનાં ટોળેટોળાંને પાછાં હઠાવનાર એલેક્ઝાંડર માત્ર એક યુવાનજ હતો. ૨૫ વર્ષની વયે નેપોલિયને ઇટાલી જીતી લીધું હતું. હેન્રી કર્કવ્હાઈટ ૨૧ વર્ષની ઉંમરે મરી ગયો હતો, પણ એક યુવાન તરીકે તે કેવું યાદગાર લખાણ મૂકી ગયો છે!

બાયરન અને રેફેલ ૩૭ વર્ષની વયે મરણ પામ્યા હતા. ઘણાં પ્રતિભાશાળી નરનારીઓ આ ઉંમરે મરણ પામ્યાં છે. પોપ આ ઉંમર કરતાં થોડા માસ વધારે જીવ્યો હતો. રોમ્યુલસે ૨૦ વર્ષની ઉંમરે રોમની સ્થાપના કરી હતી. પિટ્ટ અને બોલિંગબ્રૂક પુખ્ત ઉંમરના નહોતા ને પ્રધાન થયા હતા. ગ્લેડ્સ્ટન બીલતી યુવાવસ્થામાં પાર્લામેન્ટમાં દાખલ થયો હતો. ન્યૂટન ૨૫ વર્ષનો થયો, તે પહેલાં તેણે પોતાની કેટલીક મોટામાં મોટી શોધો કરી હતી. ક્રીસ્ત ૨૫ વર્ષની ઉંમરે મરણ પામ્યો હતો. શેલી ૨૯ વર્ષની વયે મરણ પામ્યો હતો. ૨૫ વર્ષની વયે લ્યૂથરે સુધારાનો ઝંડો ફૂતેહ સાથે ફરકાવ્યો હતો. ઇગ્નેશિયા લોયોલાએ પોતાની યાત્રા ૩૦ વર્ષની ઉંમરે કરી હતી. એમ કહેવામાં આવે છે કે, "ચેસ્ટરટન ૨૦ વર્ષની ઉંમરે જે કાંઇ કરતો, તે કોઇ પણ અંગ્રેજ કવિ કરી શકયો નથી." મિલેન્કથોને વીટેમ્બર્ગની ગ્રીક ભાષાના પ્રોફેસરની જગા ૨૧ વર્ષની ઉંમરે મેળવી હતી. વ્હીટફિલ્ડ અને વેસ્લીએ પોતાનું કામ તેઓ ઑકસફર્ડમાં વિદ્યાર્થીઓ હતા, ત્યારથી શરૂ કર્યું હતું અને વ્હીટફિલ્ડ ૨૪ વર્ષનો થયો તે પહેલાં તો ઇંગ્લેંડમાં તેના કામની ઘણી અસર થઇ હતી.

વિકટર હ્યુગોએ કરુણરસને લગતી પોતાની એક કૃતિ ૧૫ વર્ષની ઉંમરે લખી હતી. એકેડેમીનાં ત્રણ ઇનામ તેણે મેળવ્યાં હતાં અને તે વીસ વર્ષનો થયો તે પહેલાં તેણે "**માસ્ટર**"નો ઇલકાબ મેળવ્યો હતો.

જગતનાં મહાનમાં મહાન પ્રતિભાશાળી નરનારીઓમાંનાં ઘણાંની ઉંમર ૪૦ વર્ષ સુધી ગઇજ નથી. ઉત્સાહથી પ્રેરિત યુવાનને હાલ જે તકો છે, તે પહેલાં કદી નહોતી. યુવાન પુરુષો અને યુવાન સ્ત્રીઓનો આ જમાનો છે. તેઓનો ઉત્સાહ તે તેમનું તખ્ત છે. આ તખ્ત આગળ મંદ અને સુસ્તને નમવું પડે છે.

પણ જે એ ઉત્સાહ યુવાવસ્થામાં વિરુદ્ધતાથી, વિઘ્નથી હઠે નહિ તેવો હોય છે, તો તે વૃદ્ધાવસ્થામાં પણ રાખવામાં આવે, તો

કેટલો બધો ઉપયોગી થઇ પડે? ૨૫ વર્ષની ઉંમરના યુવાનનું, સમાન ભાવનાઓ સાથે જે વજન હોય, તેનામાં જે શક્તિઓ હોય, તેનાથી દસગણું વજન, દસગણી સત્તા ૮૦ વર્ષની ઉંમરે ગ્લેડ્સ્ટનને હતી. ઘડપણનો મહિમા તે ઉત્સાહનો મહિમા છે અને ધોળા વાળને જે માન મળે છે, તે નબળા શરીરની ઠંડી અસર થવા છતાં ઉત્સાહી હૃદયને લીધે મળે છે. ઑડેસી એક વૃદ્ધ, અંધ અને ગરીબ મનુષ્યની કૃતિ હતી અને તે વૃદ્ધ માણસ હોમર હતો. મિલ્ટને કહ્યું છે કે, "હું વૃદ્ધ, અંધ અને ગરીબ છું, તેથી ઈશ્વરની શક્તિ અગર ઇચ્છાને હું નિંદતો નથી; તે સાથે હું તલમાત્ર હિંમત અગર આશા પણ છોડતો નથી. હું હિંમતથી સીધે માર્ગે ધસ્યે જાઉં છું." ઇડનના પહેલા યુગલનો પ્રેમ જ્યારે તેણે ચીતર્યો, ત્યારે તેને ઘડપણ લાગેલું હતું. વૃદ્ધ સાધુ પીટરના સંસર્ગજન્ય હોંશથીજ યુરોપના વીરો ઇસ્લામ ઉપર તૂટી પડ્યા.

વેનિસના ડોજ ડેન્ડોલોએ ૯૪ વર્ષની ઉંમરે કેટલીક લડાઇઓ જીતી હતી અને ૯૬ વર્ષની ઉંમરે તેને તખ્ત મળતું હતું, તેને માટે તેણે ના પાડી હતી. ૮૦ વર્ષની ઉંમરે વેલિંગ્ટન કિલ્લાઓની યોજના ઘડતો હતો અને તે ઉપર દેખરેખ રાખતો હતો. બેકન અને હંબોલ્ટ છેલ્લી ઘડી સુધી ઉત્સાહી વિદ્યાર્થીઓ હતા, વૃદ્ધ મોન્ટેનને સંધિવા અને ચૂંકનું દર્દ છતાં તેની વૃદ્ધાવસ્થાના ડહાપણ અને પ્રીતિમય જીવનમાં બિલકુલ મંદતા નહોતી.

ડૉ૦ જોન્સનનો સારામાં સારો ગ્રંથ "લાઇવ્ઝ ઑફ ધ પોએટ્સ" (કવિચરિત્ર) તેની ૭૮ વર્ષની ઉંમરે લખાયો હતો. ડિફોએ રોબિન્સન ક્રૂઝો પ્રકટ કર્યું, ત્યારે તેની ઉંમર ૫૮ વર્ષની હતી. ૮૩ વર્ષની ઉંમરે ન્યૂટને "પ્રિન્સિપિયા" ઉપરની નવી પ્રીફ લખી હતી. ૮૧ વર્ષની ઉંમરે લખતાં લખતાં પ્લેટો મરણ પામ્યો હતો. હિબ્રુના અભ્યાસની શરૂઆત ટોમ સ્કોટે ૮૬ વર્ષની વયે કરી હતી. ગેલિલિયોએ ગતિના નિયમો વિષે લેખ લખ્યા ત્યારે તેની ઉંમર લગભગ ૭૦ વર્ષની હતી. જેમ્સ વૉટ ૮૫ વર્ષની ઉંમરે જર્મન શીખ્યો હતો. હંબોલ્ટે કોસ્મોસનો લેખ ૯૯ વર્ષની ઉંમરે પોતાના મૃત્યુથી એક વર્ષ પહેલાં પૂરો કર્યો હતો. બર્ક પાર્લામેન્ટમાં દાખલ થયો તે પહેલાં તેને ૩૫ વર્ષ થઇ ગયાં હતાં; પણ તેણે પોતાના ચારિત્ર્યથી જગત ઉપર અસર કરી. ૪૦ વર્ષની ઉંમરે અપ્રસિદ્ધ છતાં, ૪૨ વર્ષની ઉંમરે ઇતિહાસના સર્વ

પ્રસિદ્ધ સરદારોમાં ગ્રેન્ટે પદવી મેળવી. એલીવિટે કૉલેજ માટે તૈયારી કરવાનો નિશ્ચય કર્યો, ત્યારે તે ૨૩ વર્ષનો હતો અને જ્યારે તે ચેલમાંથી ગ્રેજ્યુએટ તરીકે બહાર પડ્યો, ત્યારે તેની ઉંમર ૫૦ વર્ષની હતી; છતાં તેના કૉટન જીનથી ઉત્તર તરફનાં રાજ્યો માટે મહાન ઔદ્યોગિક ભાવીનો ઉદય થયો. ૮૦ વર્ષની ઉંમરે પણ બિસ્માર્કની કેટલી સત્તા હતી? પામરસ્ટન છેવટ સુધી વૃદ્ધ છોકરા જેવો રહ્યો હતો. ૭૫ વર્ષની ઉંમરે બીજી વાર તે ઇંગ્લેંડનો વડો પ્રધાન બન્યો હતો અને ૮૧ વર્ષની ઉંમરે તે મરણ પામ્યો, ત્યારે પણ વડો પ્રધાનજ હતો. ૭૭ વર્ષની ઉંમરે આંધળો અને શરીરે નબળો ગેલિલિયો ઘડિયાળના લોલકના સિદ્ધાંતને અનુસરી દરરોજ કામ કરતો. જૉન્સને કહ્યું છે કે, "ગોલ્ડસ્મિથ જ્યારે યુવાન હતો, ત્યારે તેનામાં કાંઇ જાણવાજોગ હતું નહિ. કેટલાક વેલા એવા હોય છે કે, જેને પુષ્પ મોડાં આવે છે. ગોલ્ડસ્મિથનું પણ તેમજ હતું." જ્યૉર્જ સ્ટીવન્સન પુખ્ત ઉંમરનો થયો, ત્યાંસુધી લખતાં વાંચતાં શીખ્યો નહોતો. ૧૮ વર્ષની ઉંમર થઇ ત્યાંસુધી રિચર્ડ બેકસ્ટરને એક અક્ષરનું પણ જ્ઞાન નહોતું. લોંગફેલો, વ્હીટિયર અને ટેનિસનની કેટલીક સારામાં સારી કૃતિઓ ૭૦ વર્ષની ઉંમર પછી લખાઈ હતી.

૬૩ વર્ષની ઉંમરે ડ્રાયડને ઇનિડનું ભાષાંતર કરવા માંડ્યું હતું. ડેનિયલ વેબ્સ્ટરનો સાળો જૉન કૉલ્બી, પોતે બાઇબલ વાંચી શકે તે માટે ૮૪ વર્ષની ઉંમરે વાંચતાં શીખ્યો. ડાન્ટેનાં પુસ્તક અસલ ઇટાલિયન ભાષામાં પોતે વાંચી શકે, તે માટે ૬૦ વર્ષનો થયા પછી રૉબર્ટ હૉલ ઇટાલિયન શીખ્યો. ૫૦ વર્ષનો થયા પછી નોઆહ વેબ્સ્ટરે ૧૭ ભાષાનો અભ્યાસ કર્યો. ૧૧૫ વર્ષની ઉંમરે વ્યુડોવિકોએ પોતાના સમયનો ઇતિહાસ લખ્યો. સિસેરોએ કહ્યું છે કે, "માણસો દ્રાક્ષરસ જેવાં છે. જે દ્રાક્ષરસ ખરાબ હોય છે, તે વખત જતાં ખાટો થઇ જાય છે, બગડે છે; પણ જે સારો હોય છે, તે સમય જતાં સુધરે છે. ઉત્તર યુરોપની કઠિનતાને–કર્કશતાને જેમ અખાતના પ્રવાહ નરમ પાડે છે, તેમ ઉત્સાહ વડે વાળ ફેરી થાય ત્યાંસુધી જુસ્સાની જુવાનીને આપણે ટકાવી શકીએ. ઉંમર પ્રમાણે તમારૂં વલણ કઇ તરફ છે? જુવાની તરફ છે? તેમ ન હોય તો કામ માટેની તમારી લાયકી વિષે શક છે."

૧૨—કામ કરવાની કળા અગર

સાધારણ સમજ

"ઈશ્વરે પૂછ્યું, 'તારા કરતાં બળવાન કોણ છે?' અને બીજો ઉત્તર આપ્યો—'ચતુરાઈ.'" —વિક્ટર હ્યુગો

"ચતુરાઈ તક ઉત્પન્ન કરી શકે છે. ચતુરાઈ ન હોય ત્યાં તક મળી આવે, એ સ્થિતિ રહે છે." —બોવી

"તે સમયાનુસાર વર્તન કરશે, હસશે, સાંભળશે, શીખશે અગર શીખવશે." —એલીઝા કૂક

"જે માણસે દુનિયાનો અનુભવ લીધો છે, તે પોતે જે જાણે છે તેનો વધારેમાં વધારે લાભ લેશે; એટલું જ નહિ પણ જે ઘણી ચીજો તે જાણતો નથી તેનો પણ તે લાભ લેશે. પંડિત પોતાની અક્કલ અગર વિદ્વત્તા બતાવવાના કઠંગા પ્રયત્નથી જે કાંઈ મેળવશે તેના કરતાં, પોતાનું અજ્ઞાન છુપાવવાની કલાયુક્ત પદ્ધતિથી વધારે આબરૂ તે મેળવશે." —કોલ્ટન

"સામાન્ય શક્તિઓના લાભકારક ઉપયોગથી વખાણ થાય છે અને ખરી હોશિયારી કરતાં વધારે લાભ મેળવાય છે."

—રોચફોકોલ્ડ

"કલાથી ખરીદી થાય છે.

"કલાથી સમુદ્રમાંથી બહાર પડાય છે.

"વેબ્સ્ટર કે કલે સામા છતાં, કલાથી સેનેટમાં વોટ મેળવે છે." —હોમ્સ

"એક આખા પાકની આશા કરતાં એક તૈયાર રોટલો સારો છે."

"કુક કાઉન્ટીનો એક એકર યુરોપિયાના આખા પ્રાંત કરતાં વધારે સારો છે."

જ્યારે એક કાળા સિપાઇએ કૉન્ફીડરેટ અમલદારની પૂંઠ પકડી અને તેને પકડ્યો, ત્યારે તે અમલદારે કહ્યું કે, "હું એક કાળા માણસને તાબે કદી થઇશ નહિ." તે કાળા આદમીએ તેની સામે રાઇફલ ધરીને કહ્યું: "સાહેબ! હું ધણો દિલગીર છું. એમ હશે તો હું તમને મારી નાખીશ." તે અમલદાર શરણે થયો.

પગારના વધારા સિવાય જેઓ ગ્રેડનો વધારો માગતા હતા તેમને માટે એક વૃદ્ધ ટંડેલે બોલતાં કહ્યું: "પ્રેસિડન્ટ સાહેબ! હું તમારી આગળ આ બાબત રજૂ કરીશ અને તમે તે સ્પષ્ટ જોઇ શકશો. જુઓ, હું બાપ છું. મારો છોકરો વહાણનો ઉપરી અધિકારી છે. તેની પદવી મારા કરતાં પણ મોટી છે. તમને તે માલૂમ છે? એ કાંઇ ઠીક નથી. તમને તેમ લાગતું નથી?"

પ્રેસિડન્ટે કહ્યું: "ખરેખર, તેની નિમણુંક કોણે કરી?" ટંડેલે ઉત્તર આપ્યો: "આ સેક્રેટરીએ. હું તેની નીચે છું તે ઠીક નથી. તમે જુઓ છોને?"

"જો હું તેના વહાણ ઉપર જાઉં તો જે છોકરાને મેં મારી દેખરેખ નીચે ઉછેર્યો છે, તે તેના પિતા ઉપરજ હુકમ કરશે. એનો કાંઇક વિચાર કરો. મારા કરતાં તેને રહેવાનું સારૂં, ખાવાનું સારૂં, સરસામાન સારો, સુંદર સુંવાળા બિછાનામાં તે સૂઇ રહે છે. જુઓ!"

પ્રેસિડન્ટે કહ્યું: "આ દુનિયામાં અસમાનતા પણ ઘણી છે. તમારા જેવો બીજો કેસ હું જાણું છું. કેન્ટકીના એક નાના શહેરના એક બુઢ્ઢા પોસ્ટ માસ્તરને હું ઓળખું છું. એક નાના ઘરમાં તે ઘણી સાદાઇથી રહે છે. તે બુઢ્ઢો માણસ ઘણો સારો છે; પણ તેની પદવી ઘણી મોટી નથી. તમારા છોકરાની પદવી તમારા કરતાં મોટી છે; પણ એના છોકરાની પદવી એના બાપ કરતાં ઘણી મોટી છે. તેનો છોકરો વૉશિંગ્ટનમાં, મોટામાં મોટા ઘરમાં રહે છે, તેને સારામાં સારૂં ફર્નિચર છે અને પોતાની મરજી મુજબ ખાય છે, પીએ છે, તે ચાહે તો પોતાના પિતાને એક મિનિટમાં તેની જગાએથી ખસેડી શકે. તે વૃદ્ધ માણસનું નામ જેસિગ્રેન્ટ છે તે તમે જાણો છો? પદવીની અસમાનતાની તે દરકાર રાખતો નથી. તેનો છોકરો જગતમાં આગળ વધે છે, એ જાણી તેને આનંદ થાય છે એમ હું ધારૂં છું."

બીજા બલાસીઓ હસવા મંડ્યા. તેમણે તેની પીઠ થાબડી અને તેઓ ચાલ્યા ગયા.

સંગામન નદીના સુધારાના મુદ્દા ઉપર પહેલીજ વાર જ્યારે અબ્રહામ લિંકન ધારાસભામાં દાખલ થવા માગતો હતો, ત્યારે ત્રીસ માણસો, જેઓ ખેતરમાં અનાજ વાઢતા હતા, તેમના વોટ લેવા તે ગયો. તેઓએ અંદરના સુધારા વિષે કાંઇ પ્રશ્ન પૂછ્યા નહિ; પણ ધારાસભામાં તેમના પ્રતિનિધિ થવા માટે પૂરતું સ્નાયુબળ તેનામાં છે કે નહિ, તે વિષે તેમણે તેને પ્રશ્ન કર્યો. લિંકને એક ઓજાર લીધું અને સૌને મોખરે તે વાઢવા મંડ્યો; ત્રીસે જણે તેને વોટ આપ્યો.

નેપોલિયને આશ્ચર્ય સાથે પોતાના રસોઇયાને કહ્યું કે, "આ બાબત શી રીતે બને છે તે હું જાણતો નથી; પણ હું જ્યારે માગું છું, ત્યારે મારો નાસ્તો મને મળે છે અને તે સારી સ્થિતિમાં મળે છે. નાસ્તો લેવાનો મારો સમય નિયમિત નથી, કોઇ વખતે હું ૮ વાગ્યે લઉં તો કોઇ વખત ૧૧ વાગ્યે લઉં."

રસોઇયાએ કહ્યું: "નામદાર! એનું કારણ એ છે કે, દર પા કલાકે હું તમારે માટે જોઇતી ચીજ તૈયાર કરૂં છું, જેથી આપ માગો, ત્યારે તે ચીજ આપને ખાતરીબંધ અને સારી મળે છે."

આ જમાનામાં ચતુરાઇ જે કામ કરે તે બુદ્ધિ કરી શકતી નથી. બુદ્ધિની નિષ્ફળતા આપણે જ્યાં ત્યાં જોઇએ છીએ. ચતુરાઇ બુદ્ધિને એવી બનાવી શકે કે જિંદગીમાં ચતુરાઇ વગર દસ બુદ્ધિથી જે થઇ શકે તે આવી એક બુદ્ધિ વધારે ફળ ઉત્પન્ન કરી શકે. બુદ્ધિ બપોર સુધી બિછાનામાં પડી રહે છે. ચતુરાઇ—ચાલાકી છ વાગે ઊઠે છે. બુદ્ધિ એ શક્તિ છે, ચાલાકી એ કારીગરી છે. શું કરવું તે બુદ્ધિ જાણે છે. કેવી રીતે કરવું તે ચાલાકીનું કામ છે. બુદ્ધિ વિચાર કરે છે, ચતુરાઇ કામ કરે છે. તત્ત્વવેત્તાઓ ચર્ચા કરે છે, વ્યવહારકુશળ માણસો કામ કરે છે.

માત્ર વિચારજ કર્યા કરનારા, એક બાજુજ જોનારા અને વ્યવહારકુશળ નહિ, તેવા માણસો જેઓ એકજ શક્તિ તરફ પોતાનો સઘળો ઉદ્યોગ વાળે છે, તેવા આ જગતમાં ઘણા માણસ છે. આવા એક બાજુને જોનાર માણસોને આપણે ઘણી વાર પ્રતિભાશાળી કહીએ છીએ અને એક બાબત બીજાઓ કરે તેના કરતાં

તેઓ વધારે સારી રીતે કરે છે, એ કારણથી જગત ઘણી બાબતમાં તેમની વ્યાવહારિક નહિ તેવી અને લગભગ મૂર્ખતા ભરેલી ચાલચલગતને દરગુજર કરે છે. પોતાના વેપારમાં અમુક માણસ જબરજસ્ત હોય છે; પણ દીવાનખાનામાં જે કમઅક્કલ હોય તેની દરગુજર થાય છે.

"વેલ્થ ઑફ નેશન" નામના અર્થશાસ્ત્રને લગતા પુસ્તકથી એડમ સ્મિથે આખી દુનિયાને અર્થશાસ્ત્ર શીખવ્યું; પણ પોતાના ઘરના આવકખર્ચનો વહીવટ તે કરી શકતો નહિ. ઘણા મહાન પુરુષો, જીવનની સાધારણ બાબતોમાં વ્યવહારકુશળ હોતા નથી. આઇઝેક ન્યૂટન સૃષ્ટિનાં રહસ્ય ઉકેલી શકતો; પણ પોતાની બિલાડી અને તેનાં બચ્ચાં માટે બારણું ઉઘાડવા માટે બુરશીમાંથી ઊઠવું પડે તે કારણથી બિલાડી અને તેનાં બચ્ચાં જ્યારે ચાહે, ત્યારે દાખલ થઇ શકે તે માટે તેના બારણાના કાચમાં બિલાડી માટે એક મોટું અને બચ્ચા માટે એક નાનું એમ બે પાકાં પાડ્યાં હતાં! બિથોવન મહાન સંગીતવેત્તા હતો. છ બદન અને એક અડધો ડઝન રૂમાલ માટે તેણે ત્રણસો ફ્લોરિન મોકલ્યા હતા. કેટલીક વખત તેની સ્થિતિ એવી તંગ થઇ પડતી કે, માત્ર એક બિસ્કીટ અને પાણીનો એક ગ્લાસ તેને મળતાં છતાં તેણે પોતાના દરજીને ૩૦૦ ફ્લોરિન જેટલી રકમ અગાઉથી ધીરી હતી. જ્યારે પોતાને પૈસા જોઇએ અને કોઇ કાગળ વેચવો હોય, તો બૉન્ડમાંથી કુપન કાપી લેવા જેટલું પણ ધંધાનું જ્ઞાન તેને નહોતું. જોન્સન વિષે એમ કહેવાતું કે, "એક પતંગિયાને ચગદી નાખવાને અગર એક મચ્છરને મસળી નાખવા માટે તે હકર્યુલીસનાં મગદળનો ઉપયોગ કરતો." જ્યારે પોતાનો વ્યવહારકુશળ મિત્ર સ્ટ્રેફર્ડ પૈસાદાર થયો, ત્યારે ડિન સ્વિફ્ટ પોતાનાં ગામડાંમાં લગભગ ભૂખે મરતો હતો. નેપોલિયનનો એક સરદાર તેના પોતાના જેટલીજ લશ્કરી કળા જાણતો; પણ તે માણસોને એટલી બધી સારી રીતે ઓળખી શકતો નહિ. તેનામાં નેપોલિયનની હોશિયારી કે કળા હતાં નહિ. નેપોલિયન કદાચ પડે, તોપણ તે બિલાડીની માફક પગ ઉપર પડતો. ફ્લોરિડા કેસમાં તકરાર કરવા માટે ફી તરીકે મોટી રકમના બરડ કાગળના એક હજાર ડૉલર ડેનિયલ વેબ્સ્ટરને આપવામાં આવ્યા હતા. વેબ્સ્ટર આ વખતે પોતાની લાયબ્રેરીમાં વાંચતો હતો. બીજે દિવસે તેને

તેમાંના કેટલાક પૈસાની જરૂર પડી; પણ એક પણ ચેક જડ્યો નહિ. કેટલાંય વર્ષ પછી ચોપડીઓનાં પાનાં ઉથલાવતાં ઉથલાવતાં બિલકુલ સળ પડ્યા વગરનો એક ચેક તેને મળી આવ્યો. બીજું પાનું ફેરવતાં બીજો એક ચેક માલૂમ પડ્યો. વાંચતાં વાંચતાં વિચાર વગર મૂકેલા ચેક આમ એક પછી એક માલૂમ પડતા ગયા. તિજોરીમાં નવા સિક્કા પડ્યા છે, એમ જાણી વેબ્સ્ટરે હજારેક ડૉલરના સિક્કા લાવવા પોતાના સેક્રેટરી લાનમેનને હુકમ કર્યો. બે દિવસ પછી એક કાગળ માટે પોતાના ગજવામાં તેણે હાથ ઘાલ્યો તો માલૂમ પડ્યું કે, બધા કાગળ ચાલ્યા ગયા હતા. વેબ્સ્ટર પહેલાં તો મૂંઝાયો; પણ વિચાર કરતાં તેને સાંભર્યું કે, તેના મિત્રો જેઓ ડૉલરના આ નવા કાગળની સુંદરતા ઉપર મોહી પડ્યા હતા, તેમને તેણે એક પછી એક આપી દીધા હતા. ન્યુ ઇંગ્લેંડની કૉલેજનો ગણિતનો એક પ્રોફેસર જે વાચનનો કીડો હતો, તેને તેની સ્ત્રીએ ઘર માટે કૉફી લાવવા કહ્યું હતું. કૉફીના વેપારીએ તેને પૂછ્યું કે, "તમારે કેટલી કૉફી જોઇએ છીએ?" તેણે જવાબ દીધો કે, "કેટલી કૉફી લાવવી તે મારી સ્ત્રીએ કહ્યું નથી, પણ હું ધારું છું કે એક બુશલ બસ થઇ પડશે."

મહાન પુરુષો કેટલીક વાર એટલા બધા હૈયાસૂના હોય છે કે, તેમનામાં સામાન્ય સમજ પણ હોતી નથી. આવા હૈયાસૂના પ્રોફેસર લેસિંગે એક દહાડો પોતાનેજ ઘેર આવી બારણું ઠોકયું. અંધારાને લીધે તેને નહિ ઓળખનાર તેના નોકરે બારીએ આવી કહ્યું કે, "પ્રોફેસર ઘર આગળ નથી." લેસિંગે જવાબ દીધોઃ "વારૂ, ત્યારે કાંઇ ફિકર નહિ, હું બીજે વખતે આવીશ."

વેસ્ટ ઇંડિઝમાં આવેલા તાવના ઝપાટામાંથી એક બલાસી મરતાં મરતાં બચ્યો હતો. તેણે પોતાની નિમકહલાલ નર્સને સારાં ફળનો એક કંડિયો મોકલાવ્યો. આની આભારપૂર્વક પહોંચ સ્વીકારનાર એક પત્ર તરત તેને મળ્યો; પણ તેમાં પાછળથી એક તાજા કલમ કરવામાં આવી હતી. તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે, "જે કે ફળ સુંદર દેખાતાં હતાં, પણ કમનસીબે રસ્તામાં તે ખાટાં થઇ ગયાં હતાં અને તેથી નાખી દેવાં પડ્યાં હતાં." બલાસી બોલ્યો કે, "મીઠાશ કેમ મેળવવી તે આપણને આવડતું નથી, તેથી કોઇ પણ બાબતની મીઠાશ આપણને સમજાતી નથી."

લૂઇ ફિલીપ કહેતો કે, "યુરોપમાં રાજ્ય ચલાવવાને લાયક

રાજા તે એકલો હતો; કારણકે તે પોતાના બૂટને પ્લેકિંગ કરી શકતો હતો.” દેખીતી રીતે ઘણી સારી અક્કલવાળાં અને ઉચ્ચ કેળવણીવાળાં છતાં પોતાના નિભાવ જેટલું પણ કમાઇ ન શકે તેવાં સ્ત્રીપુરુષોથી દુનિયા ભરપૂર છે.

થોડાજ વખત ઉપર ઑસ્ટ્રેલિયામાં ઘેટાંને લગતા એક ફાર્મ ઉપર ત્રણ ગ્રેજ્યુએટ કામ કરતા જોવામાં આવ્યા હતા. એક ગ્રેજ્યુએટ ઑક્સફર્ડનો હતો, એક કેમ્બ્રિજનો હતો અને એક જર્મન યુનિવર્સિટીનો હતો. કૉલેજની કેળવણી લીધેલા માણસો પશુઓ ઉછેરતા હતા. મનુષ્યોના નેતા થવાને તેમને શિક્ષણ મળ્યું હતું; પણ તેઓ ઘેટાં ચારતા હતા. ફાર્મનો માલિક એક અજ્ઞાન, નિરક્ષર, બુદ્ધો, ઘેટાં ઉછેરનાર હતો. ચોપડીઓ અગર સિદ્ધાંતો વિષે તે કશું જાણતો નહિ; પણ તેને ઘેટાં વિષે જ્ઞાન હતું. તેના ત્રણ ભાડૂતી ગ્રેજ્યુએટો વિદેશી ભાષાઓ બોલી શકતા હતા અને અર્થશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો વિષે ચર્ચા ચલાવી શકતા; પણ પૈસા તો તેજ પેદા કરી શકતો. ઘેટાં અને ફાર્મ સિવાય બીજી કોઇ બાબત તે વાત કરી શકતો નહિ; પણ તેણે તો સારા પૈસા એકઠા કર્યા હતા અને કૉલેજવાળાઓને નિર્વાહનાં પૂરાં સાધન પણ મળતાં નહિ. યુનિવર્સિટી પણ સામાન્ય સમજ આપી શકતી નહિ. અજ્ઞાન સામે જ્ઞાન રેન્ચની (ઘેટાં ઉછેરવાની જગાની) સામે કૉલેજ હતી તેમાં રેન્ચની દરેક વખતે ફતેહ થતી.

પુસ્તકોથી લાભની ઘણી આશા રાખતા નહિ. બેકન કહેતો કે, “માત્ર પુસ્તકોના અભ્યાસથી તેનો ઉપયોગ શિખાતો નથી. અવલોકનથી જે વ્યાવહારિક જ્ઞાન મળે છે, તે તેનાથી મળતું નથી. પુસ્તકોનો ઉપયોગ પુસ્તકોની બહારજ જાણવામાં આવે છે.” એક ફ્રેન્ચ વિદ્વાન વિષે કહેવામાં આવે છે કે, તે પોતાની બુદ્ધિશક્તિમાં ડૂબી ગયેા હતો. વ્યાવહારિક જ્ઞાન વગરની કેળવણીથી માણસ નબળો પડી જાય છે અને બરી જિંદગી માટે નાલાયક બને છે. એકલી ચોપડીઓની કેળવણીથી માણસ હદ ઉપરાંત ટીકાખોર, પોતાનામાંજ રહેનારો, બીકણ, પોતાની શક્તિ વિષે હદબહાર અવિશ્વાસ રાખનારો, વ્યાવહારિક જીવનના યાંત્રિક પરિશ્રમ માટે ઘણો નાજુક, હદબહાર શિષ્ટ અને હમેશના કામ માટે લાયક નહિ તેવા નાજુક સંસ્કારવાળો તે બને છે.

પુસ્તકો અને કૉલેજના શિક્ષણથી માણસ શિષ્ટ બને છે, સંસ્કારી બને છે; પણ આ શિક્ષણ માત્ર નૈતિક શિક્ષણ હોય છે અને બળ તથા જુસ્સાનો ભોગ આપીને તે મેળવવામાં આવે છે. માત્ર ચોપડીઓની કેળવણી વ્યાવહારિક શક્તિઓને ઢીલી પાડનારી, તેનો નાશ કરનારી છે. ચોપડીઓમાં પડી રહેનાર પોતાનું વ્યક્તિત્વ ગુમાવે છે, તેનું મગજ સિદ્ધાંતોથી અને બીજાઓના વિચારથી ભરપૂર રહે છે. ફાર્મથી તેની સાથે આવેલા મજબૂત મનનું તેજ અને બળ કૉલેજમાં ઊડી જાય છે અને જ્યારે તે ગ્રેજ્યુએટ થાય છે, ત્યારે માણસો અને વસ્તુઓની સાથે બાથ ભીડવાની તેની શક્તિ ગઇ છે એમ જાણી તેને આશ્ચર્ય થાય છે અને જે છોકરાને આગળ વધવાની કોઇ તક નહોતી, પણ જેણે જિંદગીની સખ્ત લડતમાં પૂરી સાદી સમજ અને વ્યાવહારિક જ્ઞાન મેળવ્યાં છે, તેવો છોકરો જિંદગીની શરતમાં તેનાથી આગળ વધી જાય છે. પોતાની "કાખની ઘોડી" એ પોતાનું બળ છે, એમ કૉલેજના ગ્રેજ્યુએટ વારંવાર ભૂલ કરે છે. એ એવા ભાવનામય જગતમાં વસે છે કે, જ્યાં સાદી સમજ વસતી નથી. તેના સિદ્ધાંતો અગર તો વિવિધ જ્ઞાનસંગ્રહની જગત ઘણી ઓછી દરકાર કરે છે. જમાનાના પોકાર વ્યાવહારિક માણસોને માટે હોય છે. તમે શું જાણો છો અગર ક્યાંથી આવ્યા છો, તે આ સૈકામાં કોઇ પૂછતું નથી. તમે શું કરી શકો એમ છો, તેજ તે પૂછે છે.

કોલંબસે "ઇંડિયન ચિફ્સ" ને કહ્યું હતું કે, "અમે કેટલાક વખતથી તમારે ત્યાં આવ્યા છીએ અને પહેલાં જો કે તમે અમને મિત્ર તરીકે ગણ્યા હતા, પણ હવે તમે અમારી ઇર્ષ્યા કરો છો અને અમને હાંકી કાઢવા પ્રયત્ન કરો છો. દરેક સવારે તમે અમારે માટે પુષ્કળ ખોરાક લાવતા, પણ હવે તમે ઘણો ઓછો લાવો છો અને તે પણ દિવસે દિવસે ઘટતો જાય છે. તમે અમને ખોરાકી આપવાને કહ્યું હતું, તે મુજબ તમે લાવતા નથી તે માટે મહાન વનદેવતા તમારા ઉપર ગુસ્સે થયા છે. પોતાના ગુસ્સામાં તે સૂર્યને અંધારાથી ઢાંકી દેશે." સૂર્યનું ગ્રહણ થવાનું છે તે તે જાણતો હતો અને તેથી કયે દિવસે અને કયે કલાકે તે થશે, તે પણ તેણે કહ્યું; પણ ઇંડિયનોએ એ વાત માની નહિ અને ખોરાકીનો જથો ઓછો ને ઓછો કરવા લાગ્યા.

નક્કી બતાવેલા દિવસે એક પણ વાદળા સિવાય સૂર્યોદય

થયો. ઇંડિયન્સ માથાં ધુણાવવા લાગ્યા. સૂર્ય ઉપર કાંઇ પણ છાયા દેખાયા વગર કલાકે કલાક જવા માંડ્યા, તેથી તેઓ વિરુદ્ધતા બતાવવા લાગ્યા. આખરે એક કાળો ડાઘો સૂર્યની એક કિનારીએ જોવામાં આવ્યો અને જેમ જેમ તે છાયા વધારે જણાવા લાગી, તેમ તેમ તેઓ વધારે વ્યાકુળ થવા લાગ્યા. તેઓ કોલંબસને પગે પડ્યા અને મદદ માટે કાલાવાલા કરવા લાગ્યા. તેણે તેમને બનતા પ્રયત્ને બચાવવાને કહ્યું અને તે પોતાના તંબૂમાં ગયો. જ્યાં ગ્રહણ છૂટવાનો વખત થોડોજ બાકી રહ્યો, ત્યારે તે બહાર આવ્યો અને કહ્યું કે, "વનદેવતાએ તમને માફી આપી છે અને હમણાંજ સૂર્ય ઉપરથી તે અસુરને હાંકી કાઢશે. તમારે મને ફરી દુભાવવો નહિ." તેઓએ તરતજ તે બાબતમાં વચન આપ્યું અને જ્યારે સૂર્ય છાયામાંથી મુક્ત થયો કે તરત તેઓ કૂદવા મંડ્યા, નાચવા મંડ્યા અને આનંદ સાથે ગાવા લાગ્યા. એ પછી સ્પેનિયર્ડોને જે ખોરાક જોઇએ તે મળવા માંડ્યો.

વેન્ડેલ ફિલિપ્સે કહ્યું છે કે, "સાદી સમજ જે કાંઇ નક્કી છે, તેને નમી જાય છે અને તેનો લાભ લે છે."

જેઓને પોતાનું નામ પણ લખતાં નહોતું આવડતું, તેવા લોકોએ અંગ્રેજ સ્વાતંત્ર્યનો પાયો નાખ્યો હતો. **'બુદ્ધિ' એ કાંઈક છે, જ્યારે કામ કરવાની કળા-ચતુરાઇ એ બધુંજ છે.** એ છઠ્ઠી ઇંદ્રિય નથી, પણ પાંચ ઇંદ્રિયોનું જીવન છે. ઉઘાડી આંખ, સરવો કાન, નિર્ણાયક સ્વાદ, તીક્ષ્ણ ગંધ અને જ્વલંત સ્પર્શ, સર્વમાં તે રહે છે. સઘળી સમશ્યાઓની તે છોડવનાર, સઘળી મુશ્કેલીઓને તે તરનાર અને દૂર કરનાર છે.

બ્રિટનના કિનારા ઉપર ઊતરતાં જ્યારે સીઝરે ઠોકર ખાધી, ત્યારે તરતજ તેણે એક મૂઠી ભરીને રેતી લીધી. "ફતેહની તે નિશાની છે" એમ કહી તેણે તે ઊંચી કરી બતાવી અને તે રીતે પોતાની ભાવી પડતીના આ અપશુકન, પોતાના અનુયાયીઓથી હમેશને માટે છુપાવ્યા.

પોતાની અને શેક્સપિયરની વચ્ચે કરવામાં આવતા કેટલાક મુકાબલા વિષે ગેટેએ કહ્યું હતું કે, "શેક્સપિયર હમેશાં સમયને ઓળખી લઇ તેને અનુસરતું ત્વરિત કામ કરે છે; ત્યારે મારે અનુકૂળ વખત કયો તેનો પહેલાં વિચાર કરવાને થોભવું પડે છે."

એમ કહેવામાં આવે છે કે, "નિશાન બરાબર તાકી જાણનાર ડેવિડની ગોફણના એક ઝરામાંથી વીણી કાઢેલા થોડા કાંકરા, ગોલિયથના બલપૂર્વક પણ કઢંગી રીતે વાપરવામાં આવતા ભાલાના કરતાં વધારે અસરકારક થઈ પડે છે."

ઘણાં વર્ષ પહેલાં ઓહિયોના મૂર કુટુંબની ઓરડી આગળ એક ઉશ્કેરાયલો ઘોડેસવાર દોડતો આવ્યો અને બોલી ઊઠ્યોઃ "રાતી ચામડીવાળાઓ આવે છે, માટે બચાવ સારૂ તૈયાર થઈ રહો. તેઓએ નદીના પ્રવાહ તરફ એક કુટુંબના પ્રાણ લીધા છે અને હવે પછી તેઓ કયાં આવશે, તેની બબર નથી." ફિક્કા પડેલા ચહેરા સહિત મિસિસ મૂરે કહ્યુંઃ "અમે શું કરીશું? અમારી શિયાળાની ખોરાકી બરીદ કરવા મિ. મૂર કાલે બહારગામ ગયા છે."

"મિ. મૂર બહાર ગયા છે, ત્યારે તો કમબખ્તી. વારૂ, જેમ બને તેમ બારણાં સખ્ત બંધ કરજો. તમારો દેવતા હારી નાબજો અને આજ રાત્રે બત્તી સળગાવતાં નહિ." છોકરાઓ ઘોડો લાવ્યા હતા તે ઉપર પછી કૂદકો મારી, બેસી, બીજા રહીશોને ચેતાવવા તેણે ઘોડો મારી મૂક્યો.

મિસિસ મૂર નાનાં છોકરાંને ઓરડીને માળિયે મૂકી આવી અને ઓબેદ તથા જોને તેમની આગ્રહ ભરેલી વિનતિને અનુસરી જોખમની જગાએ નાખુશીથી બબર રાખવા મૂક્યા. ઓબેદ, જેણે સાંજના જરા વહેલા બેતરમાં કેટલાક પડછાયા હાલતાચાલતા જોયા તે ધીમેથી બોલ્યોઃ "જો! તેઓ આવે છે. પેલી બારી આગળ કુહાડી લઈ તું ઊભો રહે. અહીંયાં આ બારી આગળ રાઇફલ તાકી હું ઊભો રહું." ગોળીઓની બલેચી ઉઘાડી તેણે એક ગોળો કાઢ્યો; પણ તે તેની રાઇફલ કરતાં ઘણો મોટો છે, એમ જોઈ તે એકદમ બેભાન થઈ ગયો. તેના બાપે બોટી બલેચી લીધી હતી. કબાટમાં કોઈ નાની ગોળીઓ છે કે કેમ, તેને માટે તજવીજ કરવા જતાં ઓબેદ એક મોટા કોળા ઉપર બથડાઈ પડ્યો. જ્યારે પેલા માણસે તેમને ચેતાવ્યા, ત્યારે ઓબેદ અને જો તેનો ભૂતાવળ માટે ઉપયોગ કરવાનું ધારતા હતા. ઓબેદે પોતાનો કોટ કાઢી નાખી પેલા કોળાના ફ્રાનસ ઉપર નાબ્યો. આ કોળાને તેઓએ ઉઘાડી આંખો, નાક અને મોંવાળી દાંતિયાં કરતી રાક્ષસી મુખાકૃતિ આપી હતી. કોળાના પોલાણમાં તેણે

બત્તી મૂકી હતી, તે દેવતાથી તેણે સળગાવી અને ધીમેથી બોલ્યોઃ "હું જો તેમને વખત આપીશ, તો તેઓ લડાઇની બૂમ ઠોકશે." પછી તેણે આ આકૃતિ પેલી બારી ઉપર મૂકી; પછી તેના ઉપરથી કોટ પાછો ખેંચી લીધો અને કહ્યું: "ચાલો હવે." પેલો દાંતિયાં કરતો રાક્ષસ દેખાતાં એક અપાર્થિવ બુમરાણ પડયું. ઇંડિયનો જંગલ તરફ નાસવા લાગ્યા. "જો! તાકીદ કર અને બીજું સળગાવ. તેઓ શાથી ભડકયા છે, બીધા છે તે તને માલૂમ પડયું છે?" બીજા દેવતાઇ ચહેરાના દેખાવથી તે જંગલીઓએ છેવટની ચીસ પાડી અને જંગલમાં નાસી ગયા. સવારમાં સૂર્યોદય થતાં મિ. મૂર આવ્યા; પણ ઇંડિયનો પાછા આવ્યા. નહિ.

ન્યુયોર્કના બંદરમાંના એક વહાણ ઉપરથી પોતાની પીઠ ઉપર બોન્ડ સ્ટ્રીટ હોટેલે એક ટ્રંક લઇ જવા માટે પહેલીજ વાર થલો વીડ એક શિલિંગ કમાયો. હલકામાં હલકી સ્થિતિના છોકરાને હાલ જે તક મળે છે તેમાંની ઘણી થોડી તકો આ છોકરાને હતી; પણ તેનામાં નામ વગરની ચતુરાઇ અને સહજ જ્ઞાન હતાં. માણસોને તે જાણે ઉઘાડી ચોપડી હોય તેમ વાંચતો, માણસોને તે તે રીતે ઓળખતો અને તેમની પોતાની મરજી પ્રમાણે તેમની ઘટના કરતો. તે આત્મત્યાગી હતો. તેની ચતુરાઇ અને અક્કલની મદદથી ત્રણ પ્રેસિડન્ટો ચૂંટી કાઢવામાં આવ્યા હતા અને તેને ઇંગ્લેંડમાં એલચીની જગા તથા બીજી મહત્ત્વની સંખ્યાબંધ જગાઓ આપવામાં આવી હતી. તે દરેક માટે તેણે ના પાડી હતી.

ન્યુયોર્કના "હેરલ્ડ" પત્રનો યુરોપમાં ઘણો પ્રચાર હતો અને તે પરદેશમાં તથા સ્વદેશમાં કોન્ફીડરસી સાથે સહાનુભૂતિ ધરાવનારા લેખ લખી બહુ ભયંકર જાહેર જુસ્સો ઉત્પન્ન કરતું હતું. તેની સાથે સમાધાન કરવા લિંકને વીડને પસંદ કર્યો હતો. જો કે વીડ અને બેનેટ ૩૦ વર્ષ સુધી એકબીજા સાથે બોલ્યા નહોતા, તોપણ તેમની મુલાકાતને બીજેજ દિવસે "હેરલ્ડ" મજબૂત યુનિયન પેપર થયું. આ પછી યુનિયનમાંથી બીજાને છૂટાં પાડવાની મહેનત કરનારા એજંટોની નુકસાનકારક અસરની સામે થવા માટે વીડને યુરોપ મોકલવામાં આવ્યો. ફ્રાન્સનો શહેનશાહ દક્ષિણના પક્ષમાં હતો. ચાર્લ્સટન હાર્બરને ઘેરો નખાવાથી ફ્રેંચ કારીગરોને મળતો નહિ, તેથી

તે બહુ ગુસ્સે થયેા હતેા; પણ વીડની વિરલ ચાલાકીથી શહેનશાહના વિચારેા બદલાયા અને નેશનલ એસેમ્બ્લી માટે તેણે જે વિરેાધી ભાષણ તૈયાર કર્યું હતું, તેનું સ્વરૂપ બદલી મિત્રતાનું રૂપ આપ્યું. વીડ જ્યારે આ કામ માટે બહાર પડયેા, ત્યારે ઇંગ્લેંડ રાત્રિદિવસ લડાઇ માટે તૈયારીઓ કરતું હતું અને તરતજ તેણે જાહેર લાગણીના પ્રવાહમાં ઘણેા ફેરફાર કરી નાખ્યેા. અમેરિકા પાછા ફરતાં ન્યુયેાર્ક શહેરે તેની અનુપમ સેવા માટે જાહેર રીતે આભાર માન્યેા. તેના ધંધામાં પણ તે તેટલેાજ ફતેહમંદ થયેા અને દસ લાખ ડૉલરની દેાલત મેળવી.

નેપેાલિયનના લશ્કરને એક પૂલ વગરની નદી ઓળંગવાની હતી. તે નદી પાસે જ્યારે નેપેાલિયન આવ્યેા, ત્યારે તેણે તેના મુખ્ય એન્જિનિયરને કહ્યું કે, "આ નદીની પહેાળાઇ માપી લેા." "નામદાર શહેનશાહ! મારાથી તે બનશે નહિ. મારાં વૈજ્ઞાનિક ઓજારેા લશ્કર સાથે છે અને આપણે તેનાથી દસ માઇલ આગળ છીએ."

"આ નદીની પહેાળાઇ જલદી માપી આપેા." "નેક નામદાર! મારી મુશ્કેલી વિષે વિચાર લાવેા." "આ નદીની પહેાળાઈ એકદમ નક્કી કરેા, નહિ તેા તમારી જગા લઇ લેવામાં આવશે."

એન્જિનિયરે પેાતાના ટેાપનેા આગલેા ભાગ, જ્યાંસુધી તેની કિનારી પેાતાની આંખ અને સામા કાંઠાના વચ્ચેની એક સીધી લીટીમાં આવે, ત્યાંસુધી, નીચે આણ્યેા. પછી સંભાળપૂર્વક ટટાર થઇને, જે કાંઠા ઉપર તે ઊભેા હતેા તેને કિનારી કયાં અડે છે, તે તેણે પગની એડી ઉપર ફરી જઈ જોયું. કિનારી અને કાંઠાનું લેવલ એક સરખું હતું. પહેલાં બતાવેલી જગા સુધીનું અંતર પગલાંથી તેણે માપ્યું અને કહ્યું કે, "આ નદીની પહેાળાઈ આશરે આટલી છે." તેને પ્રમેાશન મળ્યું.

એક નવી તેાપ તપાસવાને કૉંગ્રેસની કમિટીના રિપેાર્ટના કાગળનેા એક ઢગલેા લિંકન આગળ મૂકવામાં આવ્યેા, ત્યારે તેણે કહ્યું કે, "કેાઇ માણસને હું મારે માટે ઘેાડેા તપાસવાને મેાકલું, તેા તેના મુદ્દા હું માગું. તેની પૂંછડી ઉપર કેટલા વાળ છે, તે હું પૂછું નહિ. મારા આયુષ્યમાં વધારેા થાય, તેાજ આ બધું વાંચવાનું મારાથી બને."

એક દેવળનાં બાર રૂપાનાં પૂતળાં તરફ આંગળી કરી, નેપોલિયને પૂછ્યું: "આ શું છે?" જવાબ મળ્યો કે, "બાર દેવદૂત." નેપોલિયને કહ્યું કે, "તે લઈ લો, તેને ઓગાળો, તેના પૈસા પાડો અને એ દેવદૂતના માલિકે—પ્રભુએ જેમ કર્યું હતું તેમ, ભલું કરવામાં તેનો ઉપયોગ થવા દો."

પ્રાઉન યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ એક વખત કહ્યું કે, "સોલોમનની કહેવતોમાં બહુ મોટું ડહાપણ હોય એમ હું ધારતો નથી. હું પણ તેવી કહેવતો તો કરી શકું." પ્રેસિડન્ટ વેલેન્ડે કહ્યું કે, "વારૂ, ત્યારે આવતી કાલે બે કરી લાવજો;" પણ તે બીજે દિવસે કરી લાવ્યો નહિ.

એક એડીરોન્ડેક વળાવાએ કહ્યું કે, "જીમ લોવેલ પુસ્તકો લખે છે અને ઇંગ્લેંડમાં તેણે જાદૂ કર્યું હોય એમ જણાય છે, પણ તે અજ્ઞાન માણસ છે; કારણકે જ્યારે અમે પ્રવાહમાં ભમત કરતા હતા, ત્યારે તેણે પ્રવાહની સામી બાજુ હોડી લઇ જવાને મને કહ્યું. એનો ઇરાદો કાંઠાની છાયામાં જવાનો હતો, પણ અમે આગળ વધી શક્યા નહિ. જે માણસને પ્રવાહની સાથે રહેતાં નથી આવડતું, તેને હું ઠપકાપાત્ર, અજ્ઞાન માણસ ગણું."

મોન્ટેન એક રાજાની વાત કહે છે: "આ રાજાનો એકનો એક છોકરો અચાનક મરી જતાં, તેણે ઈશ્વર સામે ક્રોધ કર્યો અને એક પખવાડિયા સુધી ખ્રિસ્તી ધર્મ રદ કર્યો."

બુદ્ધિ અને પ્રતિભા ઉપર ચાલાકી તથા સાદી સમજને મળેલી જીતો દરેક ઠેકાણે જોવામાં આવે છે. વૉલપોલ અજ્ઞાન માણસ હતો, પણ ઇંગ્લેંડ ઉપર તેણે ૨૫ વર્ષ સુધી હકુમત ચલાવી. પોતાનું લખેલું પોતે ઉકેલે તેટલું પણ શાર્લમેન લખી જાણતો નહિ; પણ આ મહાન પુરુષો માણસો અને વસ્તુઓને ઓળખતા અને દુનિયાને હમેશાં હલાવનાર, પ્રગતિમાન કરનાર વ્યાવહારિક ડહાપણ અને ચાલાકી તેમનામાં હતાં.

ચતુરાઇ, નહિ છૂટે તેવી ગાંઠોને એલેક્ઝાંડરની પેઠે છેદે છે અને તેનાં બળોને કીર્તિમાન કૃતેહ તરફ દોરી લઇ જાય છે. વ્યાવહારિક માણસ માત્ર તક જોતો નથી, પણ તકનો લાભ લે છે. મુશ્કેલીથી જેનું વર્ણન કરી શકાય એવો પ્રગતિનો એક ચોક્કસ ગુણ છે અને તે ગુણથીજ દુનિયાનાં મોટાં મોટાં ઇનામ મોટે

ભાગે જિતાય છે. લડાઇની કળામાં, બંદૂકનો દારૂ સુધ્ધાં, દરેક ચીજ પોતાને હાથે નેપોલિયન બનાવી શકતો. પોલ કેટલાકને બચાવી શકે તે માટે દરેક માણસની દરેક અનુકૂળતા પૂરી પાડતો. તાડ કઠણમાં કઠણ અને ઓછામાં ઓછું ફળદાયી વૃક્ષ છે, છતાં દક્ષિણ અમેરિકાના ગાઢ જંગલમાં ચૈતન્ય અર્પણ કરતાં સૂર્યનાં કિરણોથી નિર્ભાગી રહેવા કરતાં તે વેલાનું રૂપ પણ લે છે અને અજવાળામાંના કોઇ પણ થડ ઉપર વીંટળાય છે. સ્પર્ધાના જમાનામાં જેને આગળ પડવું હોય, તેણે ધામધૂમિયા ઉદ્યોગી જગતના સમાગમમાં રહેવું જોઇએ. વસ્તુઓના સ્વરૂપની બરાબરજ તેણે પોતાનું મન રાખવું જોઇએ. જેઓ નિરવધિની શોધ કરે છે અને અનંતને પકડે છે, પણ રોકડા પૈસા કદી આપતા નથી, તે વર્ગમાં તેણે રહેવું જોઇએ નહિ.

વૉશિંગ્ટનની પેટંટ ઑફિસમાં બુદ્ધિના ચમત્કારવાળી હજારો યાંત્રિક યોજનાઓ છે, જેમાંથી સોમાંની એકનો પણ પ્રયોગ કરવામાં આવ્યો નથી. પ્રદર્શન માટે જે ઓરડામાં આ ચીજો રાખવામાં આવી હતી, તે સિવાય બીજે કોઇ ઠેકાણે આ ચીજો જોવામાં આવશે નહિ. જેઓ પોતાની શોધક શક્તિઓથી પોતાના જાતિબંધુઓને કીંમતી મદદ કરવાને શક્તિમાન થવા જોઇએ, તેવા માણસોની દિવસ, મહિના અને વર્ષોની મહેનતના પરિણામરૂપ આ ચીજો છે; પણ આ ચીજોનું વ્યાવહારિક મહત્ત્વ વધે તેવા જરૂરી ગુણો, તેમાં નહિ હોવાથી, જેને માટે લોકોએ કશી દરકાર કરી નથી અગર જે કાંઇ બીજાં ઘણાંજ સાદાં અને વધારે સારાં સાધનથી થઇ શકે તેવાં સાંચાકામની શોધ અને બનાવટમાં તે શક્તિઓનો મિથ્યા વ્યય થાય છે.

જ્યૉર્જ સ્ટીવન્સન જે કાંઇ જાણતો, તેના કરતાં પણ ઘણું વધારે જાણનાર એન્જિનિયરો છે; પણ આ જ્ઞાનને કેવી રીતે અમલમાં મૂકવું, તે તેજ જાણતો. એક એડૂત, જે પોતાનું ભરણપોષણ કરી શકતો નહોતો, તેણે પોતાના ફાર્મનો અર્ધો ભાગ એક યુવાન માણસને વેચ્યો. આ યુવાન માણસે તેમાંથી તેની કિંમત જેટલા, તેમજ બાકીનો અર્ધો ભાગ ખરીદવા જેટલા પૈસા મેળવ્યા. તે ઘરડા માણસે પૂછ્યું કે, "હું ફતેહ પામતો નથી અને તમે કેવી રીતે ફતેહ પામ્યા?" તેના ઉત્તરમાં કહ્યું કે, "કામ કરવાની ચતુરાઇ."

એક જૂના રિવાજ મુજબ કેપ કોડના એક પાદરીને એપ્રિલ મહિનામાં એક જમીનના ટુકડા ઉપર પ્રાર્થના કરવાને કહેવામાં આવ્યું. જ્યારે તેને જમીન બતાવવામાં આવી, ત્યારે તેણે કહ્યું કે, "ના હું તેમ નહિ કરું. આ જમીનને પ્રાર્થનાની જરૂર નથી; ખાતરની જરૂર છે."

માણસને જેવો હોય તેવો જોવા માટે તમે તેને જ્યાંસુધી કાટખૂણે આણો નહિ, ત્યાંસુધી તેને ઉથલાવ્યેજ જવો જોઇએ. છબીને તમે જેમ સારા પ્રકાશમાં મૂકો છો તેમ તેને પણ મૂકો. જો તમે કાટખૂણો તથા અનુકૂળ પ્રકાશ મેળવશો, તોજ તેની ઉત્કૃષ્ટતા અને ખોડો જણાઇ આવશે. ખરા જીવનમાં, જુદી જુદી પંક્તિએ ગોઠવવામાં શાળાઓના આપણા સોબતીઓની સ્થિતિમાં કેટલો ફેરફાર થયો છે? જે છોકરો વર્ગનો આગેવાન હતો અને જેની સઘળા અદેખાઇ કરતા, તેને જે ધીરો અને બેવકૂફ ગણાતો છતાં જેનામાં દુનિયામાં આગળ વધવાની શક્તિ આપનાર એક પણ બળ હતું, તે કંગાળ જણાતા મૂર્ખે, પાછળ મૂકી દીધો. વર્ગના આગેવાનને માત્ર વિચારોનું જ્ઞાન હતું; પણ જમાનાની કઠોર અને વાસ્તવિક વસ્તુસ્થિતિની સામે થવાની તેનામાં શક્તિ નહોતી. પ્રતિભાશાળી પુરુષ ગમે તેટલો ઊંચે અને ગમે તેટલી ત્વરાથી જનારો હોય, તોપણ તેણે પણ એક પણ જરૂરી બાબત બાકી રાખવી નહિ અને ઘોડાની માફક કામ કરવાને તૈયાર રહેવું જોઇએ.

શેક્સપિયરમાં અદ્‌ભુત કુશળતા હતી. પોતાના નાટકમાં તે દરેક ચીજ બરોબર ઉતારતો. રાજા અને તેના માંડલિક, મૂર્ખ અને ફક્કડ, રાજકુમાર અને ગામડિયો, કાળા અને ગોરા, પવિત્ર અને અપવિત્ર, સાદો અને ગંભીર, આવેશો અને પાત્રો, આબરૂ અને ગેરઆબરૂ–પોતાની દૃષ્ટિમર્યાદામાંની દરેક ચીજે તે ઘૂંટતો અને પોતાના મહાન ચિત્રપટ ઉપર તેને ઉતારતો.

ધ્યાનમાં નહિ લેવા જેવા નાના જૂજ અપમાન માટે, ગુસ્સો બતાવવાથી કેટલાક લોકોની કળકળતી ખામી જણાઇ આવે છે. બીજાઓ ડોન ક્વીક્ઝોટની પેઠે પવનચક્કીની સાથે લડવાની ભૂલ કરે છે અને જાહેર વક્તા તથા અધિપતિઓ, જેઓને હમેશાં છેલ્લામાં છેલ્લું જે કહેવું હોય તે કહેવાની અનુકૂળતા છે, તેમની

સાથે તકરારમાં તેઓ ઊતરે છે. વૉશિંગ્ટનના ચારિત્ર્યબળના મહાનમાં મહાન અંશમાનો એક એ હતો કે, જ્યારે તેના ઉપર ગેરવાજબી હુમલો થતો, જ્યારે તેની ગેરવાજબી હાંસી થતી ત્યારે તે ખામોશ રાખતો.

આર્ટેમસ વૉર્ડ આ ઊભરાનું, આ પરપોટાનું વર્ણન સુંદર તીક્ષ્ણ ધારવાળી કલમથી કરે છે.

"વર્જિનિયા, જે પ્રમુખો અને બીજી ઘણી ચીજો ઉત્પન્ન થવાની જગા છે, ત્યાંના એક ગામમાં માણસના આકારના એક અધિપતિની ગાળો ખાવાનો વખત મારે આવ્યો હતો. તેણે મને પહેલાં તો છાપરે ચડાવ્યો. 'તમે નમ્ર, સજ્જન મેનેજર છો.' એમ તેણે કહ્યું; પણ મારે તો સઘળા સરખા એવા વિચારથી જ્યારે હું મારાં હેન્ડબિલ છપાવવા બીજી ઑફિસે ગયો, ત્યારે આ અધિપતિનું રૂપ બદલાઇ ગયું અને એન્જિન જેમ ધુમાડો કાઢે, તેમ તેણે મારા ઉપર ગાળોની વૃષ્ટિ કરી. તેણે કહ્યું કે, 'તમારાં મીણનાં કારખાનાંનાં પોગળ હું જાણું છું.' બુઢ્ઢા, ભટકતા, મૂર્ખ એવા શબ્દોથી તેણે મને ગાળો દીધી. પહેલાં તો મેં એને શિક્ષા કરવાનો વિચાર કર્યો; પણ તેના પેપરમાં તે મને તેથી પણ વધારે સજા કરશે એમ ધારીને તે વિચાર મેં મૂકી દીધો.

"લોકોને જ્યારે આવાં કંગાળ પત્રોની સાથે અથડામણમાં આવવું પડે, ત્યારે તેના ઉપર લક્ષ આપવું નહિ. વળી એટલું તો ખાસ ધ્યાનમાં રાખવું કે, આવા કોઇ અધિપતિ ઉપર હુમલો કરવો નહિ; તેથી તેને પ્રસિદ્ધિ મળે છે. તેને તો તેટલું જ જોઇએ છે. કાદવના કોઈ ખાબોચિયામાં કૂદી પડવાથી ફાયદો થાય તેવો ફાયદો તમને તેથી થશે. અધિપતિઓ સામાન્ય રીતે સારા માણસ, સજ્જન હોય છે; પણ ગામ હોય ત્યાં ઢેડવાડો પણ હોય છે."

જૉન જેકબ એસ્ટરમાં વ્યાવહારિક બુદ્ધિ ઘણા સારા પ્રમાણમાં હતી. અમેરિકાના એક પ્રવાસમાં દરિયાના તોફાનમાં બીજા ઉતારૂઓ તૂતકની આજુબાજુ નિરાશામાં દોડતા હતા અને હમણાં ડૂબી જઇશું એમ ધારતા હતા ત્યારે એસ્ટર નીચે ગયો અને શાંતિથી પોતાનો સારામાં સારો પોશાક પહેરી લીધો અને એમ બોલ્યો કે, "કદાચ વહાણ ડૂબે અને તે પોતે બચી જાય, તો પોતાનાં સારામાં સારાં લૂગડાં પણ બચે."

એક મુસાફરે એક યહૂદીને કહ્યું કે, "યહૂદી લોકો તેમની વેપારી શક્તિથી અમેરિકામાં તેમજ યૂરોપમાં આગળ પડતા જાય છે અને વેપારની કેટલીક બાબતોમાં તો તેમને એટલી બધી ઉત્કૃષ્ટતા મળી છે કે કોઇ પણ રીતે તેમને તેમાંથી પાછા હઠાવી શકાશે નહિ."

તેના સોબતીએ જવાબ દીધો કે, "તેઓ આગળ વધતા જાય છે એ વાત ખરી છે; પણ તમે તેમની વેપારશક્તિ વિષે વારંવાર શા માટે બોલો છો?"

"ત્યારે શું તમે તેને શક્તિ તરીકે ગણતા નથી?"

"શક્તિ! ના, તે તો પ્રતિભા છે. વેપારમાં બુદ્ધિશક્તિ અને પ્રતિભામાં શો ફેર છે, તે હું તમને કહીશ. જ્યારે એક માણસ બીજાની દુકાનમાં જાય છે, ત્યારે તેને જેની જરૂર છે, તે તેને વેચે છે, તે બુદ્ધિશક્તિનું કામ છે; પણ બીજો માણસ તે માણસની દુકાનમાં જઇને તેને જેની જરૂર ન હોય તે પણ વેચે છે, તેનું નામ પ્રતિભા કહેવાય છે અને તે પ્રતિભા મારી યહૂદી જાતમાં છે."

ચાતુર્ય એ એક પ્રજાકીય લક્ષણ છે. અન્ય પ્રજાઓ કરતાં સૈકાઓ પહેલાં ચીનાઓ છાપવાની કલા જાણતા. તેઓની પાસે લોહચુંબકની સોય અને દારૂગોળો પણ હતો; છતાં પણ તેને પોતાને લાભ થાય તેવી રીતે વાપરવાની તેમનામાં વ્યાવહારિક બુદ્ધિ નહોતી; પણ અંગ્રેજ અને બીજી યુરોપિયન પ્રજાઓએ તે વડે દુનિયાના સ્વરૂપમાં ફેરફાર કરી દીધો.

જરૂરિયાતથી ચાલાકી જન્મ પામે છે. ઘણી ગરમીવાળો પ્રદેશ જ્યાં વસ્ત્રની બહુ ઓછી જરૂર પડે છે અને જ્યાં ખારેક, નાળિયેર અને કેળાં જેવો તૈયાર ખોરાક મળે છે, ત્યાંના લોકોમાં ચાલાકી કે ચાતુર્ય જોવામાં આવતાં નથી. જ્યાં પોતાના નિભાવ માટે માણસને વધારેમાં વધારે ફાંફાં મારવાં પડે છે, ત્યાંજ તેનો વધારેમાં વધારે વિકાસ થાય છે.

૧૩—સ્વમાન અને સ્વવિશ્વાસ

"પ્રથમ તમે પોતેજ તમારા મિત્ર થાઓ એટલે બીજાઓ પણ થશે." —એક સ્કૉચ કહેવત

"અમીર માથું ધુણાવે, એ પણ મૂર્ખને માટે ભિજવાની જેવું છે." —ફ્રેન્કલીન

"જે માણસ કાંઇ પણ કરી શકે તે રાજા છે." —કાર્લાઈલ

"સ્વમાનની લાગણી ધર્મથીજ માત્ર બીજી પંક્તિની લાગણી છે. સઘળી જાતના દુર્ગુણ માટે તે અંકુશ સમાન છે." —બેકન

"સત્ય અને સાચા અંતઃકરણથી સ્વમાન અને સ્વપ્રશંસાની જે જે આંતરલાગણી થાય છે, તે માણસને થતા પવિત્રમાં પવિત્ર આનંદમાંનો એક છે." —સી. સાઈમન્સ

"સ્વમાન, આત્મજ્ઞાન અને આત્મનિગ્રહ આ ત્રણ સદ્‌ગુણોથી માણસનું જીવન સર્વોપરી સત્તા મેળવી શકે છે." —ટેનિસન

"સઘળા સદ્‌ગુણોની ચાવી સ્વમાન છે." —જૉન હર્શલ

"સૌથી પહેલાં તમારી જાતનું સન્માન રાખો."—પાયથેગોરાસ

"આપણી જાતને બેઆબરૂ કરનાર આપણેજ છીએ."
—જે. જી. હૉલેન્ડ

"મારા સિવાય મારી જાતને નુકસાન કરનાર કોઇજ નથી. હું જે નુકસાન ભોગવું છું તે મારી સાથે લઇને ફરું છું અને મારી પોતાની ભૂલથીજ હું ખરી રીતે દુઃખ ભોગવું છું."—સેંટ બર્નાર્ડ

"પોતાની જાતનો અવિશ્વાસ તે આપણી ધણીખરી નિષ્ફળતાનું કારણ છે. બળની ખાતરીમાં બળ રહેલું છે અને જેઓનામાં પોતાની જાતમાં અગર પોતાની શક્તિઓમાં વિશ્વાસ નથી, તે ગમે તેવા બળવાન છતાં પણ નબળામાં નબળા છે." —બોવી

"પવિત્ર અને વાજબી સ્વમાનવૃત્તિથી દરેક વખાણવા યોગ્ય અને લાયક સાહસ ઉદ્‌ભવે છે." —મિલ્ટન

એક ગરીબ સ્કૉચ વણકર હમેશાં પ્રાર્થના કરતો હતો કે, તેને પોતાને પોતાના વિષે સારો અભિપ્રાય થાય; કેમકે જ્યારે હું પોતાને પોતાના સંબંધમાં દાખલો ન બેસાડું તો બીજાને મારે વિષે ઊંચો વિચાર બાંધવાનું શી રીતે શીખવી શકું?"

જે માણસને પોતાને માટે માન હોતું નથી, તેને માન આપવામાં ફળ નથી, એમ ચીનાઓ કહે છે. મને મારી જાત માટે માન નથી, એમ દુનિયા જુએ તો મને ઢોંગી તરીકે ધકેલી કાઢવાને દુનિયાને હક્ક છે; કારણકે મને પોતાને મારે માટે સારો અભિપ્રાય ન હોય તોપણ બીજાના સારા અભિપ્રાય માટે હું હક્ક કરું છું. બીજા માટેના માનનો આધાર જે સિદ્ધાંતો ઉપર છે, તે ઉપરજ સ્વમાનનો પણ આધાર રહે છે. ન્યાયની તુલા દરેક હૃદયમાં રહે છે. જે ન્યાયાધીશ ખૂનીને સજા કરે છે, તેને પણ ખૂની માન આપે છે; કારણકે તેનો અંદરનો ધીરો પડેલો પણ અંતરનો અવાજ તેને કહે છે કે, "તે ખરું છે." કાંટાથી વજન કરતી વખતે કાંટા ઉપર કોણ છે, તે જોવાની દરકાર કાંટાવાળો કરતો નથી. તેને મન તો રાજા અને ભિખારી સમાન છે.

લિંકને કહ્યું છે કે, "તમે બધાં માણસને થોડોક વખત છેતરી શકો; અને થોડાક લોકોને સઘળો વખત પણ છેતરી શકો; પણ બધાજ લોકોને સઘળો વખત છેતરી શકો નહિ." વળી આપણે આપણી જાતને તો કોઈ પણ વખતે છેતરી શકીએ નહિ. આપણે માટે સ્વમાન મેળવવાનો તેમ ભોગવવાનો રસ્તો એકજ છે અને તે માનને લાયક થવું એ છે. જે માણસ પોતાના તરફ બેદરકારી બતાવે અને પોતાના પડછાયા તરફ બહુ માનની નજરે જુએ, તેને માટે શો વિચાર બાંધવો? મારી પોતાની ગણના કરવા માટે મારી પોતાની તરફ જોવાનો જગતનો હક્ક છે. આપણી પોતાની કિંમત આપણા પોતાના ઉપર આપણે પોતેજ લગાવીએ છીએ અને તેના કરતાં આપણે વધારે કિંમત બતાવી શકીએ નહિ. જ્યારે તમે કોઇ મંડળમાં દાખલ થાઓ છો, ત્યારે લોકો તમારાં મોં અને આંખો સામે જુએ છે અને તમારો તમારે વિષે શો અભિપ્રાય છે—તમે તમારી શી કિંમત આંકો છો, તે જાણવા તેઓ ઇચ્છા રાખે છે. તેઓ જો તેમાં કાંઇ હલકાપણું જુએ તો તમે તમારી કિંમત ઘણી હલકી આંકી છે કે નહિ તે તપાસવાની તેઓ શા માટે તસ્દી લે? તેઓ જાણે છે કે, તમને

તમારી જાતનો લાંબો પરિચય છે અને તેથી તમારી કિંમત તેઓ જાણે તેના કરતાં તમે વધારે સારી રીતે જાણો છો.

જનરલ વૂલ્ફ જ્યારે કેનેડા ઊપડ્યો તે પહેલાં તેણે સ્વાભિમાનથી જે શેખી કરેલી તે કંટાળા સાથે સાંભળ્યા પછી પિટ્ટે લોર્ડ ટેમ્પલને કહ્યું કે, "હે ભગવન્! દેશનું અને દેશના કારોબારનું ભવિષ્ય આવા માણસને મેં ક્યાં સોંપ્યું!" તે યુવાન સિપાઇએ તલવાર ખેંચી હતી, ટેબલ ઉપર પછાડી હતી, ઓરડામાં આજુબાજુ ફેરવી હતી અને પોતે મહાન કાર્યો કરશે એમ કહ્યું હતું.

વડા પ્રધાનને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, આ અહંકારી યુવાન માણસ તાવની બિમારીમાં પથારી ઉપરથી ઊઠશે અને અબ્રહામની ટેકરીઓ ઉપર પોતાનું લશ્કર લઇ જઇ વિજય મેળવશે. આ દેખીતો અહંકાર, તેની જીત મેળવવાની શક્તિની ભવિષ્યવાણી જેવો હતો.

સ્વમાનનો એક કલાક, હજાર મૂર્ખ જોનાર અને મોટા પોકારનાં વર્ષનાં વર્ષ કરતાં પણ વધી જાય છે તથા દેશનિકાલ થયેલો માર્સેલસ, જેના પગ આગળ સેનેટ છે એવા સીઝર કરતાં ઘણો મોટો અને વાસ્તવિક આનંદ ભોગવી શકે છે.

કોલોનાના સ્ટીવનને તેના પકડનારાઓએ તિરસ્કારથી પૂછ્યું કે, "હવે તમારો કિલ્લો ક્યાં છે?"

તેણે પોતાના હૃદય ઉપર હાથ મૂક્યો અને કહ્યું કે, "આ રહ્યો."

શરીરછેદનવિદ્યા જાણનાર વૃદ્ધ જૉન હંટરને તેના છેદનકાર્યો માટેના ટેબલ આગળ કામ કરતો જોઇ એક તબીબે કહ્યું: "હજુ તમે આટલી બધી સખ્ત મહેનત કરો છો?" "હા, ડૉક્ટર! જ્યારે હું મરી જઇશ, ત્યારે બીજો જૉન હંટર ખોળી કાઢવો તમને મુશ્કેલ પડશે."

"એક શહેનશાહતના પુનરુદ્ધાર માટે, એક મહાન પ્રતિભાયુક્ત વ્યક્તિની ઘટના કરવામાં ઈશ્વર એક સૈકો લે છે અને પછી એક સૈકો આરામ લે છે." એમ પોતાના દેશનો ૫૦ વર્ષ સુધી ફતેહમંદી સાથે કારોબાર ચલાવનાર ફ્રેડરિટસ બોલ્યો હતો. વળી તેણે કહ્યું હતું કે, "આથી મારા મરણ પછી ઓ-

સ્ટ્રયન રાજસભાનું શું થશે એ વિચાર કરતાં મને ખરેખર ફુલ્લરી છૂટે છે.”

૧૭૫૭માં વિલિયમ પિટ્ટે ડ્યુક ઑફ ડેવનશાયરને કહ્યું હતું કે, “ મારા વહાલા ઉમરાવ ! મને ખાતરી છે કે, હું જ મારા દેશને બચાવી શકીશ અને બીજું કોઇ પણ તેને બચાવી શકશે નહિ.” અને તેણેજ પોતાના દેશને બચાવ્યો હતો !

એક મિત્રને ભોળે ભાવે જેની લીન્ડે કહ્યું: “ હું આવું ગાઇ શકું છું તે શું ઠીક નથી ? ”

ચૌદમા લૂઇએ પોતાના પાદરીઓને કહ્યું કે, “ હા, એ બધી વાત ખરી–તમે કહો છો તેમ નિઃસંશય હું પાપી છું; પણ આવા એક મહાન રાજકર્તાનો તિરસ્કાર કરતાં દયાળુ પ્રભુ પણ ઘણો વિચાર કરશે. ”

વૉશિંગ્ટન ઇરવિંગ કહેતો કે, “ સારી પરિપક્વ થયેલી અને શાસનયુક્ત બુદ્ધિશક્તિની દરેક ઠેકાણે કિંમત અંકાય છે; પણ તેની માગણી થાય તે માટે તેણે ઘેર સંતાઇ રહેવું જોઇએ નહિ.”

આગળ પડતા અને ઉદ્ધત માણસો ફતેહ પામે છે, જ્યારે પાછળ રહેતા લાયકીવાળા માણસના હક્ક બેદરકારીથી ભુલાઇ જાય છે, એવી વાત આપણે સાંભળીએ છીએ; પણ એમ વારંવાર બને છે કે આ આગળ પડતા માણસોમાં તરત કામ કરવાનો અને ચંચળતાનો ગુણ હોય છે. આ ગુણ સિવાયની લાયકાત એ એક કામ નહિ કરી શકે એવી અસ્કયામત છે. **ઊંઘતા સિંહ કરતાં એક ભસતો કૂતરો ઘણી વાર વધુ ઉપયોગી થઇ પડે છે.**

જૉન સી. ફ્રેમોં જેને તેનાં વૈજ્ઞાનિક જ્ઞાન અને ફતેહથી હંબોલ્ટના મરણને લીધે યુરોપિયન વિદ્યાલયોની ખાલી પડેલી જગ્યા મળી હતી, જેના અદ્ભુત સાહસથી કૅલિફોર્નિંયા યુનિયનને મળ્યું હતું, જેનું પદ રાજદ્વારી જગતમાં એક વખત ઊંચામાં ઊંચું હતું, તેણે પોતાની છેવટની કારકિર્દી લગભગ અપ્રસિદ્ધિમાં પૂરી કરી હતી. તેના એક વિરોધીએ કહ્યું હતું કે, “ તેનામાં પોતાનું પોતાપણું બતાવવાનો બિલકુલ ગુણ નથી, તેનામાં પોતાને આગળ નહિ લાવવાની વૃત્તિ છે અને તેથી તેના

તરફ ધ્યાન આપવામાં આવતું નથી.”

યલ કૉલેજનો જૉન. સી. કાલ—હુન પોતાના અભ્યાસમાં મચ્યો રહેતો હતો. તેની સાથેના એક વિદ્યાર્થીએ તે માટે જ્યારે તેની હાંસી કરી, ત્યારે તેણે જવાબ દીધોઃ “ભાઇ! જ્યારે હું કૉંગ્રેસમાં દાખલ થાઉં, ત્યારે બરોબર કામ કરી શકું તે માટે હું વખતનો બરોબર ઉપયોગ કરું છું.” આથી પેલાને ઘણું હસવું આવ્યું. જૉને પૂછ્યુંઃ “તમને આ બાબતમાં શક છે? હું તમને ખાતરી આપું છું કે, હવે પછીનાં ત્રણ વર્ષમાં એક પ્રતિનિધિ તરીકે પ્રજાકીય પાયતખ્ત પર જવાની મારી શક્તિની મને ખાતરી ન હોત, તો આ કૉલેજ પણ આ ઘડી છોડી દેવાને હું તૈયાર થાત.”

અહંકારી લૉર્ડ અસ્કિર્નનો સવાલ કરને ફરીથી પૂછતાં કહ્યું કે, “ગ્રેટન પોતાને વિષે શું ધારે છે? ગ્રેટન પોતાને માટે બોલે! ગ્રેટન મહાન પુરુષ છે. ગ્રેટનને તમે કનડશો, તોપણ આત્મપ્રશંસાનો એક પણ શબ્દ તે બોલશે નહિ. ઘોડાની એક જોડીના બળથી પણ તેનો પોતાના વિષેનો અભિપ્રાય ખેંચી શકાશે નહિ—બહાર પાડી શકાશે નહિ. સઘળા મહાન પુરુષોની પેઠે તે પોતાની પ્રતિષ્ઠાનું જોમ જાણે છે અને પૂતળાંના તમાશામાં બ્યુગલ વગાડનારની માફક તે પોતાની પ્રતિષ્ઠાની અભિવૃદ્ધિ જાહેર કરશે નહિ. તે તો દેશની વેદી ઉપર ઊભો રહેલો છે. અગ્નિ અને ધૂપ કર્યા કરવાં એ તો હલકા માણસોનું કામ છે. હલકો પડી, આમાંનું એક પણ કાર્ય કરતો ગ્રેટનને કદી પણ તમે જોશો નહિ.”

બીજાઓમાં આપણને જે નાપસંદ અહમહમિકા જેવું લાગે છે, તે ઘણી વખત તે માણસોની કોઇ પણ ચીજ સંપાદન કરવાની શક્તિ વિષેનો તેમનો વિશ્વાસ મજબૂત રીતે બતાવી આપે છે. મહાન પુરુષોને હમેશાં પોતાને વિષે ઘણો વિશ્વાસ હોય છે. ઇંગ્લેંડના ઇતિહાસમાંના પોતાના પદ વિષે વર્ડ્ઝવર્થને ખાતરી હતી અને તેમ તે કહેતો પણ ખરો. ડાન્ટેએ પોતાની કીર્તિ વિષે ભવિષ્ય ભાખ્યું હતું. કિપ્લર કહેતો કે, “મારા સમકાલીન મારાં પુસ્તકો વાંચે કે ન વાંચે તેની મને દરકાર નથી. જ્યારે ઈશ્વરે મારા જેવા અવલોકનકાર માટે ૬૦૦૦ વર્ષ વાટ જોઇ છે, તો એક વાંચનાર માટે હું સૈકો રાહ જોઇશ, તો ફિકર નથી.” એક તોફાનમાં જુલિયસ સીઝરે પોતાના નાવિકને કહ્યું હતું કે, “ડરીશ

નહિ, તું જુલિયસ સીઝરને અને તેના સદ્‌ભાગ્યને પણ સાથે લઇ જાય છે.”

ઉચ્ચ પદવાળા મનુષ્યોમાં સામાન્ય રીતે જે અહમહમિકા જોવામાં આવે છે, તેની પણ જરૂર પડે છે. કુદરત તેવા માણસ આગળ જે ઉચ્ચ લક્ષ્ય રજૂ કરે છે,ત્યાં પહોંચતાં પહેલાં તે લથડી ન પડે તે માટે કુદરતજ તેને મોટી આશા આપે છે અને તે માટે-જ માણસ પોતાના માર્ગમાં આગળ વધવા માટે આગ્રહ રાખે તેવી પોતાને ખાતરી રહે તે સારૂ, ઠીક ન જણાય તેટલા પ્રમાણમાં પણ કુદરતે માણસને અહમહમિકા વૃત્તિ આપી છે.

સ્વવિશ્વાસ અનામત બળ બતાવે છે. કોઇ પણ કાર્યપ્રસંગને પોતે પહોંચી વળવાને શક્તિમાન છે, એમ કોઈ પણ માણસને જણાવી આપનાર સ્વવિશ્વાસ છે.

નૈતિક દૃષ્ટિએ વિચાર કરતાં જેઓ પોતાની જાત ઉપર વિશ્વાસ રાખે છે, તેમના ઉપર વિશ્વાસ રાખવો એ સાધારણ રીતે સહીસલામત છે; પણ જ્યારે માણસને પોતાનેજ પોતાની સાચવટ વિષે શક હોય, ત્યારે તેને વિષે બીજાઓને શક લાવવાનો વખત આવે એમ કહી શકાય. નૈતિક અવનતિ હમેશાં પોતાના ઘરથી અગર જાતથી શરૂ થાય છે.

નેપોલિયન બોનાપાર્ટ જ્યારે એક ક્ષુદ્ર ‘સબ લેફ્‌ટેનંટ’ હતો, ત્યારે તે માનતો હતો કે, જગતને પણ ધ્રુજાવે તેવી તેનામાં શક્તિ હતી.

આ ઉદ્યોગી જગતમાં પાછળ રહેતા લાયક માણસોની અપ્રસિદ્ધ ખૂણાઓમાં ખોળ કરવાનો વખત હવે માણસોને મળતો નથી. જ્યાંસુધી એક માણસ નાલાયક જણાઇ આવે, ત્યાંસુધી તેની પોતાની ગણતરી મુજબ તેની કિંમત તે આંકે છે. દુનિયા તો હિંમત અને મહાંઇને વખાણે છે અને જે યુવાન માણસ દુનિયામાં હોવું, એ એક નહિ માફ થઇ શકે તેવું પાપ છે, એવા હમેશાં માફીના દેખાવ સાથે ફર્યા કરે છે, તેને જગત ધિક્કારે છે.

સ્કેલિંગે કહ્યું છે કે, “ પોતે શું છે તેની માહિતી માણસમાં હશે, તો પોતે શું થવું જોઇએ તે વાત પણ તે તરતજ જાણી જશે. તેને પોતાને માટે વિચારમાં સન્માન હશે, તો વ્યવહારમાં પણ સન્માન તરત થશે. કોઇ પણ માણસની એવી દૃઢ સમાજ હોય

કે, તેની પાસે અમુક સાધન છે અગર ઊભાં કરી શકશે તો તેની પાસે તે છેજ એમ સમજવું. કોસથે કહ્યું છે કે, "નમ્રતા એ ડહાપણનો અંશ છે અને માણસની એક શોભા છે." પણ તેથી કોઇએ સ્વાશ્રયને ધિક્કારવો નહિ. બીજા બધા ગુણોમાં સ્વાશ્રય બરી મર્દાનગીનો મોટામાં મોટો ગુણ છે. ક્રાઉડે લખ્યું છે કે, "એક ઝાડને ફળ અગર ફૂલ આવે તે પહેલાં જમીનમાં તેનાં મૂળ દૃઢ ચોટવાં જોઇએ. પોતાના માનને ખાતર, અન્યની સખાવતથી અગર અકસ્માતમાં સ્વતંત્ર રહેવા માટે માણસે પોતાના ઉપર આધાર રાખતાં-ટટાર રહેતાં શીખવું જોઇએ. આજ પાયા ઉપર ઇચ્છવા લાયક માનસિક વિકાસની ઇમારત બાંધી શકાય."

જે સ્વસન્માન વડે, માણસ હલકાઈથી દૂર રહે છે અને અપમાન તથા ધપ્પાથી મુક્ત રહે છે, તેવી સ્વસન્માનની વૃત્તિ દરેક યુવકે રાખવી જોઇએ.

જૂઠાની પાછળ પડતા નહિ. તેને જેમને તેમ રહેવા દો, એની મેળે એનો અંત આવશે. લાયમન બીચર કહે છે કે, "હું ઉચ્ચ ચરિત્રનો ઉપયોગ હજી પણ વધારે કરી શકું. ઉચ્ચ ચરિત્ર ઉપરનો મારો વિશ્વાસ ઠગાઇથી કોઇ ઉઠાવી શકે એમ નથી."

લા રોશફોકોલ્ડ કહે છે કે, "એક જાતનો આંતર ઉત્કર્ષ એવો છે કે જેનો દોલત ઉપર આધાર નથી. તે એક જાતનો એવો દેખાવ છે, જેથી આપણે એકબીજાથી જુદા પડી જઇએ છીએ અને તેથી મહાન બાબતો માટે આપણે નિર્માણ થતા હોઇએ એમ જણાય છે. વળી તેથી આપણી પોતાની કિંમત આપણે પોતેજ અણધારી રીતે આંકીએ છીએ. આ ગુણથી બીજાઓ તરફથી આપણને સન્માન મળે છે અને તે વડે સામાન્ય રીતે જન્મ, ગૌરવ અગર લાયકાત કરતાં પણ વધારે ઉચ્ચ પદ ઉપર આપણે મુકાઇએ છીએ."

વેબ્સ્ટર કહે છે કે, "છીછરા મનના ઢોંગીઓજ નામાંકિત કુળને અંગત લાયકાત તરીકે ગણે છે અને અપ્રસિદ્ધ કુળને અંગત હલકાઇનું કારણ ગણે છે. જે માણસને પોતાની જાતથી શરમાવા જેવું નથી, તેને પોતાની આગલી સ્થિતિથી પણ શરમાવા જેવું નથી. ઘણાં વર્ષો પહેલાં જ્યારે ન્યુ હેમ્પશાયરની

અને કેનેડાની નદીઓ ઉપરનાં સંસ્થાનો વચ્ચે ગોરા માણસનું કોઇ પણ રહેઠાણ નહોતું, તેવે સમયે ત્યાં બરફના ઢગલા ઉપર ઊભી કરેલી ઓરડીમાં મારો જન્મ થયેલો હોવાનો મને વિચાર આવ્યો.

"તેનું ખંડિયેર હજુ પણ છે. હું દર વર્ષે ત્યાં જાઉં છું અને મારાં છોકરાંને પણ ત્યાં લઇ જાઉં છું તથા તેમના પૂર્વજોને કેટલાં સંકટ પડ્યાં હતાં તે શીખવું છું. આ જૂના-અસલના કુટુંબનિવાસ વિષે જે સઘળું હું જાણું છું અને તેની સાથે જે મૃદુ સ્મરણ, એક સંબંધની ગાંઠ, બાળપણના પ્રેમ અને વૃત્તાંતો તથા બનાવો જોડાયલા છે, તેનો વિચાર કરતાં મને આનંદ થાય છે. તે વખતે જેઓ ત્યાં વસતા હતા, તેમાંનું કોઇ પણ હાલ જીવતું નથી; તેનો વિચાર કરતાં મને રડવું આવે છે. જેણે તે રહેઠાણ ઊભું કર્યું અને જંગલી લોકોના અત્યાચારથી તેને બચાવી લીધું, જેણે આ મકાનમાં ઘરનાં સઘળાં સુખસગવડ માટે કાળજી રાખી અને રાજવિપ્લવ-ઉથલપાથલની સાત વર્ષની લડાઇની ખાનાખરાબીમાં જેણે પોતાના દેશની સેવા માટે કે પોતાના કરતાં પોતાનાં બાળકની સ્થિતિ વધારે ઉન્નત કરવા માટે, કોઇ પણ પ્રકારનો શ્રમ કે ત્યાગ કરવામાં કચાશ રાખી નહિ, તેને માટે પ્રીતિયુક્ત સન્માન દર્શાવવામાં હું નિષ્ફળ જાઉં, તેના કરતાં તો મારું અને મારા વંશનું નામ માનવજાતિમાંથી ભૂંસાઇ જાય, એજ વધારે સારું!"

એક વાર કોર્ટમાં તકરાર કરતાં કરતાં કહ્યું કે, "મેં મારી સઘળી કાયદાની ચોપડીઓનો અભ્યાસ કર્યો છે અને સામા પક્ષનો વકીલ જે સિદ્ધાંત માટે તકરાર કરે છે, તેવો સિદ્ધાંત કોઇ ઠેકાણે નિર્ણીત થયો હોય તેવો એક પણ કેસ મને માલૂમ પડ્યો નથી."

જજ રૉબિન્સન, જે તેનાં કેટલાંક ખરાબ રીતે લખાયલાં ખુશામત અને આક્ષેપોથી ભરપૂર ચોપાનિયાં વડે આ જગ્યા સુધી ચડી ગયો હતો તે વચ્ચે બોલી ઊઠ્યો કે, "મિ૦ કરેન! મને વહેમ છે કે, કાયદાની તમારી લાયબ્રેરી સંકુચિત છે." તે વકીલે શાંતિથી અને જજની સામે દૃઢતાથી નજર કરી કહ્યું: "સાહેબ! હું ગરીબ છું, એ વાત ખરી છે અને તેથી મારે મારી

લાયબ્રેરી સંકુચિત કરવી પડી છે તથા મારે ઘણી ચોપડીઓ નથી તે પણ ખરૂં; પણ જે કાંઇ છે તે ખાસ કાળજીથી પસંદ કરેલી છે અને યોગ્ય ક્રમ અને વ્યવસ્થાથી મેં તે વાંચી છે, એમ હું ધારૂં છું. ઘણી ખરાબ ચોપડીઓ વાંચી જવાને બદલે થોડી સારી ચોપડીઓનો અભ્યાસ કરી મેં આ ઊંચા ધંધા માટે તૈયાર કરી છે. **હું ગરીબીથી શરમાતો નથી, પણ પૈસા માટે દાસત્વ અને લાંચ જેવાં હલકાં કામથી શરમાઉં છું. હું ભલે કોઇ પદવી ઉપર નહિ ચઢું, પણ હું પ્રમાણિક તો રહીશ.** ઘણાએ દાખલા ઉપરથી મને માલૂમ છે કે, ખરાબ રીતે થયેલી ચડતીથી હું કદાચ બહુ જાહેરમાં આવું ખરો; પણ બધા તરફથી તેજ કારણથી હું તિરસ્કારને પાત્ર પણ જરૂર થઇ પડું."

માઇકલ રેનલ્ડ્સ કહે છે કે, "**સ્વાશ્રય એ ચારિત્રનો ઘણોજ સરસ ઉત્તમ અંશ છે,** મોટી મોટી ફતેહો તે વડે મળે છે. દુનિયાના સ્મરણમાં રહેવાનો દિવ્ય હકક જેમણે મેળવ્યો છે, તેવા માણસો સાથે સંબંધ જોડવાના પ્રસંગ પણ સ્વાશ્રયથીજ પ્રાપ્ત થાય છે.

સ્વમાન અને સ્વવિશ્વાસથી શક્તિનું જે ભાન થાય છે, તે બીજા કશાથી થતું નથી. પોતાના ઉપર આધાર રાખનારમાં જે ઉચ્ચ સ્વાભિમાન પ્રકાશે છે, તે બીજા ઉપર ટેકો રાખનાર, અદૃઢ અને નિશ્ચય વગરનાં માણસો જાણતાં નથી તેમ જાણી શકે પણ નહિ. સ્વાશ્રયી માણસને રાજપદ મળ્યું હોય, તોપણ એ રાજપદનો આનંદ તેને નથી હોતો; પણ રાજપદ મેળવવાના પોતાનામાં શક્તિ છે તેનોજ આનંદ તેને હોય છે.

"**સૌથી પહેલી મહત્ત્વની બાબત એ છે કે, તમને સાચું લાગે તે કરવું અને જાત ઉપર વિશ્વાસ રાખવો.**

"અને જેમ રાત્રી પછી દિવસ આવે છે, તેવી ખાતરીથી માનજે કે, એમ કરવાથી તું કોઇ પણ મનુષ્યનો દ્રોહ કરીશ નહિ અને તું કોઇ પણ મનુષ્ય આગળ જૂઠો પડીશ નહિ."

૧૪—પૈસા કરતાં પણ મોટું કાંઈક છે.

"લોકો ભલે તને ધનવાન કહે, પણ હું તો તને ગરીબજ કહું છું; કારણકે તું જો તારા ધનના સંચયનો ઉપયોગ કરી શકે નહિ અને ફક્ત તારા વારસોને માટેજ બચાવી રાખે, તો તે સંચય તારો નથી પણ તેમનો છે." —કાઉપર

"પૈસાનેજ મોટો ગણી જિંદગી બરબાદ કરવામાં આવે, તો પછી બરબાદ ગયેલી જિંદગીને પૈસાની કિંમત રહેતી નથી."
—એક જાપાનિઝ કહેવત

"પ્રીતિ વગરની સ્વાર્થમય જિંદગી ગાળ્યા પછી, ભલેને એક મોટો રોજો બંધાવવામાં આવે, પણ તેના કરતાં ઉપયોગી આત્મ-ત્યાગપૂર્ણ જીવન ગાળ્યા પછી સસ્તું અને હલકું કફન તથા સાદી મૃત્યુક્રિયા થાય, એ વધારે સારૂં છે."

"શું પૈસો સુખ આપી શકે છે ? જરા તપાસ કરો, તો જણાય કે એને લગતા આનંદમાં, વૈભવમાં અને ભભકામાં પણ કેટલું દુઃખ રહેલું હોય છે !" —યંગ

"જરૂરિયાતો થોડી હોય અને તેનો આધાર પણ પોતાના ઉપર-જ હોય, તો એના જેવું સુંદર શું ?" —એમર્સન

"જેમ આપણી જરૂરિયાતો ઓછી હોય છે, તેમ દેવો અને આપણા વચ્ચે સમાનતા વધારે રહે છે." —સોક્રેટિસ

"ઉદાર અને ઉમરાવ દિલના બનો, એથી કરીને જે મોટાપણું બીજા માણસોમાં મૃત અવસ્થામાં નહિ પણ સુષુપ્તિમાં રહેલું છે, તે દમામ સાથે જાગૃત થશે અને તમારા મોટાપણાનો આદર કરશે."
—લોવેલ

ફ્રાન્સના પ્રથમ રાજ્યવિપ્લવના સમયમાં ચિત્રકાર ગ્યુઝ દરેક સવારે પોતાની છોકરીને પૂછતોઃ "હાલ રાજા કોણ છે?" પછી તે પોતેજ ઉમેરતો કે, "આ ક્ષણિક રાજાઓ કરતાં હોમર અને રૈફેલના નામ વધારે ટકશે."

એક અમીરે સિસેરોને કહ્યું કે, "તમે તો સામાન્ય લોક-સમૂહમાંના છો" તે મહાન વક્તાએ કહ્યું કે, "હા, એ ખરૂં, પણ મારા કુટુંબની કુલીનતાની શરૂઆત મારાથીજ થાય છે, ત્યારે તમારી કુલીનતાનો તમારી સાથેજ અંત આવશે."

જેનું જીવન નિષ્ફળ ગયું છે, તે માન અગર પ્રતિષ્ઠા મેળવવાને લાયક નથી અને જે માત્ર ખાનપાન મેળવવાને માટે, પૈસા મેળવવાને માટે જીવે છે તે કૃતેહ મેળવી શકતો નથી. તેના જીવનથી જગતમાં કોઇ સારો ફેરફાર થતો નથી. તેણે કોઇ પંડિતનું આંસુ લોહ્યું નથી, ઠંડી પડી ગયેલી લાગણીમાં તેણે કદી ઉત્સાહનો અગ્નિ ચેતાવ્યો નથી, તેના હૃદયમાં માંસ નથી, મૃદુતા નથી, તે માત્ર પૈસાનોજ પૂજારી છે.

એક પ્રાચીન તત્ત્વવેત્તાએ પોતાના શિષ્યોને પૂછ્યું હતું કે, "આપણી પાસે રાખવા લાયક વધારે સારામાં સારી ચીજ કયી છે?" એણે કહ્યું: "**મીઠી નજર કરતાં વધારે સારૂં કશું નથી.**" આ આલંકારિક ઉત્તરનો અર્થ કરીએ તો ઉદાર અને સંતોષી વૃત્તિ કરતાં વધારે સારૂં કશું નથી એ થાય. બીજાએ કહ્યું કે," સારા સોબતી જેવી જગતમાં કોઇ ચીજ નથી." ત્રીજાએ સારા પાડોશીની અને ચોથાએ શાણા મિત્રની પસંદગી બતાવી; પણ ઇલિયાઝરે કહ્યું: "**બીજી બધી વસ્તુઓ કરતાં 'સારૂં હૃદય' ઉત્તમ છે.**" ગુરુ બોલ્યા: "ખરી વાત, બીજાઓએ જે કહ્યું તેનો તેં બે શબ્દમાં સમાવેશ કર્યો છે; કારણકે જે સંતોષી રહેશે, તેજ સારો સોબતી અને સારો પાડોશી થઇ શકશે અને પોતાને શું કરવું યોગ્ય છે એ તેજ જોઇ શકશે."

ડેન્માર્કની રાણી કેરોલાઇન મેટિલ્ડાએ પોતાની હીરાની વીંટીથી કેદખાનાની બારી ઉપર લખ્યું હતું કે, "**પરમેશ્વર મને પોતાને નિર્દોષ રાખશે. બીજાને ભલે મહાન બનાવજે.**"

પિયર નામના ફ્રેન્ચ છોકરાએ એક માણસને પીળા અક્ષરવાળી એક જાહેર ખબર શોધતાં જોયો. મડમ મેલિપ્રાન આજ

રાત્રે સંગીત રજૂ કરશે, એમ તેમાં જણાવવામાં આવ્યું હતું. તેના મનમાં થયું કે, "તે સાંભળવા મારાથી પણ જઈ શકાય, તો કેવું સારૂં?" પણ તે આખા દિવસનો ભૂખ્યો હતો. તેની ગરીબ બિમાર માતાને એક નારંગી લાવીને આપવાથી તેને કેવું સારૂ લાગશે અને એમ વિચારીને તેણે એક નાની પેટીમાંથી ડાઘા-વાળા કાગળનો એક કકડો લીધો. પછી પોતાની ઊંઘતી માતા તરફ નજર કરીને તે મેલિશ્રાનને મળવા માટે ચાલી નીકળ્યો.

મેલિશ્રાને પોતાના નોકરને પ્રશ્ન કર્યો કે, "મારે માટે કોણ રાહ જુએ છે? મને હવે લોકોને મળવાનો કંટાળો આવે છે." નોકરે જવાબ દીધોઃ "તમને મળવા આવનાર પીળાં જુલફાંવાળો એક નાનો છોકરો છે. તે કહે છે કે, 'તે તમને થોડું મળવા ધારે છે.' અને 'તેને મળવાથી તમને દિલગીર થવું પડશે નહિ તથા વધારે રોકાવું પડશે નહિ.'" તે મહાન ગાનાર મડમે સ્મિત કરીને કહ્યું કે, "વારૂ, ત્યારે તેને આવવા દે."

પછી પિયરે મડમ પાસે જઇને બોલવાનું શરૂ કર્યું: "મારી માતા ઘણી બિમાર છે, તેથી હું તમને મળવા આવ્યો છું. ખોરાક અને દવા પણ મેળવવાની અમારી શક્તિ નથી. મને એમ વિચાર આવ્યો કે, તમે મારૂં રચેલું એક સંગીત તમારા કોઇ મહાન જલસામાં ગાઓ, તો કોઇ પ્રકાશક તે થોડાક પૈસા માટે ખરીદી લે અને તેથી મારી માતાને ખોરાક અને ઔષધ મળી શકે." મેલિશ્રાને તે રાગ મનમાં ગાઇ જોયો. તેણે તે છોકરા સામે ધ્યાન સાથે નજર કરીને પૂછ્યુંઃ "તેં પોતેજ આ સંગીત રચ્યું છે? આ શબ્દો તારા છે? મારા જલસામાં તું આવીશ?"

"હા, હું આવું તો ખરો; પણ મારી માતાને મૂકીને મારા-થી અવાય એમ નથી." "આજની સાંજ તારી માતાની સંભાળ માટે કોઇકને હું મોકલીશ. લે આ એક ક્રાઉન, તેમાંથી તું ખોરાક અને દવા લાવજે. જલસાની આ એક ટિકિટ પણ લે. આજ રાત્રે આવજે. આ ટિકિટથી મારી નજીકમાં તને જગ્યા મળશે."

પિયર પોતાની માતા માટે કેટલીક નારંગી અને બીજી કેટ-લીક મીઠી ચીજો ખરીદી લાવ્યો અને તે રાત્રીએ તે કૉન્સર્ટમાં ગયો. બેન્ડે ઉદ્વેગદર્શક એક નાનો રાગ ઉપાડ્યો અને મડમ મેલિશ્રાને પોતાની મીઠી અને હૃદયદ્રાવક જબાન છોડી દીધી.

પિયરને ઘણોજ હર્ષ થઇ આવ્યો; પણ તે વિશાળ શ્રોતામંડળમાં ઘણાની તેજોમય આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તે બીજે દિવસે તેના સાધારણ મકાનનાં બારણાં ઊઘડ્યાં. મડમ મેલિબ્રાને તેનાં પીળાં જુલફાં ઉપર હાથ રાખી તેની માતાને કહ્યું: "સન્નારિ! તમારા આ નાના બાળકે તો સારા પૈસા પેદા કર્યા છે. લંડનના એક સારામાં સારા પ્રકાશકે તેના નાનાં સંગીત માટે ૩૦૦ પૌંડ આપવા માગણી કરી છે અને વેચાણમાંથી અમુક રકમ મેળવ્યા પછી પિયર તેના નફાનો ભોગીદાર થશે. ઈશ્વરનો આભાર માનો કે, ઈશ્વરે તમારા બાળકને એક ઉત્તમ બક્ષિસ આપી છે." તે છોકરો ઘૂંટણિયે પડ્યો અને જે માયાળુ હૃદયે ગરીબો માટે આટલી બધી લાગણી બતાવી હતી તેને અનુગ્રહ કરવા ઈશ્વરને તેણે પ્રાર્થના કરી અને જ્યારે થોડાં વર્ષ પછી મેલિબ્રાન મરણ પામી, ત્યારે તેના તકિયા આગળ રહી તેની છેલ્લી ક્ષણોમાં આનંદ આપનાર, તે વખતે ધનવાન થયેલો સંગીત રચનાર, પિયરજ હતો. જ્યારે કોઇ માણસ મરી જાય છે, ત્યારે લોકો પૂછે છે કે, "તેણે તેની પોતાની પાછળ શી મિલકત મૂકી છે?" પણ ઈશ્વરના પાર્ષદ તેમને મળતાં પૂછે છે કે, "તારા અહીં આવવા પહેલાં કેટલાં સારાં કામ તેં કર્યાં છે?"

એડિનબરોમાં એક દિવસ કડકડતી ટાઢ પડી હતી, તે દિવસે કંગાળ, સુકાયલા ચહેરાવાળા, ઉઘાડા રાતા પગ અને ચીંથરેહાલ એક છોકરાએ એક સદ્‌ગૃહસ્થને કહ્યું: "સાહેબ! થોડીક દીવાસળી ખરીદશો?" તે ગૃહસ્થે જવાબ દીધો: "ના, મારે તેની જરૂર નથી." પણ તે નાના છોકરાએ કહ્યું કે, "એક પેટીની કિંમત માત્ર પેનીજ છે." "પણ મારે તે જોઇતી નથી." પછી તે છોકરાએ કહ્યું: "ત્યારે એક પેનીની બે પેટી લો."

એક અંગ્રેજી પત્રમાં આ વાત કહેનાર સદ્‌ગૃહસ્થ કહે છે કે, "તેને દૂર કરવા માટે મેં એક પેટી ખરીદી; પણ તેને પૈસા આપવા માટે મેં તપાસ કરી, તો માલૂમ પડ્યું કે, મારી પાસે પરચુરણ હતું નહિ; તેથી મેં કહ્યું કે, "હું કાલે પેટી લઇશ."

"તે છોકરો વળી કહેવા લાગ્યો: 'અરે, આજેજ લો. હું હાલ તમને પરચુરણ લાવી આપું છું; કારણકે હું ઘણો ભૂખ્યો છું.' આથી મેં તેને એક શિલિંગ આપ્યો; એટલે તે પરચુરણ લેવા

દોડ્યો. મેં તે છોકરાની ઘણી રાહ જોઈ, પણ તે આવ્યો નહિ; તોપણ તે છોકરાના ચહેરા ઉપર કાંઈક એવી છાપ હતી કે, જેથી મને તેને વિષે કાંઇ ખોટો વિચાર આવ્યો નહિ.

"સાંજે એક નોકર આવ્યો અને મને કહ્યું કે, 'એક છોકરો તમને મળવા ધારે છે. જ્યારે તે છોકરાને લાવવામાં આવ્યો, ત્યારે મને માલૂમ પડ્યું કે શિલિંગ લેનાર છોકરાનો તે નાનો ભાઇ હતો. તે તેના કરતાં પણ વધારે ચીંથરેહાલ, પાતળો અને કંગાળ હતો. તે તેનાં ચીંથરાંમાં કાંઇક ખોળવા લાગ્યો અને તે પછી તે બોલ્યોઃ 'સેન્ડી પાસેથી તમે દીવાસળી લીધી હતી? લો, ત્યારે તમારા શિલિંગમાંના ચાર પેન્સ. સેન્ડીથી અવાય તેમ નથી, તેને ઠીક નથી. એક ગાડું તેના ઉપર ફરી વળ્યું છે. તેણે તેની ટોપી, દીવાસળીની પેટીઓ અને તમારા ૧૧ પેન્સ ગુમાવ્યા છે, તેના બન્ને પગ ભાગી ગયા છે, તેને જરા પણ ઠીક નથી. દાક્તર કહે છે કે, 'તે બચશે નહિ.' આટલું જ મારાથી અપાય તેમ છે.' તે છોકરો ડૂસકે ડૂસકે રડવા લાગ્યો. મેં તે છોકરાને બોવાનું આપ્યું અને તેની સાથે સેન્ડીને જોવા ગયો. મને માલૂમ પડ્યું કે, આ નાના છોકરા એક કંગાળ નશો કરનાર ઓરમાન માની સાથે રહેતા હતા. તેમનાં માતપિતા મરણ પામ્યાં હતાં.

"છોડિયાના એક ઢગલા ઉપર બિચારા નાના સેન્ડીને મેં પડેલો જોયો. હું જેવો અંદર ગયો કે તરતજ તેણે મને ઓળખ્યો અને બોલ્યોઃ 'સાહેબ! પરચુરણ મેળવીને હું પાછો આવતો હતો. એવામાં ઘોડાએ મને લાત મારી. મારા બન્ને પગ ભાગી ગયા. રૂબિ, નાના રૂબિ! હવે હું બચીશ નહિ અને હું જઇશ એટલે તારી સંભાળ કોણ લેશે? રૂબિ! તું શું કરીશ?'

"મેં તે દુઃખી થતા બાળકનો હાથ લીધો અને તેને કહ્યું: 'હું રૂબીની હમેશાં સંભાળ લઇશ.' તે મારી વાત સમજ્યો અને આભાર માનતો હોય એમ જણાયો. તેની ભૂરી આંખમાંનું તેજ લુપ્ત થઈ થયું અને એક પળમાં માતાની છાતી પર સૂતેલા બાળકની પેઠે તે પ્રભુના પ્રકાશમય વાતાવરણમાં દાખલ થયો કે જ્યાં દુષ્ટો તરફનાં વિઘ્ન નથી અને થાકેલાઓને વિશ્રાંતિ મળે છે.

જખમી થયેલા અને મરણ પામતા દીવાસળી વેચનાર આ નાના છોકરામાં પરમેશ્વરે એક ઉત્તમ ભાવના મૂકી હતી. તે કયાં

જવાનો હતો, તેની તેને ઓછી ખબર હતી; પણ પોતાની ગાડીઓ આગળથી તેને ધૂતકારી કાઢનાર લક્ષાધિપતિઓ કરતાં–જે સદ્‌ગુણોનું સ્વર્ગ બનેલું છે તેવા સદ્‌ગુણ–પ્રમાણિકતા, સત્ય, મનની મોટાઇ સચ્ચાઇ, એ વિષે તેને વધારે જ્ઞાન હતું.

એક વાર જ્યારે પૂરથી ભરપૂર આડિજ નદીએ વેરોનાનો પૂલ તોડીને ફેંકી દીધો હતો અને માત્ર એકજ કમાન રહી હતી તે વખતે કાઉન્ટ સ્પોલવે લેરીનીએ કહ્યું હતું કે, "પેલા કમનસીબ લોકોને બચાવવાને હિંમત ધરશે, તેને હું સો સિક્કા આપીશ." આ વિભાગમાં એક ઘર હતું, ઘરના પાયા ડગમગી રહ્યા હતા. બારીઓમાંથી તેમાંના લોકો મદદની માગણી કરતા હતા. એક યુવાન ગામડિયાએ એક હોડી લઇને ઝુકાવ્યું. પોતાની નાની હોડીમાં આખા કુટુંબને તેણે લઇ લીધું અને જમીન ઉપર સહીસલામત ઉતાર્યું. કાઉન્ટે કહ્યું: "બહાદુર યુવાન! ઘણા આનંદ સાથે હું તને આ પૈસા આપું છું." તે યુવાને કહ્યું: "હું પૈસા નહિ લઉં. હું મારી જિંદગી વેચતો નથી. આ ગરીબ કુટુંબને પૈસાની જરૂર છે, માટે તેને તે પૈસા આપો."

વિજેતા વિલિયમના મોટા છોકરા રોબર્ટ ડ્યુક ઑફ નોર્મન્ડીને એક ઝેરી તીર લાગ્યું હતું. કોઇ માણસ તેના ઘામાંનું વિષ ચૂસી લે, તોજ તે બચે એમ તેના તબીબોએ જણાવ્યું હતું. આવી મદદ રોબર્ટને મેળવવી નહોતી; પણ ડ્યુક સૂઇ રહ્યો હતો તે સમયમાં સિબિલાએ ઘા ચૂસી લીધો અને પોતાના ધણીને બચાવવા માટે પોતાના પ્રાણનો તેણે પરિત્યાગ કર્યો.

પીળા તાવની મહામારીમાં દવાની એક આગેવાન વખારમાંનાં સઘળાં માણસ નાઠાં. એક યુવાન કારકુનેજ પોતાની જગ્યા ઉપરથી ખસવા ના પાડી. તેના મિત્રોએ ઘણું કહ્યું; પણ માન્યું નહિ અને માલિકે બારણાં બંધ કરવાનો હુકમ કર્યો, ત્યાંસુધી તે રહ્યો. પછી તરતજ તે બીજી વખારમાં ગયો અને ત્યાં રાતદહાડો કામ કરવા લાગ્યો. જમવામાં પણ તે ઘણો થોડો સમય લેતો. આ દુકાનના માલિકને તાવ લાગુ પડ્યો અને તેના મરતાં સુધી આ છોકરાએ તેની ચાકરી કરી. તે પછી રસોઇ કરનારને તાવ આવ્યો. તેણે તેની પણ ચાકરી કરી અને તેને બચાવ્યો. એજ વખતે પોતાના અંતરના એક મિત્રને બિમારી લાગી. એ

કારકુન ત્યારે પણ પોતાનું કર્તવ્ય ચૂક્યો નહિ અને તેને સાજો કર્યો. પછી તેને પણ દુષ્ટ પ્લેગ લાગુ પડ્યો.

તેની ચાકરીથી જે યુવાન સાજો થયો હતો, તેણે એ વખતે પોતાની આભારવૃત્તિ દર્શાવી. રાતદહાડો તેણે પોતાના ગજા ઉપરાંત તેની ચાકરી કરી. તેના જે મિત્રો રોગના ભયથી તેની નજીકમાં આવતા નહિ, તેને મોકલેલા સંદેશામાંનો છેલ્લો એ હતો કે, "હું છેવટ સુધી તેની ચાકરી કરીશ અને રાત્રે પણ ઊંઘીશ નહિ." પછી તેજ રાત્રે તે બન્ને જણ મરણ પામ્યાં.

મેક્સિકસની તેવીજ મહામારીમાં સંકટનિવારણ કમિટીના સભાસદોને ઘણી મહેનતે પણ માંદાની ચાકરી કરનાર માણસો મળતા નહિ. આવા વખતમાં બડબચડા ચહેરાવાળો, ટુંકડા વાળ અને રગશિયા ચાલવાળો એક માણસ તબીબ પાસે ગયો અને કહ્યું કે, "હું નર્સ તરીકે કામ કરવા ખુશી છું."

ડાક્તરે તેની સામે બારીકીથી જોયું. તે કામ કરવાને તે કોઇ પણ રીતે લાયક નથી એમ અનુમાન બાંધી તેણે કહ્યું કે, "તમારી જરૂર નથી." તે અજાણ્યા માણસે આગ્રહ કર્યો કે, "હું ચાકરી કરવા માગું છું. એક અઠવાડિયા સુધી મારી અજમાયશ લો. મારું કામ તમને પસંદ ન પડે, તો તમે મને રજા આપજો. કામ પસંદ પડે, તો તમે મને પૈસા આપજો."

ડૉક્ટરે કહ્યું: "ઘણું સારું, હું તમને કામ ઉપર ચડાવીશ; પણ બરું પૂછો તો તેમ કરતાં મને સંકોચ થાય છે." તેણે સ્વગત વિચાર કર્યો કે, હું તેના ઉપર નજર રાખીશ.

પણ તે માણસને કોઇની પણ નજરની જરૂર નહોતી, એ તેણે તરતજ સાબિત કરી આપ્યું. આ બહાદુર મંડળમાં સારામાં સારી કિંમતી ચાકરી કરનાર તેજ હતો. કામ કરતાં તે થાકતો નહિ. તેનામાં આત્મત્યાગનો મહાન સદ્‌ગુણ હતો. જ્યાં મરકીનું જોર સખ્તમાં સખ્ત હતું, ત્યાં તે વધારેમાં વધારે સખ્ત કામ કરતો. રોગથી દુઃખી થતા અને મરણની અણી ઉપર આવેલા માણસો તેને દેવદૂત સમજતા. જેની કોઇ દરકાર કરતું નહિ, તેમને તેનો બડબચડો ચહેરો પણ દેવદૂત જેવો લાગતો.

વળી પગારને દિવસે તે એવું વિચિત્ર વર્તન બતાવતો કે, બીજે રસ્તે લોકો તેની પાછળ જતા. તેમને માલૂમ પડ્યું કે, તે

એક અપ્રસિદ્ધ જગ્યાએ જતો. પીળા તાવની બિમારીમાં સપડાયલા લોકોના લાભ માટેની સંકટનિવારણ પેટીમાં અઠવાડિયાની પોતાની સઘળી કમાણી તે મૂકતો. થોડા વખત પછી તે માંદો પડ્યો અને પ્લેગથી મરણ પામ્યો. તે કોણ હતો, તે તેણે જણાવ્યું નહોતું. જ્યારે તેના શરીરને તેની નામ વગરની કબરને માટે તૈયાર કરવામાં આવ્યું, ત્યારે તે શરીર ઉપર એક ભૂરું, આસમાની ચિહ્ન જોવામાં આવ્યું. આથી માલૂમ પડયું કે, જોનને દેહાંતદંડને પાત્ર ગુનેગાર તરીકેનો ડામ દેવામાં આવ્યો હતો.

૧૬૭૬માં લંડનથી ડર્બિશાયરના, ટેકરીઓમાં લપાયલા એક સુંદર ગામ એયમ સુધી પ્લેગ ફેલાયો હતો. લોકો નાસી જવાને તૈયાર થયા હતા. તેવામાં ત્યાંના પાદરી રેવરંડ વિલિયમ મોંપ્સને ત્યાંજ રહેવાનો નિશ્ચય બતાવ્યો અને બીજાઓને પણ તેવીજ સલાહ આપી. તેણે કહ્યું કે, "પ્લેગ આપણામાં દાખલ થઇ ગયો છે અને જ્યાં જઇશું ત્યાં આપણે તેનો ચેપ સાથેજ લઈ જઇશું. એવી દશામાં બીજી જગ્યાઓના લોકોમાં જઇ ભરાવું અને ત્યાં જોખમ દાખલ કરવું, એ એક સ્વાર્થમય નિર્દયતાનું કામ છે." સર્વેએ પોતાની રાજીખુશીથી તેની સલાહ સ્વીકારી અને તેઓ સાત મહિના સુધી મોતની સામે–ત્રાસજનક મહામારીની સામે ઊભાં રહ્યાં. તેમનામાંનાં પાંચમાંથી ચાર માણસોનો નાશ થયો હતો. તેમને માટે નર્સ અને પાદરીનાં સઘળાં કામ, પોતાના સઘળા બળ અને પરિશ્રમ સાથે મોંપ્સન કરતો. તેને પોતાને કાંઇ ઇજા થઈ નહિ, પણ તેની પતિભક્ત સ્ત્રી, જે તેના કામમાં ઘણી સારી મદદ કરતી, તેના મોતની ધાર્મિક ક્રિયા કરવાનો વખત પણ તેને આવ્યો. અર્લ ઑફ ડર્બિશાયરની મારફત દૂરથી ખોરાકની ચીજો લાવવામાં આવતી અને એયમની ટેકરીઓ ઉપર મૂકવામાં આવતી. લોકો તેજ જગ્યાએ પૈસા પણ મૂકી જતા. આ તેમના આત્મસમર્પણને લીધે આજુબાજુના કોઇ પણ ગામડામાં પ્લેગનો એક પણ કેસ બન્યો નહિ.

અમુક માણસો કેવો ધંધો કરે છે અગર તે માણસમાં ખરી રીતે શું ગુણો છે, તે જોવાને બદલે તે કેટલા પૈસાવાળો છે, તે જોઇ માણસની કિંમત આંકવાનું ધોરણ હલકું છે. લક્ષાધિપતિની ઇંટો ઉપાડવાથી લથડિયાં ખાતો માણસ લક્ષાધિપતિ કરતાં લાખ દરજ્જે ઉચ્ચ હોઇ શકે. મજૂરની ઉચ્ચ પ્રકારની વાત અને ઉચ્ચ

રહેણીકરણીથી તે જેવા વાતાવરણમાં રહે છે, તે માલૂમ પડી આવે છે. તેના આવા જીવનમાં તથા તેના માલિકના જીવનમાં આસમાન જમીનનો ફેર હોઇ શકે. જગતમાં મળતી મોટામાં મોટી ફતેહ પારલૌકિક દૃષ્ટિએ મોટામાં મોટી નિષ્ફળતા હોઇ શકે.

રિચમંડ શરણે આવ્યા પછી, પ્રેસિડન્ટ લિંકને જ્યારે પોતાની ટોપી ઉતારી અને ભૂતપૂર્વ કાળા ગુલામને તેણે મૌન નમન કર્યું, ત્યારે અમીરી જગતને કેટલો આંચકો લાગ્યો હતો! સ્વાતંત્ર્યનું જાહેરનામું બહાર પડ્યા પછી અનેક અજ્ઞાન હબસીઓનાં મોંમાંથી ઉત્સાહપૂર્વક ઉદ્‌ગાર નીકળ્યા કે, "માસા લિંકન! પ્રભુ તમારૂં ભલું કરશે."

એ એક જાણવા જેવી બાબત છે કે, પૈસા મેળવવાના આ જમાનાના સમાજમાં એક ગરીબ ગ્રંથકર્તા, એક ચીંથરેહાલ કલાવિદ અગર કોટની ચોળાયલી બાંયવાળા કૉલેજના પ્રેસિડન્ટની પદવી વધારે ઊંચી હોય છે અને ઘણા લક્ષાધિપતિઓ કરતાં પત્રોમાં તેમને માટે વધારે લેખ પ્રકટ થાય છે. આનું કારણ પૈસા મેળવવાની બરાબ અસર અને શુદ્ધ માનસિક ઉદ્યોગની ઉપકારક અસર એજ છે. એક નિયમ તરીકે ધનના જગતમાં—આર્થિક જગતમાં દરેક મોટી ફતેહનો અર્થ, સેંકડો વિરોધીઓની બરાબી અને દુઃખ એજ હોય છે; ત્યારે બુદ્ધિ અને ચારિત્ર્યના જગતમાં દરેક ફતેહ સમાજને મદદગાર અને લાભજનક થઈ પડે છે. ચારિત્ર્યની છાપ કોઇ ને કોઇ ચીજ ઉપર હોય છે અને આ નહિ ભૂંસાય તેવી છાપથી સઘળાં માણસો અને તેમનાં સઘળાં કામની જે બરી કિંમત માત્ર હોય છે, તેજ અંકાય છે.

ડૉ૦ હંટર કહેતા કે, "જે માણસ મોટો માણસ થવા માગે છે, તે મોટો માણસ હોતો નથી. પોતાની જાત અને પોતાનાં લક્ષણ પોતાના કામમાં ઉતાર્યા વગર કારીગરોને ચાલેજ નહિ. હલકો કારીગર ઉત્તમ સદ્‌ગુણનું ચિત્ર ચીતરીજ શકે નહિ. હલકાં, ઠાઠમાઠવાળાં, ફાસફૂસિયાં, અત્યંત લાગણીવાળાં, નાજુક, એ સઘળાં તેના ચિત્રમાં આવે છે અને તે તેની પોતાની જિંદગીનો બ્યાલ આપે છે.

એક વૃત્તિ જે પોતાનામાં નહોતી, તે વિષે લખતાં બાયરન જણાવે છે કેઃ—

" સુવર્ણની લાલસા જે ભિક્ષુકનો દુર્ગુણ છે;
તે હલકામાં હલકાં માણસોનેજ માત્ર મૂંઝવી શકે છે."

પરંતુ હલકામાં હલકાં માણસને બદલે સારામાં સારા માણસ એમ તેણે લખ્યું હોત, તો તે બંધબેસતું થઇ પડત. ટેનિસ અગર ડેન્સિંગ (નૃત્ય)માં કાંઇ પાપ રહેલું છે, એના કરતાં પૈસામાં વધારે પાપ હોવાનું કોઇ ધારતું હોય એમ માનવું ભૂલભરેલું છે; પણ ક્રાઇસ્ટ, જેણે પોતાના શિષ્યોને કહ્યું હતું કે, " હું તમને ખરેખાત કહું છું કે, પૈસાદાર માણસ ભાગ્યેજ સ્વર્ગમાં દાખલ થઇ શકશે." તે ધન મેળવવાનાં ફાંફાંમાં જે નૈતિક અધોગતિ રહેલી છે, તે સારી રીતે સમજતો હતો. એની સામા સારા દાખલા પણ મળી આવે છે; પણ પૈસા મેળવવાના પ્રયત્નોથી હજારો અને લાખોની ચારિત્ર્યની ઉત્તમતા નષ્ટ થાય છે અને પ્રતિષ્ઠિત આત્માને કલંક લાગે છે, એમાં શક નથી.

મન નિસ્તેજ બને, આધ્યાત્મિક જીવનનાં સાધન ખૂટી જાય, સૌંદર્યની લાગણી નષ્ટ થાય, કુદરત અને કલાના ચમત્કાર તરફ માણસ બેદરકાર બને, નૈતિક વૃત્તિ બુઠ્ઠી બની જાય, ન્યાય અને અન્યાય, સદ્‌ગુણ અને દુર્ગુણ પારખવાની શક્તિ ઢીલી પડી જાય, ધાર્મિક આવેશ નાશ પામે, આત્માના ઇશ્વર વિષેના સઘળા વિચાર હૃદયમાંથી નષ્ટ થઇ જાય, તેવા પૈસા મેળવવાના પ્રયત્નને વાસ્તવિક રીતે નુકસાનકારકજ કહી શકાશે.

માણસના સઘળા વિચાર જ્યારે પૈસામાંજ રહે, માણસ પૈસા માટે જ્યારે હલકાઇ અને કઢંગાપણામાં પોતાનું જીવન ગાળે, વધારે લાભ મેળવવા માટે પુસ્તકો, ચિત્રો, સંગીત અને પ્રવાસ વગર પણ ચલાવી લે; પેટીમાં પૈસા, બેંકોમાં નાણાં, બૉન્ડના થોકડા તથા સાનખત અને શેરના ઢગલા વધતા જાય છે, એવા જ્ઞાનમાં પોતાનો જેવો ઊંડામાં ઊંડો સંતોષ અને આનંદ રહેલો છે, તેવો આનંદ પોતાના હૃદય અને મનને સંસ્કારી બનાવવામાં અગર પોતાનું કે પારકાનું ખરૂં ભલું કરવામાં રહેલો નથી; એમ માણસને માલૂમ પડે, ત્યારે એવો પૈસો મેળવવો નુકસાનકારકજ છે એમ સમજવું જોઇએ.

એક રણમાં ભૂલો પડેલો આરબ પોતે સદ્‌ભાગ્યે કેવી રીતે બચી ગયો, તે વિષે કહેતાં જણાવે છે કે, " ખોરાક મેળવવાની

મારી સઘળી આશા મેં છોડી દીધી હતી; તેવામાં મને મોતીની ભરેલી એક કોથળી મળી આવી. તે ઘઉંની કોથળી હશે એમ ધારી મને મોંમાં જે સ્વાદ છૂટ્યો અને મને જે આનંદ થયો તે-તેમજ કોથળીમાં ઘઉં નહિ પણ મોતી છે, એમ માલૂમ પડતાં મને જે દુઃખ અને ઉદ્વેગ થયો તે, હું કદી ભૂલી જઇશ નહિ.”

એક કંજૂસે ગુપ્ત સ્થળે પોતાનું ધન દાટયું હતું અને તે જોઇ જોઇને, તેના વિચારમાં ને વિચારમાં તે હર્ષ પામતો હતો. એક વખતે જ્યારે તેના ધનનો સંચય લૂંટાઇ ગયો, ત્યારે તેના એક શાણા મિત્રે તેજ જગ્યાએ ધનને બદલે ઈંડાંનાં છોડાં દાટવાને અને તે જગ્યાએ વારંવાર જઈ દરરોજ તે પોતાનાં છે, એમ જાણી મકલાવાને સલાહ આપી.

એક બુઢ્ઢા કંજૂસ પાસે એક પાળેલો કાગડો હતો, એવી એક વાત છે. આ કાગડો પૈસા ચોરતો અને એક દરમાં છુપાવતો. બિલાડી તેને ઠપકો આપતી કે, “એ પૈસા તારા કામમાં નહિ આવે.” કાગડાએ જવાબ દીધો કે, “શેઠની પાસે પૈસાની આખી પેટી ભરેલી છે, તે પણ મારા કરતાં તેનો વધારે સારો ઉપયોગ કરતો નથી.”

એક પૌરાણિક કથા એવી છે કે, “રાજા મિડાસે માગણી કરી કે, ‘તે જેને અડે તે સોનું થઇ જાય;’ કારણકે તેનો ખ્યાલ એવો હતો કે એમ થયા પછી તેના સુખનો પાર રહેશે નહિ. તેની માગણી કબૂલ કરવામાં આવી; પણ જ્યારે તેનાં વસ્ત્ર, તેનો ખોરાક, તેનું પાણી, તેણે ચૂંટેલાં ફૂલ અને જેને તે અત્યંત વહાલથી ચૂમી કરતો તે તેની છોકરી, એ સઘળાં સોનું બની ગયાં; ત્યારે એકદમ કંટાળી જઇને તેણે ફરી એવી માગણી કરી કે, ‘મારે હવે આ શક્તિ જોઇતી નથી.’ આ પછી તેને ખબર પડી કે, વાસ્તવિક રીતે પૃથ્વીમાંથી જેટલું પણ સોનું ખોદી કાઢવામાં આવે તે સઘળા કરતાં પણ જગતમાંની બીજી ઘણી ચીજો કિંમતી છે.”

સૉક્રેટિસ પૈસા મેળવવા માટે શિક્ષણ આપતો નહિ, પણ જ્ઞાનનો પ્રચાર કરવા માટે શિક્ષણ આપતો. તે કહેતો કે, “મારે મેળવવાનો મોટો આનંદ મારા પરિશ્રમથી માણસ જાતને લાભ થાય એમાં રહેલો છે.”

પાંચસો ડોલર લઇને શિક્ષણ આપવા આગાસિઝે ના પાડી;

કારણકે પૈસા મેળવવા જેટલો વખત તેને નહોતો. ચાર્લ્સ સમનર જ્યારે સેનેટર હતો, ત્યારે વધારેમાં વધારે પૈસા લઇને પણ ભાષણો આપવાની તેણે ના પાડી. તેણે કહ્યું કે, "તેનો પોતાનો સમય તેણે મસાચુસેટ્સ અને પ્રજાને અર્પણ કર્યો હતો. એક રાત્રીના એકે હજાર ડૉલર એવી પચાસ રાત્રી ભાષણ કરવા માટે પણ સ્પર્જને ના પાડી; કારણકે તેને તેના કરતાં વધારે સારૂં કામ કરવાનું હતું. લંડનમાં રહી ૫૦ આત્માનો ઉદ્ધાર કરવાની તેને કોશિશ કરવાની હતી. જિંદગીના દરેક વિભાગમાં, મુકાબલે **જે થોડા માણસો આ જમાનાની મજબૂત અને જડ વૃત્તિઓની વચ્ચે, દ્રવ્ય અગર લોકોની વાહવાહ કરતાં વધારે સારા બદલાની આશાથી મેરાધને બોલે છે અને ચાલે છે, તેમને સર્વ રીતે ધન્યવાદ ઘટે છે.**

મ્હેસુર જીત્યા પછી વેલિંગ્ટનને ઇસ્ટ ઇંડિયા કંપનીએ પાંચ લાખ ડૉલર આપવા માંડ્યા હતા; પણ તેણે તેને હાથ અડકાડવાની પણ ના પાડી હતી.

ચાર્લ્સ નેપિયરને એક રાજાએ એક લાખ ડૉલરની લાંચ આપવા માંડી હતી; પણ તેણે તે લીધી નહોતી.

પોતાનું ચિત્ર ખરીદવા ઇચ્છા રાખનાર માણસને પ્રસેલ્સવાળા વર્ટ્ઝે કહ્યું હતું કે, "તારા પૈસા તારી પાસે રાખ. પૈસો કલાનું જીવન નષ્ટ કરે છે." એમ કહેવામાં આવ્યું છે કે, "**જ્યાં સોનું અને રૂપું એ વસ્તુ ઝાંખી દેખાય છે, ત્યાંજ માણસની બુદ્ધિને વધારેમાં વધારે ચળકાટ મળે છે.**"

શંકાસ્પદ રીતોથી મોટી કીર્તિ મેળવવી તેના કરતાં પ્રમાણિકપણે અપ્રસિદ્ધિમાં રહેવું વધારે સારૂં છે.

લ્યૂથરના વીલમાં જણાવવામાં આવ્યું હતું કે, તેણે કોઇ પણ પ્રકારના પૈસા અગર ખન્નના પોતાની પાછળ મૂક્યા નથી. આમ છતાં પણ પ્રતિષ્ઠાના તખ્ત ઉપર જે સલામતીથી લ્યૂથર બેઠો હતો, તેટલી સલામતીથી કોઇ પણ રાજા પોતાના તખ્ત ઉપર બેઠો નહિ હોય.

મેથ્યુ હેન્રી કહે છે કે, "પૈસા મેળવવામાં ચિંતા, સાચવવામાં ધાસ્તી, વાપરવામાં લાલચો, દુરુપયોગ કરવામાં ગુનો, ખોવામાં ઉદ્વેગ અને છેવટે તેનો હિસાબ આપવામાં જવાબ દેવાનો

બોલે રહેલો છે.”

પોતાનાં રત્ન જોવા માગનાર કેમ્પેનિયન બાઇને કોર્નેલિયસે જવાબ દીધો કે, “મારાં રત્ન તો આ છે.” એમ કહેવાની સાથે નિશાળેથી આવતા પોતાના છોકરાઓ તરફ તેણે મગરૂરીથી આંગળી કરી. સિપિયો ઑફ્રિકેનસની છોકરી અને ટાઇબીરિયસ ગ્રેકસની પત્નીને મોંએથી આવોજ લાયક ઉત્તર મળી શકે. કોઇ પણ દેશની કિંમતીમાં કિંમતી પેદાશ તેનાં માણસો છે.

જે માણસ પોતાના દેશને વધારેમાં વધારે દોલતમંદ કરે છે, જેને જોઇ લોકો પોતાને વધારે દોલતમંદ માને છે અને વધારે મગરૂર થાય છે; જે સત્કાર્ય માટે પોતાને તેમ પોતાના પૈસાને અર્પણ કરે છે; જે પોતાની આજુબાજુનાં માણસોને આગળ વધવાની તકોના દરવાજા ખુલ્લા કરી આપે છે; જે બહેરાને કાન સમાન, આંધળાને આંખ સમાન અને લૂલાને પગ સમાન થઇ પડે છે; તેજ દોલતમંદમાં દોલતમંદ માણસ છે. આવો માણસ પ્રજાની એકરે એકર જમીનની કિંમત વધારે છે અને જેઓ તેની નજીકમાં રહે છે, તેને વધારે ધનવાન બનાવે છે. તેથી ઊલટું, ઘણા લખપતિઓ, પોતે જે ગામમાં રહેતા હોય એને નિર્ધન બનાવે છે અને ગામની જમીનની કિંમત ઘટાડે છે.

“જે લોકોએ મનુષ્યજાતિની મોટી સેવા ઉઠાવી છે, તે સિવાય બીજા કોઇને મોટા માણસ તરીકે હું ઓળખતો નથી.” એમ વૉલ્ટેરે કહ્યું છે.

“દરદીની પાસેથી દાક્તર જે રીતસરની ફી લે છે, તે તેને દયાની–મનુષ્યત્વની ફૂલવાડીમાંથી પૈસાના બજારમાં પાછો ફેંકે છે, સમાન મિત્રતાના સમૂહમાંથી તેને ધકેલી કાઢે છે અને તેને કહે છે કે, ‘એ ખરી વાત છે કે તમે દરદીને આરોગ્ય અને જીવન અર્પણ કર્યું છે; પણ તમને તેના પૈસા આપવામાં આવ્યા છે.’ ‘સલામ! આવી લાગણી કોઇ પણ વખત ન થઇ હોય એવો કોઇ દાક્તર છે?’” એમ બુલ્વર પ્રશ્ન કરે છે.

બોસ્ટન શહેર ઉપર તોપનો મારો ચલાવવાની યોગ્યતાના સંબંધમાં વૉશિંગ્ટનનો એક કાગળ કોંગ્રેસમાં વાંચવામાં આવ્યો, ત્યારે ગંભીર પ્રકારની ચુપકીદી ચાલી રહી; કારણકે સઘળા સભાસદો જાણતા હતા કે, તેમના પ્રમુખ જૉન હેન્કોકની ઘણી મિલ-

કત આ શહેરમાં હતી. તેને પોતાના વિચાર જણાવવાની તક મળે તે માટે સભાની એક કમિટી નીમવામાં આવી. તેમાં મિ૦ હેન્કોકે જણાવ્યું કે, "જગતની મારી લગભગ સઘળી મિલકત બોસ્ટન શહેરનાં મારાં ઘરો અને બીજી સંગીન મિલકતમાં આવી રહેલી છે; પણ બ્રિટિશ લશ્કરને તેમાંથી હાંકી કાઢવા માટે અગર દેશના સ્વાતંત્ર્યને ખાતર તેનો ધુમાડો કરવાની જરૂર પડે, તો ખુશીથી તરતજ તે માટે વિના સંકોચે હુકમ બહાર પાડવા."

પોતાના શિષ્ય આઇઝેક ન્યૂટનને માટે જગ્યા કરવા સારૂ કેમ્બ્રિજવાળા બેરોઝે પોતાની પ્રોફેસરની જગ્યાનું રાજીનામું આપ્યું હતું.

સોના ઉપર આપણે કામ કરીશું તો તે નષ્ટ થશે, પિત્તળ ઉપર આપણે કામ કરીશું તો સમય જતાં તે ઘસાઇ જશે, આપણે દેવળો ઊભાં કરીશું તો તે કોઇક દહાડો જમીનદોસ્ત થશે; પણ આપણે અમર આત્માઓ ઉપર કામ કરીશું, તેમને ઉચ્ચ સિદ્ધાંતોથી, ઇશ્વરના ડરથી, મર્દાનગી તરફના સન્માનથી વિભૂષિત કરીશું, તો આપણે એવું કોતરકામ કરીશું કે અનંત કાલ સુધી તે વધારે ને વધારે પ્રકાશથી ઝગઝગ્યા કરશે. મસાચુસેટ્સના ડાનવર્સમાં થયેલા શતવાર્ષિક ઉત્સવને સમયે ઉઘાડવામાં આવેલા સીલવાળા કવરમાં, "કેળવણી, એ હાલના જમાનામાં ભવિષ્યના જમાનાનું કરજ અદા કરવાનું સાધન છે," એવો વિચાર દર્શાવવામાં આવ્યો હતો. આજ કવરમાં શહેરમાં એક લાયબ્રેરી અને એક બીજી સંસ્થા ખોલવા માટે ૨૦,૦૦૦ ડોલરનો એક ચેક મૂકવામાં આવ્યો હતો.

એક ગરીબ છોકરાની સ્થિતિમાંથી લખપતિ નાણાવટીની સ્થિતિ ઉપર આવનાર પોતાના જમાનાના એક નામાંકિત માણસ જ્યોર્જ પીબોડીએ આ કવર મોકલી આપ્યું હતું. કેટલાંક વર્ષ પછી તેના માનમાં અપાયલી એક બીજી મિજબાની વખતે તેજ સંસ્થાને તેણે ૨,૫૦,૦૦૦ ડોલર આપ્યા. તે કહેતો કે, "મજબૂત અને નિશ્ચલ, સત્યશીલ વર્તન, નિર્ભય અને સીધેસીધી પ્રમાણિકતા તથા એક પણ નાલાયક શબ્દ અગર કામથી કલંકિત નહિ થયેલી એવી પ્રતિષ્ઠા જેને હોય, તે જગતની કહેવાતી આબાદી કરતાં વધારેમાં વધારે મહાન બની શકે છે. ખરી મહત્તા આ સદ્‌ગુણોમાંજ રહેલી છે."

માણસનાં સાધન અગર તેની લાયકાતની કિંમત તેની પાસેના પૈસાથી અંકાતી નથી. જો તેની કોથળી ભારે હોય, પણ તેનું હૃદય હલકું હોય, તેની મિલકત વિશાળ પણ તેની સમજશક્તિ સંકુચિત હોય, તો તેનાં સાધનોથી તેનું શું વળવાનું હતું? તેની તેવી લાયકાતથી તેને શો લાભ થવાનો હતો? એક વૃદ્ધ માણસ જેણે પોતાની આખી જિંદગી આગળ વધવા કરતાં ધન મેળવવામાં કાઢી હોય, તે દેખાવ કરતાં બીજો કયો દેખાવ વધારે દિલગીરી ભરેલો હોઇ શકે? તેણે પોતાના ધન વડે પુસ્તકો, પૂતળાં અને ચિત્રોનો ઢગલો એકઠો કર્યો છે, પણ તેમાં શું છે એ તે જાણતો નથી. તેનો આત્મા હરહમેશ ટૂંકો થતાં થતાં કંજૂસ થઇ ગયો છે અને તેની ઉત્તમ ખાસિયતો નષ્ટ થઇ ગઇ છે.

એ. ટી. સ્ટુઅર્ટે પોતાની પ્રમાણિકતાથી મોટી આબરૂ મેળવી હતી. એક યુવાન શિક્ષક તરીકે ન્યુયોર્કમાં દિવસના એક ડૉલરથી ઓછે પગારે તેણે નોકરીની શરૂઆત કરી હતી; પણ પાછળથી તેણે લગભગ ૪ કરોડ ડૉલર પેદા કર્યા હતા અને તેમાં એક પણ ડૉલર તેણે કોઇની મહેરબાની અગર ઠોંગથી પેદા કર્યો નહોતો.

બુલ ડૉગ જેવા ચહેરાવાળો એક માણસ જેણે હમેશાં લઈ લઇને અને કદી કોઇને કાંઇ આપ્યા વગર પોતાનું ધન એકઠું કર્યું છે અને જે તેના ચહેરા ઉપરથીજ જણાઈ આવે છે, તેવા માણસને તમે ફતેહમંદ માણસ કહો છો? લોકોને દબડાવી મારતા તે ચહેરામાં, વિધવાઓ અને અનાથ બાળકોને તેના તરફથી મળેલો કરુણાજનક અનુભવ તમે જોઇ શકતા નથી? પોતે આગળ વધવા માટે જેણે બીજાને પાછળ પાડ્યા છે, જે પોતાની ઇમારત ઊભી કરવા માટે બીજાની પાડી નાખે છે, તેને તમે સ્વાશ્રયી અને મહાન પુરુષ ધારો છો? જે માણસ બીજાને ગરીબ બનાવે તે ખરી રીતે ધનવાન હોઇ શકે? એક વરૂના મોં ઉપર "ખાઉં ખાઉં" એવી વૃત્તિ જણાય છે, તેમ તેની દરેક મુખરેખા ઉપર દૃઢ થયેલા લોભની લાગણી ખુલ્લેખુલ્લી જણાય છે. આવો માણસ સુખી હોઇ શકે? જગત જેને ફતેહ કહે છે, એવી ફતેહ જેઓએ મેળવી છે, તેમાંના કોઇકનાંજ મોં મીઠાશભરેલાં, વિમળ અને ખૂબસૂરત દેખાય છે.

અફીણના પરવાના કાઢવા માટે જ્યારે ચીનના મૂર્તિપૂજક શહેનશાહને અરજ કરવામાં આવી, ત્યારે તેણે કહ્યું કે, "મારી

પ્રજાના દુર્ગુણ અને દુઃખમાંથી પૈસા ઊભા કરવાને હું લલચાઇશ નહિ.” છતાં ખ્રિસ્તીઇંગ્લેંડ અને અમેરિકા દારૂના પરવાનામાંથી લાખ્ખો રૂપિયાની આવક કરે છે. જે રાજ્યવ્યવસ્થાએ ખૂની થવાને બદલે પિતા થવું જોઇએ તે રાજ્ય દયા, પરોપકાર અને ઉદારતાના પુરાણા સદ્‌ગુણોથી રહિત એવી અને સોનાનું દર્શન થતાં તે મેળવવાને એકબીજાનો ઉચ્છેદ કરનારી અધોગત પ્રજા ઉત્પન્ન કરે એમાં પછી કાંઇ આશ્ચર્ય રહેતું નથી.

ગુલામીનો ધંધો બંધ કરવાના દિવસોમાં બંધ કરનારના વિરોધીઓની કમિટીએ મળી ઠરાવ કર્યો કે, “જે વેપારીઓ, આ ગાંડાઓની, આ આંધળાઓની વિરુદ્ધ ન થાય, તેમનાં નામ યાદી ઉપર ચડાવવાં અને પૈસાટકાની બાબતમાં તેમને ચગદી નાખવા.” આમ છતાં મેસર્સ બોઓન અને મેકનામીએ તેમની જાહેર બબરમાં જણાવ્યું કે, “અમને અમારૂં રેશમ વેચવાની હિંમત છે, અમે અમારા સિદ્ધાંત વેચીશું નહિ.” તેમના સ્વતંત્ર આચારવિચારથી આખા દેશમાં બળભળાટ ઉત્પન્ન થયો. જે માણસ પોતાના વિચાર વેચવા માગતા નહોતા, તેમની પાસેથી-જ લોકોએ માલ ખરીદવાનો વિચાર કર્યો.

મિલકત ઉચાપત કરવાનો આરોપ જ્યારે સિપિઓ એફ્રિકેનસ ઉપર મૂકવામાં આવ્યો, ત્યારે તેના હાથમાં હિસાબના કાગળનો વીંટો છતાં તે કેસમાં બચાવ કરી કામમાં વિલંબ નાખવાની નામોશી લેવા તેણે ના પાડી. તેણે તરતજ તે કાગળિયાં કોર્ટ આગળ ફાડી નાખ્યાં.

ઈ. સ. ૧૮૪૮ માં જ્યારે વૉશિંગ્ટનના કીર્તિસ્તંભનો પાયો નાખવામાં આવ્યો, ત્યારે મિ૦ વિન્થ્રોપે જણાવ્યું હતું કે, “તે સ્તંભને આકાશ જેટલો ઊંચો બાંધો; પણ વૉશિંગ્ટનના ઉચ્ચ સિદ્ધાંતોને તે પહોંચી શકશે નહિ. વજનદાર અને ઘણા લાંબા વખતથી બંધાયલા બડક ઉપર તેને ઊભો કરો, પણ તેની કીર્તિ કરતાં તે વધારે લાંબો વખત ટકી શકશે નહિ.” શુદ્ધમાં શુદ્ધ આરસનો તે બનાવો પણ તે તેના જીવન કરતાં વધારે શુદ્ધ બની શકશે નહિ. “ વેબ્સ્ટરે કહ્યું છે કે, “ અમેરિકાએ જગતને વૉશિંગ્ટનનું ચારિત્ર્ય આપ્યું છે. અમેરિકાની આપણી સંસ્થાઓએ બીજું કાંઇજ ના કર્યું હોય, તો તેટલાથીજ માનવ-

જાતિનું સન્માન મેળવવાને તે લાયક છે.”

બાયરને પ્રશ્ન કર્યો છે કેઃ—

“ મહાન પુરુષો તરફ નજર કરતાં,
જેઓમાં ગુનો અને મહત્તા એકઠાં નથી,
જેઓમાં તિરસ્કાર પાત્ર લક્ષણ નથી,
એવા કયા પુરુષ ઉપર થાકેલી
આંખ વિરામ પામશે?

“ હા, એકજ એવો છે, સૌથી પહેલો, સૌથી છેલ્લો છતાં સૌથી સરસ—

“ અદેખાઇ જેનો તિરસ્કાર કરી શકે એમ નથી,
એવા પશ્ચિમના સિનસિનેટ્સે,
વૉશિંગ્ટનનું નામ આપ્યું છે.

“ તે એકજ થઇ ગયો છે, તેથી મનુષ્યજાતિ શરમાય છે. ”

લૉર્ડ અર્સ્કિને વૉશિંગ્ટનને લખ્યું હતું કે, “ કોઇને માટે મને અત્યંત સન્માન હોય, તો તમે એકલાજ છો. ”

આ પ્રખ્યાત માણસ વિષે બોલતાં આમની સભામાં ચાર્લ્સ જેમ્સ ફૉક્સે જણાવ્યું હતું કે, “ તેની આગળ સઘળી ઉછીની લીધેલી મહત્તા ક્ષુદ્ર જણાય છે. ”

લૉર્ડ બ્રોહામે કહ્યું છે કે, “ આપણી પ્રજાએ ડહાપણ અને સદ્‌ગુણમાં કેટલી પ્રગતિ કરી છે, તેની કસોટી, અનંતકાળ સુધી વૉશિંગ્ટનના અમર નામને આપણે કેટલું સન્માન આપીએ છીએ, તે ઉપરથી નીકળતી રહેશે. ”

“ ઇતિહાસમાં વૉશિંગ્ટન પવિત્રમાં પવિત્ર વ્યક્તિ છે, ” એમ ગ્લૅડ્સ્ટન કહેતા અને ઉમેરતા કે, “ અસાધારણ મોટાઈ અને પવિત્રતાવાળા જાહેર સજ્જન માટે ઇતિહાસે ઊભી કરેલી બેઠકોમાં સૌથી ઊંચી બેઠક મેં જોઇ હોય અને તેને માટે વધારેમાં વધારે લાયક કોણ છે એમ એકજ ક્ષણમાં નામ દેવાને મને કહેવામાં આવે, તો હું ધારું છું કે, મારી પસંદગી ગયાં ૪૫ વર્ષમાં અને હાલ પણ વૉશિંગ્ટન ઉપરજ ઊતરે. ”

ફ્રિશર એમીએ એમ લખ્યું છે કે, “ રાજકીય મહત્તા વિષેના મનુષ્યજાતિના વિચાર તેણે ફેરવી નાખ્યા છે. ”

લા ફાયટે પોતાના મિત્ર વિષે લખતાં જણાવ્યું છે કે, "આવો ઉત્તમ માણસ મેં જોયો નથી."

એક પ્રખ્યાત વિચારકે લખ્યું છે કે, "એલેક્ઝાંડર, સીઝર, ક્રોમ્વેલ, ફ્રેડરિક અને નેપોલિયન જેવી વિલક્ષણ પ્રકૃતિઓ તરફ આશ્ચર્યની નજરથી આપણે જોઇએ છીએ; પણ જ્યારે વૉશિંગ્ટનનો ચહેરો આપણી નજર આગળ આવે છે, ત્યારે મનુષ્યજાતિ આંતરપ્રેરણાથીજ બોલી ઊઠે છે કે, 'પ્રજાના વિશ્વાસ અને સન્માનને લાયક તથા રાજકર્તાઓના અનુકરણને પાત્ર આજ પુરુષ છે."

વૉશિંગ્ટનની ઊંડી રાજકીય ખબરદારી સત્યશીલ ભાષણમાં અને સીધેસીધું લક્ષ આપવાની પૂરી ચાલાકીમાં રહેલી હતી.

લિંકન હમેશાં ચારિત્ર્યના ગોળ આખાપણા માટે, અખંડ, સંપૂર્ણ ચારિત્ર્ય માટે તૃષ્ણા રાખતો. તેની સામેના સામા પક્ષના ધારાશાસ્ત્રીઓ કહેતા કે, તે પ્રમાણિક છે; પણ તેના પ્રમાણિકપણામાં આડાઈ છે. કોઇ પણ લાલચથી કોઈ કેસની બોટી બાજુ તે લેતો નહિ અગર કેસ ગેરવાજબી છે કે તેમાં ફતેહ મળે એમ નથી એમ તેને માલૂમ પડતું, તો તે તે બાજુ ઉપર કોઇ પણ લાલચથી રહેતો નહિ. એક કેસમાં ઘણો વખત કામ કર્યા પછી અગાઉથી લીધેલા બસો ડૉલર તે કેસવાળી બાઇને તેણે પાછા આપ્યા અને કહ્યું કે, "તમારો કેસ નભી શકે એવો એક પણ મુદ્દો એમાં નથી." તે બાઇએ કહ્યું કે, "પણ તે પૈસા તો તમારી મહેનતના છે." લિંકને જવાબ આપ્યો કે, "નહિ નહિ; તે ઠીક કહેવાય નહિ. મારી ફરજ બજાવવા માટે મારે જે કરવું જોઇએ તે કરવા માટે મારે પૈસા લેવા જોઇએ નહિ."

વૉટર્સ કહે છે કે, "મહાનમાં મહાન ગ્રંથોથી તેના લેખકોને થોડામાં થોડો લાભ મળ્યો છે. કદર થાય તે પહેલાં કદરની હદ બહાર તે ગયા હતા. મનુષ્યજાતિનું ભલું કરનારે પૈસાને કદી નમતું આપ્યું નથી. સૉક્રેટિસ અગર સેંટ પૉલ, માર્ટિન લ્યૂથર, જૉન વેસ્લી, જૉન હેમ્પડન અગર જ્યૉર્જ વૉશિંગ્ટન પૈસા માટે પ્રપંચો કરી રહ્યા હતા એવો ખ્યાલ કોણ આણી શકે?"

પોતાના ધંધા અગર પોતાની ફતેહો કરતાં વધારે મહાન, દ્રવ્ય કરતાં અગર સંપત્તિ કરતાં વધારે ભવ્ય, બુદ્ધિની પ્રતિભા કરતાં વિશેષ ઉચ્ચ, કીર્તિ કરતાં વધારે ચિરસ્થાયી, મનુષ્યના

જીવનમાં કાંઇક હોવું જોઇએ. મનુષ્યો અને પ્રજાઓ, કેળવણી ઉપર, સુધરેલા જીવનની સંસ્કૃતિયુક્ત અને ઉત્કર્ષક અસરો ઉપર શ્રદ્ધા રાખે છે; પણ આ એકલાથી કોઈ પણ પ્રજાની ઉન્નતિ થઇ શકે નહિ, કોઇ પણ પ્રજા બચી શકે નહિ. કલા, મોજશોખ અને અવનતિ સેંકડો વર્ષથી પ્રજાનાં મિત્ર થઇ પડ્યાં છે.

પારથેનનમાં ફિડિયાસ ગ્રીસની કલાને સુંદરતાની છેલ્લી પીછી ફેરવતો હતો, તે સમયેજ એથેન્સની મહત્તા વિદાય થઇ હતી. કલા તેની પૂર ચડતીમાં હતી, તેવામાંજ રોમમાં યુદ્ધ, મોજમજાહ અને શૃંગાર દાખલ થયાં અને રોમની પડતી થઇ. ચારિત્ર્યનો ભોગ આપીને જ્યારે પૈસો પેદા કરવામાં આવે છે, ત્યારે તે દ્રવ્ય ઉન્નતિને બદલે અધોગતિ કરનારૂં થઇ પડે છે. **કોઈ પણ મનુષ્ય અગર પ્રજા પાસે જેમ વધારે પૈસો થાય, તેમ પૈસાની નુકસાનકારક અસરથી બચી જવા માટે વધારેમાં વધારે નૈતિક બળની જરૂર રહે છે.**

એક માણસ લાખ્ખો રૂપિયા મેળવે, છતાં પણ તેનું જીવન નિષ્ફળ હોય માટે પૈસો મેળવવો એજ મોટામાં મોટી કૃતેહ નથી. એક જાણીતા કરોડપતિની જિંદગી બરેબર કૃતેહમંદ નહોતી. તેને માત્ર એકજ લોભ હતો. તેના આત્માના પણ તેણે સિક્કા ઘડ્યા હતા. સર્વશક્તિમાન પૈસો એજ તેનો સૂર્ય હતો અને તેની છબી હમેશાં તેના હૃદયમાં રહેતી. બીજી સઘળી લાગણીઓને, બીજી ઉત્તમ મહત્ત્વાકાંક્ષાઓને તે દબાવી દેતો. મોતની ઘડી સુધી તે પોતાના પૈસા મજબૂત પકડી રાખતો—છોડતો નહિ; પરંતુ મોત વખતે એક આંખના પલકારામાં દુનિયાના એક પૈસાદારમાં પૈસાદાર માણસની સ્થિતિમાંથી, દુનિયામાંથી પસાર થનાર નિર્ધનમાં નિર્ધન માણસની સ્થિતિમાં તે આવી ગયો!

એમર્સન કહે છે કે, "સુધારાની ખરામાં ખરી કસોટી, વસ્તીપત્રક કે શહેરોની લંબાઇપહોળાઇ કે પાકથી નથી, પણ દેશમાં કેવા પ્રકારનાં માણસો નીવડે છે તે ઉપર છે."

ચારિત્ર્ય એક કૃતેહ છે અને બીજું કાંઇજ નથી.

પૈસો મેળવવા માટેના આવેશથી સઘળી ઉમદા આકાંક્ષાઓનો નાશ થાય છે. પૈસાની વેદી ઉપર એક કરમાયલો—બવાઇ ગયેલો આત્મા મૂકનાર, પૈસાના ચૂસ્તમાં ચૂસ્ત પૂજક તરીકે

રોથસચાઈલ્ડ ગણાય છે. સોનાના મુકુટવાળા છતાં અંતઃકરણમાં અતિશય મલિનતાવાળા માણસોની પાછળ દરેક જણને દોડતાં, સલામો કરતાં અને ઘૂસતાં આપણો યુવકવર્ગ જુએ છે. ત્યારથીજ જિંદગીના મહાન હેતુના ખોટા ખ્યાલથી દોરવાઇને તેઓ જિંદગીની શરૂઆત કરે છે અને એમાં કાંઇ આશ્ચર્ય નથી. જ્યારે એક સ્ત્રી પરણે છે, ત્યારે લોકો પ્રશ્ન કરે છે કે, "તેનું લગ્ન ઠીક રીતે થયું છે? તે સારે ઠેકાણે પડી છે?" એનો અર્થ એવો હોય છે કે, તે પૈસાને પરણી છે. તે પ્રમાણિક, પવિત્ર અને સીધા પુરુષને પરણી છે કે કેમ એવો પ્રશ્ન થતો નથી. **નાણાંની ભારે કોથળી અને હલકો આત્મા, મોટું ઘર અને હલકું ચારિત્ર્ય એના કરતાં વધારે દયાજનક શું હોઈ શકે?** ચૌદમા લૂઇ રાજાનો ઇતિહાસ તૈયાર કરતાં વોલ્ટેરે કહેલું કે, "રાજાના જમાના વિષે મેં તમારી પાસે વાતો માગી છે, તેમાં રાજાના પોતાના વિષે મારે થોડીકજ હકીકત જોઇએ છીએ. તેના રાજ્યમાં કલાની અભિવૃદ્ધિ કેટલી થઇ હતી તે ઉપર મેં વધારે ભાર મૂક્યો છે. સ્ટેનકર્કની લડાઇ કરતાં રેસિન અને બોઇલેા, સલી, મોલિયર, લબ્રન, બુસેટ, પુસીન, ડેસકાર્ટિસ અને બીજા વિષે મને વધારે હકીકત મળે એવી મારી મરજી છે. જેઓએ લશ્કરી ટુકડીઓ અને કાફલાની સરદારીઓ ભોગવી છે, તેમનાં નામ સિવાય કાંઇ રહેતું નથી. સો લડાઇ જીતવાથી મનુષ્યજાતિને કાંઇ લાભ થતો નથી; પણ જે મહાન પુરુષો વિષે મેં ઇશારો કર્યો છે, તેઓએ ભાવી પ્રજાઓને માટે પવિત્ર અને નિત્ય આનંદની વસ્તુઓ તૈયાર કરી છે. બે સમુદ્ર વચ્ચેની નહેર પુસીનું એક ચિત્ર, એક સુંદર કરુણાજનક કથા, શોધી કાઢવામાં આવેલું એક સત્ય, દરબારોના સઘળાં વૃત્તાંતો કરતાં અને લડાઇનાં સઘળાં વર્ણન કરતાં હજારગણું વધારે કિંમતી છે. તમે જાણો છો કે, હું મહાન પુરુષોને પહેલી અને વીર નરોને છેલ્લી જગ્યા આપું છું? જેઓએ ઉપયોગી અને અનુકૂળ બાબતોમાં ઉત્કૃષ્ટતા મેળવી હોય, તેમને હું મહાન કહું છું. વીર પુરુષોને તો માત્ર પ્રાંતોની પાયમાલી કરનારાજ કહી શકાય."

૪૦૦૦ વર્ષ પહેલાંના એક ઇજિપ્શિયન રાજ્યકર્તાના મૃત્યુલેખમાં જણાવવામાં આવ્યું હતું કે, "એક બાળકને પણ મેં ઇજા ભોગવવા દીધી નથી; એક વિધવાને પણ મેં દુઃખ પડવા દીધું

નથી; ગાયો ચારનારા ગોવાળને મેં પીડા કરી નથી; મારા વખતમાં કોઈ ભિખારી નહોતા અને જ્યારે દુષ્કાળનાં વર્ષ આવ્યાં હતાં, ત્યારે પ્રાંતના ઉત્તરથી દક્ષિણ છેડા સુધી, મારા પ્રાંતની સઘળી જમીન હું ખેડાવતો, પ્રજાને હું ખવડાવતો અને ભવિષ્યને માટે હું તેમને અનાજનાં સાધન કરી આપતો. પ્રાંતમાં કોઇ ભૂખે મરતું માણસ હતું નહિ અને વિધવાને પોતાના ધણીના મરણથી જે દુઃખ પડે, તે દુઃખ હું પડવા દેતો નહિ.” હાલના સુધારાના સમયમાં કયો રાજ્યકર્તા આવી ગોઠવણ કરવાનું કહી શકે એમ છે?”

ઇંગરસોલ કહે છે કે, “જ્યારે સત્યશીલ અને ડાહ્યા માણસો વડે ખરો ઇતિહાસ લખાશે, ત્યારે પ્રારબ્ધ અને પ્રપંચના દેવળ આગળ નમન કરનારા અને એક વખત દેવ તરીકે પૂજાતા ક્ષુદ્ર મનુષ્યો તિરસ્કારને પાત્ર થશે તથા જેઓએ હાર ખમી છે, જેઓ સ્વસન્માન મેળવી શક્યા છે અને જાળવી રહ્યા છે, જેઓ માણસો અગર સત્તાને કદી નમ્યા નથી,તેઓજ વિજયમાળાને પાત્ર થશે.”

એમર્સને બરોબર કહ્યું છે કે, “પૈસાનો ખરો લાભ જેણે તે મેળવ્યો છે તેનેજ રહે છે, તેના વારસને રહેતો નથી.” તે કહે છે કે, “જ્યારે હું મારી વાડીમાં કોદાળી લઇને જાઉં છું અને એક ક્યારી હું ખોદું છું, ત્યારે મને એવો આનંદ, એવો ઉલ્લાસ, તંદુરસ્તીની એવી લાગણી થાય છે કે, જે કામ મારે પોતેજ મારા હાથથીજ કરવું જોઇએ, તે બીજાઓને હું કરવા દઉં, તો હું પોતેજ ઠગાઉં છું, એમ મને માલૂમ પડે છે. આમાં માત્ર આરોગ્ય નહિ પણ કેળવણીની બાબત પણ રહેલી છે. જૉન સ્મિથ એન્ડ કંપનીના લાભમાં એક ચેક લખી હું મારે માટે કાંઇ હદ વગર ખાંડ, કાંજી, રૂ, ડોલો, ચીનાઇ વાસણ, લખવાના કાગળ વગેરે મેળવું છું; પણ મારાં સુખસગવડને માટે દૂરથી આવેલી આ ચીજો બનાવવામાં જે કામ મારે કરવું જોઇએ એવો કુદરતનો હેતુ હતો, તે કામ કરીને મારી શક્તિઓને કસવાનો પ્રસંગ મળે છે.”

બોસ્વર્થ ફિલ્ડની લડાઇ વખતની મૂંઝવણ વખતે ઇંગ્લેંડના ત્રીજા રિચર્ડ રાજાએ કહ્યું હતું કે, “એક ઘોડો, એક ઘોડો–ઘોડા માટે મારું રાજ્ય જાય છે.” રાણી ઇલિઝાબેથે મૃત્યુશય્યા ઉપર કહ્યું હતું કે, “એક ક્ષણ અને મારું રાજ્ય એ બરાબર છે.” બીજાં

લાખ્ખો માણસોએ પણ, જ્યારે તેમના હાથમાંથી જમીન, પૈસો અને સત્તા સરકી જતાં માલૂમ પડ્યાં છે, ત્યારે બતાવી આપ્યું છે કે, જીવનના સુખમય પ્રકાશ, ગ્રહો અને કુસુમો, મિત્રોનો સમાગમ અને આ બધા કરતાં પણ આ જગતની વૃદ્ધિ અને વિકાસના પ્રસંગ અને ભાવી જીવન માટેની તૈયારીઓ—એની સાથે મુકાબલો કરતાં તેમના હૃદયના ઊંડાણમાં તેમને આ ચીજોની કશી કિંમત લાગતી નહોતી.

ઇતિહાસ ઉપરથી માલૂમ પડે છે કે, એવો સમય પણ આવે છેજ કે જ્યારે પૈસા કરતાં વેદના અને ભૂખ વધી પડે છે અને પૈસાને દબાવી દે છે. ફ્રેંચ રેવોલ્યુશન તેનું ઉદાહરણ છે. ફિલાડેલ્ફિયાનો જ્યોર્જ ડબ્લ્યુ. ચાઇલ્ડ્સ પૈસાદાર હતો, એ કારણથીજ તેને ધમકી આપે તેવો હલકો એનાર્કિસ્ટ કોઇ પણ નહોતો. એનાર્કિસ્ટ બીજાને ઉડાવી દેશે, પણ મિ. ચાઇલ્ડ્સને ઉડાવી દેશે નહિ. એનું કારણ એજ હતું કે, તે પ્રખ્યાત અધિપતિના ચારિત્ર્યમાં પૈસા કરતાં ચડિયાતું એવું મહાન તત્ત્વ હતું, જેથી સામા માણસનો દ્વેષ નરમ પડી જતો. આ તેના સદ્‌ગુણથી ભૂખે મરતા માણસને તેની પાસે જઇ રોટલી મેળવવાનું, નિરક્ષરને કેળવણી મેળવવાનું અને ઘર વગરનાને આશ્રય મેળવવાનું મન થતું.

આ જરૂરિયાતો પૂરી પાડવી એજ તેનું આ દુનિયાનું કામ હતું. માનવજાતિનો પ્રેમ અને સર્વ પ્રકારની તંગી તથા દુઃખ તરફ સહાનુભૂતિ, એ આ જગતમાં સર્વથી મહાન બાબતો હોય એમ એ ધારતો. તે કહેતો કે, "બીજાનું ભલું કરવું, તે જિંદગીનો મોટામાં મોટો આનંદ હોય એમ તે અનુભવતો." બાઇબલ શીખવે છે અને ઇતિહાસ સપ્રમાણ બતાવે છે કે, જગતમાં પ્રેમ એ સર્વથી મહાન બાબત છે. સાધુજીવન ગાળનાર મિ. ચાલ્સ ક્લિન્ટનડનની જિંદગીમાંથી એક સુંદર ઉદાહરણ આપણને મળે છે. પોતાની ધારણા મુજબ તે ધનવાન થયો, ત્યારે તેણે ન્યુયોર્કના પોતાના જથાબંધ માલના ખાતાના પાંચે વિભાગના ઉપરીઓને પોતાના ભાગીદાર કર્યા. પૈસાની મમતાના આ જમાનામાં પોતાના નોકરો પાસેથી એક પાઇ પણ લીધા વગર સારી સંપત્તિવાળો એક માણસ પોતાની મિલકત અને હક્ક બીજાના નામે ચડાવી આપે એ બરેબર અપ્રતિમ છે.

મિ૦ ક્લિન્ટનડન પોતાનો સઘળો સમય ઉપદેશને લગતા

કાર્યમાં ગાળે છે. તેણે પોતાની સઘળી દોલત, અણસમજથી આડે માર્ગે જતી છોકરીઓને બચાવવા માટેની "ફ્લોરેન્સ ક્રિન્ટનડન" એ નામની ધાર્મિક સંસ્થાને અર્પણ કરી છે. આ સંસ્થાઓની સ્થાપનાની વાત ખરેખર હૃદયદ્રાવક છે અને કોઇની પણ આંખમાંથી આંસુ ટપકાવે છે. થોડાં વર્ષ અગાઉ તેની ચાર વર્ષની નાની છોકરી ફ્લોરેન્સે મૃત્યુશય્યા ઉપર તેના પિતાને વિનતિ કરી કે, "પેલું મીઠું ગીત 'સ્વીટ બાય એન્ડ બાય' ગાઓ." ગૂંગળાતા અવાજે અને તૂટી જતા વિદીર્ણ હૃદય સાથે તેના પિતાએ તે સુંદર ગીત ગાયું અને તેનો પ્રીતિપૂર્ણ આત્મા, તે સંગીતની પાંખ ઉપર સ્વર્ગ તરફ ચાલી નીકળ્યો.

મિ૦ ક્રિન્ટનડન દરિદ્રતા અને દુરાચારના સ્થાનમાં જતો અને અવનત થયેલાં લોકોને મદદ આપતો. એક રાત્રીએ એક ગરીબ ફસાયલી છોકરી સાથે તેની શરમભરેલી જિંદગી છોડવાવાને માટે તે વાત કરતો હતો. તેણે ક્રાઇસ્ટના શબ્દોમાં કહ્યું: "હું તને વખોડી કાઢતો નથી, હલકી ગણતો નથી. જા, હવે પાપ કરીશ નહિ." આંખમાં આંસુ સાથે તેણે કહ્યું: "હું ક્યાં જાઉં?"

વીજળીના ચમકારા પેઠે, તેને પણ વિચાર આવ્યો કે, તે ક્યાં જાય? પાપ સિવાય બીજો કોઇ પણ માર્ગ તેને માટે ખુલ્લો નથી. ત્યાં ને ત્યાંજ પોતાની નાની ફ્લોરેન્સના સ્મારક તરીકે, શરમના વમળમાં ડૂબતી બીજી નાની છોકરીઓ બચે અને સદ્‌ગુણયુક્ત જીવન ગાળે એ માટે તેણે એક આશ્રમ સ્થાપવાનો નિશ્ચય કર્યો. આ રીતે ન્યુયોર્કના 'બ્લીકર સ્ટ્રીટ' રસ્તા ઉપર થોડાં વર્ષ ઉપર બેવડા ચાર માળના એક મકાનમાં ફ્લોરેન્સ ક્રિન્ટનડન મિશનની પહેલવહેલી સ્થાપના તેણે કરી. આ આશ્રમમાં ખોરાક, આશ્રય અને વસ્ત્ર મફત આપવામાં આવે છે અને વ્યવસ્થાપક સન્નારીની અસરથી સેંકડો સ્ત્રીઓ પવિત્ર બને છે.

મિ. ક્રિન્ટનડને એ ઉપરાંત ન્યુ બ્રન્સ્વીક, સાનજોસે, સેક્રામેન્ટો, લોસ એન્જિલિસ અને કેલિફોર્નિયાના સાનફ્રાન્સિસ્કોમાં પણ આવીજ સંસ્થાઓ ઉઘાડી છે.

યુરોપ અને અમેરિકાના દરેક મોટા શહેરમાં આવી ફ્લોરેન્સ ક્રિન્ટનડન સંસ્થા સ્થાપવી એ તેના જીવનની મહેચ્છા છે અને મિસ ફ્રાન્સિસ ઇ. વિલાર્ડ અને લોર્ડ હેન્રી ઓમરસેટની

આગેવાની નીચેના 'વુમન્સ ક્રિશ્ચિયન ટેમ્પરન્સ એસોસિયેશન' સાથે તે મતલબની યોજનાઓ ઘડવામાં આવે છે.

ઈશ્વરનો આપણે આભાર માનવો જોઈએ કે, જેને વગસગ અડે નહિ એવી અને પથ્થરનું બાવલું ઊભું કરવાની ગાંડાઇ કરતાં વધારે સારી એવી ચીજો પણ આ જગતમાં અનેક છે. સદ્‌ગુણ સાથે સોનું સ્પર્ધામાં ઊતરી શકેજ નહિ અને અમુક સામાજિક પદથી કાંઇ મર્દપણું—માણસપણું ઉત્પન્ન થતું નથી. મોટાં મોટાં વેપારી ટ્રસ્ટ ઊભાં કરવાં, ઇજારા રાખવા, તેથી તો માત્ર જિંદગીની હલકી બાબતો ઉપરજ અંકુશ રહે છે.

એવા પણ કેટલાક માણસ છે કે, જેઓ પ્રમાણિકતાને પોતાના આત્માના મિત્ર તરીકે પસંદ કરે છે. તેમનો જીવનનિર્વાહ તેની અંદર, તેના વડે અને તેની પાસેજ થાય છે. તેઓ તેને પોતાના કામકાજ અને જિંદગીમાં દાખલ કરે છે. તેમના શબ્દમાં તે જણાઇ આવે છે. તેમના હાથ તેનેજ વળગી રહે છે, તેના પગ પ્રમાણિકતાના માર્ગ ઉપરજ ચાલે છે, તેઓ તેમાંજ રચ્યાપચ્યા રહે છે, તેઓ તેને ચહાય છે; તેઓ તેને એક દેવી માફક ગણે છે; સોનું, રાજમુકુટ અગર કીર્તિની લાલચથી, કે લાંચ વડે તેઓ પ્રમાણિકતા છોડતા નથી. તે વડે તેઓ ખૂબસૂરત મર્દ, ઉમરાવ, મહાન, બહાદુર અને સત્યશીલ માણસો બને છે. પોતાનું જીવન પોતાની જાતિને અર્પણ થયેલું છે, ઈશ્વર જે કાંઇ પોતાને આપે છે, તે મનુષ્યજાતિને માટે આપે છે, તેવી કાંઇ પણ લાગણી જેને થઇ નથી, તેવો માણસ સાચી મોટાઇ મેળવી શકયો નથી.

પદવી એ તો ગીનીનો સિક્કો માત્ર છે.

માત્ર પદવીવાળા માણસની કિંમત સિક્કાથી અંકાય છે!

જેમના હાથ પરિશ્રમથી મેલા અને બરડચરડા બની ગયા છે, જેઓ કુળથી મગરૂર થતા નથી, જેઓ લાકડાં કાપે છે અને જમીન ખેડે છે, જેઓ આ રીતે રાજા અગર યોદ્ધાની કીર્તિ કરતાં વધારે ગૌરવભરી નામના મેળવે છે; તેઓજ આ જગતમાં રહેનાર મનુષ્યોમાં ઊંચામાં ઊંચા છે.

૧૫—ફતેહની કિંમત-ફતેહ શી રીતે મળે?

"દેવો દરેક ચીજ દરેક જણને વાજબી કિંમતે વેચે છે,"

—એમર્સન

"બરોબર રંગ દેવામાં સર્વસ્વ-જીવન ખપી જાય છે. આ કામ સસ્તું અગર વગર કિંમતે થઇ શકે નહિ." —રસ્કિન

"પ્રારબ્ધ જેવું કાંઇ નથી. વિચાર અને ફતેહની વચ્ચે ઈશ્વર એકલોજ દલાલ છે." —બુલ્વર

"આપણે જે કરીએ તેજ આપણું છે.

"દરેક સારી ચીજ કુદરતે પથ્થર જેવી સખ્ત મૂડીમાં મૂકેલી છે;

"માત્ર મહેનતથીજ તે છૂટી થઇ શકે."

"હથોડાવડે અને હાથથી દરેક કળા ઊભી થાય છે."

"સ્વાશ્રય રાખવો, પોતાના સાધન ઉપરથીજ પોતાનો નિભાવ કરવો, એ લક્ષ્મીના ખોળામાં રમવા જેવું છે." —ફ્રેંકલીન

"જે માણસ કદી કામમાં જોડાશે નહિ તેને ઈશ્વર કદી મદદ કરશે નહિ." —સોફોક્લિસ

"જે કાંઇ તમે સારી રીતે કરી શકો તે કરવામાં અને તમે જે કરો તે કીર્તિના વિચાર વગર સારી રીતે કરવામાં ફતેહની ખરી ચાવી રહેલી છે." —લોંગફેલો

"સ્પષ્ટ અને નિશ્ચયાત્મક હેતુ સિવાય ફતેહનો માર્ગ નથી; ચારિત્ર્ય, શિષ્ટતા, પદવી અગર કોઇ પણ વસ્તુની પ્રાપ્તિમાં હેતુ રહેલો હોય છે." —ટી. ટી. મંગર

"માનવજાતિ ફતેહની પૂજા કરે છે; પણ જે સાધનથી ફતેહ મળે છે તેનો, તે માટે રાતદહાડો કેટલો ઉજાગરો, કેટલો પરિશ્રમ વેઠવો પડે છે! વર્ષ પછી વર્ષ ચાલ્યાં જાય છે છતાં ફતેહ દૂર ને દૂર જતી હોય છે એનો, થોડાજ વિચાર કરે છે. વળી પરિણામ વિજયમાં ન આવે તો પરિશ્રમની કાંઇ કિંમત ગણાતી નથી."

—એચ. એમ. ફિલ્ડ

બુલ્વરના "કેનેમ ચિલીંગ્લી" માં મિસ સિબિલ બાળકના સામું જોઇ કહે છે કે, "કેવો દેવી, શોકમય ચહેરો!"

પાદરીએ કહ્યું કે, "બહેન સિબિલ! તેં ઠીક કહ્યું; પણ બાળકે હિંમત ધારણ કરવાની જરૂર છે. જો તેણે પાછા દેવભૂમિમાં જવું હોય, તો ભલા અંતઃકરણ સાથે મર્ત્યલોકમાં પોતાનો માર્ગ તેણે કરવો જોઇએ."

જૂજ જૂજ કામ કરવામાં પણ આજ સિદ્ધાંત ઉપયોગી છે.

હિમેટસ સુધી ઊડવાની મહેનતમાંથી પોતાની મધમાખોને બચાવવા એક જૂના ગ્રીકે વિચાર કર્યો હતો. તેણે તેમની પાંખો કાતરી નાખી અને કામ કરવા માટે ઘર આગળ ફૂલ એકઠાં કરી મૂક્યાં, પણ તેઓ મધ બનાવી શકી નહિ.

એક ઘણીજ સુંદર તસ્વીર તરફ આંગળી કરી એક ઉત્સાહી યુવાન કલાવિદ બોલ્યો કે, "આ રીતે મારી કલ્પના ચિત્રમાં રજૂ કરી શકું તો?" ઉસ્તાદે ગુસ્સામાં કહ્યું કે, "ચિત્રમાંની કલ્પના રજૂ કરવાના કામ માટે તમારી કલ્પનામાં જે છે તે ચિત્રમાં આણવા માટે ૧૦,૦૦૦ વાર પીછી ફેરવશો, ત્યારે તમે તે શીખી શકશો."

ખુલ્લાં બારણાં આગળ સોયમાં દોરો પરોવતી એક વૃદ્ધ બાઇની ઝૂંપડીનો દેખાવ ચીતરવા માટે કેટલો વખત ગયો તે વિષે જ્યારે એક મહાન કારીગરને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે, "તે કામ કરવાને માટે બહુ વખત જતો નથી; પણ તે બાઇની અમુક ઊભા રહેવાની સ્થિતિ ગોઠવવામાં અને બારણામાં થઇને આવતો સૂર્યપ્રકાશ બરોબર બતાવવામાં મને વીસ વર્ષ ગયાં."

વેનિસના એક અમીરે એક શિલ્પીને કહ્યું કે, "જે બસ્ટ, જે પૂતળું બનાવતાં દસ દિવસ ગયા છે, તેને માટે તમે મારી પાસેથી ૫૦ સિક્વિન લો છો?" તે કારીગરે જવાબ દીધો કે, "દસ દિવસમાં આ પૂતળું બનાવવામાં મારાં ત્રીસ વર્ષ ગયાં છે તે તમે ભૂલી જાઓ છો."

વૉટર્સ કહે છે કે, "મિલ્ટને પોતાની કલ્પનાથી અમુક દેખાવો રજૂ કર્યા; પણ જે અમર પંક્તિઓમાં તે દેખાવો તેણે રજૂ કર્યા છે તે તેની બારે, પૂરી મહેનતથીજ થઇ શકે. ન્યૂટન

પોતાની માનસિક શક્તિથી કુદરતનાં રહસ્યને પહોંચી શકે; પણ તેની પ્રતિભા તે કામ મહેનત વગર કરી શકે નહિ. બેકનના ગ્રંથ ઉનાળાના સ્વપ્નતરંગ નથી, પણ પરવાળાના દ્વીપોની પેઠે તેઓ સત્યના ઊંડાણમાંથી ઉદ્ભવ પામ્યા છે અને આગ્રહપૂર્વક પરિશ્રમ ઉપર પરિશ્રમ કર્યાથીજ સપાટી ઉપર તે આવી શક્યા છે. માઇકલ એન્જેલોએ પોતાની કલ્પનાઓને ઉદ્યોગથી નિત્યતા આપી ન હોત, તો રાત્રીના તરંગની માફક તે નષ્ટ થઇ જાત, ઉત્કૃષ્ટતા સંપાદન કરવાનો એકજ માર્ગ છે અને તે સખ્તમાં સખ્ત પરિશ્રમનો છે. ”

મહાન પુરુષોનાં સૂત્રો ઉપરથી તેમનાં ચારિત્ર્ય અને તેમને મળેલી ફતેહોનું રહસ્ય વારંવાર જણાઇ આવે છે. “ કામ કરો, કામ કરો, ” એ સર જોશ્યુઆ રેનોલ્ડઝ, ડેવિડ વિલ્કી અને બીજાઓ, જેમણે જગત ઉપર પોતાની છાપ મૂકી છે, એમનું સૂત્ર હતું. વોલ્ટેરનું સૂત્ર હમેશાં કામ કરવું એ હતું. રુસોટનું સૂત્ર એ હતું કે, કોઇ દહાડો નવરા પડશો નહિ. એન્જેલો એક અદ્ભુત કામ કરનાર હતો. પોતે જાગે કે તરત કામ ઉપર ચઢી શકે તે માટે તે પોતાનાં કપડાં પહેરીનેજ સૂઇ રહેતો. તે પોતાના સૂવાના ઓરડામાં એક આરસનો કકડો રાખતો જેથી રાત્રે તેને ઊંઘ ન આવે, ત્યારે કામ કરી શકે. એક ઠેલણગાડીમાં વૃદ્ધ માણસ, તેના ઉપર વખત બતાવનાર શીશી અને તેના ઉપર “ હજુ હું શીખું છું ” એ લેખ એ તેનું પ્રિય ચિત્ર હતું. તે આંધળો થયો તે પછી પણ પોતાના હાથથી તે પૂતળાં તપાસી શકે તે માટે પોતાને બેલ્વેડરમાં લઇ જવાને કહેતો. કોલ્બન કહેતો કે, “ એક પણ પળ નવરો પડ્યા સિવાય, હું એક ઘોડાની માફક કામ કરું છું. ” એમ કહેવામાં આવે છે કે, સંગીતશાસ્ત્રી હેન્ડલ બાર માણસનું કામ એકલો કરતો અને કશાથી પણ તે પાછો હઠતો નહિ. તે હાંસી અગર પરાજયથી બીતો નહિ. પોતાની વૃદ્ધ વયે પણ લૉર્ડ પામર્સ્ટન એક ગુલામની માફક કામ કરતો. માણસની કયી ઉંમર પુખ્ત કહેવાય, એ સંબંધમાં તેને પૂછવામાં આવતાં પોતાની તે વખતની ૭૦ વર્ષની ઉંમર તેણે બતાવી. હંબોલ્ટ જગતના મહાન ઉદ્યોગીમાં ઉદ્યોગી પુરુષોમાંનો એક હતો. ત્રીસ વર્ષ સુધી ઉનાળામાં દરરોજ સવારે તે ચાર વાગે ઊઠતો. તે કહેતો કે, “ ખોરાક અને ઊંઘ જેટલાં જરૂરનાં છે,

તેટલોજ ઉદ્યોગ પણ જરૂરનો છે.” સર વૉલ્ટર સ્કૉટ એક અદ્ભુત કામ કરનાર હતો. દર વર્ષનાં બાર પુસ્તક એ પ્રમાણે તેણે “વેવલી” નવલકથાઓ લખી હતી. પોતાની આખી ઉદ્યોગી જિંદગીમાં તેણે લખેલાં પુસ્તકની સરેરાશ દર બે મહિનાની એકની આવી હતી. અંતઃકરણથી કામ કરનાર કેટલું કરી શકે તેનું આજના યુવાનોને આ કેવું સુંદર ઉદાહરણ છે! મહાનમાં મહાન ઉદ્યોગી પુરુષોમાંનો એડમન્ડ બર્ક પણ એક હતો.

ડેનિયલ વેબ્સ્ટર કહેતો કે, “પચાસ વર્ષ સુધી દિવસના બાર કલાક કરતાં વધારે કામ મેં કર્યું છે.” ચાર્લ્સ જેમ્સ ફૉક્સ એક મહાન વક્તા થયો, પણ આ મહાન કલામાં પરિપૂર્ણ થવા માટે તેણે કેટલી મહેનત કરી હતી તે તેના અંગત મિત્રો સિવાય ભાગ્યેજ બીજું કોઇ જાણતું. બોલવા માટેની અગર સ્વસુધારણાની એક પણ તક સુધાર્યા વગર તે રહેતો નહિ. વર્જિનિયાના કોઇ એકાદ જૂના બળામાં ઢોરો પોતાના શ્રોતાજન હોય તેમ વર્ષો સુધી દરરોજ હેન્રી ક્લે બોલતો તમને માલૂમ પડે. તે કહેતો કે, “તમારી વક્તૃત્વ શક્તિનો ઉપયોગ કર્યા સિવાય એક પણ દિવસ પસાર થવા દેતા નહિ.” સીઝર લોકોને બિવડાવી માણસો ઉપર અંકુશ રાખતો. સિસેરો લોકોની પ્રીતિ સંપાદન કરી તેમના આવેશ ઉપર કાબૂ મેળવી તેમના ઉપર સત્તા મેળવતો. સીઝરની અસર તેના મૃત્યુ સાથે મૃત્યુ પામી; સિસેરોની અસર આજના દિવસ સુધી છે. બીચરે બોલવાનો મહાવરો જંગલોમાં અને ગોચરમાં વર્ષો સુધી કર્યો હતો.

કામ કરો અગર ભૂખે મરો, એ કુદરતનું સૂત્ર છે. આકાશમાંના તારા અને પૃથ્વીનાં ઢેફાં, એ બંને ઉપર તે સમાન રીતે લખાયલું છે. કામ નહિ કરો તો મનથી, નીતિથી અને શરીરથી ભૂખે મરો. કુદરતનો એ અવિચળ કાયદો છે કે, **જે વપરાતું નથી તે નાશ પામે છે, મરણ પામે છે.** કાંઇ કામ નહિ તો બદલો પણ કાંઇ નહિ, એ તેનું સૂત્ર છે. આપણે પોતાની રાજીખુશીથી સુસ્ત રહીએ, પ્રમાદી રહીએ, તો જરૂર આપણે હિંમત અને શક્તિ વિનાનાં રહીશું.

આપણા પ્રયત્નથી, આપણું–આપણા જીવનનું એકંદર માપ થાય છે. **આપણે જે શરત હોડીએ છીએ, તેમાં તેનો બદલો રહેલો છે; તેના ફળમાં કે ધનામમાં રહેલો નથી.**

જૉન સેબાસ્ટિયન બાખે કહ્યું કે, " મારામાં જે કાંઇ બુદ્ધિ-શક્તિ છે, તે મેં સખ્ત ઉદ્યોગથી મેળવી છે અને જેવી રીતે મને ફતેહ મળી છે, તેવીજ રીતે તેટલીજ સખ્ત મહેનત કરનારને મારી પેઠેજ ફતેહ મળશે. "

કાર્નેલિયસ વેન્ડરબિલ્ટને એક મિત્રે પૂછ્યું કે, " વ્યાપાર-ધંધામાં ફતેહનું રહસ્ય શું છે ?" વહાણોના આ માલિકે જવાબ દીધો કે, " રહસ્ય ! એમાં કાંઇ પણ રહસ્ય નથી. તમારે જે કરવાનું છે, તે તમારા કામ ઉપર ચડી બેસીને આગળ વધવાનું છે, વેન્ડરબિલ્ટની પદ્ધતિ તમે ગ્રહણ કરવા માગતા હો, તો તમારા ધંધાનું તમે જ્ઞાન મેળવો, તેના ઉપર લક્ષ આપો અને ધંધાના જોખમમાંથી તમારી મિલકત, તમારી દોલત મુક્ત રહે, તેટલે દરજ્જે તમે તમારાં ખર્ચ ઉપર અંકુશ રાખો. "

ઓન્ડોવરના દક્ષિણ તરફના એક વિદ્યાર્થીએ કેટલુંક લાકડું ખરીદ્યું અને તે કોણ વેહેરશે, એ જાણવા માટે તે પ્રોફેસર સ્ટુઅર્ટ આગળ ગયો. મિ૦ સ્ટુઅર્ટે જવાબ દીધો: " મારે હાલ કાંઇ ખાસ કામ કરવાનું છે નહિ, હું પોતેજ તે વહેરીશ. " તમારી જિંદગીના ધંધા અગર ઉદ્યોગમાંથી તમે કેટલા પૈસા પેદા કરશો, તેટલા એકજ કારણથી તમારો ધંધો તમે પસંદ કરતા નહિ. અમુક ધંધો જીવનનિર્વાહ કરવા માટેજ છે, એમ ગણવું એ તો તે ધંધાની હલકી કિંમત આંકવા જેવું છે. ઇશ્વરે આપણને રોટલી તૈયાર બનાવીનેજ આપી હોત, આપણને તેણે હમેશાં એક સુંદર બગીચામાંજ રાખ્યા હોત; પણ જ્યારે તેણે મનુષ્યને ઉત્પન્ન કર્યો, ત્યારે માત્ર પાશવિક ઇચ્છાઓ અને આવેશ તૃપ્ત કરવા કરતાં વધારે ભવ્ય અને ઉત્કૃષ્ટ હેતુ તેણે રાખ્યો હતો. માણસમાં એવી દિવ્યતા રહેલી હતી કે બગીચાના વૈભવથી તે કદી વિકાસ પામે નહિ. જે શાપથી એને આ બગીચામાંથી હાંકી કાઢવામાં આવ્યો અને પોતાના પરસેવાથી પોતાનો રોટલો પેદા કરવાને હમેશને માટે તેના ઉપર ફરજ નાખવામાં આવી, તે શાપમાં પણ અમૂલ્ય આશીર્વાદ રહેલો હતો. આપણું ઊંચામાં ઊંચું સુખ અને વધારેમાં વધારે કલ્યાણ ભારેમાં ભારે મુશ્કેલીઓ નીચે પ્રભુએ સંતાડ્યું હતું અને નિર્વાહ માટે કોશિશ કરવી, એ શરતેજ તે મળી શકે એવી તેણે શરત રાખી હતી; એમાં પણ કાંઇક મહત્ત્વ રહેલું છે. આપણામાં જે

નથી તેમાંજ આપણી પ્રોત્સાહક શક્તિ રહેલી હોય છે. તમારા ધંધાથી તમે ઊંચા છો, એવી લાગણી રાખતા નહિ. સઘળા વાજબી ધંધા સન્માનપાત્ર છે. એક એડૂત સિનસિનેટસ હોય, વૉશિંગ્ટન હોય અગર જેને તે ઉથલાવે છે તે જમીનના ઢેફાનો તે ભાઈ હોય. વિપ્લવની લડાઇમાં એક સ્થળે સિપાઇઓ જમીન ઉપરથી બહુ મહેનતથી ઉઠાવી શકાય તેવું સાગનું એક ભારે લાકડું ઊંચકવાને પ્રયત્ન કરતા હતા. એક યુવાન કૉરપોરલ પાસે ઊભો હતો અને ઊચકવાને જબ્બર ટેકો આપવા આગ્રહ કરતો હતો તથા "ઉઠાવો, ભાઇઓ!" એમ બોલતો હતો. એવામાં એક ઊંચી પદવીનો અમલદાર, ઘોડા ઉપર બેસી આવ્યો. તે ઘોડેથી નીચે ઊતર્યો અને કૉરપોરલને કહ્યું: "તું કેમ મદદ કરતો નથી?" તેણે જવાબ દીધોઃ "હું કૉરપોરલ છું." તે અમલદારે તે લાકડું ઊંચકવામાં મદદ કરી અને પછી ઘોડેસવાર થઇને કૉરપોરલને કહ્યું કે, "તમારા સેનાપતિના હેડક્વાર્ટરે તમે મને મળજો. હું જ્યૉર્જ વૉશિંગ્ટન છું."

જે યુવાન પુરુષ અગર સ્ત્રી શારીરિક મહેનતને હલકી ગણે છે, તેનામાં હમેશાં કાંઇ દોષ હોય છે, એવું ખાતરીથી માનજો. ગુલામગીરીની પ્રથા ચાલુ થઇ, ત્યાંસુધી શારીરિક મહેનતને કદી હલકી ગણવામાં આવતી નહિ.

એમ્પરર સેવેરસ મરવા પડ્યો અને તેના સિપાઇઓ તેની આજુબાજુ એકઠા થઇ ગયા, ત્યારે "આપણે મહેનત કરવી જોઇએ" એ તેના છેલ્લામાં છેલ્લા શબ્દ હતા. "મહેનત ત્યાં ફતેહ" એ મહાન રોમન સૂત્ર હતું અને રોમે જગત ઉપર વિજય મેળવ્યો, તેનું રહસ્ય પણ તેજ હતું. વિજય મેળવીને પાછા આવેલા સરદારો હળ લઇને કામ કરતા. ખેતીનું તે વખતે સન્માન હતું અને એક રોમનને મહાન એડૂત કહેવો તે ઊંચામાં ઊંચુ માન ભરેલું ગણાતું. તેમનાં કુટુંબનાં ઘણાં નામો ખેતીવાડીને લગતા શબ્દો ઉપરથી પડેલાં હોય છે. ઉદાહરણ તરીકે સિસર એટલે એક જાતનો વટાણો, એ ઉપરથી સિસેરો અને ફેબા એટલે શિંગ, તે ઉપરથી ફેબિયસ. જ્યારે રોમન લોકોમાં ઉદ્યોગ એ મુખ્ય બાબત હતી, ત્યારે તેઓ એક મહાન પ્રજા હતી; પણ જ્યારે તેણે પૈસા અને ગુલામો ઉપર જીત મેળવી, ત્યારે તેના શહેરીઓને મહેનત કરવાની જરૂર પડી નહિ અને

ત્યારથીજ તેની કીર્તિ ઝાંખી પડવા લાગી. સુસ્તીથી ઉત્પન્ન થતા દુરાચાર અને બિગાડથી આ મગરૂર શહેરને ઇતિહાસમાં હલકું નામ મળ્યું. રોમના મહાન વક્તા અને રાજપ્રકરણી પુરુષ સિસેરોએ કહ્યું હતું કે, "સઘળા કારીગરો નામોશી ભરેલા ધંધામાં પડેલા છે." વળી ખ્રિસ્તી તત્ત્વજ્ઞાનથી અજાણ એરિસ્ટોટલે કહ્યું છે કે, "સારામાં સારા ધોરણે ચાલતાં શહેરો પણ એક કારીગરને નાગરિક થવાનો હક્ક આપશે નહિ; કારણકે જે કારીગરનું જીવન ગાળે છે અગર તો જે ભાડૂતી નોકર છે, તે પવિત્ર જિંદગી ગાળી શકે નહિ." કેટલાકનો જન્મ ગુલામ થવા માટેજ હોય છે; પણ સદ્‌ભાગ્યે રોમ, સિસેરો અગર એરિસ્ટોટલના કરતાં પણ વધારે બળવાન પુરુષ ઉત્પન્ન થયો, જેના ભવ્ય જીવન અને દૃષ્ટાંતથી મહેનતને લગતી શરમ હમેશને માટે નીકળી ગઇ. મહેનતને તે ખાસ મહત્ત્વ આપે છે અને નોકરના હલકામાં હલકા કામને તે મહત્ત્વનું ગણે છે. ક્રાઇસ્ટે એમ નહોતું કહ્યું કે, "જ્યાં ત્યાં આનંદ શોધનારાઓ મારી સમીપ આવો;" પણ એણે તો એમજ કહ્યું હતું કે, "જેઓ મહેનત કરો છો અને જેમના ઉપર ભારે બોજો છે, તેઓ મારી પાસે આવો." એક ઉમદા પુરુષ અગર સ્ત્રી કોઇ પણ વાજબી ધંધાને સન્માનપાત્ર કરી શકશે.

કુદરત પૈસા અગર કીર્તિ માટે ઇચ્છા રાખતી નથી, મરદાનગીને માટે ઇચ્છા રાખે છે. એક બરા મરદ માટે તે ગમે તે કિંમત પણ આપશે. આવો માણસ ઉત્પન્ન થવા માટે અગર તેનું અસ્તિત્વ શક્ય બનાવવા માટે જમાનાના જમાના તેના હિસાબમાં નથી. જગત માણસનું બાલોદ્યાન છે અને દરેક સૃષ્ટ વસ્તુ નહિ દેખાતી દુનિયાનો પદાર્થપાઠ છે. પોતાની ભવ્ય સૃષ્ટિનો સંપૂર્ણ નમૂનો ખીલવવા માટે કુદરત સેંકડો સાધનોનો આશ્રય લે છે. આમ કરવા સારૂ પોતાનો રોટલો મેળવવાની લડત જાતે લડવા માટે કુદરતે મનુષ્યને લલચાવવો જોઇએ. કાંઇ પણ મેળવવાની કોશિશ વડે મનુષ્યનો વિકાસ થાય છે તે બાબત એક ક્ષણભર પણ કુદરત મનુષ્યને ભૂલી જવા દેતી નથી.

જે કાંઇ દૂરથી સુંદર દેખાય છે અને જે મેળવવા માટે આપણે ઘણી સખ્ત મહેનત કરીએ છીએ, તે ઉપર આપણે આપણો હાથ મૂકીએ છીએ કે તરતજ કુદરત તેના કરતાં પણ વધારે આકર્ષક ચીજ આપણી આગળ

રજૂ કરી તેનો મોહ ઉતારી નાખે છે. બાળક જે રમકડું મૂકી દે નહિ તે જ્યારે નારંગી જુએ છે, ત્યારે તે તરત મૂકી દે છે. આજ રીતે એક ચીજ મેળવવા માટે બીજીનો આપણે ત્યાગ કરીએ છીએ; પણ તે ચીજ મેળવવામાં ખીલેલા અને વધેલા બળ સાથે આપણે કોશિશ કરીએ છીએ.

કુદરતે માણસને આ નહિ ટકી શકે તેવી સમતોલ સ્થિતિમાં એમ ધારીને મૂક્યો છે કે, રખેને જે ચીજ મેળવવાને તેણે સખ્ત મહેનત કરી હતી, તે મળવાના સંતોષને લીધે નવી નવી ચીજો મેળવવાની તેની આકાંક્ષા જતી રહે. કાંઇ પણ મેળવવાને મચ્યાં રહેવું, તે મનુષ્યજાતિનો કસરતનો અખાડો છે. જે કાંઈ મેળવવાને હૃદયને ઇચ્છા થાય છે, તે મેળવવાના તેના પ્રયાસમાં કુદરત આનંદ મૂકે છે; પણ અમુક ધારેલી ચીજને આપણો હાથ અડકે છે કે તરતજ તે ચીજનો મોહ જતો રહે છે, તેની ઉપયોગિતા જતી રહે છે. તેનાથી પછી ચારિત્ર્ય, ચૈતન્ય અગર મર્દાનગીની ખિલવણી થઇ શકતી નથી. **જે ચીજ દૂરથી પ્રકાશમાન અને ભવ્ય લાગે છે તે હાથમાં આવતાં રાખોડી જેવી જણાય છે.**

આગળ અને આગળ–પ્રયત્નમાંજ સદ્‌ગુણ, મોટાઇ રહેલી છે, ચીજ મેળવવામાં રહેલી નથી.

મહેનત એ મનુષ્યજાતિનો મહાન શિક્ષક છે, જિંદગીના લશ્કરની તે ભવ્ય કવાયત છે. આ કવાયત વગર જ્યારે જીવનના યુદ્ધમાં આપણે ઊતરવું પડે છે, ત્યારે આપણે ગૂંચવાઇ જઇએ છીએ. પુસ્તકો અને વિચારો જેવા સાંકેતિક ઉપદેશકોથી તે આપણને દૂર રાખી, જગતના મહાન વિદ્યાલય–મનુષ્યો અને વસ્તુઓના–સામીપ્યમાં આપણને આણે છે. એક મનનો બીજા મન ઉપર કાયમ ઘસારો લાગતાં અવ્યાવહારિક જીવનની ખડબચડી ધારો ઘસાઇ જાય છે અને તેથી ચારિત્ર્યને સફાઇ મળે છે. તે વડે ધૈર્ય, આગ્રહ, ખામોશ અને ઉદ્યોગનું શિક્ષણ મળે છે. દરરોજ અને દર કલાકે જેટલો બની શકે તેટલો યત્ન એકત્ર કરવાની આપણને તેથી ફરજ પડે છે અને તે વડે આપણે પદ્ધતિ અને ધોરણસર કામ કરતાં શીખીએ છીએ. તરત નિર્ણય કરવાની શક્તિની ઉદ્યોગમાં હરહમેશ જરૂર પડ્યા કરે છે, કામ કરવાને તૈયાર એવા વ્યાવહારિક માણસો તેથી બને છે.

ઘેર નહિ આવવાનું કારણ બતાવતાં લૉર્ડ કૅમ્પબેલે પોતાના પિતાને લખ્યું હતું કે, "ફતેહની કાંઈ પણ આશા મારે રાખવી હોય, તો બીજા માણસો કરતાં મારે વધારે દૃઢ રહેવું જોઇએ. તેઓ જ્યારે થિયેટર (નાટકશાળા)માં હોય, ત્યારે મારે મારા ઉદ્યોગના ઓરડામાં રહેવું જોઇએ. તેઓ જ્યારે માત્ર બહાર ફરતા હોય, ત્યારે મારે શહેરમાં રહેવું જોઇએ."

એન્જેલસના નામવાળા ચિત્રની એક કટકાની કિંમત સવા લાખ ડૉલર શા માટે પડે છે? અને બીજા કારીગરના ચિત્રની એક ડૉલરજ કિંમત કેમ અંકાય છે? કારણકે મિલેટે પોતાના ચિત્રમાં સવા લાખ ડૉલરની કિંમતનું મગજ રોક્યું હતું; જ્યારે બીજાએ એક ડૉલરની કિંમતનુંજ મગજ પોતાના કામમાં રોક્યું હતું. મગજશક્તિ વગરનું કામ કિંમત વગરનું છે.

એક લુહાર પાંચ ડૉલરની કિંમતના લોખંડના નળો બનાવે છે અને તેમાંથી તે દસ ડૉલર મેળવે છે. બીજો લુહાર તેજ લોખંડમાંથી છરીઓ બનાવે છે અને તેમાંથી ૨૦૦ ડૉલર મેળવે છે. યાંત્રિકવિદ્યા જાણનાર તેટલાજ લોખંડમાંથી સોયો બનાવે છે અને ૬૦૦૦ ડૉલર મેળવે છે. ઘડિયાળ બનાવનાર તેમાંથી મોટી સ્પ્રીંગો–કમાનો બનાવે છે અને તેમાંથી બે લાખ ડૉલર પેદા કરે છે અગર તો તેની વાળ જેવી કમાનો બનાવી ૨૦ લાખ ડૉલર અગર લોખંડજેટલાજ સોનાથી, ૬૦ ગણી કિંમત મેળવે છે.

જીવનરૂપી સામગ્રી જે આપણને જન્મસમયે મળે છે, તેનું પણ આમજ છે. તેનું આપણે કાંઇક કરવુંજ જોઇએ. આપણે તે ફેંકી દઇ શકીએ નહિ; કારણકે સુસ્તીનો શાપ પણ તેના ઉપર રહે છે. એક યુવાન પોતાની આ સામગ્રીમાંથી સૌંદર્ય અને ઉપયોગિતાના પદાર્થ બનાવે છે, તે પોતે પોતાની મગજશક્તિનો ઉપયોગ કરે છે; બીજો કોઇ પણ હેતુ વગર કામ કરી પોતાની સામગ્રીને થાગડથીગડ કરી બગાડે છે. તે જીવનમાં મોડો શુદ્ધિમાં આવે છે અને પછી પોતાના ભાગેલા તૂટેલા અને જીર્ણ થયેલા કટકા સીવી લેવાને પ્રયત્ન કરે છે. સુંદર શક્યતાવાળા જીવનના-બદલામાં આ સ્થિતિ પસંદ કરવા લાયક નથી.

એક અવિચારી અંગ્રેજ પાદરીએ બિશપ ઑફ લીચાફિલ્ડને કહ્યું કે, "સાહેબ! ઉપદેશ કરવો એ દુનિયામાં સહેલામાં

સહેલી બાબત છે. ઘણી વાર તો ઉપદેશની જગ્યા ઉપર ગયા પછીજ હું તેના વિષયની પસંદગી કરૂં છું અને પછી ઉપદેશ આપું છું તથા તે વિષે હું બિલકુલ વિચાર કરતો નથી.” બિશપે કહ્યું કે,“ખરી વાત છે. તમારો ઉપદેશ સાંભળનારાઓ, તમારા ઉપદેશ વિષે જે વાત કરે છે તેને આ વાત બરોબર મળતી આવે છે. તેઓ કહે છે કે, ‘અમે ઉપદેશ સાંભળીએ છીએ અને પછી તે વિષે બિલકુલ વિચાર કરતા નથી.’ ”

“હમણાંજ કરી નાખું છું” “હમણાંજ થઈ જાઉં છું” એમ કહેનાર તથા “ જો અને તો ” ની વાત કરનાર માણસોથી આ જગત ભરપૂર છે. “ અમુક અડચણો અગર વિક્ષેપ ન હોત, તો અમે આમ થાત, તેમ થાત અગર થવા જોઇતા હતા ” એમ તેઓ કહે છે. તેઓ જુદી જુદી જાહેરખબરો બહાર પાડે છે, પણ તેમની કૃતિઓ પ્રકટ થતીજ નથી. તેઓ સઘળા કૃતેહ માટે ઇચ્છા રાખે છે, પણ ઓછી મહેનતથી વધારે કૃતેહ મેળવવા ધારે છે. દરેકને માટે “ એક કિંમત ” ઘણી ભારે થઇ પડે છે. નિસરણીના સોનેરી વાંકની તેઓ ઇચ્છા રાખે છે; પણ જે મુશ્કેલીભર્યાં પગથિયાં પ્રથમ ચઢવાથીજ તે વાંકને પહોંચી શકાય, તે પગથિયાં ચઢવાની તસ્દી લેવા તેઓ ચહાતા નથી. વિજયની તેઓ આશા રાખે છે; પણ લડતથી તેઓ પાછા હઠે છે. જ્યાં ઓછામાં ઓછો વિક્ષેપ, વિરુદ્ધતા હોય તેવાં વિજયનાં–લીસી અને સુંવાળી સપાટીવાળાં–સ્થાન તે ખોળે છે. જે ઘર્ષણ પાટા ઉપરની ટ્રેનને અટકાવે છે, એન્જિનના વેગના ચોથા ભાગને નકામો કરી નાખે છે, ચોથા ભાગની શક્તિની વિરુદ્ધ કામ કરે છે, તેજ ઘર્ષણ ટ્રેનની ગતિ માટે આવશ્યક છે. પાટાને તેલ લગાડીને જો એ સંઘર્ષણને કાઢી નાખવામાં આવે, તો પછી એન્જિન ગમે તેટલું ધુમાડા કાઢતું હશે અને પૈડાં ફરતાં હશે, તોપણ ટ્રેન ત્યાં આગળથી એક ઇંચ પણ બસશે નહિ.

પ્રાપ્ત કરવાનો હેતુ જેમ ઊંચો અને ઉત્કૃષ્ટ તેમ કામ મુશ્કેલ હોય છે. મહાન યોગ્યતાની ઊંચામાં ઊંચી કિંમત ઇશ્વરે રાખી છે. માણસે જો મોટામાં મોટી કૃતેહ મેળવવી હોય, તો તેણે તેનું ઊંચામાં ઊંચું મૂલ્ય આપવું જોઇએ. ખિતાબવાળી વંશપરંપરા, બેંકનાં મોટાં ખાતાંરૂપી પૂર્વજોથી મળેલો ગમે તેટલો પૈસો, એથી કૃતેહ મળી શકે નહિ. માણસ થાય તો પોતાની જાતથીજ મોટો

થાય છે અને નહિ તો બીજા કશાથી નથી થતો.

પોતાના દેવળની સદ્‌ગુણ અને પ્રતિષ્ઠાની જગ્યાઓ રોમનોએ એવી રીતે ગોઠવી હતી કે, પહેલામાં પ્રવેશ કર્યા વગર બીજામાં દાખલ થવાય નહિ. **આગળ વધવાનો અનુક્રમ સદ્‌ગુણ, પરિશ્રમ અને પ્રતિષ્ઠા, એ પ્રમાણે છે.**

ફતેહ મેળવવાની દરેકને ઇચ્છા હોય, પણ તેટલું જ પૂરતું નથી. માત્ર ઇચ્છાથીજ જે ફતેહ મળે, એવી ફતેહથી કોણ સંતોષ પામશે? જો તમે બરાબર કિંમત આપશો તોજ તમને જે જોઇશે તે મળશે. ફતેહ માટે મહેનત કરવાને તમે કેટલા આતુર છો ? તમે કેટલું સહન કરી શકો એમ છો? તમે કેટલી વાર સુધી રાહ જોઇ શકો એમ છો ?

કેળવણીની તમને ઇચ્છા છે ? જો જરૂર પડે તો કૉલેજમાં તમે જીર્ણ લૂગડાં પહેરશો અને જાતેજ બૉર્ડિંગનું ખર્ચ ઉત્પન્ન કરી શકશો ? થલૉ વીડની માફક શેરડીના બગીચાઓમાં તાપણીના પ્રકાશથી તમે અભ્યાસ કરશો ? જોડાને બદલે તમારા પગ ઉપર ચીંથરાં જેવી શેતરંજીના કકડા બાંધી બરફમાં બે માઇલ સુધી ચાલીને તમારે જોઇતી ચોપડી ઉછીની લેવા તમે જશો ? ખોરાક લેવા જેટલા પણ પૈસા તમારી પાસે ન હોય અને સેમ્યુઅલ ડ્રુ અગર ક્રીટોની માફક તમારા પેટે પાટા બાંધીને ભૂખનું દુઃખ વેઠી લેવા જેવી તમારી સ્થિતિ હોય તેવે વખતે તમારા અભ્યાસમાં મંડ્યા રહેવા જેટલું બળ તમારામાં છે? જૉન સ્કૉટની માફક ચાર વાગે ઊઠી, રાત્રે ઝોકાં ન આવે તે માટે ઠંડા દુવાલ માથે વીંટી રાત્રીના દસ અગર અગિયાર વાગ્યા સુધી તમે અભ્યાસ કરશો ? તમારી પાસે ચોપડીઓ ખરીદવા જેટલા પૈસા ન હોય ત્યારે પાછળથી લૉર્ડ એલ્ડન થનાર છોકરાની માફક તમે કેસનાં ત્રણ ત્રણ વૉલ્યુમ–"લિટલટન વિષે કોકની ચર્ચા" એ પુસ્તકો ઉછીનાં લઇ તે દરેકની નકલ તમે કરી શકશો ? વિલ્બર ફોર્સે કાયદાના એક અભ્યાસીને જે સૂચના કરી હતી તેનાથી તમે નિરાશ થશો ? આ સૂચના આ મુજબ હતી:– **"એક સાધુની માફક સાદાઇ તેમજ સંયમથી રહેવાને અને ઘોડાની માફક કામ કરવાને તમારે નિશ્ચય કરવો પડશે."** કાયદાનો અભ્યાસ કરવા સંબંધે સલાહ માગનાર એક

યુવકને મહાન ધારાશાસ્ત્રી ચીટીએ પૂછ્યું હતું તેમ, તમે કરવત-થી પડેલો વહેર માખણ સાથે ખાઈ શકશો ? હ્યુ મિલરની માફક પથ્થરની ખાણમાં હથોડાની સાથે પણ અભ્યાસ કરવાનો તમા-રામાં નિશ્ચય છે ? જમાનાના જમાનાનાં ખડકોનાં પડ ઉપરના ઈશ્વરના અક્ષર, ઈશ્વરના લેખ ઉકેલવા, તેનું રહસ્ય ખોળવામાં આખી જિંદગી પસાર કરવા જેટલું ધૈર્ય તમારામાં છે ? હેન્રી વિલ્સનની પેઠે બળદની એક જોડ અને ૬ ઘેટાં માટે ૨૨ વર્ષ સુધી તમે ખેતર ઉપર કામ કરશો ? અબ્રહામ લિન્કનની પેઠે, તમે ખરીદી ન શકો તેવી ચોપડી મેળવવા માટે ૪૦ માઇલ ચાલી નાખવા જેટલી વિદ્યા ઉપર તમને પ્રીતિ છે ? એનો અર્થ એવો નથી કે આવા અંતિમ ઉપાયની અમે ભલામણ કરીએ છીએ; પણ આ તેમ બીજા મહાન પુરુષોએ લીધેલા માર્ગ સિવાય બીજો માર્ગ તમને ન જડે તો, સંકટની બરાબર સામા થવાની તમારા-માં શક્તિ છે? વિદ્યા મેળવવાનો બાદશાહી રસ્તો એ એક કલ્પના-માત્ર છે અને ખરો રસ્તો તો મગજને ફાડી નાખે તેવા કાંટાથી ભરેલો અને નિરાશાઓથી થકવી નાખે તેવો છે, એવું અનુભવથી શીખવાની તમારી મરજી છે ?

વક્તા થવાની અને માણસોના મન ઉપર કાબૂ મેળવવાની તમારી મરજી છે ? ડિમોસ્થનિસની માફક તોફાની મોજાં એ શ્રોતાજન છે એમ ગણી, સમુદ્રકાંઠે મહિનાના મહિના સુધી તમારા અવાજને તમે તાલીમ આપી શકશો ? લટકાવેલી તલ-વારોની તીણી ધાર નીચે તમારા બંને ઉઘાડા રાખી ઊભા રહી, બંને ઊંચાનીચા કરવાની તમારી બોડ સુધારવાની તમારામાં શક્તિ છે ? વેન્ડેલ ફિલિપ્સની માફક લોકોનો તિરસ્કાર અને સડેલાં ઈંડાનો માર સહન કરી તમે ફાનીલ હૉલમાં શાંત અને સ્થિર ઊભા રહી શકશો ? જે વખતે તમારા દરેક વાક્ય માટે ઉપહાસ અને તિરસ્કાર થતાં હોય તે વખતે ડિ�ઝરાયલીની માફક પાર્લામેન્ટમાં સ્થિર પગે ઊભા રહેવાની તમારામાં શક્તિ છે ? "જગતના પહેલી પંક્તિના ગૃહસ્થ" તરફથી શાબાશી ન મળે, ત્યાંસુધી તેની માફક તમે તમારી જગ્યા ઉપર ઊભા રહી શકશો ? કરેનની માફક વારંવાર તિરસ્કાર થયા છતાં ફરી ફરીને મહાન રાજસભામાં જઈને બોલવા જેટલો તમારામાં નિશ્ચય છે ? પોતા-ના પહેલા પ્રયત્નોમાં નિષ્ફળ જનાર સેવોનેરોલા, ક્રોમ્વેલ, શેરિ-

ડન અને બીજા અનેક લોકોની માફક વારંવાર હલકામાં હલકી નિષ્ફળતા મળવા છતાં, તમે તમારા પ્રયત્નને વળગી રહેશો ? શાળાની તમારી આખી કારકિર્દીમાં તમારામાં વક્તૃત્વની શક્તિ નહોતી છતાં ડેનિયલ વેબ્સ્ટરની માફક જાહેર વક્તા થવાની હિંમત તમારામાં આવી શકશે ? જ્યૉર્જ વ્હીટફિલ્ડની માફક ઑક્સફર્ડમાં વિદ્યાર્થીઓના બૂટને બ્લેકિંગ લગાડવાનું કામ તમે કરી શકશો ? ઇંડિયનના એક અપ્રસિદ્ધ ગામનું દેવળ જેમાં માત્ર ૧૯ માણસોજ આવતા, તેવા દેવળમાં ઉપદેશ કરવાનું, વહીવટ કરનાર દરવાનનું અને પાદરી, એ ત્રણેનું કામ તમે કરી શકશો ? આન્ના ડિકિન્સનની માફક મૅાલિ મૅગિયર્સના ઉપહાસ, તિરસ્કાર અને બંદૂકની ગોળીઓના મારની સામે તમે થઇ શકશો ? શંકાશીલ અને વહેમી તરફનો તિરસ્કાર અને ધર્મ માટે જીવ આપનારની વેદનાઓની વચ્ચે રહી, ક્રાઇસ્ટ અને તેના પર ગુજારવામાં આવેલા જુલમ વિષે તમે ઉપદેશ આપી શકશો ?

કારીગર થવાની અને તમારા આત્મામાં ઘર કરી રહેલી સુંદરતાને ચિત્રપટ ઉપર મૂકવાની અગર આરસમાંથી છૂટી પાડવાની તમારી ઇચ્છા છે ?

ચિત્રકારના શબ્દો અગર તેમના કામમાંથી તમને કાંઇ સૂચનાઓ મળી આવે તેટલા માટે માઇકલ એન્જેલોની માફક લાંબી નિસરણીઓ ઉપર ચૂનાનો કૅલ તમે ચડાવશો ? પોપ તો હજી જે વખતે નિદ્રામાં હોય તે વખતે ૬૫ વર્ષની ઉંમરે તમે તમારી ઇજાર પહેરી વૅટિકનનીx પાછળનો ગેરૂ ઓઢી તમારો આખો દિવસ કલામાં વ્યતીત કરી શકશો ? શીસટાઇન દેવળને "સૃષ્ટિની વાર્તા" અને "છેલ્લા ઇન્સાફ"ને લગતી હકીકતથી શણગારવા માટે સાત સાત વર્ષ સુધી ધીરજ સાથે તમે કામ કરી શકશો ? તમારા આત્માની આગળ તરી આવતી ભાવનાઓથી રંગેને તમે થોડા પણ બસો, તે માટે આ કામનો બદલો લેવા તમે ના પાડી શકશો ? મધ્યરાત્રીએ ઊઠી તમે હથોડો અને રંદો પકડશો ? તમારા સ્વપ્નમાં વારંવાર રજૂ થતા—તમને ઊંઘવા પણ ન દેતા ક્રિસ્તાને ખડબચડા આરસમાં તમે ઉતારી શકશો ?

સાહિત્યમાં તમારે ઉત્કૃષ્ટ થવું છે ? તમારા લેખ માટે પુષ્પમાં પુષ્પ વિચાર અને મહાન આત્મભોગ વર્ષોનાં વર્ષો સુધી

x પોપને રહેવાની જગા.

આપ્યા પછી, તે લેખ લેવા ઉપકાર સાથે ના પાડવામાં આવશે એવા ભયથી તમને નિરાશા નહિ થાય ? કદર થયા વગર અપ્રસિદ્ધિમાં મરણ પામવાની તમારી મરજી છે ? શેકસપિયરના જેવાં નાટક તમે લખો, પણ કદર માટે ૨૦૦ વર્ષ સુધી રાહ જોવાની અને તમારા મહાનમાં મહાન સમકાલીનનું એક પણ સારૂં વચન સાંભળ્યા સિવાય તમે મરવાને ખુશી થશો ? પ્રસિદ્ધિ મેળવવા માટે ગેટેએ ખર્ચેલું મૂલ્ય તમે ખર્ચી શકશો ? તે કહેતો કે, "મારી દરેક મશ્કરીનું એક સોનાની થેલી જેટલું ખર્ચ લાગ્યું છે. મારા પોતાના પાંચ લાખ, મને જે દોલત વારસામાં મળી હતી તે અને પચાસ વર્ષ સુધીની મારા લેખોથી મળેલી મારી મોટી આવક, એ સર્વનો ઉપયોગ હું જે જાણું છું તે શીખવામાં કરવામાં આવ્યો છે." જે જગત તમે જોઇ શકતા નહિ તે જગતમાં "પેરેડાઇઝ લોસ્ટ" રચી, ઉતરાવી, પછી જે જમાનામાં લંડનનો એક વિદ્વાન વિવેચક એમ કહે કે, "એક અંધ શિક્ષકે 'મનુષ્યની અધોગતિ' વિષે એ કંટાળા ભરેલું કાવ્ય લખ્યું છે અને લંબાઇ સિવાય તેનામાં બીજી કંઇજ લાયકાત નથી." તે જમાનામાં પંદર પાઉંડ માટે તે વેચી શકશો ? સાહિત્યમાં અમર થઇ ગયેલું "પિલ્ગ્રીમ્સ પ્રોગ્રેસ" જેવું પુસ્તક લખવાનો તમારો ઉત્સાહ, કેદખાનાના બારણામાં, સળિયા અને કેદખાનાની લાંબી રાત્રીઓથી નરમ નહિ પડે ? ડી. ક્વીન્સીનાં અપ્રતિમ સ્વપ્ન અને પૃથક્કરણ લખવા માટે તમે તેના જેટલી મનોવેદના વેઠી શકશો ? જાદૂ અને જંતરમંતરના, ગૂઢ કલ્પનાના, ઉચ્ચ પ્રકારની સ્વર્ગીય સુંદરતાના નહિ શોધાયલા પ્રદેશમાં, મનુષ્યના વિચાર દાખલ કરવાને ખાતર પણ પોની માફક તંગી, દુઃખ અને લાલચના કિનારા ઉપર તમે રહી શકશો ? તમારાં દુઃખ તમે કવિતા દ્વારા રડી અગર અપ્રતિમ "જોન ગિલ્પિન"ની વાર્તા લખી આનંદ માની શકો, એ માટે તમે કાઉપરનાં દુઃખ સહન કરી શકશો ? તમારી ભાષા બોલાતી બંધ થાય તે પછી સેંકડો વર્ષ પછી પણ તમારી પાંચ લીટીઓ અમર રહે તે માટે, યુરિપિડીસની માફક ત્રણ વર્ષ ગાળી તમે સંતોષ માની શકશો ? દિવસની દસ અમર પંક્તિઓ લખી શકો તેટલું પૂરતું ધૈર્ય અને આગ્રહ તમારામાં છે ? એક ગૂંચવણ ભરેલી ગણતરી માટે આઇઝેક ન્યૂટને ઘણાં વર્ષ ગાળ્યા પછી તેના ફૂતરા ડાયમન્ડે તેને

લગતા કાગળ બગાડી ફાડી નાખ્યા, આમ છતાં તેમને ફરી ગોઠવવાનો આગ્રહ તમે રાખી શકશો ? કાર્લાઇલે ફ્રેન્ચ રેવોલ્યુશનનો હસ્તલેખ એક મિત્રને જોવા આપ્યો હતો; મિત્રના નોકરે બેદરકારીથી દેવતા સળગાવવામાં તેનો ઉપયોગ કરી દીધો. કાર્લાઇલ શાંતિથી ફરી તે લખવા બેઠો અને તેણે તે લખી કાઢ્યો. આવી હિંમત તમારામાં છે ? તમે ફ્રેંકલીનની માફક ઠેલણગાડીમાં ફિલાડેલ્ફિયાના મહોલ્લામાં સસ્તી કિંમતે વસ્તુઓ પૂરી પાડશો ?

તમારે સૈનિક થવું છે ? બરાબર તૈયારી કર્યા પછી તમારી નિમણુંક થવા માટે, નેપોલિયનની માફક તમે સાત વર્ષ સુધી રાહ જોઇ શકશો ? ફરજિયાત કુરસદનો સઘળો વખત, આગળના એકાગ્ર અભ્યાસ માટે તમે ગાળશો ? દસમાંની નવ લડાઇમાં પરાજય થવા છતાં દૃઢ સંકલ્પ સાથે લડવાનું ચાલુ રાખી, ગ્લુશરે માર્શલ ફોરવર્ડનો ખિતાબ મેળવ્યો હતો–તેવી રીતે તમે લડવાનું ચાલુ રાખી શકશો ? તમારી જીત થાય તે કરતાં હાર વધારે વાર થાય એવી સ્થિતિમાં વૉશિંગ્ટનની માફક તમારા ચારિત્ર્યના બળથી તમે જીતી શકશો ?

નવીન શોધો અગર સંશોધનથી તમે તમારી જાતિને સુખી કરી શકશો ? " ભોંયરાના હુન્નર પાસે આવો, અધીં પેનીથી સુંદર હુન્નરત "–એવા તમારા બારણા પરના પાટિયા સાથેની ભોંયતળિયાની, રિચર્ડ આર્કરાઇટ જેવી દુકાનમાં કામ કરી, તમારા પ્રયોગો ચલાવવાનાં સાધનો આનંદ સાથે ઉત્પન્ન કરી શકશો ? તમારા સંચાકામના ઉપયોગને માટે ઊભી કરેલી મિલ તોડી પાડ્યા પછી, ઉત્સાહ સાથે તમે તમારું કામ ચાલુ રાખી શકશો ? જ્યોર્જ સ્ટીવન્સનના પહેલા ફતેહમંદ એન્જિન માટે પંદર વર્ષ જેટલા લાંબા વખતનો પરિશ્રમ–એ કાંઈ બહુ મોટી કિંમત હતી ? બળ એકત્ર કરનાર એન્જિન પૂર્ણ કરવામાં તંગી અને દુઃખની અંદર વૉટ સાથે ૩૦ વર્ષ ગાળવાં એ કાંઈ બહુ લાંબો વખત છે ? વારંવાર વિનાશની સ્થિતિએ આવવા છતાં, તમારી શાખ નરમ પડી ગઇ હોય અને તમારી સ્ત્રી પણ તમારી સામે થઇ ગઇ હોય, ત્યારે તમારા કમ્પાઉન્ડનાં પાટિયાં, તમારા ઘરનો સરસામાન,ભોંય પરનાં પાટિયાં અને કોઠારની છાજલીઓ બાળી દો અને પેલિસિના જેવું ઇનેમલ તૈયાર કરો, એવો કોઇ પણ કામમાં તમારો નિશ્ચય બળવાન છે ? તમે કેદખાનામાં

પુરાઓ તો ગેલિલિયોની પેઠે કેદખાનાના પરાળથી તમે પ્રયોગ કરી શકશો? ગુડયરની માફક ફતેહ મેળવવા માટે કરજદારોના કેદખાનામાં એક કરતાં વધારે વાર તમે રહી શકશો? દસ વર્ષ સુધી બીજાઓની સખાવત ઉપર તમે રહી શકશો? તમે કોઇ પણ માણસને ઇંડિયા રબરનો કોટ, ઇંડિયા રબરના જોડા, ઇંડિયા રબરની ટોપી અને એક પણ પૈસા વગરની ઇંડિયા રબરની થેલી સાથે જોઇ શકો, તો તે ગુડયર છે, એમ ગુડયરના મિત્ર સચ્ચાઇ સાથે કહી શકતા. એક શોધ જે લોકહિત માટે હોય પણ પહેલાં જેનો ઉપયોગ કરવા માટે ના પાડવામાં આવે અને પછી તેને ચોરી લઇ જવાને પણ કોશિશ કરવામાં આવે, આવા સંયોગ, આ વાત એટલે વ્હીટની અગર એલિયાસ હોની માફક માલૂમ પડવા છતાં તે શોધ પૂર્ણ કરવાની તમારામાં હિંમત છે?

સેમ્યુઅલ એફ. બી. મોર્સની માફક તારના યંત્રનો પેટંટ મેળવવા તમે આઠ વર્ષ સુધી રાહ જોઇ શકશો? તેમ તે પછી તે દાખલ કરવાની તક માટે લડત ચલાવી શકશો? ઘાસનું એક દોરડું તમે શોધી કાઢશો? અને કોઇ ખેડૂતે એમ કહ્યું કે, "તેથી બી પણ ઊખડી જશે" તે ઉપરથી તેનો પ્રયોગ કરી જોવા તેને પૈસા આપી શકશો? મેક કોરમિકનું રીપર-કાપણી કરનાર યંત્ર-શોધી કાઢ્યા પછી, લંડન ટાઇમ્સ તેને એસ્ટલીના રથ વચ્ચેનો ક્રોસ (આડો અને ઊભો સળિયો) ઠેલણગાડી અગર ઊડવાનું યંત્ર કહે એવી રીતના વર્તમાનપત્રોના ઉપહાસની વચ્ચે ઇંગ્લંડમાં તે તમે આગ્રહપૂર્વક દાખલ કરી શકશો? નોર્થ અમેરિકન પક્ષીઓ-નાં ઓડુબનનાં ચિત્ર નોર્વેના ઉંદરોએ નાશ કર્યા પછી તે ફરી ચીતરવા માટે વર્ષોનાં વર્ષ તમે જંગલમાં રહી શકશો? અગર આલ્પ્સ અને આન્ડિસ ઉપર પરિશ્રમ ઉઠાવી શકશો? જ્વાલા-મુખી વિસુવિયસથી તમારા જીવનને પણ હાનિ થાય તેનું વર્ણન કરવા પ્લીનિની માફક તમે ત્યાં જઇ શકશો? ભૂમધ્ય સમુદ્ર ઉપ-રનું પર્વતની પેઠે ઊંચું જતું મોજું જે તમારા વહાણને ડુબાવવા માટે ધાસ્તી આપી રહ્યું હતું, તેનું ચિત્ર લેવા જેટલું બળ, તમારા કળા ઉપરના પ્રેમથી તમને મળી શકશે? તમારી સારંગીની દરેક ચાવી તેના ગુપ્ત પ્રયોગથી ચમચાના બાડા જેવી પોલી થઇ જાય ત્યાંસુધી હેન્ડલની માફક તેનો પ્રયોગ કરવા જેટલું ધૈર્ય તમારા-માં છે? તમે જો તબીબ હો, તો પીળા તાવ અગર કોલેરાના

જંતુનું બળ તપાસવા માટે તમે તેની રસી તમારા પોતાના શરીરમાં દાખલ કરી શકશો ? પરમેન્ગનેટ ઓફ પોટાસ જેવો એક નવીન પ્રતિકાર તમે શોધી કાઢ્યો છે, એમ તમે માનો છો તો તેનું બળ તપાસવા માટે ત્રણ ગ્રેન જેટલું અફીણ તમે લઇ શકશો ?

ફક્ત એકજ મતના વધુ મતથી ૧૮૪૦ની સાલમાં મસાચુસેટ્સના ગવર્નર ચૂંટી કઢાવા માટે માર્કસ મોરટનની માફક રાજપ્રકરણમાં સોળ સોળ વાર ઉમેદવાર થવાને માટે તમે આગ્રહ બતાવી શકશો ? એક કમનસીબ જાતિના ઉદ્ધાર કરનાર તરીકે વિલિયમ લોઇડ ગેરિસનની પંક્તિમાં બેસવા સારૂ, વર્ષોનાં વર્ષો સુધીની કનડગત તમે સહન કરી શકશો ? સાયરસ ડબ્લ્યુ. ફિલ્ડની માફક સારો પૈસો પેદા કર્યા પછી વીજળીના તારથી બે ખંડ જોડવાના દેખીતી રીતે નિષ્ફળ જણાતા પ્રયત્ન માટે, મહાન પરિશ્રમો પછી, લાયકી સાથે મેળવેલો ફુરસદનો વખત પણ તમે ગાળી શકશો ? વર્ષો સુધી આશારહિત વૈતરાં કરી શકશો ? એક તરફથી મનુષ્યોનો તિરસ્કાર વેઠી બીજી તરફથી તમારી દોલત જોખમમાં મૂકી શકશો ? વૈતરાં અને આગ્રહથી વિજય મળે છે; કીર્તિની તૃષ્ણા રાખવામાં આવે તેથીજ માત્ર કીર્તિ મળતી નથી.

આવી સામગ્રીથી તમારૂં શારીરિક તેમજ માનસિક બંધારણ રચાયું હશે, તો તમે ફતેહ પામશો. તેમ નહિ હોય તો તમારાં સઘળાં સ્વપ્ન અને ઇચ્છાઓ છતાં તમે નિષ્ફળ જશો. **ઘણાં માણસો ગરીબીને કમનસીબી સમજે છે અને સઘળા જમાનાનાં સઘળા મહાન કાર્યમાં વેગ આપનાર તે એક અમૂલ્ય બળ છે, એ વાત તેઓ ભૂલી જાય છે.**

જીન પૉલ રીટર જે ગરીબીને લીધે ઘણાં દુઃખ સહન કરતો તે કહેતો કે, "તેને પૃથ્વી અને સ્વર્ગ બધું મળે તો પણ તે પૈસાદાર થવાનું પસંદ કરશે નહિ."

જેમ્સ ગોર્ડન બેનેટે જ્યોર્જ ડબલ્યુ. ચાઇલ્ડ્સને કહ્યું હતું કે, "જે છોકરાનાં માબાપ પૈસાદાર હોય, તેની સ્થિતિ કેવી કમનસીબ છે ! જો તમારો અને મારો જન્મ તેવી સ્થિતિમાં થયો હોત, તો કરવા જેવું આપણે કાંઇ કરી શકત નહિ."

જીરાર્ડ કહેતો કે, "છ પેન્સથી મેં મારી જિંદગીની શરૂ-

આત કરી હતી. હું એમ માનું છું કે, માણસની મોટામાં મોટી થાપણ તેનો ઉદ્યોગ છે.”

સમાજમાં ક્ષુદ્ર પંક્તિઓ ઊભી કરવાના અને પથ્થરના બાવલામાંજ મહત્તા બંધ કરી રાખવા માટેના, છુપાવવા માટેના પ્રયત્ન તરફ કુદરત કેવો ઉપહાસ કરે છે?

ફિફ્થ એવન્યુ અને બીકન સ્ટ્રીટ જેવા મહોલ્લામાં જ્યાં કરોડપતિઓ વેબ્સ્ટર અગર સમ્નર જેવી સંતતિની અપેક્ષા રાખતા હોય, ત્યાં કુદરત એક ગમાર ઉત્પન્ન કરે છે; અને જંગલની એક ઓરડી જ્યાં નમ્ર, ગરીબ માતપિતા માત્ર એક શરૂઆત કરનાર સંતતિની આશા રાખે, ત્યાં ગાર્ફિલ્ડ જેવાં રત્ન તે ઉત્પન્ન કરે છે! એક લુહારને તે બ્યુરીટ જેવો પુત્ર અને એક ધનવાન નાણાવટીને તે એક ગમાર જેવો પુત્ર આપે છે! મહેલમાં મૂર્ખનો જન્મ થાય અને તબેલામાં દુનિયાને મુક્તિ અપાવનારનો જન્મ થાય. ખરાં રાજવંશી સ્ત્રીપુરુષ શરદીવાળાં અને કંગાળ ઝૂપડાંની બારીઓમાંથી, કારખાનાં અને ગરીબો માટેનાં ઉદ્યોગ–ગૃહોમાંથી, બનાત અને સેટિનના પોશાકવાળા પણ જીવનયુદ્ધમાં અપ્રમાણિકતા અને પ્રપંચથી પરાજય પામેલા અને પોતાનાથી ખરી રીતે હલકા માણસો તરફ નજર કરે છે.

દરેક વર્ષે યુવાનોનું કેવું મોટું લશ્કર ફતેહની લડાઇમાં કાચા નવા સિપાઇ તરીકે ઊતરે છે? તેમાંના ઘણા ગામડાના યુવાનો હોય છે. તેઓનાં ટોળેટોળાં ફતેહની ખરીદી માટે શહેરોમાં આવે છે. તેમની નવીન મહત્ત્વાકાંક્ષા કોઇ પુસ્તકથી પ્રકટ થઇ ઉશ્કેરાઇ હોય છે, અગર કોઇ જાણવાજોગ ફતેહની વાતથી પ્રોત્સાહિત થઇ હોય છે. અદ્‌ભુત પાયતખ્તમાં પોતાનું નસીબ અજમાવવા માટે તેમની શક્તિઓ તેમને વેગ આપી શકે, ત્યાંસુધી તેઓ એસ્ટર, જીરાર્ડ, સ્ટુઅર્ટ, વાનામેકર, વેન્ડરબિલ્ટ્સ, ગુર્ઈસ, લિંકન અગર ગાર્ફિલ્ડ થવા માગે છે; પરંતુ હે યુવાન માણસો! ફતેહ માટે તમે શું અર્પણ કરવા તૈયાર છો? ૧૯ મી સદીનાં મોટાં શહેરો જ્યાં માણસોના વાળ, ૩૦ વર્ષની ઉંમરે ધોળા થઇ ૪૦ વર્ષની વયે તેઓ ઘડપણથી મરણ પામે છે; જ્યાં જિંદગીની શરત એવી કટોકટીની થઇ હોય છે કે, શરત દોડનારા પોતાની આગળના માણસોની પગની એડીઓ ઉપર આવી જાય છે અને જ્યાં પોતાની જોડાની દોરીઓ બાંધવા જે ઊભા રહે છે તેમની ક્રમ-

બગ્તી થઇ રહે છે, ત્યાં ફતેહનો અર્થ શો થાય છે તે તમે જાણો છો ? ૬૨ સો માણસોમાંથી માત્ર બે અગર ત્રણ કાયમ ફતેહ મેળવી શકે છે. જેઓએ પ્રયાસ મૂકી દીધો, તેવા બીજા સર્વ મોડાવહેલા નિષ્ફળ જશે અને ગરીબીમાં મરણ પામશે તે તમે જાણો છો ?

૪૦ વર્ષ પહેલાં બોસ્ટનના સ્ટેટ સ્ટ્રીટ ઉપર જે યુવકો ધંધામાં દાખલ થયા હતા, તેમને વિષે કહેવામાં આવે છે કે, "તેમનાં નામ પણ લગભગ ભૂલી જવામાં આવ્યાં છે. તેમાંના ઘણા સ્પર્ધાની ઝનૂની લડતમાં માર્યા ગયા હતા."

બોસ્ટન લૉંગવાર્ફ કે જ્યાં આ લડત ઓછા ઝનૂનથી ચાલતી હતી, ત્યાંના એક વૃદ્ધ પુરુષની ડાયરી વાંચોઃ "ધંધાવેપારમાં પડેલા જે સઘળા માણસોને હું ઓળખતો, તેમાંથી પાંચ ચાલીસ વર્ષમાં ફતેહ પામ્યા છે. બીજા સઘળા નિષ્ફળ ગયા હતા અગર તંગીમાં મરણ પામ્યા હતા. યુનિયન બેંકમાં નાણાં મૂકનાર એક હજારમાંથી છ સિવાય સઘળાએ દેવાળું કાઢયું હતું અગર ગરીબીમાં મરણ પામ્યા હતા." બેંકના એક જૂના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, "નાદારી મૃત્યુ જેવી છે અને જેમ મૃત્યુ નક્કી છે, તેમ તે પણ નક્કી છે. તેઓ એકલાજ અને જુદાજ અવનતિમાં આવી પડે છે. આ રીતે તેમને ભૂલી જવામાં આવે છે. આ સ્થિતિમાંથી બચી શકાતું નથી અને જે જુવાનીમાં દેવાળું કાઢે છે તે નસીબવાન ગણાય છે. પેન્સ્યરટન સ્કવેરમાં, ધારાશાસ્ત્રીઓમાં ફ્રેક્સ કોએટ અને ડેનિયલ વેબ્સ્ટરને તેના એક જૂના મિત્ર જણાવે છે કે, 'બોસ્ટનમાં બે હજાર વકીલો છે. માત્ર ચારસો તેમના ધંધામાંથી નિર્વાહ મેળવે છે અને માત્ર એકાદ પ્રખ્યાતિ મેળવે છે.'"

૧૮૫૨ માં ઉદ્યોગ વિષે પ્રકટ થયેલા એક પુસ્તકમાં એડવિન ટી. ફ્રિલિએ ફિલાડેલ્ફિયાના પહેલા વર્ગના જથાબંધ માલ વેચનારની યાદી આપી હતી. ૨૩ વર્ષ પછી તે યાદી ફરી તપાસતાં આયાત કરતી ૧૭ પેઢીઓમાંથી તેણે બેજ જોઇ હતી. સૂકા સામાનની ૨૨ પેઢીઓમાંથી ૨, સૂકા માલનું છૂટક વેચાણ કરતી ૨૫ પેઢીઓમાંથી ૪, રેશમની પેઢીઓમાંથી ૯, ઔષધનાં ૨૫ ખાતાંમાંથી ૮, બૂટ અને જોડા વેચનાર ૧૭ ખાતામાંથી ૧ અને 'સિટી ઑફ બ્રધરલી લવ'માં જથાબંધ માલનાં, જે ૧૭૭ ખાતાં તેણે ગણ્યાં હતાં તેમાંથી ફક્ત ૨૫ જ તેને માલૂમ પડ્યાં હતાં.

આ બધી નિરાશાજનક વાતનો વિચારમાત્ર ત્રાસજનક છે અને ફતેહ જ્યારે લોટરીની માફક થોડાં ઇનામવાળી જણાય છે, ત્યારે પ્રયત્નથી લગભગ આપણે પાછા હઠી જઇએ છીએ.

પણ જેણે ફતેહ મેળવવી હોય તેણે તેની કિંમત આપવી જોઇએ. સુખવાળી ફતેહની તેણે આશા રાખવી નહિ. જે કામને પોતાના જીવનના એક ભાગ તરીકે માણસ ગણે, તે કામને તેણે પોતાનું હૃદય અને આત્મા અર્પણ કરવાં જોઇએ. જે નિશ્ચયમાં પરાજય નામ નથી, જેમાં ભૂખ અગર ઉપહાસની દરકાર નથી, જે સંકટને લાત મારે છે, તંગી અને દુઃખને જે હસી કાઢે છે તેવો નિશ્ચય તેનામાં હોવો જોઇએ.

જે માણસોએ પોતાનો રોટલો મેળવવા માટે પોતાની લડત ચલાવી છે, જેઓએ અવ્યવસ્થિત દુનિયાને ઊંચામાં ઊંચા સુધારાના પ્રકાશમાં આણી છે, તેઓ માત્ર ભાગ્યશાળી નહોતા—બનાતનાં લૂગડાં પહેરનારા, વારસાવાળા અને સુસ્ત નહોતા; પણ સંકટ અને તંગીને વેઠનારા તથા ચીંથરેહાલ વસ્ત્ર અને પ્રમાણિકતાવાળી ગરીબીથી શરમાય તેવા હતા. તેઓ એવા માણસ હતા કે તેઓ જેમ ચઢતા તેમ તેમનાં મન બહોળાં થતાં અને તેઓ બીજાઓને વધારે ઉચ્ચ જગા ઉપર લઇ જતા તથા સંકુચિત જીવનનાં દ્વાર પહોળાં અને પહોળાં ઉઘાડતા.

"એક ઉત્તમ કાર્યની તું યોજના કરી શકે અને પ્રયત્નમાં તારો આત્મા અર્પણ કરવો પડે છતાં ફતેહ મળે ત્યાંસુધી તું ઢીલો ન પડે, તો ગમે તેવી મુશ્કેલીઓ આવવા છતાં, તારો સમય આવશે."

"સાચા આત્માવાળા મનુષ્ય! આગળ વધ, તને તારા કાર્યમાં ફતેહ મળશે, તું તારા લક્ષ્યને પહોંચીશજ."—**ચાર્લ્સ મેકે**

"દુઃખ વગર સુખ નથી, કંટક વગર તખ્ત નથી, બટાશ વગર કીર્તિ નથી, સંકટ વગર મુકુટ નથી." —**ચેન**

૧૬—ચારિત્ર્ય—એ બળ છે.

"ચારિત્ર્ય એ બળ છે—સત્તા છે; તેથી મિત્રો મળે છે; ફંડ ઊભાં થાય છે, મદદ અને ટેકો મેળવી શકાય છે, તથા દોલત, પ્રતિષ્ઠા અને સુખનો ખાતરીવાળો અને સહેલો માર્ગ ખૂલે છે."—જે. હોલ્સ

"જ્યારે સઘળાએ પોતપોતાનાથી બનતું કર્યું હોય છે ત્યારે, જેણે સીધેસીધું અને દૃઢ ચારિત્ર્ય બતાવ્યું છે, તેણે સૌથી સરસ કરી બતાવ્યું છે, એમ ખાતરીથી કહી શકાય." —કોવેલ

"અમુક કામને લીધે મારે જવું પડે છે, પણ હું મારું ચારિત્ર્ય મારી પાછળ મૂકી જઉં છું." —શેરિડન

"જગતમાં માણસ સિવાય જેમ બીજું કોઇ મોટું નથી, તેમ માણસમાં ચારિત્ર્ય સિવાય બીજું કાંઈ પણ મોટું નથી."
—ડબલ્યુ. એમ. ઈવાર્ટ્સ

"જેમ સુસવાટાવાળા પવનથી મોજાં ઉછાળા મારતાં ચાલે છે, તેમ એક માણસનો જુસ્સો અનેક માણસોને એક દિશાએ લઈ જનય છે." —બાયરન

"દરેક વસ્તુ—ઉપદેશ, કાવ્ય કે ચિત્રની પાછળ ચારિત્ર્ય રહેવું જોઇએ અને ચારિત્ર્યનું બળ તેને મળવું જોઇએ. તેના વગર એમાંના એકેની કિંમત તણખલા જેટલી પણ નથી."
—જે. જી. હોલેન્ડ

"ગાંડપણ અગર જનવરોમાં રહેલું જંગલીપણું દાબી દેવાની કહેવાતી શક્તિ, આંખની પાછળ રહેલી શક્તિ છે." —એમર્સન

"ચારિત્ર્ય એક એવો હીરો છે કે, જે દરેક બીજા પથરાને ઘસી શકે છે." —બારટોલ

હથિયાર વગરના રોમનની કેદખાનાની ઓરડીએ મોકલવામાં આવેલા મારાને તેણે કહ્યું: "શું કેયસ મેરિયસને મારવાની તારામાં હિંમત છે.?" કેદીની આંખ જોઇને મારો બી ગયો, નરમ પડી ગયો, તેનું હથિયાર પડી ગયું અને તે નાઠો.

એક યુવાનને ખબર પડી કે, નેપોલિયન અંધારાવાળા એક લાંબા રસ્તેથી થોડા વખતમાં પસાર થનાર છે. આ ઉપરથી પોતાના દેશ ઉપર નિર્દયપણે હુમલો કરનારની કતલ કરવાને તે સંતાયો. વિચારમાં નમેલા ભારે માથા સાથે શહેનશાહ આવી પહોંચ્યો કે તરતજ તેણે પોતાનું હથિયાર ઉઠાવ્યું, સંભાળપૂર્વક નિશાન તાક્યું અને પિસ્તોલનો ઘોડો તે દબાવવા જતો હતો, તેવામાં જૂજ અવાજથી તેની હાજરી જણાઇ આવી. નેપોલિયને ઊંચે જોયું. એક નજરથીજ તે સઘળી વસ્તુસ્થિતિ સમજી ગયો. તે કાંઈ બોલ્યો નહિ, પણ તેના ચહેરા ઉપર મગરૂરી ભરેલા "હું તૈયાર છું," એવા દમામવાળા સ્મિત સાથે તેણે ધીરાદાપૂર્વક તે યુવક તરફ નજર કરી. બળ વગરના હાથમાંથી હથિયાર પડી ગયું અને એક સો રણક્ષેત્ર ઉપર વિજય મેળવનાર વીર નર મૂંગો મૂંગો ચાલવા લાગ્યો અને તેનું માથું રાજકાર્યના વિચારમાં ફરી નીચું નમ્યું. તેને મન તો આવા તેવા ઘણા બનાવવાળી તેની કારકિર્દીનો આ એક બનાવમાત્ર હતો અને તેના ફતેહમંદ લશ્કરની ગર્જનાથી જગતને ધ્રુજાવનાર યુદ્ધનાં અનેક સ્મરણોમાં, આ એક ભૂલી જવા જેવી ફતેહ હતી. તે યુવાનને મન આ બનાવ એક જિંદગીભરના અનુભવનો બનાવ હતો. એક માણસ જે પોતાનો દરેક તંતુ, પોતાની સઘળી બુદ્ધિ, પોતાની સઘળી શક્તિ, પોતાના જીવનવ્યવહારમાં ઉતારતો, તેના વિશાળ અને અતુલ, બળવાન, વજનદાર ચારિત્ર્યની સરખામણીમાં, પોતાના ઊતરતાપણાની, દબાવી નાખે તેવી, ગભરાવી નાખે તેવી લાગણી તે યુવકને થઇ. આગિયો કીડો વીજળીની બરાબરી કરવા જાય એવી આ બાબત હતી.

બુલ્વરે કહ્યું છે કે, "એક રાજા અને ભિખારીને સ્વતંત્રતાથી વાત કરવા દો, પછી રાજા પણ ભિખારીને નમી પડે એવી કાંઇ વાત ભિખારી ન કહી શકે, તો તેમાં ભિખારીનો વાંક છે. રાજા નમન કરે, એવું તેનામાં શું હોઇ શકે? માહિતી? ના, તેથી તે નહિ નમે. રાજા જેટલું અગર તેનાથી પણ કાંઇક વધારે એવું

કાંઇક, એવી મદદનગી, ગરીબમાં ગરીબ અગર નમ્રમાં નમ્રની પાસે હોઇ ન શકે?"

એમર્સન કહે છે કે, "તમે માત્ર આખા અને સંપૂર્ણ બનો અને મારી જિંદગી તથા સ્થિતિના દરેક ભાગમાં તમારૂં અસ્તિત્વ છે, એમ મને લાગશે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને હું છેતરી શકું, તોજ તમારી અસરથી હું મુક્ત રહી શકું. ચારિત્ર્ય એ એક બળ છે."

પોતાની છોકરી પાસે હોય તો માણસ બરાબર કામ કરતાં ગભરાય, એમ સમજી જ્યારે મળવા આવનાર એનિસ્ટાગોરાસે સ્પાર્ટાના રાજા ક્લીયેામિનિસને તેની દસ વર્ષની નાની છોકરી ગોગોંને બહાર મોકલવા કહ્યું, ત્યારે રાજાએ કહ્યું: "તે છો રહી; તેની સમક્ષ તમારે જે કાંઇ કહેવું હોય તે કહો." આથી ગોગો તેના બાપના પગ આગળ બેઠી અને ક્લીયેામિનિસ એનિસ્ટાગોરાસને પાસેના મુલકનો રાજા થવામાં મદદ કરે, તો તે તેને વધારે ને વધારે પૈસા આપશે, એ વાત સાંભળવા માંડી. તે આ બાબત સમજી નહિ, પણ જ્યારે તેણે પોતાના પિતાને શંકાશીલ અને મૂંઝાયલો જોયો ત્યારે તેણે તેનો હાથ પકડ્યો અને બોલી: "ચાલો ચાલો, નહિ તો આ અજાણ્યો માણસ આપણને કંઇક નુકસાન કરશે." રાજા તેના બાળક સાથે જતો રહ્યો અને આ રીતે તેણે પોતાને અને પોતાના દેશને ગેરઆબરૂથી બચાવ્યો. બાળકમાં પણ ચારિત્ર્ય એક બળ સમાન છે. જ્યારે ગોગો મોટી થઈ, ત્યારે તેને વીર નર લિઓનિડાસ સાથે પરણાવવામાં આવી. એક મિત્ર જે ઇરાનમાં કેદ થયો હતો, તેના તરફથી એક દૂત એક દિવસ એક તજ્વી લાવ્યો. બારીકમાં બારીક તપાસ કરતાં પણ સફેદ મીણની સપાટી ઉપર એક શબ્દ અગર લીટી જણાઇ નહિ. રાણી ગોગોએ કહ્યું કે, "મને જોવા દો." તે તે તપાસી ગઇ અને બોલી કે, "મીણ નીચે કાંઇ લખાણ હોવું જોઇએ." તેઓએ તે મીણ ઘસી નાખ્યું તો આખું ગ્રીસ જીતવાને પોતાના મોટા લશ્કર સાથે ઝર્કિસસ આવતો હતો, એવી ગ્રીસના કેદી તરફથી લિયેાનિડાસને ચેતવણી માલૂમ પડી. આ ચેતવણી ઉપરથી લિયેાનિડાસ અને બીજા રાજાઓએ પોતાનાં લશ્કર એકઠાં કર્યાં અને ચાલતી વખતે જેનાથી ધરતી પણ ધ્રૂજતી એવા ઝર્કિસસના મહાન લશ્કરનો તેમણે અટકાવ કર્યો.

રાજવિપ્લવની લડાઇમાં બ્રિટિશ લશ્કરમાં દાખલ થવાના ઇરાદા માટે રિચર્ડ જેક્સન ઉપર આરોપ મૂકવામાં આવ્યો હતો. તેને પરગણાની અણુઘડ જેલમાં નાખવામાં આવ્યો હતો. અહીંથી તે નાસી છૂટે એમ હતું, પણ કાયદાની યોગ્ય રીતથી તેને અટકાવમાં લેવામાં આવ્યો હતો, એમ એ માનતો હતો અને આ સ્થિતિમાં નાસી જવું એ ઠીક નથી, એમ તેને પોતાની ફરજ વિચારતાં લાગ્યું હતું. તેણે બહાર જઈ કામ કરવાની અને દર રાત્રીએ પાછા ફરવાની શરત સાથે શેરિફની રજા માગી. પ્રમાણિકતા માટેનું તેનું ચારિત્ર્ય જાણીતું હોવાથી તરતજ સંમતિ મળી. આઠ મહિના સુધી તે બહાર જતો અને સાંજે પાછો ફરતો. આખરે રાજદ્રોહ માટે તેની ઉપર કેસ ચલાવવા તેને સ્પ્રિંગ-ફિલ્ડ લઈ જવાની તૈયારી કરવામાં આવી. જેક્સને કહ્યું કે," આ એક બિનજરૂરી મહેનત અને ખર્ચનું કામ છે; કારણકે હું પોતે એકલો ત્યાં જઇશ." તેના વચન ઉપર ભરોસો રાખવામાં આવ્યો અને તે એકલો ચાલી નીકળ્યો. મસાચુસેટ્સની કાઉ-ન્સિલના સભાસદ મિ. એડવર્ડસ તેને રસ્તામાં મળ્યા અને તેને પૂછ્યું કે, "તમે કયાં જાઓ છો?" તેણે જવાબ આપ્યો કે, "મોતની સજાને માટે સ્પ્રીંગફિલ્ડ જાઉં છું."

પૂરાવો બરાબર પડ્યો અને જેક્સનને મોતની સજા ફરમા-વવામાં આવી. કાઉન્સિલના પ્રેસિડન્ટે જ્યારે પૂછ્યું કે, "માફી આપવી જોઇએ કે કેમ?" ત્યારે, જંગલમાં જેક્સનને એડવર્ડસ મળ્યો હતો એ વાત એડવર્ડસે કહી નહિ, ત્યાંસુધી એક પછી એક સભાસદ માફી આપવાના પ્રશ્નની સામે પડ્યા. એડવર્ડસની વાત સાંભળ્યા પછી સૌની સંમતિથી માફી આપવામાં આવી. જેક્સન પોતાની બાળક જેવી સાદાઇ અને પ્રમાણિકતાથી બચી ગયો. ચારિત્ર્ય એ એક બળ છે.

૧૮૫૭ ના આર્થિક મુશ્કેલીના સમયમાં ન્યુયોર્ક શહેરની જુદી જુદી બેન્કના પ્રમુખોની એક મીટિંગ ભરવામાં આવી હતી. ત્યાં પૂછવામાં આવ્યું કે, "આખા દિવસમાં કેટલા ટકા નગદી પાછી ખેંચી લેવામાં આવી હતી?" કેટલાકે કહ્યું: "૫૦ ટકા," કેટલાકે ૭૫ ટકા જેટલી વધારે જણાવી. સીટી બેન્કવાળા મોઝિઝ ટેલરે કહ્યું કે, "આજ સવારે અમારી બેન્ક-માં ૪૦૦,૦૦૦ ડૉલર હતા; અત્યારે સાંજે ૪૭૦,૦૦૦ ડૉલર

હતા.” જ્યારે બીજી બેન્કોનો વહીવટ બરાબર ચાલતો નહોતો, ત્યારે મિ. ટેલરના વહીવટ નીચેની સીટી બેન્ક ઉપર લોકોનો એટલો બધો વિશ્વાસ હતો કે લોકો બીજી બેન્કોમાંથી પૈસા ખેંચી લેતા હતા અને ત્યાં મૂકતા હતા. ચારિત્ર્યથી વિશ્વાસ મેળવી શકાય છે.

એક માણસ વિશ્વાસના બળથી બોલે છે અને એના શબ્દ આજ્ઞા સમાન થઇ પડે છે. આજ્ઞા પાળવી એમાંજ પોતાને આનંદ મળવાનો હોય એમ ધારી લોકો–પ્રજાઓ તેની આજ્ઞા માને છે. બીજો ઢીલું ઢીલું બોલે છે અને બોલવાની શક્તિ એ તે સુખ છે કે દુઃખ છે તે સંબંધી આપણા મનમાં શંકા ઉત્પન્ન કરે છે.

દળાણુના છેલ્લા ઔંસ સુધી–છેલ્લા પ્રમાણુ સુધી એક એન્જિનના બળની ગણતરી આપણે કરી શકીએ. એક ઓરડીની ઉષ્ણુતા જેમ માપી શકાય, તેમ એન્જિનની શક્તિની બરાબર તુલના થઇ શકે; પણ એક પ્રબળ ચારિત્ર્યવાળા માણસના સ્વાભાવિક આંતરબળની બરી પરીક્ષા કોણ કરી શકે ? એક છોકરા અને છોકરીની શાળાના ચારિત્ર પર થતી અસર કોણ આંકી શકે એમ છે ? શાળાની દંતકથાઓ, રીતરિવાજ અને રીતભાતમાં મજબૂત ચારિત્ર્યવાળા બે વિદ્યાર્થી જમાનાના જમાના ટકી રહે તેવા ફેરફાર કરી શકે છે. એ લોકો ગાડીનો બોજો ખેંચનાર એન્જિન હોય તેમ જિંદગીમાં પોતાની નાની નાની રીતથી બળશાળી થઇ, નિશાળના બહાદુર–વીરયુવક થઇ પડે છે. કોઇ પણ શિક્ષક તમને કહેશે કે, “ આજ્ઞા કરી શકે એવા સત્તાધારી ચારિત્ર્યવાળા વિદ્યાર્થીઓ વડે કંઇક શાળાઓ ઊંચે જાય છે અગર નીચે જાય છે.”

૧૭૯૮ માં ફ્રાન્સ સાથે લડાઈ થવાની જ્યારે તૈયારી હતી, ત્યારે જ્યૉર્જ વૉશિંગ્ટન જેઓ માઉન્ટ વર્નન આગળ એક બાનગી નાગરિક તરીકે રહેતા, તેમને પ્રેસિડન્ટ એડમ્સે લખ્યું કે, “ તમારા નામનો ઉપયોગ કરવા દો. અમારે તે જોઇએ છીએ. એક મોટા લશ્કર કરતાં તેમાં વધારે કાર્ય સિદ્ધિ રહેલી છે; ચારિત્ર્ય એ બળ છે.”

વૅલિંગ્ટન કહેતો કે, “ ફ્રેન્ચ લશ્કરમાં નેપોલિયનની હાજરી વધારાના ૪૦,૦૦૦ સૈનિક જેટલી હતી ” અને અજિત લ્યૂથર

વિષે રિટર કહેતો કે, "તેના શબ્દો અર્ધું લડાઇ જેટલું કામ કરી શકતા."

સેંટ બર્નાર્ડની માણસો ઉપર એવી અસર રહેતી કે, માતાઓ પોતાના છોકરાને, સ્ત્રીઓ પોતાના ધણીને અને લોકો પોતાના મિત્રોને સંતાડતા; એમ ધારીને કે રખેને તે તેઓને મઠમાં દાખલ થવાને સમજાવે.

ડૉ૦ જૉન્સન કહેતો કે, "એક વરસાદનું ઝાપટું હોય અને કોઇ મહેરાબ નીચે બર્ક સાથે તમે ઊભા હો, તો બર્ક એક અસાધારણ માણસ છે એમ તમને માલૂમ પડ્યા વગર રહે નહિ."

વૉરન હેસ્ટિંગ્સના હિંદુસ્તાનના ગેરવહીવટ વિષે કેસ ચાલતાં તેના ઉપર આરોપ મૂકવાના સબંધમાં બર્ક જ્યારે ભાષણ કરતો ત્યારે "હું એક નીચામાં નીચો માણસ છું, એમ મને લાગતું" એમ વૉરન હેસ્ટિંગ્સ પોતે કહેતો.

પોતાના વર્તનની જાણીતી પ્રમાણિકતા વિષે બોલતાં ક્રેંકલીન કહેતો કે, "તેથીજ મારા નગરબંધુઓ સાથે—મારા નાગરિક બંધુઓ ઉપર મારી એટલી બધી અસર રહી શકતી હતી. હું બોલનાર બરાબ હતો, વક્તા હતો નહિ, મારા શબ્દોની પસંદગી કરતાં મને ઘણી વાર લાગતી, ભાષા પણ ભાગ્યેજ બરી બોલતો, છતાં હું સામાન્ય રીતે મારો મુદ્દો ઠસાવી શકતો હતો."

વિલિયમ એમ. ધવાર્ટ્સ કહેતો કે, "ઉપદેશની અંદર મનુષ્યનું વ્યક્તિત્વ એજ જૉન હૉલની શક્તિનું રહસ્ય છે. ઉપદેશની પાછળ બરી રીતે ચારિત્ર્યયુક્ત માણસ ન હોય, તો તેના ઉપદેશની કોઇના ઉપર થોડી પણ અસર થતી નથી."

ઓસાવા ટોમિવાળો જૉન બ્રાઉન કહેતો કે, "કોઇ પણ રાજ્યની ઇમારત ઊભી કરવામાં એક સારો, મજબૂત, સંગીન માણસ એક સો માણસની બરાબર છે; એટલુંજ નહિ પણ ચારિત્ર્ય વગરના એક હજાર માણસો કરતાં તે વધારે સારો છે."

ચારિત્ર્યવાળા માણસ વિષે આપણને શ્રદ્ધા છે. એક મહાન પુરુષના નામમાં કેવું જાદૂઇ બળ રહેલું છે! થિયોડર પાર્કર એમ કહેતો કે, "સાઉથ કેરોલીના જેવાં ઘણું રાજ્ય કરતાં સોક્રેટિસ જેવો એક મહાન નર વધારે કિંમતી છે."

જેફર્સને વૉશિંગ્ટનને એક વખત લખ્યું હતું કે, "આખી પ્રજાનો વિશ્વાસ તમારામાં રહેલો છે." યુરોપમાં એવું એક પણ તખ્ત નહોતું કે જે વૉશિંગ્ટનના ચારિત્ર્ય આગળ ટકી શકે. તેના મુકાબલામાં રોથસ્ચાઇલ્ડનું કરોડોનું ધન પણ હાંસીને પાત્ર ઠરે. લિંકન, ગ્રેન્ટ અને ગાર્ફિલ્ડનાં નામ સાથે સરખાવતાં મોટાં મોટાં લાભનાં કામનો શો હિસાબ છે? કેટલાંક નામ તો મીઠા જેવાં છે, જેથી પ્રજાઓ કવખતના સડામાંથી બચી શકી છે.

જૉન રસેલ કહેતો કે, "ઇંગ્લેંડના પક્ષોનું લક્ષણ પ્રતિભાશાળી મનુષ્યોની મદદ માગવાનું, પણ ચારિત્ર્યવાળા મનુષ્યોની દેખરેખ નીચે અનુસરણ કરવાનું છે."

૧૮૦૧ માં કેનિંગે લખ્યું હતું કે, "ચારિત્ર્યથી સત્તા મેળવવી એજ માર્ગ મારે ગ્રહણ કરવાનો છે. હું બીજા કોઇ પણ માર્ગની અજમાયશ કરીશ નહિ. વળી હું શ્રદ્ધાપૂર્વક માનું છું કે, આ રસ્તો સૌથી વધારે ત્વરાનો નથી, પણ સૌથી વધુ સલામતી ભરેલો છે."

મહત્ત્વાકાંક્ષાનું મહાન લક્ષ્ય બળ છે અને ઉચ્ચ ચારિત્ર્યથી-જ મનુષ્યો અને પ્રજાને હલાવી નાખે તેવા મજબૂત વ્યક્તિત્વને માણસ પહોંચી શકે.

સિ. ટી. બ્રુક્સ કહેતો કે, "મહાન શહેરની વચ્ચે રહી કામ કરનાર પ્રેરક માણસના વિચાર અને લાગણીની અસર, તે શહેરના દરેક માણસ જેને વિચાર અને લાગણી છે તેને થાય છે. છોકરાઓ પણ આ સત્તામાંથી કાંઇક ગ્રહણ કરી લે છે અને તે અમુક માણસ જો શહેરમાં ન હોત, તો તેમની પાસે જે કાંઇ આવેલું છે તે તેમને મળી શકત નહિ."

ફ્રાન્સની અંદર અંદરની લડાઇમાં મોન્ટેને એકલાએજ પોતાના કિલ્લાના ઝાંપા ભૂંગળથી બંધ કર્યા નહોતા; છતાં તેને કાંઇ ઇજા કરવામાં આવી નહોતી. રાજાના પહેરેગીરો કરતાં તેનું ચારિત્ર્ય વધારે બળવાન હતું. પોપ બરૂંજ કહે છે કે, "જે કાંઇ અંદરથી નિર્દોષ છે, તેના વડે બહારથી તે સજ્જ થયેલો છે. ચારિત્ર્યવાળાં મનુષ્યોનેજ મુક્તિ મળે છે. તેનાં ઘણાં ઉદાહરણ ઇતિહાસ અને ચારિત્ર્યને લગતાં પુસ્તકો ઉપરથી જણાઇ આવે છે. તેમની આજુબાજુ કાંઇ અદ્‌ભુત જાદૂ આવી રહ્યું હોય એમ

જણાય છે. વિલિયમ પેન, રોજર વિલિયમ્સ, ઝેવિયર અને બીજા ઘણા, જેઓએ ધર્મ અગર વિજ્ઞાનને ખાતર મોટાં જોખમ વેઠ્યાં છે, તેમનાં જીવનચરિત્ર વાંચો. જંગલી લોકોના ભાલાથી તેઓ શાથી બચી ગયા છે ? ચારિત્ર્યથીજ તેમને રક્ષણ મળ્યું છે.

કકડતી ટાઢવાળા શિયાળાના ગભરાવી નાખે તેવા બરફમાં મોસ્કોથી નાસતા લશ્કરમાં એક જર્મન શાહજાદો હતો, તે પોતાના સંગીન ચારિત્ર્યથી સૈનિકોમાં ઘણો પ્રિય થઇ પડ્યો હતો. ટાઢની એક ખરાબ રાત્રીએ ઢોરો માટે બાંધેલા એક મકાનના ખંડિયેરમાં તેઓ શરદીવાળા, થાકેલાપાકેલા અને ભૂખ્યા સૂતા. પ્રભાતમાં શાહજાદો શરીરમાં ગરમી સહિત તાજો થયેલો ઉઠ્યો અને તે મકાનની આજુબાજુ ઘૂઘવાતો પવન સાંભળવા લાગ્યો. તેણે પોતાના માણસોને હાંક મારી; પણ કોઇએ જવાબ દીધો નહિ. આજુબાજુ જોતાં તેણે તેમનાં મૃત શરીર બરફથી ઢંકાયલાં જોયાં. તેમના ઝભ્ભા તેના (શાહજાદાના) પોતાના શરીર ઉપર નાખવામાં આવેલા હતા. તેની જિંદગી બચાવવા માટે તેઓએ પોતાની જિંદગી અર્પણ કરી હતી.

૧૭૭૫ ની સાલની અંતે વુડસ્ટોકવા આગળ મળેલા ધર્મસમાજને રેવરંડ પીટર જે. જી. મુહલનબર્ગે કહ્યું હતું કે, "દરેક ચીજને માટે વખત હોય છે. ઉપદેશનો અને પ્રાર્થનાનો પણ સમય હોય છે; પણ તે સમય જતો રહ્યો છે. લડવાનો પણ વખત હોય છે અને તે વખત આવ્યો છે." એમ કહી તેણે પોતાનો પાદરીનો ઝભ્ભો ફેંકી દીધો અને વર્જિનિયાના ×કર્નલના સંપૂર્ણ પોષાકમાં તે તેમના આગળ ઊભો. તેના ધર્મસમાજનો દરેક માણસ તેની સાથે ભળ્યો અને દૂરથી આવેલા અને તેની આજુબાજુ જમા થયેલા માણસો સાથે, રાજવિપ્લવના યુદ્ધમાં ઉચ્ચ પ્રકારની સેવા બજાવવા તેણે કૂચ કરી. યુદ્ધમાંથી તે મેજર જનરલ થઇ પાછો ફર્યો.

રોમન શહેનશાહત જ્યારે ભયમાં હતી અને રોમન રાજસભાના સભ્યો ક્વીન્ટીયન સિનસિનેટસને એલચીની જગા માટે બોલાવી લઈ ગયા, ત્યારે તેણે પોતાની સ્ત્રીને કહ્યું હતું કે, "વહાલી અટીલા ! મને ધાસ્તી છે કે, આ વર્ષે આપણે આપણાં

× કર્નલ=લશ્કરી અમલદારની પદવી.

ખેતર વાવી શકીશું નહિ.” સભાસદોએ તેને હળ ચલાવતો, સાદા પોષાકમાં અને પદવી માટેના કાંઇ પણ લોભ વગરનો જોયો હતો. પોતાના મિતાચાર, દયા, સદ્‌ગુણ અને ન્યાયવૃત્તિથી, કુસંપને લીધે થયેલી ઈર્ષ્યાની વચ્ચે, તે સાર્વજનિક શાંતિ ફરી લાવી શક્યો અને પોતાના ખેતીના ધંધામાં તે ફરી દાખલ થયો.

ફરી એક મહત્ત્વનો પ્રસંગ ઊભો થયો, જેથી રોમને ચારિત્ર્યની જરૂર પડી અને રાજસભાએ તેને અમર્યાદ સત્તા સાથે ડિક્ટેટર બનાવ્યો. તેણે લોકોમાં ફરી વિશ્વાસ ઉત્પન્ન કર્યો, લશ્કરની ફરી રચના કરી અને બળવાન દુશ્મનનો પરાજય કર્યો. લડાઇમાં જે કિંમતી લૂંટ મળી હતી, તેમાં ભાગ લેવાની તેણે ના પાડી. ચૌદ દિવસ તે ડિક્ટેટર રહ્યો. પછી તેણે તે જગાનું રાજીનામું આપ્યું અને જાણે કાંઇજ ન બન્યું હોય એમ તે પોતાના ખેતર ઉપર શાંતિ સહિત ફરી કામ કરવા લાગ્યો.

વિજયી સરદાર અલીં આગળ નાસતા શેરિડનના લશ્કરનો સેનાપતિ બોલી ઊઠ્યોઃ “સાહેબ! આપણો પરાજય થયો છે.” ગુસ્સે થયેલા શેરિડને કહ્યું: “નહિ જી, તમે હાર્યા હશો; પણ આપણું લશ્કર હાર્યું નથી.” પોતાની તલવાર ખેંચી તેણે તે પોતાના માથા ઉપર ફેરવી અને પાછળ આવતા દુશ્મનના લશ્કર સામે ધરી. તેનો બ્યૂગલ જેવો અવાજ ભયંકર શોરમાંથી બહાર નીકળ્યો અને ફરી હુમલો કરવા તેણે ફરમાન કર્યું. લશ્કર સ્થિર થયું, તૈયાર થયું અને તોફાનથી સમુદ્ર જેમ ઊંચો થઇ ઊછળે તેમ તે દુશ્મન ઉપર ઊછળ્યું અને કોન્ફેડરેટ લશ્કરનો પૂરો પરાજય થયો.

ડોગ્લસ જેના મૃત્યુ વિષે તેનું લશ્કર અજાણ્યું હતું, તેના મડદાને તેના હમેશના ઘોડા ઉપર તે બેઠો હોય તેવી રીતે બાંધી રણક્ષેત્ર ઉપર રજૂ કરવામાં આવ્યું અને લડાઇ જીતવામાં આવી. આ લડાઇ શી રીતે જીતવામાં આવી, તેનું રહસ્ય બોળવા માટે મહેનત લેવી પડશે નહિ. સ્કોટના “લેડી ઑફ ધ લેઇક”માં કલેન એલ્પાઇનનાં સારામાં સારાં માણસ પાછાં હઠતાં હતાં, ત્યારે સ્ટર્લિંગ કિલ્લામાં ઘવાયલો પડેલો રોડરિક ધૂ એકજ વાર બ્યૂગલ વગાડે ને તે હુન્નર માણસના બળની બરાબરી કરી શકે તે શી રીતે? બરી વાત છે કે, એક મૂએલા સરદાર કરતાં એક જીવતો સાધરણ સૈનિક વધારે સારો જણાય અને સેંકડો પહાડી

લશ્કરીઓ રોડરિક ધૂના જેટલાજ જોશથી બ્યૂગલ ફૂંકી શકે. ઘોડા ઉપરની માટી એનો બહારનો દેખાવ હતો અને હૃદયદ્રાવક બ્યૂગલનો પોકાર તે માત્ર અવાજજ હતો; પણ આ સઘળી સત્તા અંદરના ચારિત્ર્ય અને જુસ્સા વડે ઉત્પન્ન થતી હતી.

લડાઈમાં તેમજ નિગ્રહમાં જોવામાં આવતા મર્દાની બળનાં હૃદયદ્રાવક દૃષ્ટાંતોમાંનું એક અમેરિકન સિવિલ વૉર (અંદર અંદરના યુદ્ધ) માં મળી આવે છે. ન્યુ માર્કેટની ટેકરીઓ આગળના હુમલા વિષેનું નીચેનું હૃદયભેદક વર્ણન જનરલ બટલરના ભાષણુના નીચેના એક ઉતારા ઉપરથી મળી આવે છેઃ—

"મેં મારો સંકોચ, મારો વહેમ કેવી રીતે દૂર કર્યો તે વિષે હવે હું તમને કહું છું. આપણે કાલે જોયું તે ઉપરથી સભાના સંકોચ અને વહેમ પણ દૂર થયા હશે, એમ હું માનું છું. હું ધારું છું કે, અહીં એવો કોઇ પણ માણસ ઊભો થઇ એમ નહિ કહે કે, 'હું ફરી પણ ગોરા માણસ આગળજ બોલવા માગું છું.' કાલે જે કાંઇ બન્યું છે, તે પછી સભામાં કાળા આદમીઓને માટે તે બોલે તે પહેલાં તે આ સંબંધમાં બોલવાને લાયક છે એમ તેણે પૂરવાર કરવું જોઇએ.

"૧૮૬૩ માં વર્જિનિયામાં મેં લશ્કરની સરદારી લીધી અને જે કાંઇ માણસ મોકલવામાં આવ્યા, તેથી મેં ૨૫ રેજિમેન્ટ (ટુકડી) ઊભી કરી અને તેમને કવાયત શીખવી; છતાં નિયમિત લશ્કરની ટુકડીના મારા અમલદાર—ભાઇઓ કહેતા કે, 'કાળા સિપાઇઓ લડશે નહિ.' તેથી મને એમ લાગ્યું કે નાગરિક કર્તવ્ય બજાવવાને તે જાતિ પણ લાયક છે એમ બતાવવાને તેઓએ લડવું જરૂરનું છે; કારણકે પોતાના સ્વાતંત્ર્યનો, પોતાના દેશના વાવટાનો અને પોતાના દેશની પ્રતિષ્ઠાનો બચાવ કરવો, એ નાગરિકોની ઉચ્ચમાં ઉચ્ચ ફરજ છે. જેમ્સ નદીની ઉત્તર તરફની દુશ્મનોની બાજુની ચાવી ન્યુ માર્કેટની ટેકરીઓ હતી અને ત્યાં આગળ દુશ્મન ઉપર હુમલો કરવાને હું પોતે કાળા લશ્કર સાથે ગયો. પ્રભાતનો પ્રકાશ થતો હતો. જમણે બલે બંદૂક—એવી ગોઠવણ સાથે, મોખરે જમણી બાજુ, વિભાગ કરી ગાઢ વ્યૂહમાં ત્રણ હજારનું કાળું લશ્કર મેં મૂક્યું.

"મેં કહ્યું કે, 'દુશ્મનનું તે બાંધકામ તમારી ટુકડીના માત્ર

સંખ્યાબળથી તમારે લેવું જોઇએ. એક ગોળી પણ છોડવાની નથી.' તેઓ ગોળી ન છોડે, તે માટે તેમની બંદૂકની ટોટી ઉપરની વાડકી પણ મેં લઇ લેવડાવી હતી. પછી મેં કહ્યું કે, 'જ્યારે તમે હુમલો કરો ત્યારે ફ્રોડ પિલોને યાદ કરીને તેના નામનો ધ્વનિ કરજો.' આકાશમાં સૂર્ય ઊગ્યો અને 'ચાલો આગળ' એવો હુકમ આપવામાં આવ્યો, ત્યારે તેઓ પરેડ ઉપર હોય એવી શાંતિથી અને દૃઢતાથી કૂચ કરવા લાગ્યા. ભેજવાળી જગ્યાએ થઇ તેઓ ટેકરીઓની નીચે ઊતરી, ઝરામાં ઊતર્યા એટલે તેઓ દુશ્મન નિશાન મારી શકે તેટલી હદે આવ્યા. આ વખતે તેમના ઉપર ગોળીબાર થવા માંડ્યા. તેઓ ઝરો ઊતરતા હતા, ત્યારે તેમાં ભંગાણ પડવા માંડ્યું, ટુકડી ઢીલી પડવા માંડી. વધારેમાં વધારે ચિંતાનો આ સમય હતો, પણ તેઓ જમીન ઉપર આવ્યા કે તરત પાછા ગોઠવાઇ ગયા. દુશ્મનના બાંધકામથી આશરે ૧૫૦ વાર આગળની શત્રુની વાડની પહેલી હાર આગળ ટુકડીનો આગળનો ભાગ આવી પહોંચ્યો, ત્યાંસુધી દુશ્મનનો મારો ચાલવા છતાં ગાઢ વ્યૂહમાં દૃઢતા સાથે તેઓ આગળ કૂચ કરતા ગયા. પછી બચાવને લગતાં, ઊભી કરેલી અડચણોનાં ભારે કામ કાપી નાખવાને કુહાડીવાળા માણસો મોખરે ગયા ત્યારે સ્વાશ્રયના છેલ્લા કિલ્લામાંથી દુશ્મનના એક હજાર માણસો તેમના તોપખાના સાથે, પહોળાઇમાં કારકુનના ટેબલથી ભાગ્યેજ મોટા તેવા આ ટુકડીના અગ્રભાગ ઉપર ભારે મારો ચલાવવા લાગ્યા. ખૂની મારો ચાલવાથી કુહાડીવાળા મરવા લાગ્યા. તેમની જગ્યા બીજા મજબૂત હાથે લીધી અને વાડ કાપી નાખવામાં આવી. વળી બેવડી ઝડપથી ટુકડી, કિલ્લાના ચાળીસ વારની અંદર જઇ પહોંચે છે ત્યાં બીજી વાડ તેમની આગળ આવી ઊભી જણાય છે. ટુકડી અટકે છે. ત્યાં પણ ત્રાસજનક મારો તેમના ઉપર ચલાવવામાં આવે છે. વાડ તૂટતી નથી. તેઓ અટકી રહે છે. દુશ્મનની ગોળીઓથી ટુકડીનો આગલો ભાગ બરાબર છિન્નભિન્ન થઇ જતો જણાય છે. આગેવાન ટુકડીઓના વાવટા નીચે પડી જાય છે; પણ એક બહાદુર હાથ વાવટા પકડે છે. મજબૂત હાથ અને ઇચ્છાવાળાં અંતઃકરણથી માણસો ભારે અણિયાળાં ઝાડ પકડી, ઊંચકી, બસેડી નાખે છે. ટુકડી આગળ વધે છે. હાલ પણ જે ધૂમના, જે પોકારના ભણકારા મારા કાનમાં વાગી રહ્યા છે,

તેવી ધૂમ સાથે તેવા પોકાર સાથે, તેઓ તે કિલ્લા ઉપર ધસી જાય છે. દુશ્મનો નાસે છે અને ચાર માઇલ સુધી બિલકુલ ઊભા રહી શકતા નથી. હુમલો કરતી આ ટુકડીની પાછળ, એક ફરજ તરીકે પણ જતાં મને ઘણું દુઃખ થયું. ત્યાં કારકુનના ટેબલથી પહોળી નહિ તેટલી અને ત્રણસો વાર જેટલી લાંબી જગ્યામાં પોતાના દેશનો બચાવ કરવા જતાં કતલ થયેલા ૫૪૩ સિપાઈ-ઓ, જેઓએ દેશનો વાવટો અને તેની પ્રતિષ્ઠા ટકાવી રાખવાને પોતાની ઇચ્છાથી, આત્મભોગથી, પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા, એમનાં મડદાં પડ્યાં હતાં. આ પવિત્ર મૃત દેહોને મારા ઘોડાનો મલિન પગ અડકે નહિ તે માટે ત્યાં આગળથી જતાં ઘોડાને આમતેમ હઠાવી હું સંભાળથી જતો હતો. તેઓએ જે દેશ માટે પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા, જેનો વાવટો તેમને મન ફક્ત અટાપટાનો—એજ હતો અને જેના પર, તેમના પોતાના લાભમાં, કીર્તિનો પ્રકાશ પડ્યોજ નહોતો—આ દેશમાં થતા અન્યાય સામે તેમનાં શ્યામ વદન માનપૂર્વક અપીલ કરતાં હોય એમ સૂર્યપ્રકાશમાં જણાતું હતું. ભૂતકાળમાં મેં તેમને અન્યાય કર્યો હતો, એવી લાગણી થવાથી અને મારા દેશના ભાવિની અસર તેમને જે થવાની હતી તેનો વિચાર કરતાં મેં મારા મૂએલા સોબતીઓની વચ્ચે ત્યાં ને ત્યાં સોગંદ ખાધા કે, 'આ માણસો—જેઓએ મારે માટે—મારા દેશને માટે તથા તેમનું ફડું દેખાવા માટે પ્રાણ અર્પણ કર્યા છે—તેમના હક્કનું રક્ષણ કરવા માટે હું નિષ્ફળ જાઉં, તો હું ઇચ્છું છું કે, મારો જમણો હાથ તેની સઘળી આવડત ભૂલી જાય અને મારી જીભ તાળવે ચોંટી જાય. ઇશ્વરકૃપાથી હું તે પ્રતિજ્ઞા પાળીશ એમ હું ધારું છું.'"

૧૭૯૨ ના સપ્ટેમ્બરની ૨ જી તારીખે અમીર અને પાદરી ઓથી ઊભરાતા પેરિસના કેદખાનામાં લોકો ઘૂસી ગયા. વાઢ-નારના દાતરડા આગળ જેમ પાક પડે, તેમ આ લોકો પડવા મંડ્યા; પણ આ જંગલી ખૂનરેજીની વચ્ચે એબી સિકાર્ડ કે જેણે પોતાની જિંદગી બહેરા અને મૂંગાને શિક્ષણ આપવામાં ગાળી હતી તેને, એક મારાએ ઓળખ્યો.

એબી સિકાર્ડના ઘરમાં, હોશિયાર આંગળીઓ, મનને મન સાથે જોડાતા બારીક દોરાને, સુંદરતા સાથે ગૂંથતી. જે અંધ-કારમય મોજાં એકબીજાને જુદાં પાડતાં તેના ઉપર સંજ્ઞાઓ-

રૂપી પૂલ બાંધવામાં આવતો અને હથેળી કરતાં મોટી નહિ તેવી કમાન નીચે થઇને સત્ય મૌભૂમિ તરફ પ્રયાણ કરતું હતું.

માઉનો, જે પાદરીને દીઠે તેમ આબરૂથી ઓળખતો હતો તે બોલ્યો કે, "આ ભલા નાગરિકને મારવા પહેલાં મને મારવાનો તમારે વિચાર કરવો. તમે તેને ઓળખાતા નહિ હો, તે એની સિકાર્ડ છે. પરોપકારીમાં પરોપકારી, પોતાના દેશને ઉપયોગીમાં ઉપયોગી અને બહેરા અને મૂંગાનો તે મિત્ર છે." આજુબાજુના ખૂનીઓ તેને ભેટી પડ્યા અને તેને ઊંચકીને લઈ જવાને તેઓએ ઇચ્છા દર્શાવી. લોહીથી કલંકિત થયેલા આ ટોળામાં પણ આ રીતે ઉત્તમ ચારિત્ર્ય સર્વોપરી બળ ધરાવતું.

પેરિસની અંદર ભૂખે મરતા લશ્કરે, કિલ્લા મજબૂત છતાં, આશા મૂકી ત્યાંસુધી ફ્રેન્કોએ તેનો ઘેરો ચાલુ રાખ્યો હતો. ખોરાક મેળવવાને માટે બહાર જવાનું જોખમ ખેડવા કોઇ પણ યોદ્ધાને મરજી નહોતી; પણ આ લશ્કર સાથેની એક કુમારિકા જીનીવીવ ઘેરો ઘાલનારની છાવણીની પેલી તરફ, એક નાની હોડીમાં બેસીને સીન નદીમાં ઊતરી અને પોતાના ભૂખે મરતા ભાઇઓને ખોરાક મોકલવા જુદી જુદી ગેલિક જાતિઓને સમજાવવામાં ફતેહમંદ થઇ.

ફ્રેન્કો પાછા હઠ્યા પણ બીજી વખતના પ્રયત્ન વખતે જીનીવીવ ત્યાં નહોતી, ત્યારે તેઓએ શહેર લીધું અને તે પાછી ફરે એવી ગૂઢ ધાસ્તીથી તેઓએ દરવાજા બંધ કર્યા. તેને દાખલ નહિ કરવા પહેરેગીરોને સૂચના આપવામાં આવી હતી; પણ ઓળખાયા વગર, ગામડિયાના ઘરગથુ ઝભ્ભા અને બુરખા સાથે, દાઢની જંગલી મસ્તીમાં આવેલા ફ્રેન્ક આગેવાન હિલ્ડેરિક આગળ તે રજૂ થઇ. તેની મુલાકાતમાં શું થયું તે જણાતું નથી. માત્ર એટલું જ જણાયું કે,તે જંગલી આગેવાને પોતાના કેદીઓને સહીસલામતી અને લોકોને દયા અર્પણ કરી. આજના દિવસ સુધી જીનીવીવ પેરિસની એક મુરબ્બી સંત સન્નારી ગણાય છે.

ચારિત્ર્ય પ્રદર્શિત થાય છે, ત્યારે તે માત્ર પરાવર્તી ક્રિયાના સ્વરૂપમાં જણાય છે. જ્યારે પ્રસંગ આવે, ત્યારે જે કરવાનો આપણે હમેશાં નિશ્ચય કર્યો હોય છે તે કરવું, એજ તેનું રહસ્ય છે. વેપારમાં જેમ થાપણ હોય છે, તેમ જીવનમાં ચારિત્ર્ય છે. માણ

સમાં જેમ ચારિત્ર્ય વધારે તેમ તે વધારવાના તેના પ્રસંગ વધારે. માણસ પોતાના ચારિત્ર્યની જેવી કિંમત આંકે તેવો તે હોય છે.

ઝુટફન આગળ મરણતોલ ઘાયલ થયેલા સર ફિલિપ સિડ્નીને લોહી બહુ જવાથી તૃષાની વેદના થતી હતી. ડોળી ઉપર લઇ જવામાં આવતા ઘાયલ થયેલા એક સિપાઇની આતુર નજર સિડ્ની પાસેના પાણીના પ્યાલા તરફ ગઇ. સિડ્નિએ તે જોયું અને તે તેને આપવાનો આગ્રહ કર્યો. સિડ્નિએ એમ કહ્યું કે, "તારી જરૂરીયાત મારા કરતાં વધારે છે." સિડ્નિ મરી ગયો; પણ આ તેના એક કાર્યથી ઇતિહાસમાં તેનું નામ અમર થઇ ગયું; જ્યારે જે રાજાની નોકરીમાં તે હતો તેને કોઇ સંભારતું પણ નથી. મરડાથી પીડાતા સૈનિકોની એક વાત ફ્લોરેન્સ નાઇટિંગેલ કહે છે: "બહુ કામથી કંટાળેલા પોતાના સોબતીઓ ઉપર વધારે કામ પડે, તેથી તેઓ પોતે બિમાર હોય, તોપણ જણાવતા નહિ અને બાઇઓમાં જતા તથા મરણ પામતા." જે માણસ પોતાના વખત, પોતાનું બળ અને જરૂર પડે તો પોતાની જિંદગી પણ બીજાને માટે–પછી તે બીજું પોતાની રાણી, પોતાનો દેશ, પોતાનો વાવટો અગર પોતાનું બધુંજ હોય–તેને માટે અર્પણ કરે તેનામાં સાધુ લોકોના સઘળા ઉપવાસ, તેમની દીનતાઓ અને તેમના પાપસ્વીકાર કરતાં પણ કાંઇક વધારે પવિત્રતા હોય છે.

કેયસ માર્શિયસને રિઝાવવાને પોરસેનાએ ધમકી આપી હતી; છતાં કેયસ માર્શિયસે ઠંડે પેટે પોતાના હાથ છાવણીના તાપણામાં ધર્યા હતા અને તે બળી ગયો ત્યાંસુધી દુઃખના કાંઈ પણ ગણગણાટ વગર તે જોઇ રહ્યો હતો. ટરકને પોતાના કેદીને છોડ્યો અને જે દેશમાં સ્યુટિયસ અને હોરેશિયસ જેવા માણસ પેદા થતા તે દેશ સાથે સુલેહ કરી.

એમર્સન કહે છે કે, "જેઓ લોર્ડ ચેથામને સાંભળતા તેમને લાગતું કે, તે જે કાંઇ કહેતો તેના કરતાં તે માણસમાં કાંઈક વધારે સુંદર હતું." કાર્લાઇલ વિષે એવી ફરિયાદ ઉઠાવવામાં આવે છે કે, મિરાબો વિષેની સઘળી હકીકત તે કહી જાય છે, છતાં મિરાબોની પ્રતિભા આંકવા જેટલી તે વિગતો નથી. ગ્રેકી, એજિસ, કલીઓમિનિસ અને "પ્લુટાર્ક"માંના બીજા વીર નરો તેમના વૃત્તાંતમાં તેમની કીર્તિની બરાબર જોવામાં આવતા નથી. સર ફિલિપ સિડ્નિ અને સર વૉલ્ટર રેલેનાં કામ થોડાં છે;

પણ તેમની કીર્તિ મોટી છે. વૉશિંગ્ટનના પરાક્રમના વર્ણનમાં, વૉશિંગ્ટનના આત્મબળનો થોડામાં થોડો ભાગ પણ આપણે જોઇ શકતા નથી. શિલરના નામનું બળ તેનાં પુસ્તકના પ્રમાણમાં વધારે મોટું છે. ગર્જના કરતાં પ્રતિધ્વનિ વધારે લાંબો હોય છે એમ કહેવાથી, તેના ગ્રંથ અગર વાર્તાના પ્રમાણમાં જોવામાં આવતી તેની પ્રતિષ્ઠાની અસમાનતાનો ઉત્તર મળતો નથી. આ માણસોમાં કાંઇક એવું હતું જે તેમનાં સઘળાં કામથી આગળ વધીજ જાય. તેમના બળનો મોટામાં મોટો ભાગ ગુપ્ત રહેતો. જેને આપણે ચારિત્ર્ય કહીએ છીએ, તે આ છે–તે એક જમા થયેલું બળ છે. કોઇ અન્ય સાધન વગર માત્ર પોતાના અસ્તિત્વ વડેજ તે અસર કરે છે. બીજાઓ જે કાંઇ બુદ્ધિ અને વકતૃત્વથી કરી શકે છે, તે ચારિત્ર્યવાળો માણસ આકર્ષણથી કરી શકે છે. પોતાનું અર્ધોઅર્ધ બળ તો તે રજૂ પણ કરતો નથી. સામસામી બંદૂક ઊંચકવાથી નહિ, પણ ચઢિયાતાપણાના દેખાવથી તે પોતાની ફતેહો મેળવે છે. તે જીત મેળવે છે. તેના આવતાંજ સઘળું પલટાઇ જાય છે. “અરે, ઇયોલ! તને શી ખબર પડી કે હકર્યુલિસ દેવ હતો?” ઇયોલે કહ્યું: “કારણકે, મારી આંખો તેના ઉપર પડતાંજ મને સંતોષ થતો. જ્યારે હું થિસિયસને જોતી, ત્યારે મને એમ ઇચ્છા થતી કે તેને લડતો અગર રથની શરતમાં ઘોડો હાંકતો હું જોઉં; પણ હકર્યુલિસને લડતમાં ઊતરવા જેટલી રાહ જોવી પડતી નહિ. તે ઊભો હોય, ચાલતો હોય, બેઠેલો હોય અગર બીજું ગમે તે કરતો હોય, પણ તે જીતતો.”

દરેક દેશમાં એવાં સ્ત્રીપુરુષ હોય છે કે, જેઓ બોલતાં પહેલાં જીત મેળવે છે અને તેમની બુદ્ધિના પ્રમાણમાં ઘણી વધારે અસર કરે છે. માણસો ઉપરની તેમની સત્તાનું રહસ્ય શું હશે એમ લોકોને આશ્ચર્ય થાય છે. ચારિત્ર્ય બળ છે એ કારણથીજ સઘળા વર્ગના લોકો તેના ઉપર શ્રદ્ધા રાખી તેનું અનુસરણ કરે છે. ખૂનીને મોતની સજા કરનાર જજના ન્યાયનું ખૂની પણ સન્માન કરે છે. તેનામાં એવું કાંઇક છે, જે વડે સત્ય અને ન્યાય તે જાણી શકે છે અને તેને તે અનુમોદન આપે છે. નિર્દય ખંજરોથી ઘાયલ થયેલો સીઝર રાજસભાની આરસની જમીન ઉપર પડ્યો હતો, તે વખતે લોકો ઉપર તેની જે અસર થઇ હતી, તેવી બીજે કોઇ પણ વખતે થઇ નહોતી. તેના ઘા જાણે અનેક મુખ હોય

અને તેને માટે વકીલાત કરતા હોય એમ જણાતું હતું.

શેરિડન માટે એમ કહેવાતું હતું કે, "તેના વિચારો–તેનું આચરણ જો સારાં હોત, તો જગત ઉપર તે હકુમત ભોગવી શકત." કેટલા થોડા યુવકોને એવો ખ્યાલ આવે છે કે, તેઓ જે કાંઇ બનણે છે તેના કરતાં તેઓ જે કાંઇ છે, તેના ઉપરજ જિંદગીની તેમની ફતેહનો આધાર રહેલો છે! વોશિંગ્ટન અને લિંકન પ્રેસિડન્ટ થયા તે તેમની શક્તિને લીધે નહિ, પણ તેમના પોતાના ચારિત્ર્યને લીધે થયા.

વેબ્સ્ટરે પ્રેસિડન્ટ થવા માટે ઘણું ખર્ચી નાખ્યું હતું. પોતાની પ્રતિષ્ઠા અને પોતાની પહેલાંની સઘળી માન્યતાઓનો તેણે ભોગ આપ્યો હતો. જ્યારે એક ખેડૂતે સાંભળ્યું કે, તેણે તે નિમણુંક ગુમાવી છે, ત્યારે તેણે કહ્યું: "દક્ષિણ તેના ગુલામને કાંઇજ આપતી નથી."

નેપોલિયન અને વેબ્સ્ટરમાં કયા તત્ત્વની ખામી હતી? હાલના વખત સુધી જગતે જે ઊંચામાં ઊંચા આદર્શ ઉત્પન્ન કર્યા છે, તેને નિત્ય વફાદાર રહેવું તે એ તત્ત્વ નથી? બળવાન મનુષ્યો, જેમનાં મૂળ જમીનમાં હોય છે અને જ્યારે સઘળું ઘસડાતું હોય છે, ત્યારે પોતાની જગ્યાએ સ્થિર રહેનાર ઓકના ઝાડ જેવું બળવાન જેમનું ચારિત્ર્ય હોય છે, તેમની અંદરના આ તત્ત્વનેજ આપણે વખાણીએ છીએ–તેનેજ માન આપીએ છીએ.

બડક ઉપર પડેલા એક ભાંગેલા વહાણ તરફ એક મુસાફરે આંગળી બતાવી ત્યારે એક કેપ્ટને એકજ ટીકા કરી હતી અને તે એ હતી કે, "માર્ગદર્શક વગર ચાલવાની કોશિશનું આ ફળ." બાયરન, બર્ન અને બીજા અનેક જેઓ અકાળે મરણ પામ્યા છે, તેમને માટે આ શબ્દો બંધબેસતા મૃત્યુલેખ જેવા થઇ પડે તેવા છે. બરેબર ચારિત્ર્ય એજ સહીસલામતી છે.

દેશનિકાલ થયેલા કોસથને એમ કહેવામાં આવ્યું કે, "તું જો મુસલમાન ધર્મ અંગીકાર કરે, તો ટર્કીમાં તને અભયસ્થાન મળે." ત્યારે તેણે જવાબ દીધો કે, "એક તરફ મૃત્યુ અને બીજી તરફ શરમ,એની વચ્ચે મને કોઈ શંકા ભરેલો માર્ગ જડ્યો નથી. એક ઉદારચરિત પ્રજાનો એક વખત હું હાકેમ છતાં, હું મારા છોકરા માટે કાંઇ વારસો મૂકી જતો નથી. મારા નામને

બટ્ટો લાગે તેના કરતાં આ સ્થિતિને હું વધારે પસંદ કરૂં છું.” એક બીજી વખતે તેણે કહ્યું કે, “આ મારા હાથ ખાલી છે, પણ ચોખ્ખા છે.”

નાની રાજકુમારી વિકટોરિયા બોલી ઊઠીઃ “માતા! વિલિયમ કાકાની પાછળ મારા સિવાય બીજું કોઇ ગાદીએ બેસે એવું હું જોતી નથી.” ત્યારે એમ કહેવામાં આવ્યું કે, “વારસ થવાને તું હકદાર છે.” ત્યારે તેણે કહ્યું કે, “હું ભલી થઇશ.”

સન ૧૮૩૭ ના જૂન માસની ૨૦ મી તારીખે, ૧૮ વર્ષની વયની આ રાજકુમારીને ઊંઘમાંથી ઉઠાડી, કેન્ટરબરીના આર્કબિશપ આગળ બોલાવવામાં આવી. તેને ૫૦ કરતાં વધારે વર્ષ થઇ ગયાં છે. પોષાક પણ પૂરો પહેરવાનો વખત નહિ મળવાથી પોતાના રાત્રીના ઝભ્ભા ઉપર ઉતાવળમાં એક ઓઢવાનું તેણે નાખી દીધું અને ઉઘાડા પગમાં સ્લીપર સાથે અને વીખરાયલા વાળ સાથે તે આર્કબિશપ આગળ ગઇ અને તેને રાણી તરીકે સલામ કરવામાં આવી. રાજા મૃત્યુ પામ્યો હતો અને રાજકાર્ય માટે સ્ત્રીઓના પોષાક પહેરવાની વાટ જોઇ શકાય નહિ.

એક સાચી સ્ત્રીનાં ગૌરવ, નિર્દોષતા અને સારી સમજ સાથે રાણીએ, વફાદારીનું ચુંબન લેવા આવનાર માટે પોતાનો હાથ લાંબો કર્યો. ચારિત્ર્ય, સભ્યતા અને સંગીન વિવેકશક્તિ વડે અર્ધા સૈકા ઉપરાંતની તેની રાજકારકિર્દી વિભૂષિત થઇ છે અને તે બરેબરી રાણી નથી એવું એક પણ પ્રસંગે તેણે જણાવ્યું નથી.

એક સાક્ષી તરીકેના હમેશના રિવાજ મુજબ સોગંદ ખાવા પેટ્રાર્ક ન્યાયમંદિર આગળ આવ્યો, ત્યારે તેની સત્યશીલતા વિષે કોર્ટને એની ખાતરી હતી કે, તેનું પોતાનું વચન બસ છે, તેને સોગંદ ખાવાની જરૂર નથી એમ તેને કહેવામાં આવ્યું.

એક મોટી બેન્કમાં હ્યુ મિલરને કૅશિયરની (કીલીદારની) પદવી આપવામાં આવી; પણ “હિસાબની મને બહુ થોડી માહિતી છે અને મારો કોઇ જામીન થતો નથી” એમ કહી તેણે તે જગ્યાની ના પાડી. બેન્કના પ્રેસિડન્ટ મિ.રોસે કહ્યું કે, “અમારે તમારા જામીન જોઇતા નથી.” રોસ તેને ઓળખતો હતો એવી મિલરને ખબર પણ નહોતી. **આપણને ખ્યાલ હોય કે ન હોય, પણ લોકો આપણું ચારિત્ર હમેશાં તપાસતા રહે છે.**

એક નામાંકિત સિપાઇ જે ચેધામને સારી રીતે ઓળખતો હતો તે કહેતો કે, "જે કોઇ પિટ્ટના ઓરડામાં જઇ આવતો તે દરેકમાં કાંઇ ને કાંઇ જુસ્સો ઉત્પન્ન થતો અગર તેમાં કાંઇક વધારે હિંમત, કાંઇક વધારે મર્દાનગી આવતી."

જ્યારે ફ્લોરેન્સ નાઇટિંગેલ ક્રિમિયાની હોસ્પિટલમાં જતી, ત્યારે બધું વાતાવરણ બદલાઇ જતું. વેદનાના બિછાના ઉપર આળોટતા જડભરત જેવા સૈનિકો, સભ્યતાની થોડી પણ અસર ધરાવનારને પણ બરાબ લાગે તેવો એકે શબ્દ બોલતા નહિ.

વિટોરિયા કોલોનાનો પતિ સ્પેનિશ બાજુ તરફ વફાદારીથી રહેવાને બંધાયેા હતો. ઇટલીના રાજકુમારોએ જ્યારે તેને તે બાજુ છોડવાનો આગ્રહ કર્યો, ત્યારે વિટોરિયાએ તેના પતિને લખ્યું કે, "આબરૂએ તમે રાજાઓ કરતાં પણ મોટા છો. આ આબરૂની વાત તમે યાદ રાખજો. જે નિષ્કલંક કીર્તિ તમે તમારી ભાવી પ્રજા માટે મૂકી જવામાં સુખ અને મગરૂરી માનો છો, તે કીર્તિ ખિતાબ અગર ભપકાથી મળશે નહિ; આબરૂથીજ મળશે."

જ્યારે થોરો મૃત્યશય્યા ઉપર હતો, ત્યારે તેના એક કાલ્વિનિસ્ટીક મિત્રે ચિંતા સાથે પૂછ્યું કે, "હેન્રિ! તમે પ્રભુ સાથે સુલેહશાંતિ કરી છે? સમાધાન કર્યું છે?" તે મરતા વિજ્ઞાનવેત્તાએ બહુ ધીમે સાદે કહ્યું કે, "મારે અને ઇશ્વરને તકરાર થઇ હોય એમ હું જાણતો નથી."

એક મહાન પ્રજાના પ્રમુખ હોવા છતાં, યુરોપનાં ઠાઠમાઠવાળાં અમીર મંડળોમાં લિંકનની ઠેકડી થતી હતી. ખ્રિસ્તી મહારાજ્યનાં સઘળાં સચિત્ર પત્રોમાં બેફવુઝના આ ગ્રેજ્યુએટના કઢંગાપણા અને ગૌરવની ન્યૂનતામાં ઉપહાસયુક્ત ચિત્ર આવતાં. રાજ્યના કાગળપત્રમાંની તેની સાદાઇથી રાજદ્વારીઓને કમકમાટ થતો અને તેના પત્રો વધારે ઢબસર લખાય તેમ તેઓ ઇચ્છતા. લિંકન માત્ર એમજ કહેતો કે, "લોકો તે પત્ર સમજી શકશે." વૉશિંગ્ટનમાં પણ, તે વાંદરા જેવો, મૂર્ખ, ગમાર અને પતંગિયા જેવો છે, એમ કહી તેનો ઉપહાસ કરવામાં આવતો. આ ત્રાસજનક અપવાદ અને ચર્ચા વાંચી તે એક વાર બોલ્યેા હતો કે, "અબ્રહામ લિંકન! તું તે માણસ છે કે કૂતરો છે?" ફ્રેડરિકસબર્ગ આગળ પાછા હઠ્યા પછી તેણે કહ્યું હતું કે, "જહ-

જમમાંથી બહાર આવેલો કોઇ માણસ જેને મારા કરતાં પણ વધારે દુઃખ થતું હોય, તો તેને માટે ખરેખર મને દિલસોજી થાય છે;” પણ સામાન્ય લોકોનાં વિશાળ હૃદયનો તાર તેની બરાબરજ વાગતો. સૂતરની યુરોપિયન મિલ્સના ગરીબ કામદાર રૂની અછત-થી લગભગ ભૂખે મરતા; પણ લિંકનનો ઘેરો તોડવા માટે તેમાંના કોઇએ પોતાની સરકારને કદી અરજ કરી નહિ.

એવો કોઇ પણ માણસ થઇ ગયો નથી, જેને માટે એમ કહી શકાય કે, “ તેનામાં એવાં સુંદર તત્ત્વોનું મિશ્રણ હતું કે, કુદરત એકદમ ખડી થઇ જઇ જગતને જણાવે કે, આજ ખરેખરો માણસ છે. ”

જે લોકો વેચાય તેવા નથી, જે માણસો પ્રમાણિક છે, જેઓ મધ્યથી પરિધ સુધી સંગીન છે, જેઓ હૃદયના સાચા છે, સોયની અણી જેમ ધ્રુવ તરફ રહે છે, તેવાંજ તેમનાં અંતઃકરણ દૃઢ છે. આકાશ તૂટી પડે અને ધરતીકંપ થાય છતાં જે માણસો સત્યની બાજુએ ઊભા રહે છે, જે માણસો સત્ય કહી શકે અને દુનિયા તથા દાનવથી ડરે નહિ, જે માણસો ગર્વ કરતા નથી તેમ ફાંફાં મારતા નથી; જે માણસો પાછા હઠતા નથી, તેમ ઢીલા પણ પડતા નથી; જે માણસો હિંમતની બૂમ મારતા નથી, છતાં હિંમતવાળા છે; જે માણસોમાં અનંત જીવનની હિંમત, શાંત, ઊંડી અને મજબૂત વહે છે; જે માણસ પોતાનો જીવનસંદેશ–કર્તવ્ય જાણે છે અને દુનિયાને જણાવે છે; જે માણસો પોતાની જગ્યા જાણે છે અને તેજ લે છે; જે માણસો પોતાનું કામ ઓળખે છે અને કરે છે; જે માણસો જૂઠું બોલતા નથી, સત્યનો ત્યાગ કરતા નથી અગર છળભેદ કરતા નથી; જેઓ કામ કરવામાં સુસ્તી બતાવતા નથી; વાસ્તવિક ગરીબી બતાવવાથી માનહાનિ થતી હોય એમ જેઓ સમજતા નથી; પોતે જે કમાતા હોય તે બાવાને અને જેને માટે પોતે પૈસા આપ્યા હોય તે પહેરવાને જેઓ રાજી છે; ભાર દઇને ના કહેવાની જેમને બીક નથી, તેમ ‘ મારાથી તે બને તેમ નથી, મારૂં તેટલું ગજું નથી ’ એમ કહેવાને જેઓ શરમાતા નથી, તેવા માણસોની દુનિયા તલાસ કરતી રહે છે એમ કહેવાય છે.

જે જમીન ઉપર મગફળી ઊગે છે, તે જમીનને તે સત્ત્વહીન કરે છે. એ સત્ય લક્ષાધિપતિઓને પણ લાગુ પડે છે. બીજા ઑલી-વનાં ઝાડ જેવા હોય છે. ઑલીવનાં ઝાડ જ્યાં ઊગે ત્યાં તે

જમીનને પણ તે ફળદ્રૂપ કરે છે. બીજા શ્રીમંત આત્મા એવા હોય છે કે જે પોતાની હાજરીમાત્રથી બીજાને સુખ કરનાર થઇ પડે છે; જેમનાં સ્મિત સર્વને સુખકારક નીવડે છે અને જેના સ્પર્શમાં ક્રાઇસ્ટની માફક ઝઝ લાવી દે તેવો મલમનો ગુણ હોય છે.

દુનિયામાં કોઈ પણ શક્તિ એવી હોય કે જે પોતાની સત્તા બીજા ઉપર પાડી શકે તો તે ચારિત્ર્ય છે. કેળવણીના સંસ્કાર ઓછા હશે, શક્તિ જૂજ હશે, કાંઇ મિલકત હશે નહિ, સમાજમાં કાંઇ પદ નહિ હોય; પણ સંગીન, ઉત્કૃષ્ટતાયુક્ત ચારિત્ર્ય હશે, તો તેનું વજન પડી શકશે, તે સન્માન મેળવી શકશે.

એમર્સન કહે છે કે, "એક સીઝર જેવા માણસનો જન્મ થાય છે અને જમાના પછી આપણે રોમન શહેનશાહત જોઇએ છીએ. બેકન માનવજાતિના વિચાર જુદીજ દિશામાં ફેરવે છે. ન્યૂટન ઈશ્વરના વિચાર જગતને સમજાવે છે. ફ્રેંકલીન કુદરતના મંદિરનાં દ્વાર ખુલ્લાં કરે છે."

એક ખરૂં કામ, એક એવો તાર ઉત્પન્ન કરે છે કે, જે આખી દુનિયામાં પ્રસરી જાય છે, સઘળી નૈતિક બુદ્ધિને તે સ્પર્શ કરે છે, દરેક દુનિયાની તે મુલાકાત લે છે, તેનાં આંદોલન જગતના સઘળા વિસ્તાર ઉપર ફેલાઇ જાય છે અને આ આંદોલનને ઈશ્વરના સાંનિધ્યમાં પણ તે પહોંચાડી દે છે.

રાતા સમુદ્ર આગળ મોઝીઝમાં, થર્મોપિલી આગળ લિયોનિડાસમાં, પૂલ આગળના હોરેશિયસમાં, લેક ઝુરિચ આગળ વિંકલરીડમાં, આર્કોલા અગર લોદ્દી આગળ નેપોલિયનમાં, મહાન લશ્કરના પાછલા ભાગનું રક્ષણ કરતા "ન"માં, નાઇલ આગળ નેલ્સનમાં, ક્વીબેક આગળ વૂલ્ફમાં, ટીકોનડરોગા આગળ એલનમાં, સારાટોગા આગળ આર્નોલ્ડમાં, યોર્કટાઉન આગળ વોશિંગ્ટનમાં, લેક એરી આગળ પેરીમાં, ન્યુ ઓર્લિયન્સ આગળ જેક્સનમાં, મિસિસિપી ઉપર ક્રેરેટમાં, વિક્સબર્ગ આગળ ગ્રેન્ટમાં, વિન્ચેસ્ટર આગળ શેરિડનમાં, અગર લડાઇ કે સુલેહમાં જેઓએ ફતેહ મેળવી હોય તેવા અનેક બીજામાં, અચેસર અગર સરદારના કરતાં વધારે મહાન સદ્‌ગુણ તમે જોયો નથી?

ચૌદમા લૂઇ રાજાએ કોલબરને પ્રશ્ન કર્યો હતો કે, "ફ્રાન્સ

જેવા મહાન અને વસ્તીથી ભરપૂર દેશ ઉપર રાજ્ય કરવા છતાં હૉલેન્ડ જેવા નાના દેશને તે કેમ જીતી શકતો નથી?" પ્રધાને જવાબ આપ્યો કે, "એક દેશની મોટાઈનો આધાર તેના મુલકના વિસ્તાર ઉપર નહિ, પણ ત્યાંની પ્રજાના ચારિત્ર્ય ઉપર રહેલો છે."

મહાન પુરુષોનું ચારિત્ર્ય એ પ્રજાનું ધન છે. શાટોબ્રિયાં કહેતો કે, "તેણે વૉશિંગ્ટનને એકજ વાર જોયો હતો, પણ તેથી તેના આખા જીવનને પ્રોત્સાહન મળ્યું હતું." એક અંગ્રેજી ચામડાં કેળવનાર જેનાં ચામડાંએ સારી નામના મેળવી હતી તે કહેતો કે, "તેણે જો કાર્લાઇલ વાંચ્યો ન હોત, તો તે ચામડું એટલું સારું બનાવી શકત નહિ." એમ કહેવામાં આવે છે કે, ફ્રેંકલીને લંડનના એક આખા કારખાનાની રીત સુધારી દીધી હતી, એરિયોસ્ટો અને ટીટીએનને પરસ્પર પ્રોત્સાહન મળ્યું હતું તથા એકબીજાની કીર્તિ તેઓએ વધારી હતી. "તમે શેને વખાણો છો, એ તમે મને કહો અને તમે કેવા માણસ છો એ હું તમને કહીશ." એક પુસ્તક અગર કલાનું કોઇ કામ, તેને ઉત્પન્ન કરનારની વૃત્તિઓ અને વિચારમાળામાં આપણને ગોઠવી દે છે. માઇકલ એન્જેલો શું મરણ પામ્યો છે? રોમનાં અમર બાંધકામ જેમણે તન્મયતાથી જોયાં છે, તેવા લાખો માણસોને તમે પૂછો કે, "કેટલાં બધાં-હજારો જીવનમાં તેનું જીવન ઊતર્યું છે? તેના જીવને અન્ય જીવન ઉપર કેટલી બધી સત્તા મેળવી છે! વૉશિંગ્ટન, ગ્રેન્ટ અને લિંકન શું મરણ પામ્યા છે? આજે જેમ તેઓ બરોબર જીવતા હોય એમ જણાય છે તેમ તેઓ પહેલાં કોઇ વધારે જીવતા, વધારે ચૈતન્યવાળા હતા? કયા અમેરિકન હૃદય અગર ગૃહમાં તેમનાં ચારિત્ર્ય નથી?"

તમારાથી બને તો મોઝિઝ વગર ઇજિપ્તનો, ડેનિયલ વગર બેબિલોનનો, ડેમોસ્થિનિસ, ફિડિયાસ સૉક્રેટિસ કે પ્લેટો વગર એથેન્સનો ખ્યાલ તમે લાવો. ઇ. સ. પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાં હાનિબાલ વગર કાર્થેજની શી કિંમત હતી? સિઝર, સિસેરો અને માર્કસ ઑરેલિયસ વગર રોમની શી કિંમત હતી? નેપોલિયન, હ્યુગો અને પેર હાયસિંથ વગર પેરિસની શી કિંમત છે? ન્યૂટન, શેકસપિયર, મિલ્ટન, પિટ્ટ, બર્ક અને ગ્લેડસ્ટન વગર ઇંગ્લેંડની શી કિંમત છે? ગેરિસન, ફિલિપ્સ, વ્હીટિયર, એમર્સન અને હોમ્સ જેવા ચારિત્ર્યયુક્ત નરો વગર બોસ્ટનની શી

કિંમત છે? પીટર, કૂપર અગર હોરેસ ગ્રીલિ વગર ન્યુયોર્કની શી કિંમત છે? સ્ટેન્ફર્ડ વગરનું કેલિફોર્નિયા અગર આર્મર, પુલમન અગર ફિલ્ડ વગર ચિકાગો શું છે? આ શહેરમાં ઓછી નામનાવાળા લાખ્ખો માણસોએ યોજના કરી છે, પરિશ્રમ ઉઠાવ્યા છે અને સેવાઓ કરી છે, તેઓએ જીવન ગાળ્યાં છે અને મરણ પામ્યા છે તથા આપણું વધારેમાં વધારે ધ્યાન ખેંચે તેવા ખરા ઇતિહાસની રચના કરી છે; પણ કેટલાંક થોડાં સ્ત્રીપુરુષના વિચાર, પ્રતિભા અને ચારિત્રથી આમાંનાં દરેક શહેરના જીવનમાં એટલો બધો ફેરફાર થયો છે કે, તેઓ તેના ઇતિહાસમાં મોટે ભાગે લાક્ષણિક દૃષ્ટાંતરૂપ થઇ ગયાં છે! પીટર ધ હર્મિટ, ગોડફ્રે ડી બુઇલ્લો અને રિચર્ડ કયોર ડી લાયન વગર ધર્મયુદ્ધમાં શો માલ હતો? ગ્લેડ્સ્ટન જેવાં થોડાંક નામ ઇંગ્લેંડના ઇતિહાસમાંથી લઈ લો અને જુઓ કે કોણ એ ઇતિહાસ વાંચે છે?

ઇટલીની અવનતિનાં સઘળાં સૈકામાં ડાન્ટેનું નામ દેશના માર્ગદર્શક સૂત્ર જેવું હતું. અનેક ગુલામોના મગજમાં સિસેરો, સીપિયો અને ગ્રેક્કીના આવેશભર્યા શબ્દોનો પ્રતિધ્વનિ થઇ રહ્યો હતો. બાયરન કહેતો કે, "ઇટેલિયનો આ સમયમાં ડાન્ટે વિષે એટલું બધું બોલે છે, એટલું બધું લખે છે અને તેને વિષે એટલા બધા વિચાર કરે છે કે તે ઉપહાસને પાત્ર પણ ગણાય; પણ તે તેઓની પ્રશંસાનેજ પાત્ર છે." અવનત થયેલું ગ્રીસ પણ તેના સુવર્ણકાલના, બુદ્ધિ, શક્તિ અને નીતિમાં અસાધારણ એવા મહાન પુરુષોની અસરથી મુક્ત નથી. **અરેખર મહાન પુરુષો આખી દુનિયામાં, વિચાર અને લાગણીના પ્રદેશમાં, તેઓ જીવતા હતા તેના કરતાં પણ વધારે બળવાન સત્તા ધરાવે છે.** આપણા માનસિક બંધારણની રચના, આવી રીતે મૃત્યુ પામેલા મનુષ્યોની તેમજ જેમની સાથે હાલ આપણે સમાગમમાં આવીએ છીએ તેમની એકઠી અસરથી થાય છે. પોતાની માન્યતા માટે પોતાનો પ્રાણ અર્પણ કરનાર મનુષ્યો જેમના ઉપર ગુજરેલા જુલમનાં દુઃખમાં આપણે સહાનુભૂતિ સાથે ભાગ લઈએ છીએ તેથી આપણે ઉન્નત થઈએ છીએ. એમના આત્મસમર્પણથી આપણી માન્યતાઓ વિશુદ્ધ બને છે. સમાન પરિસ્થિતિમાં આપણી ભાવનાઓથી આપણને જે કાર્ય કરવાની લાગણી થાય છે, તેવાંજ કાર્ય આપણાથી બને છે. "જેની તલવાર અગર અવાજે

મનુષ્યજાતિની સેવા બજાવી છે, તેની રાખ પવનમાં ફેંકો. જેના કીર્તિમાન વિચારો તને ઉન્નતિના શિખરે લઇ જાય છે તેને મૃત્યુ પામેલો ગણી શકાય ? જે માણસોને આપણે છોડી જઇએ છીએ તેમના હૃદયમાં રહેવું તે મરણ પામવું નથી.”

જે દરેક વિચાર આપણા મગજમાં દાખલ થાય છે, જે દરેક શબ્દ આપણે બોલીએ છીએ અને જે દરેક કાર્ય આપણે કરીએ છીએ, તે દરેક આપણા જીવનના અંદરમાંના અંદરના તંતુ ઉપર પોતાની છાપ મૂકે છે અને આ છાપને પરિણામે આપણું ચારિત્ર ઘડાય છે.

ઉચ્ચ ચારિત્ર માટે સંગીતનો કે લલિત કળાઓનો અભ્યાસ જરૂરનો નથી; કેમકે વિદ્યાકળામાં જેઓ વધારેમાં વધારે પરિપૂર્ણ હોય છે, તેઓ ઘણી વાર બરાબરમાં બરાબર સ્ત્રીપુરુષો નીવડે છે. બરેબર, પુસ્તકોના કીડા જેમનું જીવન પુસ્તકોમાંજ હોય છે, કલાવિદ જેઓનું જીવન કલામાંજ ઓતપ્રોત રહે છે, તેઓ સામાન્ય રીતે નિર્બળ હોય છે. સૃષ્ટિના કર્તાએ જેમ કેનને કલંકિત કર્યો હતો, તેવીજ રીતે હલકાં અને હેતુ વગરનાં જીવન, ચારિત્ર ઉપર પોતાની અસર મૂકે છે. એથી ઊલટું, કેટલાંક માણસો એવાં હોય છે કે, જેમના પર મહોલ્લાનાં કૂતરાં પણ વિશ્વાસ રાખે છે. ચારિત્ર એ બળ છે.

કલાવિદ બર્ડે રજૂ કરેલા એક વખાણવા લાયક ચિત્રને એકેડેમીમાં લટકાવવાની જગ્યા મળતી નહોતી. બર્ડે તે રજૂ કર્યું ત્યારે ટર્નર એકેડેમીની હેંગિંગ કમિટી (ચિત્રો લટકાવવાને લગતી કમિટી) માં હતો; પણ વારંવાર એમ થતું કે તે લટકાવવા માટે સગવડ થઇ શકતી નહોતી. પછી ટર્નરે પોતાનુંજ એક વહાલું ચિત્ર ઉતારી, તેની જગ્યાએ બર્ડનું ચિત્ર ગોઠવ્યું.

એમોસ લોરેન્સ હિસાબ કરતાં બાકી રહેતો અર્ધો સેન્ટ અને વેતરતાં વધેલો પા વાર પોતાના ગ્રાહકને આપતો. આ બાબત જૂજ હતી, પણ તેથી તેનું ચારિત્ર જણાઇ આવતું.

કેટલાંક જંતુ એવાં હોય છે કે, જે જે પાંદડાં અને વેલા ઉપર તેમનો નિભાવ થાય છે, તેમનો રંગ ગ્રહણ કરે છે. આપણે પણ તે જંતુ જેવા છીએ, કારણકે આપણાં હૃદયમાં રહેનાર જંતુઓની માફક આપણે પણ આપણો માનસિક ખોરાક જેવા પ્રકારનો

હોય છે, તેવાજ પ્રકારના વહેલામોડા બની જઇએ છીએ. આપણી જિંદગીનું દરેક કામ, દરેક શબ્દ, દરેક સમાગમ, આપણા જીવનની રચનાની અંદર લોખંડી કલમથી લખાય છે. નષ્ટ કરવામાં આવેલી તકો, ખરચી નાખેલાં બળ, ગુમાવેલો વખત, એ સઘળાંનાં ભૂત હમેશાં આપણી આગળ આવીને ખડાં થાય છે, આપણને ઠપકો આપે છે અને કદી અંતર્ધાન થતાં નથી. સમાનમાંથી સમાન ઉત્પન્ન થાય છે. ઓકના બીથી કાંઇ ઉત્પન્ન થાય તો ઓકજ ઉત્પન્ન થાય છે. એકજ જાતનાં પક્ષી એક સ્થળે એકઠાં થાય છે. સમાન વસ્તુઓને પરસ્પર કાંઇક આકર્ષક સંબંધ હોય છે તેથી તેઓ નિઃસંશય એકઠાં થાય છે. આ ઐક્યમાં તેમના પોતાનાજ ગુણનો વિનિમય તેઓ કરી શકે છે અને બીજા કશાનો કરી શકતાં નથી અને તે જુદી રીતે કરી શકેજ નહિ. આ શિક્ષણ મેળવવું કેટલું મુશ્કેલ છે?

સારાની સાથેનો સમાગમ સારૂંજ ઉત્પન્ન કરી શકે અને ખોટાનો સમાગમ ખોટુંજ ઉત્પન્ન કરી શકે. આપણો સમાગમ ગમે તેવો અંધાઈ ભરેલો, ગમે તેવો ગુમ હોય, આપણા સંસ્કાર ગમે તેવા અંધકારમાં પડ્યા હોય, પણ તેમની મૂર્તિ વહેલી અગર મોડી આપણા ચહેરા અને આપણા વર્તનમાં જણાઇ આવશેજ. હૃદયની મૂર્તિઓ આપણી આંખમાંથી ડોકિયાં કરે છે, આપણી રીતભાતમાં તે જણાઇ આવે છે અને તેમના પૂજકોને ઉઘાડા કરી આપે છે. આપણા સોબતી, આપણાં પ્રેમપાત્ર આપણાં તિરસ્કારપાત્ર, આપણા પ્રયત્નો, આપણી ફતેહો, આપણી હાર, આપણા દુરાચાર, આપણી આકાંક્ષાઓ, આપણા પ્રપંચ, પ્રમાણિકતા, અપ્રમાણિકતા—સઘળાં, આપણા આત્માની બારી ઉપર ન ભૂંસાય તેવા હસ્તાક્ષર મૂકે છે અને તે જગત આગળ પ્રકટ થાય છે. કાળાં હૃદય આપણા મોં ઉપર કાળી છાયા નાખે છે. આપણી ગમે તેવી ઇચ્છાશક્તિ પણ આ છાયાને હઠાવી શકતી નથી. ભ્રષ્ટ જીવનવાળા એક માણસના ચહેરા ઉપર કેવા દેખાવ પસાર થાય છે! દારૂની દુકાનો, નામોશીભરેલાં કામ કરવાના અખાડા, ભ્રષ્ટ, કંગાળ માણસો, બગાડેલા સોબતીઓ, કંટાળો આપે તેવા દેખાવ, વિષયની માગણી અને તેની ના, ફતેહ મેળવવાના પ્રયત્નો, ભાગી પડેલા નિશ્ચયો અને ઇન્દ્ર સાથે થયેલા પરાજય જુઓ; પણ જેમણે પોતાની સુધારણાના પ્રયત્નો કરવા માટે

લાલચને દૂર કરી છે અને પોતાની શક્તિઓને તરબિત આપી છે, તેમના ચહેરા ઉપર કેવો પ્રકાશ, કેવી કીર્તિ જણાઇ આવે છે!

અસભ્ય, અવિનીત એવા અનેક માણસો જ્યાં વાતચીત કરતા હોય અને તેવી વાર્તાઓ કહેતા હોય, તેવા એક ઓરડામાં કોઇ પવિત્ર અને ઉમદા ખવાસની સ્ત્રીને પેસતાં જે સ્થિતિ થાય છે તે તમે જોઇ છે? તે મંડળનું આખું સ્વરૂપ, તેનો સઘળો ઢોળ ફરી જાય છે. ત્યાંનું વાતાવરણજ પવિત્ર બની જાય છે. આખા મંડળમાં ફેરફાર થઇ જાય છે. આવી એક સ્ત્રી આખા પડોશમાં ફેરફાર કરી નાખે છે, એમ આપણે જોઇએ છીએ. તેથી ઊલટું એક ખરાબ સ્ત્રી કેટલીક વાર એક સો યુવકોને ખરાબ કરે છે.

એક મહાન પુરુષની મહત્તા જાણવા માટે તેની ઓળખાણ કરવાની જરૂર રહેતી નથી. એક શરદીવાળા દિવસે તમે કોઇ ખુશમિજાજી માણસને મળો, તો પારો કેટલાક અંશ આગળ વધતો હોય એમ તમને લાગે છે.

આપણી રીતભાત, આપણું બહારનું સ્વરૂપ, આપણી હાજરી, આપણા જીવનનો વૃત્તાંત, આપણે ન બોલીએ તોપણ કહી આપે છે. દરેક કાર્યની અસર જગતના દરેક ભાગમાં થાય છે. જે જે માણસ થઇ ગયા છે, તે હું હાલ જે સ્થિતિમાં છું, એ સ્થિતિએ મને આણવામાં કાંઇ ને કાંઇ મદદગાર થઇ પડ્યા છે. સમાજના દરેક સભ્યનો રંદો મારા જીવનના આ રસને લાગ્યો છે, મારા જીવનના ભાવી ઉપર તેની અસર થઇ છે.

જે મને મારી પરિસ્થિતિમાંથી મુક્ત કરે છે, જે મારી જીભ છૂટી કરે છે અને જે ભાવીના દરવાજા ખુલ્લા કરે છે, તે મારે મન તો મોટામાં મોટો માણસ છે. મારી ખામીવાળી આંખને તે દૂર-દર્શક કાચ સમાન છે. તે વડે હું વધારે પ્રકાશ સાથે ચીજો જોઇ શકું છું, મારી દૃષ્ટિમર્યાદા વિશાળ બને છે, મારા ભાવીનો વિસ્તાર થાય છે, વધેલા બળના જ્ઞાન સાથે મારા જ્ઞાનતંતુમાં ઉલ્લાસ આવે છે. બીજા આત્માના આકર્ષક પ્રવાહનાં આંદોલનથી મારું શરીર, મારું હૃદય ભરપૂર બને છે. ગુસ્સાથી ગુસ્સો અને તિરસ્કારથી તિરસ્કાર ઉત્પન્ન થાય છે. આવેશો ચેપી હોય છે. એક્ટરો પોતેજ આપણને કહે છે કે, "જ્યારે તેઓને ગંભીર નહિ એવા આનંદયુક્ત પાઠ ભજવવાના હોય છે, ત્યારે જે ભાગ તેઓને ભજવવાના હોય છે તે તરફ પોતાની કાંઇ પણ સહાનુભૂતિ

વગર ઉદ્વેગમય હૃદય અને ચિંતાગ્રસ્ત વૃત્તિઓ સહિત તેઓ રંગભૂમિ ઉપર આવે છે.”

છતાં સંગતિનો નિયમ એવો શક્તિમાન છે કે, તેઓ તે પાત્રનો વેશ ધારણ કરે છે કે તરતજ જે લાગણીઓ અમુક પાત્રની હોવી જોઇએ તે તેમનામાં આવે છે. દરેક વસ્તુ પોતાને ફરી ઉત્પન્ન કરી શકે છે અને તેમ કર્યા વગર છૂટકો નથી. એક બેસૂરા વાદ્યથી સુંદરમાં સુંદર સંગીતની એકતા તૂટે છે અને એક તોફાની પુરુષ અગર સ્ત્રી એક શહેરની શાંતિનો ભંગ કરે છે.

એમર્સન કહે છે કે, “ચારિત્ર્ય કોઈ દિવસ અજાણ્યું રહેતું નથી, ચોરીથી પૈસાદાર થવાતું નથી, સખાવતથી ગરીબી આવતી નથી. પથ્થરની દીવાલ ફોડીને પણ ખૂન બહાર નીકળી આવશે.” **જૂઠનું થોડું પણ ભેળાણ, દાખલા તરીકે મિથ્યાભિમાનનો સ્પર્શ, સારી અસર કરવાનો-ઠીક દેખાવાનો થોડો પણ પ્રયાસ-તેથી તરતજ પરિણામ ઉપર ખોટી અસર થશે;** પણ સાચું બોલશો તો તમામ કુદરત અને સઘળાં પ્રાણીઓ નહિ ધારેલા વિસ્તારમાં તમને સહાય થશે.

ગરીબ માણસની થાપણ—ચારિત્ર છે.

સ્ટીવન્સનની પેઠે તમે પણ એમ માનો કે, દરેક માણસમાં પોતામાં અજ્ઞાત શક્યતાનો એક મહાન પ્રદેશ રહેલો છે. પોતાના આત્માનું સંશોધન જે કોલંબસની માફક કરે છે તે સુખી થઇ શકે છે.

હ્યૂથર કહે છે કે, “કોઇ પણ દેશની આબાદીનો આધાર તેની મોટી મહેસૂલ ઉપર, તેના કિલ્લાના બળ ઉપર કે તેના જાહેર મકાનોના સૌંદર્ય ઉપર નથી; પણ તેનો આધાર તેના કેળવાયલા નાગરિકોની સંખ્યા ઉપર—કેળવણી, સારા સંસ્કાર અને ચારિત્રવાળાં તેનાં માણસો ઉપર રહેલો છે. તેનું ખરૂં બળ—તેની ખરી સત્તા તેમાં રહેલી છે.”

“કબરો માટે જે જમીન પૂરતી ઊંડી છે, મોજાં ઉત્પન્ન કરવા જેટલો જે ઝરો બળવાન છે તે, જેની સપાટી હમેશાં બદલાતી રહી જેમાં કોઇ ફૂળ અગર નકામા છોડવાનું બી પણ ટકતું નથી, તેવાં ગમે તે રસ્તે જતાં, છૂટા, રેતાળ વહેળિયાં કરતાં વધારે સારાં છે.”

૧૭—ચોકસાઇ ઉપર પ્રીતિ

"ચોકસાઇ એ પ્રમાણિકતાની જોડિયા બહેન છે."

—સિ. સિમન્સ

"મહેનત કરવાની અનંત કલામાં પ્રતિભા આવી રહે છે."

—કાર્લાઇલ

"આ પુસ્તકમાં એક પણ દોષ નથી." —કુરાન

"અર્ધા દિલથી થયેલી ચીજને હું ધિક્કારું છું. જો તે બાબત ખરી હોય તો તે પૂરા મનથી અને બહાદુરીથી કરો અને તે ખોટી હોય તો બિલકુલ તે કરોજ નહિ." —ગિલ્પીન

"એક ચીજ પૂરી રીતે અને બરાબર રીતે કરવા ઉપરજ તે સારી થવાનો આધાર રહે છે." —એક ઈરાની કહેવત

"જો હું જોડા સાંધનાર મોચી હોઉં તો સારામાં સારો મોચી થવામાં હું મગરૂરી માનું; જો હું કલાઈગર હોઉં તો હું એક કીટલી દુરસ્ત કરી શકું તેવી સારી રીતે બીજો કોઇ પણ કરી શકે નહિ." —એક જૂનું ગીત

"જો કોઇ પણ માણસ બીજા સો કરતાં એક વધારે સારૂં પુસ્તક લખી શકે, વધારે સારો ઉપદેશ આપે, અગર તો પોતાના પડોશી કરતાં વધારે સારૂં ઉંદરિયું બનાવી શકે, તો ભલેને તે પોતાનું મકાન જંગલમાં બાંધે, તોપણ જગત તેનું આગણું તોડી નાખશે."

—એમર્સન

"તમારા મિત્રોમાં અગર દુશ્મનોમાં, ખ્રિસ્તી અગર મૂર્તિ-પૂજકોની ભૂમિમાં, જ્યાં જ્યાં માલૂમ પડે ત્યાં ત્યાંથી સત્ય ગ્રહણ કરો; પુષ્પ જ્યાં જ્યાં ઊગે છે ત્યાં ત્યાં તે દિવ્ય જણાય છે." —વોલ્ટ્સ

"આ ઘડિયાળ બરોબર વખત આપશે કે?" એવા એક ગ્રાહકના પ્રશ્નનો ઉત્તર આપતાં લંડનના જ્યૉર્જ ગ્રેહામે કહ્યું કે, "ભાઇ! તે ઘડિયાળ મેં તૈયાર કર્યું છે અને તેનો વખત મેં મેળવી જોયો છે. દિલ ચાહ્યા ત્યાં તમે તે ઘડિયાળ લઇ જાઓ.

"સાત વર્ષે પણ તમે મને મળવા આવશો અને એમ કહેશો કે, પાંચ મિનિટનો પણ ફેર પડ્યો છે, તો હું તમારા પૈસા તમને પાછા આપીશ." સાત વર્ષ પછી હિંદુસ્તાનથી તે ગૃહસ્થ પાછો ફર્યો. તેણે કહ્યું: "હું તમારું ઘડિયાળ પાછું લાવ્યો છું."

ગ્રેહામે કહ્યું: "આપણી શરતો મને યાદ છે. મને તે ઘડિયાળ જોવા દો. વારૂ કહો, તમારી શી ફરિયાદ છે?" તે માણસે કહ્યું: "કેમ, મારી પાસે તે સાત વર્ષ રહ્યું છે અને તેટલા વખતમાં પાંચ મિનિટ કરતાં વધારે તફાવત પડ્યો છે." "એમ હોય તો હું તમારા પૈસા પાછા આપું છું." તે માણસે કહ્યું: "તે ઘડિયાળથી દસગણું દામ મને આપવામાં આવે, તોપણ હું તે ઘડિયાળ છોડીશ નહિ." ગ્રેહામે જવાબ દીધો: "કોઇ પણ ચીજ માટે હું મારા વચનનો ભંગ કરીશ નહિ." તેણે પૈસા આપ્યા અને ઘડિયાળ લઇ લીધું, પછી તેનો તેણે વખત મેળવવાના ઘડિયાળ તરીકે ઉપયોગ કર્યો.

ઘડિયાળ ઉપર ટેમ્પિયનનું નામ એ તેની ઉત્કૃષ્ટતાની નિશ્ચિત સાબિતી ગણાતી. દુનિયામાં નહિ તો લંડનમાં સારામાં સારા મનાતા યાંત્રિક આ ટેમ્પિયનની પાસેથીજ ગ્રેહામ પોતાનો ધંધો શીખ્યો હતો. ચારિત્ર્ય એ શક્તિ છે. એક ઘડિયાળ જેના ઉપર પોતાનું નામ ખોટી રીતે પાડવામાં આવ્યું હતું, તે ઘડિયાળ દુરસ્ત કરવા એક માણસે ટેમ્પિયનને કહ્યું, ત્યારે તેણે તે એક હથોડાથી ભાંગી નાખ્યું અને તે આશ્ચર્ય પામેલા ગ્રાહકને પોતાનું એક સારામાં સારૂં ઘડિઆળ આપી તેણે કહ્યું: "લો, આ મારૂં પોતાની બનાવટનું ઘડિયાળ." ગ્રેહામે પારાનું કોમ્પેન્સેટિંગ (સમતોલ રાખનાર) લોલક, ઘડિયાળની ચાલ બરાબર રાખનાર સ્થિરયંત્ર અને ગ્રહગતિસૂચક યંત્રની શોધ કરી છે. તેમાંની એક શોધમાં ઘણો સુધારો હજુ પણ થયો નથી. ગ્રીનિચની વેધશાળા માટે તેણે જે ઘડિયાળ બનાવ્યું છે, તે દોઢસો વર્ષથી ચાલે છે; પણ પંદર મહિનામાં એકજ વાર તેનો વખત

મેળવવો પડે છે. તેમના કામની ચોકસાઇને લીધેજ ટેમ્પિયન અને ગ્રેહામને વેસ્ટમિન્સ્ટર એબેમાં જગ્યા મળી છે.

સહીસલામતીને ખાતર પોતે, ઉત્તર અગર દક્ષિણે, ભૂમધ્ય રેષાથી કેટલો દૂર છે, અગર તો ગ્રીનિચ, પેરિસ અગર વૉશિંગ્ટન જેવા કોઇ જાણીતા સ્થળથી તે કેટલો દૂર છે તે નાવિકે જાણવું જોઇએ. ને તેની પાસે બરોબર ખરું ઘડિયાળ હોય તો જ્યારે સૂર્ય પ્રકાશતો હોય, ત્યારે તેને આ બાબતની બરી ખાતરી મળે; પણ આવી વસ્તુ કોઇ દિવસ બની નથી. રેખાંશ નક્કી કરવાની લગભગ બરી રીત માટે સોળમા સૈકામાં સ્પેને એક હજાર ક્રાઉનનું ઇનામ જાહેર કર્યું હતું. સ્વદેશ છ મહિનાથી છોડી ગયેલું વહાણ ૬૦ માઇલની અંદર રેખાંશ મેળવી શકે એવા કાળમાપક યંત્ર માટે, અંગ્રેજ સરકારે ૫૦૦૦ પાઉંડ, ૩૦ માઇલની અંદર તે મેળવવા માટે ૧૦,૦૦૦ પાઉંડ અને એક બીજા ફરમાનમાં ભૂલથી ફેરી જણાવવામાં આવ્યું હતું કે, ૩૦ માઇલની અંદર બરો રેખાંશ મેળવવા માટે ૨૦,૦૦૦ પાઉંડનું ઇનામ જાહેર કર્યું હતું. દુનિયાના ઘડિયાળ બનાવનારા ઇનામો માટે સ્પર્ધામાં ઊતર્યા. ૧૭૬૧ ની સાલ આવી; પણ તેમને ઇનામ મળ્યાં નહિ. આ વર્ષમાં જૉન હેરિસને પોતાના કાળમાપક યંત્રની તપાસ લેવા માટે કહ્યું. પોર્ટસ્મથથી જેમેકા અને જેમેકાથી પોર્ટસ્મથના ૧૪૭ દિવસના પ્રવાસમાં, તેમાં બે મિનિટ કરતાં પણ ઓછો ફેરફાર પડ્યો. જે માણસે ૪૦ વર્ષ સુધી કામ કર્યું હતું અને અખતરા કર્યા હતા તથા જેનો હાથ તેની હિલચાલમાં તેના યંત્રના સાંચાકામ જેટલોજ પૂરતી રીતે નાજુક હતો, તેને ૨૦,૦૦૦ પાઉંડ આપવામાં આવ્યા.

રેલવેની પહેલવહેલી સડક બંધાઇ તે પહેલાં ન્યુયોર્કના એક ગામડાના લુહારને એક સુતારે કહ્યું કે, "તમને આવડતી હોય તેવી સારામાં સારી હથોડી મારે માટે તમે બનાવો. નવા દેવળ ઉપર કામ કરવા અમે છ જણ આવ્યા છીએ અને હું મારી હથોડી ઘેર ભૂલી આવ્યો છું. ડેવીડ મેડોલે શંકાથી પૂછ્યું: "મને આવડે તેવી સારામાં સારી? પણ મને આવડે તેવી સારામાં સારી હથોડી માટે તમે પૂરતા પૈસા આપવા માગતા નહિ હો તેનું શું?" તે સુતારે કહ્યું કે, "હું પૂરતા પૈસા આપીશ, મારે સારી હથોડી જોઇએ."

તૈયાર કરીને તેને જે હથોડી આપવામાં આવી, તે ખરેખર સારી અને કદાચ સારામાં સારી હતી. હમેશના કરતાં, હથોડીનું મોં લાંબું રાખી, ડેવીડે તેનો હાથો એવો સજ્જડ બેસાડ્યો હતો કે, તે કદી નીકળી ન જાય. સુતારની નજરમાં આ એક અદ્‌ભુત શોધ હતી. તેણે આ હથોડીની પોતાના સાથીઓ આગળ પ્રશંસા કરી. તેઓ બધાજ બીજે દિવસે તે દુકાને આવ્યા અને તેવીજ હથોડીની માગણી તેઓએ કરી. કૉન્ટ્રેક્ટરે જ્યારે તે હથિયાર જોયાં, ત્યારે તેણે પોતાને માટે બે મંગાવ્યાં અને પોતાનાં માણસો માટે જે બનાવવામાં આવે, તેના કરતાં થોડી વધારે સારી બનાવવામાં આવે એવી માગણી કરી. મેડોલે કહ્યું કે, "હું એથી વધારે સારી બનાવી નહિ શકું. જ્યારે હું કોઇ પણ ચીજ બનાવું છું, ત્યારે તે ગમે તેને માટે બનાવવાની હોય, પણ મારાથી બને તેટલી સારીજ તે બનાવું છું."

મેડોલની પહેલી કારકિર્દીમાં કદી નહિ બનેલું તેમ સ્ટોરકીપરે બે ડઝન હથોડીઓનો ઑર્ડર આપ્યો. એ પછી ન્યુયોર્કનો એક વેપારી પોતાનો સરસામાન વેચવાને તે ગામ આવ્યો હતો અને તે સ્ટોરકીપરની પાસે જેટલી હથોડીઓ હતી તે તેણે ખરીદી લીધી તથા તે લુહાર બનાવી શકે તેટલી બનાવવાને ચાલુ ઑર્ડર આપ્યો. છેલ્લા ઘોરણથી બનાવેલા માલથી ડેવીડ ઘણો પૈસાદાર થાત, પરંતુ તેની લાંબી અને ફતેહમંદ જિંદગીમાં ઝીણામાં ઝીણી બાબતમાં પણ પોતાની હથોડીઓ પરિપૂર્ણતાની દશામાં આણવા માટે, આગળ અભ્યાસ કરવાનું તેણે બંધ કર્યું નહિ. ઉત્કૃષ્ટતાની બહારની ખાતરી આપ્યા સિવાય તે હમેશાં વેચવામાં આવતી. તેના માથા ઉપર છાપવામાં આવેલું મેડોલનું નામ જગતમાં બનતા સારામાં સારા માલની દરેક ઠેકાણે ખાતરી આપનાર ગણાતું. ચારિત્ર્ય એ બળ છે અને દુનિયામાં તે સારામાં સારી જાહેરબબર છે.

આ વાત કહેનાર મરહૂમ જેમ્સ પાર્ટનને તેણે એક દિવસે કહ્યું: "હા, આ નાના ગામમાં મેં અઠ્ઠાવીસ વર્ષ સુધી હથોડીઓ બનાવી છે." તે મહાન ઇતિહાસકારે ઉત્તર આપ્યો: "એમ હોય તો તો હવે તમે કાંઇક સારી હથોડી બનાવી શકતા હશો."

જવાબ મળ્યો: "ના, કાંઇક સારી હથોડી હું બનાવી શકતો નથી. બનાવવામાં આવતી હથોડીઓમાં હું તો સારામાં સારી

બનાવું છું. સંપૂર્ણ રીતે સરસ એવી હથોડી બનાવવી એટલીજ કાળજી મને છે. લોકોને જોઇએ તેટલી હથોડીઓ હું બનાવું છું, વધારે બનાવતો નથી અને હું તે કાંઇક ઠીક કિંમતથીજ વેચું છું. તેની જે વાજબી કિંમત છે તે આપવાની લોકોને મરજી ન હોય, તો બીજે ઠેકાણેથી સસ્તી હથોડીઓ ખરીદવાની તેમને છૂટ છે. મારી જરૂરિયાતો એટલી ઓછી છે કે, હથોડીઓ બનાવવાનો મેં વિચાર કર્યો તે પહેલાં એટલે ૪૦ વર્ષ પહેલાં, લુહારની જે દુકાને હું કામ કરતો ત્યાંજ પાછો ગમે તે વખતે પણ જવાને હું તૈયાર છું. તે વખતે મારી ધમણ ચલાવવાને એક છોકરો હતો. જ્યારે હાલ મારી પાસે ૧૧૫ માણસ છે. જેમ તમારો રસોઇયો ચૂલે ચડાવેલી રસોઇ પર તપાસ રાખે છે, તેમ કોલસાની ભઠ્ઠી ઉપર મુકાયલા હથોડીના માથાની તપાસ રાખતા તમે તેમને જુઓ છો ? લોખંડના એક કકડામાંથી દરેક માથું કાપી કાઢવામાં આવે છે, એક અનુભવી માણસની દેખરેખ નીચે તેને પાણી પાવામાં આવે છે. દરેક હાથાને ત્રણ વર્ષ સુધી, કરચોળી ન રહે, ત્યાંસુધી રસવામાં આવે છે. એક વખત મેં ધાર્યું કે, હથોડીઓ બનાવવામાં હું સાંચાકામનો ઉપયોગ કરૂં; પણ હું જાણું છું કે એક સંપૂર્ણ ઓજાર–સારામાં સારૂં ઓજાર–સાંચાકામથી બની શકે નહિ, માટે કામનો દરેક ભાગ હાથથી કરવામાં આવે છે.”

પાર્ટન કહે છે કે, “ આ વાત કહેવામાં મેં એક હુન્નર વાત કહી છે. હથોડી એ નામ એ વાર્તામાંથી લઇ લો અને તેની જગાએ સરેશ મૂકો તો પીટર કૂપરનો વૃત્તાંત તમારી આગળ રજૂ થશે. બીજા શબ્દોમાં વૃત્તાંત મૂકવાથી જે કાંઇ મોટા ધંધા ૩૦ વર્ષ ચાલ્યા છે, તેનો ખરો વૃત્તાંત તમારી આગળ રજૂ થશે.”

જોન્સ્ટનમાં ૭૦૦૦ માણસોને કામે લગાડનાર કેમ્બ્રિયા આયર્ન વર્ક્સનો મેનેજર ડેનિયલ જે. મોરિલ કહેતો કે, “ અમારે કાંઇ છાની વાત નથી. રેલના છેલ્લામાં છેલ્લા સમૂહને અમે ટીપીએ છીએ. આજ અમારૂં રહસ્ય છે અને તે ગમે તે જાણે તેની ફિકર નથી.”

રૂને લગતા એક સાંચાકામની ભારે કિંમત વિષે એક ગ્રાહક બબડતો હતો. તેને નોર્થબ્રીજના જોન સી. વ્હીટીને કહ્યું હતું કે, “ હું કેવું સસ્તું યંત્ર ઉત્પન્ન કરૂં છું તે જોવાને હું કોશિશ કરતો નથી; પણ હું કેવું સારૂં યંત્ર ઉત્પન્ન કરૂં છું તે જોવાને હું કોશિશ

કરૂં છું.” આનો અર્થ શું થતો હતો તે ધંધાદારી માણસોએ જાણ્યું અને કોઈ પણ સાંચાકામ વેચવાની જાહેરખબર આપવાવાનો કાંઇ પ્રસંગ આવતો તો ન્યુઇંગ્લેંડના માલ બનાવનાર, અમુક સાંચાકામ કેટલા વખતથી વપરાય છે તે બતાવતા; તેમજ નૉર્થપ્રીજમાં અમુક માલ બન્યો છે, તેની પૂરી ખાતરી માટે “વ્હીટીન મેક” એવું ઉમેરતા. તમારા કામમાં તમે ચારિત્ર દાખલ કરો, એટલે તેનો તમને જરૂર બદલો મળશે.

જોસેફ હેન્રી જ્યારે યુવાન હતો, ત્યારે “મારી મોટામાં મોટી ઇચ્છા વિજ્ઞાનના ઉસ્તાદ હોવાની લાયકી તથા આબરૂ મેળવવાની છે” એમ તેણે એક સ્થળે લખ્યું છે. આ પ્રમાણે પોતાની ઇચ્છાઓને અનુસરવાના સ્વાભાવિક પરિણામ તરીકે કેટલાંક વર્ષ પછી જ્યારે તેનું નામ વિજ્ઞાનના દરેક વિભાગમાં સન્માનપાત્ર ગણાવા લાગ્યું, ત્યારે તે કહેતો કે, “સન્માન અને જવાબદારીવાળી જુદી જુદી જે નવ પદવીઓ હું ધારણ કરૂં છું, તે મારા ઉપર નાખવામાં આવી છે. મેં મારી પોતાની મરજી અને કાર્યથી ઉમેદવારી કરી એકે જગા લીધી નથી.”

એક યુવકે પોતાની વીસ વર્ષથી પણ ઓછી ઉંમરે બનાવેલા સંગેમરમરના એક પૂતળાનાં વખાણ કરતાં શિલ્પવિદ્યાવિશારદ એચ કે. બ્રાઉને એક બાઇને કહ્યું કે, “મહેરબાન બાનુ! આ છોકરામાં કાંઇક છે.” ઘણાં વર્ષ પહેલાં બ્રૂકલિનમાં વૉર્ડ કુટુંબ માટે કામ કરનાર આઇરીશમેનની તે આકૃતિ હતી. આ આકૃતિમાં તે માણસની મુખમુદ્રા અને દેખાવ બારીકીથી આબેહૂબ રીતે આપવામાં આવ્યાં હતાં; એટલુંજ નહિ પણ તેના સુરવાળનાં થીગડાં, કોટમાંનું કાણું અને તેની રટવની નળી જેવી સાંકડી કિનારની ટોપી ઉપરના આંકા પણ આપવામાં આવ્યા હતા. હડસન નદી ઉપર આવેલા ન્યુબર્ગમાં રહેતી એક સ્ત્રીના ઘરમાં બ્રાઉને આ પૂતળું જોયું હતું. ૬ વર્ષ પછી તેણે તે બાઇના ભાઇ જે. ક્યુ. એ. વૉર્ડને પોતાના ચિત્રકળાના ગૃહમાં શિષ્ય થવા માટે બોલાવ્યો. આજે વૉર્ડનું નામ સઘળા અમેરિકન શિલ્પીઓમાં વધારે અગ્રસ્થાને ગણાય છે.

એક ગામડિયાએ કહ્યું કે, “કોતરકામ જગતમાં સહેલામાં સહેલી બાબત છે. આરસનો એક કકડો, એક હથોડી અને રંદો લેવો, તમારે શું કરવાનું છે તે ધ્યાનમાં રાખવું અને તે આરસ-

માંથી જે નકામું હોય, તે તમારે છોલી નાખવું."

ચિત્રકલાનો નમૂનો જોનાર એક સજ્જને પ્રશ્ન કર્યો કે, "કોની પાસેથી, શા ઉપરથી, અમુક કારીગરે તે માથું ચીતર્યું?" "બાઇ સાહેબ! તમારા સેવક પાસેથી હુંજ બધાને માથાનો નમૂનો પૂરો પાડું છું." "ત્યારે તમે તેને બહુ ઉપયોગી થઇ પડતા હશો?"

"હા, બાઇસાહેબ! હું તેનાં ક્રેમો (ચોકઠાં) મગાવી આપું છું. હું તેનું ચિત્રપટ પાથરૂં છું, તેની પીંછીઓ ઘોઉં છું, તેની પાટી હું ગોઠવું છું અને તેને રંગ મેળવી આપું છું; તેને જે કરવાનું રહે છે તે તો કામ આગળ ધકેલવાનુંજ છે."

ક્રૉમ્વેલની છબી ચીતરનારને એમ લાગેલું કે, "તેના મોં ઉપરનો તલ હું નહિ ચીતરૂં તો તે ખુશ થશે." પરંતુ ક્રૉમ્વેલે તેને કહ્યું કે, "હું જેવો છું તેવોજ મસા સાથે મને ચીતરવો."

વિવાદની ગરમાગરમીમાં આમની સભાના એક સભાસદે બીજા સભાસદને કહ્યું કે, "મારા બાપનાં બૂટને તમે બ્લેકિંગ લગાવતા હતા તે સમય મને સાંભરે છે." તરતજ જવાબ મળ્યો કે, "પણ બ્લેકિંગનું કામ હું સારૂં કરતો નહોતો?"

એક વૃદ્ધ બાઇએ કહ્યું કે, "સારી ગળી કરી, તે કહેવું સહેલું છે. થોડીક લઇને તે પાણીમાં નાખવી અને તે જો સારી હશે તો તે તરશે અગર ડૂબશે. શું થશે તેની મને બાતરી નથી; પણ તેની ફિકર કરતા નહિ. તમે જાતે તેની અજમાયશ કરજો." કેવું અચોક્કસપણું!

વેલિંગ્ટનને જ્યારે બહેરાશ આવી, ત્યારે તેણે એક પ્રખ્યાત તબીબની સલાહ લીધી. તેણે તેના કાનમાં "કાસ્ટિક" નાખ્યું અને તેથી તેની જિંદગી પણ જોખમમાં આવી પડે તેવો સોજો થઇ આવ્યો. ડૉક્ટરે માફી માગી, બારે દિલગીરી બતાવી અને કહ્યું કે, "આ ભૂલથી મારી મોટી બરાબી થશે." વેલિંગ્ટને કહ્યું કે, "હું આ બાબત કોઇને કહીશ નહિ." "પણ તમારૂં કામકાજ મને કરવા દેશો કે જેથી લોકોને મારા ઉપરથી વિશ્વાસ ઊઠી ન જાય." ડ્યુકે જવાબ દીધોઃ "ના, તેનો અર્થ તો જૂઠું બોલવું એવો થાય."

મિસિસ રિઝ કહેતી કે, "ધારો કે જે દિવસે જેની લીઝ

ગાવાની હોય તે દિવસે તમે તેને મળવા ગયાં છો. તે એક બંડલ સાથે ઘણે ભાગે ઓરડામાં આવશે. એક ખુરશી ઉપર તે મૂકી, તે ઉપર તે બેસશે. થોડી મિનિટ બહુ આનંદ સાથે તે વાત કરશે. સંગીતનો એકાદ ફકરો તે લેશે. તે ગણુગણી જશે. તે બરાબર છે એમ ખાતરી થતાં તે પાછો મૂકી દેશે અને બને તેટલી શાંતિથી તે ફરી બેસશે અને જ્યાં આગળથી વાત પડતી મુકાઇ હશે, ત્યાંથી ફરી પાછી કરવા માંડશે.”

રોબર્ટ વૉટર્સ કહે છે કે, **“એક ભાષા સારી રીતે શિખાય તે ૨૦ ભાષાના ઉપરચોટિયા જ્ઞાન કરતાં વધારે સારૂં છે;** કારણકે એક ભાષા બરોબર શીખવાથી તમને જે માનસિક તાલીમ, માનસિક શક્તિની અભિવૃદ્ધિ મળે છે, તે ઉપર-ચોટિયા જ્ઞાનથી કદી મળી શકે નહિ.”

એક છોકરાએ કહ્યું કે, “પિતા! આપણા મહોલ્લામાં ગઇ રાત્રીએ મેં કૂતરાઓની એક મોટી સંખ્યા—મને ખાતરી છે કે પાંચસો કૂતરા મેં જોયા.” પિતાએ કહ્યું કે, “ના, ના, તેટલા તો નહિજ હોય.”

“વારૂ, ત્યારે, સો તો હશેજ એવી મને ખાતરી છે.” પિતાએ વળી કહ્યું કે, “એમ હોઇ શકે નહિ. આપણા ગામમા સો કૂતરા હોય એમ પણ હું માની શકતો નથી.” “વારૂ, ત્યારે દસથી ઓછા તો હશેજ નહિ. મને એટલી તો ખાતરી છેજ.” પિતાએ કહ્યું: “તેં દસ જોયા હશે તેની પણ મને ખાતરી થતી નથી; કારણ-કે જે ખાતરીથી તું હાલ દસ કહે છે તેટલાજ વિશ્વાસથી તું પાંચસો જોયાનું કહેતો હતો. બે વાર તેં તારૂ બોલેલું ફેરવી નાખ્યું છે અને હવે હું તારૂં કહેલું માનીશ નહિ.” તે ધૂંધવાયલા—ગભરાયલા છોકરાએ કહ્યું: “ત્યારે, મેં તમારો કૅશ કૂતરો અને એક બીજા કૂતરાને તો નક્કીજ જોયા હતા.”

એક અદ્‌ભુત વાર્તા કહેવા જતાં, અતિશયોક્તિ કરવા માટે આપણે આ છોકરાને વખોડી કાઢીએ છીએ, પણ ‘આવો વરસાદ તો અમે કદી જોયો નહોતો અગર આ વર્ષે તો સખ્તમાં સખ્ત ગરમી અગર સખ્ત ઠંડી પડી,’ એમ હમેશાં જેઓ કહ્યા કરે છે તેઓ કયે દહાડે સાચા હોય છે? યુક્તિ, કપટ અગર પ્રપંચથી મુક્ત સાદા સત્યને સઘળી મનુષ્યજાતિ સન્માનપાત્ર ગણે છે,

વખાણે છે, તેટલી બીજી કોઇજ ચીજને તે વખાણતી નથી. તે ચારિત્ર્યનું એવું બળ રજૂ કરે છે, હેતુથી એવી પ્રમાણિકતા રજૂ કરે છે કે, જેમાં સઘળા વિશ્વાસ રાખવાને રાજી હોય છે.

જૂઠું બોલવાના એક હુન્નર રસ્તા છે. એક જૂઠાણાને માટે દસ જૂઠાણાં બોલવામાં આવે છે. જનસમાજ એક જૂઠું બોલનાર સંસ્થા છે. સામાને ખોટું ન લાગે તેટલા માટેજ માત્ર સારી સારી વાતો કહેવી, સાચું બોલવાને બદલે મૂંગા રહેવું, દ્વિઅર્થી બોલવું, અમુક બોલવાથી દૂર રહેવું, બોલવામાં દાવપેચ રમવા, સાચા કરતાં જે જરૂરનું હોય તે બોલવું, સાચું બોલતાં સંકોચ રાખવો દૂધ અને દહીં બેમાં પગ રાખવો, અતિશયોક્તિ કરવી, બીજાના અભિપ્રાય સાથે મળતા હોવાનો દેખાવ કરવો; આંખના મિચકારા-થી માથું હલાવીને, સ્મિતથી અગર કોઇ ચાળાથી છેતરવું; સચ્ચા-ઇનો અભાવ રાખવો; તમે જે જાણતા ન હો, જે ધારતા ન હો અગર જેની તમને લાગણી ન હોય તેનો દેખાવ કરવો—આ સઘળાં, ચોકસાઇની ખામીથી ઉત્પન્ન થતાં પોકળપણા અને જૂઠાણાનાં જુદાં જુદાં દર્શનમાત્ર છે.

કુદરતમાં આપણે કોઇ જાતનું જૂઠાણું, અચોકસાઈ અગર ખોટાપણું અથવા ઢંગ વગરનો કાર્યવ્યવહાર જોતા નથી. સૃષ્ટિની શરૂઆતમાં ઇડનમાં, રંગની જે છાયા અને કોણ સાથે ગુલાબ ખીલતાં હતાં, સ્ફટિક રચાતાં હતાં, તેવાં આજે પણ ખીલે છે અને રચાય છે. રસ્તાની બાજુ ઉપર રોપાથી વિભૂષિત કાપેલી ડાળી-ઓની વચ્ચે, અગર જ્યાં માણસની નજર પડે નહિ તેવી કોઇક દૂરની ખીણમાં કોઇની પણ સંભાળ વગર જે ગુલાબ ખીલે છે અને આનંદથી શરમાતું જણાય છે, તેના કરતાં રાણીના બાગનું ગુલાબ કાંઇ વધારે સુંદર, વધારે સુંગધમય, વધારે ઉત્કૃષ્ટ કે વધારે સંપૂર્ણ હોતું નથી. જમીનના ઊંડાણમાં માલૂમ પડતો સ્ફટિક, જમીનની ઉપર થતા સ્ફટિકના જેટલીજ સંભાળથી બને છે. એક નાનો બરફનો કકડો, જેનું ભાવી દેખીતી રીતે એક વિશાળ કાંઠાનો મહત્ત્વ વગરનો અને ભૂલી જવાયલો ભાગ માત્ર બનવા જેટલુંજ હોય છે, તે પણ કોઈ મોટા પ્રદર્શન માટે તૈયારી થતી હોય તેવો સ્વર્ગીય અને સુંદર આકાર ધારણ કરે છે. ચક્કર આવે તેવા ઘસારા સાથે ગ્રહો લગભગ અનંત ગતિમાં ફરે છે, ઘસે છે; પણ નક્કી કરેલી સેકન્ડે તે વિષુવવૃત્ત અગર ક્રાંતિ આગળ પાછા

ફરે છે. તેમની ગતિ ઉપરથી, તેમની હિલચાલ ઉપરથી પણ ઇશ્વરની ઇચ્છા એકધારી રીતે પ્રદર્શિત થાય છે.

અમેરિકામાં અદ્‌ભુત સાધન અને અભિવૃદ્ધિને લીધે, હોય તે કરતાં વધારે કહેવાની, ચીતરવાની અને અતિશયોક્તિ કરવાની કમનસીબ વૃત્તિ ખીલી નીકળી છે. જે દેશમાં કલ્પનાત્મક કથા કરતાં સત્ય વધારે ચમત્કારિક ગણાય છે, ત્યાં અતિશયોક્તિ કરવા માટે બહુ મોટી લાલચ થાય એ વિચિત્ર જણાય છે. અન્યોન્યાપેક્ષકરૂપ, અતિશયાર્થ વાચકરૂપ કરતાં વધારે બળવાન છે; પણ આપણી વાણીમાં આપણે આ સત્ય ભૂલી જતા હોઇએ એમ જણાય છે. અમેરિકામાં સત્ય બરાબર રીતે નક્કી કરવું તે બરોબર મુશ્કેલ છે. આપણાં પત્રો અને માસિકોની જાહેરખબરો વાંચો. તેમાંની અર્ધી પણ કોઇ માનતું નથી; છતાં જેઓ પોતાના માલ વિષે, દવાઓ અને સરસામાન વિષે ચોખ્ખે ચોખ્ખું, જે કાંઇ સત્ય હકીકત હોય તેજ કહે, તો ભૂખે મરે તેવા હજારોને સારી દોલત આપે તેટલું તો માનવામાં આવે છે. કાંઇ પણ કારણ વગર, ન હોય તેવી વસ્તુસ્થિતિ રજૂ કરવામાં કેટલા માણસો અમેરિકામાં દોલતમંદ થયા છે? સત્યમાં જેટલી મજબૂતી, જેટલી દૃઢતા અને જેટલી નિત્યતા છે, તેથી અર્ધી પણ બીજામાં નથી.

સર ટોમસ બ્રાઉનને એમ પૂછવામાં આવ્યું કે, "શયતાન જૂઠું બોલે છે?" જવાબ મળ્યો કે, "ના; કારણકે તેમ હોય તો તે પણ રહી શકે નહિ. કાયમ રહેવા માટે તેને પણ સત્ય જરૂરનું છે."

સાઇબિરિયામાં એક મુસાફરને એવા માણસો માલૂમ પડ્યા કે, જેઓ જ્યુપિટરના ઉપગ્રહોને ઉઘાડી આંખે જોઇ શકતા. આ માણસો સુધારામાં ઘણા ઓછા આગળ વધ્યા છે, પરંતુ દૃષ્ટિની ચોકસાઇમાં તેઓ આપણાથી ઘણા ચડિયાતા છે. એ એક જાણવા જેવી બાબત છે કે, ખગોળવિદ્યાની એક પણ મહત્ત્વની શોધ કોઇ પણ મોટા દૂરબિન મારફત થઇ શકી નથી. તે વિજ્ઞાનની માહિતીનો જે માણસોએ મોટામાં મોટો વધારો કર્યો છે, તેઓએ વધારે ને વધારે ચોકસાઇથી તાલીમ પામેલાં મન અને ચક્ષુની મદદથી સાધારણ યંત્રોથી કામ કર્યું છે. ત્રણ ફીટ વ્યાસના બેવડા, બાહ્યગોળ કાચના ૬૦,૦૦૦ ડોલર પડે છે. તેની ગોઠવણ એવી નાજુક છે કે તેને છેવટનું પોલીશ–છેવટનો હાથ આપવા માટે એકજ બોજાર અનુકૂળ ગણાયું છે અને તે માણસનો હાથ છે; વળી

અલવાન ક્લાર્ક કહે છે કે, "જરૂર કરતાં વધારે હાથ લગાડવામાં આવે, તો કાચની ચોકસાઈ ઘટી જાય છે." રશિયાને માટે તેણે જે મોટો કાચ તૈયાર કર્યો હતો, તેની અજમાયશ લેતાં કામ કરનારાઓએ તે પોતાના હાથથી જરા ફેરવ્યો. ક્લાર્કે કહ્યું કે, "છોકરાઓ ! જરા થોભો, બીજી અજમાયશ કરતાં પહેલાં તેને ઠંડો પડવા દો. તેની સમતુલના એટલી નાજુક છે કે તમારા હાથની ગરમીની પણ તેને અસર થશે." મિ. ક્લાર્કના ચોકસાઇના પ્રેમને લીધે આખી દુનિયામાં તેનું નામ ચોકસાઇના બીજા નામ તરીકે જાણીતું થયું છે.

ચારિત્ર એ શક્તિ છે. તમારા કામમાં તે દાખલ કરો. કોંગ્રેસની બેઠક પૂરી થવાની તૈયારી વખતે રજૂ થનાર એક પ્રશ્ન ઉપર બોલવાનું ડેનિયલ વેબ્સ્ટરને જ્યારે ફરમાણ થયું, ત્યારે તેણે કહ્યું કે, "ના, મારાથી તે નહિ બની શકે; તે અશક્ય છે. બીજી ફરજોનું મારા ઉપર એટલું બધું દબાણ છે કે બોલવાની તૈયારી કરવા માટે મને બિલકુલ વખત નથી." "પણ મિ. વેબ્સ્ટર ! કોઇ પણ વિષય ઉપર હમેશ તમે સારી રીતે બોલો છો. તમે કદી નિષ્ફળ જતા નથી." તે વક્તાએ કહ્યું કે, "તેજ કારણથી હું બોલતો નથી. કારણકે કોઈ પણ વિષયની સંપૂર્ણ માહિતી મેળવ્યા સિવાય, હું તે વિષય ઉપર બોલતો નથી. આ દાખલામાં તેમ કરવાને મને વખત નથી, તેથીજ મારે ના કહેવાની જરૂર છે."

વૉશિંગ્ટનમાં કરેલા એક મહાન ભાષણમાં જ્યારે એન્ડ્રુ જોન્સને કહ્યું કે, તેણે પોતાની રાજદ્વારી કીર્તિની શરૂઆત કોટવાળ તરીકે કરી હતી અને ધારાસભાની સઘળી શાખામાં તેણે હોદ્દા લીધા હતા, ત્યારે સાંભળનારમાંથી એક જણ બોલી ઊઠ્યો કે, "દરજીથી માંડી આગળ !" પ્રેસિડંટે કહ્યું કે, "એકાદ ગૃહસ્થ એમ કહે છે કે, 'મેં દરજીનો ધંધો કર્યો છે,' પણ તેથી હું જરા ગભરાતો નથી. જ્યારે હું દરજીનું કામ કરતો હતો, ત્યારે સારા દરજી તરીકે પ્રસિદ્ધ હતો અને કપડાં બરોબર સીવતો હતો. મારા ગ્રાહકોનું કામ વાયદા મુજબ હું કરતો અને કામ પણ સારૂં કરતો."

ફ્રેક્સ કોએટ યુનાઇટેડ સ્ટેટ્સની સુપ્રીમ કૉર્ટ આગળ જે સઘળા ઉત્સાહ અને હકીકત સાથે સંભાળપૂર્વક ધ્યાનથી બોલતો તેટલા સઘળા ઉત્સાહ અને ધ્યાન સાથે મોચી–જસ્ટિસ ઑફ ધ પીસ–આગળ નાના કેસમાં પણ વકીલ તરીકે તે બોલતો.

એક નામાંકિત લેખકે કહ્યું છે કે, "જે કાંઇ કરવું ઠીક હોય તે સારામાં સારી સંભાળ, બળ અને સાચા હેતુ સાથે કરવું જોઇએ."

આપણી કર્તવ્યપરાયણતાની તુલના કરે અગર ઇશ્વરની નજરમાં મુકાબલે તેની કેટલી કિંમત છે તે નક્કી કરે, એવી કોઇ તુલા આપણી પાસે નથી. આપણને જે કાંઇ ક્ષુદ્ર લાગે છે તે એવો ગુપ્ત નિર્ઝર હોઇ શકે કે જે જીવન અને મૃત્યુના મહત્ત્વના મુદ્દાઓને ગતિ આપી શકે.

ડાન્ટેનું જહન્નમનું વર્ણન એટલું આબેહૂબ જણાતું કે, જ્યારે ડાન્ટે કોઇ માર્ગે થઇને જતો, ત્યારે ફ્લોરેન્સના લોકો એમ કહેતા કે, "પેલો માણસ જહન્નમમાં જઇ આવેલો છે."

ડાયે ઑફ વર્મ્સ આગળ લ્યૂથર બોલી ઊઠ્યો હતો કે, "હું આ રહ્યો. અહીં ઊભા રહેવા સિવાય છૂટકો નથી. તે સિવાય મારે બીજો કોઇ માર્ગ નથી. સત્યથી એક અણું પણ ખસવા કરતાં ઘણા માણસોએ મૃત્યુ સામે ખડા થઈ જવાનું પસંદ કર્યું છે."

કેનન ફેરર કહેતો કે, "જગતમાં ખરી નિષ્ફળતા માત્ર એકજ છે અને તે–માણસ જે કાંઇ જાણતો હોય, તેને વળગી ન રહેવું તે છે."

બિથોવન વિષે ગ્રોવે લખ્યું છે કે, "વાદ્યમાં ઉતારવાના રાગ છેલ્લામાં છેલ્લા સુંદર સ્વરૂપમાં આવે ત્યાંસુધી કેટલો લાંબો વખત તે તેના ચિંતનમાં રહેતા તે અને પહેલી વાર તે કેવા અપક્વ, અનિશ્ચિત, સામાન્ય સ્વરૂપમાં લખાતા તે જાણતાં અજાયબી થાય છે. જેમ જેમ તેને વધારે સંપૂર્ણ બનાવવાને યત્ન કરવામાં આવતો, તેમ તેમ તે રાગ વધારે તાજા અને સ્વભાવિક જણાતા."

"લાસ્ટ સપર" એ નામના પોતાના પ્રસિદ્ધ ચિત્રમાં એકાદ પણ છાયા અગર નાનામાં નાની હકીકત ફેરવવાને લિયોનાર્ડો ડી વિન્સી મિલાનનો આંટો મારી આવતો. નેપોલિયનને જ્યારે ઊંઘ નહોતી આવતી, ત્યારે પોતાના તકિયાની નીચે રાખેલાં પોતાનાં દફ્તર તે તપાસતો. ભજવાતા નાટકના પૂર્વરંગ દરમિયાન તે પોતાની આગળ આવા આવા પ્રશ્ન મૂકી દેતો: "સ્ટ્રાસબર્ગ આગળ મારાં ૧૦,૦૦૦ માણસ છે. મારગડીબર્ગ આગળ ૧૫,૦૦૦ છે. વર્ઝબર્ગ આગળ ૨૦,૦૦૦ છે. હવે તેમણે એક પછી એક એમ ત્રણ દિવસમાં રેટિસબોં આગળ આવવાને કયે ક્રમે

કૃત્ય કરવી જોઇએ? શેરિડન કહેતો કે, "સહેલાઇથી કયારે લખાય છે? સામાન્ય રીતે ઘણું વંચાય છે ત્યારે." પોતાનાં પ્રશસ્ત હાસ્યરસપ્રધાન નાટકોમાંનાં ઘણું તેણે ફરી ફરીને લખ્યાં હતાં. સ્વીફ્ટ કહેતો કે, "બોલિંગબ્રૂક પોતાની ઑફિસના હલકામાં હલકા કલાર્કની માફક રાતદહાડો વૈતરૂં કરતો." નકલ થવા માટે આવેલા હસ્તલેખ વિષે પ્રકાશક ડોડસ્લી કહે છે કે, "પછી પોપ દરેક લીટી બબ્બે વાર લખતો. મેં તેને ચોખ્ખી નકલ આપી હતી. દરેક લાઇન બબ્બે વાર બદલીને થોડા વખત પછી તેણે પ્રેસને માટે તૈયાર કરી મોકલી હતી." ગિબને પોતાનું ચરિત્ર નવ વાર લખ્યું હતું અને પોતાના ઇતિહાસનાં પહેલાં પ્રકરણ ૧૮ વખત લખ્યાં હતાં. પોતાના એક ગ્રંથ વિષે મોન્ટેસ્કુએ કહ્યું હતું કે, "તમે તે એક થોડા કલાકમાં વાંચી શકશો; પણ હું ખાતરી આપું છું કે, તે લખવામાં મને એટલી બધી મહેનત પડી છે કે તેથી મારા વાળ ધોળા બની ગયા છે." દિવસે તે તેના અભ્યાસમાં રચ્યોપચ્યો રહેતો. રાત્રીએ પણ તેને તેનાં જ સ્વપ્ન આવતાં. તેના જીવનનું સર્વસ્વ તે તેને માનતો. જ્યોર્જ રિપલીએ કહ્યું છે કે, "પોતાથી બની શકે તેટલું સારૂં દરેક પ્રસંગે જે માણસ લખતો નથી, તેને કોઇ પણ પ્રસંગે—જ્યારે ત્યારે પણ સારૂં નહિ લખવાની ટેવ પડી જશે." ન્યૂટન કહેતો કે, "મનુષ્ય જાતિની જે કાંઇ સેવા તે ઉઠાવી શકતો હતો, તે તેનામાં કાંઇ અસાધારણ બુદ્ધિશક્તિ હતી તેને લીધે નહિ, પણ ઉદ્યોગ અને ધીરજ સાથેના ચિંતનને લીધે બની શક્યું હતું." તેણે "પ્રિન્સિપિયા" ઘણી સંભાળ સાથે લખ્યું હતું. ચોક્કસપણા માટેની તેની ભારે પ્રીતિ તેનાં સઘળાં પુસ્તકમાં જણાઇ આવે છે. પાસ્કલે તેના ધંધાને લગતો એક કાગળ ૧૬ વાર લખ્યો હતો. "કુદરતનો વૃત્તાંત" છપાવવાને બકોંને મરજી થઇ, તે પહેલાં તે તેણે અગિયાર વાર લખ્યો હતો.

એક હોશિયાર જંતુશાસ્ત્રીએ ધાર્યું કે, પ્રોફેસર એગાસિઝ પાસેથી થોડુંક શીખવાથી તે પોતાનું જ્ઞાન પરિપૂર્ણ બનાવી શકશે. એગાસિઝે તેને એક મૂએલી માછલી આપી અને પોતાની આંખોનો ઉપયોગ કરવાને કહ્યું. બે કલાક પછી તેણે પોતાના નવા શિષ્યને તપાસ્યો, પણ તરત ટીકા કરી કે, "તમે હજુ ખરી રીતે માછલી જોઈ નથી. તમારે ફરી પ્રયત્ન કરવો પડશે." બીજી

વાર પરીક્ષા લીધા પછી તેણે પોતાનું માથું ધુણાવ્યું અને કહ્યું કે, "તમે તમારી આંખ વાપરી શકો છો, તેવું બતાવી શકતા નથી." આથી આગ્રહપૂર્વક કામ કરવાને શિષ્યને જાગૃતિ મળી અને પહેલાં તેણે કદી નહિ જોયેલી ચીજો જોવામાં તેને એટલો બધો રસ પડ્યો કે ફરી તપાસ લેવાને ઍગાસિઝ આવ્યો, ત્યારે શિષ્યે તેને જોયો પણ નહિ. તે મહાન વિજ્ઞાનવેત્તાએ કહ્યું: "બસ, હવે મને માલૂમ પડે છે કે, તમે તમારી આંખ વાપરી શકો છો."

પોતાના સમયના તબીબો શરીર વ્યવચ્છેદશાસ્ત્ર વિષે અભ્યાસ કરે, તેના કરતાં પણ વધારે અભ્યાસ માઇકલ એન્જેલોએ કર્યો હતો. હાડપિંજરની આકૃતિઓ તે દોરતો; સ્નાયુ, ચરબી અને ચામડી એનો એક પછી એક, તેમાં તે ઉમેરો કરતો અને પછી તેને પોષાક પહેરાવતો.

રેનોલ્ડ્ઝ કહેતો કે, "એક ચિત્ર ઉપર ફરી ફરીને પીછી મારવાનું મને પસંદ છે."

નાન્ટુકના મગરમચ્છ પકડનાર એક વહાણના કેપ્ટને રેંટ આગળના માણસને ઉત્તરના તારા આગળથી હંકારવાને કહ્યું; પણ "આપણે બીજા તારા આગળથી હંકારી ગયા છીએ" તેથી તેને સવારમાં જાગૃત કરવામાં આવ્યો અને બીજા તારા આગળથી હંકારવાની તેને વિનતિ કરવામાં આવી.

સ્ટીવન જીરાર્ડ ચોકસાઇનો નમૂનો હતો. તેનાં લોખંડી ફરમાનોથી પોતાના નોકરોને તે થોડું પણ ચસકવા દેતો નહિ. તે માનતો કે, **દરેક બાબતમાં સખ્તમાં સખ્ત ચોકસાઇ રાખ્યા સિવાય કોઇ પણ પ્રકારની મહાન ફતેહ મેળવવી અશક્ય છે.** સૂચના પ્રમાણે કૉફીનો કેટલોક જથ્થો નહિ ખરીદવાથી તેના એક કેપ્ટને તેના કેટલાક હજાર ડૉલરનો બચાવ કર્યો હતો; છતાં તેણે તે નોકરને એકદમ રજા આપી અને કહ્યું કે, "ભલેને હું તદ્દન પાયમાલ થઇ જતો હોઉં, પણ મારા હુકમનો ભંગ થવો જોઇએ નહિ."

પોતાના વચનથી એક તસુ પણ તે ખસતો નહિ. લોકો જાણતા હતા કે, તે પોતાનું વચન ઠીકઠાક નહિ, પણ પરિપૂર્ણતા સાથે પાળતો. તે કોઈ પણ બાબત નસીબ ઉપર છોડતો નહિ. તેના ધંધાની દરેક હકીકત ગણતરીવાળી રહેતી અને બહુ

સૂક્ષ્મતા સાથે તેની યોજના થતી. નેપોલિયનની માફક નાની નાની જૂજ બાબતમાં પણ તે ચોક્કસ હતો; છતાં તેના વેપારી ભાઇઓ તેની મોટી ફતેહનું કારણ સદ્‌ભાગ્ય હતું એમ માનતા!

સન ૧૮૦૫ માં ઇંગ્લિશ ચેનલના કાંઠા ઉપર જે મોટી છાવણી નેપોલિયને ઊભી કરી હતી, તે તેણે એકદમ ઉઠાવી લઈ પોતાના મહાન લશ્કરને ડેન્યુબ તરફ ઊપડી જવાનો હુકમ આપ્યો. આ સમયે તેના મગજમાં મોટી અને જુદી જુદી યોજનાઓ તળેઉપર થઇ રહી હતી; છતાં તે હુકમ આપીને તેમજ વિગતોને લગતું કામ તેના મદદનીશો પૂરું કરશે એમ ધારી બેસી રહ્યો નહિ. વિગતો અને બીજી નાની નાની બાબતો, જે તેના ધ્યાન ઉપર લાવવાને હલકા દરજ્જાના કેપ્ટનોને ઘણી ઝીણી જણાય, તે તરફ તે એટલું બારીક ધ્યાન આપતો કે કૂચ કરવા માટે બ્યૂગલ (રણશિંગડું) ફુંકાય તે પહેલાં દરેક ટુકડીને લેવાનો અમુક માર્ગ, મથક છોડવાનો બરાબર દિવસ તથા સમય અને પોતાને મથકે તે બરાબર કયે વખતે પહોંચશે, તેની ગણતરી તેમ તેને અનુસરતી યોજના કરી રાખતો. સંપૂર્ણ વિચાર અને બંદોબસ્તવાળી આ યોજનાનો અક્ષરે અક્ષર અમલ થતો અને ઉપર જણાવેલી યાદગાર કૂચનું પરિણામ આજ રીતે ઑસ્ટર્લિંઝના વિજયમાં આવ્યું હતું અને એ યુદ્ધથી યુરોપના ભાવી ઉપર દસ વર્ષનું સીલ ઠોકાઇ ગયું હતું.

જ્યારે એક સુપ્રસિદ્ધ ફ્રેન્ચ ઉપદેશક નોટ્ર ડામ વિષે ઉપદેશ આપે છે, ત્યારે પેરિસના વિદ્વાનોનાં ટોળેટોળાં તેના આકર્ષક, છટાદાર અને શિષ્ટ વ્યાખ્યાન સાંભળવાને તે દેવળમાં જાય છે. તે એક વર્ષમાં પાંચ અગર છજ વ્યાખ્યાન આપે છે અને તેથીજ તેના ઘણાજ શ્રમ અને ધૈર્ય સાથે કરેલા કામને પરિણામે તેના ભાષણમાં તે છટા આવી શકે છે. "ધર્મકાર્યના નૈતિક ગૌરવ" ઉપરના પોતાના વ્યાખ્યાન માટે ડૉ. વેલેન્ડે બે વર્ષ સુધી વિચાર કર્યા હતા.

પડી ભાગેલા એક કિલ્લા જેવા મકાન વિષે સર વૉલ્ટર સ્કૉટને કાંઇ લખવાનું હતું. તે જ્યારે એક કિલ્લામાં ગયો, ત્યારે તેણે પોતાની નોટબુકમાં આજુબાજુ ઊગેલા ઘાસ અને જંગલી ફૂલોનાં નામ પણ તેમાં ઉતારી લીધાં હતાં! તે કહેતો કે, "એમ કરવાથીજ એક લેખક પોતાનામાં સ્વાભાવિકપણું આણી શકે."

જ્યાંસુધી પોતાનું એક વાક્ય સારામાં સારૂં થઇ શકે, ત્યાં-સુધી મેકોલે તેમાં હમેશાં ફેરફાર કર્યા કરતો.

લખાણોના ટુકડાનાં પુસ્તકો સિવાય ગાર્ફિલ્ડ પચાસ બાનાની એક પેટી રાખતો અને તેના ઉપર વાર્તાઓ, ચૂંટણીને લગતા કાયદા અને કમિશનો, ફ્રેન્ચ લૂંટફાટ, સામાન્ય રાજપ્રકરણ, જીનીવાનું લવાદ, પાર્લામેન્ટના નિર્ણયો, જાહેર પુરુષો, રાજદ્વારી બાબતો, જકાત, પ્રેસ, યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ, એવી ચીઠ્ઠી-ઓ લગાવતો અને એમાંની કોઇ પણ બાબતમાં સૂચના મળે તેવી દરેક ચીજ તે સંધરી રાખતો. કોઇ પણ વિષયની સંભાળ-પૂર્વક તૈયારી કરવાનું તે ધારતો, ત્યારે તેને લગતી વિગતોની જે એક શ્રેણી તે રજૂ કરતો તે બીજું કોઇ પણ કરી શકતું નહિ. ચોકસાઇવાળા માણસો અમુક પદ્ધતિથી કામ કરનારા હોય છે અને એ પદ્ધતિમાંજ તેમનું ચારિત્ર્ય આવી રહેલું છે.

રોબર્ટ વૉટર્સ કહે છે કે, "અંગ્રેજી ભાષા બરાબર જાણતા હોય, તેવા ત્રણજ જર્મનો યુનાઇટેડ સ્ટેટ્સમાં છે એમ હું જાણું છું. મિ. કાર્લ શૂર્ઝ, પ્રોફેસર સ્કેમ અને જોન બી. સ્ટોલો.જર્મન ભાષા બરોબર જાણતો હોય એવા એકજ માણસને હું ઓળખું છું અને તે મિ. બેયર્ડ ટેલર છે. બીજા બધા માત્ર ઉપલકિયું જ્ઞાન ધરાવનારા છે. માત્ર ચાલી શકે તેટલુંજ તેઓ જાણે છે અને પોતાને તેટલુંજ જરૂરનું છે એમ તેઓ ધારે છે."

સાનફ્રાન્સિસ્કોના એક વેપારીએ સેક્રેમેન્ટોના એક બીજા વેપારીને તારથી સંદેશો મોકલાવ્યો કે, "અમુક કિંમતથી તમને ૧૦,૦૦૦ બુશલ ઘઉં આપવામાં આવે છે. હું તે ખરીદું કે તમને આ કિંમત ઊંચી લાગે છે?" "ના, કિંમત ઘણી ઊંચી છે." એને બદલે "નો પ્રાઇસ ટૂ હાઇ—કોઇ પણ કિંમતથી ખરીદો." એવો જવાબ મળ્યો. 'નો' શબ્દ આગળ વિરામનું ચિહ્ન નહિ મૂકવાથી સેક્રેમેન્ટોના વેપારીને બહુ મોટું નુકસાન ગયું. સંદેશા મોકલવામાં કાળજી નહિ રાખવાથી કેટલા લોકો અઢળક ધન અને જિંદગી ગુમાવે છે? કેટલા બધા અકસ્માત તેથી બને છે?

પ્રેસિડન્ટ ટ્યુટલ કહે છે કે, "ચોકસાઇવાળા છોકરાને હમેશાં બધા ચાહે છે. જે લોકો નોકર રાખે છે, તેઓ પોતાના નોકરો લુચ્ચા અગર મૂર્ખ હોય તેમ તેની સતત દેખરેખ રાખે,

પોતાના હાથ નીચેના માણસ બરોબર કામ કરે છે કે કેમ, તેની બાતરી માટે સુથાર તેની પાસે ને પાસે રહે,અગર નામું લખનાર બરાબર નામું લખે છે કે કેમ તે કીલીદારને હમેશાં જોવું પડે, તો તો બીજો કામ કરે તેનાં કરતાં તે સુથાર અગર કીલીદાર પોતેજ તે કામ કરી નાખે એ વધારે સારૂં."

અર્ધા દિલથી કરેલી વીસ બાબતો, સારી રીતે કરેલી એક બાબતની પણ બરાબર નથી.

એક ફતેહમંદ કારીગર કહેતો કે, "એક સારી ટાંકણી તમે બનાવી શકો તો, એક બરાબ સ્ટીમ એન્જિન તમે બનાવો તે કરતાં તેમાંથી તમે વધારે કમાઇ શકો."

દરેક બરાબ કામમાં જૂઠાણું રહેલું હોય છે. તેમાં સંપૂર્ણ રીતે અપ્રમાણિકતા રહેલી હોય છે. સારૂં કામ કરવા માટે તમે પૈસા આપો છો, તે કામ બરાબ રીતે અને અપ્રમાણિકપણે કરવાથી તમારા પૈસા પડાવી લેવામાં આવે છે.

આ વાત વિચિત્ર જણાશે, પણ ઈશ્વરની ઉચ્ચમાં ઉચ્ચ કૃતિ–સંપૂર્ણ મનુષ્ય, તે એવી અત્યંત બારીકીનું પરિણામ છે કે, એક છોકરામાં રહેલો નહિ જણાતો દોષ પણ ઉન્નતિને માર્ગે જતી પ્રતિભાને રોકશે અને કામ બગાડશે.

ફિલ્ડઝ કહે છે કે, "કેટલીક સ્ત્રીઓ એવી હોય છે કે જેમના ટાંકા હમેશાં નીકળી જાય છે અને એક જરા આંચકો લાગતાં તેમણે ચોડેલાં બટન ઊખડી જાય છે. એજ સોય અને એજ દોરો વાપરનાર બીજી સ્ત્રીઓ હોય તો તમારા કોટ અને વેસ્ટકોટના તેમનાં ટાંકા ખેંચાશે, તોપણ લાંબે વખતે પણ તેમાંનું એકે બટન નીકળશે નહિ."

બેદરકારી, બેપરવાઇ, પૈસાની વ્યવસ્થાની બામી, આ શબ્દો જીવનમાં નિષ્ફળ ગયેલા હજારો મનુષ્યોની કબર ઉપર લખી શકાય. બેદરકારી અને અચોકસાઇથી કેટલા બધા કારકુનો, કીલીદારો, પાદરીઓ, અધિપતિઓ અને કૉલેજના પ્રોફેસરોએ પોતાની જગા અને પ્રતિષ્ઠા ગુમાવી છે!

કરીને ગ્રેટનને કહ્યું હતું કે, "ગ્રેટન! થોડાક વારની એક લાલ પટી તમે બરીદી લાવશો અને તમારાં બિલ તથા કાગળ તમે બાંધી રાખશો તો તમારા જમાનાના મહાનમાં મહાન પુરુષ તમે

થશો.” કરેનને અનુભવ થયો હતો કે, પદ્ધતિથી કામ કરનારા માણસોમાં એક નિયમ તરીકેજ ચોકસાઇ હોય છે અને તેઓ જરૂર ફતેહ પામે છે.

કુલર પદ્ધતિ વિષે કહે છે કે, “તારા વિચારોને તું સુંદર પદ્ધતિમાં ગોઠવ. બભા ઉપર ઘાસ આમતેમ છૂટું, ઝૂલતું, લટકતું હોય, તેના કરતાં મજબૂતીથી બાંધેલું અને પૅક કરેલું ઘાસ બમણા વજનમાં લઇ જઇ શકાય છે.” સેસિલ કહે છે કે, “પેટીમાં જેમ આપણે વસ્તુઓ પૅક કરીએ છીએ તેવીજ ખૂબી પદ્ધતિમાં રહેલી છે. બરાબ પૅક કરતાં સારો પૅક કરનાર દોઢું પૅક કરી શકે છે.” સર વૉલ્ટર સ્કૉટ કહેતો કે, “એક ટુકડી કૂચ કરતી હોય છે, ત્યારે આગલો ભાગ બરાબર રીતે અને અટક્યા વગર નહિ ચાલવાથી પાછલા ભાગમાં વારંવાર ગરબડ થાય છે. ધંધાને પણ આજ નિયમ લાગુ પડે છે. જે વાત પહેલી હાથમાં આવે તેનો તરતજ દૃઢતાથી અને નિયમિત રીતે નિકાલ કરી નાખવામાં ન આવે, તો બીજી ઘણી ચીજોનો પાછળ જમાવ થાય છે. આખરે તેનું દબાણ એકદમ વધી જાય છે અને પછી તે ગૂંચવાડા આગળ ગમે તેવું મગજ પણ ટકી શકતું નથી.”

ધંધાની શરૂઆત કરનાર એક માણસ વિષે બર્થ કહે છે કે, “તેણે પોતાની દુકાન અમુક અઠવાડિયાં સુધી દરરોજ એકજ વખતે નિયમિત રીતે ઉઘાડી; પણ તેને એક દોકડાની પણ ઘરાકી મળી નહિ; તોપણ આ આગ્રહથી આખરે લોકોનું ધ્યાન ખેંચાયું અને તે પૈસા કમાવાની સ્થિતિમાં આવ્યો.”

વિક્ટર હ્યુગો કહે છે કે, “દિવસનાં કામોની જે માણસ દરરોજ સવારે ગોઠવણ કરી રાખે છે અને પછી તે ગોઠવણને અનુસરે છે, તેને એક એવી દોરી મળે છે કે જેથી ઘણા ઉદ્યોગી જીવનની ઝુલઝુલામણીમાં પણ તેનો માર્ગ સરળ થતો જાય છે. તેના વખતની નિયમિત ગોઠવણ, તેના સઘળા ધંધામાં દાખલ થતો અજવાળાના કિરણ જેવી છે; પણ જ્યાં કાંઈ પ્લાન નથી, ગોઠવણ નથી; જ્યાં માત્ર બનાવો ઉપર, ચાન્સ ઉપર, વખતના ઉપયોગને ફેંકી દેવામાં આવે છે, ત્યાં સઘળી બાબતો અવ્યવસ્થિત રહે છે. આ ચીજો ફરી ગોઠવી શકાતી નથી, તેમ તેના ઉપર દેખરેખ પણ રહી શકતી નથી.”

એ. ટી. સ્ટુઅર્ટ તેનું દરેક કામકાજ પદ્ધતિસર અને અત્યંત

ચોકસાઇથી કરતો. તેના સ્ટોરના દરેક ખાતામાં પદ્ધતીથીજ કામકાજ ચાલતું અને દરેક તકસીર માટે સખ્ત રીતે સજા કરવામાં આવતી. તેના ધંધાની દરેક શાખામાં તેની નજર રહેતી. દરેક વિગતની તે માહિતી રાખતો અને સખ્ત મહેનત કરતો.

જોનાસ ચિકરિંગ, જ્યારથી પિયાનો બનાવનાર તરીકે કામ કરવા લાગ્યો, ત્યારથી તે જે કાંઈ કરતો તે શ્રમ અને સંભાળથી કરવા માટે તે જાણીતો હતો. પિયાનો બનાવવામાં તેને કોઇ પણ બાબત નજીવી લાગતી નહિ. ચોકસાઇ અને જ્ઞાનની કિંમત આગળ, વખત અને મહેનતને તે કિંમતી ગણતો નહિ. તે તરતજ પોતાના કારખાનામાં પિયાના બનાવવા લાગ્યો. ઋતુના ફેરફાર સામે ટકી રહે અને ચોખ્ખા તથા સારા સૂર આપે, વગાડનારને ઓછામાં ઓછી મહેનત પડે, છતાં પૂરેપૂરા અને મીઠામાં મીઠા સૂર આપે, તેવું એક વાદ્ય તૈયાર કરવાનો તેણે નિશ્ચય કર્યો. એક પિયાના પછીનો પિયાનો વધારે સારો થાય એવો નિશ્ચય તે કરતો. સંપૂર્ણતા એ તેનો નિયમ હતો. જીવનના અંત સુધી પોતાના વાદ્યને તે પંડેજ છેલ્લામાં છેલ્લો હાથ દેતો અને તે કામ બીજાને સોંપતો નહિ. કારીગરી અને વેચાણમાં તે કાંઇ પણ અનિયમિતપણું દાખલ થવા દેતો નહિ. તેના દરેક કામમાં સાદાઈ, ચોખ્ખાઈ અને પ્રમાણિકતા જોવામાં આવતાં.

પ્રતિસ્પર્ધીઓને તે દૂર ને દૂર રાખતો. ચિકરીંગ એ નામમાં એવું બળ હતું કે, એક બીજા પિયાનાવાળાએ મસાચુસેટ્સમાં પોતાનું બરૂં નામ બદલી ચિકરીંગ રાખ્યું હતું; પણ જોનાસ ચિકરીંગે તે બાબત ફરિયાદ કરવાથી સામાવાળાને પોતાનું નામ બદલવું પડયું હતું. ચારિત્રની નૈતિક તેમજ વ્યાપારી કિંમત પણ છે.

જોસફ એમ. ડબ્લ્યુ. ટર્નરે હજામ થવું, એવો તેના પિતાએ નિર્ણય કર્યો હતો; પણ તેણે ચિત્રકળા માટે એવી રુચિ બતાવી કે એક ધંધા તરીકે તે કલાનો સ્વીકાર કરવા તેના બાપે નારાજી સાથે તેને પરવાનગી આપી હતી. તે તરત હોશિયાર થયો, પણ તેની પાસે સાધન નહિ હોવાથી તે પોતાના હાથમાં જે કાંઇ કામ આવે તે લેતો. ગાઇડ બુકો અને પંચાંગો માટે વારંવાર તે ચિત્ર તૈયાર કરી આપતો. જો કે પગાર ઓછો મળતો, પણ કામમાં કોઇ રીતે બેદરકારી બતાવવામાં આવતી નહિ. તેને જે પૈસા

મળતા, તેના કરતાં તે કિંમતી કામ કરતો. અંતે તેને વધારે પૈસા અને વધારે ઉચ્ચ પંક્તિનું કામ મળવા લાગ્યું; કારણકે જેઓ નિમકહલાલીથી કામ કરે છે, તેમની નોકરી માટે લોકો સામાન્ય રીતે આતુર રહે છે અને તેઓ જે કાંઇ ઉચ્ચ પંક્તિનું કામ કરી શકે તે કરવા તેમને સોંપે છે. આમ આગળ ને આગળ તે મહેનત કરવા લાગ્યો. તેના કામની અમુક કિંમત તો મળવાજ લાગી અને તેનાં ચિત્રોમાં ઉત્કૃષ્ટ કલાની ઝાંખી બીજા માણસોને થવા લાગી; તેમજ તેની કિંમત વધવા માંડી. દૃગભૂમિચિત્રકામના પ્રદેશમાં સ્વીકારાયલા, જાહેર થયેલા ઉસ્તાદો કરતાં પણ તે આગળ વધી જતો અને કુદરતના દેખાવનો અપ્રતિમ અભ્યાસ, પૂર્વે કોઇ પણ વખત નહિ થયેલા તેવા ચિત્રકામમાં તે ઉતારતો. સાહિત્યમાં જેમ શેક્સપિયર ગણાય છે, તેમ પોતાના ખાસ પ્રદેશમાં ટર્નર સર્વથી નામાંકિત છે.

વેન્ડેલ ફિલિપ્સના સ્વભાવમાંજ એવું કાંઇક હતું કે જેથી તેને સંપૂર્ણતા માટે અદ્ભુત લાગણી રહેતી. દરેક શબ્દ એવો બરાબર મુકાવો જોઇએ કે જેથી તેના વિચારની છાયા બરાબર જણાઈ આવવી જોઇએ. દરેક વાક્ય અમુક લંબાઇનું અને અમુક ઘાટીનું હોવું જોઇએ. તેના મુખમાંથી અમુક વાક્ય બહાર પડે, તે પહેલાં પોતાના મનમાં તેની બરાબર તુલના થવી જોઇએ. ચોકસાઇ એ તેની શૈલીનું ખાસ લક્ષણ હતું. આ રીતે અમેરિકામાં કાયદાને લગતા ઉચ્ચમાં ઉચ્ચ વક્તા તરીકે તેણે નામના મેળવી હતી. તેનાં વાક્યોની તાલબદ્ધ પ્રૌઢતા અને સંતુલના પ્રશંસાપાત્ર છે.

ઉત્કૃષ્ટતાને માટે લૉર્ડ બ્રોહામને એવો પ્રેમ હતો કે, ગમે તેવી મહેનત પણ તેને ભારે લાગતી નહિ. પોતાને ગમે તેટલી મહેનત પડે, પણ કોઇ પણ માણસ પોતાના કરતાં આગળ ન વધી જાય તેને માટે તે કાળજી રાખતો. તેની ફતેહનું કારણ આજ હતું.

રોજર વિલિયમ્સ, શહેરમાં જેવો સારામાં સારો મોચી હતો, તેવો પાછળથી તે સારામા સારો એક રાજદ્વારી પણ નીવડ્યો. ફ્રેંકલીન જ્યારે છાપવાનું કામ કરતો, ત્યારે પણ તે પૂરેપૂરી–બરાબર રીતે કામ કરવાની ટેવ માટે જાણીતો હતો.

એલેક્ઝાંડર ડુમા પોતાનો હસ્તલેખ વધારેમાં વધારે સંભાળથી તૈયાર કરતો. એક મિત્ર જેના લેખ માટે ઘણા પ્રકાશકોએ

ના પાડી હતી, તેણે તેની તે બાબતમાં સલાહ લીધી, ત્યારે એક સારા લહિયા પાસે તેની સુંદર નકલ કરાવવા અને તે લેખનું નામ બદલવા તેણે તેને સલાહ આપી. આ સલાહને અનુસરી તેણે કામ કર્યું અને જે પ્રકાશકે તેને ના પાડી હતી, તેજ પ્રકાશકે તેનો આતુરતાથી સ્વીકાર કર્યો. બરાબ અક્ષરનેજ લીધે ઘણા ઉત્તમ નિબંધોનો પણ અસ્વીકાર થયો છે.

જ્યોર્જ એચ. લ્યુઇસે પહેલામાં પહેલા બહાર પાડેલા લેખોમાંનો એક જ્યારે "એડિનબરો રિવ્યુ"ને મોકલ્યો, ત્યારે તે બધોજ ફરીથી ગોઠવીને લખવા તેને વિનતિ કરવામાં આવી. આથી તેને ઘણુંજ બરાબ લાગ્યું, છતાં તેણે તેમ કરવાનું કબૂલ રાખ્યું અને પરિણામથી તે એટલો બધો ખુશ થયો કે, એકથી ત્રણ ત્રણ વાર સુધી લેખ ફરી ફરીને લખાય નહિ, ત્યાંસુધી કોઇ પણ લેખ તે પત્રકાર ઉપર મોકલતો નહિ. મેકોલે પણ પોતાના સારામાં સારા નિબંધો બબ્બે ત્રણત્રણ વાર લખતો.

ટૂંકામાં કહીએ તો, ગુપ્ત ધનનો અગર આપણને બહુજ ઇચ્છા હોય તેવી બીજી કોઇ ચીજ માટે આપણે જેવી મહેનત કરીએ, તેવીજ મહેનત આપણે ચોકસાઇને માટે કરવી જોઇએ. કામ કરવામાં, ધંધો કરવામાં, ચોકસાઇવાળી ટેવો પાડવાને આપણે નિશ્ચય કરવો જોઇએ. પ્લેગથી તમે જેમ દૂર રહો તેમ, નાણાંના અગર બીજી બાબતના ઢીલા, વ્યવસ્થા વગરના વહીવટથી દૂર રહો. બેપરવાઇ અને બેદરકારી ભરી ટેવો એક લક્ષાધિપતિને પણ થોડા વખતમાં બરબાદ કરી શકે. જેને સારી કૂતેહ મળી છે, તેવા લગભગ દરેક માણસમાં ચોકસાઇ અને શ્રમ સાથે કામ કરવાની ટેવ હોય છે. **ચોકસાઇ એટલે ચારિત્ર અને ચારિત્ર એ બળ છે.**



૧૮—જીવનને આપણે જેવું બનાવીએ તેવું બને છે.

"ભાવી જીવનરૂપી કાપડમાં આપણે આપણાજ રંગ મૂકી શકીએ છીએ અને પ્રારબ્ધના પ્રદેશમાં આપણે વાવીએ તેવું લણીએ છીએ." —વ્હીટિયર

"વહાલા બ્રૂટસ! આપણા ગ્રહોનો વાંક હોતો નથી, આપણે હલકા રહીએ, નીચા રહીએ તેમાં દોષ આપણોજ છે."—શેકસપિયર

"દરેક જણ પોતાનીજ કૃતિઓનું ફરજંદ છે."—સર્વેન્ટિસ

"કમળાવાળી આંખને બધુંજ પીળું લાગે છે." —પોપ

"મનુષ્યમાં ઉજ્જવળ શું છે, તે આપણે ખોળી કાઢવું જોઇએ, અગર તેનામાં ઊજળું છે એવી શ્રદ્ધા રાખવી જોઇએ."

"પ્રકાશ મેળવવા મહેનત કરનાર આત્માની પોતાની અંદરજ પ્રકાશ રહેલો હોય છે."

"દરેકમાં સમુમિમાં પણ, કાંઇ સારૂં રહેલું હોય છે, જે કદાચ આપણે જાગૃત કરી શકીએ."

"જાદૂઇ લાકડી આપણા હાથમાં છે."

"આ જીવન—આપણે બનાવીએ તેવું—બને છે."

બિચર કહેતો કે, "એક ફૂલમાં ઝાકળ હોય છે અને બીજામાં તે હોતું નથી; કારણકે એક પોતાનું પડ ખોલે છે અને ઝાકળ તેમાં દાખલ થાય છે. વળી બીજું બંધ રહે છે અને તેથી ઝાકળ તેના ઉપર પડી સરી જાય છે."

આજની ફતેહથી તમે અસંતુષ્ટ છો ? તો નક્કી જાણજો કે, ગઇ કાલના તમારાજ વાવેતરની લણણીરૂપ તે છે. સોના જેવી આવતી કાલનાં સ્વપ્ન તમને આવે છે? તો જાણી લેજો કે આજે તમે વાવશો તેવુંજ તમે કાલે લણશો. જિંદગીમાં આપણે જે મૂકીએ છીએ, જિંદગી માટે આપણે જે સમર્પણ કરીએ છીએ, તે પાછું જીવનમાંથીજ આપણે મેળવીએ છીએ. જગતને માટે આપણે ધારીએ અગર કરીએ, તે જગત આપણે માટે ધારે અગર કરે. આપણે જેવાં જેવાં મોં કરીએ, તેનું પ્રતિબિંબ બતાવનાર તે દર્પણ છે. આપણે સ્મિત કરીએ અને આનંદમાં હોઇએ, તો તેથી આપણું જ મોં પ્રકાશમાન અને આનંદયુક્ત લાગે છે. આપણે જો બટાશ, ગુસ્સો, હલકાઇ અને તિરસ્કાર બતાવીએ, તો તે આપણી તેવીજ નકલ આપણને બતાવે છે. દુનિયા બોલતા ઝરણા જેવી છે; જેમાં આપણા પોતાના અવાજનો પ્રતિધ્વનિ થાય છે. જેવું આપણે બીજા વિષે કહીએ તેવુંજ આપણે માટે કહેવામાં આવે છે. આપણામાં જે કાંઇ પ્રથમ માલૂમ ન પડે, તે જગતમાં બીજે ક્યાંય પણ માલૂમ પડતું નથી.

આરસના એક કઠંગા કકડામાંથી ઘોડો બનાવવો કે કોઇ મહાન પુરુષ અગર દેવતાની મૂર્તિ બનાવવી, તેનો આધાર તો ફક્ત કારીગર ઉપરજ રહે છે; પરંતુ એ બધા કરતાં પણ વધારે સુંદર અગર જીવનથી ભરપૂર અને ચારિત્રના પ્રકાશથી ઝગઝગતી, એવી તમારી આધ્યાત્મિક આકૃતિ ખીલવવી, એ તો તમે તેમ કરવા માગશો-તો તમારા પોતાનાજ હાથમાં છે.

અઢારમાં સૈકાની અધવચમાં, ઇંગ્લેંડના મધ્ય ભાગમાં નિર્જન, ઉજ્જડ પ્રદેશમાં, એક બરેબરા અરણ્ય જેવા ભાગમાં, મુસાફરોને માર્ગ બતાવવા માટે ડન્સ્ટન પિલર નામની એક દીવાદાંડી લિંકનહિલ ઉપર બાંધવામાં આવી હતી; પણ હાલ તે ફળદ્રૂપ પ્રદેશની વચ્ચોવચ્ચ આવી રહેલી છે. તેના ઊંચામાં ઊંચા શિખર ઉપરથી પણ કોઇ ઉજ્જડ ઘાસવાળી જગા એક જમાનાથી જોવા-

માં આવતી નથી ! સુપર ફ્રોસ્ફેટ ઓફ લાઇમ નામના ખાતરથી આ અદ્‌ભુત ફેરફાર થયેલ જોવામાં આવે છે. ઉચ્ચ આદર્શના પ્રોત્સાહનથી, કાંઈ પણ સુપરિણામ બતાવી નહિ શકે, તેવાં નિરૂપયોગી જીવન, પરિણામ બતાવે તેવાં ફળપ્રદ નીવડ્યાં છે. સારામાં સારાં જીવનમાં પણ આટલાજ ભારે સુધારા સંભવિત છે. ઉચ્ચ આશયનું સુપર ફ્રોસ્ફેટ જેવું ખાતર ભરો અને તમારું નિરૂપયોગી જીવન પણ ગુલાબની માફક નવપલ્લવિત થશે.

કોઈ પણ રીતે આપણામાં એવી એક આંતરમાન્યતા રહેલી છે કે, આપણે સ્વતંત્ર છીએ; છતાં આપણામાં પ્રારબ્ધ જેવું પણ કાંઇક રહે છે. તે આપણી આજુબાજુ વાડની માફક રહે છે, આપણા સ્વાતંત્ર્યને મર્યાદિત કરે છે, આપણી શકયતા ઉપર અંકુશ મૂકે છે અને આપણા કામકાજની દિશા નક્કી કરે છે; પણ સ્વાતંત્ર્ય એ પણ પ્રારબ્ધનોજ વિભાગ છે તથા જે કાંઇ કઠોર પ્રારબ્ધ જેવું દેખાય છે, તે સ્વાભાવિક બંધનમાત્ર છે. માણસનું જ્ઞાન, ખંત અને ચાલાકી પ્રારબ્ધને રદ કરે છે. જેમ આપણામાં વિશાળતા વધે છે, તેમ આપણને વધારે સ્વાતંત્ર્ય મળે છે. આપણે ઉપયોગ કરી શકીએ તેવું સઘળું સ્વાતંત્ર્ય આપણને આપવામાં આવ્યું છે. જ્ઞાન જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ પ્રારબ્ધ પાછું હઠે છે. જે પ્રારબ્ધ કહેવાય છે, તેને દબાવી દઇ આગળ વધે, તેજ માત્ર મહાન ફતેહ કોઇ પણ વખતે મેળવી શકશે.

થોરોએ કહ્યું છે કે, "ઘોડાનો માર્ગ અને પૈંડાના ચીલા વચ્ચે બે ફૂટ ઊંચું એક ફૂલઝાડ મેં જોયું હતું. એકજ ઇંચ, આ ફૂલઝાડ ડાબી અગર જમણી બાજુએ ફાલ્યું હોત અગર એકજ ઇંચ ઊંચું ગયું હોત, તો તેનું આવી બન્યું હોત. આમ છતાં તેની આજુબાજુ હજારો એકર નિર્જન જમીન હોય તેમ તે ખીલતું હતું. તે કોઇ મુશ્કેલી માથે લેવા જતું નહિ અગર દુર્દશાની ધાસ્તી આણી તે દુર્દશા પોતાની ઉપર લાવતું નહિ."

હૂડ કહેતો કે, "મેં નિશ્ચય કર્યો હતો કે, સૂર્યની માફક, જ્યાંસુધી દિવસ હોય, ત્યાંસુધી દરેક વસ્તુની ઊજળી બાજુ તરફજ મારે જોવું."

કાર્લાઇલ કહે છે કે, "આપણા સૂર્યપ્રકાશમાં હંમેશાં એક કાળો ડાઘ હોય છે અને તે આપણીજ છાયા હોય છે. તમારી

એ છાયાથી દૂર રહો.”

આપણને બુદ્ધિ આપવામાં આવેલી હોય છે, પણ આપણા ચારિત્રની રચના આપણે પોતે કરીએ છીએ. કિંમત ન હોય, તે માણસ કદી જૂઠું ન બોલે, લોકાપવાદથી બીને માણસ કદી દુરાચારમાં ન પડે; આ સ્થિતિ ચારિત્રને કલંકિત કરી શકે છે. માણેક, સોનું, રાજમુકુટ અને ખુદ રાજસત્તા કરતાં પણ ઉચ્ચ ચારિત્ર વધારે કિંમતી છે અને તેવા ચારિત્રની રચના કરવી તેજ જગતમાં સારામાં સારી બાબત છે.

“ માંદગી અને બીજા અનિષ્ટોની નિર્બળતાનો અટકાવ કરવા માટે આનંદરૂપી વાડ કરવાને સારૂ હું હમેશાં પ્રયત્ન કરૂં છું” એમ સ્ટર્ન કહેતો. તે વળી કહેતો કે, “ **માણસ જે કોઇ વખતે સ્મિત કરે છે ત્યારે, તેમજ હસે છે ત્યારે, વિશેષ કરીને તેના જીવનના અંશમાં અવશ્ય કાંઈક ઉમેરે છે.** ”

જૅન ક્રેંકલીનની શોધમાં ગયેલા બારવાઓનો બોરાક જ્યારે તદ્દન થઈ રહેવા આવ્યો હતો અને માંડમાંડ તેઓ ચલાવતા હતા, તે વખતમાં તેમાંના એકે બાતી વખતે કહ્યું હતું કે, “ આવી સુંદર–આવી લહેજતદાર ભાખરી મેં કદી બાધી નથી.”

મર્દની માફક જિંદગી ગાળો. જિંદગી એક ગંભીર અને મહત્ત્વની બાબત હોય તેમ વર્તન કરો. જિંદગીમાં કોઈ આનંદજનક કાર્ય કરવાને તમે જન્મ્યા હો, જગત તમારા જન્મ માટે રાહ જોઇ રહ્યું હોય, તેમ તેમાં તમે કામકાજ કરો. કાંઇક કરવાને અને કાંઇક મેળવવાને, સારી તેમ મોટી યોજનાઓ અમલમાં મૂકવાને જિંદગી એ એક મહાન તક હોય તે પ્રમાણે વર્તન કરો.

“ આનંદી અને સ્વસ્થ માણસમાંથીજ જે કાંઇ ઉમદા અને સરસ હોય તે નીકળી આવે છે ” એમ શિલર કહે છે. જે કાંઇ સારામાં સારૂં અને ઉમદામાં ઉમદા કાર્ય થાય છે, તે આવી પ્રકૃતિમાંથીજ ઉત્પન્ન થાય છે. ક્ષુદ્ર, ઉદાસ આત્માઓ **જેઓ ભૂતકાળનો ખેદ કર્યા કરે છે અને ભવિષ્યથી બીધા કરે છે, તેઓ વર્તમાન જીવનનો લાભ લઇ શકતા નથી.**

ચાન્સેલર્સ વ્હીલ આગળ એક સિપાઇના બે પગ ઊડી ગયા, ત્યારે તે બોલ્યો હતો કે, “ મારા હાથ ન ઊડી ગયા, તેથી હું કેટલો ભાગ્યશાળી છું ! ”

એપોલ્ડાની અદ્‌ભુત ચક્કી નીચે થઇને નીકળતાં કેવો ત્રાસજનક અનુભવ થાય છે, એવું જ્યારે તેને લગતી અદ્‌ભુત વાર્તામાં યુવાન સ્ત્રીઓને પૂછવામાં આવે છે, ત્યારે તેઓ બોલી ઊઠે છે કે, "ત્રાસજનક! દુઃખદાયક! ના, ના! એવું કાંઇજ નથી. રાત્રીના સારા આરામ પછી સવારમાં આપણે જાગીએ, આપણા ઓરડામાં સૂર્યપ્રકાશ જોઇએ, ઝાડનાં પાંદડાં હાલવાનો અને પંખીઓનો સ્વર સાંભળીએ એવો તેમાં તો આનંદ મળે છે."

આ ચક્કીની પાસે બીડીનો ધુમાડો કાઢતા એક નોકરને એક દિવસે એક વૃદ્ધ સ્ત્રીએ કહ્યું કે, "મારે ફરીથી જુવાન થવું છે." તે માણસે કહ્યું: "તમારૂં નામ શું છે, તે મહેરબાની કરીને કહેશો?" જવાબ મળ્યો કે, "છોકરાઓ મને મધર રેડ કેપ કહે છે. મારી યુવાવસ્થામાં હું ઘણી સુખી હતી અને બીજી બધી બાબત કરતાં યુવાન થવા માટે મને વધારેમાં વધારે આકાંક્ષા છે." "ત્યારે મધર રેડ કેપ! તમે આ બાંકડા ઉપર બેસો" એમ કહી તે માણસ મિલમાં ગયો અને એક મોટું પુસ્તક ઉઘાડીને કાગળની એક લાંબી પટી લઇને આવ્યો.

તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું: "આ શું બિલ છે?" તે પુરુષે જવાબ દીધો: "અમે પૈસા લેતા નથી. તમારે આ કાગળ ઉપર સહી કરવી પડશે." "મારે તેમ કરવાની શી જરૂર છે?" નોકરે ઉત્તર આપતાં સ્મિત કર્યું: "તમે જે જે મૂર્ખતા કરી છે, તેનું આ એક લિસ્ટમાત્ર છે. તે લિસ્ટ અત્યાર સુધીનું અને પૂરેપૂરૂં છે. જુવાન થવા પહેલાં, તમે પહેલાં જે જે મૂર્ખતાઓ કરી હતી તે બરોબર ક્રમમાં ફરીથી કરવાની પ્રતિજ્ઞા તમારે લેવી પડશે. લિસ્ટ લાંબું છે એમાં કાંઇ પણ શક નથી. ૧૬ થી ૩૦ વર્ષની વચ્ચે દરરોજ ઓછામાં ઓછી એક મૂર્ખતા તો તમે કરતાં અને રવિવારને દહાડે બે મૂર્ખતા કરતાં. પછી તમે ચાળીસ વર્ષનાં થયાં ત્યાંસુધીમાં તમે કાંઇક સુધર્યાં; પણ હું ખાતરીથી કહું છું કે, તે પછી પણ મૂર્ખતાનાં પુષ્કળ કામ તમે કર્યાં છે."

તે વૃદ્ધ બાઇએ નિસાસો નાખતાં નાખતાં કહ્યું કે, "તમે જે કાંઇ કહો છો તે ખરૂં છે એમ હું જાણું છું અને આટલું કરીને, ફરીથી યુવાન બનવામાં કાંઇ માલ નથી એમ હું ધારૂં છું." તે માણસે કહ્યું કે, "હું પણ એમજ ધારૂં છું. ખરેખર કોઇને પણ તેમ કરવામાં લાભ નથી. અમારે અહીં તો લહેર છે. અઠવાડિ-

થાના આઠે દહાડા અમારે આરામ છે. કેટલાંક વર્ષથી મિલનું કામકાજ બંધ છે."

તે વૃદ્ધ બાઇએ તે માણસને બન્ને હાથ લગાડી વિનતિ સાથે કહ્યું કે, "આપણે એમાંથી થોડી ચીજો છેકી નાખી શકીએ નહિ? ધારો કે એવી બાર વસ્તુ છે જે સંભારતાં મને ઉદ્વેગ થાય છે તે આપણે મૂકી દઇએ." તે નોકરે કહ્યું: "નહિ, નહિ, કોઇ પણ બાબત આપણે મૂકી દઇ શકીએ નહિ. નિયમ એવો છે કે, બધી ચીજો અગર એક પણ નહિ." ત્યારે તેણે ત્યાંથી જતાં જતાં કહ્યું: "તમારી જૂનીપુરાણી મિલનું અમારે કામ નથી."

મધર રેડ કેપ જ્યારે પોતાને ઘરને ઘેર પાછાં આવ્યાં ત્યારે પડોશીઓએ કહ્યું: "કેમ! તમે તો ગયાં હતાં તેના કરતાં પણ વધારે ઘરડાં દેખાઓ છો? મિલની વાતમાં કાંઇ સચ્ચાઇ હોય એમ અમે તો કદી પણ ધારતાં નહિ."

ઉધરસનો એક ઠબકો ખાતાં ખાતાં તે ડોશી બોલી ઊઠ્યાં: "ફરી જુવાન થવામાં શો લાભ છે? માણસો જો પ્રયત્ન કરે, તો વૃદ્ધાવસ્થા પણ યુવાવસ્થા જેટલીજ સુંદર બની શકે છે."

જિંદગીના ઝાંપા આગળ દરેક આત્માને સ્વચ્છમાં સ્વચ્છ આરસનો એક મોટો કકડો (સમય) અને એક ફરસી તથા મોગરી (શક્તિ અને તક) કોઇ ગુપ્ત દૂતે તેની આગળ મૂકેલાં માલૂમ પડે છે. આરસનું તે શું કરશે? આમાંથી કોઈ દેવદૂત અગર ભૂત ઘડી કાઢવું, એ તેના હાથમાં છે. તેમાંથી એક મહેલ અગર ઝૂંપડું ઊભું કરવું તે તેના હાથમાં છે. એક માણસ તેના આરસમાંથી એક એવું બાવલું ઊભું કરે છે, કે જેથી દુનિયા મોહિત થાય છે અગર તો મૂક સંગીતની મૂર્તિ જેવી મૂર્તિ તેમાંથી તે કોતરી કાઢે છે. બીજો તેમાથી એવી કંટાળો આપે તેવી આકૃતિઓ ઘડી કાઢે છે, કે જે હમેશાં માણસોની નીતિ બગાડે છે અને દરેક જોનારના હૃદયમાં વિષ દાખલ કરે છે.

એકજ કુટુંબમાં અને એકજ સંજોગમાં એક જણ જ્યારે એક ભવ્ય ઇમારત ઊભી કરે છે, ત્યારે અદ્દઢ અને શક્તિ વગરનો તેનો ભાઇ ખંડિયેરોમાંજ પડી રહે છે. તેની તેજ સામગ્રીમાંથી તે કીર્તિ અગર અપકીર્તિ, જશ અગર અપજશનાં પાત્ર બનાવી શકે. આપણે જેની તપાસ રાખતા હોઇએ છીએ, તેજ આપણને

મળી આવે છે. ભૂસ્તરવેત્તા ફરસબંધીના પથ્થરમાં પણ કાંઇક ચેાજના, કાંઇક પ્લાન, કાંઇક ક્રમ જોઇ શકે છે. જે ફૂલ અને ઘાસ ઉપર પગ દઇ કાંઈ પણ વિચાર વગર ઘણા માણસેા ચાલે છે, તેમાં વનસ્પતિવિદ્યા જાણનાર ઘણું જોઇ શકે છે. જ્યારે પેાતાના જાતિબંધુઓ ભાગ્યેજ ઊંચી નજર કરે છે, ત્યારે ખગેાળવેત્તા તારાનાં ઊંડાણમાં દૃષ્ટિ નાખે છે.

કુદરત પણ આપણી વૃત્તિઓને અનુસરે છે. જે હસે છે તેની સાથે તે હસે છે. જેઓ રડે છે, તેમની સાથે તે રડે છે. આપણે આનંદમાં હોઇએ છીએ તેા પક્ષીઓનું ગાન આપણને વધારે મધુર લાગે છે. વન, ઉપવન અને નિર્ઝરેા આપણા સંગીતનેા પ્રતિરવ કરે છે. આપણે જો ઉદ્વેગમાં હોઇએ છીએ, તેા કુદરતના મુખ ઉપર પણ ઉદ્વેગ છવાઇ રહે છે. સૂર્ય પ્રકાશે છે, પણ આપણા હૃદયમાં અંધકાર હેાય છે. પક્ષીઓ ગાય છે, પણ તે આપણી આગળ ગાતાં જણાતાં નથી. જગતનેા સંગીતનેા સૂર ધીરા ચાલે છે. **હું વિશ્વાસ રાખીશ, તેા મારેા વિશ્વાસ રખાશે; હું વહેમાઇશ, તેા મારે માટે વહેમ લાવવામાં આવશે. હું ચાહીશ, તેા મને સૌ ચાહશે. હું ધિક્કારીશ, તેા મને સૌ ધિક્કારશે.** દરેક માણસ લેાહચુંબક સમાન છે અને પેાતાની આજુબાજુ પેાતાનેજ પસંદ પડતાં સારાં અગર નરસાં તત્ત્વેા એકઠાં થાય, ત્યાંસુધી પેાતાને મળતા લેાકેા અને સિદ્ધાંતેાને તે પેાતાના તરફ આકર્ષે છે. આ રીતે શરીરના સઘળા અવયવ અને ધર્મ ગાઢમાં ગાઢ સમભાવ સાથે સંકળાયલા છે. એક હસે છે, તેા બધા તેનેા આનંદ લે છે. એકને દુઃખ થાય છે, તેા બીજા બધાને તે સાથે દુઃખ થાય છે.

ભવિષ્ય આપણે બનાવીએ તેવું થઇ શકશે. આપણેા હેતુ તેને તેનું ચારિત્ર અર્પણ કરશે. એક માણસનેા નિશ્ચય–તેજ તેનું ભવિષ્ય કહી આપશે. જેને કેાઇ મહાન પ્રેરણા–પ્રેાત્સાહન નથી, તે માણસ માટે કેાઇ પ્રકાશમાન આશા–કેાઇ પ્રશસ્ત ભાવી નથી. એક માણસને જાણેા અને તે માણસ તમને ઓળખાઇ આવશે, તેની મરદાનગી જણાઈ આવશે; તેથીજ તેના ભાવીનું પ્રકટીકરણ થશે. ઉત્સાહ નરમ પાડી દે તેવેા તમારેા નિરાશાવાદ તમે પાછળ મૂકી દેા. અનિષ્ટ ધારી બેસતા નહિ. સારૂંજ ધારવું. સારેા વખત આણવાનેા નિશ્ચય કરેા અને સારેા વખત આવશે. જે માણસેા

મોટી મોટી આશાઓ, મહત્ત્વાકાંક્ષાઓ રાખે છે, તે જગતનું ભલું કરનારા હોય છે. આશાવાળા માણસો ! આગળ ધસો.

તહેવારનો દિવસ પૂરો થતાં મિ. એન્ડ્રુસે પોતાના એક શિષ્યને પૂછ્યું કે, "વારૂ, રૉબર્ટ ! આજ સાંજે તમે ક્યાં ગયા હતા ?" રૉબર્ટે જવાબ દીધો કે, "હું પ્રાઉનહીથ ગયો હતો અને કૅમ્પ માઉન્ટને આંટો દઇ, જંગલોમાં થઇને પાછો ઘેર આવ્યો; પણ મને આનંદ પડ્યો નહિ. કોઇ પણ માણસ ત્યાં નજરે પડ્યું નહોતું. નાકા તરફને રસ્તે હું ગયો હોત તો સારૂં."

રૉબર્ટ વાત કરતો હતો તેવામાં એક બીજો શિષ્ય આવ્યો. તેને શિક્ષકે પૂછ્યું કે, "તમે ક્યાં ગયા હતા ?" માસ્ટર વિલિયમે જવાબ દીધો કે, "આજે મને ફરવામાં જે આનંદ પડ્યો, તે જિંદગીમાં મને પડ્યો નથી. મિસલ્ટો નામનો એક વિચિત્ર છોડવો મેં જોયો. તેનાં મૂળ જાણે જમીનમાં ઊંડાં હોય તેમ ઓક ઝાડની છાલમાંથી તે ઊગી નીકળે છે. મેં એક લક્કડખોદ જોયો, ઘુવડનું એક મોટું કણસલું જોયું અને જંગલમાં કેટલાંક ફૂલ મેં એકઠાં કર્યાં. એક વિચિત્ર પક્ષીની પાંખ તૂટી ગઇ હશે, એમ ધારી હું તેની પાછળ પાછળ ફર્યો અને હું એક કાંપવાળી જગાએ આવ્યો. ત્યાં હું ભીંજાઇ ગયો અને પક્ષી તો પાંખ ન તૂટી હોય, એમ ઊડી ગયું. કદાચ પોતાના માળામાંથી છટકી જવાનો તેનો ઇરાદો હશે. મારાં લૂગડાં ભીંજાયાં તેની મને દરકાર નથી, પણ કાંપની આ જગા આગળ કોલસા બાળતા એક બુઢ્ઢાને મેં જોયો. તેણે પોતાના ધંધાની સઘળી હકીકત મને કહી અને મને એક સુંદર, નાનો મૂએલો સાપ આપ્યો. પછી હું ઊંચી ટેકરીને માથાળે ગયો અને બધો પ્રદેશ એક નકશાની માફક મારી આગળ પથરાયો હોય તેમ મેં જોયો. પછી આ ટેકરીને કૅમ્પ ટેકરી કહે છે, તે કારણથી જૂની કૅમ્પનાં ખંડિયેરોની મેં શોધ કરી અને મને તે જડ્યાં. પછી હું નદી તરફ અને બીજી વીસપચીસ જગાએ ગયો. આ બધે સ્થળેથી અઠવાડિયા સુધી પહોંચે તેટલી કાંઇક ને કાંઇક જિજ્ઞાસા અને વિચારો હું ઘેર લાવ્યો છું."

તેની આ જિજ્ઞાસા વિષે મિ. એન્ડ્રુસે કહેવા જેવું બધું જ કહ્યું અને જ્યારે તેને માલૂમ પડ્યું કે, વિલિયમ, જેણે આટલું બધું જોયું હતું તે, રૉબર્ટ જે જગાઓએ થઇને ગયો હતો, ત્યાંજ

ગયેા હતેા, પણ રૅાબર્ટે કાંઇક જોયું ન હતું. તે બેાલ્યેા કે, "ખરેખર આમજ બને છે. એક માણસ દુનિયામાં આંખ ઉઘાડી રાખી ફરે છે અને બીજો બંધ કરીને ફરે છે. જગતના સર્વ ભાગમાં ફરેલા બલાસીઓને મેં જોયા છે. આ લેાકેાએ જગતની દારૂ પીવાની જગાઓજ માત્ર જોઇ હેાય છે અને ત્યાં વેચાતા દારૂની કિંમત માત્રજ તેઓ જાણે છે. એક નાદાન, અવિચારી યુવકને યુરેાપના પ્રવાસે ધકેલવામાં આવે છે, પણ તે ત્યાંથી એક પણ વિચાર ગ્રહણ કરીને આવતેા નથી; જ્યારે અવલેાકનની આંખવાળા અને તપાસ કરવાની વૃત્તિવાળાને દરેક મુસાફરીમાં સુધારણાની સામગ્રી અને આનંદ મળે છે. વિલિયમ, તારે તારી આંખનેા ઉપયેાગ કર્યા કરવેા અને આંખેા ઉપયેાગ સારૂ આપવામાં આવી છે તે, રૅાબર્ટ ! તારે જાણવું."

આ બન્ને યુવકે પેાતપેાતાને અનુકૂળ જગત ઉત્પન્ન કર્યું હતું.

આયેગેા કહે છે કે, "આપણે આવા અગર તેવા હેાઇએ છીએ, તેનું કારણ પણ આપણે પેાતેજ હેાઇએ છીએ. આપણાં શરીર આપણા બગીચા છે. આપણા સંકલ્પ આ બગીચાના માળી છે. આ રીતે આપણે કૌવચ વાવવાં કે શિંગ વાવવી, ખુશબેાદાર રેાપ વાવવા કે નિંદામણના છેાડવા તેમાં ભરી કાઢવા, વનસ્પતિની એકજ જાતિ તેમાં રાખવી અગર ઘણી જાતથી ગૂંચવાડા ઊભા કરવા, તેને ઉજ્જડ પડી રહેવા દેવા અગર ઉદ્યોગથી તેમાં ખાતર ભરવાં–આ સર્વ શક્તિ–આ સઘળી વિકાસ પામે તેવી સત્તા આપણા સંકલ્પમાં રહેલી છે."

વ્હીપલ કહે છે કે, "દરેક માણસની હલકાઇ, વિચારની અંધતા, અજ્ઞાન, દુર્ગુણ અગર ક્ષુદ્રતા, તેની પેાતાની અને જે કાંઇ ગંભીર, વ્યાપક, ડહાપણ ભરેલું, સારૂં અગર મહાન હેાય છે તેની વચ્ચે વજ્ર જેવી દીવાલ ઊભી કરે છે.

કહેનારે બરાબર કહ્યું છે કે, "એકજ સામગ્રીમાંથી એક માણસ મહેલ બનાવે છે, બીજો ઝૂંપડાં બનાવે છે; એક મેાટી વખારેા ઊભી કરે છે, બીજો બગીચાવાળાં મકાન ઊભાં કરે છે. જ્યાં સુધી શિલ્પી તેનું કાંઇ બનાવે નહિ, ત્યાંસુધી ચૂનાનેા કેાલ અને ઇંટેા તે ઇંટેાજ રહે છે. **પથ્થરની એક છાટ નબળા મનના માણસના માર્ગમાં એક હરકતરૂપ હેાય છે. તે દૃઢ મન-**

વાણાને આગળ ચડવાના પગથિયા જેવી હોય છે; તેમજ જે મુશ્કેલીઓ એક માણસને નિરાશ કરે છે, તેજ મુશ્કેલીઓ બીજાના સ્નાયુને મજબૂત કરે છે; કેમકે આ બીજો માણસ આ મુશ્કેલીઓને કૂદી પડવાનું એક કમાનવાળું પાટિયું સમજે છે અને તે ઉપરથી નિષ્ફળતાનો અખાત ઓળંગી જઇ, ફતેહની ખાતરી ભરેલી જગા ઉપર તે આવે છે.

કોર્ટીના કહેવા મુજબ દરેક માણસના કાનમાં ૮૭૦૦ તારની એક વીણા રહેલી છે. તેની લંબાઇ $\frac{1}{16}$ થી લઇ $\frac{1}{30}$ ઇંચ સુધીની હોય છે. "ઇ" તાર વગાડવા લીધો હોય અને એક પિયાના આગળ એક સુસ્વર વીણા મૂકવામાં આવી હોય, તો વીણાનો "ઇ" તાર તેની સાથેજ હાલશે અને તેટલાજ સૂરવાળો અવાજ આપશે. બીજા તાર પણ તેમને મળતાજ અવાજનો ધ્વનિ ઉત્પન્ન કરશે. આજ રીતે માનવવીણાના ૮૭૦૦ તારની મર્યાદા એટલી વિસ્તૃત હોય છે કે, થોડા પણ અવાજને તેને મળતો તાર મળી આવે છે અને શ્રવણેંદ્રિયમાં થઇ મગજમાં અવાજ પહોંચી જાય છે. આપણો આત્મા વીણા જેવો છે અને તેના તાર સૂક્ષ્મ સંગીત માટે ચઢાવવામાં આવ્યા હોય છે; તથા આપણા જીવનના અખંડપણા અગર અર્ધાપણાને અનુસરી આપણામાં વધારે ઓછી સંસ્કૃતિ આવે છે. જગત મધુરતાથી ભરેલું છે. ગુપ્ત આંગળીઓની નીચે આવી જતો પરમાણુ, મધુરમાં મધુર સંગીતથી ડોલાયમાન થાય છે; પણ સૂક્ષ્મ સૂર ગ્રહણ કરી શકે તેવો ભાવમય આત્મા કોઇક કોઇક વખતજ જણાઇ આવે છે. ભાગ્યેજ કોઇ કવિ અગર તત્ત્વવેત્તા દોડતા ઝરાઓમાં રહેલા ગ્રંથ ઉકેલી શકે છે, પથ્થરમાં રહેલો ઉપદેશ અને દરેક ચીજમાં ઈશ્વરનું અસ્તિત્વ જોઇ શકે છે. કોઇક કોઇક વખતજ એકાદ એંગાસિઝ જૂના પથ્થર ઉપર પડેલા એકજ ઘસારા અગર આંટણ ઉપરથી, તેમ એકાદ પ્રાણીના હાડકા ઉપરથી એક આખું હાડપિંજર ઊભું કરી શકે છે, તેમાં માંસ ભરે છે અને સૈકાઓથી નાશ પામેલી જાતિના પ્રાણીને જાગતું જ્યોત કરી મૂકે છે. કોઇક કોઇક વખતજ હ્યુ મિલર જેવા માણસો ઉત્પન્ન થાય છે, જે જમાનાના જમાનાનાં ઈશ્વરનાં પગલાં ખોળી કાઢે છે અને ખડકો ઉપર છપાયેલાં ભૂતકાળનાં દફતર ઉકેલે છે; પણ જેઓ સચેતન સૃષ્ટિનું આનંદ અને આશામય સંગીત–સાચા દિલના મહ-

ત્વાકાંક્ષાવાળા અને પ્રયાસમાં પડેલા સહિષ્ણુ, ગંભીર અને આનંદી આત્માઓનું તેમજ ઈશ્વરની દયા અને પ્રેમથી ભરેલા આકાશનું સંગીત ઝીલી શકે, તેવા તો વળી તેથીયે દુર્લભ છે.

કેટલાક માણસો મધમાખની માફક દરેક ફુલમાંથી મધ એકઠું કરે છે; જ્યારે કરોળિયાની માફક બીજાઓ માત્ર ઝેરજ લઇ જાય છે. એક માણસને દરેક જગાએ અને દરેક પ્રસંગે આનંદ મળી આવે છે. તે પોતાનો ઉત્સવ પોતાની સાથેજ લઇને ફરે છે; ત્યારે બીજો જાણે સ્મશાનથી પાછો ફરેલો હોય એવોજ હમેશાં જણાય છે. એક માણસ જ્યાં જુએ છે ત્યાં સૌંદર્ય અને એકવાક્યતા જુએ છે; પોતાનાં આંસુમાં પણ આશા-રૂપી સૂર્યનાં કિરણ પડતાં તેને ઉજજવલ મેઘધનુષ્યનો દેખાવ દેખાય છે; ત્યારે બીજો સૌંદર્ય જોઇ શકતોજ નથી. તેની આંખના કાચ ઉપર ધુમાડો ચડેલો હોય છે અને તેથી આખી દુનિયાને શોકનું આવરણ ચડેલું તેને જણાય છે.

જો કે સઘળાને આંખો હોય છે, છતાં સઘળા જોતા નથી; છતાં સઘળી આંખોની બનાવટ એકસરખી હોય છે. એકજ પ્રકારનો સુંદર પ્રકાશ બધીજ કીકીઓ ઉપર આવે છે, પણ દરેકને જુદી જુદી રીતે ચિત્ર જણાય છે. બોસ્ટન કૉમન—એ સ્થળ ઉપર એક માણસ જ્યારે ફક્ત કાંકરા, ઘાસ અને બળતણ જુએ છે, ત્યારે બીજો તેના સૌંદર્યથી મુગ્ધ થાય છે. એક સુંદર ગુલાબમાં, એક જણ માત્ર, દુઃખતી આંખો માટે ગુલાબજળ સિવાય બીજું કાંઇ જોતો નથી—બીજો તેનો હેતુ ઉકેલે છે અને તેની અદ્‌ભુત સુવાસમાં ઈશ્વરના સુવિચાર ઉકેલે છે. આ ગુલાબ તેને એક કાચના યંત્ર જેવું થઇ પડે છે અને તે વડે તે સૃષ્ટિના ઉત્પન્ન કરનારનું હૃદય જોઇ શકે છે.

એક પ્રાચીન કવિ કહેતો કે, "મારૂં શરીર પૃથ્વી ઉપર ચાલશે, પણ હું મારા આત્માને પાંખો અને મારા કઠણમાં કઠણ વિચારોને પીછાં લગાવીશ."

આપણે જો જીવનમાંથી વધારેમાં વધારે લાભ મેળવવા માગતા હોઇએ, તો આપણે માત્ર જોતાં નહિ પણ તપાસતાં શીખવું જોઇએ. સૂર્ય કાંઇ મેઘધનુષ્ય કે ગુલાબ તરફ પક્ષપાત કરતો નથી. તે તો પોતાનું સૌંદર્ય દરેક સ્થળે વેરે છે. આપણી દૃષ્ટિમાંજ દોષ-

માત્ર રહેલો છે. જૉન સ્ટુઅર્ટ મિલે કહ્યું છે કે, જો કે આપણું ચારિત્ર સંયોગોથી બને છે, છતાં આ સંયોગોને અમુક આકાર આપવામાં આપણી ઇચ્છાઓ ઘણું કરી શકે અને સ્વતંત્ર ઇચ્છા-શક્તિના સિદ્ધાંતમાં જે કાંઇ ખરી રીતે પ્રેરક અને ઉત્કર્ષક છે, તે આપણા પોતાના ચારિત્રની ઘટના ઉપર આપણી ખરેખરી સત્તા રહેલી છે એવી આપણી ખાતરી છે. આપણી ઇચ્છાશક્તિ આપણા સંયોગોને અસર કરી શકે, તો આપણી ભવિષ્યની ટેવો અને સંકલ્પ કરવાની શક્તિમાં તે ફેરફાર કરી શકે છે. આપણે તપાસી-એ નહિ અને જોઇએ; અને સાંભળીએ પણ ધ્યાન આપીએ નહિ તે પ્રમાણે આપણે કામ કરીએ પણ તેને પરિપૂર્ણતાની દશામાં આણી શકીએ નહિ. માઇકલ એન્જેલોને તેના રાજાએ એક વખત બરફનું એક બાવલું ઊભું કરવા આજ્ઞા કરી હતી. વખત ફેંકી દેવા માટે સુસ્ત રહેવું જરૂરનું નથી તેનું આ જાણવાજોગ દૃષ્ટાંત છે. અમર હાથે મૂકેલા આદર્શ સૌંદર્યથી ભરપૂર બાવલું પણ પીગળી ગયું અને શિલ્પીની કીર્તિનું દરેક ચિહ્ન ધોવાઇ ગયું. વિસ્મૃતિ-ના પુસ્તકમાં લખતાં આપણે બધાએ કેટલો બધો કિંમતી વખત ગુમાવ્યો છે! ગુમાવ્યા કરતાં પણ વખતનો વધારે દુરુપયોગ કર્યો છે! કારણકે કોઇ પણ ઉપયોગ વગર આપણે દરેક કામ કરતા હતા, એ આપણે જાણતા હતા અને તેથી હેતુ વગરની તથા બેપરવાઇથી કામ કરવાની ટેવ આપણે ઊભી કરતા હતા. ઝાંખા પડી જાય તેવા રંગે ચીતરવાથી અને ભાગી પડે તેવા પથ્થ-રમાં શિલ્પકામ કરી, માત્ર લયને માટે જાણે ઘણા કામ કરે છે. તેઓ રેતી ઉપર ઇમારત ઊભી કરે છે અને પાણી ઉપર લખે છે.

જે કાંઇ આપણે ખરી રીતે થવાના છીએ તેની શક્તિઓ હાલ-જ આપણી પાસે છે. જેવી રીતે ભાવી ઍાક વૃક્ષ તેના બીજમાં રહેલું છે, તેવી રીતે વર્તમાનમાંજ આપણું ભવિષ્ય રહેલું છે. આપણા વાવેલા બીજમાંથી આપણું વિજયરૂપી વૃક્ષ થશે. તેના નવપલ્લવના સુગંધ અને તેના ફળના વિસ્તારનો આધાર આપણા ભૂતકાળ અને વર્તમાનમાંથી એંચેલા પોષણ ઉપર રહેશે.

રસ્કિન આપણને કહે છે કે, "જે જમીન ઉપર પગ મૂકીને આપણે ચાલીએ છીએ તે માટી, રેતી, મેશ અને પાણીની બને-લી છે અને તે આપણને કહે છે કે, કુદરતનું કામ (આ વસ્તુ-ઓમાં) સંપૂર્ણ હશે, તો માટીનાં ચીનાઇ વાસણ બનશે. તેના

ઉપર ચિત્રકામ થઈ શકશે અને રાજાના મહેલમાં તે મુકાશે. પછી વળી તે ચોખ્ખી, કઠણ અને સફેદ બનશે. તેનામાં તડકાનાં આસમાની અને રાતાં, લીલાં અને જાંબૂડા રંગનાં કિરણ ખેંચવાની શક્તિ હશે, તો તે ઝવેરાત બની શકશે. રેતી ઘણી કઠણ અને ધોળી બનશે અને તે તડકાનાં આસમાની કિરણ પોતાનામાં આણશે તો તે નીલમ બનશે. ધુમાડા જેવો કોલસો કઠણમાં કઠણ પદાર્થ બનશે અને તે હીરાના આકારમાં આવશે. ઉનાળામાં પાણી એ ઝાકળનું બિંદુ છે અને શિયાળામાં તેના તારા જેવા પાસલા બંધાય છે. તેવીજ રીતે **સાદામાં સાદાં જીવન, પોતાનામાં સત્ય, નિખાલસપણું, સખાવત અને શ્રદ્ધાના રંગ આણી શકે છે અને તે ચોખ્ખા નિર્મળ, પ્રકાશવાળા સ્ફટિક અને રત્ન બની શકે છે.**"

આપણાં કાર્યજ આપણા સારા અગર ખોટા ફિરસ્તા જેવાં છે. આપણા વિનાશકારક પડછાયા મૂંગા મૂંગા આપણી બાજુમાંજ ફરે છે.

" સઘળા ભાવીને બનાવનાર છે. સમયરૂપી આ દીવાલની અંદર તેઓ કામ કરે છે. કેટલાક ભારે અને મહાન કાર્ય કરે છે; કેટલાક તેમાં અલંકાર પૂરે છે. આપણે જે ઇમારત ઊભી કરીએ છીએ, તેને માટે સમય સામગ્રીથી ભરપૂર રહે છે. આપણી 'આજ' અને 'કાલ'—આ કકડાઓથી આપણે ઇમારત ઊભી કરીએ છીએ."

—લોંગફેલો



૧૯—પરાજયમાં વિજય

"એમ કહેવાય છે કે સર્વોત્તમ મનુષ્યો તેમના દોષ વડે—તેમની ભૂલો વડેજ ઘડાય છે." —**શેક્સપિયર**

"જેઓ કોઇ મહાન ધર્મકાર્ય કરતાં મરણ પામે છે, તેઓ નિષ્ફળ થયેલા કહી શકાય નહિ." —**બાયરન**

"નિષ્ફળતાઓ વિજયના સ્તંભ સમાન છે."

"આપણી મોટામાં મોટી કીર્તિ કોઇ દિવસ નિષ્ફળ નહિ જવામાં રહેલી નથી, પણ આપણે દરેક વખતે પડીએ તે વખતે ઊભા થઇ જઇએ એમાં રહેલી છે." —**ગોલ્ડસ્મિથ**

"આપત્તિ હીરાકણી સમાન છે—જે વડે ઈશ્વર પોતાના જવાહિરને ઓપ આપે છે." —**સ્ટેટન**

"ઈશ્વર પ્રીત્યર્થે જેઓની પડતી થાય છે તેઓ નક્ષત્રરૂપે પ્રકાશી નીકળે છે." —**બેન જોન્સન**

"નહિ ભૂંસાય તેવા ભૂતકાળના અવશેષ વડે ઉન્નત થઇ, આપણે કાંઈ પણ ઉચ્ચતમ સંપાદન કરી શકીએ તો તે ભૂતકાળને પૂરી રીતે ગુમાવેલો, પૂરી રીતે નિષ્ફળ ગયેલો માની શકીએ નહિ.—**લોંગફેલો**

"પરાજય શું છે? એ એક પ્રકારનું શિક્ષણ છે. કોઇ પણ વધારે સારી વસ્તુ, સારી સ્થિતિ તરફ જવાનું તે પહેલું પગથિયું છે." —**વેન્ડેલ ફિલિપ્સ**

"એક મહાન કારકિર્દીનું છેવટ, નિરાશામય હોય તો પણ માનવશક્તિઓની તે એક નિશાની છે. પ્રારબ્ધ, ભલેને તેનાં સઘળાં શર મારા પર છોડે, પણ મારો આત્મા, ઢાલની માફક તે સઘળાં ઝીલી શકશે અને બીજાં વધારે સામે પણ તે ટકી શકશે. પ્રારબ્ધ માટે નથી, તેમ હું પ્રારબ્ધનો નથી.

"આત્માનો વિજય કરનાર કોઈ નથી." —**ડ્રાયડન**

"કેટલીક વખત એમ બને છે કે, જેઓ નિષ્ફળ જનય છે, તેઓજ સાચામાં સાચું જીવન ગાળે છે." —**માયરન હેન્ફોર્ડ વિચાન**

રંગભૂમિ ઉપર છોડી મૂકેલાં જંગલી પ્રાણીઓથી બચવાને માટે ફાંફાં મારતા, તિરસ્કાર પામેલા, ખ્રિસ્તીઓને જોવા સારૂ લગભગ એક લાખ રોમનો *કોલોસિયમમાં એકઠા થયેલા છે. આ મહાન દેખાવ શરૂ થાય તે પહેલાં બે પ્રતિસ્પર્ધી મલ્લ વચ્ચે એક દ્વંદ્વયુદ્ધ ચાલુ થાય છે. લોકોનાં ટોળાંઓને ગમત આપવાને પ્રાણાંત સુધી લડવાની તાલીમ તેમને આપવામાં આવી છે. આવી લડાઇમાં એક મલ્લ પોતાના હરીફને લગાવતો, ત્યારે તે કહેતો કે, તેને જોઇએ તેવું મળ્યું છે અને તેને બચાવવો કે મારી નાખવો તે સંબંધે અભિપ્રાય મેળવવા લોકો તરફ તે જોતો. લોકો પોતાનો અંગૂઠો ઊંચો કરે તો તે સમજતો કે સામાને જવા દેવો અને જો તે અંગૂઠો નીચો કરે, તો તે સમજતો કે સામાને મારી નાખવો. આમાં મરનાર, મરણનો ઘા ખાવાને કાંઈ પણ આનાકાની બતાવતો તો "ત્યારે તલવારથી મર" એવો તિરસ્કારયુક્ત પોકાર ઊઠતો. કેટલીક વખત આગેવાન પુરુષો પણ આ અખાડામાં જતા અને પરાજય પામેલાની મરણની વેદનાઓ જોતા અગર તો કોઈ બહાદુર વીર નરનું ગરમ લોહી ચાખતા.

બે હરીફ મલ્લ અખાડામાં દાખલ થયા અને દાખલ થતાંજ શહેનશાહને તેમણે કહ્યું: "સીઝર! જેઓનું મૃત્યુ સમીપ છે, તેઓ તને નમન કરે છે." પછી તેઓ મરણિયા થઇ, પૂરા ઝનૂનથી, લાંબા વખત સુધી લડે છે. તેઓનાં મુખ પરસેવાથી ભીનાં અને અખાડાની ધૂળથી શ્યામ થઇ જાય છે; પરંતુ એવામાંજ એકદમ એક વૃદ્ધ વિદેશી માણસ કઠેરા ઉપર થઇ અખાડામાં કૂદી પડે છે. બન્ને હરીફોની વચ્ચે, ઉઘાડે માથે અને ઉઘાડે પગે તે ઊભો રહે છે અને લડવાનું બંધ કરવાને તેમને કહે છે. એ વાત સાંભળતાંજ એન્જિનમાંથી જેમ વરાળ નીકળે, તેમ વિશાળ શ્રોતામંડળમાંથી તેના પ્રત્યે ફિટકારનો અવાજ નીકળે છે અને તે પછી એવો પોકાર ઊઠે છે કે, "બુઢ્ઢા, નીકળી જા." પણ ધોળા વાળવાળો તે ફકીર જેવો માણસ ત્યાં ને ત્યાંજ પૂતળાની માફક ઊભો રહે છે. જોનારાઓ ગર્જનાયુક્ત ધૂમ મારે છે કે, "એને કાપી નાખો, એને કાપી નાખો" અને તે મલ્લ તે સુલેહ કરનારને કાપી નાખી તેના મડદા ઉપર લડે છે.

---

* રોમનોની રમતગમતની જગા.

પણ તેથી શું થયું ? આ વિશાળ અખાડામાં અગાઉ મરણ પામેલા હજારો માણસોની જિંદગી સાથે સરખાવતાં એક ગરીબ, બુઢ્ઢા, ફકીરની જિંદગીની શી કિંમત ? તે અપ્રસિદ્ધ માણસ મરી ગયો, પણ તેના મરણથી રોમ શુદ્ધિમાં આવ્યું. કોલોસિયમમાં ફરી કદી પણ આવાં નામોશી ભરેલાં મલ્લયુદ્ધ થયાં નહિ; એટલુંજ નહિ પણ શહેનશાહતના દરેક પ્રાંતમાંથી આ રિવાજ નીકળી ગયો અને ફરીથી ચાલુ થયો નહિ. આ વિશાળ ખંડિયેર આજે પણ પેલા ફકીરના પરાજયમાં રહેલા વિજયના સ્મારક તરીકે સ્થિતિ કરી રહ્યું છે.

જે માણસ સારામાં સારો યત્ન—પોતાથી બનતું સઘળું કરે છે, તે નિષ્ફળ જતો નથી. જો કે ટીકાકારો તેની અવગણના કરશે, પરંતુ સર્વશક્તિમાન અને સદા-ન્યાયી પ્રભુના ત્રાજવે તેની મહેનતનું બરોબર વજન થશે. કોઇ પણ કારણ વગર જેમ પરિણામ નીપજતું નથી, તેવીજ રીતે સાચા દિલના આગ્રહી મનુષ્યને આખરે સારો બદલો મળ્યા વગર રહેતોજ નથી.

જીવનનો પહેલામાં પહેલો એક બોધ એ છે કે, પરાજયમાંથી વિજય મેળવતાં શીખવું. નરમ પાડી નાખે તેવી આપત્તિથી માણસ જ્યારે ઘણોજ ઉદ્વેગ પામે અને મૂંઝાય, ત્યારે તેણે હિંમત અને ધીરજ ધારણ કરવાં જોઇએ અને નિષ્ફળતાની, પરાજયની સ્થિતિમાંથી, ભાવી વિજયનાં તત્ત્વોની શોધ કરવી જોઇએ. જેઓ ફતેહ પામે છે અને જેઓ નિષ્ફળ જાય છે, તેઓ વચ્ચેનો તફાવત આમાંથી નીકળી આવે છે. કોઇ પણ માણસની તુલના તમે તેની નિષ્ફળતા વડે કરી શકો નહિ. તે નિષ્ફળતાનો પણ શો ઉપયોગ કરે છે, તે તમારે જાણવું જોઇએ. નિષ્ફળતામાંથી પણ તે કાંઇ ગ્રહણ કરી શક્યો કે ? તેમાંથી તેણે શું શું મેળવ્યું ?

કોઇ પણ યુવાનની પહેલી નિષ્ફળતા હું બહુ રસ સાથે તપાસતો રહું છું. તે તેના જીવનનું દર્પણ છે. ફતેહ મેળવવાની તેની શક્તિનું તે પ્રમાણ બતાવી આપે છે. તે નિષ્ફળ ગયો એટલી હકીકતમાં મને કાંઇ જાણવા જેવું લાગતું નથી; પણ તેણે તેના પરાજય સમયે કેવી વૃત્તિ ધારણ કરી ? તે નિરાશ થયો ? તે કાંઇ છુપાવવા લાગ્યો ? તેણે શું એવું અનુમાન બાંધ્યું કે, તેણે પોતાના ધંધામાં ભૂલ કરી હતી અને બીજા કામમાં પડી ગયો હતો ?

અગર તો તે ફરી જાગૃત થયો અને જે નિશ્ચયમાં પરાજયનું નામ હોતું નથી, તેવા નિશ્ચય વડે તે ફરી કામે લાગી ગયો !

હંરી ડેવી કહેતો કે, "હું એક કુશળ હાથચાલાકીની વિદ્યા જાણનાર બન્યો નથી, તે માટે મારે ઈશ્વરનો આભાર માનવો જોઇએ; કારણકે મારી વધારેમાં વધારે મહત્ત્વની શોધની સૂચના નિષ્ફળતામાંથી મળી છે."

જૂડાસ મેકેબિયસની પાસે માત્ર આઠસો નિમકહલાલ માણસો હતાં, જ્યારે સામેના સીરિયન લશ્કરમાં ૨૦,૦૦૦ માણસ હતાં. આ સ્થિતિમાં જ્યારે પાછા હઠવાને તેને આગ્રહ કરવામાં આવ્યો, ત્યારે તેણે કહ્યું કે, " એમ હું કદી કરીશ નહિ, હું કદી પાછો હઠીશ નહિ; વખત આવ્યે અમે અમારા ભાઇઓ માટે મરીશું, પણ અમારી આબરૂને કલંક લાગવા દઇશું નહિ."

મિસ યંગ કહે છે કે, "લડાઇ ઘણા ઝનૂન સાથે ચાલતી હતી. થર્મોપીલી આગળ ત્રણસો વીર નરો જે ઝનૂનથી લડ્યા હતા, તેવીજ આ લડાઇ હતી અને તેનું પરિણામ પણ તેવું જ આવ્યું. જૂડાસ અને તેનાં આઠસો માણસો રણક્ષેત્રમાંથી પાછાં હઠ્યાં નહિ, રણક્ષેત્ર ઉપરજ મરણ પામ્યાં; પણ તેમણે પોતાનું કામ–પોતાનો હેતુ પાર પાડ્યો. આવા પરાજયની નૈતિક અસર ઘણા વિજય કરતાં પણ વધારે બળવાન હોય છે. આટલા બધા કિંમતી પ્રાણનો ભોગ આપવામાં આવ્યો એ વાત ખરી છે, પણ તેથી જુડિયાને સ્વાતંત્ર્ય મળ્યું."

જૂડાસના ભાઇઓ જોનાથન અને સાયમને તેને તેના પિતાની કબરમાં દાટ્યો અને તેણે આરંભેલું કાર્ય તેઓએ પરિપૂર્ણ કર્યું. જ્યારે સાયમન મરણ પામ્યો, ત્યારે પહેલાંના સમયમાં જુલમ તળે દબાયલા ચંપાયલા યહૂદીઓ પૂર્વમાં સર્વથી આબાદ લોકો થઇ પડ્યા. દેવળનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને મેકેબીઝનાં પરાક્રમથી, પોતાના પૂર્વજોના પવિત્ર સંપ્રદાયના રક્ષણ માટે સર્વ કાંઇ કરવાનું, મરણ પામવાનું બળ, તમામ લોકોમાં આવ્યું.

રોમની ત્રાસજનક હકુમતમાંથી પોતાના દેશને મુક્ત કરવાના લાંબા અને માથું વેગળું મૂકીને કરેલા નિષ્ફળ યત્ન પછી, વર્સિંજ ટોરિક્સ એવી શરતે સીઝરને શરણે થયો કે, તેના લશ્કર-

રને કાંઈ પણ ઇજા વગર સ્વદેશ જવા દેવું. છ વર્ષ સુધી તેને કેદ રાખવામાં આવ્યો. શહેનશાહની ફતેહ બતાવવા માટે તેને બેડીઓ પહેરાવી, રોમની પથ્થરની ઠંડી સડક ઉપર ઘસડવામાં આવ્યો અને પછી બીજી રાત્રીએ કેદખાનામાં તેને મારી નાખવામાં આવ્યો; છતાં ખૂબી એ હતી કે, ગૉલિક સરદારોમાં વધારેમાં વધારે બહાદુર અને ઉમરાવ દિલનો કયો સરદાર હતો, એમ પૂછવામાં આવતું તો "વર્સિન્જ ટોરિક્સ" સિવાય બીજાનું નામ કોઇ પણ લેતું નહિ.

પોતાને બાળી મૂકવાના સ્તંભ આગળ રિડલી અને લેટિમર ઊભા હતા, ત્યારે લેટિમરે કહ્યું હતું: "માસ્તર રિડલિ! ફિકર કરતા નહિ; મર્દ બનો. આજે ઇંગ્લેંડમાં પ્રભુકૃપાથી આપણે એવી રોશની પ્રકટ કરીશું કે જે, મને વિશ્વાસ છે કે કદી બુઝાશે નહિ." તે જમાનાની અસહિષ્ણુ વૃત્તિ સામે સેંકડો ઉપદેશ આપવામાં આવે પણ લેટિમરનાં આ વચનના દરેક શબ્દની તેના કરતાં વધારે અસર થઇ હતી. લોકોમાં એટલો બધો ગુસ્સો પ્રકટ થયો કે, બે વર્ષ પછી ક્રેન્મરને બાળી મૂક્યા બાદ, બીજા થોડા ઉપરજ આ પ્રકારનો જુલમ કરવામાં આવ્યો અને તે થોડા માટે પણ એમ કહેવાય છે કે, તેઓના ઉપર ગુપ્ત રીતે કામ ચલાવવામાં આવતું, રાત્રીએ તેઓને બાળી મૂકવામાં આવતા અને આ પ્રકારના અન્યાય અને નિર્દયતાથી લોકો ગુસ્સે થઇ બખેડો કરશે, એવી ધાસ્તીથી આ સમયે આજુબાજુ સૈનિકો પણ રાખવામાં આવતા.

પોતાનાથી બનતો સઘળો યત્ન કર્યા પછી પણ કોઇ યુવાન સંપૂર્ણ રીતે નિષ્ફળતા પામે અને ફરી ફરી અસ્ખલિત હિંમત અને એવડા ઉત્સાહ સાથે યત્ન કરે, એમાં કાંઇક ભવ્યતા, કાંઇક પ્રોત્સાહક તત્ત્વ અવશ્ય જણાય છે. નિષ્ફળતાથી જે યુવાન નિરાશ થતો નથી, તેના ભાવી માટે મને કાંઇ ધાસ્તી લાગતી નથી.

હેન્રી વૉર્ડ બિચર કહે છે કે, "પરાજયથી, હાડકામાં ચકમકની અને સ્નાયુમાં હાડકાની કઠણાઇ આવે છે, તેથી માણસો અજિત બને છે. દુનિયા ઉપર જેમનું પ્રભુત્વ છે, તેવા વીરનરો આ પરાજયની સ્થિતિમાંથી ઉત્પન્ન થાય છે; માટે પરાજયથી ડરતા નહિ. **કોઇ પણ સારા કામમાં તમારો પરાજય થાય, ત્યારે તમારે સમજવું કે, હવે વિજય સમીપ છે.**"

આગ્રહ અને દૃઢ નિશ્ચયની ખરી કસોટી નિષ્ફળતા છે. કાં તો જિંદગી તેથી કચરાઇ જાય છે અગર તો સંગીન બને છે. ઘાયલ થયેલી કાળુ માછલી પોતાની છીપ મોતીથી દુરસ્ત કરે છે. કોઈ પણ ખોટાની શોધથી, ખરૂં શોધવાની વૃત્તિ આપણને થાય છે અને દરેક નવા અનુભવથી આપણને કાંઈ ને કાંઇ ભૂલ જણાઇ આવી, આપણને તે સુધારવાની અને સંભાળપૂર્વક તેથી દૂર રહેવાની તક મળે છે. એ રીતે નિષ્ફળતા એ તો એક પ્રકારનો ફતેહ મેળવવાનો રાજમાર્ગ છે.” એમ કાર્લ્સ કહે છે.

એ. બી. આલ્કોટ કહે છે કે, “ઘણે ભાગે, આપણી પડી ભાગેલી પ્રિય યોજનાઓ આપણને સ્વર્ગમાં પ્રવેશ કરાવે છે અને આપણને એમ માલૂમ પડે છે કે, આપણી નિષ્ફળતા, ખરી રીતે નિષ્ફળતા નહિ પણ ફતેહજ હતી. જે માણસ સાચો અને પ્રમાણિક છે, તેનું જીવન કદી પણ નિષ્ફળ નીવડશે નહિ. જે કાર્યમાં, જે પક્ષમાં સત્ય છે તે કાર્ય, તે પક્ષ કદી નિષ્ફળ નીવડશે નહિ. નિષ્ફળતા એકજ બાબતમાં છે અને તે આપણમાં જે કાંઇ સારૂં હોય તેને વળગી નહિ રહેવામાં છે.”

રાજ્ય વગર, લશ્કર વગર, યુરોપના સર્વથી વધારે બળવાન રાજાની સામે થવાનું શું પરિણામ આવે? વિલિયમ ધી સાયલંટ (મૂંગો) વિદ્વાન તત્ત્વચિંતક, કુશળ ભાષાવિશારદ, કુલીન વંશનો, પુષ્કળ પૈસાવાળો અને સુલેહશાંતિને ચાહનાર હતો; પણ નાના હોલેંડના માત્ર એક નાગરિક તરીકે, ગભરાવી નાખે તેવાં વિરોધી બળ સામે થવાને, પોતાના હેતુમાં રહેલા ન્યાય અને પોતાના ચારિત્રના વજન સિવાય, બીજી કઈ ચીજ ઉપર તે આધાર રાખે શકે?

બીજો ફિલિપ, જર્મનીના શહેનશાહનો ભત્રીજો, ઇંગ્લેંડની રાણીનો પતિ, પોતાના હક્કથી સ્પેન, હોલેન્ડ, બેલ્જિયમ, ઇટલીનો મોટો ભાગ, ઓરાન, ટ્યુનિસ, કેપવર્ડ, કેનરી, ફિલિપાઇન્સ ટાપુ, એન્ટિલિસ, મેક્સીકો અને પેરૂનો રાજકર્તા હતો. જ્યારે તેના પડોશીઓ ટંટાથી નબળા પડેલા હતા, ત્યારે તેનાં સાધન અપ્રતિમ હતાં. તેના પક્ષને, તેના વિચારોને યુરોપનાં હથિયારબંધ લશ્કર, પૈસા, કીર્તિ, પ્રતિભા અને ધર્મની સહાયતા હતી.

ફિલિપે નેધરલેંડ્ઝમાં ધાર્મિક તપાસની અદાલત સ્થાપવા

નિશ્ચય કર્યો અને વિલિયમે પોતાના દેશના સ્વાતંત્ર્યના રક્ષણને માટે પ્રાણ અર્પણ કરવાનો નિશ્ચય કર્યો.

વિશાળ લડત ચાલી. આખરે વિલિયમ મરણ પામ્યો, પણ ફિલિપને વિજય મળ્યો નહિ. ખરેખર, હોલેંડમાં હવે કોઇ આગેવાન રહ્યું નહિ; પણ વિશાળ સ્પેનિશ રાજસત્તા હવે ભાગી પડતી હતી. લડતની શરૂઆતથીજ રાજાનું તેજ ઘટતુંજ જાય છે અને આખરે તેનું રાજાપણું પણ અદૃશ્ય થઇ જાય છે. જ્યારે પ્રિન્સ ઑફ ઓરેંજનું તેજ અભિવૃદ્ધિ પામતુંજ જાય છે અને તે સૈકામાં પ્રિન્સ સર્વથી તેજોમય વ્યક્તિ થઇ પડે છે. વિલિયમને દેશનિકાલ કરવામાં આવ્યો, તે ગરીબીમાં આવી પડ્યો, તેની પાછળ મારાઓ ફરતા, ઘણી વખતે તે નાસતો ફરતો અને છેવટે તે મરણ પામ્યો; પણ આખી જિંદગીમાં તેણે ચારિત્ર એવું અખંડ જાળવી રાખ્યું કે, દુરાચારીઓના પૈસા અને અન્યાય તેને કાંઇ પણ હરકત કરી શક્યા નહિ. ચારિત્ર એ બળ છે.

રેલે નિષ્ફળ ગયો; પણ બહાદુરીભર્યા પ્રયાસ અને ઉચ્ચ ચારિત્ર સાથે તેનું નામ હમેશ માટે જોડાયલું રહ્યું છે. કોસથને ફતેહ મળી નહિ, પણ તેની ઉચ્ચ કારકિર્દી, તેનાં આવેશભર્યાં વચનો અને તેની આદર્શ નિમકહલાલી અનંતકાળ સુધી રહેશે. ઓકોનેલને તેના કાર્યમાં ફતેહ મળી નહિ, તેનો હેતુ પાર પડ્યો નહિ; પણ તેણે વક્તા તરીકે, સ્વદેશાભિમાની નર તરીકે, સ્વાતંત્ર્યના પયગંબર તરીકે અમર કીર્તિ મેળવી.

આ દૃષ્ટિએ જોતાં ઝેનોફનનાં ૧૦,૦૦૦ માણસો પાછાં હઠ્યાં, એ તેમની કીર્તિનો પ્રકાશ એલેક્ઝાંડરના વિજય કરતાં પણ વધી જાય છે. સર જૉન મૂર કુરન્ના તરફ પાછો હઠી ગયો, એમાં વૅલિંગ્ટનના વિજય જેટલુંજ ગૌરવ રહેલું છે.

ઉત્ક્રાંતિના સમયમાં પોતાના પતિના હાથ નીચે કામ કરનાર કેટલાક અમલદારોએ એમ કહ્યું કે, "કપાશિયાથી રૂ જુદુ પાડવામાં એટલી મહેનત અને ખર્ચ લાગે છે કે, રૂ સુધારવાનું કામ આગળ વધારવું એ અશક્ય છે." ત્યારે મિસિસ થ્રીને કહ્યું કે, "મારા યુવાન મિત્ર વ્હિટની સાથે આ સંબંધમાં તમે વાત કરો, તે ગમે તે કામ કરી શકશે." જ્યોર્જિયામાં શિક્ષણ આપવા માટે એલિવ્હિટની મસાચુસેટ્સના પોતાના મકાનેથી ૧૭૯૨માં ગયો.

મિસિસ ગ્રીનને ત્યાં જતાં તેણે એ અમલદારો અને કેટલાક બગીચાવાળાને તેનું ઓળખાણ કરાવ્યું અને તે એક ઘણોજ પ્રમાણિક અને બુદ્ધિશક્તિવાળો યુવાન હતો, એવી તેને માટે ભલામણ કરી. તે યુવાન શિક્ષકે કહ્યું કે, "મેં રૂ અગર કપાશિયા કદી જોયા નથી; પણ મારાથી આ સંબંધમાં જે કાંઇ બનશે તે હું કરીશ" એવું તેણે વચન આપ્યું અને એક નાના મકાનને ભોંયતળિયે બારણાં બંધ કરી અખતરા કરવા મંડી ગયો. પોતાનાં હથિયાર તેને પોતાનેજ બનાવવાં પડતાં, પોતાના તાર પણ તેને પોતાનેજ ખેંચવા પડતા; કારણકે આવામાં તે વખતે તે ચીજો વેચાતી મળી શકતી નહિ. આખો શિયાળો તેણે પોતે હથોડા ઠોકવાનું અને ઘડવાનું કામ ચાલુ રાખ્યું અને આખરે તેનું યંત્ર ફતેહમંદ નીવડ્યું.

મિ. મિલર જેણે થોડાજ વખતથી મિસિસ ગ્રીન સાથે લગ્ન કર્યું હતું, તેણે આ યંત્રો પૂર્ણ કરવા, તેને માટે પેટંટ મેળવવા અને તેવાં બીજાં યંત્રો બનાવવાના કામમાં પૈસા પૂરા પાડવા અને વ્હિટનીના અડધા ભાગના ભાગીદાર થવા માગણી કરી. લોકો આ અદ્‌ભુત યંત્ર જોવા આવ્યા; પણ તેને પેટંટ ન મળે ત્યાં-સુધી તે બતાવવાને મિલરે ના પાડી. કેટલાક લોકો રાત્રીએ તે મકાનમાં પેસી ગયા અને જિન ઉપાડી ગયા. આ ભાગીદારોને તરત માલૂમ પડ્યું કે, તેમના નમૂના ઉપરથી બનાવેલાં જિન બજારમાં વેચાતાં હતાં. મિ. વ્હિટનીએ ન્યુહેવનમાં એક કારખાનું ઉઘાડ્યું; પણ તેની લાંબી બિમારી તેને ઘણીજ નડી અને પેટંટ-ની ફૂએ માંડેલા દાવાઓમાં તેના અને મિ મિલરના સઘળા પૈસા બવાઇ ગયા. વ્હિટની ફરી માંદો પડ્યો અને માંદગીથી ઊઠવાની તૈયારીમાં હતો, તેવામાં તેનું કારખાનું, તેનાં યંત્રો અને કાગળિયાં સાથે બળી ગયું તથા તે નાદાર સ્થિતિમાં આવી ગયો. આવામાં બબર આવી કે, વ્હિટનીની પદ્ધતિ નુકસાનકારક હોવાથી બ્રિટિશ કારખાનાંવાળાઓએ તેનાં યંત્રોએ કાઢેલા રૂ માટે ના પાડી. તે ઇંગ્લેંડ ગયો અને તેણે ઇંગ્લેંડના કારખાનાવાળાઓનો આ વિચાર ફેરવી નાખ્યો તથા તેના કોટન જિનની ફરી માગણી થવા લાગી. તેનું પેટંટ તોડનાર સામેના એક દાવામાં જ્યોર્જિયાની જૂરીએ, ન્યાયાધીશ તરફેણમાં છતાં તેની વિરુદ્ધ ચુકાદો આપ્યો. આ ચુકાદાની લીધે બજારમાં નકલી જિન વધારે આવવા લાગ્યાં.

આખરે ૧૮૦૭ માં, તેના પેટંટના છેલ્લા વર્ષમાં એક દાવાનો ચુકાદો તેના લાભમાં આવ્યો.

જજ જૉન્સને ચુકાદો આપતાં કહ્યું હતું કે, "દક્ષિણુના રાજ્યનાં અંદરનો તમામ ભાગ નબળો પડતો જતો હતો અને ત્યાંના રહીશોને ઉદ્યોગનું કાંઇ સાધન નહિ હોવાથી, તેઓ બહાર જવા લાગ્યા હતા; જ્યારે આ યંત્રની શોધ થવાથી તેમના મનમાં વિચારો અને માર્ગો ઉદ્ભવ્યા અને આખા દેશમાં બળભળાટ થઈ રહ્યો. બાળકથી તે વૃદ્ધ માણસ સુધી અમોને એને લીધે ઉદ્યોગ મળ્યો છે, ગરીબીથી જેઓ નબાઇ ગયા હતા અને સુસ્તીમાં ડૂબી ગયા હતા, તેઓએ સંપત્તિ તેમ સન્માન મેળવ્યાં છે, અમારાં દેવાં નીકળી ગયાં છે, અમારી થાપણો વધી છે, અમારી જમીનોની કિંમત ત્રેવડી થઇ ગઇ છે." પોતાના દેશબંધુઓના અન્યાયને લીધે, નિર્વાહને માટે વ્હિટનીને એક બીજા પ્રકારના ઉદ્યોગમાં લાગવું પડ્યું, છતાં જગતની મોટામાં મોટી જીતોમાંની એક, તેના દેખીતા પરાજયમાંથી ઉદ્ભવ પામી. એક સશક્ત માણસ આખા દિવસની મહેનતથી એક શેર રૂ સાફ કરી શકે તેને બદલે સેંકડો રતલ રૂ સાફ કરી શકે તેવી યોજના તેણે ઉત્પન્ન કરી હતી. તેની શોધથી દક્ષિણુમાં અગાઉ કરતાં રૂ ની પેદાશ હુન્નરગણી વધી ગઇ અને સંરક્ષક મતવાળાઓના કહેવા મુજબ યુનાઇટેડ સ્ટેટ્સને એક અબજ ડૉલર તેથી મળવા લાગ્યા. જીવનનાં મહાન યુદ્ધમાં નિરાશ પામેલા લોકોને આ ચરિત્રમાંથી કેવું પ્રોત્સાહન મળે છે !

ઇ. પી. વ્હીપલ કહે છે કે, "જગત એક જમાનામાં પોતાના ભોગ થઇ પડેલાં માણસો તરફ કેવી અધમતાથી, કેવી નિર્દયતાથી વર્તે છે અને તે પછીના બીજાજ જમાનામાં તેમને માટે કેવું અભિમાન બતાવે છે, તેનું વર્ણન કોઇ પણ ભાષામાં થવું મુશ્કેલ છે. ડાન્ટેનું વહેલું મરણ થયું તે તેને થયેલી કનડગતને લીધે થયું હતું; પણ તેની કબર આગળ તેની પૂજા થાય છે. મિલ્ટનને તેના જમાનામાં રાજાના અંગ પર ઝેર છોડનાર અંધ અજગર કહેવામાં આવતો હતો જ્યારે તેનેજ પાછળથી લોકો સંગીતનો તેજસ્વી સૂર્ય કહેતા. તિરસ્કાર ઉપરથી દેવની જગા ઉપર મૂકવાની આ ઢંગી કદર–મશ્કરી સમાન થઇ પડે, તે વખતે થતી આ કદરથી બુદ્ધિના વિકાસ ઉપર ઉદ્વેગની છાયા ફરી વળે છે."

મિસિસ સ્ટો કહે છે કે, "આ જગતમાં પણ ઇન્સાફનો દિવસ આવશે અને કાદવમાં કચડાતા કીર્તિમાન ધ્વજની માફક ધૂળ નીચે દટાયલાં નામ પ્રજાઓની દૃષ્ટિએ કીર્તિ મેળવતાં જણાશે. ફાનોઇલ હૉલમાં ફેંકવામાં આવેલાં ઈંડાં, બતાવવામાં આવેલી અવગણના અને તિરસ્કારની ગેરિસન અને ફિલિપ્સે બિલકુલ દરકાર કરી નહોતી. ભાષણનાં સ્થળોમાં મારવામાં આવતાં મહેણાં અને કરવામાં આવતા તિરસ્કારના પોકારની ડેમોસ્થિનિસ, કરેન અને ડિઝરાયલીએ બિલકુલ દરકાર કરી નહોતી. મહત્તાની આંતરશક્તિથી તેઓ સુજ્ઞાત હતા અને તેઓ બરોબર જાણતા હતા કે, એવો વખત આવશેજ કે જ્યારે સૌ તેમને સંભારશે. અપમાનથી, અત્યંત ઉદ્વેગથી અને પરાજયથી થયેલી જાગૃતિથી વધારે ભવ્ય વકતૃત્વ કરવાનો તેમને વેગ મળતો. સાધારણ માનસિક બંધારણવાળા મનુષ્યો જે દેખીતી હારથી હમેશાં બોલતા બંધ થઇ જાય, તેવી હારથી આ માણસોમાં તો એવું સંકલ્પબળ ઉદ્ભવ પામતું કે હેલેસ્પૉંના પાણીની માફક, ઓટનો અનુભવ તેમને થતોજ નહિ. નબળા, બોડબાંપણવાળા અને દેખીતી રીતે જગતમાં પરાજય પામેલા માણસો કે જેઓએ પોતાને નિત્ય તિરસ્કારમાંથી મુક્ત કરવાના તનતોડ પ્રયત્નોથી અમર કરી દીધા છે, તેઓનું જગત કેટલું બધું ઋણી છે, તેની ગણના કોણ કરી શકે એમ છે? બાયરનના કઢંગા પગ અને તેનું શરમાળપણું–એથીજ કાવ્યસંગીતનો પ્રવાહ તે છોડી શકયો હતો. જગતના ઉત્તમમાં ઉત્તમ રૂપક માટે બેડફર્ડ જેલના આપણે આભારી છીએ. પોતાના બાર વર્ષના કેદખાનાની પહેલાં અગર પછી બનિયને કશુંજ જાણવા જેવું લખ્યું નહોતું."

મૃત્યુ આવા માણસો ઉપર કાંઇ પણ જીત મેળવી શકતું નથી. રેગ્યુલસને રિબાવી રિબાવી, નિર્દયપણે મારી નાખવામાં આવે પણ જગતની સપાટી ઉપરથી કાર્થેજને ઉખેડી નાખવાને તેનાજ જુસ્સાએ રોમને પ્રોત્સાહિત કર્યું. ઑસ્ટ્રિયન ભાલાઓ વડે વિંકલ રીડ પડ્યો એ વાત ખરી છે; પણ સ્વીટ્ઝરલેંડ સ્વતંત્ર થયું, એ વાત પણ ખરી છે. વૉલેસના કટકા કરવામાં આવ્યા, પણ એને જ પરિણામે સ્કૉટલેન્ડના કટકા થઇ શકયા નથી. લિંકન ખૂનીને હાથે માર્યો ગયો, પણ તેથી તેનું કામ નરમ પડયું નહિ. **ધર્મ માટે જીવ અર્પણ કરનાર, પોતાની જિંદગીમાં પોતાના**

અવાજ અગર કલમથી પોતાનો સંપ્રદાય આગળ વધારી શકે છે, તેના કરતાં દસગણો તે પોતાના મૃત્યુથી વધારી શકે છે.

જે કદી નિષ્ફળ જતો નથી તેને અધીં પણ ફતેહ કદી મળતી નથી. બુલરન આગળ થયેલી હાર, અંદર અંદરના યુદ્ધમાં થયેલા મહાન વિજય સમાન હતી; કારણકે તેથી બીકણ માણસો લશ્કરની આગલી બાજુથી પાછલી બાજુએ જતા રહ્યા હતા અને રાજપ્રકરણી પુરુષો પોતાને દેશ ચાલ્યા ગયા હતા. આપણી પ્રજાની જોખમના સમયની અંધારી રાત્રીમાં વીજળીના ચમકારા જેવી તે હાર હતી; જેથી આપણા લશ્કરમાં નિર્બળતા કયાં હતી તેનો આભાસ આપણને થયો હતો. રાજકીય મહત્ત્વાકાંક્ષા ધરાવનારાનાં મુખનું તે એક દર્પણ હતું.

ધર્મને માટે સ્વાર્પણ–એને લગતો દેવદૂત, વિજયદેવદૂતનો ભાઇ છે. સેવોનેરોલા પોપની લાંચથી ન ડગ્યો અને પોપે તેનો બહિષ્કાર કર્યો, તેની તેને શી દરકાર હતી? પોતાના પગ ઉપરના સળગતા કોલસાની પણ તેને શી દરકાર હતી? હજુ પણ ઇટલીના લોકો આગળ તેમનાં ત્રાસજનક પાપનું વર્ણન તે કહી સંભળાવશે અને તે જાણતો કે, તેઓ તેને થાંભલે લટકાવી બાળી મૂકશે, તોપણ તેની રાખ ઢાંકી નહિ રહે, બોલી ઊઠશે અને તેની જીભ કોઇ પણ દિવસ નહિ બોલી હોય તે રીતે તેની વકીલાત કરશે. મરતા લોરેન્ઝોને તેણે વિના સંકોચે નીચે પ્રમાણે કહ્યું હતું: "ફ્લોરેન્સને તારે સ્વાતંત્ર્ય આપવું અને લોકોની પાસેથી ચોરી લીધેલી ચીજો તારે તેમને પાછી આપવી, નહિ તો તે તેને મુક્તિ આપશે નહિ." આવી શરતથી માફી મેળવવી તેના કરતાં દીવાલ તરફ મોં કરી ઊભા રહેવાનું તે રાજાએ જો કે પસંદ કર્યું, તોપણ સેવોનેરોલા ડગ્યો નહિ અને મુક્તિ વગર મરણ પામ્યો. તે ફાંસીએ ગયો તે વખત પણ ધર્મગુરુએ કહ્યું હતું કે, "સેવોનેરોલા! લડવામાં શૂરા અને ફતેહમંદ સંપ્રદાયથી હું તને દૂર કરું છું." સેવોનેરોલાએ તેની ભૂલ સુધારીને કહ્યું કે, "સંપ્રદાય લડવામાં શૂરો ખરો પણ ફતેહ મળવી તારા હાથમાં નથી."

જેઓ દુનિયામાં નિષ્ફળ નીવડ્યા છે, તેમને માટેનું સ્થાન ઘણે ભાગે સ્વર્ગજ છે. પોતાના અભિપ્રાય માટે જીવન અર્પણ કરનાર, જેઓએ વિજયને બદલે વેદનાજ મેળવી છે તેમની

વિજયમાળા વગરના વીર નરોની અને જેમના ફતેહના ડંકા વાગ્યા નથી તેવા વિજેતાઓની, પોતાને મહાન પુરુષો તરીકે જગત કદર ન કરે તો જગત આંધળું જ કહેવાશે.

કોઇ પણ જીવનના પ્રારંભમાં અખંડ રીતે, અસ્ખલિત રીતે વિજય જ મળ્યે જાય તો તે પણ જોખમ ભરેલું છે. પહેલી મહાન જીતથી સાવધ રહો. તે નિષ્ફળતા પણ નીવડે. પોતાની પહેલી જીતથી માણસને જે વિશ્વાસ–હદબહારનો વિશ્વાસ આવે છે, તેનાથી ઘણા માણસો ખરાબ થઇ ગયા છે. પર્વતોમાંનું ઓક-વૃક્ષ–તોફાનમાં તેની મગફર ટોચ જમીનને આવીને અડે ત્યાં-સુધી ધક્કે ચડે છે, ઝોલા ખાય છે; પણ જો તે તોફાન પછી પાછું ઊભું રહે છે, તો તત્ત્વોની સાથેની તેની સેંકડો લડાઇઓમાંથી પણ તે મજબૂતી મેળવે છે. જોખમ પડવામાં નથી, પણ પડ્યા પછી નહિ ઊઠી શકવામાં છે. જગતનાં સઘળાં મોટાં કામ હિંમત-થી થયાં છે અને જગતનાં મહાનમાં મહાન વિજય, પરાજય પછી મળ્યા છે. આપણે જે જે સુખ–અંગત સહીસલામતી, વ્યક્તિસ્વાતંત્ર્ય, કાયદાને અનુસરતું સ્વાતંત્ર્ય ભોગવીએ છીએ, તે સંકટની શાળામાં ઘણો લાંબો અનુભવ લીધા પછી આપણને મળે છે. લડાઇઓ અને ત્રાસના જમાનાના જમાના પછી એક પ્રજા તરીકે ઊભા રહેવાનો આપણને હક્ક પ્રાપ્ત થયેલો છે. ખ્રિસ્તી ધર્મની સ્થાપના માટે સ્વાર્પણના ચાર સૈકાની જરૂર પડી હતી અને ધાર્મિક સુધારો કરવા માટે અંદર અંદર એક સૈકા સુધી યુદ્ધ કરવું પડ્યું હતું.

બુલ્વર કહે છે કે, "એવાં કેટલાંક મનુષ્ય હોય છે કે જેમને પ્રારબ્ધરૂપી વિદ્યુતના ઝપાટા લાગે છે; પણ તેથી તેઓ પવિત્ર બને છે. તેમના જીવનમાંથી તેમની સઘળી લીલોતરી લઇ લેનાર, તેમનો ભપકો અને ગૌરવ ધૂળ મેળવનાર અને જીવનના મર્મભાગમાં એકદમ પરાજયનો ફટકો લગાવનાર તત્ત્વોની વચ્ચે, ચિરાયલા હૃદયે પણ તેઓ ઊભા રહે છે અને દયા કરતાં ભવ્ય-તાના સ્તંભ જેવા વિશેષ જણાય છે." કેટલાંક મનુષ્ય એવાં હોય છે કે સીઝર તેના દીવાનખાનામાં જે ગૌરવયુક્ત પગલે ચાલે, તેના કરતાં વધારે ગૌરવયુક્ત પગલે તેઓ સંકટોના માર્ગમાં ચાલે છે. જે વસ્તુઓ એકલીજ જોવામાં આવે, તે હલકી અને તિરસ્કાર-પાત્ર લાગે, તે પણ તેમના સંસર્ગમાં આવતાં લગભગ સન્માન-

પાત્ર અને દિવ્ય બની જાય છે. અને જે મહાન પવિત્ર પ્રભુ, પોતાનો પ્રકાશ મેદાન અને તૃણ ઉપર પણ ફેંકે છે, તેનાથી પણ સંકટમાં તેની સહનશીલ મૂર્તિને હૃદયમાં ધારણ કરનારને, આ પવિત્રતાના પ્રકાશના ગમે તેવા ઝાંખા અને બળ વગરના કિરણની ના પાડી શકાતી નથી અને આ કિરણ જગતના હલકામાં હલકા ભાગ ઉપર પણ સ્વર્ગીય કીર્તિનો પ્રવાહ છોડે છે.

પરાજયમાંથી વિજય કેવી રીતે મેળવવો અને આપણા વિક્ષેપોને આગળ વધવાનાં પગથિયાં કેવી રીતે બનાવવાં, તેજ ફતેહનું રહસ્ય છે.

પછી દૂરથી જે ભવ્ય જણાતું હતું, તે હાથમાં આવતાં રાખોડી માલૂમ પડ્યું; તેની શી ફિકર ?

ફરીથી આગળ ધસો, લડતમાંજ મહત્ત્વ રહેલું છે; ફળમાં નથી.

દિવ્ય સ્વરૂપાંતરને લગતું પોતાનું ચિત્રકામ પૂરું કરવા પહેલાં રાફેલ ભરયુવાવસ્થાના વેગમાં ૩૭ વર્ષની ઉંમરે મરણ પામ્યો; છતાં તેણે જગતમાં સારામાં સારું ચિત્રકામ કર્યું હતું. આ ચિત્રને તેના મરણ વખતના સરઘસમાં લેવામાં આવ્યું હતું. તેના મરણથી આખા રોમને ખેદ થયો હતો.

નિશ્ચય સાથે, દૃઢતા સાથે, બડબડ કર્યા વગર, દુઃખ સહન કરવું એમાં પણ કાંઇક ભવ્યતા, કાંઇક દિવ્યતા રહેલી છે, કે જેથી નિરાશા પણ ફતેહ કરતાં વધારે સુંદર જણાય છે. વારંવાર ફતેહ મળવાથી આપણને જગતની એકજ બાજુ જણાઇ આવે છે. તેથી તો આપણા ગુણોની વાત કહ્યા કરનારા મિત્રોજ આપણી આજુ-બાજુ ભેગા થાય છે અને દુશ્મનો કે જેમની પાસેથીજ આપણે આપણી બોડો જાણી શકીએ તેમને તે ચૂપ કરી દે છે.

જે નવી દુનિયા કોલંબસે શોધી કાઢી હતી, ત્યાંથી ત્રીજી સફર દરમિયાન તેને બેડી પહેરાવી સ્વદેશ લઇ જવામાં આવ્યો હતો. ગુસ્સે થયેલા લોકોએ આ સામે તકરાર ઉઠાવી હતી અને જો કે તેની મિત્ર રાણીએ તેને છોડી મૂક્યો, તોપણ પશ્ચિમ તરફ એટ્લેન્ટિક તેણે ફરી ઓળંગ્યો, ત્યારે તેને ફરી કનડવામાં આવ્યો હતો. સિત્તેર વર્ષની વયે, આ ચોથી અને છેલ્લી સફરનાં લાંબી મુદ્દતનાં સંકટો પછી આખરે સ્પેન પહોંચતાં તેને આનંદ થયો. તેને કાંઇક બદલો, તેના નિર્વાહ પૂરતું પણ કાંઇક મળશે એવી તેને

આશા હતી; પણ તેની સઘળી ફરિયાદો નિષ્ફળ ગઇ. સ્પેન આવ્યા પછી તે કેટલાક મહિના સુધી ગરીબીમાં, એકલો, પ્રાણઘાતક રોગથી પથારીવશ રહ્યો. મૃત્યુના સમીપકાળમાં ભિખારી કરતાં પણ તેની ભૂંડી દશા હતી. "મારૂં બદન લઈ વેચવામાં આવ્યું છે; મારૂં પોતાનું ઘર પણ રહ્યું નથી અને ખાવાપીવાના પૈસા પણ મારી પાસે નથી" એમ તેને કહેવું પડ્યું હતું. આ વખતે છૂટી જતા શ્વાસ સાથે, અસરકારક સાદાઇ ભરેલા આ દિવ્ય શબ્દો તે બોલ્યો હતોઃ "મેં–જીનોઆના વતનીએ દૂર પશ્ચિમમાં ઇંડિયા ખંડ અને ટાપુઓ શોધી કાઢ્યા." ૧૫૦૬ ના મે માસની ૨૦ મી તારીખે તે વાલાડોલિડમાં મરણ પામ્યો. "પ્રભુ! હું મારો આત્મા તને સોંપું છું" એ તેના છેલ્લા શબ્દો હતા. એક ભૂલી જવાયલા ભિખારીની માફક આ રીતે કોલંબસનું મૃત્યુ થયું. જ્યારે સેવિલનો એક અથાણું વેચનાર, જે એક વહાણ ઉપર બીજી પદવીનો અમલદાર હતો, તેના ઉપરથી જગતના મોટામાં મોટા ખંડનું નામ પડ્યું, પણ આથી જીનોઆના બલાસીનું જીવન નિષ્ફળ ગયું હતું એમ કહી શકાશે? જે જગત તેને જંગલ તરીકે માલૂમ પડી આવ્યું હતું, તેમાં વસનાર કરોડો માણસોને પૂછો. કોલંબસનું જીવન નિષ્ફળ ગયું હતું કે કેમ, એ બાબત દુનિયાના મહાનમાં મહાન પ્રજાસત્તાક રાજ્યને પૂછો. સાતમા ચાર્લ્સનું રાજ્ય જોન ઑફ આર્કને લીધે હતું; પણ રૂઆંમાં તેને જીવતી બાળી મૂકવામાં આવી, ત્યારે ચાર્લ્સે જરા પણ વાંધો ઉઠાવ્યો નહોતો. જોન ઑફ આર્કનું જીવન શું નિષ્ફળ નીવડ્યું હતું? જે પ્રજાની વચ્ચે તેનાં કાંસા અને આરસનાં સંખ્યાબંધ પૂતળાં આવી રહ્યાં છે તેને પૂછો. ઑર્લિયાની કુમારિકાની યાદ દરેક ફ્રેન્ચમેનના હૃદયમાં નિવાસ કરી રહી નથી?

કાર્લાઇલે કહ્યું છે કે, "ફાંસી ઉપર ચડેલો વીર નર વૉલેસ, અમુક સમયે સ્કૉટલૅન્ડને ઇંગ્લૅંડનો એક ભાગ થતાં અટકાવી શકે નહિ; પણ જુલમી અને અન્યાયભરી શરતોથી તે ઇંગ્લૅંડનો ભાગ થાય તેમાં તે અડચણ ઊભી કરી શકે, અટકાવ કરી શકે. પોતાના જૂના વહાલા અને બહાદુર નરોનાં મંદિરોથી તે દેવની માફક આજ્ઞા કરે છે કે, "ઇંગ્લૅંડ અને સ્કૉટલૅન્ડનું ઐક્ય ભાઈ ભાઇની માફકનું થાય, માત્ર દેખાવનું અને અંદરથી ગુલામ અને માલિકના જેવું ખોટું ન થાય."

હાથોહાથની ત્રણ દિવસની લડાઈમાં મોટા ઇરાની લશ્કર સામે એક નાના ઘાટનો બચાવ કરતાં લિયોનિડાસ અને તેનાં ત્રણસો માણસો ભલે મરી જાય, પણ તેમની હાર તે પ્રજાની જીતરૂપે પુરવાર થશે, ગીતો અને વાર્તાઓમાં તેમનાં ગુણગાન થશે અને તેઓ થર્મોપિલી આગળ હઠીજ ગયા અને સેલેમિસ અને પ્લેટી આગળ હાર્યા તે માટેજ માત્ર ઝર્કિસસ અને તેના મોટા લશ્કરને યાદ કરવામાં આવશે.

લશ્કરથી લદાયલું અંગ્રેજ વહાણ બર્કનહેડ જ્યારે હવાના દબાણથી ડૂબી જતું માલૂમ પડ્યું, ત્યારે હોડીઓ સ્ત્રીઓ અને બાળકોને લઇ જતી હતી. તે વખતે લશ્કરના અમલદારે પોતાના માણસોને થોભી જવા કહ્યું હતું. તેમના પગની આજુબાજુ પાણી ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું, ત્યાંસુધી તેઓ પોતાની જગાએજ રહ્યા અને જ્યારે પાણી કમરપૂર આવ્યું, ત્યારે તેઓએ પોતાના પટા છોડી દીધા. વળી જબરજસ્ત ઝોલાથી વહાણનો અવશેષ ભાગ ડૂબી ગયો ત્યાંસુધી તેઓએ પોતાના કારતૂસની પેટીઓ ઊંચી–અધ્ધર પકડી રાખી. આ દેખીતા પરાજયમાં વિજય નહોતો એમ તમે કહી શકશો? ચારિત્ર એ બળ છે અને શારીરિક નિર્બળતા ઉપર તે વિજય મેળવે છે.

દેવળના એક બંડિયેરમાં જ્યાંસુધી વેદિ હોય, ત્યાંસુધી ધર્મનાં ગંભીર તત્ત્વોને અંતઃકરણથી માનનાર માણસ જેમ મશ્કરીથી તેને કલંકિત કરી શકે નહિ, તેમ બીજી બધી બાબતમાં છિન્નભિન્ન થયેલી છતાં, દશાની દીવાલોની ફાટમાંથી ડોકિયાં કરનાર દિવ્ય, પૂજ્યભાવ ઉત્પન્ન કરે તેવા પ્રેમવાળી જિંદગીનો તે તિરસ્કાર કરી શકે નહિ.

તમારા સઘળા માનસિક અને શારીરિક બળના ઉપયોગનું પરિણામ ટીકાખોર દુનિયાની દૃષ્ટિએ ભલેને સર્વ રીતે નિષ્ફળતા જણાય; પણ તમે જે કાંઇ કર્યું છે તેની તુલના સર્વજ્ઞ અને ન્યાયી પ્રભુને ત્રાજવે થાય છે અને તમને તેનો વાજબી બદલો મળશેજ.

તમારા કામની સ્વર્ગના ચોપડામાં નોંધ રહે છે.

ભૂલકણા જગતે જોયેલા ઉચ્ચ સદ્‌ગુણનો ઉત્સવ દેવો ઊજવશે, ત્યારે તમારું કામ તેમનો એક મહત્ત્વનો વિષય થઇ પડશે.

૨૦—નિર્ભયતા, દૃઢતા, આગ્રહ, પૌરુષ

"જ્યારે તમે કોઇ સંકડામણમાં આવી જાઓ અને દરેક બાબત તમારી વિરુદ્ધ જતી હોય અને છેવટે તમને એમજ જણાતું હોય કે, હવે તો એક મિનિટ પણ ટકી શકાશે નહિ, ત્યારે પણ તમે હાથમાં લીધેલી બાબત કદી મૂકી દેતા નહિ; કારણકે એટલેથી અને તેજ સમયથી દશાનું ચક્ર ફરશે." —હેરિયટ બિચર સ્ટો.

"જ્યારે દરેક વિરોધી બાબતની બરોબર સામે કોઇ થાય છે, ત્યારે વિરોધી તત્ત્વો નરમ પડી જાય છે. એના જેવી જિંદગીમાં કોઇ વિચિત્ર વસ્તુ મેં જોઇ નથી." —હોથોર્ન

"છોડી દેતા નહિ; કારણકે ડાહ્યો માણસ હિંમતવાળો હોય છે."

"એ એમ જાણે છે કે, જગતમાં સુખદુઃખ ભેગાં છે."

"દૃઢતા રાખો; ખરું, સંગીન પૌરુષ, વારંવાર મળતા વિજયનું સાધન છે."

"તમારા હેતુને વળગી રહો."

"બુલ ડોગના પંજામાંથી તો કોશજ મુક્ત કરી શકશે."

"આ કૂતરો નાનો જણાય છે પણ તેનું જડબું કદી કોઇ પણ ચીજને છોડતું નથી અને જંગલના ગર્જના કરતા રાજાને પણ ધસડી જાય છે." —હોમ્સ

એક પ્રૉફેસરને એમ કહેવામાં આવ્યું કે, "તેના સિદ્ધાંતો અમલમાં મૂકવામાં આવશે, તો આ દુનિયાના ટુકડે ટુકડા થઇ જશે." ત્યારે તે પ્રૉફેસરે જવાબ દીધો કે, "બીજા ઘણા ગ્રહ છે."

ઇજિપ્તની ચઢાઇ વખતે નેપોલિયનના સરદારોએ તેને મારી નાખવાની ધમકી આપી, ત્યારે તે સરદારોની વચ્ચે જઇ તેણે કહ્યું: "સરદારો! તમે ફ્રેન્ચમેન છો, મારો વધ કરવા માટે તમે જોઇએ તે કરતાં વધારે છો; પણ મને બિવડાવવા માટે હજુ ઘણા થોડા છો." સરદારોનો આગેવાન આ વચનોથી દબાઇ ગયો અને પાછો જતાં જતાં બોલ્યો કે, "તે કેટલો બધો બહાદુર છે!"

સાન્તા આન્ના પાસે બુએન્નાવિસ્ટા આગળ ૨૦,૦૦૦ માણસો હતાં અને શરણે આવી તેના ૪૦૦૦ સૈનિકને બચાવવાનું જનરલ ટેલરને તેણે કહ્યું, ત્યારે બુઢ્ઢા "રફ એન્ડ રેડી"એ જવાબ આપ્યો: "જનરલ ટેલર કદી તાબે થતો નથી." લડાઇ લાંબો વખત અને ઝનૂન સાથે ચાલી, પણ આખરે મેક્સીકનોએજ પલાયન કરી પરાજયથી બચવાનું પ્રસંદ કર્યું.

એક સરદાર તરીકે ગ્રેન્ટ વિષે લિંકનનો શો અભિપ્રાય હતો એમ પૂછવામાં આવ્યું, ત્યારે લિંકને જવાબ આપ્યો કે, "તેનામાં મોટામાં મોટી બાબત, તેનો હેતુ અમલમાં મૂકવાનો તેનો શાંત આગ્રહ છે. બુલડૉગ જેવી તેની પકડ છે. જ્યારે તે કોઈ કામમાં દાંત ભરવે છે, ત્યારે કોઇ તે છોડાવી શકતું નથી. 'રિચમંડ તરફ ધસો અને આખો ઉનાળો ભલેને લડવું પડે, પણ આજ મોખરે હું લડીશ' એ નિશ્ચયથી બળવાનો અંત આવી શક્યો હતો."

સીઝરને જ્યારે ચાંચિયાઓએ પકડ્યો, ત્યારે વીસ ટેલન્ટ (નાણું) લઇ તેને છોડી દેવા તેઓએ કહ્યું. સીઝરે કહ્યું: "તમે બહુ ઓછા પૈસા કહ્યા, હું તમને પચાસ આપીશ; પણ જ્યારે હું છૂટો થઇશ ત્યારે તમને દરેકને ગરદન મારીશ" અને તે પ્રમાણે તેણે કર્યું પણ ખરું.

વૉટર્લુની લડાઇ શરૂ થતાં પહેલાં સિડ્‌ની સ્મિથને જ્યારે એમ કહેવામાં આવ્યું કે, "કોઇ પણ ભોગે વેલિંગ્ટન પોતાની જગા છોડનાર નથી" ત્યારે સિડ્‌ની સ્મિથે કહ્યું કે, "ત્યારે તો

સામા પક્ષને નરમ પડવું જ પડશે.”

લડતાં લડતાં એક મુક્કાબાજ પોતાનેજ સંબોધીને બોલે છેઃ “વિલિયમ! લડ, ફરી તેની સામે ધસારો કર! મરણ–એ વાત તો સંભારીશજ નહિ.”

લેસિડિમોનિયન્સને પોતાના સઘળા હક્ક ભોગવવા દેવામાં આવશે નહિ, એવી ફિલિપે જ્યારે ધમકી આપી, ત્યારે “અમને મરવાની પણ મના કરવામાં આવશે કે?” એવો તેઓએ તેને સામો પ્રશ્ન કર્યો હતો.

એક સ્પાર્ટન યુવકે પોતાના પિતાને કહ્યું કે, “મારી તલવાર ઘણી ટૂંકી છે” ત્યારે તેને એટલોજ જવાબ મળ્યો કે, “તે જરા વધુ લંબાવ.”

પોતાના પંજામાં આવેલી ચીજના કકડે કકડા કરી નાખનાર કાચબો, તેનું માથું જશે પણ પોતાની પકડની ચીજ મૂકશે નહિ, એમ કહેવાય છે. મરવું તોપણ લડત સાથે મરવું, એવો તેનો નિશ્ચય હોય છે. આવી દૃઢતાથી માણસ ફતેહ મેળવવાને શક્તિમાન થાય છે; કારણકે માણસો જેને ફતેહ કહે છે તે મેળવવાનો હક્ક સામાન્ય રીતે શૂરા નરોનોજ છે. છેલ્લા પ્રયત્નથી વિજય મળે છે. પીસેલા દાંત અને સંકોચેલા સ્નાયુ સાથે, મારેલા છેલ્લા હલ્લેસાથીજ હલ્લેસું મારનારની ઉત્કૃષ્ટતા જણાઇ આવે છે, એમ ઑક્સફર્ડના હોડીવાળાઓ કહે છે. યુવકોના એક વર્ગને ચોન્સે ડેપુએ કહ્યું હતું કે, “ધંધો પસંદ કર્યા પછી તમારા બારણા ઉપર આ માર્ગદર્શક સૂત્ર મૂકજોઃ ‘વળગી રહો, ખોદો, બચાવો.’”

૧૮૬૧ ની સાલમાં તો ગ્રેન્ટે પોતાના એક મિત્રને લખ્યું હતું કે, “ગેલેનામાં ચામડાના ધંધામાં મારો ૬૦૦ ડોલરથી ૮૦૦ ડોલરનો પગાર થયો છે, તેથી મને સંતોષ થયો છે.” તે પેઢીમાં ભાગીદાર થવું એ તેની મોટામાં મોટી મહત્ત્વાકાંક્ષા હતી, એમ તેણે તે પત્રમાં જણાવ્યું હતું. ૧૮૬૧ ના મેં માસમાં વૉશિંગ્ટન આગળના લશ્કરના સરદારને તેણે લખ્યું કે, “એક–બે માસ કે છ માસ નહિ, પણ લડાઇ પૂરી થાય ત્યાંસુધી મને ગમે તે લશ્કરી જગાએ મૂકો.” આ વિનતિ તરફ બિલકુલ ધ્યાન આપવામાં આવ્યું નહોતું.

૪૦ વર્ષની વયે તે ગેલેનાનો એક અપ્રસિદ્ધ નાગરિક હતો.

૪૨ વર્ષની ઉંમરે તો ઇતિહાસના મહાનમાં મહાન સરદારોમાંનો તે એક ગણાવા લાગ્યો. સિલોહ વિષે બોલતાં તેણે એક વખત કહ્યું હતું કે, "હું નિષ્ફળ જઇશ એમ હું ધારતો હતો; પણ હું મારા આગ્રહમાં મક્કમ રહ્યો." મક્કમ રહેવું, એ સદ્‌ગુણ વડેજ જીવનયુદ્ધમાં વિજય મેળવી શકાય છે. સિલોહની પહેલી લડાઈમાં હાર પામ્યા પછી ઉત્તરના લગભગ દરેક પક્ષના પત્ર તરફથી, કોંગ્રેસના લગભગ દરેક સભાસદ તરફથી અને લોકો તરફથી પણ તેને બરતરફ કરવાની માગણી થતી હતી. તેને પોતાને બાતર તેમજ દેશના ભલાને બાતર લશ્કરની સરદારી બીજા કોઇને આપવા પ્રેસિડન્ટના મિત્રોએ તેને આગ્રહ કર્યો. લિંકને એક રાત્રીએ તો કલાકોના કલાક સાંભળ્યા કર્યું. વચ્ચે વચ્ચેની એક નાની વાત કહેવા જેટલુંજ તે બોલતો. આમ કરતાં એક વાગ્યો. લાંબો વખત મૌન ધારણ કર્યા પછી તે બોલ્યોઃ "હું તે માણસને છોડી શકીશ નહિ. તે આગ્રહથી લડી શકે છે." લિંકનની અદ્‌ભુત દીર્ઘદૃષ્ટિ અને ચતુરાઇથી લોકોના આવેશોના તોફાનમાંથી ગ્રેન્ટ બચી ગયો અને સિવિલ વૉરમાં આપણને મહાન વીર નર મળી ગયો.

ફોર્ટ હેન્રી જ્યારે લઇ લેવામાં આવ્યો, ત્યારે બચાવ ઉપર ઊભા રહેવા ગ્રેન્ટને હાલેકે સલાહ આપી. આને બદલે તે એકદમ ફોર્ટ ડોનસેલન સામે ધસી ગયો. ચાર દિવસની ખૂનખાર લડાઇ પછી, શરણે આવવાનું કયી શરતોથી બની શકશે તે નક્કી કરવા, કિલ્લાના સરદારે સુલેહનો વાવટો મોકલી આપ્યો. જવાબ મળ્યો કે, "તાકીદે અને કોઇ પણ શરત કર્યા વગર તમારે શરણે આવવું. હું તમારાં બાંધકામ ઉપર એકદમ એક ધસારો લાવવા માગું છું." પણ જ્યારે રાત પડી ત્યારે કેદીના તંબૂમાં બકનરને તે મળ્યો; ત્યારે તેણે કહ્યું કે, "તમે બધુંજ ખોઇ બેઠા હશો. લો, આ મારી પર્સ (નાણાંની કોથળી.)"

ગ્રેન્ટ કદી પાછું જોતો નહિ. એક વખત સખ્ત લડાઇ ઘણા દિવસ ચાલ્યા પછી પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નહિ, તેથી તેણે યુદ્ધપરિષદ મેળવી. પાછા કેવી રીતે હઠવું તે રસ્તાનું એક સરદારે વર્ણન કર્યું. બીજાએ બીજે રસ્તે પાછા ફરવાનું યોગ્ય છે એમ જણાવ્યું. એક પછી એક બધા સરદારોએ પાછા કેમ હઠવું, પાછલા ભાગમાં વધારે સગવડવાળી જગાએ કેમ જવું, એ કહી બતાવ્યું. ગ્રેન્ટ, જે લાંબા વખતથી આ બધું

સાંભળ્યા કરતો હતો, તેની તરફ હવે સર્વની દૃષ્ટિ ગઈ. તે ઊભો થયો, પોતાના અંદરના ગજવામાંથી એક કાગળનો વીંટો તેણે કાઢ્યો, દરેક સરદારને એક કાગળ તેણે આપ્યો અને કહ્યું: "ગૃહસ્થો! પ્રભાતમાં તમારે આ હુકમનો અમલ કરવો." આગળ વધવા માટે દરેક કાગળમાં નિશ્ચિત સૂચનાઓ હતી અને સવારે સૂર્યોદય થતાં સાથે લશ્કરે વિજયના માર્ગ તરફ કૂચ કરી.

એક મહત્ત્વની પણ મજબૂત બચાવવાળી જગા ઉપર હુમલો લઈ જવાના હુકમથી આશ્ચર્ય પામી એક અમલદાર પાછો આવ્યો અને કહ્યું: "સેનાધિપતિ સાહેબ! જો હું તમારો હુકમ બરાબર સમજ્યો હોઉં, તો મને એમ લાગે છે કે મને મળેલા હુકમના અમલથી, મારા હાથ નીચેના દરેક માણસનો સંહાર થઈ જશે." તે મૂંગા સરદારે જવાબ આપ્યો: "તમે મારૂં ફરમાન બરાબર સમજ્યા છો એમ જાણી મને આનંદ થાય છે."

ત્રીસ દિવસ સુધી તેણે વિલ્ડરનેસ ઉપર ભારે હુમલાનો વરસાદ વરસાવ્યો. દિવસે તે લડતો અને રાત્રીએ તે આગળ વધતો. કોઇ દિવસ નહિ સાંભળેલા એવા લશ્કરના સંહારથી દેશના લોકોને કમકમાટ ઉત્પન્ન થયો અને તેને તેની જગા ઉપરથી ખસેડવા તેઓએ માગણી કરી; પણ પૂછપરછ કરતાં તેના અમલદારોને તે હમેશાં "ડાબી બાજુએ આગળ વધો." એવો હુકમ ઠંડે પેટે આપતો. બીજી બાજુએ સરકાર તરફ તે લખતો કે, "ભલેને આખો ઉનાળો વીતી જાય પણ આજ હરોલ ઉપર હું લડવા માગું છું." તેની આ દૃઢતાથી પ્રજાને વિદ્યુત જેવો આંચકો લાગતો. વિરોધી લશ્કર શરણે આવ્યું ત્યારે વેરની લાગણી પ્રકટી નીકળી; પણ "સુલેહ કરો" એ તેના ઉદાર શબ્દો જીતનાર તેમજ પરાજય પામનાર બન્નેને આશીર્વાદ સમાન થઇ પડ્યા.

જ્યારે કેની ગયું અને હેનિબાલ, યુદ્ધમાં પડેલા રોમન સરદારોની જથાબંધ વીંટીઓ એકઠી કરતો હતો, તે વખતે પ્રજાસત્તાક રાજ્ય માટે નિરાશ ન થવા સારૂ, હારેલા સરદાર કૉન્સલ ટેરેન્શિયસ વારોનો રોમની રાજસભાએ આભાર માન્યો હતો.

ઝોવ લોકોનો ક્રિમિયન સરદાર પેલિસીય ઘોડેસવાર લશ્કરના એક નાના અમલદાર સાથે ગુસ્સે થઇ ગયો અને તેના મોં ઉપર ચાબુક લગાવી દીધી, ત્યારે તે માણસે પોતાની પાસેની

પિસ્તોલ કાઢી અને ઘોડો ખેંચ્યો; પણ પિસ્તોલ ફૂટી નહિ. એ જોઇને ભયંકર સ્વરૂપવાળા તે સરદારે શાંતિથી કહ્યું: "તેં તારાં હથિયાર બરાબર ન રાખ્યાં તે માટે હું તને ત્રણ દિવસના કેદ-ખાનાની સજા કરું છું."

જીનોઆનું મેસેનાનું લશ્કર યુદ્ધના સંહાર અને દુષ્કાળથી ૧૮૦૦૦ ઉપરથી ૮૦૦૦ ઉપર આવ્યું હતું. ૧૫૦૦૦ કરતાં વધારે ઑસ્ટ્રિયનોને તેઓએ પકડ્યા હતા અને માર્યા હતા; પણ તેમનાં ખોરાકનાં સાધન તદ્દન ખૂટી ગયાં હતાં. ભૂખમરાની સ્થિતિ તેમની સન્મુખ આવી રહી હતી. એક તરફ દુશ્મનની આવી મજબૂત સ્થિતિ હતી અને મેસેનાનું લશ્કર દુશ્મનોની દયા ઉપર આવી રહ્યું હતું. જનરલ ઑટે મેસેનાને વિવેકપૂર્વક શરણે આવવા કહ્યું; પણ મેસેનાએ જવાબ દીધોઃ "મારા સિપાઇઓને લડાઇના કેદી તરીકે નહિ પણ જ્યારે તથા જ્યાં અમને લડવા મરજી થાય ત્યારે તથા ત્યાં અમે લડી શકીએ, એ શરત સાથે અને ઊડતા વાવટા, નિશાન અને હથિયાર તથા અસબાબ સાથે તેમને જવા દેવા જોઈએ. તમને આ કબૂલ ન હોય, તો ઉઘાડી તલવારે જીનો-આમાંથી નીકળવા હું તૈયાર છું. ભૂખથી ક્ષીણ થયેલા ૮૦૦૦ માણસો સાથે હું તમારી છાવણી ઉપર તૂટી પડીશ અને તમારી છાવણીમાંથી હું નીકળી જઇશ ત્યાંસુધી લડીશ." મહાન સૈનિક મેસેનાનાં પરાક્રમથી જનરલ ઑટ માહિતગાર હતો, તેથી મેસે-ના પોતે શરણે આવે અગર તેને બીજી વધારાની મદદ તરત ન મળી શકે, તે માટે તે સમુદ્રમાર્ગે વિદાય થાય તો ઉપરની શર-તો સ્વીકારવા તેણે હા પાડી. મેસેનાએ માત્ર એકજ ઉત્તર આપ્યો અને તે એ હતો કે, "મારી શરતો સ્વીકારો અગર હું તમારા લશ્કર વચ્ચે રસ્તો કરી ચાલ્યો જઇશ." ઑટે આખરે તેની શર-તો સ્વીકારી. મેસેનાએ કહ્યું કે, "હું તમને બબર આપું છું કે, ૧૫ દિવસની અંદર હું ફરી જીનોઆમાં આવીશ" અને તે પ્રમાણે તે ગયો. બાલવયમાં અનાથ સ્થિતિમાં ઊછરેલા અને જીવનમાં પોતાનો માર્ગ પોતાને હાથેજ કરી લેવા દુનિયામાં સરજાયલા, આ માણસ માટે નેપોલિયન કહેતો કે, "મેસેના હારતો ત્યારે પણ પોતે વિજેતા હોય તેમ લડાઇ ફરી લડવા હંમેશાં તૈયારી બતાવતો."

મારેંગો આગળ નેપોલિયને ડેસેની સલાહ પૂછી, ત્યારે ઘડિ-યાળમાં જોઇ તેણે જવાબ દીધો કે, "આપણી પૂરેપૂરી હાર થઇ

છે; પણ હજુ બેજ વાગ્યા છે અને બીજી લડાઇમાં આપણે જીતી શકીશું.” પછી તેણે ઘોડેસવાર ટુકડી સાથેનો પોતાનો સુપ્રસિદ્ધ હુમલો કર્યો અને લડાઇમાં જીત મેળવી. આ જીતની થોડી મિનિટ પહેલાં તો આખી હરોલ પરના ફ્રેન્ચ સૈનિકો દરેક ક્ષણે પાછા હઠવાના હુકમની રાહ જોતા હતા.

કેલિફોર્નિયાના મેર ટાપુના નેવી–યાર્ડની દારૂગોળો રાખવાની જગાએ બોસ્ટનના કેટલાક ખલાસીઓ ગોળાઓ ભરતા હતા; એવામાં એકાએક આખી ઇમારત સળગી ઊઠી અને તેનો તદ્દન નાશ થઇ ગયો. તે જગામાંનાં સઘળાં માણસો માર્યાં ગયાં. આ અકસ્માત બન્યો, ત્યારે એક–સવા માઇલ દૂર એક યુવાન છોકરી ઘોડાગાડીમાં બેસીને જતી હતી અને તે વખતે તરતજ દરિયાઇ સૈન્યને લગતી હોસ્પિટલમાંથી નીકળી એક દાક્તર આ અકસ્માતની જગાએ આવ્યો. વસ્તુસ્થિતિ ઓળખી લઇ, તેણે દાક્તરને ગાડીમાં બેસાડી દીધો અને તેઓ બંડિયેર તરફ ગયાં. દારૂગોળાની બીજી જગાઓ જેમાં પણ દરેક ક્ષણે ગોળા ફાટતા હતા, તે પણ સળગી ઊઠી હતી. આ ઇમારતોમાં એટલો બધો દારૂગોળો રાખવામાં આવ્યો હતો કે પાઇક્સ પીકને પણ તે ઉડાવી મૂકે; છતાં દાક્તર અને છોકરી છુંદાયલાં મડદાંની વચ્ચે થઇ ધુમાડામાં પેઠાં. પહેરેગીર કોલિન્સને બીમના એક કકડાનો ફટકો લાગવાથી તે અધો આંધળો થઇ ગયો હતો, ગભરાઇ ગયો હતો. આગ એક ઇમારતથી બીજી ઇમારતે જઇ વધારે નુકસાન કરે તે અટકાવવાને લોઢાનાં બારણું અને જાળીઓ બંધ કરવાને એક ઇમારતથી બીજી ઇમારતે જવા મુશ્કેલીથી તે માર્ગ કરતો હતો. તે છોકરીએ શાંતિ સાથે તેના ઇજાવાળા માથા પર પાટો બાંધ્યો અને વધારે મદદ આવી પહોંચી, ત્યાંસુધી બીજા ઘવાયલાઓની બનતી તજવીજ રાખી. બેસિ મેકડુગાલના આ કામ માટે, પ્રજા તરફથી આભાર માનવાને લગતો દરિયાઇ સૈન્યના સેક્રેટરીનો એક સામાન્ય હુકમ દરેક વહાણના તૂતક ઉપરથી વાંચવામાં આવ્યો.

૧૮૮૧ના જુલાઇની ૬ ઠ્ઠી તારીખે સૂર્યાસ્ત સમયે આયોવામાં જોસબંધ ભારે તોફાન થયું. એક કલાકની અંદર દરેક નદીનાળાં તેનો કાંઠો છોડી ઊભરાઇ ગયાં. ડેસ્મોઇની નદીમાં પાણી ૬ ફૂટ ઊંચું ચઢયું હતું. દરેક પ્રવાહમાં ઇમારત, પરચૂરણ સામાન, લાકડાંના ઢેકા અને બીજો કચરો મીસિસિપિ તરફ ઘસડાતો જતો.

હતો. અઢાર વર્ષની ઉંમરની એક છોકરી કેટ શેલી બહારનું આ બધું પુષ્કળ તોફાન બારીએથી જોઇ રહી હતી. તેવામાં તેની નજર હનિક્રીક રેલરોડ પૂલ તરફ્ ગઇ. ઊંડા અંધારામાંથી એક ક્ષણ સુધી એન્જિનની પ્રકાશમાન બત્તીને આગળ ચાલતી અને પછી એકદમ નીચી પડતી તેણે જોઇ. તેની માતા, તેનો નાનો ભાઈ અને બહેનજ માત્ર ઘેર હતાં; પણ કેટે એક જૂનું ફ્રાનસ સળગાવ્યું, વોટર પ્રૂફ્ ઝભ્ભો ઓઢી લીધો અને હનિક્રીક તરફ્ ઉતાવળે ચાલી. પ્રવાહનું બળ એટલું બધું હતું કે, ચઢેલાં પાણીની સામે તે ટકી શકે નહિ. આવી સ્થિતિમાં તે દુઃખ આપે તેવાં કાંઠાવાળાં અને બીજાં ઝાડવાં ઉપર થઇને, ઢોળાવવાળા કાંટા ઉપરથી પાટા ઉપર આવી. ભાગી ગયેલા પૂલના છેલ્લા છેડા સુધી આવી પોતાનું ફ્રાનસ હલાવ્યું અને પોતાથી બને તેટલી મોટી બૂમ મારી. તૂટી પડેલી માલગાડીનાં માણસોમાંથી એકલાજ બચેલા એન્જિનિયરનો ધીરો અવાજ ઊંડા ખાડામાંથી આવ્યો. તેણે કહ્યું કે, "હાલ તો હું અહીં લાકડાના કકડા ઉપર સહીસલામત પડેલો છું. એક માઇલ દૂર મોઇન્ગોના સ્ટેશને તમે જાઓ અને મારે માટે મદદ મેળવો. તથા થોડાજ વખતમાં આવી પહોંચનાર એકસ્પ્રેસ ટ્રેનને ચેતવણી આપો." મજબૂત પવનના ઝપાટાની સામે ડેસ્મોઇની ઉપરના પાંચસો વાર લાંબા ઊંચા બાંધકામ ઉપર, તે પ્રયત્ન સાથે ચાલવા લાગી; પણ એવામાં તેની બત્તી બુઝાઇ ગઇ. તેની પાસે દીવાસળી નહોતી, તેથી ચક્કર આવે–ફેર આવે તેવી આ ઊંચી જગા ઉપર ઘણાજ દુઃખ સાથે ધીરે ધીરે તે ચાલી. નીચાણમાં ધસતા પાણીના પ્રવાહની સામે જોતાં તેને અંધારાં આવી જતાં અને પીળા ભૂરા પ્રકાશોથી તે કંપવા લાગી. તે સ્ટેશને જઇ પહોંચી. પોતાની હકીકત તેણે કહી અને એકસ્પ્રેસ આવી પહોંચી તે પહેલાં તે બેભાન થઇ ગઇ. તેની બહાદુરી માટે ધારાસભાએ તેને સોનાનો ચાંદ આપવાનું ઠરાવ્યું.

૧૮૪૧ માં બારનમે એક મિત્રને કહ્યું કે, "હું અમેરિકન મ્યુઝિયમ ખરીદી લેવા માગું છું." બારનમની પાસે એક પણ ડૉલર નહોતો. તે જાણનાર તેનો આશ્ચર્ય પામેલો મિત્ર બોલી ઊઠ્યોઃ "ખરીદવું છે? તમે તે શાનાથી ખરીદી શકશો?" તરત જવાબ મળ્યો કે, "દમથી; કારણકે મારી પાસે ચાંદી કે સોનું તો છે નહિ." ન્યુયૉર્કના જાહેર રમતગમતના મેળાવડામાં રસ લેનાર

બારનમને તે ઓળખતો અને સ્થિતિ જાણતો; પણ ફ્રાન્સિસ ઓમસ્ટેડ જેનું સંગ્રહસ્થાનનું મકાન હતું, તેણે બારનમ વિષે ઘણે ઠેકાણે પૂછપરછ કરી તો હકીકત એ મળતી કે, તે તમાશા બતાવનાર સારો માણસ છે અને બોલશે તે પ્રમાણે ચાલશે અને તેથી તેણે મ્યુઝિયમ ખરીદનાર બારનમની જામીનગીરી આપવાની સૂચના સ્વીકારી. એવીગોઠવણ થઇ કે, ઓમસ્ટેડે દરવાજા આગળ પૈસા લેનાર નીમવો. માલની કિંમત, ખર્ચ કાપતાં, બારનમની સ્ત્રી તથા ત્રણ છોકરાં માટે દર મહિને ૫૦ ડોલર રાખી, બાકીની આવક બારનમને ખાતે જમે કરવી. મિસિસ બારનમે આ ગોઠવણ ખુશીની સાથે કબૂલ રાખી અને જરૂર પડે તો ઘરનું ખર્ચ દિવસના એક ડોલરથી પણ કમી કરવા મરજી બતાવી. છએક માસ પછી મિ. ઓમસ્ટેડ બપોરે ટિકિટ ઑફિસમાં આવ્યો, તો રોટલીના થોડાક ટુકડા અને બીજો જૂજ ખોરાક ખાતાં બારનમને તેણે જોયો. તેણે પૂછ્યું: "તમે આ રીતે તમારો ખોરાક લો છો?"

"જ્યારથી મેં મ્યુઝિયમ લીધું છે, ત્યારથી રવિવાર સિવાય મેં કોઇ દિવસ ગરમ ખોરાક લીધો નથી અને જ્યાંસુધી હું દેવામાંથી મુક્ત ન થાઉં ત્યાંસુધી ગરમ ખોરાક લેનાર પણ નથી." મિ. ઓમસ્ટેડે બારનમનો બહો ઠોકી ધન્યવાદ આપ્યો અને તેણે કહ્યું: "તમારે હવે ભય જેવું નથી. વર્ષ પૂરું થતાં પહેલાં તમે મ્યુઝિયમના પૈસા આપી દેશો." તેનું કહેવું બરૂં હતું; કારણકે એક વર્ષ કરતાં પણ ઓછી મુદતમાં પોતાના બાતાના નફામાંથી તેણે પાઇએ પાઇ આપી દીધી હતી.

ફ્રેન્કફર્ટના એન્સેલ્મ રોથસ્ચાઇલ્ડે લંડનના નેથન રોથસ્ચાઇલ્ડ ઉપર લખેલી એક હૂંડી બેન્ક ઑફ ઇંગ્લેંડમાં ધરવામાં આવી ત્યારે બેન્કના કેશિયરે કહ્યું: "અમે અમારી હૂંડીઓજ સ્વીકારીએ છીએ, અમે બાનગી માણસોની હૂંડીઓ સ્વીકારતા નથી." કેશિયરની ટીકા સંબંધે નેથને જાણ્યું ત્યારે તેણે કહ્યું: "બાનગી માણસો! અમે કેવી જાતના બાનગી માણસો છીએ, તે અમે બેન્કના સદ્‌ગૃહસ્થોને બતાવી આપીશું." ત્રણ અઠવાડિયાં પછી તેણે એક પાંચ પાઉંડની નોટ, બેંક ખૂલતાં રજૂ કરી. આવી જૂજ બાબતમાં બેરન રોથસ્ચાઇલ્ડે તસ્દી લીધી તેથી આશ્ચર્ય પામતાં પામતાં શરાફે પાંચ સોવરિન ગણી આપ્યા. તે,

સિક્કા એક પછી એક, બેરને તપાસ્યા, કાંટામાં નાખ્યા. તેમ કરતાં તે બોલ્યોઃ "તેમ કરવાનો હક્ક મને કાયદાથી મળ્યો છે." કંતાનની એક નાની પેટીમાં તેણે તે સિક્કા મૂક્યા અને પછી બીજી, ત્રીજી, ચોથી, પચાસમી, હુન્દરમી એમ નોટો વળી ધરી. સાત કલાકમાં તેણે ૨૧૦૦૦ પાઉંડની નોટો વટાવી. આ કામમાં તેણે પેઢીનાં નવ માણસ કામે લગાડ્યાં હતાં અને ૧૦,૫૦,૦૦૦ ડૉલરની નોટો વટાવવામાં બેંકનાં માણસોને તેણે એટલાં બધાં રોકી રાખ્યાં કે, તેઓ બીજા કોઇનું પણ કામ કરી શક્યાં નહિ; બીજા કોઇના કામ ઉપર તેઓ ધ્યાન આપી શક્યાં નહિ. બેંકનાં માણસો હસવા લાગ્યાં, પણ બીજેજ દિવસે સવારે સોનાના સિક્કા લઇ જવા માટે રોથસચાઇલ્ડ પોતાના નવ કલાર્ક અને લારીઓ સાથે બેંકમાં આવી પહોંચ્યા અને એવી ટીકા કરી કે, "આ લોકોએ મારી હૂંડીઓ સ્વીકારવા ના પાડી છે, તેથી મેં પણ તેમની હૂંડી (નોટો) નહિ સંધરવા સોગંદ ખાધા છે. તેઓ ભલેને પોતાની કુરસદે આપે. હું તેમને એટલીજ ખબર આપું છું કે, તેમને મારા કામમાં બે માસ રોકી રાખવા જેટલું દ્રવ્ય મારી પાસે છે." ૫,૫૦,૦૦,૦૦૦ ડૉલર જેટલા સોનાના સિક્કા પોતાની પાસે નથી, એવો વિચાર બેંકના અમલદારોને આવતાં તેમના મોં ઉપરનાં સ્મિત અદૃશ્ય થયાં. બીજેજ દિવસે સવારે વર્તમાનપત્રોમાં ખબર આપવામાં આવી કે, બેંક ઑફ ઇંગ્લેંડ પોતાની તેમ રોથસચાઇલ્ડની હૂંડીઓ સ્વીકારશે.

ત્રણ લાખ માણસો ઉદ્વેગભર્યા ઝનૂન સાથે આખો દિવસ લડ્યાં હતાં; પણ ઑસ્ટ્રિયન લશ્કરનો મધ્ય ભાગ ભેદવા માટે મૅક્ડોનલ્ડને ૧૬૦૦૦ પાયદળ સાથે મોકલવામાં આવ્યો નહિ ત્યાંસુધી ફ્રેન્ચોને પાછા હઠાવવામાં આવ્યે જતા હતા. આર્ક-ડ્યુકે તરતજ પોતાની હરોલ બેવડી કરી નાખી. પોતાનું અનામત ઘોડેસવાર લશ્કર આગળ આણ્યું અને જે જગા જોખમમાં હતી ત્યાં આગળ ૨૦૦ તોપો લાવી મૂકી. આ મોટા, ગભરાવી નાખે તેવા લશ્કરની સામે સીધા બે માઇલ સુધી, મૅક્ડોનલ્ડ પોતાનું સંહાર પામતું લશ્કર લઇ ગયો. બન્ને લશ્કર આ બનાવ આશ્ચર્ય સાથે જોઇ રહ્યાં હતાં અને આવી નિષ્ફળ આશા પરિપૂર્ણ થાય છે કે કેમ, તે જોવા તે જાણે લડતાં થોભી ગયાં હોય એમ જણાતું હતું. એ પછી ૧,૦૦,૦૦૦ ઑસ્ટ્રિયનોના એક સાથેના

તોપોના મારાની વચ્ચે, તોપોની ભાગેલી તૂટેલી ટુકડીઓ સમારવા તે એક ક્ષણ થોભી ગયો. પોતાની ટુકડીઓમાંના ૧૫૦૦ જીવતા ફ્રેન્ચો ઉપર તેની દૃષ્ટિ પડી. ટુકડીઓની પાછળ મૂએલા અને મરતા માણસોનો એક કાળો, લાંબો લીસોટો પડ્યો હતો. પોતે જે માણસો સાથે મેદાનમાં પડ્યો હતો તેમાંનાં અગિયારમાંથી દસ માણસો અહીં પડ્યાં હતાં.

તેમની છાતી પર જહાનમના અગ્નિની માફક વરસતા તોપના મારાથી પોલાદ જેવી છાતીના માણસ પણ પાછા હઠી જાય; પણ "કર્તવ્ય" એ મૅક્ડોનલ્ડનું માર્ગદર્શક સૂત્ર હતું અને તેના સૈનિકોએ પણ તેમના સરદારના વર્તનનું અનુસરણ કર્યું હતું. આ ખૂનરેજી તરફ તે માત્ર એકજ નજર નાંખે છે અને પછી યુદ્ધમાં પડતા પોતાના વીર નરો ઉપરથી પોતાની આંખ પોતાની આગળના ગાઢ દુશ્મનદળ તરફ નાખી, યુદ્ધની ભયંકર ચીસોમાં "આગળ વધો" એવો તેનો પોકાર બ્યૂગલના અવાજની માફક સંભળાય છે. કોઇ ઉત્સવની પરેડની માફક આનંદ સાથે ઢોલ વાગે છે અને બ્યૂગલ ફુંકાય છે. ચપળ કૂદકાઓ સાથે પાછળ રહેલા થોડાઓ પણ તોપો ઉપર કૂદી પડે છે, હુમલો કરતા ઘોડેસવાર લશ્કરની વચ્ચે થઇ તેઓ ધસે છે, દૂરની એકઠી થયેલી પાયદળ ટુકડીઓ ઉપર તેઓ તૂટી પડે છે. હુમલાના નૈતિક આંચકાથી ટુકડીઓનો ભૂકો થઇ જતો જણાય છે. આ રીતે પડેલા આ ભંગાણમાં, બહાદુર મૅક્ડોનલ્ડને મદદ કરવા નેપોલિયને મોકલેલા ઓલ્ડ ગાર્ડ પલટનના બખ્તરવાળા સિપાઇઓ ધસે છે. ઑસ્ટ્રિયનોની સખ્ત હાર થાય છે. વાગ્રામની લડાઇ જીતવામાં આવે છે અને ચાર વર્ષ સુધી યુરોપના ભાગ્ય ઉપર સીલ ઠોકાય છે.

ફૉર્ટ હેન્રીમાં ઘેરાયલા લશ્કરનો દારૂગોળો ૧૭૭૭ ના ઉનાળાના અમુક દિવસે ખૂટી ગયો હતો અને પોતાના મૌનથી વધારે હિંમતવાન થયેલા ઇંડિયનો કિલ્લા ઉપર વધારે ને વધારે દબાણ ચલાવી રહ્યા હતા. એબેનઝેર ઝેનને એકદમ યાદ આવ્યું કે, બસો ફીટ દૂરના પોતાના ઘરમાં એક પીપ હતું અને તે વિષે તેણે સેનાપતિ શેપર્ડને બબર આપી. જંગલી લોકોના સખ્ત મારાની વચ્ચે થઇ, આ લગભગ ન બને તેવું કામ કરવાને એક વૉલંટિયરને બોલાવવામાં આવ્યો. દરેક માણસ તે કામ કરવા

આગળ આવ્યો અને આ માન મેળવવા સ્પર્ધા ચાલી; પણ ઇલિઝાબેથ ઝેને જવાને બહુ આગ્રહ બતાવ્યો અને એમ કહ્યું કે, એક મરદ કરતાં તેની જિંદગી કિલ્લાના બચાવ માટે ઓછી કિંમતની હતી. ફિલાડેલ્ફિયામાં થોડાજ વખતથી તે ગ્રેનયુએટ થઇ હતી અને બીજી યુવાન સ્ત્રીઓની સાથે તે ગોળીઓ પાડતી હતી, કારતૂસ બનાવતી હતી અને રાઇફલ ભરતી હતી. આનાકાની સાથે કબૂલ કરવામાં આવ્યું અને ઇંડિયન્સ મૂંગા મૂંગા આશ્ચર્ય સાથે જોતા રહ્યા; જ્યારે તે ઝડપ સાથે પોતાના ભાઇને ઘેર ગઇ; પણ તે દારૂ લઇને દોડતી પાછી આવી કે તરતજ જથાબંધ ગોળીઓ તેના ઉપર છોડવામાં આવી; છતાં તેની તેને કાંઇ અસર થઇ નહિ. આ દારૂથી કિલ્લાનો બચાવ થયો.

પહેલાં નહિ જણાયેલી તેવી મુશ્કેલીઓ અને જોખમોની વચ્ચે, તેની આજુબાજુ જંગલી લોકોનાં ટોળેટોળાં અને શિયાળો સમીપ છતાં, મિસિસિપિના પ્રદેશની ખોળ કરનાર લા સાલે, તેને થયેલા ભારે નુકસાન, નિરાશ થતા મિત્રો, આનંદ પામતા દુશ્મનો, ક્ષીણ ગુમાવેલી શક્તિઓ, દેવાનો દાબી નાખતો બોજો અને અંધકારના આવરણવાળા ભાવી વિષે વિચાર કરી બેસી રહ્યો નહોતો; તેના મનનું બંધારણ કાંઇક જુદુંજ હતું. મુશ્કેલીની સામે થવા, પોતાની અવનતિમાંથી જબરદસ્ત વિજય પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઇ પણ વિચાર તેને નહોતો.

વૉટર્લૂ આગળ વેલિંગ્ટને પોતાના અમલદારોને કહ્યું: "ગૃહસ્થો! સખ્ત મારો ચાલે છે, પણ વધારેમાં વધારે લાંબો વખત તોપનો મારો કોણ ચલાવે છે તે આપણે જોઇશું."

પોતાના મુખ્ય સેનાપતિના લખાવવા મુજબ યુવાન જુનો કોઇ પત્ર લખતો હતો, તેવામાં એક ઑસ્ટ્રિયન તોપના ગોળાની ધૂળ તે પત્ર ઉપર પડી. જુનો બોલ્યો: "ઠીક, તેઓ આપણે માટે આપણા પત્ર ઉપર રેતી નાખે છે." આ ટીકાથી નેપોલિયનનું ધ્યાન ખેંચાયું અને તેથી આ પત્ર લખનારની પદવી વધી.

મહાન ઍડ્વોકેટ અર્સ્કિન કોર્ટમાં વાદ જોવો હતો; પણ જ્યારે તે આમની સભામાં પેસતો ત્યારે પિટ્ની દૃઢતાયુક્ત ધૃષ્ટતા અને તિરસ્કારમાં તે એવું કાંઇક જોતો કે જેથી તે અંદરખાનેથી શિથિલ અને વ્યાકુળ બની જતો. અર્સ્કિનમાં વીરત્વના

ચમકારા હતા. પિટ્ટમાં સર્વત્ર અનુકૂળ થઇ પડે તેવી અને આગ્રહયુક્ત હિંમત હતી.

સ્વીડનનો એક છોકરો બારીમાંથી પડી ગયો અને તેને ઘણી ઇજા થઇ; પણ દુઃખથી આવતું રડવું દબાવવાને તેણે હોઠ દાબી રાખ્યા. રાજા ગસ્ટેવ્જ એડોલ્ફસ જેણે તેને પડતાં જોયો તેણે આગાહી કરી કે, "આ છોકરો આપત્તિમાં, જરૂરિયાતના સમયમાં મર્દ નીવડશે." તેજ પ્રમાણે થયું; કારણકે આગળ જતાં તે સુપ્રસિદ્ધ જનરલ બોયર થયો.

વકીલાતના ધંધામાં ઘણા પડેલા છે એમ ધારી તેને લગતો અભ્યાસ કરવામાં આંચકો ખાતા એક યુવાનને વેબ્સ્ટરે કહ્યું: "ઉચ્ચ સ્થાન મેળવવા જોઇએ તેટલી જગા છે." પ્રવૃત્તિની દરેક શાખાને આ વચન સરખી રીતે લાગુ પડે છે. આજનો યુવાન જેણે કૃતેહ મેળવી હોય તેણે પોતાની જગાએ મજબૂતીથી ઊભા રહેવુ જોઇએ અને આગળ વધવા પરિશ્રમ ઉઠાવવો જોઇએ. વિજયના દરવાજાની અંદર થઇ જેઓ નીકળવા પ્રયત્ન કરતા હશે તેમને તે દરવાજે "આગળ વધો" એ શબ્દો સાથે જણાઇ આવશે.

તેના પિતા પાસે બે કલાકની પરિશ્રમ ભરી તાલીમ લીધા-પછી મહાન નૃત્ય કરનાર ટાગલિયોની થાકથી પડી જતી. બિદમતગારો પછી તેનું શરીર વાદળીથી લૂછી નાખતા અને મર્દનથી તેનામાં નવજીવન આણતા. થોડા વખતના આરામ પછી તે સાંજના ખેલ માટે તૈયાર થઈ જતી.

વૉશિંગ્ટન ઇરવિંગ કહે છે કે, "ગભરાવી નાખે તેવી અવનત દશાનાં અસહ્ય સંકટ સ્ત્રીઓ કેટલા ધૈર્યથી સહન કરે છે, તેના ઘણા પ્રસંગો મારા જોવામાં આવ્યા છે. જે સંકટોથી પુરુષ નિરાશ થઇ જાય છે, બેહાલ બને છે, તેજ સંકટોથી સ્ત્રીની સર્વ આંતરશક્તિઓ બહાર આવી તેનું વર્તન એટલું નિર્ભીક તથા ઉન્નત જણાઇ આવે છે કે કોઈવખત તેને દિવ્ય પણ કહી શકાય."

ઐતિહાસિક એકવેટીલે બોનાપાર્ટને નમવા ના પાડી હતી. બરાબમાં બરાબ નિર્ધન અવસ્થા તેણે પસંદ કરી હતી અને માત્ર દિવસના ત્રણ સુ ઉપર તે ચલાવતો. તેણે કહ્યું હતું કે, "મારેન્ગો અને ઑસ્ટરલીઝના વિજેતા માટે હજુ મારી પાસે બે સુ રહ્યા છે. મરવા માટે મારે શહેનશાહની મદદની જરૂર નહિ પડે."

ઑક્સફર્ડના વિદ્યાર્થીઓ આગળ, બૂમો, ધુત્કાર, સિસોટીઓ, તિરસ્કારયુક્ત ચીસો, ઉદ્ધત અપમાન ભરેલા પ્રશ્નો, ધારી શકાય તેવી દરેક અડચણ, શરીર ઉપર હુમલો, એ સર્વની વચ્ચે જૉન. બી ગૉફે મિતાચાર ઉપર બોલવા માટે કલાકોના કલાક યત્ન કર્યો હતો. તે પોતાનો સંકલ્પ મૂકી દેતો નહિ. તેણે યુવકો આગળ એવી નવીન સૂચના રજૂ કરી કે વક્તા અને શ્રોતામંડળે અર્ધો સમય વહેંચી લેવો. આ ન્યાયની સૂચનાની યુવકો ઉપર અસર થઈ. આખરે તેણે તેઓની શુભેચ્છા મેળવી લીધી. તેણે કહ્યું: "વીસ મિનિટ સુધી તમે તમારા વિચાર પ્રમાણે કામ ચલાવો અને હું સાંભળીશ, પછી હું વીસ મિનિટ વાત કરીશ તે તમારે સાંભળવી." તેણે પોતાના અદ્‌ભુત વકતૃત્વથી તેમને એટલા બધા મુગ્ધ કર્યા કે તેમણે, પોતાને આપવામાં આવેલો વખત તેને આપવા આતુરતા બતાવી.

પૂરેપૂરી હિંમતમાં ગેરસમજુત રહે નહિ તેવા ભાર સાથે બોલવાની શક્તિ હોય છે. **કઠણ વખતને, તેનાથી પણ વધારે કઠણ સંકલ્પશક્તિ અને વધારે નિશ્ચયયુક્ત ધૈર્ય સાથે પહોંચી વળો.**

સાધારણ જેવો નરમ અને ઢીલો સ્વભાવ આપત્તિમાં કાંઇ પણ કામનો નથી. આપણામાં મજબૂતી અને લોખંડના જેવી કઠણાઇ હોવાની પણ જરૂર છે. ઘણા ગરીબ છોકરાઓ, જેમને મિત્ર નહોતા, કોઇની પૂંઠ નહોતી અગર તો જેમની ભલામણ કરનાર માત્ર પૌરુષ અને અજિત હેતુ, એ સિવાય કોઇજ નહોતું, તેમના ઉપર લક્ષ્મી અને કીર્તિદેવીની મહેરબાની થઇ છે.

સૂર્યના તડકાથી ઘઉંવર્ણો બનેલા ચહેરાવાળો એક યુવક, ઑક્સફર્ડ યુનિવર્સિટીના એ વખતના પ્રમુખ બિશપ સિમ્પ્સન આગળ ગયો; તેનાં સાદાં કપડાં ઉપરથી બિશપે પ્રશ્ન કર્યો કે, "તેનો નિર્વાહ શાથી થતો હતો?" પાછળથી રાજસભાના સભ્ય થયેલા તે છોકરાએ જવાબ દીધો: "સાહેબ! મારા બે હાથ વડે."

મહત્ત્વાકાંક્ષા ધરાવનાર બુદ્ધિમાન જનોની પ્રગતિ બંધ કરે તેવા વિક્ષેપો હજુ ઊભા થયા નથી. એક છોકરાને આરોગ્ય અને અક્ષરજ્ઞાન આપો અને પછી તેનું ભવિષ્ય સારૂં અગર ખોટું નીવડવું તેનો આધાર તેના પોતાના ઉપર રહે છે. જેઓ પ્રારબ્ધ

અને વાસનાની વાટ જોઇ બેસી રહે છે, તેઓ કાંઇ વધારે મેળવી શકતા નથી. નસીબથી ડાહ્યા અગર ભલા બન્યા હોય તેવા માણસો કોની જાણમાં છે? સાધારણ રીતે જીવનમાં જેઓ નિષ્ફળ ગયા હોય છે, તેઓજ પ્રારબ્ધ અગર ભાવી ઉપર શ્રદ્ધા રાખે છે. અમુક માણસ પર ભાગ્યદેવી પ્રસન્ન થયાં છે, અમુક ભાગ્યશાળી છે તેનાં સંખ્યાબંધ ઉદાહરણ તેઓજ રજૂ કરે છે.

અકસ્માતનું પ્રકરણ એ મૂર્ખ લોકોનું ધર્મપુસ્તક છે. એમર્સન કહે છે કે, "છીછરા માણસો નસીબને, સંજોગોને માને છે. કોઇકના નામથી, કોઇકની હાજરીથી અગર તો અમુક સંજોગથી અમુક વાત બની. બીજે વખતે તે વાત ન પણ બને. મજબૂત મનવાળા માણસો કારણ અને પરિણામ ઉપર શ્રદ્ધા રાખે છે. સઘળા કૃતેહમંદ માણસોએ એક વાત તો કબૂલ રાખી છે અને તે એ છે કે, તેઓ કારણ અને પરિણામ પર શ્રદ્ધા રાખનાર હતા. તેઓ ધારતા કે, જગત નસીબથી નહિ પણ નિયમથી ચાલે છે. જે શૃંખલાથી પહેલી અને છેલ્લી ચીજ જોડાય છે, તેમાં કોઇ ઢીલો અને ઘસાયલો, તૂટેલો અંકોડો હોતો નથી."

ગેટેએ કહ્યું છે કે, "ઉદ્યોગ પ્રતિભાનો $\frac{૯૯}{૧૦૦}$ ભાગ છે" અને વળી ઉમેર્યું છે કે, "લાયકાત તથા સંપત્તિને હમેશાં ગાઢ સંબંધ રહે છે."

ફ્રેંકલીન કહેતો કે, "બંતથીજ સારૂં નસીબ બને છે."

એડિસન કહે છે કે, "સારૂં અને ખોટું નસીબ કહેવાય છે, તેનું રહસ્ય હું તમારી આગળ રજૂ કરૂં છું. કેટલાક માણસો એમ ધારે છે કે, પ્રારબ્ધ તેમનાથી એટલું રિસાયલું રહે છે કે તે કદી મનાશે નહિ; અને તેઓ હમેશાં વૃદ્ધાવસ્થાની ગરીબીમાં, તેમની જિંદગીની આપત્તિઓ વિષે શોક કર્યા કરે છે. નસીબની ગતિ હમેશાં તેમના સામી અને બીજાની તરફેણમાં હોય છે. એક સારા ધંધાવાળો માણસ નદીમાં નસીબ ગુમાવી બેઠો અને તેને ફરી પકડવા માટે તેણે પોતાનો ઘણો વખત ગુમાવ્યો. બીજાનો ધંધો સારો ચાલતો હતો. તે હમેશાં પોતાના ગરમ સ્વભાવથી પોતાનું નસીબ બગાડતો. તેના તે સ્વભાવથી તેના સઘળા નોકરો નારાજ થઈ તેને છોડી જતા. પૈસા પેદા થાય એવો ધંધો વળી ત્રીજાને હતો; પણ તેને પોતાના ધંધા સિવાય બીજાના ધંધા ઉપર આગ્રહ

સાથે લક્ષ આપવાની આશ્ચર્યજનક કુટેવ હતી અને તેથી પોતાનું નસીબ ગુમાવતો. વળી એક બીજો માણસ દૃઢતાથી પોતાના ધંધામાં પ્રવૃત્ત રહેતો તેટલોજ તે બાટલીમાં નિમગ્ન રહેતો. એક બીજો જે પોતાના ધંધામાં અપ્રમાણિક અને ચુસ્ત રહેતો તે તેની વિવેકશક્તિની બામીથી હમેશાં ભૂલ કર્યા કરતો. સેંકડો માણસો અંધ અનુકરણથી, આસ્થાભરી આશાઓથી, પ્રપંચી માણસોના ઉપર વિશ્વાસ રાખવાથી અને અપ્રમાણિક નફાથી પોતાનું નસીબ ગુમાવે છે. જે માણસની સ્ત્રી બરાબ હોય છે, તે માણસનું નસીબ કોઇ દિવસ સારૂં હોઇ શકતું નથી. વહેલા ઊઠનાર, ભારે ઉદ્યોગ કરનાર, દીર્ઘદૃષ્ટિવાળા, પોતાની કમાણીની સંભાળ રાખનાર, બરોબર પ્રમાણિક માણસોને પોતાના નસીબ વિષે ફરિયાદ ઉઠાવતા સાંભળવામાં આવ્યા નથી. દુર્દૈવના હુમલા, જે વિષે હમેશાં મૂર્ખ લોકોને સ્વપ્ન આવ્યા કરે છે, તે હુમલા સચ્ચરિત, સારી ટેવવાળા અને સખ્ત ઉદ્યોગ કરનારા માણસો ઉપર આવી શકતા નથી. જ્યારે એકાદ ગાંધીની દુકાનમાંથી એક ચીંથરેહાલ માણસને બપોરે, ગજવામાં નાખેલા હાથ સાથે, ઊંચી કરેલી વાડવાળી દબાઇ ગયેલી ટોપી સાથે હું જોઉં છું, ત્યારે હું જાણી શકું છું કે તે માણસનું નસીબ પાંશરૂ નથી; કારણકે ચુસ્ત બનવું, બદમાશી કરવી અગર તો નશો કરવો એમાંજ માણસનું બરાબમાં બરાબ નસીબ રહેલું છે.

જે માણસ પ્રયત્ન કરતો નથી અને જેની સઘળી ઇંદ્રિયો, વૃત્તિઓ, આતુરતાથી એકાગ્ર નથી, તેનું નસીબ વાસ્તવિક રીતે ખૂલતુંજ નથી. જેને આકસ્મિક શોધો કહેવામાં આવે છે, તે પણ જેઓ હમેશાં કાંઇ ને કાંઇ બોળ્યા કરે છે, તેઓજ માત્ર કરી શકે છે. જુદા જુદા માણસોને પોતાનાં પ્રયત્નમાં વધારે ઓછે અંશે જે ફતેહ મળે છે, તેમાં કદાચ કાંઇક પ્રારબ્ધ હોઇ શકે; પણ આમાં પણ એવું માલૂમ પડે છે કે, જે અક્કલથી અને જે ખંતથી પ્રયત્ન કરવામાં આવે છે, તેથી પરિણામમાં જે નસીબ જણાઇ આવે છે તેનું પ્રમાણ નીકળી શકે છે. છૂટાં છૂટાં કામમાં કોઇ કોઇ વખતે દેખીતી રીતે અપવાદ માલૂમ પડી આવશે; પણ છેવટે તો આ નિયમજ અસરકારક જણાઇ આવશે. સરખી રીતે ઉસ્તાદ એવા મોતી માટે ડૂબકી મારનાર બે માણસો સાથે ડૂબકી મારે છે અને એકસરખા આગ્રહથી કામ કરે છે. આમાંનો એક

મોતી લઈને ઉપર આવે છે અને બીજો ખાલી હાથે ઉપર આવે છે; પણ બંને આગ્રહથી કામ કર્યા કરશે તો પાંચ, દસ, પંદર અગર વીસ વર્ષને અંતે એમ ચોક્કસ માલૂમ પડશે કે, તેઓને તેમની હોશિયારી અને ઉદ્યોગનો લગભગ સમાન પ્રમાણમાંજ બદલો મળ્યો છે.

લંડનનું "લેન્સેટ" પત્ર કહે છે કે, "પૌરુષની મદદથી-પૌરુષને લીધે, દૂર નહિ થઇ શકે એવી અડચણો પણ દૂર કરવાનું બની શકે છે; એટલુંજ નહિ પણ ઋતુની પ્રતિકૂળતાઓ, પ્રતિકૂળ સંયોગો અને બિમારીની સામે થવાનું–તેને હઠાવી દેવાનું પણ બની શકે છે. સહન કરનારની નૈતિક હિંમતથી ઘણા માણસોની જિંદગી બચી ગઈ છે. શસ્ત્રક્રિયાની વેદના સહન કરવામાં અગર બિમારના ઓરડામાં ભરાઇ રહેવાના દુઃખમાત્રમાંજ આ સ્વાશ્રય ઉપયોગી થઇ પડે છે એમ નથી; પણ હરહમેશ એકના એક કંટાળા ભરેલા માર્ગ ઉપર જવામાં અને સામાન્ય કર્તવ્ય પણ બળ સાથે બજાવવામાં તે ઉપયોગી થઇ પડે છે. અસાધ્ય દરદ-વાળા પણ કેટલા બધા માણસો, આશા નહિ છતાં ધીરજ અને નિશ્ચિત આશા સાથે, નિરાશાને પણ દબાવીને, ઘણા દુઃખમાં પણ જીવી શક્યા છે! છેવટે આ રીતે તેમનાં ભયંકર દરદની ઉગ્રતા-નાશ પામે છે અને દરદનાં શારીરિક લક્ષણ રહેવા છતાં, તેમનું વિનાશક તત્ત્વ નરમ પડી જાય છે. કેટલાક દરદીઓ તો મરવાની બિલકુલ ના પાડે છે. આવા કેસોમાં દાક્તર તેમને જીવતા રાખવા સિવાય બીજું શું કરી શકે? તેમની ગોળીઓથી પણ તેઓ મરશે નહિ."

વ્હીપલ કહે છે કે, "ઘણા વેપારીઓની જે પાયમાલી થાય છે, તે તેમનામાં ધંધો કરવાની શક્તિ હોતી નથી એનેજ લીધે માત્ર થતી નથી, પણ ધંધો કરવામાં જોઇતી હિંમતની બામીથી થાય છે. ઘણીજ સરસ શક્તિઓવાળા પણ નરમ પડી જાય એવા સ્વભાવવાળા, જેઓની ધંધાની વૃત્તિમાં નિશ્ચય અને સિદ્ધાંતોની દૃઢતા જોવામાં આવતાં નથી, જેઓ સ્પષ્ટ બુદ્ધિની શુભ સૂચના-ઓને બદલે, નબળા સ્વભાવની અશુભ પ્રેરણાઓને અનુસરવા દોરાઇ જાય છે, એકાદ જોખમવાળી હૂંડી સ્વીકારી જેઓ મિત્ર ઉપર ઉપકાર કરતા જણાય છે અને વળી કાંઇ પણ આશારહિત સટોડિયા પાડોશીના જોખમમાં ઊતરી તેને પણ રાજી રાખવા

પ્રયત્ન કરે છે; તેઓ ઉદ્યોગથી અને અક્કલથી મેળવેલું પોતાનું ધન, ભૂલ કરતા અને કેવળ લૂંટનો ધંધો લઇ બેઠેલા, કાંઇ પણ શક્તિ વગરના લોકોને મદદ કરવાના યત્નમાં ગુમાવે છે. આ રીતે ઉત્પન્ન થયેલી નાદારસ્થિતિમાં છેવટે તેઓ પોતાના ધૂરકતા લહેણદારોનાં કડવાં મહેણાંને અને ગપ્પાં મારતા લોકોની ઉદ્ધતાઇ ભરેલી દયાને પાત્ર બને છે.

હક્સલી કહે છે કે, "માનવજાતિના ભિન્ન ભિન્ન પ્રસંગના અનુભવને લીધે, જેમ જેમ હું વધારે જીવતો જઉં છું, તેમ તેમ હોશિયારીને હું થોડું મહત્ત્વ આપું છું અને ઉદ્યોગ તથા સહન કરી લેવાની શક્તિને હું વધારે ને વધારે અગત્ય આપું છું. બરેબર, હું તો એમ ધારું છું કે, સહન કરવાની શક્તિ, એ સઘળા કરતાં વધારે કિંમતી ગુણ છે. ઉદ્યોગમાં માત્ર સખ્ત મહેનત કરવાની ઇચ્છાજ કાંઇ કામમાં આવતી નથી; કેમકે આ ઇચ્છાને અનુસરનારૂં શરીર જો નબળું હોય, તો તેનું કાંઇ પણ ફળ આવતું નથી. કોઇ પણ જિંદગીનો અંત સુસ્તીમાં, અપ્રમાણિકતામાં અગર નામર્દાઇમાં ન આવે, તો તે જિંદગી નિષ્ફળ ગઇ છે એમ કહી શકાય નહિ; તેજ પ્રમાણે કોઇ પણ ફતેહ પ્રમાણિક ઉદ્યોગ વગર અને બહાદુરીથી અવદશાનાં મોજાંની સામે થયા વગર મેળવવામાં આવી હોય તો તે ફતેહના નામને યોગ્ય નથી. અથવા એમ કહો કે એ ફતેહજ નથી."

પ્રભુએ પ્રભુત્વનો ત્યાગ કર્યો છે? વિશ્વ, એ શું એક પ્રકારની અનંત અવ્યવસ્થા છે કે જેમાં નિયમનું આધિપત્ય છેજ નહિ? શું કાયદો એ એક જોડી કાઢેલી વાત છે? શું જિંદગી એ ધાંધલ માત્ર છે? દુનિયા એ શું માત્ર કોલાહલ માટે કે, બખેડા માટે છે? જગતમાં જેને નસીબ કહેવામાં આવે છે, એવી કોઇ રમત છે? પણ જ્યાંસુધી નાનામાં નાનો અણુ અગર મોટામાં મોટો સૂર્ય, નહિ જણાય તેવો જંતુ અગર તો મહાનમાં મહાન યશસ્વી દેવદૂત, માટીના ઝૂંપડામાંથી હવામાં ઊડતો આત્મા અગર તો પૃથ્વી ઉપર પડતી ચકલી, તેની—પ્રભુની શાસનશક્તિનો સમાન રીતે સ્વીકાર કરે છે, ત્યાંસુધી કુદરત કોઇ રીતે આંધળા પાટા જેવી રમત રમશે નહિ. જો દસ બહેરા, મૂંગા અને આંધળા માણસોને દસ એકરના જમીનના ટુકડામાં એકજ લાઇનમાં ગોઠવવામાં આવ્યા હોય અને પછી જેઓ જીવતા રહે તેઓ ફરી

એક લાઇનમાં આવે ત્યાંસુધી તેમને ભટકવા દીધા હોય, તો-નવમો માણસ મરી જાય ત્યારેજ તેઓ એક લાઇનમાં આવી શકે. કોઇ મૂર્ખ માણસ નસીબને લીધે ડહાપણના શબ્દ બોલી શકશે? નિરક્ષર માણસ વિજ્ઞાનનાં ભાષણ આપી શકશે? એક ઘોબો ઓડિસી, ઇનિડ, પેરેડાઇઝ લોસ્ટ અગર હેમ્લેટ લખી શકશે? એક લોફર જીરાર્ડ અગર એસ્ટોર, રોથ્સ્ચાઇલ્ડ, સ્ટુઅર્ટ વેન્ડરબિલ્ટ, ફિલ્ડ, ગુલ્ડ અગર રોકફેલર બની શકશે? કોઇ નામર્દ યોર્કટાઉન આગળ,વાગ્રામ, વોટર્લૂ અગર રિચમંડ આગળ જીતી શકશે? કોઇ બેદરકાર પથરા વહેરનાર, એપોલો, મિનર્વા કે વિનસ ડે મેડિસી કે ગ્રીક ગુલામનું પૂતળું બનાવી શકશે? શું સુસ્ત માણસની જમીન ઉપર નસીબ ઘણા સારા પાક નિપજાવી શકે છે અને ઉદ્યોગી બેદૂતની જમીન ઉપર નિંદામણ અને કાંટા-જ તે ઉત્પન્ન કરી શકે છે? શું એક દારૂડિયો માણસ નસીબથી સુંવાળો અને આકર્ષક બને છે? નસીબથી દારૂડિયાનું ઘર સુખ-મય થઇ શકે છે? તેથી ઊલટું, નસીબથી, મિતાચારી માણસ હાડપિંજર જેવો જણાય છે અને તંગી તથા સંકટ સહન કરે છે? નસીબથી સામાન્ય સમજવાળા માણસની કિંમત ઘટે અને મૂર્ખ માણસની વધે, એવું બને છે? બુદ્ધિમાન પુરુષને નસીબ ગટરમાં નાખે અને અજ્ઞાનને આસમાનમાં લઇ જાય એવું બને છે? શું સદ્‌ગુણીને તે કેદખાનામાં નાખે છે અને દુર્ગુણીનાં તે વખાણ કરે છે? વોટનું એન્જિન શું નસીબથી બન્યું હતું? ફ્રેંકલી-નને વશ રહેનાર વીજળી નસીબથી મળી હતી? વ્હિટનીનું કોટનજિન નસીબથી બન્યું હતું? ફૂલ્ટનની સ્ટીમબોટ, મોર્સનો તાર, બ્લેન્ચાર્ડનનો સંઘાડો, હોએનો સીવવાનો સંચો, ગુડયરનું રબર, બેલનો ટેલિફોન અને એડિસનનું ફોનોગ્રાફ શું નસીબથી બન્યાં હતાં?

કોઇ માણસને દુઃખકારક દરદ હોય અને તેનાથી કંટાળી આપઘાત કરવા જતો હોય, પણ તેમ કરતાં એક અંદરનું ગડ-ગૂમડ ફાટે અને તેનું દરદ મટી જાય; એક ઇરાનીને જીભ કાપવા-ની સજા થઇ હોય તેના ઉપર જેવી તેવી શસ્ત્રક્રિયા થતાં તેની જીભ છૂટી થઇ જાય; એક ચિત્રકાર કાંઇ અમુક કાર્ય કરી લોકો પર અસર કરવા ધારતો હોય, પણ તે મુશ્કેલ હોવાથી ચિત્ર સામે ગુસ્સા અને નિરાશાથી પીછી ફેંકે અને ધારેલી અસર

ઉપજાવી શકે; એક સંગીતશાસ્ત્રી સમુદ્રના તોફાનનું અનુકરણ કરવામાં વારંવાર નિષ્ફળ ગયા પછી વાદ્યની ચાવીઓના છેડેથી પોતાના હાથ ગુસ્સાથી ચલાવી, તે ધારેલું પરિણામ આણી શકે—આ બધાં દૃષ્ટાંતમાં એક બાબત ધ્યાનમાં રાખો કે, આમાં નસીબ પણ અમુક ક્રિયાને પરિણામે પ્રાપ્ત થયું, ક્રિયાને અભાવે પ્રાપ્ત થયું નહિ.

ચિકાગોમાં લાગેલી આગમાં એક વેપારીએ પોતાનું એકનું એક સ્ટોરનું મકાન ગુમાવ્યું. તેજ મહોલ્લા ઉપરના એક સ્ટોર-વાળા હરીફનું મકાન બચી ગયું. આગ પછી ધંધા માટે મકાનના ટુકડાઓની વધારે માગણી થઇ અને તેને પરિણામે આ માણસ ધનવાન થયો. આ ઉદાહરણમાં બરેબર આ બંને માણસની કૃતેહ અને નિષ્ફળતા ઉપર સંયોગોની અસર હતી; પણ આ સંયોગો તે એવા હતા કે, જેના ઉપર કોઇની સત્તા ચાલી શકે એમ નહોતું. બળી ગયેલા મકાનવાળાએ મકાનનો અને માલનો વીમો ઉતરાવ્યો હોત, તો આ નુકસાન તે અટકાવી શકત; પણ એમાં પણ એવું બને કે તેની પસંદગીની વીમા કંપની એવી નીકળે કે, તેના ઉપર ઘણાની માગણી થતાં પેલા માણસનો વીમો તે આપી શકે નહિ. બીજાનું સદ્‌ભાગ્ય તો નક્કીજ હતું. પહેલા-ને જે આપત્તિ પડી અને બીજાને જે તક મળી, તે બન્ને ઉદાહરણ-માં તેમની ઇચ્છા જેવું કાંઇજ નહિ, છતાં તેમ બન્યું. તેવો પ્રસંગ ૧૦,૦૦૦ માણસમાં એકજ માણસને આવે છે. જ્યુવેનલ કહે છે તેમ "ધોળો કાગડો મળવો દુર્લભ છે, તેમ નસીબવાન માણસ તેના કરતાં પણ વિશેષ દુર્લભ છે."

બેરન રોથસ્ચાઇલ્ડ અને પી. ટી. બાર્નમને એવો અનુભવ થયો હતો કે, નિર્ભાગી મનુષ્યો સામાન્ય રીતે યુક્તિશૂન્ય અને પ્રમાદી હોય છે તથા તેઓ તત્ત્વવિદ્યાની દૃષ્ટિએ તેઓની સાથે ધંધાનો સંબંધ રાખતાં નહિ. એ. ટી. સ્ટુઅર્ટને આવા માણસો-નો તેવોજ કંટાળો હતો; પણ તેની માન્યતામાં એટલો વહેમ પેસી ગયો હતો કે, તેમની સાથે ધંધો કરવાથી ફાયદો મળતો નથી. નવા ખોલેલા લૉટમાંથી માલ ખરીદનાર પહેલોજ માણસ નિર્ભાગી હોય તો આખા લૉટમાં તેને નુકસાન જશે, એમ તે કહેતો. ભીખ માગવાના પોતાના ધંધાનો ઢાંકપિછોડો કરવા માટે એક વૃદ્ધ સ્ત્રી શહેરના દક્ષિણ ભાગના તેના નવા સ્ટોર

આગળ સફરજન વેચતી હતી. આ સ્ત્રીથી તેને એવો વિચાર ઠસી ગયો કે, તે તેની રક્ષક દેવી છે અને તેને પોતાના સ્ટોર આગળ રાખવાને તે એટલો આતુર હતો કે તે જાતે તેની ચીજો પોતાના નવા સ્ટોર આગળ લાવતો. જ્યોર્જ ક્લીવલેન્ડ પણ નસીબને માનતો. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટની જગા માટે પહેલી વાર ઉમેદવાર તરીકે તે બહાર પડ્યો, ત્યારે તે બોલ્યો હતો કે, "ચૂંટણીમાં હું નક્કી નિવાઇશ. મારા નસીબમાં એમ બનવાનું જ છે."

કોબ્ડન કહે છે કે, "કાંઇ પણ બને તે માટે નસીબ રાહ જુએ છે કે સૂક્ષ્મ નજર અને દૃઢ સંકલ્પશક્તિથી મહેનત કાંઈ ને કાંઇ ઊભું કરશે. નસીબ પથારીમાં પડી રહે છે અને એવી ઇચ્છા રાખે છે કે, પોસ્ટમેન વારસાની બબર લાવશે. ઉદ્યોગી છ વાગે ઊઠે છે અને કલમ ચલાવી અગર બણબણાટ સાથે હોકાતા હથોડાથી પૂરતા નિર્વાહની પ્રાપ્તિનો પાયો નાખે છે. નસીબ રડે છે, ઉદ્યોગ આનંદમાં રહે છે; નસીબ ચાન્સ ઉપર આધાર રાખે છે, ઉદ્યોગ ચારિત્ર્ય ઉપર આધાર રાખે છે."

કોઈ પણ ચીજને વળગી રહો અને તેને પરિપૂર્ણ કરો. તમે જે જગા ઉપર છો, તેને માટે તમે સરજાયલા છો, એમ માનો અને બીજો કોઇ પણ માણસ તેને માટે વધારે લાયક નથી એમ તમે માનો—તમારી સઘળી શક્તિનો ઉપયોગ કરો. જાગૃત થાઓ. તમારામાં ચૈતન્ય, તમારામાં વિદ્યુતશક્તિ આણો; કામ ઉપર ચડી જાઓ. એકજ વાર એક ચીજને પરિપૂર્ણતાએ આણતાં શીખો અને તમે જરૂર બહાદુર માણસ બનશો. તમને તમારી જાત માટે સારા વિચાર આવશે. બીજાઓ તમારે માટે સારા વિચાર આણશે. જગત તેના બરા અંતઃકરણથી, સખ્ત અને દૃઢ સંકલ્પથી કામ કરનારને વધાણે છે.

અમુક વસ્તુસ્થિતિની સન્મુખ, અમુક સ્થિતિની સામે, જે માણસ બહાદુરીથી બડો થઇ જાય છે—તેની સામો થાય છે; જે કાંઈ પણ ભય વગર જિંદગીની દરરોજની લડત લડે છે; પોતાની આશાઓ નિષ્ફળ જતી જુએ છે તે છતાં પણ જે મજબૂત, ઢીલો નહિ પડે તેવો વિશ્વાસ રાખે છે કે પ્રભુ તો પ્રભુજ છે—ગમે તે રીતે તેની સત્યપૂર્ણ, ન્યાયયુક્ત યોજનાઓ મનુષ્યજાતિ માટે ચાલે

છે; જે સંપત્તિને મનુષ્યો બહુ પ્રેમથી પકડી રાખે છે, તે જ્યારે તેના હાથથી છૂટી જાય છે ત્યારે જેની આંખમાંથી એક પણ આંસુ પડતું નથી; બેઆબરૂથી રહેવા કરતાં પ્રીતિનો એકાદ ટુકડો પણ જે પસંદ કરે છે; માણસની જે અદેખાઇ કરતો નથી; માણસ ઉપરની શ્રદ્ધા જે છોડતો નથી, પણ પોતાથી બનતો સઘળો યત્ન કરે છે; પોતાની હલકી દશાનો ગણુગણાટ પણ જે કરતો નથી, પરંતુ સ્મિત અને આશાભર્યા શબ્દો સાથે, દરેક મહેનતુ માણુસના કામમાં લહેજત પૂરે છે અને શૌર્યયુક્ત વીરજીવનથી જે પ્રારબ્ધ ઉપર જીત મેળવે છે, તેજ એકલો મહાન છે.

૨૧—ખંતનો બદલો

"દરેક ઉમદા કામ પહેલાં તો અશક્ય જેવું લાગે છે."

—કાર્લાઈલ

"જળનાં ટપકતાં બિંદુ પથ્થરને પણ ઘસી નાખે છે."

—લ્યુક્રેશિયસ

"વધારેમાં વધારે આગ્રહીને વિજય મળે છે." —નેપોલિયન

"ફતેહ પામવા માટે કેટલો સમય જોઇએ તે જાણવા ઉપર ઘણી બાબતોમાં ફતેહ મેળવવાનો આધાર રહે છે." —મોન્ટેસ્કુ

"હમેશાં ધકેલ્યા કરવું, વિશ્વાસ રાખવો.—આથી મુશ્કેલી દૂર થઇ જાય છે અને દેખીતી અશક્યતા પણ અદૃશ્ય થઇ જાય છે."

—જેરેમિ કોલિયર

"ચાંચલ્યને હું ધિક્કારું છું—જે મનુષ્ય પારા જેવી મિદ્રીનો બનેલો હોય, કે જેથી તેના હૃદયમાં કોઇ કાયમ પાયો રહી શકે નહિ, તેવા માણસને હું ધિક્કારું છું, તેનો હું તિરસ્કાર કરું છું, તેની હું અવગણના કરું છું, તેનો હું પરિત્યાગ કરીશ, એવી પ્રતિજ્ઞા કરું છું."

—બાયરન

"કોઇ પણ કામ એક વખત સારી રીતે શરૂ કરવામાં આવ્યું હોય, તો પછી તે પરિપૂર્ણ થાય ત્યાંસુધી તેનો પરિત્યાગ કરવો નહિ."

—શેકસપિયર

"પાણીના જેવી ચંચલતાથી ઉત્કૃષ્ટતા મેળવી શકાતી નથી."

"જે તંતુ ઢીલો પડતો નથી, જે આંખ નીચી નમતી નથી, જે વિચાર ભ્રમણામાં પડી જતો નથી, તેથીજ વિજય મળી શકે છે."

—બુદ્ધ

એડમંડ કીન ઠીંગણો હતો, વર્ણે કાંઇક શ્યામ હતો, કુદરતી રીતે તેનો અવાજ કર્કશ હતો. માસિન્જરના નાટકમાં સર જાઇલ્સ ઓવર રીચનો વેશ કોઇ પણ ભજવી ન શકે તેવી રીતે ભજવવાનો તરુણાવસ્થામાં તેણે નિશ્ચય કર્યો હતો. કોઇ પણ બાબતથી હઠી ન જાય તેવા આગ્રહ વડે તેણે આ વેશ ભજવવા માટે પોતાની જાતને એવી તાલીમ આપી કે, જ્યારે તેને કૃતેહ મળી ત્યારે બહુ મોટી મળી–આખું લંડન તેનું પૂજક બન્યું.

પાર્લામેન્ટમાં શેરિડનનું પહેલું ભાષણ થયા પછી રિપોર્ટરે શેરિડનને કહ્યું: "આ ભાષણ તમારું પોતાનું તૈયાર કરેલું હોય એમ હું ધારતો નથી અને આમ કહેતાં મને દિલગીરી થાય છે. તમારે તો તમારા આગલાજ ઉદ્યોગને વળગી રહેવું વધારે સારું હતું." હાથ પર ટેકાવેલા માથા સાથે, શેરિડન થોડો વખત વિચારમાં પડી ગયો. પછી તેણે ઊંચી નજર કરી અને તે બોલ્યો કે, "મારામાં તે શક્તિ છે અને તે જરૂર બહાર પડશે." ફ્રેંકસે વૉરન હેસ્ટિંગ્સ સામેના જે ભાષણને આમની સભામાં થયેલાં ભાષણોમાં સર્વોત્તમ ગણ્યું હતું, તે ભાષણ આજ માણસે કર્યું.

૧૮૨૮માં બર્નાર્ડ પોલેસીએ ફ્રાન્સની દક્ષિણે આવેલું પોતાનું મકાન ૧૮ વર્ષની વયે છોડ્યું હતું. તે કહેતો કે, આકાશ અને પૃથ્વી–આ પુસ્તકો સર્વ માટે ખુલ્લાં રહે છે. આ બે પુસ્તક સિવાય મારી પાસે બીજાં કોઇ પુસ્તક નહોતાં. જો કે તે એક કાચ ઉપર ચિત્રકામ કરનાર હતો, છતાં તેનો આત્મા કારીગરનો હતો. એક સુંદર ઇટાલિયન પ્યાલો જોવાથી તેના જીવનમાં ઉથલપાથલ થઇ ગઇ. તે પ્યાલો તેણે જોયો, ત્યારથી તેના ઉપર જે મીનાકારી કામ કરવામાં આવ્યું હતું, જેથી તેને ઓપ આપવામાં આવ્યો હતો, તે શોધી કાઢવા માટે ઘણા આવેશ સાથે તેણે નિશ્ચય કર્યો. આ મીનાકારી કામ કયા પદાર્થોના મિશ્રણથી બને છે તે જાણવા માટે મહિનાના મહિના અને વર્ષોનાં વર્ષ સુધી તેણે પ્રયાસ કર્યો. તેણે એક ભઠ્ઠી તૈયાર કરી. તે નિષ્ફળ ગઇ. પછી વળી તેણે બીજી તૈયાર કરી. તેમાં તેણે એટલાં બધાં લાકડાં બાળ્યાં, એટલા બધા પદાર્થો અને માટીનાં વાસણ તેણે બગાડ્યાં અને તેમાં તેણે એટલો બધો સમય ગુમાવ્યો કે નિર્ધનતા તેની સન્મુખ આવી ઊભી રહી અને બળતણ ખરીદવાના પૈસા નહિ હોવાથી એક સાધારણ ભઠ્ઠીથી અખતરા કરવાની તેને

ફરજ પડી. આમાં પણ તેને પૂરેપૂરી નિષ્ફળતા મળી; પણ ત્યાં ને ત્યાંજ તેણે ફરીથી કામ શરૂ કરવા નિશ્ચય કર્યો અને ત્રણસો કકડા ગરમ થવા તેણે ગોઠવી દીધા. આમાંથી એક કકડો સુંદર ઇનેમલ (મીનાકારી) સાથે નીકળી આવ્યો. એ પછી પોતાની શોધ પરિપૂર્ણ કરવા માટે તેણે કાચની ભઠ્ઠી તૈયાર કરી અને તે માટે ઇંટો પોતાની પીઠે ઉપાડી ઉપાડીને લાવ્યો. છેવટે કસોટી-નો સમય આવી પહોંચ્યો. છ દિવસ સુધી તેણે ગરમી કાયમ રાખી; પણ તેનું ઇનેમલ ઓગળ્યું નહિ. તેના સઘળા પૈસા ચાલ્યા ગયા; છતાં તેણે થોડા ઉછીના લીધા, થોડાંક વધારે વાસણ અને લાકડાં ખરીદ્યાં. ફરીથી જ્યારે તેણે દેવતા સળગાવ્યો, ત્યારે પરિણામ કાંઈ આવ્યું નહિ અને તેનું બળતણ તો પૂરું થઇ ગયું. તેના બગીચાની વાડનાં પાટિયાં ઉખેડી તેણે બળતામાં હોમ્યાં પણ ફોકટ. તેણે પોતાનું ફર્નિચર પણ તેમાં મૂકી દીધું, પણ તેનું પણ કાંઇ પરિણામ આવ્યું નહિ. તેના કોઠારની છાજલીઓ તેણે ભાગીને ભઠ્ઠીમાં નાખી; આખરે ઘણી ગરમીથી ઇનેમલ પીગળ્યું. મહાન રહસ્ય તેને હાથ આવ્યું, આગ્રહની ફતેહ થઇ.

મેન્ડેલસોહને કહ્યું છે કે, "મારે માટે પણ વિશ્રાંતિનો સમય આવશે. હાલ તો આપણે આપણું કામ કર્યે જાઓ."

પુસ્તક પ્રકટ કરનાર એક માણસે એક એજંટને લખ્યું કે, "તમે બે અઠવાડિયાં સખ્ત મહેનત કરો અને એકે પુસ્તક વેચાય નહિ, તોપણ તમારે જાણવું કે તે રીતેજ તમને ફતેહ મળશે."

કાર્લાઇલે કહ્યું છે કે, "તમારૂં કામ જાણી લો અને પછી તે કરો. હર્કયુંલિસના બળથી તે કામ કરો. જગતમાં એકજ અસુર છે અને તે આળસ છે."

રેનલ્ડે કહ્યું છે કે, "જે કોઇ માણસ ચિત્રકામમાં ઉત્કૃષ્ટ થવા માગતો હોય કે ગમે તે કલામાં ઉત્કૃષ્ટ થવા માગતો હોય, તેણે સવારથી ઊઠી રાત્રીએ સૂવા જતાં સુધી પોતાનું સઘળું દિલ તે ચીજ ઉપર લગાડવું જોઇએ."

તેણે કહ્યું છે કે, "જેઓને કોઇ પણ કાર્યમાં ઉત્કૃષ્ટતા સંપા-દન કરવી હોય, તેમણે ખુશીથી કે નાખુશીથી, સવાર, બપોર અને રાત્રીએ કામે લાગવું જોઇએ. તેમને માલૂમ પડશે કે, આ બાબત કાંઇ રમતની નથી, પણ સખ્ત પરિશ્રમની છે."

ચિત્રકાર ટર્નર કહેતો કે, "સખ્ત મહેનત એ સિવાય બીજું કોઇ રહસ્ય મારી પાસે નથી."

ફ્રાન્સિસ વેલેન્ડ કહેતો કે, "યુવાનો! દિવસોના દિવસ કામ કરતાં ગમે તે કામ હઠી જાય છે."

મરણપથારીએ પડેલા એક ખેડૂતે પોતાના ત્રણ આળસુ છોકરાને કહ્યું: "દીકરાઓ! હું તમારે માટે જે જાગીર મૂકી જાઉં છું તેમાં મોટો ખજાનો છે." જિજ્ઞાસુ છોકરાઓએ એકીસાથે પૂછ્યું: "તે કયાં સંતાડવામાં આવ્યો છે?" તે બિમાર માણસે ભરાઇ જતા શ્વાસ સાથે જવાબ દીધો: "હું તમને તે કહું છું. તેને માટે તમારે ખોદવું પડશે." આમ કહેતાં કહેતાંમાં તેનો પ્રાણ નીકળી ગયો. જાગીર ઉપરનું ઢેફે ઢેફું છોકરાઓએ ખોદી ઉથલાવી જોયું, પણ તેમાંથી દાટેલું ધન–સુવર્ણ નીકળ્યું નહિ; પણ આથી તેઓ કામ કરતાં શીખ્યા અને જ્યારે ખેતર વવાયાં, ત્યારે તેમના ભારે ખોદકામનો બદલો, ઘણા પાકથી મળ્યો.

વિલિયમ વર્ટ કહેતો કે, "બેમાંની કયી ચીજ મારે પહેલી કરવી તે બાબતમાં જે માણસ સંકલ્પવિકલ્પજ કર્યા કરે છે, તે કોઇ પણ ચીજ કરી શકશે નહિ. જે માણસ નિશ્ચય કરે છે, પણ મિત્રની પ્રથમજ સામી સૂચનાથી પોતાનો નિશ્ચય ફેરવે છે; એકથી બીજો અભિપ્રાય, એક યોજનાથી બીજી યોજના, એમ જેનામાં ફેરફાર થતા રહે છે અને મનના તરંગની એક લહેર માત્રથી, વાયુની એક ફરકડીની માફક દરેક દિશા તરફ ફર્યા કરે છે, તે માણસ કોઇ પણ મહાન અગર ઉપયોગી કાર્ય કરી શકતો નથી. કોઇ પણ કામમાં આગળ વધવાને બદલે, તે બહુ બહુ તો એકજ સ્થિતિમાં સ્થિર રહેશે અને ઘણે ભાગે દરેક બાબતમાં પાછળ હઠતો જશે."

જે માણસ પ્રથમ દીર્ઘદૃષ્ટિથી સલાહ લે છે, પછી દૃઢ સંકલ્પ કરે છે અને પછી અડગ આગ્રહથી પોતાનો હેતુ અમલમાં મૂકે છે તથા જે નાની નાની મુશ્કેલીઓથી નબળા મનના માણસો હિંમત હારી જાય છે તેનાથી જે હિંમત હારતો નથી–તે માણસ દરેક લાઇનમાં, દરેક કામમાં ઉચ્ચમાં ઉચ્ચ સ્થાન મેળવી શકે.

આપણે જાણીએ છીએ કે, આગ્રહથી ઇજિપ્તના મેદાન ઉપર પિરામિડ બંધાયા છે; જેરૂસલેમનું ભવ્ય અને મહાન મંદિર

બંધાયું છે, આગ્રહથીજ ચિનાઇ શહેનશાહતના રક્ષણ માટે આજુબાજુ વજ્ર જેવી વાડ નંખાઈ છે, તોફાનોવાળા અને જેના શિખરને વાદળાં અડીને રહેલાં છે તેવા આલ્પ્સ પર ચઢવાનો રસ્તો આગ્રહથીજ કાઢવામાં આવ્યો છે, ઍટ્લેંટિકનાં તોફાની પાણીમાં આગ્રહથીજ રાજમાર્ગ થઈ શક્યો છે, આગ્રહથીજ નવીન જગતનાં જંગલ સાફ થઈ જઇ ત્યાં રાજ્યો અને પ્રજાઓનો સંઘ ઊભો થયો છે, આગ્રહથી આરસના કકડાઓ ઉપર પ્રતિભાની સુંદર અને ઉત્કૃષ્ટ કૃતિઓ ઉત્પન્ન થઇ શકી છે, આગ્રહથી ચિત્રપટ ઉપર કુદરતનું ભવ્ય અનુસરણ મૂકી શકાયું છે, તેમ તે વડેજ ધાતુની સપાટી ઉપર છાયાનું અદ્દર્શનીય તત્ત્વ આણી શકાયું છે, આગ્રહથી કરોડો ત્રાકો ચાલે છે, આગ્રહથીજ ઊપડતા કાંટલાઓને પાંખો હોય તેમ તે કામ કરે છે, માલથી ભરેલાં હજારો ગાડાંને તેટલીજ સંખ્યામાં લોઢાના ઘોડા આગ્રહથીજ જોડવામાં આવ્યા છે અને તેઓ એક ગામથી બીજે ગામ અને એક પ્રજાથી બીજી પ્રજામાં જાય છે, આગ્રહથીજ પથ્થરના પર્વત જેવા બડકો નીચે રસ્તો કાઢવામાં આવ્યો છે અને તે વડેજ વિદ્યુત જેવી ઝડપથી અંતર કાપી નાખવામાં આવ્યું છે, આગ્રહથીજ જગતની સેંકડો પ્રજાના શઢ વડે જગતના સમુદ્ર સફેદ દેખાય છે, તેથીજ દરેક સમુદ્ર ઉપર વહાણ ચાલે છે અને નવા નવા પ્રદેશની ખોળ થાય છે, આગ્રહથીજ કુદરતનાં જેટલાં સ્વરૂપ છે તેટલાં વિજ્ઞાન ઊભાં થયાં છે, તેના નિયમનું શિક્ષણ મળ્યું છે, તેની ભાવી હિલચાલનું જ્ઞાન મળ્યું છે, જેના પર કોઇની ગતિ થઇ નથી તેવા સ્થાનનું પરિણામ નીકળ્યું છે, તેનાં જુદા જુદા અસંખ્ય જગતની, તેનાં અંતર, તેના વિસ્તાર અને ગતિઓની ગણતરી થઇ શકી છે.

ઊંચા ઊંચા પર્વત ધીરે ધીરે ક્ષીણ થતા જાય છે. હજારો નદીઓના કાંપથી મહાસાગર ધીરે ધીરે પુરાતા જાય છે.

ધીરેથી આવતો પૈસો જલદીથી આવતા રૂપિયા કરતાં વધારે ખાતરીવાળો હોય છે. ધીરે ધીરે ચાલનાર ઘોડો, ઝડપવાળા શરતમાં ઊતરતા ઘોડાના કરતાં વધારે લાંબી મુસાફરી કરી શકશે. પ્રતિભા નીકળી પડે છે, ફડફડાટ કરે છે અને થાકી જાય છે; પરંતુ આગ્રહ લાંબો વખત ચાલે છે અને જીત મેળવે છે. આખો દિવસ કામ કરી શકે તેવો ઘોડો શરત જીતી શકે છે. બપોર

સુધીજ કામ કરનાર માણસને વિજયમાળા ઉતારવી પડે છે. **છેલ્લા ઘાથીજ ખીલો ઠેઠ સુધી પહોંચે છે.**

એક રિપોર્ટરે, ટોમસ એડિસનને પૂછ્યું કે, "તમારી શોધો શું ઉચ્ચ પ્રેરણાઓનુંજ પરિણામ છે? તમે જ્યારે રાત્રીએ જાગતા હો છો, ત્યારે તેનાજ વિચાર તમને આવે છે?" જવાબ એવો મળ્યો કે, "કરવા જેવું કાંઇ પણ કામ મેં અકસ્માત્ કર્યું નથી. એક ફોનોગ્રાફ સિવાય મારી કોઇ પણ શોધ આકસ્મિક રીતે થઇ નથી. હું જ્યારે પૂરી રીતે નક્કી કરૂં છું કે, કોઇ પણ પરિણામ આણવા જેવું છે, ત્યારે હું તે કામ ઉપર ચઢી જાઉં છું અને જ્યાં-સુધી તે પરિણામ આવે, ત્યાંસુધી એક પછી એક અજમાયશ કર્યાજ કરૂં છું. વેપારી રીતે ઉપયોગી હોય તેવી શોધોની હદ-માં પૂરતી રીતે હું મંડ્યો રહ્યો છું. માત્ર લોકોની વૃત્તિ ખેંચે તેવી નવાઇની ચીજો તરીકેજ કિંમતી હોય તેવી વીજળીના ચમત્કારની ચીજો પરજ ધ્યાન આપવાને કદી પણ મને વખત મળ્યો નથી." તે મહાન શોધકે બોલવાનું ચાલુ રાખ્યું: "શોધ કરવાનું કામ મને પસંદ છે એજ એનું કારણ છે. તમે જાણો છો કે, કેટલાક લોકોને સ્ટેપ એકલા કરવાનું ગમે છે. જે કાંઇ કામ હું કરૂં છું, તે હમેશાં મારા મનમાં રમ્યા કરે છે અને જ્યાંસુધી તે પૂરૂં થાય ત્યાંસુધી તેનાથી હું દૂર રહું તો મને ચેન પડતું નથી."

આ રીતે જે માણસ પોતાના કામ પર પૂરેપૂરી રીતે વળગે છે, તે કાંઇ ને કાંઇ કામ કરે છે અને જો તેનામાં શક્તિ અને સાદી સમજ હશે, તો તેને મોટી ફતેહ મળશે.

મોટો ફ્રીન કહેતો કે, "અભિનયની કલા ડોબેરીના વાચન અને લેખનની માફક કુદરતથી આવતી નથી." જીવનનું પુસ્તક સમજાવનાર રંગભૂમિને માટે જોઇતી સઘળી લાયકાત છતાં પણ એકદમ યશ મેળવવો તે તદ્દન અશક્ય છે. આપણા અમર લેખક કહે છે કે, ધીરા ક્રમ સિવાય કયો ઘા કદી પણ રૂઝાયો છે?" અને હું કહું છું કે, "લાંબી અને આગ્રહયુક્ત ઉમેદવારી સિવાય કયો માણસ એક્ટર બન્યો છે? ગલ્લા ઉપરથી કે ઓફિસના ઊંચા સ્ટૂલ ઉપરથી રંગભૂમિ ઉપર કૂદી પડવા અને રિચર્ડ અગર ઓથેલોમાં શહેરનું એકદમ આકર્ષણ કરવા ઘણા ધારે છે, એમ મને ખબર છે; પણ તે, જૂઠું બોલવું જેટલું સહેલું છે તેટલું તે પણ છે. આ

લોકો કેવા મૂર્ખ છે! રોશનીની રાત્રીએ બારીઓમાં બેસવામાં આવતી અર્ધા આનાની મીણબત્તીઓ તેથી મને યાદ આવે છે. તેઓ થોડો વખત અદ્દઢ સળગે છે, તેમનું તેજ ફડફડે છે અને પછી કોઇના પણ ધ્યાન વગર તે ઓલવાઇ જાય છે. બચ્ચાઓ! તબેલાની તાલીમ, ફતેહ માટે તબેલામાં કરવામાં આવેલો પૂર્વાભિનય–તેજ તે કલાએ, સંપૂર્ણતાએ પહોંચવાનું સાધન છે; તેથીજ મેં યશ મેળવ્યો છે. ગેરિક, હેન્ડર્સન અને કેમ્બલ, એમને એવીજ રીતે યશ મળ્યો છે; અને મહાસાગરની બીજી બાજુએ લિકેન અને ટાલ્માને તેવીજ રીતે યશ મળ્યો છે. પોતાનું દેખીતું ભાવી બદલવાને બુલ્વરે ભાવીની સાથે કેવું યુદ્ધ કર્યું હતું! તેની પહેલી નવલકથા નિષ્ફળ ગઇ, તેનાં શરૂઆતનાં કાવ્ય નિષ્ફળ ગયાં અને યુવાવસ્થાનાં તેનાં ભાષણો હાસ્યાસ્પદ થઇ પડ્યાં હતાં; પરંતુ ઉપહાસ અને પરાજયની વચ્ચેથી કીર્તિને શિખરે પહોંચવા માટે તેણે માર્ગ કર્યો હતો.”

“ડિક્લાઇન એન્ડ ફોલ ઓફ ધ રોમન એમ્પાયર” એ પુસ્તક લખવામાં ગિબને ૨૦ વર્ષ કાઢ્યાં હતાં. નોઆ વેબ્સ્ટરે પોતાની ડિક્શનરી (કોશ) રચવામાં ૩૬ વર્ષ કાઢ્યાં હતાં. શબ્દોના સંગ્રહ અને તેની વ્યાખ્યાઓ પાછળ આખું જીવન ગાળવું એમાં કેવું દિવ્ય ધૈર્ય રહેલું છે? યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ લખવામાં જ્યોર્જ બેન્ક્રોફ્ટે ૨૫ વર્ષ ગાળ્યાં હતાં. પ્રાચીન પ્રજાઓનું કાલમાન ન્યૂટને ફરી ફરીને પંદર વાર લખ્યું હતું. ટીટીએને પાંચમા ચાર્લ્સને લખ્યું હતું કે, “સાત વર્ષ સુધી દરરોજ ‘લાસ્ટ સપર’ (ચિત્ર) ઉપર કામ કર્યા પછી હું તમને તે મોકલું છું.” “પીટ્રો માર્ટિન” ઉપર તેણે ૮ વર્ષ સુધી કામ કર્યું હતું. પોતાનું એન્જિન પરિપૂર્ણ કરવામાં જ્યોર્જ સ્ટીવન્સને પંદર વર્ષ ગાળ્યાં હતાં. થોડામાં, નાનામાં વિશેષ શક્તિ સમાય એવા એન્જિન માટે વૉટે ૨૦ વર્ષ ગાળ્યાં હતાં. લોહીની ગતિની શોધ હાર્વેએ પ્રકટ કરી તે પહેલાં તેણે આઠ વર્ષ સુધી કામ કર્યું હતું. તેની સાથેના ડૉક્ટરો, તેને તે વખતે મગજનો બગડેલો, ઢોંગી, ધૂર્ત ગણતા! તેના ધંધાવાળાઓએ તેની શોધનો સ્વીકાર કર્યો તે પહેલાં ૨૫ વર્ષ સુધી તેણે ગાળો અને ઉપહાસ વચ્ચે રાહ જોઇ.

૨૧ વર્ષનો થયો તે પહેલાં ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ

શોધી કાઢ્યો; પણ પૃથ્વીનો પરીઘ માપવામાં તેણે કરેલી એક નાની ભૂલથી તેના સિદ્ધાંતના સત્યશીલપણા વિષે પ્રયોગ કરી બતાવવામાં વિક્ષેપ નડ્યો. ૨૦ વર્ષ પછી તે પોતાની ભૂલ સુધારી શક્યો અને જે નિયમ એક શેણફળને જમીન પર આણે છે, તેજ નિયમથી ગ્રહો તેમના માર્ગમાં ગતિમાન રહે છે, એ તેણે બતાવી આપ્યું. માડાગાસ્કરમાં એક પણ ધર્માનુયાયી મેળવવા પહેલાં મિશનરીઓને દસ વર્ષ સુધી ઉપદેશ આપવો પડ્યો હતો. બર્મામાં એક અસલ વતની ખ્રિસ્તી થયો, તે પહેલાં જડસનને પાંચ વર્ષ અને ચીનમાં એક ખ્રિસ્તી કરવાને ડો. મોરિસનને સાત વર્ષ લાગ્યાં હતાં. આ દિશામાં ટાહીટીમાં પંદર અને બંગાળમાં સત્તર વર્ષનું થયેલું કામ નિષ્ફળ ગયું હતું.

અભ્યાસનું પરિણામ શું શું આવે તે જાણવા ઇચ્છનાર એક શિષ્યને એક વખતે એક ઇટાલિયન સંગીત શિક્ષકે કહ્યું હતું કે, "તમે એક વર્ષ અભ્યાસ કરશો તો હું તમને સારી રીતે ગાતાં શીખવીશ; બે વર્ષ તમે અભ્યાસ કરશો તો તમે નામ કાઢશો; અમુક ધોરણે તમે હમેશાં ત્રણ વર્ષ કામ કરશો તો ઇટાલીના સારામાં સારા મધ્યમ સૂર કાઢનાર હું તમને બનાવીશ; ચાર વર્ષ સુધી કામ કરશો તો આખું જગત તમને પૂજતું આવશે."

મહાન એંકટર સોધર્ન કહેતો કે, "નાટકની તેની કારકિર્દીનો પહેલો ભાગ નાલાયકી માટે ફજેત મળવામાં ગયો હતો."

હ્યુ મિલર કહેતો કે, "એકજ સદ્‌ગુણ જેનો હું દાવો કરી શકું, તે ધૈર્યયુક્ત સંશોધનનો છે. આ ગુણમાં જે કોઇ ધારે તે મારી સાથે હરીફાઇ કરી શકે અગર મારા કરતાં ચડી જાય. ધીરજની આ હલકી શક્તિનો વિકાસ બરોબર રીતે કરવામાં આવે તો ખુદ પ્રતિભા કરતાં પણ વિચારોનો અસાધારણ વિકાસ કરવાનું તે વડે બની શકે."

જોશ્યુઆ રેનલ્ડઝના શબ્દોમાં જૉન રસ્કિને કહેલું છે કે, "તમારી પ્રતિભા ઉપર આધાર રાખતા નહિ. તમારામાં બુદ્ધિશક્તિ હશે તો ઉદ્યોગથી તે સુધરશે. તમારામાં બુદ્ધિશક્તિ નહિ હોય તો તે ન્યૂનતા પૂરી પાડશે."

ધૈર્ય એ શ્રદ્ધાનો રક્ષક, સુલેહશાંતિ જાળવનાર, પ્રેમને પોષનાર અને નમ્રતા શીખવનાર છે. ધૈર્યથી દેહ ઉપર, દેહના આ-

વેશો ઉપર અંકુશ રહે છે. આત્માને તે બળ આપે છે, સ્વભાવમાં મીઠાશ આણે છે, ગુસ્સાને દાબી દે છે, ઇર્ષ્યાનો અગ્નિ ઓલવી નાખે છે, અભિમાનને નરમ પાડી દે છે, જીભને તે લગામમાં રાખે છે, હાથ ઉપર તે અંકુશ રાખે છે, લાલચોને તે ચગદી નાખે છે અને કનડગત સહન કરે છે. ધૈર્યમાં સદ્‌ગુણથી ઉત્પન્ન થતી હિંમત આવી રહે છે, જેથી માનસિક અગર શારીરિક વેદના સહન કરવાની આપણામાં શક્તિ આવે છે. આપણાં દુઃખની સંખ્યા જેટલી તે ઓછી કરે છે, તેટલી સંખ્યામાં તે આપણા આનંદમાં અભિવૃદ્ધિ કરી શકતું નથી. જે કાંઇ કિંમતી છે તેના ઉપર જે કાંઇ કિંમત લખાવી જોઇએ, તે હાલ અને હવે પછી પણ પરિશ્રમના પ્રમાણમાં લખાશે.

જંગલી લોકો એમ માને છે કે, જ્યારે તેઓ કોઇ દુશ્મન ઉપર જીત મેળવે છે, ત્યારે તેનો આત્મા પોતાનામાં દાખલ થાય અને પછી તે તેમની વતી આગળ લડ્યાજ કરે છે. એ રીતે આપણી જીતોનો જુસ્સો આપણામાં દાખલ થાય છે અને તે પછીની જીત મેળવવામાં આપણને સહાય થાય છે,

બ્લુશરને લીગ્ની આગળ ગઇ કાલે હરાવવામાં આવ્યો હોત; પણ આજે તો તેના દુશ્મનોમાં નિરાશા અને મૃત્યુ ફેંકતી તેની તોપોની ગર્જના તમે વૉટર્લૂ આગળ સાંભળો છો!

સંયોગોની સામે થવાથી બળ મળે છે. વિરુદ્ધતાથી તેની સામે ટકી રહેવાનું વિશેષ બળ આપણને મળે છે. એક વિક્ષેપ દૂર કરતાં, બીજો વિક્ષેપ દૂર કરવાની આપણામાં શક્તિ આવે છે. આ-ગ્રહી, ઉત્સાહી, ઉદ્યોગી, નિર્ભય યુવાનનો મિત્ર કોણ નહિ થાય?

તમારો વેપાર, તમારો ધંધો, તમારા જીવનનો ઉદ્યોગ સારો છે, ઈશ્વરની અને સજ્જનની નજરમાં તે સારો છે એવી ખાતરી કરો અને પછી તેને મક્કમપણે વળગી રહો. તેનોજ વિચાર કર્યા કરો, તેને માટેજ યોજના કર્યા કરો, તેને માટેજ કામ કરો, તેને માટેજ જીવન ગાળો, તેને માટે તમારા કામમાં તમારૂં દિલ, તમારૂં હૃદય અને તમારો આત્મા દાખલ કરો અને જરૂર તમને જોઇએ તેવી કૃતેહ મળશેજ. તમારો હેતુ નાનો હોય કે મોટો હોય, કોઇ પ્રજાનો પાયો રચવાનો હોય અગર તો બટાટો ખેતર-માં વાવવાનો હોય તેની ફિકર નહિ–તેટલાજ આગ્રહની જરૂર

છે. દરેક જણ દૃઢ સંકલ્પનાં વખાણ કરે છે અને જે તેનો સારા માટે ઉપયોગ કરે છે, તેની મદદમાં સઘળાજ આવે છે.

જી. સી. કોક્ટિન કહે છે કે, "સન ૧૪૯૨ ના ફેબ્રુઆરીમાં ધોળા કેશવાળો એક ગરીબ માણસ, જેનું માથું નિરાશાથી તેના બચ્ચરની પીઠ સુધી નમી ગયું હતું તે અલ્હામ્બ્રાના સુંદર દરવાજામાંથી ધીરે ધીરે નીકળ્યો. નાનપણથી તેને એક વિચાર ફરી ફરીને આવતો કે પૃથ્વી ગોળ છે. તે માનતો કે, કોતરકામવાળા લાકડાનો એક કડકો, જેને દરિયામાં ૪૦૦ માઇલ દૂર ઊંચકી લેવામાં આવ્યો હતો અને પોર્ટુગાલના કિનારા ઉપર, જાણવામાં આવેલાં મનુષ્યજાતિના શરીરથી જુદાં એવાં બે શરીર પશ્ચિમની કોઇ અજાણી જગાએથી ખેંચાઇ આવ્યાં હતાં. પોર્ટુગાલના રાજા જોને તેને મદદ કરવાનો ઢોંગ કર્યો હતો; પણ છાની રીતે તેણે પોતેજ પોતાની સવારી આ તરફ મોકલી હતી. ભૂખમરામાંથી બચવા માટે તેણે રોટલી માટે ભીખ માગી હતી અને તેણે નકશાઓ દોર્યા હતા. તેણે પોતાની સ્ત્રી ગુમાવી હતી. તેના મિત્રોએ તેને ગાંડો ગણી કાઢી ત્યજી દીધો હતો. ફર્ડિનાન્ડ અને ઇઝાબેલાએ બોલાવેલી શાણા માણસોની સભાએ, પશ્ચિમમાં હંકારી પૂર્વમાં પહોંચવાના તેના સિદ્ધાંતને હસી કાઢ્યો હતો.

"કોલંબસે કહ્યું: 'પણ સૂર્ય અને ચંદ્ર ગોળ છે તો પૃથ્વી શા માટે નહિ?'

"શાણા માણસોએ સવાલ ઉઠાવ્યોઃ 'જો પૃથ્વી દડો હોય તો તેને કોણ પકડી રાખે છે?'

"કોલંબસે સવાલ કર્યોઃ 'સૂર્ય ચંદ્રને કોણ પકડી રાખે છે?'

"એક વિદ્વાન ડોક્ટરે પૂછ્યું: 'છત પર જેમ માખીઓ ચાલે છે તેમ ઉપર પગ અને નીચે લટકતાં માથાં સાથે માણસો કેવી રીતે ચાલી શકે? હવામાં મૂળ સાથે વૃક્ષ શી રીતે ઊગી શકે?'

"એક બીજા તત્ત્વવેત્તાએ કહ્યું: 'આ રીતે તો તળાવોમાંથી પાણી વહ્યાં જાય અને આપણે પડીજ જઇએ!'

"એક ધર્મગુરુએ કહ્યું: 'આ મત બાઇબલની વિરુદ્ધ છે. બાઇબલમાં તો એમ જણાવવામાં આવ્યું છે કે, આકાશ તંબૂની પેઠે તાણવામાં આવ્યું છે. અલબત, તે સપાટ છે. તેને ગોળ કહેવું એ તો ધાર્મિક અસત્ય કહેવા જેવું છે!'

"નિરાશાથી તે અલ્હામ્બ્રા છોડી ગયો અને સાતમા ચાર્લ્સની સેવામાં દાખલ થવા તેણે ઇરાદો કર્યો; પણ તેણે પોતાને કોઇ બોલાવતું હોય એવો અવાજ સાંભળ્યો. એક જૂના મિત્રે ઇઝાબેલાને કહ્યું કે, 'તે બલાસી કહેતો હતો તે સાચું ઠરે, તો થોડાએક બર્ચથી તે વડે તમારા રાજ્યની કીર્તિ વધશે.' ઇઝાબેલાએ કહ્યું: 'તે કામ હું કરાવીશ. તેને માટે જોઇતા પૈસા માટે હું હું મારૂં ઘરેણું પણ ગીરો મૂકીશ. તેને પાછો બોલાવો.'

"કોલંબસ પાછો ફર્યો અને તેની સાથે તેનું ભાવી પણ બદલાયું. એક પણ બલાસીએ રાજીખુશીથી તેની સાથે જવાની મરજી બતાવી નહિ; પણ રાજરાણીએ તેઓને ફરજ પાડી. મછવા કરતાં વધારે મોટાં નહિ તેવાં વહાણોમાં નીકળ્યે ત્રણ દિવસ થયા નહિ તેટલામાં પીંટા વહાણનું સુકાન ભાંગ્યું અને તેને તેવું નિશાન ચઢાવવું પડ્યું. બલાસીઓમાં ભય ઉત્પન્ન થયો; પણ કોલંબસે તેઓની આગળ હિંદુસ્તાનના સુવર્ણ અને જવાહિરનાં ચિત્ર રજૂ કરી તેમની ભીતિઓનું શાન્તવન કર્યું. કાનરિઝની પશ્ચિમે ૨૦૦ માઇલ આગળ હોકાયંત્ર ધ્રુવનો તારો બતાવી શકયું નહિ. બલાસીઓ બખેડો કરવા તૈયાર થઇ ગયા; પણ તેણે તેમને કહ્યું કે, ધ્રુવનો તારો બરાબર ઉત્તરમાં નથી. સ્વદેશથી ૨૩૦૦ માઇલ દૂર (બે કે તે તેમને ૧૭૦૦ માઇલ કહેતો) બોરનાં કેટલાંક ઝાડવાં તરતાં પસાર થાય છે, જમીન ઉપરનાં પક્ષી ઊડતાં જણાય છે અને વિચિત્ર રીતે કોતરેલો લાકડાનો કકડો તેઓ ઊંચકી લે છે! તા. ૧૨ મી ઓકટોબરે કોલંબસે કેસ્ટાઇલનો વાવટો પશ્ચિમની દુનિયા ઉપર ઊડતો કર્યો."

ફરી ફરીને બેવડો ઉદ્યોગ કરવાનો માણસને સદ્‌બોધ ન મળે તો મુશ્કેલીઓનો ઉપયોગ શો? ફરી ફરીને માણસને હિંમત ન આપે તો ભયનો ઉપયોગ શો? જીત જબરજસ્તીથી મેળવવાને માણસને પ્રેરણા ન કરે તો શકયતાઓનો ઉપયોગ શો?

હેતુને પરિપૂર્ણ કરવાના આગ્રહ વિષે લખતાં લૉંગફેલોએ કહ્યું છે કે, "ઉમદા દિલનાં માણસોનો દિવ્ય ઉન્માદ, જે ઢીલો પડતો નથી તેમ ઓછો થતો નથી; તે જ્યાંસુધી, તેને તેની આગાહીનું સર્વ કાંઈ મળતું નથી, અગર તેને જે ન મળે તે ઉત્પન્ન કરતો નથી, ત્યાંસુધી પરિશ્રમ કરે છે, સહન કરે છે અને રાહ જુએ છે.

ડિકન્સ કહેતો કે, "હું પેલા ભયાનક શૉર્ટહેન્ડ અને તેને લગતા થયેલા સઘળા સુધારા ઉપર કેટલી મહેનત લેતો?"

"મારા જીવનના આ સમયના આગ્રહ વિષે, ઉદ્યોગ વિષે અને જે ચાલુ ઉત્સાહ તે વખતે મારામાં પરિપક્વ થતો હતો તથા જે મારા ચારિત્ર્યની જબરજસ્ત બાબત હતી (તેમાં કાંઇ પણ જોમ હતું તો) તે વિષે હું જે કાંઇ લખી ગયો છું, તેમાં હું માત્ર એટલુંજ ઉમેરીશ કે, પાછળની બાબતો તપાસતાં માલૂમ પડે છે કે, તેજ બાબતમાં મારી ફતેહનું મૂળ કારણ રહેલું હતું."

સાયરસ ડબલ્યુ. ફિલ્ડ મોટી દોલત મેળવી ધંધામાંથી ફારેગ થયો હતો. તેવામાં આટલાન્ટિક મહાસાગરને તળિયે દોરડું નાખી યુરોપ અને અમેરિકા વચ્ચે તારનો વ્યવહાર જોડી શકાશે એવો વિચાર તેને આવ્યો. પોતાના જીવનના સઘળા બળ સાથે તે એ કામમાં પડ્યો. પ્રાસ્તાવિક કામ ન્યુયોર્કથી ન્યુફાઉન્ડલેન્ડના સેંટ જોન સુધી એક હજાર માઇલ લાંબી તારની લાઇન બાંધવી એ હતું. ન્યુફાઉન્ડલેન્ડમાં થઇને કોઇ દિવસે જેને સ્પર્શ નહિ થયેલો, તેવા જંગલના ચારસો માઇલના વિસ્તારમાં તેઓને રસ્તો તેમજ તાર બાંધવાનાં હતાં. કેપ બ્રેટન આગળ થઇને બીજા ૧૪૦ માઇલ વધારે બાંધવા સેંટ લૉરેન્સ આગળ દોરડું નાખવાની માફક ઘણું મહેનત ભરેલું કામ હતું.

ઘણી સખ્ત મહેનત વડે તેણે પોતાની કંપની સારૂ બ્રિટિશ સરકારની મદદ મેળવી; પણ કોંગ્રેસના જબરજસ્ત ધારામંડળની એટલી કડવી વિરુદ્ધતા તેની સામે ઊભી થઇ કે, તેની દરખાસ્તને સેનેટમાં માત્ર એકજ વધુ મત મળ્યો.

સેબાસ્ટપોલ આગળ બ્રિટિશ નૌકાસૈન્યના એક વહાણ આગ્મેમનીન ઉપર અને નાયગરા ઉપર યુનાઇટેડ સ્ટેટ્સના નૌકા-સૈન્યના એક ભવ્ય નવા વહાણ ઉપર દોરડું ચલાવવામાં આવ્યું; પણ એ દોરડું પાંચ માઇલ કાઢવામાં આવ્યું તે પછી યંત્રમાં ગૂંચવાયું અને દરિયામાં ગયું. બીજી અજમાયશ વખતે કામ કરનારાઓ કિનારેથી ૨૦૦ માઇલ ગયા હતા, તેવામાં વીજળીનો પ્રવાહ બંધ પડી ગયો. માણસો જાણે કાળના મોંમાં હોય તેમ તૂતક ઉપર ધ્રૂજતા અને ઉદ્વેગ સાથે ફરતા હતા. દોરડું કાપી નાખવાને મિ. ફિલ્ડ હુકમ આપવાની તૈયારીમાં હતા, તેવામાં

જેટલી ઝડપથી અને જેટલા રહસ્ય સાથે પ્રવાહ અદૃશ્ય થઇ ગયો હતો તેટલી ઝડપ અને તેટલાજ ભેદ સાથે પ્રવાહ પાછો આવ્યો. તે પછીની રાત્રીએ જ્યારે એક કલાકના ચાર માઇલ પ્રમાણે વહાણ ચાલતું હતું અને દોરડું કલાકના છ માઈલ પ્રમાણે ચાલતું હતું, તેવામાં સ્ટીમરને જબરો ઝોલો આવતાં તરત બ્રેક લગાડવામાં આવી અને દોરડું તૂટ્યું.

આમ છતાં ફિલ્ડ પોતાનું કામ મૂકી દે એવો નહોતો. સાતસો માઇલ નવું દોરડું મંગાવવામાં આવ્યું અને આ લાંબી લાઇન ઉપર તે નાખવા માટે વધારે સારા યંત્રની યોજના કરવા એક ઘણા હોશિયાર માણસને રોકવામાં આવ્યો. યંત્ર તૈયાર કરવા માટે અમેરિકન અને બ્રિટિશ શોધકો સાથે રોકાયા. છેવટે મધ્ય મહાસાગરમાં દોરડાના બે અર્ધા ભાગને વણીને સાંધવામાં આવ્યા અને એક આયર્લેન્ડ માટે તથા બીજી ન્યુફાઉન્ડલેન્ડ માટે એમ સ્ટીમરો અલગ જવા માંડી. દરેકની સાથે ને સાથે કિંમતી દોરડું રહેતું અને એવી આશા રાખવામાં આવતી હતી કે, તેથી બે બંડ જોડાઇ જશે. વહાણો ત્રણ માઇલ અલગ થાય તે પહેલાં દોરડું છૂટું પડી ગયું. ફરી તેને વણવામાં આવ્યું અને બસો માઇલ ચાલ્યું; તેવામાં આગ્મેગ્નોનથી તે ૨૦ ફૂટ છૂટું પડી ગયું અને વહાણો આયર્લેન્ડના કિનારા તરફ પાછાં ફર્યાં.

ડાયરેક્ટરો નિરાશ થઇ ગયા, લોકો શંકાશીલ થઈ ગયા, થાપણ ભરનારા ડરવા લાગ્યા અને મિ. ફિલ્ડ, જેઓ લગભગ ખોરાક અગર ઊંઘ વગર રાત્રિદિવસ કામ કરતા, તેમનો અખંડ ઉદ્યોગ અને સમજાવી લેવાની શક્તિ ન હોત તો આખી યોજના પડતી મૂકવામાં આવી હોત. છેવટે એક ત્રીજે પ્રયાસ એવી કૃતેહ સાથે કરવામાં આવ્યો કે કાંઇ પણ ભંગાણ વગર દોરડું મૂકવામાં આવ્યું અને મહાસાગરમાં સાતસો યોજન સુધી કેટલાક સંદેશા પહોંચાડી શકાયા; પણ વળી પાછો પ્રવાહ એકદમ ગયો.

હવે તો સાયરસ ડબલ્યુ. ફિલ્ડ અને એકાદ બે મિત્રો સિવાય સર્વના હૃદયમાં શ્રદ્ધા મૃતપ્રાય થઇ ગઇ; છતાં તેઓ એટલા આગ્રહથી કામ કરતા કે, તેમને જે માર્ગ વધારે ડહાપણ ભરેલો લાગતો, તેની વિરુદ્ધ જઇને પણ તેઓ એક બીજી અજમાયશ માટે પૈસા આપવા લોકોને સમજાવવા લાગ્યા. નવું અને ચડિયાતું દોરડું દરિયામાં ધીરે ધીરે જનાર "ધી ગ્રેટ ઇસ્ટર્ન"

ઉપર ચઢાવવામાં આવ્યું. સ્ટીમર આગળ વધતી તેમ દોરડું ફેંકયે જતી. ન્યુફાઉન્ડલેન્ડથી ૬૦૦ માઇલની અંદર દરેક ચીજે બદ્દની માફક કામ કર્યું; પણ તેવામાં દોરડું તૂટયું અને ડૂબ્યું. તેને ઊંચું કરવાના કેટલાક નિષ્ફળ પ્રયત્નો પછી આ કામ એક વર્ષ સુધી પડતું મૂકવામાં આવ્યું. આ બધી મુશ્કેલીઓથી મિ. ફિલ્ડ નિરાશ થયા નહિ. તેમણે દૃઢ સંકલ્પથી કામ કરવા માંડયું. નવી કંપનીની યોજના કરી અને પહેલાં વપરાતા માલ કરતાં ઘણો ઉત્તમ માલ, ઉત્તમ દોરડું તૈયાર કર્યું તથા ૧૮૬૬ ના જુલાઇની ૧૩ મી તારીખે અજમાયશ શરૂ થઇ અને પરિણામે નીચેનો સંદેશો ન્યુયૉર્ક મોકલી શકાયોઃ—

હાર્ટ્સ કન્ટેન્ટ, જુલાઇ ૨૭.

"આજ સવારે અમે નવ વાગે અહીં આવ્યા. સઘળું બરાબર છે. દોરડું નાખી શકાયું છે અને બરોબર રીતે કામ કરવાની સ્થિતિમાં છે તે માટે ઈશ્વરનો હું આભાર માનું છું.

—સાયરસ ડબલ્યુ. ફિલ્ડ"

જૂના દોરડાને પણ ઊંચકી લેવામાં આવ્યું અને વણીને સાંધી દીધું. પછી ન્યુફાઉન્ડલેન્ડ સુધી લઈ જવામાં આવ્યું અને ઘણાં વર્ષ સુધી ઉપયોગી થઇ પડવાની ભવિષ્યની સારી આશા-સાથે બન્ને હજુ પણ કામ કરે છે.

બાઇબલમાં ટાંકેલું છે કે, "મુશ્કેલીઓને જે જીતે છે, તેને હું મારા તખ્ત ઉપર બેસવા માટે જગા કરી આપું છું."

એમ કહેવાય છે કે, "ફતેહમંદ માણસોએ પોતાની ફતેહ માટે પોતાની સ્વાભાવિક શક્તિઓ, મિત્રો અને આજુબાજુના અનુકૂળ સંયોગો કરતાં પોતાના આગ્રહ ઉપર વધારે આધાર રાખ્યો હોય છે. પરિશ્રમની સાથે પ્રતિભા ઊભી રહી શકશે નહિ, તે ઢીલી પડી જશે. મોટી મોટી શક્તિઓ પણ મહાન ઉદ્યોગને વશ થઇ જશે. બુદ્ધિશક્તિની જરૂર છે, પણ આગ્રહ અને ખંતની તેથી વધારે જરૂર છે."

એક યુવાન માણસે જિરેડિનીને પૂછ્યું કે, "વાયોલિન વગાડતાં શીખતાં તમને કેટલો વખત લાગ્યો?" તે મહાન વાયોલિન વગાડનારે ઉત્તર દીધોઃ "૨૦ વર્ષ સુધી બાર બાર કલાક મેં કામ કર્યું, ત્યારે તે મને આવડયું છે." લાયમન બીચરના બાપને જ્યારે

પૂછવામાં આવ્યું કે, "'પ્રભુના રાજ્ય' વિષેનો તેનો પ્રખ્યાત ઉપદેશ તૈયાર કરતાં તેને કેટલો વખત લાગ્યો હતો?" ત્યારે તેણે જવાબ દીધો કે, "આશરે ૪૦ વર્ષ."

વારંવાર નિષ્ફળ જવાથી નાહિંમત થઇ, એક ચીના વિદ્યાર્થીએ નિરાશામાં પોતાનું પુસ્તક ફેંકી દીધું. એવામાં તેણે એક ગરીબ બાઇને સોય બનાવવા માટે પથ્થર ઉપર લોખંડનો સળિયો ઘસતાં જોઇ. ધૈર્યના આ દૃષ્ટાંતથી નવા સંકલ્પ સાથે તે પોતાના અભ્યાસ ઉપર ફરી ચડી ગયો અને તે ચીનના ત્રણ મહાનમાં મહાન પંડિતોમાંનો એક બન્યો.

સિડ્‌ની સ્મિથ કહેતો કે, "સામાન્ય રીતે કહીએ તો સઘળા સાચા મહાન પુરુષોનું જીવન અતિશય અને અવિરત પરિશ્રમભર્યું હોય છે. જિંદગીનો પહેલો અર્ધો ભાગ સાધારણ રીતે તેઓ ગરીબી અને હલકી દશાના પૂરા અંધકારમાં ગાળે છે. નબળા માણસો જાણે તેમને જાણતાજ નથી, તેમને ભૂલી જાય છે, તેમને વખોડી કાઢે છે. બીજાઓ ઊંઘતા ત્યારે તેઓ વિચાર કરતા, બીજા તોફાન કરતા ત્યારે તેઓ વાંચતા. તેમને તેમના પોતાનામાં એવી લાગણી થયા કરતી કે—તેમનો અંતરાત્મા તેમને એમ કહેતો કે, જગતના કચરામાં તેમને હમેશાં પડ્યા રહેવાનું નહોતું અને પછી જ્યારે તેમનો સમય આવે છે અને કોઇ નાના અકસ્માતથી તેમનો પહેલો પ્રસંગ આવે છે, ત્યારે તેઓ જાહેર જીવનમાં પ્રકાશ અને ગૌરવ સાથે, સમયનાં સઘળાં સુફળ સાથે, મનના સઘળા પરિશ્રમો અને લડતોમાં પૂરા બળ સાથે બહાર પડી આવે છે."

મેલિઝ્રાન કહેતી કે, "જો હું મારો મહાવરો એક દિવસ પણ મૂકી દઉં, તો મારા કામમાં ફેર પડે છે; જો હું બે દિવસ મારો મહાવરો મૂકી દઉં, તો મારા મિત્રને તે ફેર માલૂમ પડી આવે છે અને જો એક અઠવાડિયા સુધી હું મારો મહાવરો મૂકી દઉં તો આખું જગત મારી નિષ્ફળતા જોઇ શકે છે." અખંડ આગ્રહયુક્ત યત્નનો બદલો એ તેની અદ્‌ભુત શક્તિ હતી.

ઇસ્ટ ઇંડિયામાં જ્યારે એક છોકરો ધનુર્વિદ્યા શીખે છે, ત્યારે બાણને અડકવા પહેલાં ધનુષ્યની પણછ કાન સુધી ખેંચતાં શીખવાનો મહાવરો ત્રણ માસ સુધી કરવાની તેને અનિવાર્ય ફરજ પાડવામાં આવે છે.

કૉન્ફ્યુશિયસ કહેતો કે, "જો હું એક પર્વત રચતો હોઉં અને તેને શિખરે માટીની છેલ્લીજ ટોપલી નાખતાં અટકી જાઉં તો હું નિષ્ફળ ગયો છું એમ મારે કહેવું જોઇએ."

ધ્રુવ પાસેના સમુદ્રથી પોતાના પતિને બચાવવા માટે લેડી ફ્રેંકલીને બાર વર્ષ સુધી અવિરત યત્ન ઉઠાવ્યો હતો. કાંઇ પણ આશા વગરની, ફળ વગરની શોધ છોડી દેવાને કોઇ પણ બાબતથી તે હિંમત હારી નહિ અગર લાલચને વશ થઇ નહિ. એમ કરતાં કરતાં આખરે તેણે સાબિત કર્યું કે, વાયવ્ય દિશાનો રસ્તો ખોળતાં, અજાણ્યા સમુદ્ર આગળ થઇને પસાર થતાં તે મરણ પામ્યો હતો.

કોઇ પણ હેતુ પરિપૂર્ણ કરવાના આગ્રહના અંશ બેન્જામિન ફ્રેંકલીનમાં અદ્‌ભુત હતા. ફિલાડેલ્ફિયામાં જ્યારે તેણે પોતાના છાપવાના ધંધાની શરૂઆત કરી, ત્યારે તે પોતાની છાપવાની સામગ્રી ઠેલણગાડીમાં ફેરવતો, પોતાની ઑફિસ, કામ કરવાની જગા અને સૂઇ રહેવાની જગા માટે એકજ ઓરડી તેણે ભાડે રાખી હતી. શહેરમાં તેનો એક ભયંકર પ્રતિસ્પર્ધી ઊભો થયો. તેણે તેને પોતાની ઓરડીમાં બોલાવ્યો. જમતી વખતે પોતે બાંધેલી રોટલીના કડકા તરફ આંગળી કરી તેણે કહ્યું કે, "તમે મારા કરતાં થોડા ખર્ચથી જીવનનિર્વાહ ન કરી શકો, ત્યાંસુધી તમે મારો રોટલો લઇ શકશો નહિ." ફ્રેંચ રાજવિપ્લવનો ઇતિહાસ લખતાં કાર્લાઇલને જે દુર્દશા નડી હતી, તે સઘળા જાણે છે. છાપખાનામાં છાપવા આપવાને માટે પહેલો ભાગ તૈયાર થયો તે પછી તેણે એક પાડોશીને તે હસ્તલેખ ઉછીનો આપ્યો હતો. તેણે તે જમીન ઉપર પડી રહેવા દીધો હતો. ચાકરડીએ દેવતા સળગાવવા તે ઉપાડી લીધો. આથી તેને ઘણું દુઃખ થયું. પણ કાર્લાઇલ પોતાનું કામ છોડી દે તેવો નહોતો. જે હસ્તલેખના આધાર માટે સેંકડો પુસ્તકો અને કોડીબંધ હસ્તલેખ મહિનાઓ સુધી ઉથલાવ્યા હતા તે થોડી મિનિટમાં બળી ગયા છતાં તે તેણે પાછો ઉત્પન્ન કર્યો. પક્ષીઓનાં ચિત્રો માટે, પદાર્થવિજ્ઞાનવેત્તા ઓડુબોંએ અમેરિકાનાં જંગલોમાં પોતાની બંદૂક અને નોટબુક સાથે બે વર્ષ ગાળ્યાં હતાં. એક પેટીમાં બંધ કરી તેણે તે ચિત્ર ઊંચે ભરાવી દીધાં હતાં અને તે પછી રજા ઉપર ગયો હતો. જ્યારે તે પાછો ફર્યો અને પેટી ઉઘાડી તો તેનાં

સુંદર ચિત્રોમાં નૉર્વેજિયન ઉંદરોએ ઘર કર્યું હતું, દરેક ચિત્ર અરાબ થઇ ગયું હતું; તેને ઘણીજ ભયંકર નિરાશા થઇ, છતાં તેણે પોતાની બંદૂક અને નોટબુક ફરીથી લીધાં અને જંગલમાં નીકળી પડ્યો. પહેલાં જે ચિત્રો તેની પાસે હતાં તેના કરતાં પણ વધારે સારાં ચિત્ર તેણે ફરી તૈયાર કર્યાં.

રૉબર્ટ એન્સવર્થે ઘણાં વર્ષ સુધી લૅટિન ડિક્શનરી (કોષ) ઉપર કામ કર્યું હતું. તે પોતાની સ્ત્રીના કામકાજ માટે પૂરતો વખત આપતો નહિ, તેથી તે તેના ઉપર ગુસ્સે થઇ ગઇ અને તેનો આખો હસ્તલેખ બાળી નાખ્યો. તે તેણે ફરીથી લખી નાખ્યો, પણ તેણે પોતાની સ્ત્રીનો આ દોષ માફ કર્યો નહિ.

એક વેપારી એક શિલ્પી પાસે ગયો અને એક પૂતળું કોતરવા માટે રોજીથી તેને રાખવા માગણી કરી. શિલ્પીએ જવાબ દીધોઃ "કંગાલ હલકા માણસ! ૨૫ દિવસમાં આ પૂતળું કરવા માટે ૨૫ વર્ષથી તે કામ હું શીખું છું."

પોતાના લેખોમાંથી પસંદ કરેલો એક લેખ જાહેરમાં વાંચવા ડિકન્સને કહેવામાં આવ્યું, ત્યારે તેણે જવાબ દીધો કે, "તેમ કરવાને મને વખત નથી; કારણકે લોકો પાસે આ લેખ વાંચવા પહેલાં છ મહિના સુધી દરેક લેખ ફરી ફરીને વાંચવાની મને ટેવ છે." તે કહે છે કે, "હું તમને ખાતરી આપું છું કે, સાધારણ નમ્ર, ધૈર્યયુક્ત પરિશ્રમ સાથેના ધ્યાન વગર, જે સ્થિતિમાં આ મારી નવીન શોધ છે તે સ્થિતિમાં પણ તે મને ઉપયોગી થઇ પડત નહિ."

સ્પેક્ટેટર શરૂ કર્યું તે પહેલાં ઍડિસને હસ્તલેખનાં ત્રણ વૉલ્યુમ એકઠાં કર્યાં હતાં.

દૃઢ નિશ્ચયવાળા, આગ્રહવાળા માણસને દરેક જણ વખાણે છે. માર્કસ બ્રૂટને મસાચુસેટ્સના ગવર્નરની જગા માટે સોળ વાર ઉમેદવારી કરી હતી. આખરે તેની હિંમતથી મુગ્ધ થઇ તેના વિરોધીઓએ તેને માટે મત આપ્યો અને એક વધુ મતથી તેને ચૂંટી કાઢવામાં આવ્યો. ચોપડીઓ ખરીદવા જેટલી પોતાની શક્તિ નહિ હોવાથી લિટ્લટન વિષેના કોકના આખા પુસ્તકની લૉર્ડ એલ્ડને બે વાર નકલ કરી હતી. ગીબને પોતાનો વૃત્તાંત નવ વખત ફરી ફરીને લખ્યો હતો. આવો આગ્રહજ હમેશાં

ફતેહ પામે છે.

એક શિક્ષક, કેટલાક છોકરાઓને ડેનિયલના ત્રીજા પ્રકરણમાંના કેટલાક અઘરા ભાગનું શિક્ષણ આપતો હતો. તેઓએ તે પ્રકરણ ત્રીજી વારનું વાંચ્યું, ત્યારે સહેજ સહેજમાં નિરાશ થયેલા એક વિદ્યાર્થી આગળ, શાડાક, મેશાક અને આબેનેગોનાં નામ ફરી આવ્યાં ત્યારે તે એકદમ અટકી ગયો અને ઘણાજ નિરાશાભર્યા અવાજે બોલ્યોઃ "સાહેબ! ફરી આ ત્રણ જણ આવ્યા." આ સ્થિતિમાં ઘણા માણસો આવે છે. તેઓ આ સ્થિતિમાં આવતાં સુધી ઠીક ઠીક ચાલે છે; પણ "ફરી આ ત્રણ જણ આવ્યા" એ સ્થિતિમાં તેઓ આવે છે, ત્યારે તેઓ અટકી જાય છે અને જ્યાં સુધી અડચણ દૂર ન થાય, ત્યાંસુધી આગળ વધી શકતા નથી.

ફિલિપ્સ એકેડેમીમાં શિક્ષકો આગળ વેબ્સ્ટરે જાહેર કર્યું હતું કે, નિશાળ આગળ તે બોલી શકતો નહિ. તે કહેતો કે, એક પછી એક ફકરાઓને મોઢે કરતો અને પોતાની ઓરડીમાં તે બોલી જવાનો પ્રયોગ કરતો; પણ જ્યારે એકેડેમીમાં તેનું નામ બોલાતાં તેણે સાંભળ્યું અને સઘળાની નજર તેના તરફ ફરી, ત્યારે એકેડેમીનો ઓરડો અંધારો થઈ ગયો અને પોતે જે કાંઇ જાણતો હતો તે મગજમાંથી અદૃશ્ય થઇ ગયું; છતાં વેબ્સ્ટર અમેરિકાનો મહાન વક્તા થઇ શક્યો.

યુનાઇટેડ સ્ટેટ્સની રાજસભામાં વેબસ્ટરે હેનને જે મહાન ઉત્તર આપ્યો હતો, તેનાથી ડેમોસ્થનિસની વક્તૃતા પણ ચઢી જઈ શકે કે કેમ એ શક ભરેલું છે. વિદ્યાલયમાં બનેલા એક બનાવથી વેબ્સ્ટરનો આગ્રહ જણાઈ આવે છે. કબૂતર ઉપર ગોળીબાર કરવા માટે, વર્જિલની ૧૦૦ લીટીઓ મોઢે કરી લાવવાની મુખ્ય શિક્ષકે તેને એક વખત સજા કરી હતી.

તે જાણતો હતો કે, પ્રિન્સિપાલ તે સાંજે અમુક ગાડીમાં જવાના છે. તે પોતાની ઓરડીમાં ગયો અને ૭૦૦ લીટી તેણે મોઢે કરી. ટ્રેન ઊપડવાના થોડોક વખત અગાઉ તે આ લીટીઓ પ્રિન્સિપાલ આગળ બોલી જવા માટે ગયો. ૧૦૦ લીટીઓ બોલી ગયા પછી, ૨૦૦ લીટીઓ પૂરી થઇ ત્યાંસુધી તે બોલ્યેજ ગયો. પ્રિન્સિપાલ તેની ઘડિયાળ સામું જોઇ હવે ચિંતાતુર બનવા લાગ્યો; પણ વેબ્સ્ટર તો બોલવાજ લાગ્યો હતો. પ્રિન્સિપાલે

આખરે તેને અટકાવ્યો અને તે કેટલી વધારે લીટીઓ મોઢે કરી લાવ્યો હતો તે વિષે તેને પૂછ્યું. વેબ્સ્ટરે કહ્યું: "આશરે પાંચસો વધારે." વળી પાછો તે કવિતા બોલવા માંડ્યો.

પ્રિન્સિપાલે કહ્યું: "હવે તું રહેવા દે. બાકી રહેલો વખત કબૂતરને ગોળી લગાડવામાં ગાળજે."

પોતાના કાર્યમાં આગ્રહ બતાવવા માટે મહાન લેખકોએ આવી વિખ્યાતિ મેળવી છે. તેમની કૃતિઓ, પ્રતિભાથી પ્રકાશતાં તેમનાં મનમાંથી એકદમ ફેંકાઇ નથી, પણ જ્યાંસુધી તેમના પ્રયત્નનું હરેક ચિહ્ન ભૂંસાઇ જાય, ત્યાંસુધી તે કૃતિઓને સુંદર, લાવણ્યયુક્ત કરવાને વધારે ને વધારે પરિશ્રમ કરવામાં આવ્યો હોય છે. બિશપ બટલરે પોતાના "એનેલોજી" નામના પુસ્તક માટે ૨૦ વર્ષ સુધી અવિરત પ્રયાસ કર્યો હતો અને તે પછી તેને પોતાના કામ માટે એટલો અસંતોષ થયો હતો કે, તેને તે બાળી નાખવાની મરજી થઇ હતી. ફ્રેસો કહે છે કે, "અવિરત અશાંતિથી, ઉદ્યોગથી, અનંત ડાઘાડૂઘી અને છેકછાકથી, શૈલીની સરલતા અને સુંદરતા તેણે મેળવ્યાં હતાં. વર્જિલે ઇનિડ માટે ૧૧ વર્ષ સુધી પ્રયાસ કર્યો હતો. હોથોર્ન અને એમર્સન જેવા મહાન નરોની ડાયરી ઉપરથી એક કલાકમાં વંચાઇ રહે એવા પુસ્તક માટે તેમણે કેટલું બધું વૈતરૂં ઉઠાવ્યું છે, કેટલો બધો સમય ગાળ્યો છે તે જણાઇ આવે છે. ઇસ્પ્રીડ લૂઇ લખવામાં મોન્ટેસ્કવીએ પચીસ વર્ષ ગાળ્યાં હતાં; પણ તમારે તે વાંચવું હોય તો તમે તે ૬૦ મિનિટમાં વાંચી શકો. "વેલ્થ ઑફ નેશન્સ" એ નામના પુસ્તક પાછળ એડમ સ્મિથે ૧૦ વર્ષ ગાળ્યાં હતાં. જ્યારે પોતે પાંચસો લીટીઓ લખી હતી ત્યારે યુરિપિડીસે ત્રણ લીટીઓ લખવામાં ત્રણ દિવસ ગાળ્યા હતા; એ બાબતમાં એક પ્રતિસ્પર્ધી નાટક લખનારે યુરિપિડીસનો ઉપહાસ કર્યો હતો, પણ તેણે જવાબ દીધો હતો કે, "તમારી ૫૦૦ લીટી ત્રણ દિવસમાં નાશ પામી જશે અને ભૂલી જવાશે; જ્યારે મારી ત્રણ લીટીઓ ચિરકાળ ટકશે."

"તોફાનનું વર્ણન" એ નામનો પોતાનો લેખ એરીઓસ્ટોએ જુદી જુદી ૧૬ રીતિએ લખ્યો હતો. "ઓરલેન્ડો ફ્યુરીઓસો" નામની પોતાની કૃતિ ઉપર તેણે ૧૦ વર્ષ ગાળ્યાં હતાં અને આટલી મહેનત પછી પંદર પેન્સની એક, એ પ્રમાણે માત્ર

૧૦૦ નકલજ તેણે વેચી હતી. બર્કના એક ઉમરાવને લખેલા પત્રો (સાહિત્યની સઘળી સર્વોત્તમ કૃતિઓમાંની એક) નાં પ્રૂફ પ્રકટકર્તા પાસે એટલા બધા ફેરફાર અને છેકછાક સાથે જતાં કે છાપનારે તે સુધારવાને ચોખ્ખેચોખ્ખી ના પાડી અને તે ફરીથી ગોઠવવાં પડ્યાં. "કુદરતનો પ્રકાશ" એ નામના લેખ ઉપર એડમ ટકરે ૧૮ વર્ષ ગાળ્યાં હતાં. એક મહાન પદાર્થવિજ્ઞાન-વેત્તાએ એક માખીના અંગવ્યવચ્છેદ ઉપર આઠ વર્ષ ગાળ્યાં હતાં. થોરોનું ન્યુ ઇંગ્લેન્ડને લગતું ગોપકાવ્ય–"કોન્કોર્ડ અને મેરિમેક નદી ઉપર એક અઠવાડિયું" તદ્દન નિષ્ફળ ગયું હતું. છપાયેલી ૧૦૦૦ નકલમાંથી ૭૦૦ પ્રકટ કરનારાઓ પાસેથી પાછી મળી હતી. થોરોએ પોતાની ડાયરીમાં લખ્યું હતું કે, "મારા પુસ્તકાલયમાં ૯૦૦ને આશરે પુસ્તકો છે, જેમાંનાં ૭૦૦ મેં લખ્યાં છે." છતાં તે કહે છે કે, "હું હમેશાં દૃઢ નિશ્ચય સાથે કલમ પકડું છું."

એક ચીજ મૂકી બીજી ચીજને વળગનાર માણસ કાંઇ પણ સફળ સંપાદન કરી શકતો નથી. ધીરો પણ આગ્રહી કાચબો, ઝડપવાળા પણ નિશ્ચયમાં શિથિલ સસલા કરતાં આગળ વધી જાય છે. હાઇસ્કૂલના ચાર વર્ષના ઘોરણ માટે જે સમય ગાળવામાં આવે છે તેના કરતાં પણ ૧૨ વર્ષ સુધી દિવસનો એક કલાક કામમાં આગળ પડી જાય છે. **એકજ પુસ્તકના વાચનથી, ફરી ફરીને કરવામાં આવેલા વાચનથી ઘણા માણસની જિંદગી ઘડાઈ છે.** બુલ્વર કહે છે કે, "ધૈર્ય એ વિજેતાની હિંમત છે. ભાવીની સામે થનારનો, આખી દુનિયાની સામે થનાર એક માણસનો, જડની સામે થનાર ચૈતન્યનો, આત્માનો, આ સર્વોત્કૃષ્ટ સદ્‌ગુણ છે. આથીજ બાઇબલમાં તેને 'હિંમત' એ નામ આપવામાં આવ્યું છે. સામાજિક દૃષ્ટિએ માણસો અને સંસ્થાઓને આ સદ્‌ગુણનું શિક્ષણ સાચા દિલથી જેટલું અપાય તેટલું ઓછું છે. દૃઢતા–એક વિચારને, એક નિશ્ચયને વળગી રહેવું–એ ગુણની ખામીથીજ ઘણી વાર નિષ્ફળતા મળે છે. આજે જે લખપતિ હોય છે તે આ ગુણની ખામીથી બીજેજ દિવસે ભિખારી બને છે. કોઇ પણ બરી મહાન ફતેહ તમે મને બતાવો, કે જે આગ્રહના ફળરૂપે ન મળેલી હોય. પોતાના જે એક ચિત્રથી ટિટિયેન પ્રખ્યાત થયો હતો તે માટે તેણે આઠ વર્ષ ગાળ્યાં હતાં; બીજાએ સાત વર્ષ ગાળ્યાં હતાં. પ્રખ્યાત લેખકોએ પોતાની

લોકપ્રિયતા શી રીતે મેળવી હતી ? કાંઇ પણ પગાર વગર વર્ષો સુધી લખવાથી, માત્ર મહાવરા તરીકે સેંકડો પાનાં લખવાથી, અડધી જિંદગી સુધી કેદખાનાના ગુલામની પેઠે–કીર્તિ સિવાય બીજા કોઇ પણ ફળ વગર કામ કરવાથી.” બર્ક કહે છેઃ “ નિરાશ થતા નહિ; પણ નિરાશ થાઓ તો નિરાશામાં પણ કામ કરો. ” એમર્સન કહે છે કે, “ લાયક કામોમાં જેણે પોતાના એકંદર બળનો ઉપયોગ કર્યો છે તેને ડહાપણનો પૂરેપૂરો બદલો મળે છે.”

નીતિશાસ્ત્રને જાણનાર એક વિદ્વાન કહે છે કે, “મુખ્યત્વે કરી સ્ત્રીજાતિમાં એક એવો વર્ગ છે કે, જેઓ બીજાની મદદ સાથે પણ પોતાનો એક નિશ્ચય કરવાને અશક્ત હોય છે; જેના વિચાર હમેશાં ને હમેશાં બદલાયા કરે છે અને જેઓ ફરી ફરીને પશ્ચાત્તાપ કર્યાજ કરે છે, તેઓ પોતાના પહેલા નિશ્ચય ઉપર પાછાં આવે છે અને ફરી પોતાના આગલા નિશ્ચય ઉપર ઘણાં મોડાં આવવા માટે દિલગીર થાય છે. ચાલતાં જવું કે ગાડીમાં જવું, એક દિશામાં જવું કે બીજી દિશામાં જવું અને આવીજ બીજી પચીસપચાસ ક્ષુદ્ર બાબતમાં તેઓ એક નિશ્ચય કરી શકતાં નથી; અને આખરે તેઓ પોતે પણ બેમાંથી જેને ઓછામાં ઓછી અનુકૂળ અને પસંદ કરવા લાયક બાબત ધારે છે તેજ બાબત આખરે કરે છે. એ વાત તો ઉઘાડી છે કે આ ક્ષુદ્ર બાબતમાં બતાવવામાં આવતો આ સ્વભાવ વધારે અગત્યની બાબતોમાં બતાવવામાં આવશે. પોતાને માટે તેમ પોતાની આજુબાજુનાં માણસો માટે આ સ્વભાવ ઘણોજ કમનસીબી ભરેલો તેમજ દુઃખદાયક છે. મનના આવા બંધારણવાળા માણસ માટે એકજ ઉપાય છે અને તે એ છે કે, પ્રથમજ કરેલા નિશ્ચય અગર નિર્ણયના લાભાલાભનો વિચાર કર્યા વગર અને તેને અનુસરી કરેલી કોઇ પણ બાબત માટે ઉદ્વેગ કર્યા વગર ગમે તેવા પણ તે પહેલા નિશ્ચયને કે નિર્ણયને વળગી રહેવું અને તરત દૃઢ નિશ્ચય ઉપર આવવાની ટેવની ખામીથી કદાચ શરૂઆતમાં ઘણે ભાગે ભૂલ થાય તોપણ નિર્બળ અને કંગાળ નિશ્ચયની અદૃઢતાથી થતા નુકસાન કરતાં તેનાથી ઘણું ઓછું નુકસાન થશે.”

માણસ જે કાંઇ સંપાદન કરે, જે કાંઇ પરિપૂર્ણ કરે, તે પરથી વિજયનું માપ થવું ન જોઇએ. જે વિરુદ્ધતાની તે સામે થયો હતો તે પરથી, તેમજ એલેક્ઝાંડરે જેમ હારીને પણ યુદ્ધની કલા

સંપાદન કરી હતી તેમ ભારે સંખ્યાની સામે જે હિંમતથી તેણે લડત ચલાવી હોય તે પરથી ફતેહનું માપ થવું જોઇએ.

સિંહના ચામડાથી ઢંકાયલું, હડપચી નીચે અદ્દભ વાળેલા પંજા સાથેનું હર્કયુલિસ દેવનું માથું બતાવવામાં એ અર્થ રહેલો છે કે, જ્યારે આપણે આપણી ઉપર આવી પડેલી આપત્તિઓ ઉપર જય મેળવીએ છીએ, ત્યારે તે આપણને સહાયકારક થઇ પડે છે. અજેય સંકલ્પશક્તિનું ગૌરવ કાંઇક જુદું જ છે.

" પણ કસોટી સારૂ તારા આત્માને બળવાન બનાવ;
તારી પસંદ કરેલી દશાથી તું પાછો હઠીશ નહિ;
ભલા પણ બીકણ માણસો ભલે અલગ રહે;
સાધુજન ભલે ક્રોધ કરે; પણ પાછો હઠતો ના.
જે તીર ફેંકાઇ ગયું છે તે પર,
તિરસ્કારના અધમ, સુસવાટા કરતા તીર પર ધ્યાન આપતો ના;
કારણકે ધૈર્યથી ઉત્પન્ન થતો વિજય આખરે
તારી સમીપ નિવાસ કરશે." —**શ્રાયાં**

" ઉન્નતિને જે શિખરે મહાન પુરુષો પહોંચ્યા છે,
તેઓએ જે ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું છે,
તે તેઓએ આકસ્મિક ઊડીને એકદમ પ્રાપ્ત કર્યું નથી;
પરંતુ રાત્રીએ જ્યારે તેમના સોબતીઓ ઊંઘતા હતા, ત્યારે તેઓ ઘણીજ મહેનત કરતા હતા.
આપણને પાંખો નથી કે ઊડી શકીએ,
પણ આપણા સમયનાં વાદળ જેટલા ઊંચે શિખરે
ધીરે ધીરે પણ વધારે ને વધારે ચઢવા માટે આપણને પગ છે."



૨૨—દીર્ઘાયુષ્ય અને તે કેવી રીતે પ્રાપ્ત કરવું.

"આ પ્રકાશમય જગત કે જ્યાં પ્રભુનું તેજોમય તખ્ત વિરાજમાન છે; જ્યાં પૃથ્વી, કે જેની આજુબાજુ આવી રહેલા સમુદ્રનાં મોજાં આવે છે અને જાય છે; તથા જ્યાં સુંદર લીલોતરીવાળા અસંખ્ય ટાપુઓ આવી રહ્યાં છે; તેટલામાંજ કાંઇ પ્રભુનો સઘળો મહિમા સમાઇ જતો નથી; પરંતુ તારા અદ્‌ભુત શરીર તરફ દૃષ્ટિ કરવાથી પણ જણાઇ રહેશે કે, પ્રભુની અનંત દીર્ઘદૃષ્ટિ ત્યાં પણ તેવીજ છે."

—હેામ્સ

"વૈભવ અને એશઆરામના ઢગલે ઢગલા કરો; પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે." —જુલિયા વૉર્ડ હેા૦

"સુખ આપનાર આરોગ્ય! સુવર્ણ અને ધનના ઢગલા કરતાં તું કેટલું બધું કિંમતી છે! આત્માનો વિકાસ કરનાર તું છે. શિક્ષણ ગ્રહણ કરવાની અને સદ્‌ગુણની લહેજત ચાખવાની આત્માની સઘળી શક્તિઓને ખિલવનાર તું છે. જેની પાસે તું છે તેને બીજું બહુ ઇચ્છવા જેવું રહેતું નથી અને જેને તારી ન્યૂનતા છે, તે કંગાળ મનુષ્યને તારા અભાવે દરેક ચીજની જરૂર રહે છે." —સ્ટર્ન

"વૃદ્ધાવસ્થામાં તેના શરીરને કોઇ જગ ઘાલી બેહેલી વેદના દુઃખ દેતી નહેાતી; કારણકે મોજશોખ અને પ્રમાદ તેનામાં હતાં નહિ અને તેથી એવી કોઇ ચીજને અવકાશ અથવા પોષણ મળ્યું નહેાતું."

—બ્રાયાં—"વૃદ્ધ મનુષ્યની ઉત્તરક્રિયા"

"આરોગ્ય અને આનંદી સ્વભાવ, સૌંદર્ય ઉત્પન્ન કરનાર વસ્તુઓ છે."

"માણસો જેમ એકબીજાની નિકટ વધારે રહે છે, તેમ તેમનું જીવન ટૂંકું બને છે." —ડૉ. પાર

"કેટલાક માણસો પોતાના દાંતથી પોતાની કબર તૈયાર કરે છે."

—સિડ્‌ની સ્મિથ

"જ્યાં આરોગ્ય નથી, ત્યાં પ્રેમ, પ્રતિષ્ઠા, ધન, સત્તા, કોઇ પણ ચીજ મનુષ્યના હૃદયને એક કલાકનો આનંદ પણ આપી શકતી નથી."

"પેટ ભીખ માગે છે, કાલાવાલા કરે છે, ગડબડમ ચાવે છે અને કોઇ પણ બોધ તે સાંભળતું નથી; છતાં તે કાંઇ કઠોર, દુરાગ્રહી કે લહેણદાર નથી. તમારી પાસેનું તેનું જે લહેણું હોય તેજ માત્ર તમે આપશો અને એથી વધુ જે જે તમે આપી શકો તેમ હો, તેટલું તેને નહિ આપો તો તો તેને નાની રકમ વહેજ તમે રંજ આપી દઇ શકશો." —સેનેકા

"સૂર્યનો પ્રકાશ આવતો અટકાવવાને બારણાં બંધ કરશો તો ડોકટરને દાખલ કરવા તમારે બારણાં ઉઘાડવાં પડશે"

—એક ઇટાલિયન કહેવત

"આનંદ, મિતાચાર અને આરામ, એકદમ ડોકટરને મકાનમાં દાખલ થતાં અટકાવે છે." —લોંગફેલો

"આખા શરીરના અદ્‌ભુત ભાગો અને તેનાં યોગ્ય પરિણામ આપણે જ્યારે જાણવાં, એમાંજ આપણો મનુષ્યનો દિવ્ય અંશ, આપણા ખરા બધોર અને આપણું મરૂં ગૌરવ જણાઇ આવે છે."

—કોલરિજ

જગતના મહાનમાં મહાન કારીગરે, સર્વથી સુંદરમાં સુંદર ચિત્ર ચીતર્યું છે. હરરોજ, વર્ષનાં વર્ષ સુધી તેણે પોતાની આ અનુપમ કૃતિ ઉપર કામ કર્યું છે. માત્ર રેખા ઉપરથી વિકાસ કરી તેને ચિત્રની એ દશા ઉપર તેણે આણ્યું છે કે તેને જે જુએ તે આનંદ પામે; પણ કારીગરની અદ્‌ભુત શક્તિ છતાં, તે તેને જોઇતી પરિપૂર્ણતાએ કદી આણી શકતો નથી. રાત્રિએ તે ચિત્રના રંગ બદલાતા જાય છે; ફરી ફરી રંગ દેવા છતાં તેના ગાલ અને હોઠને આપવામાં આવેલી ગુલાબી સુરખી ઊડી જાય છે; તેજોમય નેત્રો સુસ્ત, ચૈતન્ય વગરના ચિત્રપટમાં ડૂબી જતાં જણાય છે; ગુલાબની પાંદડીનો રંગ તેના સુંદર દેહ ઉપરથી ઊડી જાય છે; તેનો કુદરતી દેખાવ જતો રહે છે; તે પીળો, ફિક્કો પડી જાય છે—આમ ચિત્રકારની કારીગરી રદ જાય છે, પણ તે શાથી રદ જાય છે, તે તે જાણતો નથી.

તેના હાથની કારીગરી—કુશળતા ગઇ નથી. તેના રંગ ચોખ્ખા હતા. તેની ભાવનામાં પણ દોષ નહોતો. તેણે પોતાનું કામ બરાબર રીતે, સારી રીતે કર્યું હતું; પણ બીજો એક ચિત્ર-

કાર તેનો પ્રતિસ્પર્ધી હતો, જેની કોઇ પ્રશંસા કરતું નહિ, જેની કૃતિઓને કોઇ વખાણતું નહિ. આ પ્રતિસ્પર્ધી રાત્રીએ તેની કૃતિ બગાડતો. પહેલા ચિત્રકારે પોતાનાં આનંદી, કીર્તિમાન ચિત્રો વડે નામના મેળવી હતી. બીજા ચિત્રકારની મલિન કૃતિઓને કોઇ અડતું નહિ, કોઇ જોતું પણ નહિ. આથી બીજા ચિત્રકારને પહેલાની અદેખાઇ આવતી. રાત્રીએ તે પોતાના હરીફના કામ કરવાના ઓરડામાં છાનોમાનો જતો અને છાયાના આભાસવાળા રંગવાળી પાટી વડે, જે કૃતિનું તે અનુકરણ કરી શકતો નહિ તેને તે બગાડતો. આથી જે ચિત્ર બીજાં બધાં ચિત્ર કરતાં ઉત્કૃષ્ટ નીવડવું જોઇએ તે કદી પરિપૂર્ણતાએ પહોંચી શકતું નહિ અને ફરીથી સુધરી શકે નહિ તેટલે દરજ્જે તે બગડતું.

ફરી ફરીને આ બન્ને ચિત્રકારોએ, નિયમ તરીકે તેના તેજ પરિણામ સાથે બીજાં ચિત્રપટો ઉપર પોતાના યત્ન અજમાવ્યા છે. આ ચિત્રકારનાં નામ **આરોગ્ય** અને **વ્યાધિ** છે. તેઓ મનુષ્યજાતિના શરીરનો ચિત્રપટ તરીકે ઉપયોગ કરે છે. આરોગ્ય-ચિત્રકાર વહેલો ઊઠે છે અને વહેલો સૂઇ રહે છે. જેમ બને તેમ ખુલ્લી હવા, સુખદ સૂર્યપ્રકાશ, જ્યાં શિયાળામાં તીક્ષ્ણ પવન વાય છે, વસંતઋતુ અને ગ્રીષ્મઋતુમાં સુખકર મંદ પવન વાય છે, જ્યાં સોનાની કિંમતના પાક ઝૂલી રહ્યા છે અને ફળથી નમી ગયેલાં ઝાડ, જ્યાં પાનખરના પવનમાં આમતેમ હાલી રહ્યાં છે, જ્યાં ઝરાઓનો પ્રવાહ મૃદુ રવ સાથે ચાલે છે, સરિતાઓનાં સંગીત ચાલે છે, જ્યાં માણસો કામ કરે છે અને કૂદતાં છોકરાં રમે છે, ઢોર ખેતરોમાં ચરે છે અને પક્ષીઓ તથા મધમાખો ઊડી રહ્યાં છે, ત્યાં તે કામ કરે છે. બીજો પહેલાં ઊંઘી લે છે અને જ્યારે કુદરત ઊંઘે છે, સૌ સૂઇ જાય છે ત્યારે બહાર નીકળી પડે છે. મહોલ્લાની અસ્થિર દીવાબત્તીના અજવાળામાં અગર તો નિઃશબ્દ તારાના પ્રકાશમાં અને દિવસે પણ કેટલીક વખત અંધારા ખૂણાઓમાં, તેના પ્રતિસ્પર્ધીની સુંદરમાં સુંદર કૃતિઓ ઉપર, તે કૃતિઓને કમજોર કરનારો, ગ્લાન કરનારો હાથ પડે છે, તે સઘળી કૃતિઓને બગાડે છે અને તેમાંની ઘણીની તો તે બરબાદી પણ કરે છે. માત્ર થોડાંજ ચિત્ર સર્વાંશે એ વ્યાધિની સમીપતાથી દૂર રહી શકે છે અને પ્રમાણમાં રહેલી તેમની પરિપૂર્ણતાથી આ થોડાં ચિત્ર કેવાં અદ્‌ભુત લાગે છે!

સોળમાં સૈકામાં રોમ નગર આગળના એક આરસના કબ્રસ્તાનમાં ઉત્કૃષ્ટ સુંદરતાથી ભરપૂર એક કળશ જોવામાં આવ્યો હતો. દસ હજાર ડૉલરની કિંમતથી આ કળશ ડચેસ ઑફ પૉર્ટલૅન્ડે ખરીદી લીધો હતો અને બ્રિટિશ મ્યુઝિયમને તે લોન તરીકે (ઉછીનો) આપ્યો હતો. મ્યુઝિયમની મુલાકાત લેનાર, કળશની અનુપમ અવયવસંગતિથી મુગ્ધ બને છે; પણ બારીકીથી તપાસતાં તેને માલૂમ પડે છે કે, સપાટીમાં ફાટો પડેલી છે અને કેટલીક જગાએ તેમાં પડેલાં કાણાં એક પ્રકારના સિમેન્ટથી પૂરી દેવામાં આવ્યાં છે. એમ કહેવામાં આવે છે કે, એક ગાંડાએ એક વખત પોતાની લાકડી આ કળશને લગાવી અને તેથી તેના સેંકડો ટુકડા થઇ ગયા. પછી મોટું ખર્ચ કરીને ઘણી મહેનતથી આ બધા કકડા એકઠા ગોઠવવામાં આવ્યા; છતાં પણ ખરી રીતે તો આ કળશ ભાગ્યોતૂટ્યો કળશજ કહી શકાય.

આ કળશના જેવાં બગડેલાં, ચાઠાંવાળાં, તૂટેલાં, થાગડથીગડવાળાં અને પહેલાંના શરીરના માત્ર પડછાયા જેવાં સ્ત્રીપુરુષોથી આ જગત ભરપૂર છે. તે ઠીક ઠીક દેખાય છે, પણ તેમના શરીરનો બાંધો, દુરાચાર, હદ ઉપરાંત આરામ અથવા તો પરિશ્રમ, અજ્ઞાન અને એક યા બીજા પ્રકારના કુદરતના કાયદાના ભંગથી તૂટી જાય છે. આમાંનાં ઘણાં દવા, દાક્તરો, હવા અગર મુસાફરીથી તૂટેલા કકડા સાંધે છે; પણ કળશની માફક તે વધારે ઘસારો સહન કરી શકતાં નથી. ફતેહની આકાંક્ષાથી છેતરાઇને પણ તેની પરિપૂર્ણતાના બળ વગરજ તેઓ પોતાનું દુઃખી જીવન ખેંચ્યા કરે છે.

હોરેસ કહે છે કે, "આરોગ્યના જે નિયમો હું હાલ જાણું છું, તે મેં ૨૧ વર્ષની ઉંમરે જાણ્યા હોત તો મને ખાતરી છે કે, હું બેવડી મહેનત સારી રીતે અને નિશ્ચિંતપણે કરી શક્યો હોત. ગ્રહના માર્ગ દોરતાં મને ન આવડતું હોત તો તેઓ તેમના માર્ગમાંથી જાણે ખસી જવાના હોય ને (!) એવા ભય સાથે કૉલેજમાં મને ગ્રહોની ગતિ વિષે સઘળું જ્ઞાન આપવામાં આવ્યું હતું; પણ મારા પોતાના શરીરના બંધારણ વિષે, મારા પોતાના શરીરના આરોગ્યપૂર્ણ ધર્મ માટે ચલાવી લેવાય નહિ તેવી પરિસ્થિતિ વિષે, મને કેવળ અજ્ઞાત રાખવામાં આવ્યો હતો. આના કરતાં વધારે મૂર્ખાઇ ભરેલું બીજું કાંઇ પણ હોઇ શકે નહિ. શિક્ષ-

ણની શરૂઆત મારે મારી જાતથી કરવી જોઇતી હતી અને ગ્રહનો વારો આવે ત્યારેજ તેનું શિક્ષણ લેવું જોઇતું હતું. પરિણામ એ આવ્યું કે, કૉલેજના બીજાજ વર્ષમાં સારો અભ્યાસ ભાગી પડ્યો અને તે પછી અભ્યાસનો મારો કોઇ પણ દિવસ સારો ગયોજ નથી. એ પછી હું જે કાંઇ પરિશ્રમ ઉઠાવી શક્યો છું, તે મારી શક્તિની બહાર જઇને કરી શક્યો છું. મારી થાપણ ઉપર નહિ પણ ઉછીની રકમથીજ મેં એ કામ કર્યું છે. દ્રવ્યની બાબતમાં તેમ આરોગ્યની બાબતમાં આ રસ્તો બરેબર વિનાશકારક છે. તંદુરસ્તીની બાબતમાં છેલ્લાં પચીસ વર્ષથી સદ્વર્તન ઉપર મેં આધાર રાખ્યો છે અને એક આઇરિશમેનના શબ્દોમાં કહીએ તો, આ આખી મુદ્દતમાં એક મહિનો પણ બીજા લોકોની રીતે હું મારો જીવનનિર્વાહ કરૂં અને તેમના જેવી રહેણીકરણી રાખું, તો હું પખવાડિયામાંજ મરી જાઉં.”

લાકડાંના વહેરની ખીર અને પાટિયાંના બિછાનાનો જમાનો હવે ગયો છે. રોગ, એ માણસોની કુદરતી સ્થિતિ છે અને શરીર એ આત્માનો સ્વાભાવિક શત્રુ છે, એ સિદ્ધાંત હવે રદ્દ ગયો છે. શારીરિક બળયુક્ત માનવસમાજ એ હાલના જમાનાની જરૂરિયાત છે. સીડમાં ટકી રહેવાની એટલી બધી શક્તિ હતી કે તે રક્તપિત્તિયા સાથે સૂઇ રહે, તોપણ દરદ તેને લાગુ પડી શકે નહિ. આજના ફિક્કા, છાતી વગરના, પગની પિંડી, સ્નાયુ વગરના, નાજુક યુવાનોને ગ્રીસ, હિંદ અને રોમના આગલા સમયના પહેલવાન યુવાનની સાથે સરખાવો. ઉત્તર અમેરિકાના ઇંડિયન્સની ભવ્ય, શારીરિક સંપૂર્ણતા કેવી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે! ચિત્રકાર વેસ્ટને જ્યારે ઇટાલિયનો પોપના મહેલનો બગીચો જોવા લઇ ગયા, ત્યારે તેને પ્રથમ એપોલોનું પ્રખ્યાત બાવલું બતાવવામાં આવ્યું. તે વખતે તે બોલી ઊઠ્યો કે, “અરે! આ તો મોહોકનો ઇંડિયનજ.” સારા બાંધા સાથે તેઓ જન્મે છે અને તેમની સઘળી તાલીમનું વલણ પણ તેજ દિશામાં હોય છે. સરેરાશ મુજબ પંદર વર્ષનો એક ઇંડિયન છોકરો ગોરા લોકોના પહેલવાનો કરતાં પણ વધારે પરિશ્રમ, વધારે થાક સહન કરી શકે છે. તેઓ મરે છે તો શીતળાથી કે ગોળીથી મરે છે. આપણી કૉલેજોના દમ વગરના સ્નાયુવાળા, ચોપડીઓની ગોખણપટ્ટી કરનારા, ફિક્કા, ઝાંખા, ઉદ્વેગભર્યા વિચારોથી મંદવાડિયા બની

ગયેલા, હજારો મુડદાલ વિદ્યાર્થીઓ સાથે તેમનો મુકાબલો કરો. આટલા બધા યુવાનોની તબિયત લથડી પડે છે અને તેઓ પોતાનું બાકીનું જીવન આરોગ્યની શોધમાં ગાળે છે, એ હકીકત આ કઠોર, વ્યવહારૂ જગતમાં રસ્તો કરવા માગતા યુવાનોને મદદગાર થવાનો સ્પષ્ટ હેતુ ધરાવનાર સંસ્થાઓ માટે કેવી બરાબ કહેવાય! **ફતેહ માટે પહેલી જરૂરની ચીજ પહેલા નંબરના જાનવર થવું, આદર્શ, આરોગ્ય અને બળ મેળવવાં એ છે.** જે માન પેટને મળવું જોઇએ તે ઘણી વાર મગજ બાટી જાય છે.

થોડાક અપવાદ સિવાય જિંદગીની મોટી ફતેહો, પહેલવાન અને મજબૂત શરીરવાળાને મળે છે. શારીરિક બળની અગર ચૈતન્યની બામી તમારામાં હશે, તો તેનું પરિણામ તમે જે કાંઇ કરશો એમાં જણાઇ આવશે અને તમારૂં જિંદગીનું આખું કામ લૂલું કરી નાખશે. જે દરેક માણસ તમને ઓળખે છે તે તમારી અદ્દઢ આંખમાં, તમારા બચકાતા પગલામાં, તમારી નિર્બળતા જોઈ શકે છે. તમે જે દરેક કાગળ લખો છો, તમે જે દરેક ભાષણ કરો છો, તમે જે કાંઈ કરો છો તેમાં તે જણાઇ આવે છે. તમે તે છુપાવી શકવો નહિ અને **આરોગ્યની બાબતમાં તમે જેટલા નીચે હશો, તેટલા જ તમે ફતેહ મેળવવામાં નીચે આવશો.** મનની દરેક શક્તિનો, શરીરની દરેક બામી અને નિર્બળતા સાથે સંબંધ રહે છે. નિર્બળ અને માંદલાં જીવનના અર્ધા કરેલા ડાધાડૂધીવાળા કામથી જગત ભરપૂર છે. **સુધારાનું વલણ શારીરિક ચૈતન્ય અને બળને હલકું પાડવા તરફ છે અને શહેરો, માનવજાતિના શરીરની કબરો છે. શહેરમાં લાંબો વખત રહેવાથી શારીરિક મર્દાનગીનો આદર્શ હલકો થાય છે.** ગામડાંઓમાંથી નવા નવા અને આરોગ્યવાળા માણસો શહેરમાં દાખલ થતા ન હોત, તો શહેરોના રહીશોનાં બંધારણ અને બુદ્ધિશક્તિ, બળ એકદમ લાસ ગયેલાં હોત.

આપણાં મોટાં મધ્ય સ્થળોના પહેલવાન પુરુષોમાંના ઘણાખરા ગામડામાં જન્મ્યા હતા; પણ તેમના પછીની પ્રજા નબળી પડતી જાય છે.

આપણે શહેરીઓ કેટલી ઝડપથી જીવન બપાવી દઇએ છીએ! જીવનની રૂપેરી દોરીને તૂટી જાય ત્યાંસુધી આપણે ખેંચીએ છીએ. કુદરતી મોતે મરવાની તો આપણને ફુરસદજ

નથી. મૃત્યુએ આપણી ગતિનું પણ અનુકરણ કર્યું છે.

કુદરત એ મહાન અર્થવેત્તા છે. દરેક તકનો તે સારામાં સારો ઉપયોગ કરે છે. નાના મોટા દરેક અંશનો તે ઉપયોગ કરે છે.

તમે પાયમાલ થાઓ, નિરુપયોગી થઈ જાઓ, તે પછી તે તમારા અવશેષને, જે ખડક અગર કરાડો ઉપર તમે નાશ પામ્યા હો, તે ઉપરજ મૂકે છે અને આ રીતે બીજાને ચેતવણી તરીકે, તે ભયનું નિશાન ઊંચું કરી બતાવે છે.

તમે તમારી જિંદગી ગુમાવો છો, પણ કુદરત તમારો એક ચેતવણી તરીકે ઉપયોગ કરે છે. તમે તમારું આરોગ્ય ગુમાવો છો, પણ તમે આરોગ્ય શી રીતે ગુમાવ્યું તેના ચાડિયા તે તમારા ચહેરા ઉપર મૂકે છે. જો તમે તમારું આરોગ્ય મદ્યપાનથી ગુમાવ્યું હોય છે, તો કુદરત તમારા નાક ઉપરના અગર તમારી આંખના આગલા ભાગમાં દુઃખનો રાતો વાવટો પોતાના નિશાન તરીકે ફરકાવે છે. આ ચિહ્નથી તમે બચી શકતા નથી; પણ જે દરેક માણસ તમને મળશે, તે તો આ ત્રાસજનક ચેતવણી જરૂર જોઇ શકશે. તમારું જીવન જો કે નિષ્ફળ નીવડ્યું છે અને તમે નિરુપયોગી થઇ પડ્યા છો, પણ તે છતાંએ તમારા બંધુઓને ચેતવણી આપવા માટે કુદરત તો તમને એક બોધદાયક પદાર્થ તરીકે આગળ ધરે છે.

કુદરત વિચારથી દોરવાઇ જતી નથી. બંદૂકની છૂટેલી ગોળીના માર્ગમાં ભલેને લિંકન હોય અગર ગાર્ફિલ્ડ હોય, પણ ગોળી તેના માર્ગમાંથી એક વાળ જેટલી પણ બસશે નહિ. પ્રુસિક ઍસિડનું એક ટીપું જેટલી ઝડપથી રાજાના હલકામાં હલકાં નોકરોનો પ્રાણ લે છે, તેટલીજ ઝડપથી રાજાનો પણ પ્રાણ લે છે. પાણીમાં ડૂબતા તમારા બાળકને તમે બચાવવા જતા હશો, તોપણ પાણી તમને ડુબાવશે. અગ્નિમાંથી ભલેને તમે તમારા વહાલામાં વહાલાંને બચાવવા જાઓ, તોપણ તમે તેના ઝપાટામાં આવ્યા તો તે તમને બાળીજ નાખશે. વિશ્વના દરેક અણુ પર એક નિત્યનિયમની છાપ મારવામાં આવી છે. જે નિયમથી ઇડનના બગીચાના પ્રથમ પુષ્પનાં પત્ર ખીલ્યાં હતાં, તેજ નિયમથી આજે તમારા બગીચાનું ગુલાબ ખીલે છે. સૃષ્ટિની શરૂઆતમાં જે નહિ બદલાતી ચોકસાઇથી ગ્રહો ફરતા હતા, તેજ ચોકસાઇથી

સઘળા જમાનામાં ચીલા વગરના માર્ગમાં થઇ તેમના લાંબા પ્રવાસમાંથી તેઓ પાછા ફરે છે. આકાશમાંના તેમના અગાધ માર્ગમાં તેઓ એક વખત પણ રસ્તો ભૂલ્યા નથી અને એક સૈકામાં એક સેકંડનો પણ ફેરફાર પડ્યો નથી. ઇશ્વરના નિત્ય અર્થાત્ નહિ બદલાતા નિયમોને આપણે આગળ કરતાં જરા પણ ઓછું વશ રહેવું પડતું નથી.

પોતાના વહાલા બાળકના મરણથી નિરાશ થયેલી વિલાપ કરતી માતાનું શાંત્વન કોઇ કોઇ વખત પાદરીને આ રીતે કરતાં આપણે સાંભળીએ છીએ: "ઇશ્વરની ઇચ્છા—જેની આપણને ખબર નથી તેણે કોઇ વાજબી કારણથી તમારા બાળકને ઉપાડી લીધું છે અને તે કારણથી બાળકના મરણનો અફસોસ કરતાં નહિ!" પણ યૌવનમાં આવનાર એક સુંદર બાળકને તેનાં પ્રેમઘેલાં માતા-પિતા પાસેથી શું ઇશ્વરે પડાવી લીધું છે? એકતા, પરસ્પર સમ-ભાવ ઉત્પન્ન કરનાર પ્રભુ શું કલેશ ઉત્પન્ન કરે છે? જે કૃતિમાં તેણે પોતાનીજ પ્રતિકૃતિ મૂકી છે અને આકાશના જેટલી ઊંચી આકાંક્ષાઓ અને શક્યતાઓ જેને તેણે અર્પણ કરી છે, તેનું સ-વોત્કૃષ્ટ કાર્ય પૂરું થાય તે પહેલાંજ આરોગ્ય અને સુંદરતાનો ઉત્પન્ન કરનાર પ્રભુ તેને શું ફટકો લગાવશે? જેણે માણસનું શરીર એવી અદ્‌ભુત રીતે અને વિવિધ પ્રકારની ધાસ્તીઓને એટલી બધી લક્ષમાં લઇ ઘડ્યું છે કે એક સૈકાના ઘસારાની સામે તે ટકી શકે, તેની બદબોઇ કરવા જેવું આ કામ છે. આવી માંદલી લાગણીઓ અને બદબોઇથી આપણે દૂર રહેવું જોઇએ.

ઇશ્વર તેના બાળકને મારી નાખતો નથી તેમ વેદના પણ આપતો નથી. તે તો હુન્નર રીતે તેમને તંદુરસ્તીના નિયમ સાચ-વવાને લલચાવવા પ્રયત્ન કરે છે. આ નિયમો જો બરાબર સાચ-વવામાં આવે, તો તે બીજા સૈકાના દસકામાં પહોંચી શકે. દરેક બાજુએ દયાળુ સૂચનાઓ વડે તેણે આપણું રક્ષણ કર્યું છે, આ-નંદથી તે આપણું મન મનવે છે અને દુઃખથી તે આપણને આગળ ધકેલે છે. જિંદગી ઉપરથી આપણો હક્ક ઊઠી ગયા પછી અને આપણે નિરુપયોગી બેઠાખાઉ થઇ ગયા પછી પણ આપણું જીવન લંબાવવાને તે પ્રયત્ન કરે છે. નિમકહુલાલ હૃદય મરણ પછી પણ કેટલોક વખત ધબકારા મારે છે અને રખેને જિંદગીની એક ચિનગારી રહી જીવન પુનઃ પ્રજ્વલિત થાય, એ શંકાથી

શરીર છોડનારનો તે છેલ્લામાં છેલ્લો અનુચર છે. દારૂ જ્યારે પીનારના હૃદયને વધારે ને વધારે ગતિમાન કરે છે અને નવ કલાકનો આરામ જે તેને હમેશાં જોઇએ અને જે તેણે ધબકારાની વચ્ચે કાઢી લેવો જોઇએ તેનો કેટલોક ભાગ જ્યારે તે લઇ લે છે, ત્યારે તેના ઉપરનું વધારાનું કામ (જે દરરોજ પંદર ટન એક ફૂટ ઊંચકવા જેટલું થાય છે) કરવાને તેને શક્તિમાન કરવા કુદરત તેની ભીંતો જાડી બનાવે છે. કુદરતના કાયદા તોડીને બિચારા કંગાળ મનુષ્યે પોતાનો જીવવાનો હક્ક ગુમાવ્યો છે, એની દરકાર નહિ કરતાં કુદરત તો તેને તેટલી ને તેટલીજ મદદ કરે છે.

આપણા જ્ઞાનતંતુ તે શરીરના રખેવાળ છે અને જ્યાં વધારેમાં વધારે ભય છે, ત્યાં બહુ મોટી સંખ્યામાં મૂકવામાં આવ્યા છે. સુખ અગર આનંદ કરતાં પણ દુઃખનો ઉપયોગ અને હેતુ વધારે મોટો છે. જિંદગીના કેટલાક નુકસાનકારક આચાર ઉપર તે અંકુશ મૂકે છે. આ રીતે કુદરત તેના સ્થાપિત ક્રમ અગર નિયમો સ્વીકારવાને આપણને ફરજ પાડે છે. આપણા જ્ઞાનતંતુઓની સહૃદયતા અને મૃદુતા જેનો સદુપયોગ થતાં તે અનુપમ આનંદ આપે છે, તે તેનો દુરુપયોગ થતાં અતિશય દુઃખ આપે છે. કોલસાની કણી આંખમાં જતાં જે દુઃખ થાય છે, તેથી આપણને તે કાઢી નાખવાને પ્રેરણા થાય છે. દુઃખ થાય નહિ તો આપણે એ કણી કાઢીએ નહિ અને આંખ ગુમાવી બેસીએ. સૂર્ય સામે જોવાથી બાળક નજર ગુમાવી બેસે, પણ જ્ઞાનતંતુની સહૃદયતાથી તેને પોપચાં બંધ કરવાની ફરજ પડે છે અને તે બચી જાય છે. દુઃખ આપણા જીવનનો મહાન શિક્ષક છે અને તેથી આપણને આવતા ભયની પણ ખબર મળે છે. સહૃદય જ્ઞાનતંતુની ચેતવણી બાળકોને વારંવાર મળતી ન રહે, તો મોટાં થતાં થતાંમાં તેમાંનાં કેટલાંએ કદરૂપાં અને અપંગ બની જાય. લકવાવાળા એક દરદીને એક દિવસ તેના તબીબે પગને ગરમ પાણીથી ઝારવાની સલાહ આપી; પણ દુઃખવાળા પગના જ્ઞાનતંતુની સહૃદયતાનો લોપ થઈ જવાથી, પાણી ગરમ છે તેની તેને ખબર પડી નહિ, છતાં તેની ચામડી તો જરૂર દાઝી ગઇ. આપણાં શહેરોના કેટલાક રસ્તા અને ગલીઓમાં "આ રસ્તે જવું જોખમ ભરેલું છે" એવી સંજ્ઞાનાં પાટિયાં જોવામાં આવે છે; તેમ જીવનના આખા માર્ગ ઉપર સૃષ્ટિને ઉત્પન્ન કરનાર પ્રભુએ પણ આવાં પાટિયાં મૂક્યાં છે. જે

રસ્તાઓમાં થઇને દુરાચાર અને અવનતિ તરફ જવાય છે, તે રસ્તાઓ ઉપર આપણે આવાં પાટિયાં વાંચીએ છીએ; જે રસ્તે–જે દરવાજે થઇને જુગારખાનાં, દારૂની દુકાનો અને બદનામીની હલકી જગાઓમાં જવાય છે, તે ઉપર–" અહીં પેસનારાઓ સઘળી આશા મૂકી દો " " અહીંથી જવું જોખમકારક છે. " આવા શબ્દો જોઇએ છીએ. જે લોકોએ આવી ચેતવણીની દરકાર કરી નથી, તેમના વિરૂપ અને અપંગ જીવનમાં, નબળા અને નાલાયક માણસોના થાગડથીગડ અને અર્ધા કરેલા કામમાં આપણે તે જોઇએ છીએ. પાયમાલ થયેલાં જીવન, ગુમાવેલી તકો અને જેમણે આ ચેતવણી તરફ ધ્યાન આપ્યું નથી તેમની નષ્ટ થયેલી આશાઓમાં આ આપણે જોઇએ છીએ. ઉંમર પહેલાં ઘરડા થઇ ગયેલા માણસોમાં પણ આપણે તે જોઇએ છીએ. જે લોકોએ કુદરતના કાયદા તોડ્યા છે, તેઓ જગત જેને ભયંકર ચેતવણી ગણે એવાં અને ભુલાય નહિ તેવાં પાટિયાં–નિશાન પોતાના શરીર ઉપર લઇને ફરે છે.

હંબોલ્ટને તેની કૃતેહ વિષે પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં તે લખે છે કે, "લાંબામાં લાંબા વખત સુધી જે કાંઇ શરીરને નિભાવી રાખે છે અને જે તેને બાતરીબંધ બિમારીથી મુક્ત રાખે છે તે વસ્તુ ચાલુ મિતાચાર છે. કોઇ પણ શેઠ પોતાની ઑફિસમાં કોઇ દારૂ પીનારને, જુગારીને અગર દુરાચારીને રાખશે નહિ; કારણકે આ દુર્ગુણો શરીરને અધમ બનાવે છે, એટલું જ નહિ પણ માણસના મનમાં એવા વિચાર ઠાંસી ઠાંસીને ભરે છે કે જેને તે ધંધાની સાથે કાંઇજ લાગતુંવળગતું હોતું નથી. દારૂ દુનિયાનું નખોદ વાળનાર ચીજ થઇ પડી છે. ઘણા ખૂબસૂરત ગૌરવવાળા યુવાનો જેઓએ ઉજ્જ્વલ આશા સાથે જીવનની શરૂઆત કરી હતી, તેમની સંખ્યા ને સંખ્યા વ્હિસ્કી અને રમ દારૂથી ઊપડી ગઇ છે. આ મહાન અનિષ્ટનો ત્રાસ અને સત્તાનું બરાબર વર્ણન કરી શકે તેવી કલમ હજુ ઘડાઇ નથી અગર હાથ ઉત્પન્ન થયો નથી. ચેપી દરદીઓને રાખવાની જગાએથી સ્વરક્ષણની પ્રેરણાથી જેમ માણસ દૂર રહે છે, તેમજ તેણે દારૂના પીઠાથી દૂર રહેવું જોઇએ." આરોગ્યની બાબતમાં ઉચ્ચ સત્તારૂપ ગણાતા ડૉ. રિચર્ડસન કહે છે કે, "આરોગ્ય, સુખ અને જીવનનો વધારેમાં વધારે દગલબાજીથી નાશ કરનાર ચીજ આલ્કોહોલ–દારૂ છે."

ડેવીડ ડડલી ફિલ્ડ કહેતો કે, "સ્વરક્ષણનું મારૂં મિક્ષ્ચર કસરત છે. હું ઘણો મિતાચારી માણસ છું અને હમેશાં મિતાચારી રહેતો આવ્યો છું. મેં મારી સંભાળ રાખી છે અને મારૂં શરીરનું બંધારણ સારૂં છે. આ બન્ને કારણોથીજ હું આટલું સારૂં આરોગ્ય ભોગવી શકું છું. ખરેખર, જિંદગીનું રક્ષણ કરનાર મોટામાં મોટી બાબત પરિશ્રમ અથવા કસરત છે."

નિયમિત શ્રમ અથવા કસરતથી જ્યારે શરીરનાં છિદ્ર ઉઘાડાં રહે છે, ત્યારે કલ્પનાનાં છિદ્ર, કલુષિત વિષયો તેમાં દાખલ ન થાય તે માટે બંધ રહે છે. **સારા શરીરમાંજ સારૂં મન રહી શકે છે;** એ સૂત્ર હવે લોકો ઘણી સારી રીતે સમજે છે. ઈંગ્લેંડનો મહાનમાં મહાન ઉપદેશક ફ્રેડરિક ડબલ્યુ. રોબર્ટસન કહે છે કે, "કસરત અને શારીરિક બંધારણની વાસ્તવિક વ્યવસ્થા ઉપર જીવનના વિચારોનો આધાર શા માટે રહે છે તે વિષય ખરેખર અદ્‌ભુત છે."

આરોગ્યપૂર્ણ વિચારો અને સિદ્ધાંતો આરોગ્યપૂર્ણ મનમાંથીજ પ્રકટ થઇ શકે. આરોગ્યપૂર્ણ શરીર ન હોય, તો આરોગ્યપૂર્ણ મન હોઇ શકે નહિ.

એક દુઃખ આપનાર દરદના સંબંધમાં એક સુલતાને એકદા પોતાના તબીબની સલાહ લીધી. તબીબે જાણ્યું કે, માત્ર તાજી હવા અને કસરતનીજ જરૂર છે અને એ સાદી સાદી બાબતોની જગતને બહુ ઓછી કિંમત છે, તેથી તેણે કહ્યું: "લો, આ એક દડો; એમાં મેં ન મળી શકે તેવો અને કિંમતી પાલો ભરેલો છે. તમો નામદાર આ બૅટ લો અને જ્યાંસુધી તમને બરાબર પરસેવો થાય, ત્યાંસુધી દડાને બૅટ લગાવ્યા કરો; હમેશાં તમારે આમ કર્યા કરવું." સુલતાન આ સૂચનાને અનુસરીને ચાલ્યો અને તે માત્ર કસરત કરતો હતો, એવો ખ્યાલ તેને આવ્યા સિવાય તેનું દરદ મટી ગયું.

મહાન ફ્રેંચમેન લા હાર્પને પૂછવામાં આવ્યું કે, "તમે કાંઇ કસરત કરો છો કે?" ત્યારે તેણે જવાબ દીધો કે, "જ્યારે મારૂં મગજ થાકી જાય છે, ત્યારે થોડો વખત હું તેને બારીની બહાર રાખું છું." આરબો કહે છે કે, "આપણા નિર્મિત આયુષ્યમાં શિકાર કરવામાં ગાળેલા દિવસો ખુદા ગણતા નથી." આમની સભાની એક કમિટી આગળ એક અંગ્રેજ કારખાના-

વાળાએ કહ્યું હતું કે, પોતાના કારખાનમાંથી તેણે હવા આવવાના રસ્તા બંધ કર્યા હતા; કારણકે તેને માલૂમ પડયું હતું કે જ્યારે માણસોને ચોખ્ખી હવા મળતી ત્યારે તેઓ વધારે ખોરાક લેતા અને તે તેને પાલવતું નહિ.

સિડ્‌ની કહે છેઃ "કસરતથી માણસો તંદુરસ્ત રહે અને આનંદી સ્વભાવથી ઉત્સાહમાં રહે, તો તેઓ કદી વૃદ્ધ થાય નહિ."

પણ માત્ર આનંદી સ્વભાવ અગર માત્ર કસરત કરતાં, કામથી વિશેષ પ્રમાણમાં દીર્ઘાયુષ્ય મળે છે.

સંઘિવાથી દુઃખી અને ખાલી કલ્પનાઓથી ભરપૂર મંદાગ્નિથી તથા બહુ લાડથી દુઃખ પામેલા તથા સુંવાળાં બિછાનાં અને ભારે ખોરાકથી પોષાયલા એક સુસ્ત પૈસાદાર માણસને ડૉ. એબરનેથીએ એવી સલાહ આપી હતી કે, દિવસના ૬ પેન્સ ઉપર તેણે પોતાનું ગુજરાત ચલાવવું અને તેટલું જાતેજ કમાઇને ચલાવવું. ખરેખર આ ઉપદેશ સોના જેવો છે. બિચારા ઘણા પૈસાદાર લોકોનો અર્ધોઅર્ધ બરાબ સ્વભાવ, તેમના કંકાસ, કલેશ અને ઝઘડા એથી મટી જશે. હાલ જે ઘણાં ઉત્કૃષ્ટ મગજ ઉપયોગ વગર બગડી ગયાં છે, તે ઉપરનો કાટ તે ઘસી નાખશે.

પીટર કૂપરને જ્યારે પૂછવામાં આવ્યું કે, "તેણે પોતાનું શારીરિક અને માનસિક બળ શી રીતે જાળવી રાખ્યું છે?" ત્યારે તેણે જવાબ દીધો હતો કે, "હું ઉદ્યોગી રહું તે માટે હું કાંઇક ને કાંઇક ખોળી કાઢું છું. કાંઇ પણ કરતા રહેવું, એ માણસે લેવાની સારામાં સારી દવા છે. વર્ષો પહેલાં જ્યારે નેવું વર્ષમાં હું પહોંચી જઇશ એવી મને આશા નહોતી, ત્યારે જેટલી સહેલાઇથી હું દાદરો ઝડપથી ચડતો ઊતરતો, તેટલીજ સહેલાઇથી હાલ અહીં પણ હું ચડી શકું છું."

જિંદગી બહુ બહુ તો એક લડતમાત્ર છે. આપણે ભાગ્યે જીવવાની સ્થિતિમાં આવીએ છીએ, તેટલામાં તો આપણે મરવાની શરૂઆત કરીએ છીએ. જીવન અને મૃત્યુ આપણા શરીર ઉપર સત્તા મેળવવા માટે પ્રયત્ન કરે છે અને આ પ્રયત્નનું શું પરિણામ આવશે તેની આપણને જોઇએ તે કરતાં વધારે ખાતરી છે. માનવજીવનના શત્રુઓ દરેક બાજુએ સંખ્યાબંધ ઊભા છે. જન્મથી મૃત્યુ સુધી એક હજાર રોગ આપણી પાછળ ને પાછળ

ચાલે છે. આપણે જે ખાઇએ છીએ, આપણે જે પાણી પીએ છીએ અને આપણે જે હવા લઇએ છીએ, તેમાં શત્રુઓ છુપાઇ રહે છે. આરોગ્યના નિયમ વિરુદ્ધ વર્તન, ભૂલ, મૂર્ખતા, આ માર્ગે આપણા જિંદગીરૂપી કિલ્લામાં પ્રવેશ કરવા માટે તેઓ રાહ જોતા ઊભા રહે છે.

દુષ્કાળ અને આર્થિક અવદશા પછી તરતજ મરકી પેદા થાય છે. રોગનાં જંતુ જે શરીરમાં કેટલાંક વર્ષથી છુપાતાં આવ્યાં હોય છે, કદાચ શરીર મજબૂત અને બળવાન હતું ત્યારથી છુપાતાં આવ્યાં હોય છે, તે જ્યારે આરોગ્યની લીટીથી શરીર જરાક નીચે ઊતરે છે અને ટકી રહેવાની તેની હમેશની શક્તિ જાય છે, ત્યારે એકદમ અસર કરવા લાગે છે.

તેમના વિકાસનો અટકાવ કરવા માટે તે વખતે તે માણસોમાં ફાલતુ જીવનશક્તિ હોતી નથી. ઘઉંનાં જે ફોતરાં એક પ્રેતના હાથમાં બાર વર્ષથી રહ્યાં હતાં, તે પણ વવાયાં ત્યારે ઊગી નીકળ્યાં હતાં. તેમને ઉગાડવા માટે ભીનાશ, ગરમી, તડકો અને હવાનીજ જરૂર હતી. વહાણ ઉપર પચાસ વર્ષથી પડી રહેલી એક જૂની પેટીમાંનાં બારવાનાં લૂગડાંમાં રહેલા જંતુમાંથી આખા યુરોપમાં કોલેરા ફેલાયો હતો. કોલેરા ફાટી નીકળવા જેટલી સ્થિતિએ આવવા માટે ૫૦ વર્ષ સુધી તેમને પડી રહેવું પડ્યું. આરોગ્યની જે મર્યાદા છે, તેની નીચે આપણાં શરીર કદી ઊતરી ન જાય તે માટે હમેશાં આપણે કાળજી રાખવી જોઇએ. એક સો હરદનાં જંતુ આ મર્યાદાની નીચે રહે છે અને આપણી કાંઇ પણ ભૂલ, કાંઈ પણ નબળાઇ માટે, તેને કાંઇ પણ પગ મૂકવાની જગા મળે તે માટે તેઓ રાહ જોઇ બેસે છે. આ રીતે માનવસમાજમાં જેઓ શરીરે નબળા હોય છે, તેમના ઉપર દુર્ગુણનો પહેલાં હુમલો થાય છે. પુષ્કળ માણસો આરોગ્યમાં નબળા હોય છે તે કારણથીજ બરાબ સ્વભાવના હોય છે. **ઘણા યુવાનો તાજી હવા, ઠંડું પાણી અને કસરતના ફાયદા જાણતા નથા, તેથીજ તેમની નૈતિક અવદશા થાય છે.**

કુદરત દયાળુ છે અને કોઇ પણ જાતનું કામ અમુક અવયવ આપી શકતો નથી, તો તેનો બદલો માણસને તે બીજી રીતે વાળી આપે છે. તમે જો બહેરા, મૂંગા અને આંધળા હશો તો કુદરત તમારી સ્પર્શેન્દ્રિયને સુંદર બીલવશે. અંધ લોરાબ્રિજમન

ના ઓરડામાં સારો અગર ખોટો માણસ આવતો તેને તે અનુકૂળ અગર પ્રતિકૂળ શારીરિક અનુભવથી પારખી શકતી.

એક વીજળીક માછલી આખો વખત આંચકા આપી શકે નહિ. બહુ ખેંચેલું કામહું તાકીદે તેની પકડ–તેની ખેંચ, ખોઇ દેશે; પરંતુ કાંઇ પણ થયેલું નુકસાન દુરસ્ત કરવા માટે ઈશ્વરના મંદિરમાં, માનવશરીરમાં પેસવાની કોણ હિંમત કરશે? જીવ વગરની મિટ્ટીમાંથી નીકળી ગયેલો જીવ આણવા માટે ડાહ્યામાં ડાહ્યા માણસનું ડહાપણ પણ કામમાં આવતું નથી. જગતના સઘળા રસાયનવેત્તાઓ એકઠા થાય, તોપણ તેઓ લોહીનું એક ટીપું બનાવી શકે નહિ; તેમજ થાકી ગયેલું હૃદય જે એક વખત બંધ પડી જાય છે, તેને તબીબોની ગમે તેવી શક્તિ પણ પુનઃ જાગૃત કરી શકતી નથી. કોઇ પણ ડૉક્ટર પોતાનો કઢંગો હાથ નાજુક મગજ ઉપર મૂકી, તેને ફરી વિચાર કરતું કરી શકતો નથી.

પણ કોઇ પણ અનિષ્ટ અટકાવવાનું કામ તો માણસના હાથમાં છે. માણસ જો દીર્ઘાયુષ્ય ભોગવવા ધારતો હોય, તો તેણે **अति सर्वत्र वर्जयेत्** એ સૂત્ર દરેક કામમાં ધ્યાનમાં રાખવું જોઇએ.

પોએ કહ્યું છે કે, "જેણે મૅલિબ્રાનને ગાતાં સાંભળી હશે તેમને એવો સંદેહ નહિ થયો હોય કે, તે ભર યુવાવસ્થામાં મરણ પામશે. તે કલાકોમાં જમાનાનું કામ કરતી, તેણે હજારો વર્ષનું કામ કર્યું; પણ તે ૨૫ વર્ષની ઉંમરે દુનિયા છોડી ગઇ."

બાયરન ૩૬ વર્ષની વયે ક્ષીણ અને વૃદ્ધ અવસ્થામાં મરણ પામ્યો; ૬૬ વર્ષની ઉંમરે પણ બર્ક યુવાન હતો.

ડૉ. રિચર્ડસન કહે છે કે, "પ્રાણીઓની પુખ્ત વયે આવવાની જે ઉંમર હોય છે, તેનાથી ૬ ગણું તેનું કુદરતી આયુષ્ય હોય છે. આ પ્રમાણે માનવજીવન દોઢસો વર્ષ સુધી લંબાવું જોઇએ. આ દીર્ઘાયુષ્ય મેળવી શકાય તેમ છે, એ વાત રશિયન આંકડાઓ ઉપરથી જણાઇ આવે છે. ૧૮૯૧ ની સાલમાં તે દશામાં ૧૦૦ અને ૧૦૫ ની વચ્ચેનાં ૮૫૮, ૧૧૫ અને ૧૨૦ ની વચ્ચેનાં ૧૩૦; અને ૧૫૦ અને તેથી કાંઇક વધારે ઉંમર વચ્ચેનાં ૩ મરણ નોંધવામાં આવ્યાં હતાં; પણ રશિયામાં તેમ સઘળા યુરોપિયન દેશોમાં, એક બાબત આશ્ચર્ય પમાડે છે અને તે દરેક બાબત વિચારપૂર્વક કરવામાં આવે છે તે છે. દરેક જણને પૂરતો વખત

હોય છે. ઑસ્ટ્રિયામાં જથાબંધ માલના સ્ટોર અને બેંકો બપોર અને બે વાગતાંની વચ્ચે બંધ થાય છે. યુરોપિયનો ખાસ સમજે છે કે, અતિશય ઉદ્યોગ પછી આરામ મળવો જોઇએ અને લાંબી મુદતથી ચાલી આવતી મહેનત વિવેકપૂર્વક આગળ પાછળનો વિચાર કરીને કરવી જોઇએ.

જેમ્સ ટી. ફિલ્ડ્ઝ કહેતો કે, "હું યુવાન હોત તો સમયની ગોઠવણ વધારે સારી રીતે કરત; એટલે ઘણા છોકરાઓ સૂઇ રહે છે તેના કરતાં હું વહેલો સૂઇ જાત." પૂરેપૂરો આરામ જ્યારે ઠીક કરીને લેવામાં આવે છે, ત્યારે તે મનને તેમ શરીરને જેટલો આરામ આપે છે, તેટલો બીજી કોઇ ચીજ આપતી નથી.

ગ્લૅડસ્ટન કહેતો કે, "મારી આખી રાજદ્વારી જિંદગીમાં પાર્લામેન્ટની કોઇ પણ તકરારને અંગે પાંચ મિનિટ પણ હું જાગ્યો નથી."

હોરેસ ગ્રીલિ કોંગ્રેસની રાત્રીની બેઠકમાં બેસવાને ના પાડતો. તેનો સૂવાનો વખત થતો કે તરત તે કોંગ્રેસ છોડી જતો.

ગ્રેન્ટ કહેતો કે, "નવ કલાકના આરામ સિવાય હું કાંઇ પણ કરી શકીશ નહિ."

સૂવાનો મોડો વખત એ મૃત્યુનો બરાબર પડછાયો છે. ઉજાગરા, અનિયમિત ખોરાક, કસરતની ખામી અને બીજી રીતના અમિતાચારથી ઉત્પન્ન થતાં અનિષ્ટના નિવારણ માટે લોકોને દવા વાપરવાની ટેવ પડી ગઈ છે; પણ હવે તેઓને ભાન થવા લાગ્યું છે કે, વૈદ્યો જે કાંઇ વધારેમાં વધારે મદદ કરી શકે તે માત્ર દરદીઓને આશામાં રાખવા, તેમને ઉત્સાહપૂર્ણ રાખવા અને આરોગ્યના સામાન્ય નિયમો પાળવામાં તેમને મદદ કરવામાંજ આવી રહે છે.

મોલિયર કહે છે કે, "જે રોગ વિષે વૈદ્યોને કશુંજ જ્ઞાન હોતું નથી, તે મટાડવાને જે શરીર વિષે તેઓ ઘણું ઓછું જાણે છે તે શરીરમાં, જે દવાઓ વિષે તેઓને જૂજ માહિતી હોય છે તે તેઓ રેડે છે."

મોલિયર તેના દાક્તર વિષે કહે છે કે, "અમે બે વાત કરીએ છીએ બરા, પણ હું તેની દવા લેતો નથી અને તેથીજ સાજો રહું છું." એક બીજે પ્રસંગે તેણે જણાવ્યું છે કે, "**દરદી કુદ-**

રતથી સાજો થાય અગર દવાથી મરણ પામે ત્યાંસુધી પૈસા લઇ, માંદાના ઓરડામાં નજીવી બાબતો વિષે વાતો કરવાનું કામ કરનાર માણસ તે દાક્તર.”

ત્રણ દાક્તરોને રોકો; પહેલાં દાક્તર ક્વાયેટ (શાંતિ) પછી ડૉ. મેરિમેન્ટ (આનંદ) અને પછી ડૉ.ડાયેટ (ખોરાક).

આપણી માન્યતાઓ અપંગ અને મંદવાડિયા આદર્શ ઉપર રચાયલી છે; તેવા નમૂનાથી કાંઇ આદર્શ શરીર રચી શકાય નહિ.

મનુષ્યજાતિની શારીરિક મર્દાનગીને તેનાં બંધનમાંથી મુક્ત કરી ઉચ્ચ પંક્તિ ઉપર લઇ જવાની જરૂર છે, તે જોતાં તેમજ મહાન ધર્મોપદેશકોએ આપણને માત્ર સંપૂર્ણ થવાનેજ નહિ, પણ પ્રભુના જેવા સંપૂર્ણ બનવાને આજ્ઞા કરી છે, તે બાબત પણ આપણે સંપૂર્ણ બની શકીએ, તેનો પુરાવો છે. જે આદર્શ, તૃષ્ણાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવાની આપણામાં સત્તા ન હોય, તેવા આદર્શ, તૃષ્ણાઓ અને આકાંક્ષાઓ આપણને આપીને પ્રભુએ આપણી મશ્કરી કરી નથી. આપણે જે કાંઇ કરીએ છીએ તેના કરતાં વધારે કરી શકવાની આપણામાં શક્તિ છે, એવું ભાન પણ આપણને બતાવી આપે છે કે, આવી સંપૂર્ણતા શક્ય છે અને તે સંપૂર્ણ આદર્શ સુધી પહોંચવાને માટે ક્યાંય ને ક્યાંય પણ આપણને સમય અને તક મળે છેજ. માણસને પોતાના આત્મામાં શારીરિક તેમજ નૈતિક મનુષ્યત્વનો આદર્શ છે અને જેણે આ આદર્શ આપ્યો છે તે તેની પરિપૂર્ણતા માટે તક આપશેજ.

આપણે જો કે મૃત્યુને રોકી ન શકીએ, પણ આ બાબત તો જાણીતીજ છે કે, ખાસ કરીને ખોરાકના સંબંધમાં આરોગ્યના નિયમ પાળવાથી આપણે તેને ઘણો લાંબો સમય મુલતવી રાખી શકીએ. વૃદ્ધાવસ્થાનાં મુખ્ય લક્ષણ, માનવશરીરમાં સરેશ જેવા ચીકણા અને રેસાવાળા થર બાઝે છે તે ઉપરથી જણાઇ આવે છે. આ થર ધીરે ધીરે હાડકાં જેવા બની જાય છે. માણસની જિંદગીની શરૂઆત સરેશ જેવા ચીકણા પદાર્થની સ્થિતિમાંથી થાય છે અને તેનો અંત હાડકાંની સ્થિતિમાં આવે છે. બાલ્યાવસ્થામાં સુંવાળાપણું અને વૃદ્ધાવસ્થામાં કઠણાઈ રહે છે. બાલ્યાવસ્થામાં આ સ્થિતિ ઇચ્છવાજોગ છે; પણ આપણે જેમ મોટા થઇએ તેમ, એમ ધારવામાં આવે છે કે, કારબોનેટ્સ અને ફૉસ્ફેટ્સ

ઑફ લાઇમ*–જે મુખ્ય પદાર્થથી આ રૂપાંતર થાય છે, તે ઓછા અને ઓછા લેવાથી આપણે આ ક્રિયાનો વધારે ને વધારે અટકાવ કરી શકીએ. આ હેતુની પરિપૂર્ણતા માટે સારામાં સારો પેય પદાર્થ ગાળેલું પાણી છે; જ્યારે ખાવાના પદાર્થોમાં અન્ન, ફળ અને શાક, ભારે મિષ્ટાન્ન કરતાં વધારે સારાં છે. આમાં તેમજ બીજી બાબતોમાં કુદરતને જીતવાનો સારામાં સારો રસ્તો તેના કાયદા જાણવાનો અને તેને અનુસરીને ચાલવાનો છે.

શરીર એક સારો નોકર છે; તેની તરફ સારૂં વર્તન રાખશો તો તે તમારૂં કામ કરશે; તેની જરૂરિયાતો તરફ ધ્યાન આપશો, તેની સૂચનાઓ માયાળુપણે અને ધીરજથી સાંભળશો, કાંઇક લાલનની વૃત્તિથી તેની જરૂરિયાતો પ્રસંગોપાત આગળથી સમજી લેશો, તો તમારા આ ધ્યાનનો બદલો વ્યાજ સાથે તમને મળશે; પણ તેને તમે અત્યંત બોજાથી દબાવી દેશો, દુઃખ દેશો, મૂંઝવશો, નોકરને બદલે તમે તેને ગુલામ બનાવશો, તો તે ઘણું બડબડશે નહિ, પણ રણમાંના થાકેલા ઊંટની માફક તે બેસી જશે અને મરણ પામશે.

"હે પ્રભુ! ગુઢાર્થવાળાં આ મંદિરો (શરીરો)
તારાં બનાવવા માટે તારો દિવ્ય પ્રેમ અર્પણ કર;
ક્ષીણતા આણતું ઘડપણ અને શ્રમિત કરતા વ્યવહાર,
જ્યારે, જીવનની નમતી ભીંતોને પાયામાંથી ડગાવી રહ્યાં છે;
જ્યારે સૌના પર અંધકાર છવાઈ જાય છે
અને ડગમગતા છેલ્લા સ્તંભ પણ તૂટી પડે છે;
ત્યારે, તારી દયાથીજ ચૈતન્યમય થતી
બિચારી મિટ્ટીને લઇ, તેનાં દિવ્ય સ્વરૂપ ઘડ."



* ચૂનાના કારબન અને ફૉસ્ફરિક ઍસિડ–ક્ષાર

૨૩—ટૂંકામાં પતવવું

"મને માલૂમ પડયું કે એક ઉત્કૃષ્ટતા તો હું પ્રાપ્ત કરી શકું; અને **સંક્ષેપ** આ ઉત્કૃષ્ટતા હતી. મેં તે મેળવવાને સંકલ્પ કર્યો."—**જે**

"માણસ રાજસભાનો સભાસદ હોય અગર વક્તા હોય, પણ ભાષણમાં ભલામણ કરવા જેવી-ભાષણને **આકર્ષક** બનાવનારી ચીજ **સંક્ષેપ** છે." —**સિસેરો**

"શબ્દો પાંદડાં જેવા છે; જ્યાં તે વધારે હોય છે ત્યાં તેની નીચેનો ફળરૂપ અર્થ ભાગ્યેજ માલૂમ પડી આવે છે." —**પોપ**

"જેમ શબ્દો ઓછા તેમ પ્રાર્થના વધારે સરસ."—**લ્યૂથર**"

"તમે જે કાંઇ બોલો અગર લખો તેમાં થોડામાં ઘણાનો સમાવેશ કરો." —**જોન નીલ**

"આપણું કહેવું સમજાય અગર ન સમજાય ત્યાં સંક્ષેપ ઘણું સારૂં કામ કરે છે." —**બટલર**

"એકલી એકાગ્રતાનેજ વિજય મળે છે."—**વ્યાસ-બકસ્ટન**

સાર્જંટની માફક અમે પણ કહીશું કે ટૂંકામાં પતવો. મુદ્દા પર આવો, જ્યાંથી તમે છોડી દેવા માગતા હો ત્યાંથીજ—તેની ઘણી નજીકથીજ શરૂઆત કરો. શાણપણ તેમ પ્રહસનમાં પણ મુખ્ય મહત્ત્વની બાબત સંક્ષેપ છે. રત્નોની કિંમત માત્ર જડ તોલથી થતી નથી. આપણા શ્વાસ માત્રથી જે હવાને આપણે બસેડી શકીએ છીએ તેના જથાને એકજ જગાએ દબાવી રાખવામાં આવે, તેનો સંકોચ કરવામાં આવે, તો તેમાં બંદૂકના દારૂનું બળ આવે છે અને સંગીન બડકને પણ તે તોડી શકે છે. સમજૂતનો, સચોટપણાનો નમ્ર નિર્ઝર મનમાં થઇને વહે—પ્રગટ થાય પણ તેની પાછળ કચરો રહેતો નથી; પણ તે એક ધસારો બોધની માફક પ્રકટ થશે તો તેની અડફટમાં આવશે તે દરેક ચીજને તે ધસડી જશે. માત્ર શબ્દો તો ઘણા સસ્તા અને જોઇએ તેટલા

છે; પણ જે વિચારો અન્યને જાગ્રત કરે છે અને પુષ્કળ લોકોને વિચાર કરતા કરે છે, તે સોનાની પેઠે ખાણમાંથી પ્રકટ થાય છે. સીસાની ગોળીના છરામાં ઘણા ભાગ થાય, તેથી તે જે નુકસાન કરે, તે કરતાં સીસાની ગોળી વધારે પ્રાણઘાતક નીવડે છે. જો તમે કાંઇ સંગીન કામ કરવા માગતા હો, તો એકાગ્રતા રાખો. જો તમારા કામનો લાભ બીજાને આપવા માગતા હો, તો થોડામાં સમાવેશ કરો. ફ્રેડ્સ કોએટના સમકાલીન જે કાંઇ સ્પષ્ટ રીતે કહેવાને એક કલાક લે, તે ફ્રેડ્સ કોએટ એક મિનિટની વાતમાં કહી દેતો.

બારિંગ બ્રધર્સ પેઢીમાંના એકે, એક વખતે ઘાસના માળિયા ઉપરથી જિરાર્ડને બોલાવ્યો અને કહ્યું: "હું તમને ખબર આપવા આવ્યો છું કે તમારું વૉલ્ટેર નામનું વહાણ સહીસલામત આવી પહોંચ્યું છે." જિરાર્ડે જવાબ દીધો: "હું જાણતો હતો કે વહાણ સહીસલામત બંદરે આવશે. મારાં વહાણ હમેશાં સહીસલામત પહોંચે છે. તે વહાણ સારું છે. માફ કરજો, મિ. બારિંગ! હું ઘાસ સૂકવવાના કામમાં રોકાયલો છું." આમ કહીને પાછો તે પોતાને કામે લાગી ગયો.

જ્યારે હોરેસ ગ્રિલી એક આર્ટિકલમાં એક કૉલમ રોકતો, ત્યારે થલો વીડ આલ્બનિ ઇવનિંગ જર્નલમાં તેજ વિષય થોડાજ શબ્દોમાં પતવી દેતો અને પોતાની દલીલ એવા રૂપમાં મૂકતો કે વાચકને તેની ઘણી અસર થતી.

પોતાની પાસે આવતા માણસોને સાયરસ ડબલ્યુ. ફિલ્ડ કહેતો કે, "ટૂંકામાં કહી દો, વખત ઘણો કિંમતી છે. **સમયપાલન, પ્રમાણિકતા અને સંક્ષેપ, એ જીવનનાં માર્ગદર્શક સૂત્ર છે.** લાંબો પત્ર લખતા નહિ. ધંધામાં પડેલા માણસને તે વાંચવાનો સમય હોતો નથી. તમારે કાંઇ કહેવું હોય તો ટૂંકામાં કહી દો. કોઇ પણ કામ એવું મહત્ત્વનું હોતું નથી કે તે કાગળના એકજ તાવ ઉપર ન લખી શકાય. વર્ષો પહેલાં જ્યારે આટલાન્ટિકમાં હું દોરડું નાખતો હતો, ત્યારે એક ઘણો અગત્યનો કાગળ ઇંગ્લેંડ મોકલવાનો પ્રસંગ આવ્યો. હું જાણતો હતો કે, તે વડા પ્રધાન અને રાણીને વાંચવાનો હતો. મારે જે કહેવાનું હતું તે મેં લખી નાખ્યું. કેટલાક કાગળ લખવામાં ગયા હતા. તે પછી હું વીસ વાર તે તપાસી ગયો. તેમાંથી કોઇ કોઇ શબ્દ

ઓછા કર્યા, આ રીતે વાકયો ટૂકાં કર્યાં. આખરે મારે જે કાંઈ કહેવાનું હતું તે એક કાગળમાં મેં સમાવી દીધું. પછી મેં ટપાલમાં તે કાગળ મોકલ્યો. યોગ્ય સમયમાં મને તેનો ઉત્તર મળ્યો. જવાબ સંતોષકારક પણ હતો; પણ આજ કાગળ માટે મેં છ કાગળ ભરી કાઢયા હોત, તો મને તેવો સંતોષકારક જવાબ મળ્યો હોત એમ તમે ધારો છો? ખરેખર નજ મળત. **લેખન તેમજ વાણીમાં ટૂંકામાં પતવવાની ટેવ એક વિરલ બક્ષિસ છે;** અને સમયપાલનથી ઘણા માણસો દોલતમંદ થયા છે. જો તમે કોઇને પણ અમુક વખતે મળવાનો વાયદો કરો, તો ખાતરીથી તેજ વખતે તેને મળો. આ ઉદ્યોગી સમયમાં ધંધાદારી માણસને એક મિનિટ પણ ગુમાવવાનું પાલવી શકે નહિ."

ધંધાદારી માણસને ધંધાના સમયમાં મળવા જાઓ, તો ધંધાને અનુકૂળ રીતે, વ્યાવહારિક રીતે તેને તમારૂં કામ કહો અને જ્યારે ધંધાને લગતું કામ બંધ થાય કે તરત તમારા પોતાને કામે લાગી જાઓ અને ધંધાદારી માણસને પોતાને ધંધે લાગવા દો.

એ. ટી. સ્ટુઅર્ટ પોતાના સમયને પોતાની થાપણ તરીકે ગણતો. કોઇ પણ માણસ પોતાનું કામ બહારના બારણા આગળના પહેરેગીરને અને પછી ઑફિસ આગળના બીજા પહેરેગીરને જણાવે નહિ, ત્યાંસુધી તે તેને પોતાની ખાનગી ઑફિસમાં દાખલ થવા દેતો નહિ. મુલાકાત લેનાર એમ કહેતો કે, " ખાનગી કામ છે " તો પહેરેગીર કહેતો કે, " મિ. સ્ટુઅર્ટને કોઈ કામ ખાનગી નથી." જ્યારે માણસ ઑફિસમાં દાખલ થતો, ત્યારે તેને પોતાનું કામ ટૂંકામાં પતવવું પડતું. સ્ટુઅર્ટના મોટા ખાતાનું કામકાજ એવી પદ્ધતિથી અને તાકીદથી કરી નાખવામાં આવતું કે, પ્રતિસ્પર્ધી વેપારીઓને તેથી આશ્ચર્ય થતું. કામકાજમાં નકામો વખત ગાળવો, રમતરોળિયાં કરવાં અગર મૂર્ખાઈમાં વખત કાઢવો એવું હતુંજ નહિ. સવારથી રાત્રી સુધી " ધંધો " એજ તે ખાતાનું સૂત્ર હતું. **ધંધાના વખતમાં મિત્રોની વાતોમાં ભળવા તે ના પાડતો.** એક મિનિટ પણ ગુમાવવાનો તેને વખત નહોતો.

ફેનલોન કહે છે કે, " સાચી સુરુચિ થોડા શબ્દમાં ઘણું કહેવામાં, આપણા વિચારની પસંદગી કરવામાં, આપણે જે કહીએ

તેમાં ક્રમ અને વ્યવસ્થા રાખવામાં અને શાંતિથી બોલાવવામાં રહેલી છે.”

સધે કહે છે કે, “જો તમારે મર્મભેદી બોલવું હોય, તો ટૂંકામાં પતવો. જેવું કિરણનું છે તેવુંજ શબ્દોનું પણ છે. તેમનો જેમ થોડામાં સમાવેશ કરવામાં આવે તેમ તેની અસર વધારે પ્રમાણમાં થાય છે.”

સ્ટીલ કહે છે કે, “જ્યારે સાદી, સત્ય વાત કહેવા સિવાય માણસને બીજી કોઇ તદબીર કરવાની હોતી નથી, ત્યારે સંકુચિત મર્યાદામાં તે ઘણું કહી શકે.” ગ્રીસના સપ્તર્ષિ (સાત શાણા માણસ) ની કીર્તિ બે અગર ત્રણ શબ્દના માત્ર એકાદ વાક્ય ઉપર ઘણે ભાગે રહેતી.”

પ્રજાઓનું ડહાપણ તેમની કહેવતોમાં રહેલું હોય છે.

ટાયરન એડવર્ડ્ઝ કહે છે કે, “કાંઇ પણ કહેવાનું હોય, તે કહી નાખો અને તે કહી રહો એટલે બંધ કરો.”



૨૪–મહત્વાકાંક્ષા

"માણસ સંપાદન કરી શકે તેના કરતાં તેનું લક્ષ્ય વધારે લાંબું હોવું જોઇએ; નહિ તો પછી સ્વર્ગ શા માટે છે?"

—રૉબર્ટ બ્રાઉનિંગ

"જેઓ પોતાની યોજનાઓની ઇમારત આકાશની નીચે રચે છે તેઓ તે ઘણી નીચી રચે છે."

—યંગ

"નીચામાં નીચા ઊંડાણમાંથી વધારેમાં વધારે ઊંચાઇએ જવાનો માર્ગ છે."

—કાર્લાઇલ

"આપણે મહત્વાકાંક્ષા રાખીએ છીએ તે એકલીજ આપણી મહત્તા છે."

—જિન ઇન્જલો

"એકજ વસ્તુ માટે આખી જિંદગી એકલેજ હાથે અને આગ્રહથી જેણે પ્રયત્ન કર્યો હોય તથા કોઇ પણ અંશે તે ન મેળવી હોય એવો કોઇ પણ માણસ કદી તમે જોયો છે? જો માણસ હમેશાં આકાંક્ષા રાખે તો તે ઉન્નત થતો નથી. કોઇ પણ માણસ શૌર્ય, ઉદારતા, સત્ય, હૃદયનું સાચાપણું–આ સદ્‌ગુણોથી અજમાયશ કરે છતાં તેમાં તેને લાભ ન મળે, તેનો પ્રયત્ન નિષ્ફળ જાય, એમ બને છે?"

—થોરો

"જગતના નીચે જવાના, અવનત થવાના, પ્રતિભાની સામે થવાના, સુસ્ત પ્રયત્નો છતાં, જગતને ઉન્નત કરવું, જગતને પવિત્ર કરવું, પોતાને મળેલી ઇશ્વરી બક્ષિસથી જગતનો ઉદ્ધાર કરવો; એ પ્રતિભાનું પૃથ્વી ઉપરનું ધર્મકાર્ય છે."

પ્રતિભાનું ધર્મકાર્ય જાગ્રત રહેવાનું, જોવાનું, નવજીવન અર્પણ કરવાનું, બચાવવાનું, પુનરુદ્ધાર કરવાનું છે. પોતે જે કાંઇ કરે છે તેથી જે માણસ સંતોષ માને છે તે આગળ વધી શકશે નહિ.

—એફ. ડબલ્યુ. રૉબર્ટસન

તમારો ધંધો ગમે તે હોય પણ તેમાં પહેલા આવવાને પ્રયત્ન કરો; સારૂં કરવામાં કોઇને તમારાથી આગળ થવા દેશો નહિ.

" આખરે તે ગયો, તે ભલો બુઢ્ઢો માણસ ગયો. તેનાં બરફ જેવાં ધોળાં વાળનાં જુલફાં, તેનો શાંત ચહેરો, તેનો ઘરડો ઘોડો અને અથડાતી, પટકાતી ચાલતી તેની ગાડી હવે આપણે કદી જોઇશું નહિ. પિટર કૂપર મૃત્યુ પામ્યો છે." પાર્ટન કહે છે કે, " એક પાડોશીના આ શબ્દો ન્યુયૉર્ક શહેર અને સંસ્થાના સઘળા લોકોની લાગણી બતાવી આપે છે. હુસનથી ગ્રેટ લેક્સ સુધી અને સેંટ લૉરેન્સથી એલિઘેનિઝ સુધી વાવટાઓ અર્ધી કાઠીએ ઉતારી પાડવામાં આવ્યા હતા. ૧૮૮૩ ની સાલમાં એપ્રિલ માસના અમુક દિવસે ૯૨ વર્ષ પહેલાં જન્મ પામેલા એક સાદા નાગરિકને આટલું બધું સન્માન શા માટે આપવામાં આવ્યું હતું?"

પિટરના બચપણમાં તેનો બાપ ન્યુયૉર્કમાં ટોપીઓ બનાવવાનું કામ કરતો અને જૉન જેકબ એસ્ટરની પાસેથી લીધેલાં ચામડાંની રૂવાંવાળી સારી ટોપીઓ બનાવતાં તે શીખ્યો. ન્યુયૉર્કમાં કાંઇ ધંધો શીખવા દેવા માટે તેણે પોતાના બાપને સમજાવ્યો.

એક ગાડી બનાવનારને તેણે પૂછ્યું: " તમારે ત્યાં ઉમેદવારની કોઇ જગા છે?" તેને પૂછવામાં આવ્યું કે, " તમે આ કામ કાંઇ જાણો છો?" જવાબ મળ્યો: " ના સાહેબ." " કામ કરવાની તમને તાલીમ છે?" " હા સાહેબ." " જો હું તમને રાખું તો તમે તમારા વખતમાં સારૂં કામ કરશો?" પિટરે હા પાડી અને વર્ષના પચીસ ડૉલર અને ખોરાકી સાથે ચાર વર્ષ સુધી તેણે સખ્ત કામ કર્યું. પૈડાના મધ્ય ભાગમાં સાલમાં વેહ પાડવાનું તેણે એક યંત્ર બનાવ્યું, આ યંત્ર તેના શેઠને ઘણું લાભકારક થઇ પડ્યું.

શાળામાં દાખલ થવાના બાળકોના સાધારણ હક્કની તેને ના પાડવામાં આવ્યાથી, દિવસે પોતાના ધંધાનું કામ કરી શકે અને સાંજે પોતાનો અભ્યાસ આગળ વધારવામાં મદદગાર થઇ પડે, તેવી શાળા શોધી કાઢવા તેણે તજવીજ કરી. તે વખતે તેવી શાળા નહોતી; પણ તે યુવાન સ્વગત કહેવા લાગ્યો: " જો કદી હું મારા ધંધામાં આબાદ થઇશ અને મારી જરૂરિયાત કરતાં હું

વધારે મિલકત મેળવીશ, તો ઉમેદવાર છોકરાઓ, યુવાન યાંત્રિકો અને કારખાનામાં કામ કરનારાઓ સાંજે જ્ઞાન મેળવી શકે તેવી એક સંસ્થા ન્યુયૉર્કમાં સ્થાપવા હું પ્રયત્ન કરીશ.”

તેણે પોતાની ઉમેદવારી પૂરી કરી તેટલામાં ૧૮૧૨ ની લડાઇને લીધે ગાડીઓનો ધંધો ભાંગી પડ્યો; પણ તરતજ કપડાને માટે તથા તેની બનાવટને માટે મોટી માગણી થવા લાગી. કપડા ઉપરની રુવાંટી કાતરી નાખવાના એક યંત્રની પિટરે શોધ કરી, પણ માગણીને પહોંચી વળાય તેટલાં યંત્ર તે બનાવી શકતો નહિ. સારા બિડલ સાથે તેણે લગ્ન કર્યું. આ સ્ત્રીએ તેની આખી જિંદગીમાં એક કિંમતી રત્નનું કામ કર્યું.

સુલેહ થઇ, વિદેશી માલ જથાબંધ આવવા માંડ્યો અને પિટરના યંત્રોની માગણી બંધ પડી. પછી તેણે પેટીઓ બનાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં તેને ફતેહ મળી નહિ. તેણે કરિયાણાની એક વખાર ખરીદી લીધી અને એક વર્ષ પછી તે આબાદ થવાની સ્થિતિમાં હતો, તેવામાં એક જૂના મિત્રે કહ્યું: “હું મારા છોકરાને માટે સરેશનું કારખાનું બાંધું છું; પણ હું પણ ધારું છું કે, તેમાંથી નફો મળવાનું તેનાથી અગર મારાથી બની શકે તેવું નથી, પરંતુ તમે તે બ્સ્સૂસ કરી શકો એવા માણસ છો.” મિ. પિટર ફ્રૂપરે કહ્યું કે, “હું જઇને જોઇશ.”

તેની કિંમત ૨૦૦૦ ડૉલરની હતી. પિટર ફ્રૂપરની પાસે લગભગ તેટલીજ રકમ હતી. સરેશ કેવી રીતે બનાવવો તે વિષે તેને કશું જ્ઞાન નહોતું અને તે માત્ર એટલુંજ સમજતો કે રશિયામાંથી આયાત થતા માલ સાથે સરખાવતાં, અમેરિકન માલ તદ્દન કચરા જેવો હતો; પણ તેણે ૨૦ વર્ષ સુધી કારકુન, હિસાબ રાખનાર, વેચાણ કરનાર અગર આડતિયા વગર કામ કર્યું; અને દર બર્ષે આ ધંધામાં તેણે ૨૦૦૦ ડૉલર પેદા કરવા માંડ્યા. તેનાં માણસો જ્યારે સાત વાગે કામ ઉપર આવતાં, ત્યારે શેઠના હાથેજ અગ્નિ ચેતાવેલો તેઓ હમેશાં જોતાં. બપોર પહેલાં સરેશ ઉકળે તે ઉપર તે પોતાની જાતે પૂરેપૂરું લક્ષ આપતો અને બપોરે તે સરેશ વેચવાને શહેરમાં નીકળી પડતો. સાંજે તે ચોપડીઓ ટપાલમાં બીડતો અને બાળકો આગળ વાંચતો.

૧૮૨૮ માં એક લાખ અને પાંચ હજાર ડૉલર આપી તેણે

ત્રણ હજાર એકર જમીન બાલ્ટીમોરમાં લીધી. બાલ્ટીમોર અને ઓહિયો રેલવે બંધાવવાનું કામ તે વખતે ચાલતું હતું, પરંતુ ટેકરાઓનાં સ્થળથી અલગ રહેવા માટે લાઇનને વાંકમાં રાખવાની જરૂરથી ખર્ચ ઘણુંજ વધી ગયું. આવા વાંકા રસ્તા ઉપર એન્જિન નહિ ચાલી શકે એમ ધારવામાં આવ્યું અને તેથી શેરહોલ્ડરો આ યોજના પડતી મૂકવાની વાત કરવા લાગ્યા. યોજના પડતી નહિ મૂકવા માટે ફ્રૂપરે આગ્રહ કર્યો અને આવા રસ્તા ઉપર ચાલી શકે તેવું એન્જિન બનાવ્યું અને આ રીતે કંપનીને નાદારીમાંથી બચાવી.

જ્યારે તે ૬૦ વર્ષનો થયો, ત્યારે પોતાનાં જુદાં જુદાં સાહસમાં રોકાયલી થાપણ ઉપરાંત તેની પાસે ૭ લાખ ડૉલર થયા હતા. તેટલા વખતમાં દરેક વૉર્ડમાં સાંજની શાળાઓ (રાત્રી શાળાઓ) ઉઘાડવામાં આવી હતી અને શું કરવું તે બાબતની શંકાઓમાં તે હતો, તેવામાં તેણે પેરિસની અનેક વિદ્યાકુન્નરનું શિક્ષણ આપનાર શાળાની વાત સાંભળી અને તેણે તે ઉપરથી પોતાની યોજના ઘડી કાઢી. કરિયાણાના પોતાના જૂના સ્ટોરની જગા ઉપર સાત લાખને ખર્ચે તેણે શહેરને બક્ષિસ તરીકે "ફ્રૂપર યુનિયન" બાંધી આપ્યું. ફ્રૂપર તે પછી આ સંસ્થાને સબાવત કરતો ગયો છે અને તેની આ સબાવતનો આકડો ૨૦ લાખ ડૉલર થાય છે. જ્યારે આ સંસ્થા ખુલ્લી મૂકવામાં આવી, ત્યારે ૨૦૦૦ યુવાન સ્ત્રીપુરુષોએ તેમાં દાખલ થવા અરજ કરી. ત્યારથી કેટલાંય હજારો મનુષ્યો ઉપયોગી જીવન ગાળવાને માટે આ સંસ્થામાં જઈને લાયક થયાં છે. આવા માણસ માટે રાજ્ય પણ ઉપર જણાવેલી રીતે પોતાનો શોક પ્રદર્શિત કરે, એ વાસ્તવિક છે.

આદર્શનું મહત્ત્વ, તેને સંપાદન કરવા માટેની કાળજી અને મહેનતનું એક ઉદાહરણ માત્ર પિટર ફ્રૂપરનું જીવનચરિત્ર છે. કોઇ પણ મહત્ત્વાકાંક્ષા બહુ ઊંચી નથી; તેની ભવ્યતાજ તેની શક્યતાની આગાહી આપે છે.

કોવેનેન્ટરનું× તત્ત્વ હજુ સ્કૉટલૅન્ડમાં છે કે કેમ, તે જોવાને સેંટ એન્ડ્રુના દેવળ આગળ ભેગા થયેલા લોકોમાંથી એક

× સ્કૉટલૅન્ડમાં થયેલા ધર્માત્મા.

હજાર અવાજ ફરી ફરીને પૂછતા હતા કે, તેઓ ક્યારે આવશે ? સ્કૉટલૅન્ડના પાદરીઓ ઉપર સરકારે હકુમત સ્થાપી હતી, પણ પાદરીઓ ખરા અંતઃકરણથી હકુમતને અધીન થાય એમ નહોતું.

૧૮૪૩ ના મે માસની ૧૮ મી તારીખે જે લોકોને એક સાચા સિદ્ધાંતમાં રહેલી શક્તિ ઉપર શ્રદ્ધા નહોતી, તેઓ ખાતરી-પૂર્વક જવાબ આપતા કે, "તેઓ આવશે નહિ."

અંદર બાદશાહી કમિશ્નરની સન્મુખ સભાને બંદોબસ્તમાં રાખવામાં આવી હતી. પ્રાર્થના પછી મૌન ફેલાયું હતું. સભા-ધ્યક્ષ વેલ્સે, સંગેમરમરના કળશમાંથી પ્રકાશતા દીવાની માફક તેના ઘણા નાજુક શરીરમાંથી પ્રકાશતા આત્માએ, આ હકુમત સ્થાપવાના પ્રયત્નની સામે વાંધો ઉઠાવ્યો. તેણે પોતાનો વાંધો ટેબલ ઉપર રજૂ કર્યો, કમિશ્નરને નમન કર્યું અને બારણા તરફ ચાલ્યો. જેઓ તેને અનુસરે તેને પોતાની જગાઓ અને આવકો ખોવાનાં હતાં. તેઓને ગરીબ અને ઘર વગરના થવાનું હતું. ભારે શરીરવાળો, સિંહની પેઠે ચાલનાર, વૃદ્ધ ચામર્સ તેની પાછળ ચાલ્યો અને તે પછી સ્કૉટલૅન્ડના ઊંચા ઊંચા બધા-સના સઘળા પાદરીઓ, ચારસો ધર્મગુરુઓ અને તેટલાજ વડાઓ એક પછી એક દેવળ છોડી ગયા. ૪૦૦૦ બીજા લોકો તેમનીજ સાથે નીચે પ્રમાણે બોલવામાં જોડાયા:—

> "ઈશ્વર અમારો આશ્રય, અમારૂં બળ છે;
> દુર્દશામાં, તે તાત્કાલિક સહાય કરે છે;
> અને તેથી પૃથ્વી ભલે ખસે, તોપણ
> અમે ભય પામીશું નહિ."

બીચર કહે છે કે, "આપણી તૃષ્ણાઓ સ્વર્ગમાં સુખ મેળવ-વાની છે. જેમ ઘરથી દૂર થયેલાં છોકરાં ઊંઘમાં રડે છે અને ઊંઘમાં ડસકાં ખાય છે તથા પોતાનાં માતપિતા માટે ડસકાં ખાય છે એમ પોતે જાણતાં નથી, તેમ આપણા નિઃશ્વાસ પણ ઈશ્વર માટે છે. આત્માના અનિર્વાચ્ય વિલાપ પ્રભુને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા ધરાવનાર અને પોતાને શી વેદના છે, એવું જેને કોઇ પૂછનાર હોતું નથી તેવી પ્રીતિમાંથી પ્રકટ થાય છે."

એક દંતકથા છે કે, "એક રાજારાણીને સુંદર પુત્ર હતો.

બાર અપ્સરાઓ તેને માટે બાર સુખ લેતી આવી, જેવાં કે ડહા-પણ, સુંદરતા, બળ ઇત્યાદિ. એમાંની છેલ્લી અપ્સરા અસંતોષ લઈને આવી હતી. છેલ્લી અપ્સરાથી રાજા અત્યંત ગુસ્સે થયો અને તેને હાંકી કાઢી. ભવિષ્યમાં સારો નીકળશે, એવી આશાઓ સાથે રાજકુમાર મોટો થતો ગયો; પણ પોતાની બુદ્ધિશક્તિ ખીલવવાની તેની વૃત્તિ જણાઇ નહિ. તેના કામમાં કાંઇ પણ ઉત્સાહ, કાંઇ પણ આતુરતા, કાંઇ પણ મહત્ત્વાકાંક્ષા જોવામાં આવ્યાં નહિ.”

એવી દંતકથા ચાલે છે કે, જ્યારે શેબાની રાણી તરફથી સોલોમનને પરવાળાના એક કળશની ભેટ મળી ત્યારે જે અમૃત કેમ બનાવવું તે પોતેજ એકલો જાણતો હતો અને જેના એક-જ બિંદુથી જીવન અનંતકાળ સુધી લંબાય તે વડે તે કળશ તેણે ભર્યો. મરણપથારીએ સૂતેલા એક ગુનેગારે આ કિંમતી પ્રવાહી-ના એક બિંદુની યાચના કરી, પણ સોલોમને એક દુષ્ટ જીવનને લંબાવવાની ના પાડી.

જ્યારે સારા માણસો માગતા, ત્યારે કાં તો તેમને ના પાડ-વામાં આવતી અગર જે વખતે તે આપવાનું કહેવામાં આવતું તે વખતે તેમને તે મળતું નહિ. રાજા કાં તો ભૂલી જતો અગર એક પણ ટીપું કાઢવાનું, કળશ ખોલવાનું તેને પસંદ નહોતું. આખરે જ્યારે રાજા માંદો પડ્યો અને પોતાના નોકરોને કળશ લાવવાનું કહ્યું, ત્યારે તેને માલૂમ પડ્યું કે, તેમાંનું અમૃત ઊડી ગયું હતું. આપણી આશાઓ, આપણી શ્રદ્ધા, આપણી આકાંક્ષાઓનું અને આપણી ઉમેદોનું પણ આમજ બને છે.

જેને આપણે પહોંચી શકીએ એમ નથી, તેને માટે તીવ્ર ઉમેદ રાખીએ, એ પહેલાં આપણે ઘોડિયામાં હીંચતા હોઇએ એવી સ્થિતિમાં હોઇએ છીએ. આપણી ઉમેદોથી થાકી જઇને જ્યારે ઇચ્છા ફરી નિદ્રાવશ થાય છે, ત્યારે આપણે મૃત્યુની નજીક છીએ એમ સમજવું.

મહાન પ્રતિભાશાળી માઇકલ એન્જેલોને કોલોશિયમના ખંડિયેરમાં એકલો ફરતો કાર્ડિનલ કોર્નિસે જોયો. આવી રીતે તે રોકાયલો હતો, તેથી આશ્ચર્ય પામતાં શરમાળ કારીગરે ઉત્તર દીધોઃ “મારૂં શીખવાનું ચાલુ રહે તે માટે હું શાળાએ

જાઉં છું”

પિટર ફ્રૅાર્સ, ઇતિહાસકાર જી. ડબલ્યુ. ગ્રીનને કહેતો કે, “ હોટનું એક પીપ અને એક વિરલ પુસ્તક એ બેની વચ્ચે કોને પસંદ કરવું, એ વિષે હું અનેક વાર વિચારમાં પડી જતો; પણ હમેશાં પુસ્તકનો વિચાર બળ પકડતો. મને બાસ જોઇએ તે કરતાં મારી કોથળીમાં થોડાજ વધારે પૈસા મને મળતા તો ઐતિહાસિક નિબંધોનું એક પુસ્તક હું પ્રકટ કરતો.” તે જો કે પૈસાદાર માણસ નહોતો, તોપણ ૨૨,૫૨૯ બાંધેલા પુસ્તકો અને ૪૦,૦૦૦, ચોપાનિયાંનો તેણે સંગ્રહ કર્યો હતો. આમાંનાં ઘણાં ઐતિહાસિક મહત્ત્વવાળાં હતાં અને તે એટલે સુધી કે કોંગ્રેસના લાયબ્રેરિયન મિ. એ. પી. સ્પૉફોર્ડે ૧,૦૦,૦૦૦ ડૉલર માટે તે ખરીદી લેવાનું કોંગ્રેસને સમજાવ્યું. મિ. ફ્રૅાર્સે વળી અમેરિકન દફ્તર લખ્યાં. આ દફ્તર કદાચ આપણાં પ્રાથમિક ઇતિહાસનો પ્રચલિત મોટામાં મોટો બજાનો ગણી શકાય.

બુલ્વર કહે છે કે, “ જ્ઞાન મેળવવાની ઇચ્છા એ ખરેખર કીર્તિમાન જ્વર છે. એસ્મોડિયસ આપણને છાપરાં ખુલ્લાં કરી દેખાડે તો કાતરિયાંમાં, નૈતિક જગતનાં જે કેટલાંક દિવ્ય દૃશ્ય આપણી નજરે પડે, તેનાથી વધારે દિવ્ય દેખાવ આપણા જોવા-માં ભાગ્યેજ આવે. એક બહાદુર, ધીરજવાળા અને સાચા દિલથી કામ કરનાર માણસને દરિદ્રતાની દીવાલો ચીરીને, જે ગૌરવ-યુક્ત, અનંત, સર્વશક્તિમાન પ્રભુ સુંદર તારા જેવા આત્માઓથી પ્રકાશી રહ્યો છે, તેના તરફ પોતાનો પરિશ્રમયુક્ત માર્ગ કરતો જોવો, એના કરતાં વધારે દિવ્ય દેખાવ અન્ય કયો હોઇ શકે?”

મેલિબ્રાન્સ કહેતો કે, “ સત્યને મેં મારા હાથમાં પકડ્યું હોય તો મારે મારો હાથ ખોલીને તેને છોડી દેવું જોઇએ; જેથી હું ફરી તેની પાછળ પડી તેને પકડી શકું.”

હિરેક્લીટ્સે કહ્યું છે કે, “ વિગતોની આપણી વૃત્તિ અને વિચાર કરવાની આપણી વિનાશકારક ટેવો આપણને જકડી નાખે છે. નિર્મળ આદર્શના આવેશની આપણને આવશ્યકતા છે.”

ઘણીજ હોશિયારીથી થતું એક વાઢકાપનું કામ હુન્નમ એમ્બ્રોઇસ પારેએ જોયું, ત્યારે તે પોતે દુઃખી જગતને સંકટમુક્ત કરી શકે તે માટે તેને વાઢકાપ કરનાર તબીબનું કામ શીખવાની

ઉત્કંઠા થઇ. પોતાનું આખું દિલ અર્પણ કરી કરેલા અભ્યાસ અને સંભાળ ભરેલા મહાવરાથી આ કાળમાં તે ઉથલપાથલ કરી શક્યો. તેને માલૂમ પડ્યું કે, હાલ લોહી વહેતું અટકાવવાને લાલચોળ કરેલા સળિયાથી, બંદૂકની ગોળીથી થયેલા ઘા ડામવાનો અને પછી ઊકળતું તેલ તેને લગાડવાનો રિવાજ છે. લાલચોળ તપાવેલા ચપ્પુથી અંગ છેદન કરવામાં આવતું અને શારીરિક વેદનાની લાગણી બંધ કરવાની વિદ્યા અજાણી હતી. ઊકળતું તેલ, લાલચોળ તપાવેલ ચપ્પુ અને લોઢાનો પારેએ પરિત્યાગ કર્યો; તેને બદલે સુંવાળા, નરમ પાડે તેવા પદાર્થો તેણે વાપર્યા અને ઘાની ઉપરથી પાટા બાંધી લોહી વહેતું અટકાવ્યું. આ માણસ લૅટિન જાણતો નહોતો, તેથી વિદ્વાન ડૉક્ટરો તેનો ઉપહાસ કરવા લાગ્યા; પણ ફ્રેન્ચ સિપાઇઓ કહેવા લાગ્યા કે, "પારેને અમારી જોડે મોકલો, એટલે ગમે તે દુશ્મનની સામે અમે જઇશું અને ગમે તે થાક સહન કરીશું."

એક અણઘડ, અણગમો ઉત્પન્ન કરે તેવા, યુક્તિ વગરના આળસુ માણસમાં પણ પ્રેમની શક્તિ કોણે જોઇ નથી? તે નમ્ર, વાણીમાં નિર્મળ, ઉત્સાહી અને આગ્રહી બને છે; પ્રેમ તેના હૃદયની અંદરની કવિતા બહાર આણે છે. આ એક વિચાર, એક લાગણી છતાં તે કેવું જાદૂ કરે છે! આપણે જોઈ શકીએ તેવી કોઇ પણ બાબતનો તે માણસને સ્પર્શ થયો નથી, તોપણ તે તદ્દન બદલાઇ જાય છે. આ રીતે એક ઉચ્ચ આકાંક્ષાથી માણસ તદ્દન બદલાઇ જાય છે, એશઆરામ અને સુસ્તીને તે ધિક્કારતો થાય છે, પરિશ્રમ અને આપત્તિને તે વધાવી લેતો થાય છે અને પોતાના દિલના મોટામાં મોટા આવેશને સંતુષ્ટ કરવા માટે રાજ્યોને પણ તે હચમચાવી નાખે છે. માત્ર મહત્ત્વાકાંક્ષાથી ઘણા માણસો પ્રસિદ્ધિએ અને ઉપયોગિતાની સ્થિતિએ પહોંચ્યા છે. આ આકાંક્ષા આગળ વધતી તે તેની ઇચ્છાઓને આકાશની પેલી પાર લઇ જાય છે. જો ઉદ્દેશ બરાબર હોય તો, વિગતમાં, જિંદગીમાં બહુ ભૂલો હોઇ શકે નહિ. તમારા હાથ જે કામ કરે છે તેને તમારા હૃદયનું પ્રોત્સાહન મળવું જોઇએ; નહિ તો કામ દમ વગરનું થશે. હૃદય કરતાં હાથ વધારે આગળ વધી શકશે નહિ.

રાફેલનું સેન્ટ સેસિલિયા–ચિત્ર જ્યારે કોરિંગીઓએ જોયું ત્યારે તે બોલ્યોઃ "હું પણ એક ચિત્રકાર છું." કૅલિસ્ટ્રેટ્સના

વક્તૃત્વથી ડેમોસ્થનિસમાં એટલો બધો આવેશ પ્રકટ થયો કે, વક્તા થવા માટે દેખીતી રીતે તેના પોતાનામાં કાંઇ પણ લાયકાત નહિ છતાં તેણે વક્તા થવાનો નિશ્ચય કર્યો. તેનો અવાજ નબળો, અસ્પષ્ટ અને તીણો હતો અને તેના શરીરનો બાંધો નબળો હતો.

૧૮૭૪ માં ઓહિયોમાં જ્યારે મદ્યનિષેધની લડત ચાલી, ત્યારે કોઇ પણ કૉલેજમાં પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવેલી પ્રથમ સન્નારી ફ્રાન્સિસ ઇ. વિલાર્ડના આત્માના ઊંડાણમાં તેની ઘણી અસર થઇ. તેણે પોતાનો ભારે પગાર મૂકી દીધો અને એકદિલથી મદ્યનિષેધના પક્ષની હિમાયત કરવા લાગી. તે અને તેની માતા થોડા વખતમાં તદ્દન તંગ હાલતમાં આવી પડ્યાં. એક દિવસે તેને વાર્ષિક ૨,૫૦,૦૦૦ ડૉલરની ન્યુયૉર્ક સિટીના નૉર્મલ ઇન્સ્ટિટ્યુશનના પ્રેસિડન્ટની જગા લેવાને માગણી થઇ. વળી ગરીબી અને આફતની સ્થિતિમાં મૂકનાર–ચિકાગો ડબલ્યુ. સી. ટી. યુ. ના પ્રેસિડન્ટ થવાને પણ તેની માગણી કરવામાં આવી. તેણે બીજી જગા પસંદ કરી. દસ વર્ષ સુધી તેણે ગાડીઓમાં કામ કર્યું. સરેરાશ રોજનું એક ભાષણ તે કરતી. એક વર્ષમાં ૨૦,૦૦૦ કાગળોનો જવાબ આપતી અને એક મહિનામાં લગભગ ૨૦૦૦ માઇલની મુસાફરી કરતી. આ દસ વર્ષમાં તેણે વળી અનેક પુસ્તકો, સેંકડો ચોપાનિયાં, નિબંધો અને વર્તમાનપત્રોને પત્ર લખ્યા. સાચા દિલની મહત્ત્વાકાંક્ષાથી તે પ્રેરાતી. અક્કલ ભરેલી રીત, પૂરેપૂરી એકાગ્રતા, શાંતિ અને આનંદી સ્વભાવ, એ તેની કામ કરવાની પદ્ધતિ હતી.

સૌંદર્ય શી ચીજ છે, એ અંગ્રેજ કારીગરોને શીખવવાના પ્રયત્નમાં જૉન રસ્કિને લગભગ પોતાની સઘળી મિલકત ખર્ચી નાખી હતી.

મિસ વિલાર્ડ અગર રસ્કિનના જેવી મહાન આકાંક્ષાએ, તેવી આકાંક્ષા રાખનાર તેમ તેની આજુબાજુનાં સર્વને સુખ આપ્યું છે. ૧૩ મા લૂઇ રાજાના કરુણા રહિત લોભથી તેના લગભગ ૭૨ વર્ષના અમલમાં ફ્રાન્સે પોતાનાં ૧૦ લાખ માણસો ગુમાવ્યાં; જ્યારે તેનાથી ત્રીજા ભાગના વખતમાં, સત્તા મેળવવાના નેપોલિયનના તૃપ્ત નહિ થઇ શકે તેવા લોભથી યુરોપે ૫૦ લાખ માણસો ગુમાવ્યાં.

પોતાના હમેશના વિચારોની ઊંચાઇથી વધારે ઊંચે માણસ કદી પહોંચતો નથી. માત્ર કોઇ કોઇજ વખત આકાશમાં ઉલ્લાસની પાંખો પર ઊડવું તે બસ નથી. આપણે તો હમેશાં ત્યાં રહેવું જોઇએ. જે ઊંચાઇએ, બીજાઓ પ્રસંગોપાત્ત અને મુશ્કેલી સાથે જઇ શકે છે, તે ઊંચાઇએ જે સહેલાઇથી રહી શકે છે, તે ખરેખરો મહાન પુરુષ છે. ક્ષુદ્ર ડહાપણની કહેવતો હમેશાં તમારા કાનમાં નાખી તમારી ઉચ્ચ આકાંક્ષાઓ, તમારી ઉત્કંઠાઓને નરમ પડવા દેશો નહિ. જે ગુપ્ત નિસરણીનું શિખર આંખે કદી જોયું નથી, તે ઉપર ક્રમે ક્રમે આશા આપણને લઈ જાય છે. આશા જે ચીજ આપણને બતાવે છે તે આપણને મળતી નથી, છતાં જિંદગીને વિશાળ દૃષ્ટિએ જોતાં આપણે શીખીએ છીએ અને તેથી પ્રયત્નનો બદલો વળી રહે છે.

આપણને આશા જ્યાં ખેંચે ત્યાં આપણે જઇએ નહિ, તો આપણે ધીરે ધીરે નિરાશા સાથે સરકી પડીએ છીએ. તમારી સ્થિતિને ઊંચામાં ઊંચે શિખરે પહોંચાડવાને હમેશાં યત્ન કરો. જીવનનું ઊંચું ધોરણ તદ્દન જરૂરનું છે.

બર્ક કહે છે કે, "તમે મને સંતુષ્ટ ગુલામ બતાવો અને હું તમને અવનત માણસ બતાવીશ."

એક રોમન આખ્યાનમાં એવી વાત છે કે, ઇ. સ. પૂર્વે ૩૫૦ માં ભવિષ્યવેત્તાઓએ જણાવ્યું હતું કે, "અમારા મંદિરમાં ધરતીકંપથી પડેલી બખોલમાં, રોમની મહત્તા જેના વડે જળવાઈ રહી હોય તે નાખવામાં આવે તો તે પુરાઇ જાય." ગભરાયલી મેદનીમાંથી પૂરેપૂરા બખ્તરથી સજ્જ થએલો માર્કસ ટર્કિયસ ઘોડા ઉપર આગળ આવ્યો. તેણે કહ્યું કે, "**એક બહાદુર સિપાઇ દેશની કીર્તિનો એક મહાનમાં મહાન અને જોના વગર નભી ન શકે તેવો સ્તંભ છે.**"

"રોમ, પ્રિયતમ રોમ, મારી જન્મભૂમિ!
"તને મૃત્યુથી–વિનાશથી બચાવવાને, તેં જે જીવન મને
"અર્પણ કર્યું છે, તે હું તારે માટે અર્પણ કરું છું."

પછી પોતાના બહાદુર ઘોડાને એડી લગાવીને તેણે છેલ્લી અને ટૂંકી સલામ કરી તથા—

ઊંડી બખોલમાં તે કૂદી પડ્યો અને પડતાંની સાથેજ બખોલ

પુરાઇ ગઇ.

એક મહાન પુરુષે કહ્યું છે કે, "જ્યારે હું બાલ્યાવસ્થામાં હતો ત્યારે નેપોલિયનનું જીવન મેં વાંચ્યું હોત, તો મારૂં જીવન ઘણુંજ બદલાઇ જાત. મારામાં જે કાંઇ વધારેમાં વધારે થઇ શકવાની શક્તિ હતી, તેનો પૂરેપૂરો ઉપયોગ કરવાની મને આકાંક્ષા થઇ હોત."

માણસની દૃષ્ટિજ નીચી હોય તો તે ઉચ્ચ વસ્તુઓની ઉત્કંઠા ધરાવી શકે નહિ. જે ઊંચાઇએ આપણે પહોંચી શકીએ નહિ તેવી ઊંચાઇએ જવાની ઉત્કંઠા અને તૃષ્ણાઓ તેણે આપણામાં મૂકીજ નથી. ઊંચે ને ઊંચે જવામાં જીવન વ્યતીત કરો. જે કાંઇ આપણે મેળવીએ છીએ, તે આપણને જીવનશૈલના ઉચ્ચમાં ઉચ્ચ શિખરે, જે વાતાવરણમાં મહાન આત્માઓ નિવાસ કરે છે ત્યાં જવાને આપણને નિમંત્રણ કરે છે. આશા પણ, આશા પૂરી પાડવી શક્ય છે એ બતાવનાર ચીજ છે. જીવન ગંભીરતા સાથે, સચ્ચાઇથી, આગ્રહ સાથે વ્યતીત થવું જોઇએ. જીવન કાંઈ આળસુની રમત અગર વિનોદ આપનાર અને પછી ભૂલી જવા જેવું ફારસ નથી. જીવન સત્ય છે—જે સત્ય માટે આપણી પૂરેપૂરી જવાબદારી છે, તેવું સત્ય છે અને આકાશ તારાથી ભરપૂર છે તે કરતાં પણ વિશેષ કર્તવ્યોથી ભરપૂર છે. આપણે જેને મહત્ત્વાકાંક્ષા કહીએ છીએ, તે ગમે તેવી વિશેષ અંશમાં હોય, તોપણ તેને વધારે કહી શકાય નહિ; કારણકે જો તમે તમારૂં પ્રાપ્તવ્ય મેળવી શકશો નહિ તોપણ તમે જે પ્રયત્ન કરશો, તેથી તમને સુખજ મળશે. બધાંને એક એવો વખત આવશે કે જ્યારે કીર્તિ મેળવવાની સુંદર ભ્રમણા અને બહારના સઘળા લાભ, અંદરની શાંતિ વગરના તથા દરિદ્રતાની, લાચારીની મશ્કરી જેવા માલૂમ પડશે. ડાહ્યામાં ડાહ્યા માણસોએ પણ પોતાના હૃદયમાંથી સ્વાર્થમય આકાંક્ષાઓ ઉખેડી નાખવાની ભારે સંભાળ રાખી છે. શેક્સપિયર તેમાં ને દુર્ગુણમાં એટલો ઓછો ભેદ જોતો કે તેને સદ્‌ગુણમાં ગણવા માટે તેના દોષ ઓછા ગણાય એવા સંયોગોની જરૂર તે બતાવતો.

એશિયાના માણસો હજારો વર્ષથી તેમના બાપદાદાના વખતથી ચાલતા આવેલા હળના લાકડાથી જમીન ખેડે છે અને વાંકાચૂંકા ચાસથી સંતોષ માને છે તેવો સંતોષ પણ યોગ્ય નથી;

તેવીજ રીતે તમારી શક્તિની બહાર હોય એવી ઇચ્છાથી ભરમાતા નહિ, તેમ જે ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે તમારી શક્તિ બિલકુલ પૂરતી ન હોય તેવી ઇચ્છાઓમાંથી દુઃખ પામતા નહિ. ઉપયોગી અગર સત્તાવાળા જીવનથી નામના કાઢવાની તમે ખાતરીપૂર્વક આશા રાખી શકો; પરંતુ તે પણ સ્વસુધારણાના વિશાળ પાયા ઉપર તમે તમારા જીવનની યોજના કરો તોજ. વળી એક નિયમ તરીકે, વિજ્ઞાનના ઉસ્તાદોની માફક મહત્ત્વાકાંક્ષાના ઉસ્તાદો પણ સંકુચિત અને પક્ષપાતી થાય એવા સંભવ ઊભા થાય છે. ડાર્વિન જ્યારે યુવાન હતો, ત્યારે તેને સંગીત અને કવિતાનો ઘણો શોખ હતો; પણ વિજ્ઞાનમાં પોતાનું જીવન નિર્ગમન કર્યા પછી શેકસપિયરથી તેને કંટાળો આવતો, એમ તેને માલૂમ પડયું. તે કહેતો કે, "તેને પોતાની જિંદગી ફરી ગાળવા માટે મળે તો તે દરરોજ કવિતા વાંચે અને દરરોજ કવિતા સાંભળે; જેથી આવી બાબતોની કદર કરવાની પોતાની શક્તિ તે ગુમાવી દે નહિ."

જુલિયા વોર્ડ હોએ કહે છે કે, "દરેક જિંદગીમાં કેટલીક બરેખરી ખાલી જગાઓ હોય છે, કે જે આદર્શથી ભરાવી જોઇએ; અગર તેમ ન થાય તો તે હમેશાં નિષ્ફળ અને લાભ વગરની રહેવી જોઇએ."

બીચર કહે છે કે, "માણસ આકાંક્ષા રાખે છતાં પ્રગતિનો સમય આવે ત્યાંસુધી તે પૂર્ણ રીતે સંતુષ્ટ રહી શકે. ઊડવું અને આરામ લેવો, એ એકજ સંતોષવૃત્તિનો વિભાગ છે."

આદર્શ એ મગજ ઉપર હમેશાં છપાતી મૂર્તિ છે અને આ મૂર્તિઓ તારાઓની માફક ભિન્ન ભિન્ન હોય છે તથા તેમનીજ માફક વિશાળતામાં, વિસ્તારમાં એકબીજાથી જુદી પડે છે.

આકાંક્ષાના પ્રકારથી જીવનની બરી કતેહ અગર નિષ્ફળતા નક્કી થાય છે.

સારામાં સારો બિલિયર્ડ રમનાર, સારામાં સારો ઘોડો તૈયાર કરનાર, સારામાં સારો ગાડી હાંકનાર, વોર્ડ રૂમમાં* બેસી રાજપ્રકરણની વાતો કરવામાં કુશળમાં કુશળ માણસ, ઉત્તમમાં ઉત્તમ જુગારી અગર વધારેમાં વધારે લુચ્ચો થવાની માણસ

* રાજપ્રકરણી નાગરિકોને બેસવાની જગા–ઓરડો

ઉત્કંઠા રાખે, તો તે પોતાના ધંધામાં પ્રસિદ્ધિ પણ મેળવે; પણ બીજા માણસો સાથે સરખાવતાં તેની વધારેમાં વધારે નામના પણ, જે માણસ એક પ્રમાણિક ધંધો પસંદ કરે છે અને નિષ્ફળ જાય છે, તેનાથી પણ હલકી રહેશે. વિચારોના કોઇ જાદૂથી અગર ગમે તેવાં સુંદર અને ભવ્ય દેખાવ આપતાં કૂમતાંના શણગારથી નીચો માણસ ઊંચો, અપ્રમાણિક પ્રમાણિક અને બદમાશ પવિત્ર બની શકશે નહિ.

કેટલાક લોકો પોતાના પાડોશીઓ કરતાં વધારે સારો પોશાક પહેરવાની, તેમના કરતાં વધારે સારાં મકાનમાં રહેવાની અને તેઓના કરતાં વધારે સારા ઘોડાની જોડવાળી ગાડીમાં સહેલ મારવાની ઉત્કંઠા ધરાવે છે. રશિયાની મહારાણી એન, જેણે પોતાના રાજ્યના સઘળા પ્રતિભાશાળી લોકોને બરફના મહેલ બાંધવા એકઠા કર્યા, તેના જેવી છુછલ્લી પ્રકૃતિની સ્ત્રીઓ કેટલી બધી હોય છે! ડિઝરાયલી કહે છે કે, "પણ જે કોઇ યુવાન ઊંચું નહિ જુએ તે નીચું જ જોશે; અને જે આત્માનું ઉદ્‌ભયન ઊંચે નહિ હોય તેનું અધઃપતન થશે, એ નક્કી છે."

થિયોડોર પાર્કર કહે છે કે, "પોતે કેવા માણસ થવું જોઇએ તેની ભાવના દરેક માણસને કેટલીક વખત થાય છે! જે સઘળા માણસો સુધારવાને પ્રયત્ન કરે છે તેમનામાં, તેમના બૂરા ચારિત્ર્ય કરતાં આ ભાવના વધારે સારી હોય છે. કોઇ પણ માણસ પોતાની જાતથી એટલો બધો સંતુષ્ટ હોતો નથી કે જેથી તે કદી પણ વધારે જ્ઞાની, વધારે સારો અને વધારે પવિત્ર થવા માગે નહિ."

આપણે કેવા છીએ, આપણે કેવા દેખાઈએ છીએ અને આપણે કેવા થવાની આશા રાખીએ છીએ, તે સઘળાં વચ્ચે કેટલું ભૂલ બતાવનારૂં અંતર રહેલું હોય છે!

ડ્યુએએ કહ્યું છે કે, "માણસો મહાન અને દિવ્ય વિચારોથી તથા લાગણીઓથી ભરપૂર છે; અને તેમને ચીતરવાં, શિલ્પવિદ્યા-થી તેમની મૂર્તિઓ બડી કરવી, તેમને લગતાં કોતરકામ કરવાં, સંગીતમાં તેમનાં ગુણગાન કરવાં, વક્તૃતામાં તેમને ઉતારવાં; પુસ્તકો, નિબંધો, કાવ્યો, નાટકો, નવલકથાઓ, તત્ત્વવિદ્યા અને ઇતિહાસમાં તેમને ઉતારવાં—આ માનવસ્વભાવનો દુર્નિવાર્ય આવેશ છે."

હોરેસ માન કહે છે કે, "ઉત્કૃષ્ટતાની કલ્પના એ મનનો સંદેશો લાવનાર દૂત છે અને જ્યાં તે આરોગ્ય અને સ્વાભાવિક દશામાં હોય, ત્યાં હું આગાહી કરું છું કે, કલ્પનામાં ધારેલી વસ્તુઓ મળી આવશેજ."

એમર્સન કહે છે કે, "જે કોઈ પણ ખરા, હોશિયાર માણસ સાથે તમે સાચા દિલથી વાત કરશો, તો તમને માલૂમ પડશે કે, તેની કૃતિનાં ગમે તેટલાં વખાણ થતાં હશે, તોપણ તે પોતાના આદર્શથી હલકી છે એમ તે માને છે. આ સારો, આ ઉચ્ચગામી આદર્શ પ્રભુના સર્વકાળસ્થાયી વચન વગર બીજું શું છે?"

માર્ગારેટ ફૂલર ઑસોલી કહે છે કે, "મનુષ્ય પોતાના આદર્શ ધોરણને પહોંચી શકતો નથી. અમર આત્માનો એ સ્વભાવ છે કે આ ધોરણ જેમ બળવાન થતું જાય, ઊંચે ને ઊંચે જતું જાય તેમ તેને વધારે ને વધારે ઊંચે લઇ જવું." ફિલિપ બ્રૂક્સ કહે છે કે, "જ્યારે માણસને માલૂમ પડે છે કે, જિંદગી અધી છે, ત્યારે ખરો માણસ અધી જિંદગી ગાળી શકતો નથી; પણ બીજી અધી જિંદગીના જીવનના ઉત્કૃષ્ટ અર્ધો ભાગનો વિચાર તેને આવ્યાજ કરે છે."

જ્યૉર્જ એલિયટ કહે છે કે, "જ્યાંસુધી આપણામાં પૂરતું ચૈતન્ય હોય, ત્યાંસુધી આપણે તૃષ્ણાઓનો, ઇચ્છાઓનો કદી પરિત્યાગ કરી શકીએ નહિ એમ મને જણાય છે. કેટલીક એવી વસ્તુઓ છે કે જે આપણને સુંદર અને સરસ લાગે છે અને આપણે તેને માટે તૃષ્ણા રાખવી જોઇએ."

એમર્સન કહે છે કે, "સાધારણ દેવતાનો ભડકો ગ્યાસતેલના અજવાળાના માર્ગમાં પડછાયો પાડે છે અને વીજળીક પ્રકાશ આગળ ગ્યાસતેલનું અજવાળું પડછાયો નાખે છે. ગામડાનો છોકરો નગરમાં જાય અને સ્ટોર, લાયબ્રેરી તથા હાઇસ્કૂલ જુએ નહિ, ત્યાંસુધી પોતાના ગામડાંના વાતાવરણથી તે સંતુષ્ટ રહે છે. વળી તે તેનાથી મોટા શહેરમાં જાય નહિ ત્યાંસુધી આ નગરથી તે સંતુષ્ટ રહે છે. શહેરનો દીવો ગામડાના દીવાને ઝાંખો કરી દે છે; અને બોસ્ટન તેમજ ન્યુયૉર્ક જેવાં મોટાં શહેરની રોશની નાના શહેરની દીવાબત્તીને ઝાંખી પાડે છે."

આપણી ઉમેદો આપણા પ્રારબ્ધની આગાહી કરે છે. યુવા-

વસ્થાની આશાઓ જિંદગીમાં કદી સંપૂર્ણ થતી નથી. વર્તમાન જે સઘળાની કબૂલત આપે છે, તે ભવિષ્ય આપી શકતું નથી. આપણે કામ છોડી ન દઇએ તે સારૂં પ્રભુ આપણા મુસારાનો કેટલોક ભાગ અટકાવી રાખે છે. આપણી ઉમેદોમાં અમરત્વની આગાહી લખાયલી છે.

બુલ્વર લખે છે કે, "ભવિષ્યમાં કીર્તિ ખાતરીપૂર્વક મળશે એ વિચારથી મિલ્ટને આનંદ સાથે પોતાનો અંધાપો ગાળ્યો અગર ગેલિલિયોને કેદખાનામાં પણ આનંદ મળ્યો; તો જેણે મનુષ્યોને પોતાના બંધુ તરીકે ગણ્યા છે, જેણે તેમના કલ્યાણ માટે પરિશ્રમ ઉઠાવ્યો છે, જેણે પોતાને માટે કીર્તિની દરકાર કરી નથી, એટલુંજ નહિ પણ તેનો પરિત્યાગ કર્યો છે; જેણે પોતાના ભાવી કલ્યાણ માટે લોકોનાં અપવાદ અને નિંદા સહન કર્યાં છે અને પરોપકાર કરવાના ઉત્સાહમાં કીર્તિને પણ લાત મારી છે; તેને વધારે મજબૂત અને વધારે પવિત્ર અનુમોદન કેમ નહિ મળે? તેના દુઃખમાં શાંત્વન આપવા અને તેની આશાઓને ટેકો આપવા, કીર્તિ કરતાં વધારે બળવાન કોઇ ચીજ તેને કેમ નહિ મળી આવે?

દિલની જે ઉમેદ બીજાનું કલ્યાણ પહેલું સમજે છે, તે ઊંચામાં ઊંચી હોઇ શકે. રસ્કિનના વિજયનું અને અમેરિકા તથા ઇંગ્લેંડમાં દરેક સન્નારીના હૃદય ઉપર ફ્રાન્સિસ વિલાર્ડની જે મહાન અસર છે તેનું રહસ્ય આવું છે; છતાં દરેકના મુખમાં પોતાનું નામ હોવું એ માણસની લાયક ઉમેદ હોઇ શકે નહિ. એમ તો જેઓના આદર્શ ઉચ્ચ અને ઉમદા હોય છે તેના કરતાં, ઝડપથી દોડનાર કેટલાક ઘોડા અને ઇનામ માટે સ્પર્ધામાં ઊતરનારા માણસો વધારે પ્રસિદ્ધ હોય છે તથા પ્રજા વચ્ચે રમાતી હોડીની શરતોમાં ઊતરેલા આગેવાન પ્રતિસ્પર્ધીઓનાં નામ પણ દરેક જણ જાણે છે; પણ જે સ્ત્રી અગર પુરુષે એક ગૃહને આફતમાંથી બચાવવાને અગર તો એક પુત્રને ગરીબ લોકો માટેના ઉદ્યોગગૃહમાં જતો અટકાવવાને અગર જમીનભાડાના અગર કેદખાનાના નિયમો સુધારવાને પોતાની આશાનો અને કોઇ કોઇ વખતે પોતાના જીવનનો પણ પરિત્યાગ કર્યો છે, તેના સદ્ગુણ થોડાંજ અગર એકાદ બે માણસ જાણે છે.

ખરી રીતે ઉપરનાં ઉદાહરણ, જેમનું સન્માન કરતાં જગત-

ને આનંદ થાય છે તે, તેમના જીવનમાંથીજ મળી આવે છે; પરંતુ કીર્તિ વિરલ વસ્તુ હોવા છતાં તેનું મહત્ત્વ ગૌણ છે. પ્રભુ કે જે દેહની નીચે હૃદયની અંદર જુએ છે, જે સઘળી ઉમેદોને સમજે છે અને આત્મા જે ઉત્સાહનો વ્યય કરે છે, તેને પ્રમાણિકપણે ત્રાજવાથી માપે છે; તેના વિચાર મુજબ કીર્તિ ન મળે તો નિષ્ફળતા મળી, એવો ખ્યાલ ખોટો છે.

"કીર્તિ એ શબ્દના અવાજમાં જ્ઞાનતંતુને બળવાન કરવાનું અને હૃદયને ગરમી આપવાનું જાદૂ છે, તો પછી કોણ એમ સહેલાઇથી કહી શકશે કે કીર્તિ ખાલી નામમાત્ર છે? મહાન અને શક્તિમાન મૃત્યુ પામેલાઓનો વિચાર કરતાં યુવાનો સુસ્તીના બિછાના પરથી બેઠા થઇ જઇ ઊંચા અને લાંબા કરેલા હાથ સાથે તેમનીજ માફક ઉચ્ચજીવન ગાળવાની પ્રતિજ્ઞા કરે છે."

—જોના બેલી

"ગાનારના હૃદયે વિશેષ મધુર ન ગાયું હોય અને ગીત ગવાયું હોય તો તે મને આશ્ચર્યજનક લાગે.

"વિચારો પ્રાસ કરતાં ઉત્તમ ન હોય એવા સ્તોત્રથી સ્તુતિ થાય તો તે મને આશ્ચર્યજનક લાગે.

"જ્યાંથી જડ પથ્થરમાં શિલ્પીના ઉત્સાહપૂર્ણ વિચારનો પ્રતિધ્વનિ થાય, તેટલે સુધી ત્વષ્ટા કામ કરે એ મને આશ્ચર્યજનક લાગે.

"અગર તો એક ચિત્રકાર પ્રકાશ અને છાયા આણી પોતાના હૃદયના અંદરના ભાગનાં સ્વપ્ન ચિત્રપટ ઉપર મૂકે એ મને આશ્ચર્યજનક લાગે છે."



૨૫—અનામત લશ્કર—અનામત બળ

"ભવિષ્યને માટે વર્તમાનમાં, કાલને માટે આજ પોતાનું બળ અનામત રાખવું અને પોતાની સઘળી શક્તિઓનું એકજ બાબત માં સાહસ ન કરવું, એ ડાહ્યા માણસનું કામ છે." **—સર્વેન્ટિસ**

"દરેક બાબતમાં એક મનુષ્યને માટે બે પણછ તૈયાર રાખવી." **—ચર્ચિલ**

"ટૂંકામાં મૌન શીખો. તમારામાં ગમે તેટલું ડહાપણ, અક્કલ અથવા પ્રાણસનશક્તિ હશે, તોપણ બહુ વાચાળપણાથી તમે લોકોની નજરમાં ઊતરી જશો." **—બર્ન્સ**

"મારી જિંદગીની એવી એક પણ ભૂલ અગર મૂર્ખતા નથી જે મારી સામે થઇ મારો આનંદ લઈ લેતી નથી; અગર મારી દૃષ્ટિ સમજશક્તિ ઓછી કરતી નથી. મારી જિંદગીનો ભૂતકાળનો દરેક યત્ન, તેમાં રહેલી સત્યની તેમજ સારી બાબતોની દરેક પ્રભા, દરેક ઝળકારો, આ કલા અને તેની કલ્પનાના મારા જ્ઞાનમાં મને સહાય થવા લાલ પણ મારી પાસે છે." **—રસ્કિન**

"પ્રભુ હમેશાં છેલ્લા અનામત બળની તરફેણમાં રહે છે." **—નેપોલિયન**

"દૃઢતાવાળા માણસની સાથે ને સાથે એક એવી શક્તિ રહે છે કે, જે વડે તે કોઈ અપમાનથી ગુસ્સે થવાની આવશ્યકતાથી મુક્ત રહે છે." **—ઈ. પી. વ્હીપલ**

"જ્યારે પ્રીતિનો-સામે નહિ જઇ શકાય એવો ભરતીનો પ્રવાહ જીવનના પરિશ્રમો ઉપર ઉજ્જવલતા સાથે ફરી વળે છે, ત્યારે જીવનના પરિશ્રમો કેવા લાગે છે ? પહાડના ઝરામાંના વિખરાયલા કાંકરાની માફક, તેના પ્રવાહમાંથી ગુપ્ત સંગીત પ્રકટ કરવામાં અને તેનો પ્રકાશ દૃષ્ટિગોચર કરવામાં, તેઓ મદદગાર થાય છે."
—આના કેથેરાઈન ગ્રીન

જ્યારે કોઇ મહાન વક્તાનું ભાષણ આપણે સાંભળીએ છીએ, અગર કોઇ મહાન શિષ્ટ અગર સંગીન ચારિત્ર્યવાળા માણસને આપણે જોઇએ છીએ, ત્યારે આપણને એવીજ લાગણી થાય છે કે, તેઓ જે કાંઇ કરી બતાવે છે તેના કરતાં વધારે તેઓ કરી બતાવી શકે એમ છે. તેઓ જે કાંઇ કરે છે અગર કહે છે તે વડે, તેઓ તે કરતાં પણ ઘણું વધારે કરી શકે અગર કહી શકે એમ છે, એવી ખાતરી આપણને તેઓ કરી આપે છે.

ચાળીસ વર્ષ સુધી મિરાબોએ પોતાનું વિશાળ જ્ઞાન, કલા અને મહાન અનામત બળ બતાવ્યું નહોતું અને તે પછી તે પોતાના સમયનો મહાનમાં મહાન વક્તા અને રાજદ્વારી નર થયો હતો. તેની જાહેર કારકિર્દી માત્ર ૨૩ માસજ ચાલી હતી; પણ ૨૩ વર્ષમાં ઘણા મહાન પુરુષો કરી શકે તે કરતાં પણ તેણે વધારે કામ કરી બતાવ્યું. ડ્યુમા કહે છે કે, "હું તેની સાથે ન રહ્યો હોત, તો માત્ર એકજ દિવસમાં એક માણસ કેટલું કામ કરી શકે અને ૧૨ કલાકમાં કેટલું કામ કરી શકાય તેનો ખ્યાલ મને કદી આવી શકત નહિ." આ માણસનો એક દિવસ બીજા માણસના અઠવાડિયા અગર મહિના બરાબર હતો. તેના સેક્રેટરીએ કહ્યું કે, "અમુક બાબત અશક્ય છે" એટલે તે એકદમ તેની ખુરસીમાંથી કૂદી ઊભો થયો અને બોલ્યોઃ "અશક્ય! મૂર્ખાઓનો આ શબ્દ ફરી મારી આગળ બોલતા નહિ."

જ્યારે કટોકટીનો સમય આવે ત્યારે, લડાઇનો ફેંસલો આવે તેવો ફટકો જેના વડે લશ્કરનો સરદાર લગાવી શકે છે, તે લશ્કરની રિઝર્વ ટુકડી હોય છે. એન્જિનનું ભારે બૅલેન્સ વ્હીલ (સમતોલ રાખનાર પૈડું) શક્તિની સમાન રીતે વહેંચણી કરે છે અને નુકસાન કરી બેસે એવા આંચકાને અટકાવનાર એકધારી ગતિ નિયમિત કરે છે; વળી એકઠા થયેલા વેગની ગતિ નિયમિત કરે છે અને એકઠા થયેલા વેગની મદદ વગર પિસ્ટન× પાણીને અટકાવનાર સામા બળનો પ્રતિષેધ કરે છે. તમારી આખી જિંદગીમાં તમે જે જ્ઞાન, જે અનુભવ, જે ચારિત્ર્ય, જે માનસિક અને નૈતિક દ્રવ્ય એકઠું કર્યું હશે, તે ઉપરથી હાલના તમારા ખરા બળ અને

× યંત્રોમાં, પાણી ખેંચવા તથા હડસેલી બહાર કાઢવાનું નક્કર ભૂંગળું.

અસરનું પ્રમાણ નીકળશે. જ્યારે તમારી કોઈ વખતે સખ્ત કસોટી નીકળશે ત્યારે તેનું પ્રમાણ તમને જણાઈ આવશે અને તે વખતે તમને સંતોષ અગર ખેદ થશે. તમે જે પ્રમાણે ભરી રાખ્યું હશે, તેના પ્રમાણમાં–તેનાથી એક પૈસાભાર પણ વધારે નહિ–તમારી વિદ્યા અગર મહેનતના હવાડામાંથી તમે કાંઈ પણ ખેંચી શકશો. કોઇ પણ બારીક સંયોગમાં તમે તમારા અનામત બળથી ઊભા રહી શકશો અગર પડશો.

૧૮૨૩ ના ચોમાસાની એક શરદીવાળી રાત્રીએ બોસ્ટનના પહેલા બેપ્ટિસ્ટ દેવળમાં એક યુવાન પાદરીએ "ધર્મકાર્યના નૈતિક ગૌરવ" વિષે ઉપદેશ આપ્યો. આ ઉપદેશથી સભાનાં પચાસ માણસમાંના કોઇના હૃદયમાં કાંઇ પણ રસ ઉત્પન્ન થયેલો જણાયો નહિ અને નિરાશ થયેલા ઉપદેશકે ધાર્યું કે, આ કામમાં તેને પૂરેપૂરી નિષ્ફળતા મળી; પણ શ્રોતાજનોમાંના એક પ્રકાશકને એ ઉપદેશ ખરા દિલથી અપાયો હતો એમ લાગ્યું, તેથી તેણે તે ઉપદેશ છપાવ્યો, તેથી ઘણા લોકોનું ધ્યાન ખેંચાયું અને ઇંગ્લેંડમાં તેની ઘણી નકલો ખપી. રૉબર્ટ હોલે તે ઘણા ઉત્સાહથી વાંચ્યો અને ઉપદેશક જે તે વખતે અપ્રસિદ્ધ યુવાન હતો, તે આગળ જતાં નામના મેળવશે એવું ભવિષ્ય ભાખ્યું. ત્રણ વર્ષ પછી તો બ્રાઉન યુનિવર્સિટીના ચૂંટી કઢાયલા પ્રેસિડન્ટ વેલેન્ડ તરીકે તે જાણીતો થયો.

દોરડા ઉપર ચાલનાર એક જાણીતા માણસે કહ્યું કે, "એક દિવસ, એક નક્કી કરેલે દિવસે દોરડા ઉપર એક ઠેલણગાડી ચલાવવાના કરાર ઉપર મેં સહી કરી. એક અગર બે દિવસ અગાઉ, મારા સાંધા જકડાઇ ગયા અને મેં મારા ડૉક્ટરને બોલાવી કહ્યું કે, 'અમુક દિવસે મારે સાજા થવું જોઇએ; એટલા માટે નહિ કે હું જે કમાવાની આશા રાખતો હતો તે બોઇ બેસીશ; પણ મારે એક મોટી રકમ હારવી પડશે.'

"મને કાંઇ સારૂં થયું નહિ અને ડૉક્ટરે મને ઊઠવાની ના પાડી. મેં તેને કહ્યું કે, 'તમારી સલાહની મને શી જરૂર છે? તમે મને સાજો ન કરી શકો તો તમારી સલાહથી શો ફાયદો?'

"જ્યારે હું તે જગાએ ગયો, ત્યારે ત્યાં પણ ડૉક્ટરે વાંધો બતાવ્યો. જો કે મારી પીઠ અકડાઈ ગઇ હતી, છતાં મારો વાંસ

અને ગાડી મેં તૈયાર કર્યાં. ગાડીના હાથા મેં પકડ્યા અને હમેશ મુજબ મેં તે દોરડા ઉપર ચલાવી. દોરડાને છેડે જઇ ફરી મેં તે પાછી ચલાવી. આ કરી રહ્યા પછી ફરી હું અકડાઇ ગયેા. હું આ પ્રમાણે ગાડી શી રીતે ચલાવી શકયેા ? મારી અનામત સંકલ્પ-શક્તિ વડે.”

“ લંડન ટાઇમ્સ ” ના પેરિસના ખબરપત્રીએ થીર્સને કહ્યું: “પ્રેસિડન્ટ સાહેબ! તમને વિચાર કરવાનેા વખત નહિ છતાં તમે લાખાં, તૈયારી વગરનાં ભાષણેા કરેા છેા તે બરેાબર અદ્‌ભુત ખિના છે.” ફ્રેંચ પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખે જવાબ દીધેા: “ આ રીતે તમે મને અભિનંદન આપી શકેા નહિ. સાર્વજનિક બાબતેામાં તૈયારી વગર કેાઇ પણ રાજદ્વારીએ ભાષણ કરવું, એ મેાટેા ગુનેા છે. ભાષણેાને તમે તાત્કાલિક, તૈયારી વગરના કહેા છેા? પચાસ વર્ષથી હું દરરેાજ સવારે પાંચ વાગે ઊઠું છું અને તેની તૈયારી કર્યા કરું છું.”

મજબૂત હાથવાળા બાણ ઉપર કામ કરતા એક માણસે પથ્થરની એક મેાટી છાટ ઉપર હથેાડાથી ૪૦ ઘા માર્યા, પણ નિષ્ફળ ગયા. તે પછી રેાબર્ટ વેાટર્સે તેને કહ્યું કે, “ તમે તે છાટ દસ ઘાથી નહિ ભાગી શકેા તેા સેા ઘાથી પણ તમે તે ભાગી નહિ શકેા એમ હું ધારૂં છું.” પેલા કામદારે કહ્યું: “ હું ભાગી શકીશ; દરેક ઘાની અસર થાય છે ” અને તરતજ પથ્થરના કકડા થયા. જે હેાશિયારીથી એક માણસ પેાતાની રંગપાટી ઉપરથી થેાડાક રંગ લે—થેાડેાક ભૂરેા, થેાડેાક ભૂખરેા અને ધેાળેા અને તરતજ તેમાંથી જીવતું અને જાગતું સ્વરૂપ ઊભું કરે, જે જોઇને આપણાં હૃદય ધડકવા લાગે અને જંગલેા અગર ભવ્ય એકાંતમાં આપણા આત્મા પર જે અસર થાય છે તેવીજ અસર થાય, તેા તે હેાશિયારીથી આપણને આશ્ચર્ય થાય છે, પણ આ દેખીતી સફાઇ અને હેાશિયારીની તપાસ કરીશું તેા માલૂમ પડશે કે, જે ચાલુ પ્રયત્ન અને અંતથી આ ઇર્ષ્યાપાત્ર શક્તિ મળી છે તે પાછળ વર્ષેાનાં વર્ષેા ગાળવામાં આવ્યાં છે.

ડેા. ડયુએએ કહ્યું હતું કે, “ જવાળામુખીના અગ્નિની માફક સ્વચ્છંદ, સ્વાભાવિક અને અંદરના પેાતાના બળ સાથે આખરે અગ્નિ પ્રજ્વલિત થાય તેા તેથી તેા નીચેનાં તત્ત્વની આત્યંતિક ક્રિયામાત્ર જણાઇ આવે છે. વાદળમાંથી વીજળીની

માફક તે નીકળી આવે તેથી પણ શું ? ચુપકીદીભર્યા, શાંત અને નિર્મળ ઘણા દિવસથી આકાશમાં વિદ્યુતબળ એકઠું થતું હતું. તમારા પોતાની અંદર અગ્નિ ચેતતો રહેતો ન હોય, તો એકાદ પ્રસંગ આવે ત્યારે તમે તે ક્રિયામાં, કર્મમાં પ્રકાશિત કરી શકો પણ નહિ.

એકાંત ભવ્યતામાં ઊંચે જતો, તોફાન અગર શાંતિની બિલકુલ દરકાર નહિ કરતો અને મહાસાગરના માત્ર ઊંડા પ્રવાહોથીજ અસર પામતો બરફનો એક વિશાળ ડુંગર આપણે જોઇએ છીએ ત્યારે આપણને વિસ્મય અને ભયની લાગણી થાય છે.

કેવા દબદબા સાથે તે ડુંગર આગળ ચાલ્યે જાય છે, કેવી નરમાશથી તે તેના માર્ગના પરપોટાને બસેડી નાખે છે ! છતાં મજબૂતમાં મજબૂત વહાણને એક ઈંડાનાં છોડાંની માફક તે કેવી દુનિર્વાર્ય રીતે ભાગી નાખે છે. એક મહાન પુરુષની દૃઢ વજનદાર કારકિર્દી આ ઉદાહરણથી આપણને યાદ આવે છે; પણ રાજદરબારી ચાલથી આ ડુંગર તરી શકે છે–તેના માર્ગમાં રહી શકે છે તેનું કારણ એ છે કે, તે ડુંગરનો ૭ ભાગ મોજાની નીચે છે અને આજુબાજુના તોફાનની તેને અસર થઇ શકતી નથી–આ વાત યાદ રાખવા જેવી છે. આજ રીતે મહાન પુરુષોના ચારિત્ર્યનું વજન અથવા બળ પ્રાસંગિક પ્રેક્ષકથી ગુપ્ત રહે છે.

જે માણસ કાચના ઘંઘામાં બાળપણથી ન હોય, તેને કાચ ફોડનારો માણસ મુશ્કેલ ક્રિયાઓ શીખવવાનો પ્રયત્ન કરશે નહિ. ઘણા વર્ષના મહાવરાથી જે અનામત બળ આવે છે, તે તેનામાં હોવું જોઇએ.

ન્યુયોર્કનો રોબર્ટ કોલ્યર કહે છે કે, "મિલેનું એક નાનું ચિત્ર હું સંઘરી રાખું છું. ભરતીના નિશાનની અંદરના એક થાંભલા સાથે બાંધી રાખેલી એક સ્ત્રીનું તે ચિત્ર છે. સમુદ્રનાં મોજાં તેની આજુબાજુ વીંટળાય છે. એક વહાણ ઝપાટા સાથે પાસે થઇને જાય છે; પણ તે તેના ઉપર અગર તેની દશા ઉપર ધ્યાન આપતી નથી. શિકારી પંખીઓ તેની આજુબાજુ ઊડ્યા કરે છે, પણ તે પોતે પક્ષીઓ અગર વહાણ અગર સમુદ્ર કશા તરફ ધ્યાન આપતી નથી. તેની નજર સીધી છે, તેના પગ સ્થિર ઊભા છે. તમે જોશો તો માલૂમ પડશે કે, તે આકાશ તરફ સીધી

નજર કરી રહી છે અને પોતાના આત્માને કહે છે કે, 'ભવિષ્યમાં જે પ્રકાશ, જે ભવ્યતા જણાશે તેના મુકાબલામાં હાલનાં સંકટો કાંઇ હિસાબમાં નથી.' હું તેને સંધરી રાખું છું તેનું કારણ એ છે કે, જ્યારે હું તે ચિત્ર તરફ જોઉં છું, ત્યારે ભરતી તેમની આજુબાજુ વીંટળાઇ રહે છે; પણ મોજાં જેમ વધે છે, તેમ તેઓ પણ વધે છે અને છેલ્લા અને સૌથી ઊંચા મોજા ઉપર ઊંચકાઇને શાંત સ્વર્ગમાં પહોંચી જાય છે તથા 'શાબાશ છે' એવા શબ્દો સાંભળે છે. આવી સંખ્યાબંધ સ્ત્રીઓનો આદર્શ વર્ગ મને જણાઈ આવે છે."

મોબાઇલના અખાતમાં જે ટોર્પીડોએ ટેકુમસેને થોડા વખત પહેલાંજ ડુબાડયું હતું, તેની ધાસ્તી છતાં નૌકાસૈન્યને આગળ વધવા ફ્રેરાગટે કરેલા તાકીદના હુકમ વિષે ઇશારો કરતાં બ્રિટિશ નૌકાસૈન્યવાળા રેરએડમિરલ હેમિલ્ટને કહ્યું હતું કે, "મને એમ જણાય છે કે, નહિ ધારેલા સંયોગોમાં પણ આપત્તિ ભરેલો પરાજય ફ્રેરાગટની ચપલ દૃષ્ટિ અને તાકીદે નિર્ણય કરવાની શક્તિથી વિજયના રૂપમાં બદલાઇ ગયો."

આ શક્તિઓ વડે, તે નૌકાસૈન્ય જે કફોડી સ્થિતિમાં હતું તેમાંથી બચવાનો માર્ગ એકદમ જોઇ શકયો. આ બચાવ નૌકાસૈન્યોની વ્યવસ્થા કરવાનું સંપૂર્ણ વ્યાવહારિક જ્ઞાન હોય તોજ થઇ શકે એવો હતો. માત્ર સિદ્ધાંતોનું જ્ઞાન, કેટલીક બાબતમાં સ્પૃહણીય હોવા છતાં તે ગમે તેટલું હોય, તોપણ મુશ્કેલીના સમયમાં તે વ્યાવહારિક જ્ઞાનની ખોટ પૂરી પાડી શકે નહિ. આખી જિંદગી ચુસ્તપણે કર્તવ્ય બજાવવાથી જે જ્ઞાન, જે કુશળતા અને જે ચારિત્ર્ય મળે છે તે સર્વનું અનામત બળ તેની પાસે હતું અને પ્રસંગ આવતાં તેણે તેનો ઘણો ઉપયોગ કર્યો.

ફ્રાન્સના તેજોમય દરબારમાં સાદા રિપબ્લિકન (પ્રજાસત્તાની હિમાયત કરનાર) અને કેળવાયલા બેન્જામિન ફ્રેંકલીનના કરતાં વધારે તેજસ્વી, વધારે પ્રશંસા મેળવનાર બીજો કોણ હતો? મગરૂર ઇંગ્લેંડનાં રાજદ્વારી મંડળોમાં ક્રોમ્વેલ, એલ્ડન, બર્ક, કેનિંગ અને બ્રોહામ કરતાં વધારે સત્તા બીજું કોણ મેળવી શક્યું હતું? ધીરી અને પરિશ્રમયુક્ત બીલવણીથી વધારેલા માહુન માનસિક અનામત બળ સિવાય બીજા કયા સાધનથી તેમણે આ મોટી સત્તા મેળવી હતી?

મહાન વક્તા વેબ્સ્ટરે કહેલી એક વાર્તાની જેને ઊંડી અસર થઇ હતી એવા એક માણસે તેને પૂછ્યું: "તમે તે વાત ક્યાંથી મેળવી?" જવાબ મળ્યો કે, "ચૌદ વર્ષથી મેં મારા મગજમાં તે ભરી રાખી હતી અને આજ સુધી તેનો ઉપયોગ કરવાનો પ્રસંગ મને મળ્યો નહોતો."

ફ્રેન્કો–પ્રશિયન લડાઇ જ્યારે જાહેર થઇ, ત્યારે એમ કહેવાય છે કે, વૉન મોલ્ટકને મધ્ય રાત્રીએ જગાડવામાં આવ્યો હતો અને તે સંબંધમાં તેને ખબર આપવામાં આવી હતી. જે અમલદારે તેને જગાડ્યો હતો, તેણે તેને શાંતિ સાથે કહ્યું: "મારી તિજોરીના અમુક ફલાણા નંબરના ખાનામાંનો કાગળ લેજો અને શહેનશાહતનાં જુદાં જુદાં લશ્કરને તેમાં જણાવ્યા મુજબ તાર કરજો." તેણે પછી પાસું ફેરવ્યું, સૂઇ ગયો અને સવારે હમેશને વખતે ઊઠ્યો. આજે બર્લિનમાં દરેક જણ ઉશ્કેરાયેલું હતું. વૉન મોલ્ટક હમેશના રિવાજ મુજબ ફરવા ગયો હતો. એક મિત્ર તેને મળ્યો. તેણે તેને કહ્યું: "સરદાર! તમે આ બાબતને કાંઇ ગંભીર રૂપ આપતા જણાતા નથી. હાલના સંયોગોની તમને ધાસ્તી નથી? હું ધારું છું કે, તમે આ વખતમાં તો ઘણુંજ કામમાં હશો."

વૉન મોલ્ટકે જવાબ દીધો કે, "આ વખતનું સઘળું કામ મેં કેટલાક વખતથી કરી રાખ્યું છે અને હાલ જે થઈ શકે તે કરી નાખવામાં આવ્યું છે." ૫૦ વર્ષથી મોલ્ટક આગ્રહપૂર્વક, વિશાળ, અનામત બળનો સંગ્રહ કરતો હતો અને તક માટે તે રાહ જોતો હતો. તે વૃદ્ધ થયો ત્યારે આ તક તેને મળી.

જ્યારે નેપોલિયન તેનો નકશો ખુલ્લો કરે છે, ત્યારે તેની આંખ નૈસર્ગિક શક્તિથી ફરતી જણાય છે. જ્યારે ચેધામ વિવાદ શરૂ કરનાર હોય છે, તે વખતે માણસો સાંભળેજ; કારણકે તેઓએ સાંભળવુંજ જોઇએ. ઘણાં વર્ષની સંભાળપૂર્વક તૈયારીથી મેળવેલી અને એકઠી થયેલી શક્તિવાળો માણસ કામ કરી બતાવે છે અને તે વખતનાં ક્ષુદ્ર જંતુઓ, જેઓને તેના માર્ગમાંથી બસી જવું પડે છે, તેઓ તેની અતિશય સત્તાથી આશ્ચર્ય પામે છે.

વેલિ ફોર્જની વેદનાઓ વૉશિંગ્ટન ભમતો હતો, છતાં તેને ફનડગત કરવામાં આવી હતી, તેની બદબોઇ કરવામાં આવી

હતી. ડૉ. બેન્જામિન રશે પેટ્રિક હેન્રીને લખ્યું હતું કે, "વેલિ ફૉર્જના સિપાઇઓમાં વિચાર કરવાની શક્તિ નહોતી." તેણે લખ્યું હતું કે, "એક ગેટ, એક લી અગર એક કૉન્વે થોડાં અઠવાડિયાંમાં તેઓમાંથી એક અજિત ટુકડી ઊભી કરી શકે. આ કાગળની થોડીક બાબત પ્રસિદ્ધ કરવી જોઇએ; જેથી દેશ જાગૃત થાય, તેને બખરો મળે અને દેશને કાંઇક દહેશત ઊભી થાય." પણ આ સઘળાં નિંદા અને અપવાદ વૉશિંગ્ટને ગૌરવ ભરેલા મૌન સાથે સહન કર્યાં. તેના પ્રૌઢ, સામાની ઉપર છાપ પાડનાર ચારિત્ર્યમાં કેટલી મહાન અનામત શક્તિ હતી!

નેપોલિયન કહેતો હતો કે, "વિનાશ સન્મુખ આવીને ઊભો રહે તે સિવાય સૅસેના પોતાનું પોતાપણું પ્રકટ કરતો નહિ અને પછી મૃત્યુ પામેલાઓનો દેખાવ અને મરતા માણસોના નિઃશ્વાસ વડે લગભગ અસાધારણ શક્તિ તેનામાં આવતી તથા રણક્ષેત્ર ઉપર રિઝર્વ (અનામત) લશ્કર એવા સંકલ્પબળ સાથે મૂકતો કે દુશ્મનોના હૃદયમાં થરથરાટ થતો."

જે વખતે લ્યૂથર અને તેના અનુયાયીઓ રોમન સંપ્રદાયની સામે થવાનાં યુરોપમાં પગલાં ભરી રહ્યા હતા, તે વખતમાંજ એક સ્પેનિશ સિપાઇ ઇગ્નેશિયસ લોયોલાએ કેથોલિક મતનો પ્રચાર કરવા માટે જેસ્યુઇટ સંપ્રદાયની સ્થાપના કરી હતી.

આ સંપ્રદાયના અનુયાયીઓને મન હઠી ન જાય એવી કોઇ પણ મુશ્કેલી ન હતી, ન પહોંચી શકાય એવો કોઇ પણ દેશ નહોતો, સામે ન થઇ શકાય એવું કોઇ પણ ભયંકર જોખમ નહોતું. હિંદુસ્તાન, ચીન અને જાપાનમાં તેમના ઉત્સાહપૂર્ણ ઉપદેશથી સંખ્યાબંધ માણસો પોતાનો ધર્મ ત્યજી તેમના પંથમાં દાખલ થયા. પેરેગુઆઇના ૨,૦૦,૦૦૦ અસલ વતનીઓ તેમના સંપ્રદાયમાં દાખલ થયા. ઉત્તર અમેરિકામાં સેંટ લૉરેન્સના અખાતથી પનામાની સામુદ્રધુની સુધી તેઓએ પ્રવાસ કર્યો. લ્યૂથર અને લોયોલાને કામ કરવા માટે દુનિયા ઘણી મોટી હતી અને પોતપોતાને માર્ગે તેમના ચારિત્ર્યના અનામત બળથી તેઓ ભારે કામ કરી શક્યા.

મહાનમાં મહાન ઉસ્તાદોનું સંગીત, કદી પણ નહિ ગવાયું હોય એવી રીતે ન્યુયૉર્કમાં કૅસલ ગાર્ડનમાં ૨૦,૦૦૦ શ્રોતાજન

આગળ ગાયા પછી સ્વિડીશ બુલબુલ (ગાનાર સન્નારી) ને પોતાની માતૃભૂમિની ટેકરીઓ યાદ આવી. ઊંડામાં ઊંડી લાગણીવાળા ધીરા અવાજથી તે નીચેના શબ્દો બોલીઃ—

"વિલાસો અને મહેલોમાં આપણે ફરીએ તે છતાં....."

પણ તેનો સ્વર હજારો શ્રોતાઓના આત્મા તરફ ફેંકાતો હતો; તેવામાં ઘણા મોટા ધન્યવાદના અવાજથી તેને એકદમ ચૂપ થઇ જવું પડયું. આખા સંમેલનમાં વરસાદની માફક આંસુનો પ્રવાહ ચાલ્યો હતો.

બેન લિ પીનકોટ નામના એક માનીતા કલાકૅ વિષે જિરાર્ડ જ્યારે બોલતો, ત્યારે તે વારંવાર કહેતો હતો કે, "હું તેનું ભલું કરીશ." આથી બેન જ્યારે ૨૧ વર્ષનો થયો, ત્યારે મહાન નાણાવટી જિરાર્ડ તેને કાંઇક કહેશે એવી તેણે આશા રાખી હતી; પણ જિરાર્ડે બીજી વાત કરી પણ એ વાત કરી નહિ. તેથી કલાકૅ હિંમત ધરી કહ્યું: "હું ધારૂં છું કે, હું સ્વતંત્ર છું અને હવે મારે કયો માર્ગ લેવો તે બાબત મારે તમને વાત કરવાનો મારો વિચાર છે. હું કયું કામ વધારે સારી રીતે કરી શકીશ, એ વિષે તમે શું ધારો છો?" તે લક્ષાધિપતિએ જવાબ દીધો કે, "હું ધારૂં છું કે, તમે સ્વતંત્ર છો અને મારી સલાહ એવી છે કે, પીપ બનાવનારને ત્યાં જઇ તમારે તે કામ કરવું." બેનની બીલતી આશાઓ ભંગ કરવા જેવી આ સૂચના હતી; પણ તેણે કહ્યું કે, "તમારો અંતઃકરણનો આગ્રહ હોય,તો હું તે કામ પણ કરીશ." જિરાર્ડે એજ જવાબ આપ્યો કે, "મારો એવોજ આગ્રહ છે." સ્પ્રીંગ ગાર્ડનમાં સારામાં સારા કારીગરને શોધી કાઢી બેને આ કામની ઉમેદવારી નિમકહલાલીથી કરી અને તે ધંધો શરૂ કરવાને પોતે તૈયાર છે એવો રિપોર્ટ કર્યો. જિરાર્ડે કહ્યું: "સારી વાત છે. તમારાથી બની શકે એવાં સારામાં સારાં ત્રણ પીપ બનાવો." જ્યારે પીપ આપવામાં આવ્યાં, ત્યારે તે પ્રથમ પંક્તિનાં હતાં એમ જિરાર્ડે કહ્યું અને તેની કિંમત પૂછી. બેને કહ્યું: "હું એક ડૉલરથી નિર્વાહ કરી શકું, તેના જેટલીજ તેની કિંમત છે." "ઘણુંજ સસ્તું બિલ કરજો." જિરાર્ડે તે બિલના પૈસા આપ્યા અને ૨૦૦૦ ડૉલરનો એક બીજો ચેક આપી કહ્યું: "આ લો અને સારામાં સારી રીતે તે રકમ રોકો. કમનસીબે તમે તે રકમ ગુમાવશો, તોપણ તમારી પાસે એક ધંધો એવો છે કે તમે

તમારો નિર્વાહ સારી રીતે ચલાવી શકશો.”

તમારાં માતપિતા અગર શિક્ષક તમને અમુક વસ્તુ શીખવાને કહે છે તેનો શો ઉપયોગ હશે તે વિષે તમને આશ્ચર્ય થાય છે. કોઇ વખતે તમને તેજ વસ્તુની જરૂર પડે તેને માટે બરી જગા મેળવવામાં દસ વીસ વર્ષ ચાલ્યાં જાય, પણ મોડા કે વહેલા તમને જે જગાની જરૂર હશે તેજ જગા મળી આવશે. તમને જો તે નહિ મળે તો શિકારીને રીંછ મળે અને તેની પાસે બંદૂક કે ગોળી ન હોય અગર પવનની સામેના સમુદ્રકિનારે કોઇ કૅપ્ટનને એમ સાંભરે કે તે પોતાનું દોરડું અને લંગર ઘેર ભૂલી આવ્યો, તેના જેવી તમારી સ્થિતિ થશે.

એક માણસ, જેણે પોતાની મિલકત ગુમાવી હતી તેણે કહ્યું છે કે, “૨૫ વર્ષ ઉપર મારા શિક્ષકે મને સર્વનો અભ્યાસ કરાવ્યો અને તે હું શીખ્યો તેથી હવે મને આનંદ થાય છે. તે જરૂરનું છે, તેથી મને સારી જગ્યા અને ભારે પગાર મળી શકે એમ છે.”

ડેવિડ ડડલી ફિલ્ડ કહેતો કે, “જે પોતાના પ્રતિસ્પર્ધી કરતાં વહેલો ઊઠે છે અને પોતાની આરોગ્યશક્તિ જમી શકે તેની મર્યાદામાં રહીને વધારે વખત કામ કરે છે, તેજ ઇનામ જીતી જશે. એક દિવસનો એક કલાક મેળવી અનામત સમયનો સંગ્રહ થાય તો માણસની ૭૦ વર્ષની મર્યાદામાં લગભગ તે ત્રણ વર્ષ જેટલો થાય.”

જેમ્સ ગાર્ફિલ્ડે કહ્યું છે કે “વિલિયમ્સ કૉલેજમાં જ્યારે હું નવોસવો હતો, ત્યારે મેં રાત્રીએ તપાસ કરી તો ગણિતમાં પહેલી જગા મેળવવા ઇચ્છનાર મારો જે એકજ હરીફ હતો તેની બારીમાં, હું જેટલો વખત મારો દીવો બાળતો હતો તેના કરતાં થોડીક મિનિટ વધારે બળતો દીવો મેં જોયો. તે ને તેજ વખતે બીજા દિવસના મુખપાઠની તૈયારી માટે વધારે વખત ગાળવા મેં નિશ્ચય કર્યો. મેં તેમ કર્યું અને મારા હરીફ કરતાં ઊંચે નંબરે હું પાસ થયો. આ જૂની હરીફાઇ મને સાંભરી આવે છે, ત્યારે મને સ્મિત થાય છે, પણ એક થોડા વધારે વખતનો પણ સદુપયોગ થાય તો તેની કેટલી કિંમત છે તે તરફ મારું જે રસ્તે ધ્યાન ખેંચાયું તે માટે હું તે પ્રસંગનો આભારી છું. આવાજ થોડાજ વધારે વખત, ધ્યાન, આગ્રહ અગર બળથી દરેક

નાની મોટી લડાઇ જીતી શકાય છે.”

ગાર્ફિલ્ડ હમેશાં ટેબલ ઉપર એક પુસ્તક મૂકતો અને મેન્ટોર-વાળા ઘરમાં જ્યારે છોકરાઓ તેની આજુબાજુ બેસતા, ત્યારે અમુક શબ્દોનો ઉચ્ચાર તેઓ કેવી રીતે કરતા અને તેનો અર્થ શો હતો તે તેમને પૂછતો. અમુક ગ્રંથકારમાંથી ફકરાઓ ટાંકી બતાવવા અને નામાંકિત સ્ત્રીપુરુષો વિષે પોતાનો અભિપ્રાય એક વાક્યમાં રજૂ કરવાને તેમને તે કહેતો.

વૉશિંગ્ટનમાં હોવા છતાં જે થોડા માણસો સાહિત્યને લગતો પોતાનો અભ્યાસ ચાલુ રાખતા તેમાં ગાર્ફિલ્ડ એક હતો. આ બાબતમાં તે ઘણું સારૂં કામ બતાવી શકતો નહિ, પણ એમ જણાતું હતું કે, તે વધારે સારૂં કરી શકશે. પાર્લામેન્ટમાંના પોતાના પરાક્રમી આદર્શ નરના સંબંધમાં ટ્રેવેલ્યને કહ્યું છે તે મુજબ ગાર્ફિલ્ડને ફતેહ મળતી; કારણકે આખું જગત તેને પાછળ રાખી શકત નહિ. તે જ્યાં બહાર પડતો ત્યાં તે પોતાનું કામ ઘણી હોશિયારી અને અસરકારક સ્વાસ્થ્યથી કરતો. આ હોશિયારી અને સ્વાસ્થ્ય તેની ભારે અનામત શક્તિનાં બહારનાં ચિહ્ન હતાં અને તે શક્તિનો તે ઉપયોગ કરતો.

જેમ્સ જે. કૉરબેટ કહેતો કે, “જો હું એમ સાંભળું કે મારા હરીફે ‘રિસ્ટ મશિન’ (કાંડાને લગતું યંત્ર) ઉપર ૩૯૯ વખત કામ કર્યું છે, તો હું વળી તેનાથી કાંઇ વધારે કરૂં. જો તે દોરડું અધો કલાક સુધી એકધારી રીતે કૂદ્યા કરે, તો હું તે કામ કલાક સુધી કરવા કોશિશ કરૂં.” આ માણસ જગતનો મહાનમાં મહાન મુક્કાબાજ થયો.

સિનસિનેસિટીની એક લાયબ્રેરીનું મૌનને લગતું એક પૂતળું જેની આંગળી હોઠ ઉપર છે તેની દરેક પ્રેક્ષક ઉપર અદ્‌ભુત અસર થાય છે. આંખ તેના ઉપર ઠરે છે કે તરતજ તેની અસર જણાઈ આવે છે. વાણીમાં ચાંદીની કિંમત હોય તો મૌનમાં સોનાની છે. વાણી માનવ છે, મૌન દિવ્ય છે. વારંવાર જોવામાં આવે છે કે મૌનમાં જે સત્તા છે તે વાણીમાં નથી.

એક વર્તમાનપત્ર પ્રશ્ન કરે છે કે, “હાઇડૉલિક ક્રેક, (ભારે વજન ઊંચકનાર યંત્ર) જે એક છોકરાની રમવાની બંદૂક હોય તેમ કાંઇ પણ ગરબડ અગર અવાજ વગર શાંતિથી અને કાંઇ

પણ દેખીતા શ્રમ અગર સંકટ વગર ઘણીજ ઊંચાઇ સુધી સો ટન જેટલા બોજાનું જબરજસ્ત, વિનાશક તત્ત્વોથી ભરપૂર એન્જિન ઉઠાવે છે, એમાં કાંઈ દિવ્યતા જણાતી નથી ?" વળી જ્યારે આપણે આગળ વાંચીએ છીએ કે આ જબરજસ્ત યંત્ર ઉપરના ઘણા ભારે બોજાની છબી લેવાય, ત્યાંસુધી તે તે બોજાને ઉઠાવી રહે છે અને પછી કાંઇ પણ મુશ્કેલીના દેખાવ વગર તાકીદથી તૈયાર કરેલી ભૂમિકા ઉપર ઘણુંજ ધીમે રહીને અને શાંતિથી મૂકી દે છે. ત્યારે આજુબાજુ ઊભા રહેલા લોકોને થયેલી માનસિક અસર એટલી ગંભીર હોય છે કે તે મૌનથીજ પ્રકટ થાય છે. યંત્રને લગતા એક અંગ્રેજ કારખાનામાં સમતોલ રાખનાર ચક્રના વેગમાં એન્જિનની શક્તિ એટલી ભરી રાખેલી હોય છે કે, એક વિશાળ કેમથી* તેને ગતિ મળતાં કાંઇ પણ દેખીતા સંકોચ અગર થડકારા સિવાય મીણની માફક પોલાદમાં એક, બે અને ત્રણ ઇંચ ઊંડું કાણું તે પાડી શકે છે. પ્રેક્ષકો આ જોઈ વિસ્મયાકુલ થાય છે.

એમ કહેવાય છે કે, ૧૮૩૩ માં કેગન પુટોક આગળ એમર્સનને જે એક સાંજ ગાળી હતી, ત્યારે કાર્લાઇલે એક તમાકુ પીવાની નળી એમર્સનને આપી એક પોતે સળગાવી. બન્ને જણ મધ્ય રાત્રી સુધી બોલ્યા વગર બેસી રહ્યા. પછી તેઓ હાથમાં હાથ મિલાવી, સાંજે જે મજા સાથે તેઓ મળ્યા હતા, તે બાબત પરસ્પર અભિનંદન આપી છૂટા પડ્યા. જાપાનિઝ કહેવતમાં કહેલું છે કે, **"મૂંગા સ્વભાવના માણસ પાસેથી કાંઇ ને કાંઈ સાંભળવાનું મળી આવે છે."**

જ્યૉર્જ પિબોડીનું બાવલું લંડનમાં ખુલ્લું મુકાતાં ત્વષ્ટા સ્ટોરીને ભાષણ આપવાનું કહેવામાં આવ્યું, ત્યારે તે બોલ્યો કે, "એ બાવલુંજ મારું ભાષણ છે."

દરેક મહાન વક્તા અંદરથી સારી રીતે જાણે છે કે, એના આત્માને પ્રેરક થનારો ઉલ્લાસ પોતાના શ્રોતાજનો આગળ પૂરેપૂરો પ્રદર્શિત કરવાને તે કદી શક્તિમાન થતો નથી. જે દિવ્ય ભાવથી તેના આત્મામાં અત્યાનંદ થાય છે, તે વાણીમાં ઉતારવા-

---

* ઇચ્છા મુજબ—અમુક પ્રકારની ગતિ આપવા માટે પૈડા ઉપર કરેલી યોજના.

માં તેને ભારે હાનિ થતી હોય એમ તે જાણે છે. ગ્રંથકાર પણ, કલમ લખવાને અગર વર્ણન કરવાને ના પાડે તેવાં દૃશ્ય જુએ છે. ફૂલને ચૂંટવા જતાં સુગંધ ગુમાવી દેવામાં આવે છે.

ડ્યુકેને બનાવેલા એક બાવલાનાં વખાણ કરનાર એક માણસને તેણે પોતાનું કપાળ બતાવ્યું અને કહ્યું: "અહીંયાં જે છે તે તમે જોઇ શકો તો!" વોલ્ટેર કહેતો હતો કે, "મને સંતોષ મળે તેવું હું કદી લખી શકતો નહિ." તેના આદર્શ અને તે જે કાંઈ કરતો તે વચ્ચે ઘણું અંતર રહેતું. બાર વર્ષ સુધી "ઇનિડ" ઉપર કામ કર્યા પછી વર્જિલને તે બાળી નાખવાની ઇચ્છા થઇ હતી.

માનવમુખમુદ્રા ઉપરનું કુદરતનું નાજુકમાં નાજુક કામ કારીગર ચિત્રપટ ઉપર આણી શકે નહિ. વર્ણન નહિ થઇ શકે એવા કાંઇકની બધાને લાગણી થાય છે, પણ કોઇ પણ કવિ તે લાગણીને રજૂ કરી શકતો નથી. દૃગભૂમિનો સુંદરમાં સુંદર ભાગ કદી ચિત્ર ઉપર મૂકી શકાતો નથી. લેખક પોતાના સારા વિચાર પોતાના મગજમાંથી બહાર આણીજ શકતો નથી. આ વિચારો કલમથી વેગળે નાસે છે અને શબ્દોમાં તે ટકી શકતા નથી. સુંદર સુંદર ભાષામાંથી તેઓ ઊડી જાય છે અને દર્શાવા દેતાજ નથી. ઉસ્તાદોની કૃતિઓમાંથી તેમના વિષે સૂચનાઓ મળી આવે છે અને તેઓ બરેબર જે કાંઇ કરે અગર કહે તેના કરતાં તેમની કૃતિઓના આ સૂચનાત્મક બળમાં તેમની મહાન શક્તિ રહેલી હોય છે.

આંસુ કાંઇ ઊંડામાં ઊંડો ઉદ્વેગ બહાર આણી શકતાં નથી, તેમ હૃદયના સુંદરમાં સુંદર ભાવ શબ્દો પણ પ્રકટ કરી શકતા નથી.

એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે કે, ગ્રેટબ્રિટનનું વરાળબળ એક અબજ માણસના એકત્ર બળ જેટલું છે. કોલસાની ખાણોમાં કામે લાગેલા માણસોની સંખ્યા ૨ લાખની છે. આમાંના બરોબર ⅔ માણસો એન્જિન સિવાયના બીજા ઉપયોગને માટે કોલસા ખોદે છે. આ રીતે એક અબજ માણસનું કામ કરવા માટે જરૂરી કોલસા ખોદવા ૬૬૬૬૬ માણસો રહે છે. ૬૦,૦૦૦ માણસો એન્જિનો બનાવે છે એટલે ૧,૨૬,૬૬૬ માણસો એક અબજ માણસનું કામ કરવાનાં સાધન પૂરાં પાડે છે. દરેકનું કામ

આ રીતે લગભગ ૮ હજારગણું થાય છે. આ રીતે ૩,૫૦,૦૦,૦૦૦ ની વસ્તીમાંના દરેક સ્ત્રી, પુરુષ અને બાળકને, માંદગીથી મુક્ત, વસ્ત્રની જરૂર વગરના, માત્ર દેવતા અને પાણીનો ખોરાક લેતા અને ૮,૦૦૦ માં એકના કામ જેટલું જ અર્ધ કરાવતા, જન્મ-થીજ સંપૂર્ણ રીતે પરિપકવ ૩૦ રાજીખુશીથી કામ કરનાર ગુલામ મળે છે. વરાળના આ અનામત બળથીજ આયર્લેન્ડ, સ્પેન, પોર્ટુગાલ, ટર્કી, બ્રાઝિલ, મેક્સિકો, આર્જેન્ટિના, હિંદુ-સ્તાન, જમૈકા, ચીન અને જાપાન સાથેની ઔદ્યોગિક સ્પર્ધામાં, ગ્રેટબ્રિટનના સર્વોપરીપણાની બાતરી રહી શકે છે. જે દરેક લડાઈ તે લડે છે, તેમાં તેના લશ્કરને સહાય કરનાર અનામત બળ આમાં રહેલું છે. નેપોલિયનને આ બાબતની સેંટ હેલિનામાં ઘણી મોડી બબર પડી. પાછળથી તેણે કહ્યું હતું કે, "ગ્રેટબ્રિટને મને તેની તલવારથી નહિ પણ તેની ત્રાકોથી જીત્યો છે. તેની પોતાની ત્રાકોથી તેણે આખા યુરોપને નાણાંની મદદ આપી અને તે વડેજ હું અહીં છું." તેનું કહેવું બરૂ હતું; પણ આ ત્રાકોને વેગ આપનાર સ્ટીમ એન્જિનોમાં બરી સત્તા રહેલી હતી અને કોલસામાંથી પ્રકટ થતી શક્તિ વાસ્તવિક રીતે જમાના અગાઉ છોડવાએાનાં પાંદડાં અને થડમાં એકત્ર થયેલાં સૂર્યનાં કિરણુમાંથી પ્રકટ થઇ હતી. પિટ્ટનાં મોટા બર્ચ છતાં, ઘણા વર્ષ થયાં મૃત્યુ પામેલા વૉટની નૈસર્ગિક શક્તિથી ગ્રેટબ્રિટન જેટલી ઝડપથી દોલત પેદા કરતું હતું, તેટલી ઝડપથી તે બર્ચ કરી શકતો નહિ. દેશની અંદરના ઉદ્યોગોથી, દેશનું લશ્કર, દેશ બહાર વિજય મેળવી શકે છે. આવા ભંડોળ સાથેની પ્રજા તેની અંદરના અનેક સમુદ્ર સાથે નાયગરાની એકાદ નદીની માફક લડાઇના પ્રવાહમાં પોતાની આગળની દરેક ચીજને દૂર કરી નાખે છે. માત્ર જ્યારે તેને અમેરિકન સંસ્થાનવાસીએાના હૃદય-માં રહેલા સ્વાતંત્ર્યના જુસ્સાના જેવું વધારે મોટું બળ સામું મળે છે, ત્યારે તે પાછી હઠે છે અને તે પણ લેક એરીનાં પાણી પવનથી પોતાની અંદર રહીને પણ પાછાં ઊછળે છે અને નાયગ-રાની શક્તિ થોડો વખત ઓછી કરે છે–તે મુજબ તે પાછી હઠે છે.

જેણે પોતાનો અવકાશનો સમય, સાચા દિલના અને આગ્રહપૂર્વકના અભ્યાસમાં ગાળ્યો છે, તેને કોઇ પણ જરૂરી પ્રસંગે ઉપયોગ કરવા જેવું ઘણું અનામત બળ એકઠું થયેલું મળી

શકશે. હેનને આપેલા ઉત્તર પછી વેબ્સ્ટરે એમ કહેલું જણાય છે કે, જાણે કે મેં કોઇ પણ વખત જે કાંઇ જોયું, વાંચ્યું અગર સાંભળ્યું હતું તે એક ભવ્ય દૃશ્યની માફક મારી આગળ તરતું હોય એમ મને લાગતું હતું. મારે માત્ર ઊંચા થઇ એક વજ્ર લઇ તેની સામે ફેંકવાનુંજ બાકી રહેતું. અભ્યાસમાં **જ્યાંસુધી પોતાને થાક લાગતો જણાય, ત્યાંસુધી પોતાની આગળના કામમાં પોતાની સઘળી શક્તિઓ લગાડવી અને પછી આરામ લેવો એ તેની પદ્ધતિ હતી.**

પૂરા દિલ અને પૂરેપૂરા અંતઃકરણથી કામ કરવાની ટેવ વડેજ કોઇ પણ કારકિર્દીને વધારેમાં વધારે ફતેહ ખાતરીપૂર્વક મળી શકે અને આ ગુણો દરેક ધંધાની તૈયારીની પાછળ રહેવાજ જોઇએ. ઓપાય પોતાના રંગ મગજ સાથે ઘૂંટતો. હ્યુ મિલર કહેતો કે, "જે સલાટ પાસેથી તે પોતાનો ધંધો શીખ્યો હતો, તે પોતાને મૂકવાની દરેક ઈંટમાં પોતાનો આત્મા ખુંપાવતો." ફ્રેન્સિસ હોર્નરમાં મધ્યમ પ્રકારની બુદ્ધિ હતી, પણ તે અપ્રતિમ ભારેજ પાડી શકતો. તેને માટે કહેવાય છે કે, બાયબલની દસ આજ્ઞાઓ તેની મુખમુદ્રા ઉપર અંકાયલી હતી. કસોટીના સઘળા પ્રસંગોમાં દૃઢ ચારિત્ર્યવાળા આવા માણસો નવેમ્બર માસમાં, જે વખતે પવન સખ્ત વાય છે અને પાણી તોફાને ચઢેલાં હોય છે, તે વખતનાં મોટાં સમુદ્ર ઉપરનાં વહાણોના જેવા હોય છે. બીજા માણસો માછલાં પકડનાર નાના વહાણ અને મછવા જેવા, માંદલા અને અદૃઢ હોય છે. તેઓ અચાનક સપડાઇ ન જાય અને ડૂબી ન જાય તે માટે, તેઓને પવનના દરેક સુસવાટ અને સપાટા પર ધ્યાન રાખવું પડે છે. મોટાં વહાણ સ્થિર કાઠી ઉપર ઝૂલતો સઢ ચઢાવે છે અને પ્રવાહ પ્રતિકૂળ છતાં પોતાના ઘર તરફ પાછાં વળે છે.

માણસોના સ્નેહ અને આવેશમાં સુખ તથા દુઃખ કરવાની કેવી અનામત શક્તિ રહેલી હોય છે! જનવરો પણ પ્રેમ અને ઉપકારનું બળ અગર તેની વિરુદ્ધના ગુણ પ્રદર્શિત કરે છે. એન્ડ્રોકલીસ એક ગુફામાં સંતાયો હતો. ત્યાં તેને એક સિંહ લંગડાતો માલૂમ પડ્યો. તે તે જનવરની પાસે ગયો. ધીરે રહીને તેણે તેનો પંજો ઉઠાવ્યો અને તેના પંજામાં પેસી ગયેલી ફાચર કાઢી. તે પશુ તેનો ઘણો આભાર માનતું જણાયું. આ બનાવ પછી કેટ-

લેક વખતે એન્ડ્રોકલીસને પકડવામાં આવ્યો અને કોલેસિયમના મેદાનમાં જંગલી પ્રાણીઓ તેને ફાડી ખાય તેવી રીતે મૂકવામાં આવ્યો. તેનો ભક્ષ કરવાને એક સિંહને છોડવામાં આવ્યો. તે મહાન ગર્જના સાથે મેદાનમાં કૂદી પડ્યો; પણ જે એન્ડ્રોકલીસે તેને દુઃખથી મુક્ત કર્યો હતો, તેને તેણે ઓળખ્યો અને તરતજ તેના પગ આગળ તે લાડ કરવા લાગ્યો.

વૈદ્યવિદ્યાની એક શાળામાં વિદ્યાર્થીઓ એક શિક્ષકની રાહ જોતા હતા. તે વખતે મળેલા વખતમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ૩ સ્ત્રી-વિદ્યાર્થીઓનો ઉપહાસ કરતા હતા. આમાંની એક બાઇએ કહ્યું: "ગૃહસ્થો! ચીનમાં હું ૧૮ વર્ષથી મિશનરી તરીકે કામ કરૂં છું. ચીના લોકોને વૈદ્યવિદ્યા જેવું કાંઇ છે નહિ અને તેઓ દરદની સારવાર માટે ખાસ કરીને વહેમી ક્રિયાઓ ઉપર આધાર રાખે છે. સઘળા માણસોને વૈદ્યકીય મદદની જરૂર છે, પણ સ્ત્રીઓને સર્વથી વધારે જરૂર છે. પોતાની જાતિને ખાસ લાગુ પડતાં દરદની સારવાર માટે એક ચીના સ્ત્રી કોઇ પણ સંજોગોમાં, પુરુષ દાક્તર પાસે જશે નહિ. સ્ત્રી-શિષ્ટાચાર અને તેની આજુબાજુના લોકોના લજ્જાના વિચારોને લઇ તે આ કામ કરી શકશે નહિ. શિષ્ટાચારના પોતાના વિચારોનો ભંગ કરવા કરતાં જીવનપર્યંત દુઃખ વેઠવાનું તે પસંદ કરશે. તેનો પિતા, તેના ભાઇઓ, તેનો પતિ તેને મરવા દેશે, પણ પુરુષ–તબીબ મારફત તેની સારવાર થવા દેશે નહિ. આ સ્ત્રીઓની આપદા માટે મને અત્યંત ઉદ્વેગ થાય છે અને અમેરિકાની ખ્રિસ્તી પ્રજા આ લોકોને શી મદદ કરે છે, તે હું જોતી રહી છું. આપણી કેટલાક મહાન વૈદક શાળાઓમાં સાચા દિલવાળી અને આત્મભોગ આપનાર સ્ત્રીઓ એશિયા અને બીજા પ્રદેશોમાં દયાનાં કામ કરવા માટે તાલીમ લે છે. આ રીતે આવી સ્ત્રીઓ, આવું કામ સારી રીતે કરતાં શીખે નહિ, તો આ દુઃખ પામતા વર્ગને માટે શારીરિક મુક્તિ કોઇ શકે નહિ. આ સ્ત્રીઓ, જેમને તબીબી સંભાળની ઘણી જરૂર છતાં, તે સંભાળ મળતી નથી તેમને ખાતર ફિલાડેલ્ફિયામાં જે સ્ત્રીઓ વૈદ્યકનો અભ્યાસ કરે છે, તેઓ તરફ તમે સદ્‌ગૃહસ્થો, સભ્યતાથી વર્તો એવી મારી માગણી છે." આ વિવેચન પૂરૂં થતાં યુવાનોએ તેનો હર્ષનાદ સાથે સ્વીકાર કર્યો અને એક વિદ્યાર્થીએ ખાતરી આપી કે, તેઓ તરફથી તેમને હેરાન કરવા-

માં આવશે નહિ. યુવાનોની સ્વાભાવિક મર્દાનગી એ એક એવું અનામત બળ હતું કે તેનો ઉપયોગ થવાનો પ્રસંગ આવતાં સઘળી બરાબ રીતભાત અને હલકાઇ બંધ થઇ ગયાં.

માણસ જે કાંઇ બતાવે છે તેના કરતાં તેનામાં વધારે મોટું અનામત બળ હોય છે. વધારેમાં વધારે બીકણ માણસમાં પણ વીરત્વ હોય છે. આ વીરત્વ મહાન અને ભારે તથા જોખમ ભરેલી જરૂરિયાત વખતે પ્રકટી નીકળે છે. અસાધારણ વીરત્વનાં કામ પણ દરેક માણસ કરવા ધારે તેવાં હોય છે.

ગુમાવેલાં વર્ષોની યાદગીરી તમારે ગળે ઘંટીના પડની પેઠે તમારે લટકવા દેવી જોઇતી નથી. જ્યાંસુધી હાલ જોવામાં આવતી ચીજો કરતાં વધારે સારી ચીજોની તમને ઇચ્છા છે, ત્યાંસુધી તમને જે જોઇએ તે મેળવવાની શક્તિ તમારી આકાંક્ષાની સચ્ચાઇના પ્રમાણમાં ઓછી અગર વધતી હોવાને તમારી પાસે અનામત છે એમ તમારે જાણવું. હજારો બરાબ છોકરાઓએ પોતાના માર્ગ તદ્દન બદલી નાખ્યા છે અને સારા અને ઉપયોગી મનુષ્ય તેઓ થયા છે. ફ્રાંસનો કુશળ ધર્મગુરુ અને રાજપ્રકરણી પુરુષ તેના સમયમાં "સુધરશે નહિ" એવા રિશેલ્યુ છોકરા તરીકે જાણીતો હતો. મેઝરીન જ્યારે નાનો હતો ત્યારે કાંઇ પણ વિચાર વગર તે જૂગટું રમતો હતો. ડૂમા તેની બાલ્યાવસ્થામાં નિર્માલ્ય અને સુસ્ત ગણાતો. સેંટ ઑગસ્ટાઇન જ્યારે નાનો હતો ત્યારે તે વહી ગયો છે એમ કહેવામાં આવતું. મહાન ઉપદેશક વ્હિટફિલ્ડ જ્યારે નાનો હતો ત્યારે ચોરી કરતો. તેની મા પીઠું ચલવતી. પ્રેસિડન્ટ થીર નિશાળના બરાબમાં બરાબ છોકરા તરીકે જાણીતો હતો. તે ગુસ્સે થતો ત્યારે શિક્ષકને પણ લગાવી દેતો. કોઇ પણ સજાથી તે બીતો નહિ. એકદમ તેણે પોતાનો માર્ગ બદલ્યો અને પોતે ઘણો ગરીબ હતો, છતાં ફ્રાંસના પ્રેસિડન્ટ થવાને તેણે નિશ્ચય કર્યો. મહાન પુરુષમાં પણ વધારે સંપૂર્ણ વિકાસ પામેલા સાધારણ માણસોજ હોય છે.

જે પોતાનો સારામાં સારો પ્રયાસ કરે છે, તેને અણધાર્યે વખતે અન્ય અનામત શક્તિની, મગજની પરાવર્તી ક્રિયાની મદદ મળે છે. ઘણા ગણિતશાસ્ત્રીઓ કોઇ ગૂંચવણ ભરેલો સિદ્ધાંત સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં ઊંઘી જાય છે; પણ તેઓ જાગે છે ત્યારે તેની સિદ્ધિ તેમને જીભને ટેરવે આવી ગયેલી

તેમને માલૂમ પડે છે. ઇફેસરના મેદાન ઉપર આર્ટેમિસના મંદિરના બારણાની બે બાજુએ ચર્સીક્રેારૌને સાબના ઊભા સંગીન ટેકા મૂક્યા હતા અને તેના ઉપર ભારે ઓતરંગ મૂકવાને દરેક હિકમત તે કરી ચૂક્યો હતો. એવામાં તે ઊંઘી ગયો અને ઊંઘમાં દેવીએ તેને કહ્યું કે, "તારૂં કામ પરિપૂર્ણ થયું છે" અને જાગ્યો ત્યારે તેને તેમજ માલૂમ પડ્યું.

ધર્મકાર્ય માટે પ્રાણાર્પણ કરનાર માણસ જિંદગીમાં જે અસર કરે છે, તેના કરતાં વધારે મોટી અસર તેના મૃત્યુસ્થાનથી મૃત્યુ વડે થાય છે. કાર્લાઇલ કહે છે કે, "તું જે લડત લડતો હઇશ તેમાં જેટલું સત્ય હશે તેટલી–તેનાથી વધારે નહિ પણ તેટલી તો બરાબર ફતેહ ખાતરીપૂર્વક તને મળશે. તેમાંના માત્ર જૂઠાણાનોજ પરાજય થશે. તેનો નાશ થશે અને તેનો નાશ થવોજ જોઇએ, પણ તેમાં રહેલું સત્ય કુદરતના નિયમનોજ ભાગ છે. જગતની સનાતનવૃત્તિ અને ગતિથી તે સહકાર્ય કરે છે અને તેનો પરાજય થઇ શકતો નથી."

અનામત બળનો ઉપયોગ કરીનેજ કુદરત હમેશાં કામ કર્યા કરે છે. ભૌતિક અગર આધ્યાત્મિક જગતમાં કોઈ પણ ચીજનો કદી નાશ થતો નથી. વૃક્ષે અગર વેલાએ કેટલાક જમાના પહેલાં સૂર્યમાંથી જે ગરમી અને પ્રકાશ મેળવેલાં, તે પૂરતા પરિમાણ સાથે આપણો દેવતા આપણને પાછાં આપે છે. આગલા જમાના-ના વિલયથી હાલના જમાનાનું પોષણ થાય છે.

દરેક માણસનું સારામાં સારૂં કામ તેના પોતાનાથી ઊંચું અને આગળ વધી જાય તેવું હોય છે અને એક ઉચ્ચ આદર્શને સંપાદન કરવા જતાં તે પરિપૂર્ણ થાય છે. કારીગર પોતે અલગ રહી જાય છે, પણ પોતાના કામ વડે આખા જગતની કળાનું દૃશ્ય તે બતાવે છે. પ્રેરણાની–પ્રોત્સાહનની ક્ષણોમાં, વક્તા વક્તૃ-ત્વના સર્વવ્યાપક જુસ્સામાં દ્રવિત થઈ જાય છે, ભળી જાય છે. દેવો આપણને સહાય થશે, પણ તે અગાઉ આપણે તેમને માર્ગે ચાલવું પડશે. પૂરેપૂરા સત્યને માર્ગે આપણે જવું પડશે, નહિ તો પછી તે આપણા માર્ગ ઉપરજ આપણને છોડી દેશે.

ઘડીકમાં ઊંચે અને ઘડીકમાં નીચે જતા હવામાનની વચ્ચે ઉદ્વેગ અને આનંદ, પ્રોત્સાહન અને નિરાશા, આપણી શારીરિક

અને માનસિક પરિસ્થિતિની નવીનતા અને થાક–એ સ્થિતિમાં આપણે આપણો સારામાં સારો યત્ન રજૂ કરી શકીએ નહિ.

આનંદના સમયમાં ઉઠાવેલાં કાર્ય
ઉદ્વેગના સમયમાં થઇને પસાર થતાં થતાં
પરિપૂર્ણતાને પામે છે.

ડબલ્યુ. જે. ટિલેએ કહ્યું છે કે, "આજે જગતમાં વધારે-માં વધારે અદ્‌ભુત અને ઉપયોગી મનાતી શોધો, જે માર્ગે હજારો લોકો ચાલી ગયેલા અને વર્ષો સુધી જે માર્ગ ઉપર તે પડેલી છતાં જડેલી નહિ તેજ માર્ગ ઉપર દેખીતી રીતે ગુપ્ત પડી રહી હતી. કુદરતનું વિશાળ અનામત બળ જોઇ શકે તેવી નજર તેના ઉપર પડી નહોતી ત્યાંસુધી તે ગુપ્ત રહી શકી હતી."

પેટ્રોલિયમનાં અગણિત પીપ ઉપર ચાલતાં ચાલતાં જમાનાઓ સુધી માણસોએ જડ અંધકારમાં ફાંફાં માર્યાં; પણ પેટ્રોલિયમ તેમને માલૂમ પડ્યું નહોતું; તેવીજ રીતે જે સંદેશા એક નાજુક તાર એક મિનિટમાં પહોંચાડી શકે, તે લઇ જવાને સમુદ્ર તેઓએ ઓળંગ્યા હતા. કોલસો અને વીજળી દુનિયાની વેઠ-માંથી માણસને મુક્ત કરવાને અને તેની શક્તિઓનો વિકાસ કરવા દેવાને નિર્માણ થયાં છે એમ વારંવાર કહેવામાં આવવા છતાં પણ હજુ હાથ લાકડાં ફાડે છે અને પાણી ખેંચે છે.

શેક્સપિયરે શોધ કરી છે તે માટે નહિ, પણ તેણે આપણી જાત આપણને બતાવી આપી છે, આપણામાં નહિ શોધાયલા તેલના પ્રદેશો જેવું અનામત બળ છે, તે તે આપણને બતાવી આપે છે; આપણે જે ધારતા હતા અને આપણને જે લાગતું હતું, પણ આપણે જે કહી શકતા નહોતા તે આપણને તે કહે છે, તે માટે આપણે તેને પ્રતિભાશાળી માણસ કહીએ છીએ. પ્રતિભા-શાળી માણસ કુદરત આગળ માત્ર આરસી ધરે છે. પ્રથમ આપ-ણામાં જે કાંઇ હોતું નથી, તે આપણે જગતમાં કદી જોઇ શકતા નથી. આપણી દૃષ્ટિનું વર્તુલ એજ આપણા મન ઉપરનો મર્યાદા-રૂપ સુંદર ઘૂમટ છે અને મધ્યબિંદુથી બસ્યા વગર કોઇ વર્તુલની અંદર તેમજ બહાર બીજાં વર્તુલ દોરી શકાય તેની માફક આ-પણા વિચારની ગતિના પ્રમાણમાં તે વર્તુલ અગર મર્યાદા મોટાં અગર નાનાં હોય છે. માણસ પોતે અખંડ છે અને જે જે ચીજો

તે બહાર જુએ છે, તે તેના ભાગમાં તેના આત્મામાં ફરી વળનાર વક્ર લીટીના ખંડમાત્ર છે. આપણે પદાર્થ છીએ અને તેનો પડછાયો આપણે જોઇએ છીએ. એમર્સન કહે છે કે, "મનુષ્યાહારીનો પ્રભુ પણ મનુષ્યાહારી, ધર્મયોધનો પ્રભુ પણ ધર્મયોધ અને વેપારીનો પ્રભુ પણ વેપારીજ હશે." એન્ડુ ડેવિસની કહેવતમાં દેખીતી લઘુતા છતાં તેમાં સત્ય રહેલું છે. તે કહેતો કે, "પરમેશ્વરની સત્યશીલતાની કલ્પના કરનાર માણસની તુલના પણ ઊંચી થાય છે; કારણકે આપણે કેવા છીએ તે આપણને આપણા આદર્શ બતાવી આપે છે."

પુનરાવર્તન જેને આપણે "ટેવ" કહીએ છીએ, તેથી મળતી સગવડ અને મનોવૃત્તિથી આપણને ઘણાં અનામત બળ મળે છે. વારંવારના મહાવરાથી કોઇ પણ ધંધાની રીતોનો જેણે અનુભવ લીધો છે તેને તે ધંધો સહેલામાં સહેલો લાગે છે. આ રીતોનો જે વધારેમાં વધારે અનુભવ મેળવે છે, તેને ફતેહ પામવાના વધારે ને વધારે સંભવ મળે છે. જુદા જુદા ધંધાઉદ્યોગોમાં માણસો જેમ વધારે ને વધારે કુશળતા મેળવે છે, તેમ બીજાઓની હરીફાઇમાં ઘણી જાતનાં કામ સંતોષકારક રીતે કરવાનું કોઇ પણ માણસ માટે વધારે ને વધારે મુશ્કેલ બને છે. સુધારામાં આપણે જેમ આગળ વધીએ છીએ, તેમ "સબ બંદરકા વેપારી" ઓછા થતા જાય છે. આપણે જે પ્રમાણમાં ઉત્તમ થવા માગતા હોઇએ, તે પ્રમાણમાં નિશ્ચિત હેતુ માટે આપણે આપણી શક્તિઓ એકાગ્ર કરવી જોઇએ. પેટ્રિક હેન્રી કહેતો કે, "મારે એકજ દીવો છે, જે વડે હું મારા માર્ગે દોરાઉં છું અને તે અનુભવનો દીવો છે."

સુધારા વડે હમેશાં ક્ષીણ થતાં જતાં બળની ભરતી જંગલી રીતભાતવાળા પણ જોરાવર માણસોના અનામત બળથી હમેશ થતી ન રહે તો સારામાં સારો, ઉચ્ચ સંસ્કારવાળો સુધારો પણ અશક્ય થઇ પડે.

એમ કહેવાય છે કે, ૧૮૦૬ ની સાલમાં યુરોપનો દરેક હક્કદાર રાજા બાયલો હતો. નગરોનો એથી નાશ થઇ જાત, અગર કુચારનાંએ રદ થઇ ગયાં હોત; પણ તેમાં બેતરોમાંથી અને ગામડાંમાંથી ભરતી થઇ. આજે નગરો અને દરબારો છે એ સ્થિતિ નગરોમાં ગામડાના લોકો આવવાથી થઇ છે. સુધારાનું

મહાન અનામત બળ ગામડાં છે.

માણસો જે કાંઇ કરે છે તેથી નહિ, પણ તેઓ જેની આશા આપે છે, તે જે ભવિષ્ય રજૂ કરે છે, તેથી જાતિ માટે આશા રહી શકે છે. આપણને નિરાશામાંથી બચાવવાને, કુદરત પ્રસંગોપાત્ત વૉશિંગ્ટન, લિંકન, ગ્લેડસ્ટન લેનીન, ગાંધી અને કમાલ જેવા પોતાના જાતિબંધુઓ કરતાં ઘણા ઊંચા માણસો આપણે માટે મોકલી આપે છે અને બતાવી આપે છે કે, તેણે તેની ભાવનાનો પરિત્યાગ કર્યો નથી.

જીવનશક્તિના નામથી ઓળખાતા શારીરિક અનામત બળ, સાહસના નામથી ઓળખાતા માનસિક અનામત બળ અને સૌથી વધારે અંતઃકરણના નામથી ઓળખાતા નૈતિક બળ સાથે આપણે જીવનમાં પ્રવેશ કરીએ છીએ.

વૉશિંગ્ટન કહેતો કે, "તમારી છાતીમાં, અંતરાત્મા નામથી ઓળખાતો સ્વર્ગીય અગ્નિનો અંગારો જાગૃત રાખો." પોતાનો સંહાર કરનાર શિયાળામાંથી બચવાના આશ્રય તરીકે દક્ષિણ દિશા ખોળવાને પક્ષીને જે પ્રેરણાથી પ્રોત્સાહન થાય છે; જ્યારે પાંદડાં ખરી પડે છે અને ફૂલ નાશ પામે છે; ત્યારે જિંદગી નિભાવવા માટે ફળ દાટવા સારૂ ખિસકોલીને અને મધ એકઠું કરી રાખવા મધમાખને જે વડે સૂચના થઇ આવે છે; તેને મળતો આ અંતર્યામી ઉપદેશક છે. આપણો ગમે તે સંપ્રદાય હોય, ગમે તે અભિપ્રાય હોય, તોપણ આપણને લાગે છે કે કોઇ પણ કારણથી, કોઇ પણ સારા કામનો બદલો મળ્યા વગર રહેતો નથી; તેમ કોઇ પણ બરાબ કામ માટે સજા થયા વગર રહેતી નથી. દરેક જણ જાણે છે કે, તેના જીવનની પાછળ કેટલાક નાના અસુર સંતાઇ રહે છે. આ અસુરો કોઇ પણ વખતે આગળ આવી તેને બદનામ કરવાની તક શોધ્યા કરે છે. દોષદૃષ્ટિ, ઈર્ષ્યા, તિરસ્કાર, ગુસ્સો, નિંદા, વકોક્તિ, ચાડી અને વેર, એ અસુરો છે. જ્યાંસુધી નૈતિક આરોગ્ય એટલું બધું અધોગત થઇ, આ જંતુઓ અવનત આત્માના કીચડ અને ઝેરી હવામાં વિકાસ પામે નહિ, ત્યાંસુધી ચારિત્ર્યમાં તે મંદ પડી રહે છે. બીજી બાજુ તપાસીએ તો, ઉત્તમ રીતે ગાળવામાં આવેલા ભૂતકાળના ભવ્ય અનામત બળના ખ્યાલથી આપણને વિશ્વાસ અને બળ મળે છે. આપણે જે કાંઇ સારૂં કર્યું હોય છે, તેની યાદગીરીથી લાયક

યત્નો કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપણને મળે છે.

આખી સૃષ્ટિ, એકે અવાજે ધાર્મિક આજ્ઞાઓની ગર્જના કરી રહી છે. અણુ અણુ પણ નૈતિક મિશ્રણમાં ઓળાયલા જણાય છે. પદાર્થના સ્વભાવમાં પણ કાંઇ નૈતિક વૃત્તિઓ રહેલી છે; પુષ્પોમાંથી પણ તે જણાઇ આવે છે, ગ્રહોમાંથી તે પ્રકાશે છે, જંગલમાં તે ઊગે છે, ઘાસમાં તે ગતિમાન છે, પાકમાં પણ તેનું આનંદજનક અસ્તિત્વ જણાઇ આવે છે; દરેક પ્રકારની સૃષ્ટિમાં, ઉત્પત્તિમાં, અદૃશ્ય મહાન શક્તિથી આવેલો, ડહાપણનો થોડોક ઉપદેશ, સાધુતા, શક્તિ, યોજના વગેરે હોય છે અને પોતાના કરતાં વધારે ઉચ્ચ વસ્તુ તરફ પોતાની ભવ્યતાના મહાન ઉત્પાદક તરફ તે દૃષ્ટિ કરાવે છે; પણ જેમ આપણે કુદરતનાં કામોમાં આ નૈતિક વલણ જોઇએ છીએ, તેમ માણસમાં આ મહાન નૈતિક ઘનામત બળ, ઘણી અસરકારક શક્તિ સાથે રહેલું આપણે જોઇએ છીએ.

પોતે ક્યાંથી આવ્યો છે અને ક્યાં જવાનો છે, એ વિષયના જ્ઞાન વગર પોતે નિઃસીમ સમુદ્ર ઉપર ફેંકાયલો છે એમ મનુષ્યને માલૂમ પડે છે. જે કાંઇ તે જાણે છે તે એજ છે કે, જે હાથ તેણે જોયો નથી તેના વડે તેના હૃદય ઉપર સુવર્ણ નિયમ લખાયો છે, તેના આત્મામાં નકશો લટકાવવામાં આવ્યો છે અને તેના હાથમાં હોકાયંત્ર મૂકવામાં આવ્યું છે. સુકાન ઉપર કદી નહિ જોવામાં આવવા છતાં, હમેશાં તે જગા ઉપર રહેનારો એક નાવિક છે. જિંદગીના અથોક્કસ પાણી ઉપર પોતાનું ક્ષણભર વહાણ ચલાવવા માટે તેના જન્મ વખતે એક દેવદૂત મોકલવામાં આવે છે, એ હમેશાં તે જાણે છે.

અંદરના આ ગુપ્ત દેવનો અવાજ દબાવી દેવાને આપણે પ્રયત્ન કરીએ, તોપણ સારાં કામો માટે તે હમેશાં હા પાડે છે અને બરાબ માટે તે ના પાડે છે. આપણે એના ઉપર ધ્યાન આપીએ કે નહિ, પણ કોઇ પણ સત્તા તેના નિર્ણયમાં એક અણુમાત્ર પણ ફેરફાર કરી શકતી નથી.

આરોગ્ય તથા અનારોગ્યમાં, સંપત્તિમાં તેમ આપત્તિમાં, લાંચ અને લાગવગ જ્યાં પહોંચી ન શકે ત્યાં, આ નિમકહલાલ નોકર આપણી સાથે ને સાથે રહે છે. તે કૂદી વચ્ચે આવતો નથી;

છતાં આપણે જે દરેક કામ કરીએ છીએ, આપણે જે શબ્દ બોલીએ છીએ, તેની તે તુલના કરે છે અને અમુક કામ બરૂં કે બોદું તેનો ફેંસલો આપે છે.

સદ્‌ગુણ ગમે તે સંપ્રદાયમાં હોય, ગમે તે જાતિમાં હોય, પૃથ્વીના ગમે તે બંડમાં તેનું દર્શન થાય, પણ ઈશ્વરનું તે સામ્રાજ્ય છે અને પોતાના ઊંચામાં ઊંચા તબ્બત ઉપરથી તે તેનો બચાવ કરશે. દૂરની ભૂમિ ઉપર ફેંકાવા છતાં, માનવઅંતઃકરણના ઝાંખા મેદાન ઉપર લડત ચલાવવા છતાં, ઊંચેની સઘળી ચીજો તેની લડત જોતી હોય છે અગર તેના પક્ષમાં ઢળેલી હોય છે. તેનો હવાલો દેવદૂત પાસે હોય છે, મુખ્ય દેવદૂતના વાવટા તેની બાજુમાં હોય છે અને જેની હદ નથી તેવા આકાશમાં અને અભેદ્ય અંધકારની આજુબાજુ, સદ્‌ગુણની ફતેહનાં સ્તોત્ર, ઈશ્વરના મહિમાને અનુસરતા જેના સૂર મેળવાયા છે, તેવી વીણાઓ વડે ગવાય છે.

ઉચ્ચ વિચારો અને ઉચ્ચ કાર્યોથી જે અનામત બળ ઉત્પન્ન થાય છે, તેની ખૂબીજ કાંઇ જુદી છે. આપણા ઉપર તેમની જે અસર રહે છે, જે છાપ પડે છે તે પાછળની આપત્તિથી અને મૃત્યુથી પણ ભૂંસી શકાતી નથી અને દૂર દૂરના ભાવી સમયમાં પણ સારાં કામના સ્મરણથી અને તેના બદલાથી આપણામાં જે ઉલ્લાસ હશે, તે વધશે અને આપણને જે વેદનાઓ હશે તે કમી થશે.

समाप्त

ગ્રંથસેવનનો મહિમા

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના-સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"બંધુઓ ! સારાં પુસ્તકો એટલે શું એ તમે જાણો છો ? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો ? ભાઈ ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઈએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે."

—સ્વ૦ પઢિયાર

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર થાત નહિ; એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્વિચાર પણ કરી શકશો."

—મહાત્મા ગાંધીજી